A

PRONOUNCING

POCKET

ENGLISH AND GUJARATI DICTIONARY.

COMPILED FOR THE PROPRIETOR

BY

MOTIRÁM TRIKAMDÁS,

HEAD-MASTER OF THE GOKULDÁS TEJPÁL SEMINARY.

PRINTED AND PUBLISHED BY

D. ISHWARDÁS,

OF ISHWARDÁS LIBRARY.

No. 310, KALBADEVI ROAD,

NEAR RAMWADI.

1891.

Price Two Rupees.

Bombay:

PRINTED AT THE NIRNAYA-SAGAR PRESS.

PREFACE.

Within the last two decades, not a few dictionaries have been published by various reputed authors, each with its own peculiar merits. This new little volume is now placed before the public, and it is left to them to judge of its merits.

Of course, this volume lays no claim to be an exhaustive one; but in former publications people had to contend with one great difficulty, *viz.* they had to refer to many dictionaries, one for English explanation, another for etymology, a third for vernacular explanation, and so on. In this work the compiler has tried to remove it by supplying all these in one. Again, great and special care has been taken to render the explanation concise and clear. Before concluding the compiler tenders his sincere thanks to those lexicographers from whom he has received ample aid.

M. T.

LIST OF ABBREVIATIONS.

a.	stands for	adjective.
ad.	,,	adverb.
con.	,,	conjunction.
int.	,,	interjection.
n.	,,	noun.
pl.	,,	plural.
pp.	,,	participle past.
ppr.	,,	participle present.
prep.	,,	preposition.
pret.	,,	preterite tense.
pron.	,,	pronoun.
vi.	,,	verb intransitive.
vt.	,,	verb transitive.

Ar.	Arabic.	*Hind.*	Hindustani.
AS.	Anglo-Saxon.	*Icel.*	Icelandic.
Dan.	Danish.	*Ir.*	Irish.
Dut.	Dutch.	*It.*	Italian.
Eng.	English.	*L.*	Latin.
Fr.	French.	*Sans.*	Sanskrit.
Ger.	German.	*Sp.*	Spanish.
Goth.	Gothic.	*Sw.*	Swedish.
Gr.	Greek.	*W.*	Welsh.

KEY TO PRONUNCIATION.

Fat ફૅટ; Call કૉલ; Met મેટ; Not નૉટ.

THE POCKET DICTIONARY.

ENGLISH AND GUJARATI.

A

A, ઋ, Inde. article, used before nouns beginning with consonants; any, one. એક, એકાદ; દર, પ્રતિ, હર.

A-back′, ઍબૅક, *ad.* backwards; by surprise. પછવાડે, પાછળ; અકસ્માત્ ગભરાવે–અચરત પમાડે–દંગ કરે એવી રીતે.

A-baft′, ઍબૅફ્ટ, *ad.* towards the stern. વહાણના પાછલા ભાગ–ડબુસા તરફ.

A-ban′don, ઍબૅન્ડન, *vt.* forsake, give up. મુકી દેવું; છોડવું; તજવું.–માં ગરક થવું. વહેતું–ખડતું મૂકવું.–પરથી હાથ ઉઠાવવો.

A-ban′doned, ઍબૅન્ડન્ડ, *a.* forsaken; profligate. તજેલું. વહી ગયલું; કુવ્યસની, અતિદુષ્ટ; પાપમાં લીન થયલું.

A-base′, ઍબેઝ, *vt.* (Fr. *abaisser*) bring low; degrade. માનભંગ–નીચું કરવું; નમાવવું, ઉતારી પાડવું.

A-bash′, ઍબૅશ, *vt.* (*Fr. esbahir*), make ashamed. શરમાવી નાખવું; શરમીંદું કરવું.

A-bate′, ઍબેટ, *vt.*(*Fr.abattre*, from *battre* to beat)to lessen, lower price. દૂર—ન રહે તેવું કરવું. કમી કરવું; ઘટાડવું; ઉતારવું. [ધર્માધ્યક્ષ; મહાંત.

Ab′ba, ઍબા, father. A religious superior. બાપ.

Ab′bess, ઍબેસ, (L. *abbas*, an abbot) a female head of convent. મઠાધિકારિણી.

Ab′bey, ઍબિ, *n.* monastery for monks ; convent for nuns. મઠ. [મઠાધ્યક્ષ.

Ab′bot, ઍબટ, *n.* head of a monastery. મઠાધિકારી;

Ab-brévi-ate, ઍબ્રીવિએટ, *vt.* (L. *ab* & *brevis* short) to shorten, abridge. ટુંકું, સંક્ષિપ્ત કરવું.

Ab′-di-cate, ઍબડિકેટ, *vt.* (L. *ab* & *dico* I say) give up, resign. છોડવું; મુકી દેવું; તજવું.—નું રાજીનામું આપવું; હાથ ઉઠાવવો.

Ab-do′men, ઍબ્ડોમિન્, *n.*(L. *abdo* to conceal) lower part of belly. પેટ, ઉદર; પહેડું.

Ab-duce′, ઍબ્ડ્યૂસ, *vt.* (L. *ab* & *duco* to lead) to draw, lead or take away from ; withdraw. કપટ ને જોરજુલમથી લઈ જવું;હરણ કરી જવું.

Ab-duc′tion, ઍબ્ડકશાન, *n.* carrying away by stealth or force. જોરજુલમથી કે પટાવી ફોસલાવાં સ્ત્રી વગેરે લઇ જવું તે, મનુષ્યહરણ.

A-bed′, ઍબેડ્, (S. on bed) on or in bed. પથારીમાં—ઉપર.

Ab-er-ra'tion, ઍબ્રેશન, (L. ab & erro I wander) wandering of mind; seeming motion of fixed stars. આડે માર્ગે જવું તે, ભ્રમિતપણું.

A-bet', ઍબેટ્, *vt.* (A. S. *betan* to push forward) encourage, incite. નઠારાં કામમાં—અપરાધ કરવામાં મદદ—હિમ્મત આપવી.

A-bey'ance, ઍબિઅન્સ, (Fr. *abayer* to pant after) state of suspense. મુલતવી—બંધ રહેવું તે. મોકુફી.

Ab-hor', ઍબ્હૉર, *vt.* (L. *ab* & *horreo* to stand on end) dislike very much. ઘણું કંટાળવું—ધિક્કારવું, તિરસ્કાર કરવો.

A-bide', ઍબાઈડ, *v.* abode, (S. *abidan*) stay; dwell; endure; wait for. રહેવું; વસવું, ખમવું; સહેવું.—વાટ જોવી.

A-bid'ing, ઍબાઈડિંગ્, *a.* lasting; enduring. ટકી રહેનારૂં, નિત્યા કરે એવું; જાયુતું.

A-bil'i-ty, એબિલિટિ, *n.* (L. *habilis* fit) power, means; skill. શક્તિ; સામર્થ્ય, ગજુ; ગુંજાસ; બુદ્ધિ; અક્કલ; હોંશિયારી.

Ab'ject, ઍબ્જેક્ટ, *a.* (L. *ab* & *jacio* I throw) mean; worthless. નીચ; હલકું; અધમ; પામર.

Ab-jure', ઍબ્જ્યૂર, *vt.* (L. *ab* & *juro* I swear) renounce. સોગન ખાઈને છોડી—મૂકી દેવું—તજવું—ત્યાગ કરવું.

A'ble, એબલ્, *a.* (L. *habilis* fit) having power to

do; skilful; competent. શક્તિવાન; સમર્થ. કાબેલ; બુદ્ધિવાન; હોંશિયાર; યોગ્ય, લાયક.

A-board', અબોર્ડ, *ad.* on or in a ship. વહાણમાં–ઉપર.

A-bode', અબોડ, *n.* habitation; stay; continuance. * વાસ, વાસો; રેહેવું તે; રહેઠાણ, ઠેકાણું.

A-bol'ish, અબૉલિશ, *vt.* (L. *abolesco* I decay) put an end to; annul; abrogate. નાશ-નાબુદ-ખંડન કરવું; ભાંગી–તોડી નાખવું. રદ કરવું, કાઢી નાખવું.

A-bom'i-na-ble, અબૉમિનબલ, *a.*(L. *ab* & *omen* a sign) detestable; execrable. ધિક્કારવા જેવું; કંટાળવા જોગ.

A-bom'i-nate, અબૉમિનેટ, *vt.* dislike much; hate; abhor.–થી ઘણું કંટાળવું; ધિક્કાર–તિરસ્કાર કરવો.

Ab-o-rig'in-al, ઍબોરિજિનલ, *a.* (L. *ab* & *origo* origin) original; first. *n.* an original inhabitant. અસલ–મૂળ–પ્રથમનું. અસલ રહેવાસી.

A-bor'tion, અબૉરશન, *n.* (L. *ab* & *orior* I rise). failure; untimely birth. અધુરે જવું તે–ગયેલો ગર્ભ.

A-bound', અબાઉન્ડ, *vi.* (L. *unda* a wave) be full of.–માં બહુ–ઘણું–પુષ્કળ હોવું.

A-bout', અબાઉટ, *pre.* (S. *emb* around, & *utan* outward) round; near to; concerning. એ; માં. પાસે; આસપાસ. આસરે; સુમારે. કરવાનું–જવું–માંડવું. વિષે; સંબંધી; રોકાયલું, ઘેરાવમાં. *ad.* nearly; here and there;

round. લગભગ;આસરે; સુમારે. જ્યાં ત્યાં;અહિં તહિં. ફેરાવો ખાવો; ચક્કર મારવું.

A-bove', અબવ્,*pre. ad.*(S. *abufan*) higher; superior; more in number or quality; beyond; too proud for; too elevated in mind. ઉપર; ઘણું; કરતાં ચઢતું-ઉંચું-મહોટું-વધારે-ઘણું. દૂર; બહાર. મગરૂબ મહોટા મનનું.

A-bove'board, અબવબોર્ડ, *ad.* without trick or deception. કપટવિના, ખુલ્લી રીતે, ઉઘાડે છોગે.

A-brade', અબ્રેડ, *vt.* (L. *ab* & *rado* I scrape or rub to rub, to wear off. ઘસવું, ચોળવું, ઘસી નાખવું.

A-breast', અબ્રેસ્ટ, *ad.* (*a* & *breast*) side by side. સાથે સાથે.

A-bridge', અબ્રિજ્, *vt.* (L. *ad* & *brevis* short) to shorten, contract; lessen; deprive of. ટુંકું કરવું, સંક્ષેપમાં લખવું; કમી-ઓછું કરવું, ઘટાડવું; છીનવી લેવું.

A-bridge'ment, અબ્રિજ્મેંટ, *n.* a summary. સંક્ષેપ, સારસંગ્રહ, ઓછું કરવું તે, ઘટાડો.

A-broad', અબ્રૉડ, *ad.* (S. *abraedan* to broaden) in the open air; in foreign country; out. પરદેશમાં; બહાર, ખુલ્લી હવામાં; છુટું, મોકળું ચોતરફ, લાંબે સુધી.

Ab'ro-gate, ઍબ્રોગેટ, *vt.* (L. *ab* & *rogo* I ask) to repeal. રદ કરવું, કાઢી નાખવું.

Ab-rupt', ઍબ્રપ્ટ, *a.* (L. *ab* & *rumpo* I break) steep, precipitous; sudden; unconnected. ઉભું; એકાએક કરેલું, અચાનક, આકસ્મિક; સંબંધરહિત; તુટેલું, ભાંગેલું.

Ab'scess, ઍબ્સેસ, *n.* (L. *ab* & *cedo* I go) gathering of offensive humours. પરૂથી ભરેલું ગુમડું-ગોડ.

Ab-scond', ઍબ્સ્કૉન્ડ, *vi.* (L. *abs* & *condo* I hide) to run away; to hide, to secrete oneself. છાનુંમાનું નહાસી જવું; સંતાઈ-ભરાઈ રહેવું-બેસવું.

Ab'sence, ઍબ્સન્સ, *n.* (L. *abs* & *ens*, *entis* being) state of being at a distance in place, or not in company. ન હોવું તે, ગેરહાજરી.

Ab'sent, ઍબ્સંટ, *a.* not present; lost in thought. ગેરહાજર; મન બીજી વાતમાં છે એવું, બેભાન, ગફલત.

Ab-sent', ઍબ્સંટ, *vt.* keep away. ગેરહાજર રહેવું.

Ab-sen-tee', ઍબ્સંટી, *n.* one who absents himself from his country, property or duty. ગેરહાજર રહેનાર.

Ab'so-lute, ઍબ્સોલ્યૂટ, *a.* (L. *ab* & *solvo* I loose) free, independent; complete, positive; unconditional; self-existent; unlimited by control. છુટું, મોકળું, સ્વતંત્ર; સંપૂર્ણ, નિસ્સંશય, ખચીત; બોલી-સરત કરયા વગરનું; અપ્રતિબંધક; સ્વયંભૂ; સ્વતંત્ર, ઈચ્છાધીન.

Ab-so-lu'tion, ઍબ્સોલ્યુશન, *n.* acquittal; forgiveness. નિરપરાધી ઠેરવવું તે; ક્ષમા, માફી, પાપમુક્તિ.

Ab-solve′, ઍબ્સૉલ્વ, *vt.* (L. *ab* & *solvo* I loose) free or release from; pardon. છુટું-મોકળું-માફ કરવું, નિરપરાધી ઠેરવવું.

Ab-sorb′, ઍબ્સૉર્બ, *vt.* (L. *ab* & *sorbeo* I suck in) drink in, suck up; engage or engross wholly; waste wholly. પી જવું, શોષી-ચુસી લેવું;-માં તલ્લીન-ગરક-નિમગ્ન થવું; તમામ ઉડાવી દેવું.

Ab-stain′, ઍબ્સ્ટેન, *vi.* (L. *abs* & *teneo* I hold) refrain from, forbear. વગર-વિના-થી દૂર રહેવું, વર્જવું;-નો ત્યાગ કરવો.

Ab′sti-nence, ઍબ્સ્ટિનેન્સ, *n.* refraining from food &c. કર્યાવગર-દૂર રહેવું તે, પરહેજગારી,કરી, પરહેજી.

Ab-ste′mi-ous, ઍબ્સ્ટીમિઅસ, *a.* (L. *abs* & *temetum* strong wine) sparing in the use of food & strong drinks. થોડું ખાનાર-પીનાર, મિતાહારી, પરહેજગાર, અલ્પભોગી.

Ab′stract, ઍબ્સ્ટ્રૅક્ટ, *n.* (L. *abs* & *traho* I draw) abridgment. સંક્ષેપ, સાર, સારાંશ.—*a.* existing in mind only. પૃથક વિચારેલું, નિરાળું, ભાવવાચક.

Ab-stract′, ઍબ્સ્ટ્રૅક્ટ, *vt.* take or draw from, separate; purloin. કાઢવું, છુટું કરવું, જુદું પાડવું;-માંથી-ચોરીથી કાઢી લેવું.

Ab-strac′tion, ઍબ્સ્ટ્રૅક્શન, *n.* deep thought; ab-

sence of mind. જુદું કરી-પાડીને વિચારવું તે, વિવેચન, પૃથક્કરણ; શૂનકાર-બેભાનપણું.

Ab-struse', ઍબ્સ્ટ્રૂસ, *a.*(L. *ab* & *trudo* I thrust) difficult to understand, hid, concealed. સમજવું અઘરૂં-કઠણ,ગૂઢ, ગહન.

Ab-surd', ઍબ્સર્ડ, *a.* (L. *ab* & *surdus* deaf) against reason, inconsistent. ઉંધી બુદ્ધિનું, વિવેકશૂન્ય-વિરૂદ્ધ, અક્કલથી ઉલટું, બેવકુફી ભરેલું.

A-bun'dance, ઍબન્ડન્સ, *n.* (L. *ab* & *unda* a wave) great plenty. પુષ્કળ-ભરપૂરપણું, રેલછેલ, છોળ.

A-buse', ઍબ્યૂસ, *n.* (L. *ab* & *utor* I use) ill-treatment; coarse language. ખોટો-ગેરઉપયોગ; ઉંધો અર્થ; કુરાચાર, બદઅમલ, ગેરબંદોબસ્ત; ગાળ, અપશબ્દ, નિંદા.

A-buse', ઍબ્યુઝ, *vt.* to misuse; violate; reproach rudely. ખોટો-ગેરઉપયોગ કરવો, આડે રસ્તે-ખોટા કામમાં-અર્થમાં વાપરવું,-નો ભરોસો તોડવો; જોરજુલમથી (સ્ત્રી) સંભોગ કરવો; ગાળ દેવી, અપશબ્દ કહેવા, ભાંડવું.

A-but', ઍબટ, *vi.* (Fr. *aboutir*) border upon, meet. -ની સીમાપર આવવું, છેડે છેડા મળવા,-નો સીમા સંયોગ થવો.

A-but'ment, ઍબટમેંટ, *n.* support of arch ; end of a bridge on land. ટેકો; સીમાસંધી-સંયોગ.

A-byss', ઍબિસ, *n.* (*Gr.* *a* & *byssos* bottom)

bottomless pit. તળિયું જણાતું ન હોય એવો ઉંડો ખાડો;જે અપાર–અમાપ છે તે.

A-ca'ci-a, અૅકેશિયા, *n.* (L. *akakia* from *ak* sharp) a genus of thorny leguminous plants. કાંટાવાળા ઝાડની એક જાત;જેમ કે બાવળ, ખેર ઈ૦.

A-cad'emy, અૅકૅડિમિ, *n.* (Gr. *academus* the original owner of a villa near Athens) school, place of teaching. વિદ્યાલય, પાઠશાળા, મદ્રેસા.

Ac-cede', અૅક્સીડ, *vi.* (L. *ad* & *cedo* to go) consent to, assent to, agree to. કબૂલ–માન્ય રાખવું–કરવું, અનુમત આપવું.

Ac-cel'e-rate, અૅકસેલરેટ, *vt.* (L. *ad* & *celer* swift) hasten; advance, add. ગતિ કે વેગ વધારવો; જલદી વધે તેમ કરવું.

Ac-cent', અૅક્સેંટ, *vt.* (L. *ad.* & *canto* I sing) to pronounce with force. ભાર દઈને–સ્વર સાથે વાંચવું–બોલવું;–ઉપર સ્વર ચિન્હ મુકવાં.

Ac'cent, અૅક્સેંટ, *n.* Force of voice; mark to show it. સ્વર, જોર, ભાર; ભાર મુકવાની નિશાની, સ્વરચિન્હ.

Ac-cept', અૅક્સેપ્ટ, *vt.* (L. *ad* & *capio* I take) to take ; agree to; to sign a promise to pay. રાખવું, લેવું; કબૂલ રાખવું; સ્વીકારવું. .

Ac-cept'a-ble, અૅક્સેપ્ટેબલ, *a.* agreeable. કબૂલ કરાય એવું, સંતોષકારક, પસંદ, પ્રિય.

Ac-cept'ance, ઍક્સેપ્ટન્સ, *n.* the act of taking; written promise to pay. પસંદ કરવું–પડવું તે, સ્વીકાર, અંગીકાર; સ્વીકારેલી હુંડી.

Ac-cep-ta'tion, ઍક્સેપ્ટેશન, *n.* ordinary meaning of a word. અર્થ, માયનો.

Ac'cess, ઍક્સેસ *n.* (L. *ad* & *cedo* to go) approach; increase. પાસે–ની હજુરમાં આવવું–જવું તે, આગમન, પ્રવેશ. આવવા જવાનો રસ્તો–માર્ગ–છુટ; વધારો, વૃદ્ધિ.

Ac-ces'sion, ઍક્સેશન, *n.* addition. વધારો, ઉમેરો, વૃદ્ધિ;–માં સામેલ થવું–ભળવું તે;–પર આવવું–બેસવું તે.

Ac'ces-sa-ry ઍક્સેસરિ, *n.* helper in crime. અપરાધ કરવામાં મદદગાર. *a.* aiding in; additional. શામેલ, મદદગાર, પેટાનું, ગૌણ.

Ac'ci-dence, ઍક્સિડન્સ, *n.* (L. *ad* & *cado* I fall) the changes which declinable parts of spehec severally undergo. શબ્દભેદ.

Ac'ci-dent, ઍક્સિડંટ, *n.* Something not foreseen, chance; nonessential property of a thing. દૈવયોગ, અચાનક–આકસ્મિક બનાવ; જે ગુણ આવશ્યક નથી તે.

Ac-cla-ma'tion, ઍક્લેમેશન, *n.* (L. *ad* & *clamo* I cry out) applause, common consent. શાબાસીનો અવાજ, જયજયકાર, હર્ષનાદ.

Ac-cli'ma-tize, ઍક્લિમૅટાઇઝ, *vt.* (*ad* & *climate*) accustom to new climate. પારકા દેશના હવા પાણીમાં ઉછરે એવું કરવું.

Ac-cliv'i-ty, ઍક્લિવિટિ, *n.* (L. *ad* & *clivus* ascent). rising ground. ચઢાવ, ચઢતો ઢાળ, ટેકરો.

Ac-com'mo-date, ઍકૉમોડેટ, *vt.* (L. *ad* & *commodo* I make fit) make suitable for, adapt to; reconsile; lend to. લાયક કરવું,–ઉપર વિચાર રાખીને કરવું; પુરૂં પાડવું, સગવડ–સંભાળના કરવી; પતાવવું, સમાધાન કરવું,–નો ફડચો કરવો; ધીરવું.

Ac-com'pa-ny, ઍકમ્પનિ, *vt.* (L. *ad, con* & *panis* bread) go or be with; play music in unison with. સાથે જવું–આવવું–જોડાયલું હોવું, તાલ મેળવી સાથે ગાવું.

Ac-com'plice, ઍકૉમ્પ્લિસ, *n.* (L. *ad, con* & *plico* I fold) companion in crime. ગુનાહમાં સામેલ રહેનાર, દુષ્ટ કામમાં મળતિયો.

Ac-com'plish, ઍકૉમ્પ્લિશ્, *vt.* (L. *ad, con* & *pleo* I fill) bring to pass, complete, fulfil, execute, effect. સમાપ્ત કરવું; વાળવું; અદા–પૂરૂં કરવું; સાધવું, સંપાદન કરવું, બર લાવવું.

Ac-com'plish-ment, ઍકૉમ્પ્લિશમેંટ, *n.* completion; acquirement. સમાપ્ત–સંપાદન કરવું તે, સાધવું તે; સંપાદન કરેલા ગુણ, પ્રવીણતા.

Ac-cord′, ઍકૉર્ડ, *n.* (L. *ad.* & *cor*, *cordis* the heart) harmony of minds; will; agreement; settling. એકચિત્ત–મત, મનમેળાપ; ખુશી, ઈચ્છા, સ્વરમેળ; નિવેડો, નિકાલ. *vt.* be suitable; grant, give; settle. મળતું કરવું; દેવું, આપવું; કબૂલ કરવું;–નો તોડ–નિવેડો કરવો.

Ac-cord′ing, ઍકૉર્ડિંગ, *a.* agreeing. પ્રમાણે, મુજબ.

Ac-cord′ing-ly, ઍકૉર્ડિંગ્લિ, *ad.* suitably, consequently. એ પ્રમાણે.

Ac-cor′di-on, ઍકૉરડિઅન, *n.* keyed wind-strument. પવનથી વાતું કળવાળું વાજું.

Ac-cost′, ઍકૉસ્ટ, *vt.* (L. *ad* & *costa* a rib) speak first to. પ્રથમ પ્રત્યે– સાથે બોલવું,–ને કહેવું.

Ac-cou-cheur′, ઍકુશર, *n.* (Fr. *ad* & *couche* a bed) a man who assists women in childbirth. જણાવનારો, પ્રસવ કરાવનારો.

Ac-count′, ઍકૌંટ, *n.* (L. *computo* to reckon) bill, statement; narrative or relation; computation; answering for conduct; reason, consideration; profit; value, estimation. હિસાબ, ખાતું, જમાખર્ચ; હેવાલ, બયાન, વૃત્તાંત, કથા; ગણતરી; હિસાબ, જવાબ; કારણ; નફો; ગણતી, ગણના. *vt.* reckon; esteem; explain. ગણવું; માનવું, લેખવું; હિસાબ આપવો.

Ac-count′a-ble, ઍકૌંટેબલ, *a.* liable. જવાબદાર–દેનાર.

Ac-count'ant, ઍકૌંટંટ, *n.* one skilled in accounts. પક્કો હિસાબ રાખનાર.

Ac-cou'tre, ઍકૂટર, *vt.* (Fr. *ad* & *cultura* care) equip. શસ્ત્ર સજાવવાં, હથિયારબંધ કરવું.

Ac-cred'it, ઍક્રિડિટ્, *vt.* (L. *ad* & *credo* I believe) to give credit or authority. ખરૂં છે એવું કબૂલ કરવું; મુખત્યાર ગણવું.

Ac-cre'tion, એક્રીશન, *n.* (L. *ad* & *cresco* I grow) increase by natural growth. ઉગવાથી થતી વૃદ્ધિ.

Ac-crue', ઍક્રૂ, *vi.* arise from, proceed. થવું, આવવું, મળવું, નિપજવું.

Ac-cu'mu-late, ઍકયુમ્યુલેટ, *vt.* (L. *ad* & *cumulo* I heap) heap up, pile; collect. ઢગલો કરવો. એકઠું-એગું [કરવું.

Ac-cu-mu-la'tion, ઍકયુમ્યુલેશન, *n.* act of increasing. સંચય, સંગ્રહ, ભેગુ કરવું તે.

Ac'cu-ra-cy, ઍકયુરસી, *n.* (L. *ad* & *cura* care) exactness, correctness. ખરા-ચોક્કસપણું, ચોકસાઈ.

Ac'cu-rate, ઍકયુરેટ, *a.* without mistake, correct. ખરેખરૂં, શુદ્ધ, બરાબર, ચોક્કસ.

Ac-cur'sed, ઍકર્સ્ડ, *a.* (L. *cursian* to curse) doomed, wicked. જેને શાપ થયો હોય તેવું; શાપપાત્ર, અતિદુષ્ટ.

Ac-cu-sa'tion, ઍકયુઝેશન, *n.* (L. *ad* & *causa* a cause) charge of crime. દોષ મુકવો તે, તોહોમત, આળ, બટ્ટો.

Ac-cu-sa'tive, ઍકયુઝેટિવ, *a.* *n.* બીજીવિભક્તિ, કર્મ.

Ac cuse', ઍક્યૂઝ, *vt.* to charge with crime; blame. ઉપર તોહોમત–દોષ મુકવો.

Ac-cus'tom, ઍકસ્ટમ, *vt.* (Fr. *coutume* a tax) make familiar. ટેવ–અભ્યાસ–મહાવરો પાડવો. [ઍક્રો, રેજું.

Ace, એસ, *n.*(L. *as* simple) mark, single point.

A-cer'bi-ty, ઍસરબિટિ, *n.* (Fr. *acer* sharp, sour) bitterness of taste or spirit. ખટાસ ને તુરાસ કે કડ-વાસ; આકરા–કરડા–સખતપણું.

Ace'tous, ઍસિટસ, *a.* sour, acid. ખાટું, અમ્બટ.

Ache, એક, *n.* (Gr. *achos* pain) continued pain. પીડા, વેદના, દરદ, દુ:ખ. *vi.* suffer or be in pain. પીડા–વેદના થવી.

A-cheive', ઍચીવ, *vt.* (Fr. *achever* to finish) to do or finish successfully. સંપૂર્ણ કરવું, છેડો લાવવો. મેળવવું, સંપાદન–પ્રાપ્ત કરવું.

A-chieve'ment, ઍચીવમેંટ, *n.* exploit, escutcheon. પરાક્રમનું– મહાભારત કામ, સાહસકર્મ.

Ach-ro-ma'tic, ઍક્રોમેટિક્, *a.* (Gr.*a* & *chroma* color) destitute of colour. રંગવગરનું,

A'cid, ઍસિડ્, *a.* (L. *acidus* sour) sour. ખાટું, અમ્બટ. *n.* something possessing sour taste. જેમાં ખટાસ હોય એવી ચીજ.

A-cid'i-ty *n.* ઍસિડિટિ, sourness. ખટાસ.

Ack-nowl'edge, ઍક્નૉલિજ, *vt.* (S. *ac* but, *cnawan* to know & *lecgan* to lay) own, allow to be true. માનવું, સ્વીકારવું, કબૂલ–માન્ય કરવું.

Ac-know'ledg-ment, ઍક્નૉલિજમેંટ, *n.* receipt, thanks for benefit. કબૂલ કરવું તે, પહોંચ; ઉપકાર માનવો તે, કૃતજ્ઞતા.

Ac'me, ઍક્મિ, *n.* (G. *ake* a point) the height or crisis of anything. શિખર, ટોંચ.

Ac'on-ite, ઍકોનાઇટ, *n.* (L. *aconitum*) a poisonous plant. વચ્છનાગ.

A'corn, એકૉર્ન, *n.* (S. *accer*)fruit of oak. ઓક ઝાડનું [ફળ.

A-cous'tic, ઍકાઉસ્ટિક, *a.* (Gr. *akouo* I hear) pertaining to ears or hearing. કાન–શ્રવણનું–સંબંધી.

Ac-quaint' ઍક્વેન્ટ, *vt.* (L. *cognitus* known) to inform. ખબર આપવી; વાકેફ કરવું.

Ac-quaint'ance, ઍક્વેંટન્સ, *n.* knowledge; person known. ઓળખાણ, માહિતગારી; પિછાનવાળું માણસ.

Ac-qui-esce', ઍક્વિએસ, *vi.* (L. *ad* & *quies* rest), agree in. કબૂલ–માન્ય રાખવું; સંતોષ માનવો.

Ac-quire', ઍક્વાયર, *vt.* (L. *ad* & *quæro* I seek) to gain. મેળવવું, સંપાદન કરવું.

Ac-quire'ment, ઍક્વાયરમેંટ, *n.* something gained જે મેળવેલું તે. *pl.* મેળવેલા ગુણ.

Ac-qui-si'tion, ઍક્વિઝિશન, *n.* thing gained, attainment. સંપાદન, પ્રાપ્તિ; મેળવેલી વસ્તુ.

Ac-quit', ઍક્વિટ, *vt.* (L. *ad* & *quiesco* I am quiet) clear from blame. નિર્દોષ ઠેરવવું, દોષ ન મુકવો.

Ac-quit'tal, ઍક્વિટલ, *n.* release from charge. નિરપરાધિ ઠરવું તે, છુટકારો. [ફારગતી.

Ac-quit'tance ઍક્વિટન્સ, *n.* release from debt.

A'cre, એકર, *n.* (L. *ager* a field) 4,840 square yards. ૪,૮૪૦ચોરસ વારનું–સુમારે ૧⅞ વિંઘાનું માપ.

Ac'-rid, ઍક્રિડ, *a.* (L. *acer* a point) hot and bitter. તીખું, તમતમું, ઝમઝમાટ કરતું. [તીખું, કડવું, કરૂં.

Ac-ri-mo'ni-ous, *a.* ઍક્રિમોનિઅસ, sharp, sarcastic.

Ac'ri-mon-y, ઍક્રિમનિ, *n.* harshness. તીખાસ, આકરા–કરડાપણું. [દોરડાપર કસરત કરનાર.

Ac'ro-bat, ઍક્રોબૅટ, *n.* tumbler, vaulter. મલ્લ, મલાણી,

A-cross', ઍક્રૉસ, *pre.* & *ad.* (*a* at, on & *cross*) from side to side ; laid over. આડું, પેલેપાર, બીજી બાજુએ, –માં થઈને, ઉપરનું.

A-cros'tic, ઍક્રૉસ્ટિક, *n.* (Gr. *akros* end & *stickos* a line) a poem whose initial letters form a name. આધાક્ષરબંધ કવિતા.

Act, ઍક્ટ, *v.* (L. *ago* I do) to use power, to per-

form, to do.–ઉપર સત્તા ચાલવી–અસર થવી; ચાલવું, કામ કરવું; વર્તવું; કરવું, બજાવવું. *n.* deed; law; section of play. કામ; કાયદો; અંક. [લડાઈ; ફરિયાદી.

Ac′tion, ઍક્શન, *n.* deed; battle; suit at law. કામ;
Ac′tion-a-ble, ઍક્શનૅબલ, *a.* liable to an action at law. ફરિયાદી ચાલી શકે એવું. [ઉદ્યોગી; સકર્મક.

Ac′tive, ઍક્ટિવ, *a.* lively; busy; transitive. ચાલાક;
Ac-tiv′i-ty, ઍક્ટિવિટિ, *n.* quickness. ઝડપ, ચપળતા.
Ac′tor, ઍક્ટર *n.* male stage player; he that does. વેષ લેનાર, નટ; કર્તા, કરનાર. [નારી સ્ત્રી, નટી.

Ac′tress, ઍક્ટ્રેસ, *n.* a female stage player. નાટક કર-
Ac′tu-al, ઍક્ચુઅલ, *a.* real, existing now. ખરૂં, વાસ્તવિક; હાલનું, વર્તમાન. [ઉતારનારનો મુનીમ, મેહેતો.

Ac′tu-a-ry, ઍક્ચુઅરી, *n.* a registrar, clerk. વિમો
Ac′tu-ate, ઍક્ચુએટ, *vt.* put in action; incite. ચલાવવું; પ્રવર્તાવવું; ઉશ્કેરવું.

A-cu′men, ઍક્યુમેન, *n.* (L. *acuo* to sharpen) sharpness of mind. તીક્ષ્ણ બુદ્ધિ.

A-cute′, ઍક્યૂટ, *a.* sharp; penetrating. અણીદાર; તીક્ષ્ણ, તીવ્ર, ઉંડી નજરનું. [કહેવત.

Ad′age, ઍડેજ, *n.* (L. *ad* & *ago* I do) old saying.
Ad′a-mant, ઍડૅમૅન્ટ *n.* (Gr. *a* not & *damao* to sub-

due) diamond; very hard stone. હીરો; ઘણો કઠણ પત્થર. [જેવું કઠણ.

Ad-a-mant'ine, ઍડૅમૅનટિન, *a.* extremely hard. વજ્ર-

A-dapt', ઍડૅપ્ટ, *vt.* (L. *ad* & *apto* I fit) fit; make to suit. લાયક-બરતું-યોગ્ય કરવું. [લાયકપણું.

A-dap-ta'tion, ઍડૅપ્ટેશન, *n.* making fit. યોગ્ય કરવું તે,

Add, ઍડ્, *vt.* (L. *ad* & *do* I put) join or put to; increase.-માં મેળવવું. વધારવું,-માં ઉમેરવું.-up-નો સર્વાળો ક.

Ad-den'dum, ઍડૅન્ડમ, *n.* thing added. વધારો, ઉમેરો.

Ad'der, ઍડર, *n.* (S. *attor*) poisonous snake. ઝેરીસર્પ.

Ad-dict', ઍડિક્ટ, *vt.* (L. *ad* & *dico* I say) give oneself up to. લાગુ-વળગી રહેવું,-ના છંદ-તીલતમાં પડવું.

Ad-dict'ed-ness, ઍડિક્ટેડ્નેસ, *n.* state of being addicted. છંદ, લત. નાદ. [મેળવવું તે; સર્વાળો; વધારો.

Ad-di'tion, ઍડિશન, *n.* an adding to, increase.

Ad'dle, Ad'dled, ઍડ્લ, ઍડ્લ્ડ, *a.* (S. *adl* to be sick) rotten; empty. સડેલું, કોહેલું; ખાલી, પોકલ.

Ad-dress', ઍડ્રેસ, *n.* (L. *ad* & *dirigo* I make straight) mode of behaviour; skill; direction of letter. ભાષણ, માનપત્ર; માનથી બોલવાની રીત; ચતુરાઈ; સરનામું. *vt.* speak; apply, or direct to; court. -ને કહેવું, પ્રતે બોલવું; વિનંતિ કરવી; સરનામું લખવું; લખીને મોકલવું; પરણવાનું માગું કરવું.

Ad-duce', ઍડ્યૂસ, *vt.* (L. *ad* & *duco* I lead) to bring forward; urge. હાજર કરવું, આપવું; કહેવું, બતલાવવું.

A-dept', ઍડેપ્ટ, *n.* (L. *adeptus* I attain) one skilled in any thing. પ્રવીણ–નિપુણ માણસ.

Ad'e-quate, ઍડિક્વેટ, *a.* (L. *ad* & *æquus* equal) sufficient; equal to. જોઈએ એટલું, પરંતુ, બરાબર.

Ad-here', ઍડ્હીઅર, *vi.* (L. *ad* & *hæreo* I stick to) to cleave or stuck to. ચોંટવું; વળગી–બાઝી રહેવું.

Ad-her'ent, ઍડહીરંટ *n.* follower; partisan. આશ્રિત–અનુયંગી પુરૂષ; વળગી રહેનાર.

Ad-he'sion, ઍડહીશન, *n.* union of parts by glue, &c. વળગી બાઝી રહેવું તે. [એવું, ચિકણું.

Ad-he'sive, ઍડ્હીઝિવ્, *a.* sticky, gluey. ચહોંટી રહે

A-dieu' ઍડ્યુ, *ad.* (Fr. *ad* & Deus God) farewell; good-by. છેલ્લી સલામ, આશીર્વાદ. [પુષ્ટ, ચરબીદાર.

Ad'i-pose, ઍડિપોઝ, *a.* (L. *adeps* fat) full of fat.

Ad'it, ઍડિટ્, *n.* (L. *ad* & *eo* to go) level opening to mine. ખાણ કે ખાઈનું મહોડું.

Ad-ja'cent, ઍડજેસંટ, *a.* (L. *ad* to & *jaceo* to lie) lying near to, close. પાસે–પડોસનું, નજીક. [વિશેષણ.

Ad'jec-tive, ઍડ્જેક્ટિવ્, *n.* (L. *adjicio* to add) a word added to a noun to modify meaning.

Ad-join′, ઍડ્જૉઇન, *vi.* (L. *ad* & *jungo* I join) to lie next to. પાસે-નજીક હોવું.

Ad-journ′, ઍડ્જર્ન, *vt.* (Fr. *jour* a day) to put off to another time. મુલતવી રાખવું.

Ad-judge′, ઍડ્જજ, *vt.* (L. *ad* & *judico* I judge) decide; award sentence. ચુકાદો-ફેસલો ક.; ઠેપ મારવી.

Ad′junct, ઍડ્જંક્ટ, *n.* (L. *ad* & *jungo* to join) something added. જે જોડેલું તે; ગુણ; ઉમેરેલો શબ્દ. *a.* united with; added to. સાથે-જોડે રહેલું.

Ad-jure′, ઍડ્જ્યુર, *vt.* (L. *ad* & *juro* I swear) to charge on oath. સોગન ઘાલવા-આપવા.

Ad-just′, ઍડ્જસ્ટ, *vt.* (L. *ad* & *justus* just) to make suitable; to settle. ખરું-અનુકૂળ કરવું; બંદોબસ્ત કરવો; બરાબર ગોઠવવું; પતાવવું.

Ad-just′ment, ઍડ્જસ્ટમેંટ, *n.* setting in order; settlement. બંદોબસ્ત, વ્યવસ્થા; ચુકાદો, નિવેડો.

Ad′ju-tant, ઍડ્જ્યુટંટ, *n.* (L. *ad* & *juvo* I help) a military officer who assists the major; a crane. લશ્કરી અમલદાર; સારસપક્ષી.

Ad-mea′sure-ment, ઍડ્મેઝરમેંટ, *n.* (L. *ad* & *mensus* to measure) the act or result of measuring. માપવું તે, ક્ષેત્રફળ.

Ad-min′is-ter, ઍડ્મિનિસ્ટર, *vt.* (L. *ad* & *ministro* I

serve) to execute; dispense; serve; manage.—નો વહિવટ કરવો, અમલમાં લાવવું; ન્યાય કરવો.; કસમ દેવા-ઘાલવા; ઓષડ આપવું. *vi.* સહાય થઈ પડવું.

Ad-min-i-stra'tion, ઍડ્મિનિસ્ટ્રેશન, *n.* management; government. વહિવટ, કારભાર, અમલ, રાજ્ય.

Ad'mir-a-ble, ઍડ્મિરેબલ, *a.* (L. *ad* & *miror* I wonder) excellent. વખાણવા જોગ, અતિઉત્તમ.

Ad'mi-ral, ઍડ્મિરલ, *n.* (Ar. *amir* a lord) commander of fleet. વહાણના કાફલાનો સેનાપતિ.

Ad'mi-ral-ty, ઍડ્મિરૅલ્ટિ, *n.* supreme navy court. દરિયાઈ મુકદ્દમા ચુકવનારી કોરટ–સભા.

Ad-mi-ra'tion, ઍડ્મિરેશન, *n.* (L. *ad* & *miror* I wonder) wonder; liking. આશ્ચર્ય; પ્રેમ, ચાહ સાનંદાશ્ચર્ય.

Ad-mire', ઍડ્માયર, *vt.* to regard with wonder; to like; to esteem. જોઈને અચરત–તાજુબ થવું,–ઉપર ઘણી પ્રીતિ રાખવી.

Ad-mis'si-ble, ઍડ્મિસિબ્લ્, *a.* (L. *ad* & *mitto* I send) that may be admitted. માન્ય–કબૂલ કરવા જોગ, મંજુર.

Ad-mis'sion, ઍડ્મિશન, *n.* permission to enter; concession. દાખલ થવાની પરવાનગી, પ્રવેશ; દાખલ કરવું–થવું તે, સ્વીકાર.

Ad-mit', ઍડ્મિટ્, *vt.* to allow; to let in. કબુલ કરવું, ખરૂં માનવું; દાખલ, કરવું,–માં આવવા દેવું; શકવું.

Ad-mit'tance, ઍડ્મિટન્સ, *n.* act or power of entering. દાખલ થવું તે, દાખલ થવાની સત્તા.

Ad-mix', ઍડ્મિક્સ, *vt.* (L. *ad* & *misceo* I mingle) to mingle. ભેગું-એકઠું કરવું, ભેળી નાખવું.

Ad-mon'ish, ઍડ્મૉનિશ્, *vt.* (L. *ad* & *monere* I remind) to reprove gently; warn. ઠપકો-શિખામણ દેવી, બોધ કરવો, ચેતાવવું.

Ad-mo-ni'tion, ઍડ્મૉનિશન,*n.* reproof; advice. ઠપકો; શિખામણ, બોધ, ચેતવણી.

A-do', ઍડૂ, *n.* (S. *a* & *don* to do) fuss; stir. ધાંધલ, ધામધુમ; ખટપટ, માથાકોડ, શ્રમ.

Ad-o-les'cence, ઍડોલેસન્સ, *n.* (L. *ad* & *olesco* I grow) youth. જુવાની, જોબન.

Ad-o-les'cent, ઍડોલેસંટ, *a.* advancing to manhood. ચઢતા લોહીનું-વયનું.

A-dopt', ઍડૉપ્ટ, *vt.* (L. *ad* & *opto* I desire) to take as own child; choose, select. દત્તક કરી લેવું; કબૂલ-રાખવું, પકડવું, લેવું, આદરવું.

A-dop'tion, ઍડૉપ્શન, *n.* the act of adopting. દત્તક-પોતાનું કરી લેવું તે. [લીધેલું, લેનારૂં.

A-dopt'ive, ઍડૉપ્ટિવ્, *a.* that adopts or is adopted.

Ad-o-ra'tion, ઍડોરેશન્, *n.* (L. *ad* & *oro* I pray) worship of God; deep reverence. ભજન, ભક્તિ; પૂજા, આરાધના.

A-dore′, ઍડોર, *vt.* worship; love greatly. ભજવું, આરાધવું, ભક્તિ કરવી; અતિશય ચહાવું–પ્રીતિ રાખવી.

A-dorn′, ઍડૉર્ન, *vt.* (L. *ad* & *orno* I deck) deck; make beautiful. સણગારવું, સુશોભિત–ભૂષિત કરવું.

A-dorn′ment, ઍડૉર્નમેંટ, *n.* embellishment. ભૂષણ, શોભા.

A-drift′, ઍડ્રિફ્ટ, *ad.* (S. *adrifan* to drive) floating at random. ગમે તેમ તરવું–ખસડાવું, વહેવું.

A-droit′, અડ્રૉઇટ, *a.* (L. *directus* direct) expert in use of hands. કુશળ, ચપળ, ચાલાક.

Ad-u-la′tion, ઍડયુલેશન, *n.* (L. *adulor* to fawn upon as a dog) mean flattery. ખુશામત, હાજી હા, અતિશય વખાણ. [ખુશામતનું–ભરેલું.

Ad′u′-la-to-ry, ઍડયુલેટોરિ, *a.* flattering to excess.

A-dult, ઍડલ્ટ, *a.* (L. *ad* & *oleo* I nourish) grown up person. ઉમ્મરે આવેલું માણસ.

A-dul′ter-ate, ઍડલ્ટરેટ, *vt.* (L. *ad* & *alter* other) corrupt or debase by mixture. હલકી વસ્તુ ભેળી બગાડવું, ભેગવાળું કરવું.

A-dul′ter-y, ઍડલ્ટરિ, *n.* a violation of the marriage bed. છિનાળું, જારકર્મ, વ્યભિચાર.

Ad-vance′, ઍડવાન્સ, *vt.* (L. *ab* & *ante* before) bring forward; promote; improve; raise in

rank; pay before hand. અગાડી લાવવું–કરવું–ચલાવવું; પદવીએ ચઢાવવું-વધારવું; વૃદ્ધિ-વધારે થાય તેમ કરવું; અગાઉથી –અંશુ આપવું, ધીરવું.

Ad-vance′, ઍડ્વૅન્સ, *n.* moving forward; promotion; rise in value. અગાડી ચાલવું તે; વધારો, સુધારો, તેજી.

Ad-vance′ment, ઍડવૅન્સમેંટ, *n.* moving forward, promotion. અગાડી ચાલવું તે; વધારો, સુધારો.

Ad-vant′age, ઍડ્વૅન્ટેજ, *n.* (Fr. *advant* before) benefit, gain; opportunity; superiority. લાભ, હિત, ફળ; તક, સંધી; જય, ફતેહ, પ્રાધાન્ય.

Ad-van-ta′geous, ઍડ્વૅન્ટેજસ, *a.* favourable. લાભ-ફાયદાકારક, ગુણકારી–પડતું, ઉપયોગી.

Ad′vent, ઍડ્વૅંટ, *n.* (L. *ad* & *venio* I come) coming; season before Christmas. આવવું તે, આગમન; નાતાલ પહેલાના ચાર અઠવાડિયાં.

Ad-ven-ti-ti′ous, ઍડ્વૅંટિશસ *n.* accidental, casual. આવશ્યક નહિ એવું, આગન્તુક.

Ad-ven′ture, ઍડવેંચર, *n.* bold undertaking; enterprise; accident; occurrence. સાહસકર્મ, દૈવયોગ-ગતિ; ચરિત્ર, ચમત્કાર. *v.* risk. જોખમ–ભયમાં જઈ પડવું, નસીબપર રાખવું. [ખેડનાર–ભરેલું.

Ad-ven′tu-rous, ઍડ્વેંચરસ, *a.* bold. સાહસિક, જોખમ

Ad′verb, ઍડ્વર્બ, *n.* (L. *ad* & *verbum* a word) word modifying a verb. ક્રિયાવિશેષણ અવ્યય.

Ad'ver-sa-ry, ઍડ્વરસરિ, *n.* (L. *ad* & *verto* to turn) an enemy. શત્રુ, વૈરી, પ્રતિપક્ષી.

Ad'verse, ઍડ્વર્સ, *a.* opposed to; unfortunate. સામું, વિરૂદ્ધ, ઉલટું; વાંકું, આડું; દુ:ખકારક, અનિષ્ટ.

Ad-ver'si-ty, ઍડ્વર્સિટિ, *n.* ill-fortune. સંકટ, પડતી.

Ad-vert', ઍડ્વર્ટ, *vi.* to turn attention to.—ઉપર ધ્યાન આપવું, વિષે–સંબંધી કહેવું. [ખબર આપવી, જણાવવું.

Ad'ver-tise, ઍડ્વરટાઇઝ, *vt.* to inform; give notice.

Ad-ver'tise-ment, ઍડ્વરટાઇઝમેંટ, *n.* notice in newspaper. જાહેરખબર–નામું.

Ad-vice', ઍડ્વાઇસ, *n.* (L. *ad* & *video* I see) counsel; notice. ઉપદેશ, શિખામણ; ખબર, સમાચાર.

Ad-vise', ઍડ્વાઇઝ, *vt.* to counsel, notice. સલાહ આપવી, બોધ કરવો; ખબર આપવી–કરવી.

Ad'vo-cate, ઍડ્વોકેટ, *n.* (L. *ad* & *voco* I call) one who pleads. *vt.* plead in favour of. વકીલ, હિમાયતી, ઉપરાણું તાણનાર;–નો પક્ષ ધરી બોલવું–વાદ કરવો,–ની તરફથી ખેંચવું.

Ad'vo-ca-cy, ઍડવોકસી, *n.* act of pleading; intercession. હિમાયત, ઉપરાણું, પક્ષ.

Adze, ઍડ્ઝ, *n.* (S. *adesa*) ship-builder's axe. વાંસલો.

A-er'i-al, એઇરિઅલ, *a.* (L. *aer* air) belonging to air; lofty. વાયુ–હવાનું–સંબંધી, આકાશી; ઉંચું.

Ae′-rie, એરી, *n.* nest of bird of prey. શીકારી પક્ષીનો માળો.

A-er′o-lite, એઅરોલાઈટ, *n.* (Gr. *lithos* a stone) a meteoric stone. હવામાંથી–ખરતા તારામાંથી પડેલો પત્થર.

A-er′o-naut, એઅરોનૉટ, *n.* (Gr. *nautes* a sailor) one who sails or floats in the air. વિમાનમાં બેસી હવામાં મુસાફ્રી કરનાર. [લાંબે, આઘે.

A-far′, અફાર, *ad.* (S. *a* & far) at a distance. દૂર.

Af′fa-ble, ઍફૅબલ, *a.* (L. *ad* & *faro* I speak) pleasant in speech or manner. મિલનસાર, મળતાવડું, ભલું.

Af-fair′, ઍફેર, *n.* (L. *facio* I do) a business matter. કામ, કાર્ય, બાબત, મામલો.

Af-fect′, ઍફેક્ટ, *vt.* touch feelings of; act upon; aim at; pretend. મન પીગાળવું–વિંધવું–પર અસર કરવી;–અસર કરવી અસર થવી; ગુણ અવગુણ થવો; ઈચ્છા રાખવી, તકાવવું;–નું ડોળ ઘાલવું, ઢોંગ કરવો; સ્વભાવથી થવું.

Af-fec-ta′tion, ઍફેક્ટેશન, *n.* false show; pretence. ઢોંગ, ડોળ, ખાલી ભભકો; નખરાં, ચાળા.

Af-fec′tion, ઍફેક્શન, *n.* love; fondness; attribute. હેત, પ્રેમ, માયા, મમતા; ગુણ, ધર્મ, વિકાર.

Af-fi′ance, ઍફાયન્સ, *n.* (L. *ad* & *fides* faith) betrothal; trust. વેવિસાળ, સગાઇ; વિશ્વાસ, ભરોસો. *vt.* to give confidence; betroth. વિશ્વાસ આપવો. સગાઈ કરવી.

Af-fi-da'vit, ઍફિડેવિટ્, *n.* (L. *ad* & *fido* I trust) declaration on oath. કસમપર જુબાની, ઈકરાર.

Af-fil'i-ate, ઍફિલિએટ, *vt.* (L. *ad* & *filius* a son) adopt; receive into a society. દત્તક કરવો; મંડળીમાં દાખલ કરવું, જોડવું; સંબંધમાં આણવું.

Af-fin'i-ty, ઍફિનિટિ, *n.* (L. *ad* & finis a boundary) relation by marriage; chemical attraction; resemblance. લગ્નસંબંધ; સ્નેહાકર્ષણ; સરખા-મળતાપણું.

Af-firm', ઍફર્મ, *vt.* (L. *ad* & *firmus* firm) declare solemnly; confirm. પ્રતિજ્ઞાપૂર્વક કહેવું, સાક્ષી આપવી; બહાલ કરવું-રાખવું.

Af-fir-ma'tion, ઍફર્મેશન, *n.* declaration. પ્રતિજ્ઞા, સોગનપર જબાની; ખાતરીથી કહેવું તે.

Af-fir-ma'tive, ઍફર્મેટિવ્, *a.* *n.* that affirms; that which contains an affirmation. હા છે એમ બતાવનારૂં; હા, છે એમ કહેવું તે.

Af-fix', ઍફિક્સ, *vt.* (L. *ad* & *figo* I fix) fasten to, append to; attach. છેડે જોડવું-લગાડવું; વળગાવવું. *n.* syllable or letter put to end of a word. પ્રત્યય.

Af-fla'tus, ઍફ્લેટસ, *n.* (L. *afflo* I breathe on) inspiration. અગમચેતી કરવાની ઈશ્વરદત્ત શક્તિ, ઈશ્વર પ્રેરણા.

Af-flict', ઍફ્લિક્ટ, *vt.* (L. *ad* & *fligo* I strike) give pain, trouble. દુ:ખ દેવું, પીડવું, પીડિત-બેજાર કરવું.

Af-flic'tion, ઍફ્લિકશન, *n.* grief, pain, distress. દુઃખ, પીડા, કલેશ.

Af'-flu-ent, ઍફ્લ્યુઅંટ, *a.* (L. *ad* & *fluo* I flow) wealthy. પૈસાદાર. *n.* tributary stream. બીજામાં મળનારી નદી, નદ્યંતરગામિની.

Af-ford', ઍફૉર્ડ, *vt.* (L. *ad* & *forum* a market-place) yield, produce; be able to give.-માંથી ઉપજવું; બોલવું, પાલવવું. [rel. લડાઈ, ઝગડો.

Af-fray', ઍફ્રે, *n.* (L. *fragor* a crash) brawl, quar-

Af-fright', ઍફ્રાઈટ, *n.* (Gr. *phritto* to shiver with fear) terror. ડર, ભય. *vt.* frighten. બિહીવડાવવું, ડરાવવું.

Af-front', ઍફ્રંટ, *n.*(L. *ad* & *frons* front) offence by word or deed. અપમાન, અપ્રતિષ્ઠા. *vt.* to insult slightly.-નું અપમાન કરવું, માઠું લગાડવું, આબરૂ લેવી.

A-float', ઍફ્લોટ, *ad.* (*a* & *float*) on the water; passing from place to place. તરતું; ઉડતું, ફેલાતું; બારૈવાટ થઈ જતું. [આગળ, જલદીથી.

A-fore', ઍફોર, *ad.* (*a* & *fore*) prior to; sooner.

A-fraid', ઍફ્રેડ, *a.* (Fr. *effrayer* to scare) struck with fear. બીધેલું, ભયભીત. [બીજીવાર, પાછું.

A-fresh', ઍફ્રેશ, *ad.* anew, again; recently. ફરીથી,

Aft, ઍફ્ટ (S. *æft*) *ad.* & *a.* astern; back. વહાણના પાછલા ભાગમાં, કણુસા તરફ; કણુસાનું.

Aft′er, ઍફ્ટર, *a.* later. હવે પછીનું, આવતું, પાછળનું. *pre.* later, behind. પછી, પછવાડે, પાછળ; પ્રમાણે, મુજબ, જોઇને. *ad.* posterior, later in time. પછી, પછીથી.

Aft′er-all, ઍફ્ટરઑલ, *ad.* when all has been weighed, said or done. અંતે, આખરે.

Aft′er-birth, ઍફ્ટરબર્થ, *n.* ઓર.

Aft′er-crop, ઍફ્ટરક્રૉપ, *n.* second crop in the same year. એકજ વર્ષનો બીજી વારનો પાક.

Aft′er-life, ઍફ્ટરલાઇફ, *n.* future life. ઉત્તરકાળ.

Aft′er-noon, ઍફ્ટરનૂન, *n.* day after 12 a. m. પાછલો પહોર.

Aft′er-pains, ઍફ્ટર પેન્ઝ, *n.* pains which succeed child-birth. જણ્યા પછીની—જરાયુ વેદના.

Aft′er-wards, ઍફ્ટરઉર્વડ્ઝ, *ad.* later in time. પછી.

A-gain′, અગેન, *ad.* (S. *a.* on & *gen* besides) once more. ફરીથી, બીજીવાર.

A-gainst′, અગેન્સ્ટ, *pre.* (S. *ongen* opposite to) in opposition to; opposite in direction; in provision for. ઉલટું, વિરૂદ્ધ; સન્મુખ, સામું;—નો વિચાર કરીને.

A-gape′, અગેપ, *ad.* & *a.* (L. *a* & *gape*) gaping. મહોડું વકાસી—પહોળું કરીને. [અકીક, ગોમેદ.

Ag′ate, અગેટ, *n.* (Gr. *achates*) kind of quartz.

Age, એજ, *n.* (L. *ævum* an age) period of time;

decline of life; generation. આયુષ્ય, આવરદા; ઉમ્મ-ર, વય; ઘડપણ; પેઢી; યુગ, જમાનો; સદી, સેંકડો; પાકી-પુખ્ત ઉમ્મર.

A'ged, એજેડ, *a.* ઘરડું, વૃદ્ધ, જઈફ.

A'gen-cy, એજન્સિ, *n.* business or office of an agent. કરવું તે, સત્તા, શક્તિ; મારફત, આડત, કારભાર.

A'gent, એજંટ, *n.* (L. *ago* I act) one who does business for another; active cause or power. કર્તા; શક્તિ; આડતિયો, મુનીમ, કારભારી, વકીલ.

Ag-glom'er-ate, ઍગ્લૉમરેટ, *vt.* (L. *ad* & *glomus* a ball of yarn) to collect into a ball or mass.—નો ઢગલો–ગોળો કરવો–વાળવો.

Ag'gran-dize, ઍગ્રૅન્ડાઈઝ, *vt.*(L. *ad* & *grandis*, great) to make great. ચઢતું કરવું, ચઢાવવું, મહોટું કરવું, વધારવું.

Ag'gra-vate, ઍગ્રૅવેટ, *vt.* (L. *ad* & *gravis* heavy) to make worse. વધારે ખરાબ–વત્તું કરવું, વધારવું; હોય તે કરતાં ખરાબ કહી વર્ણન કરવું; રીસ ચઢાવવી.

Ag'gre-gate, ઍગ્રીગેટ, *n. vt. a.* (L. *ad.* & *gregis* a flock) sum; to collect; formed of parts. સમૂહ, જથો; એકઠું–એકંદર કરવું–કીધેલું.

Ag-gres'sion, ઍગ્રેશન, *n.* (L. *ad* & *gradior* I go) first act; leading to quarrel. પહેલો હુમલો–ચઢાઈ, લઢાઈ શરૂ કરવી તે, પહેલ.

Ag-gres'sor, ઍગ્રેસર, *n.* one who begins quarrel. પહેલો હુમલો કરનાર, કજીયો ઉઠાવનાર.

Ag-grieve', ઍગ્રીવ, *vt.* (L. *ad* & *gravis* heavy) to give pain or sorrow; oppress. દુ:ખ દેવું, પીડા કરવી; જુલમ કરવો–ગુજારવો.

A-ghast', ઍઘૅસ્ટ, *ad.* & *a.* (S. *a.* & *gast* ghost) struck with horror. બાવરૂં, બિહેલું, ગભરાયલું. [ચપલ.

Ag'ile, ઍજિલ, *a.* (L. *ago* I move) quick, nimble.

Ag'i-tate, ઍજીટેટ, *vt.* disturb; put in motion. ધાબરૂં –વ્યગ્ર કરવું, ધભરાવવું; ઝડપથી હલાવવું, ડહોળી નાખવું; વિષવાદ કરવો.

Ag'nate, ઍગ્નેટ, *a.* (L. *ad* & *nascor* to be born) akin on the father's side. ગોત્રી, પીત્રાઈ.

A-go', ઍગો, *ad.* (S. *gan* to go) time gone by. થયાં, –નીવાતપર, ઉપર.

A-gog', ઍગૉગ, *ad.* (Fr. *a.* & *gogo* to wish) excited and ready. આતુર, ઉત્કંઠિત.

Ag'-o-nize, ઍગોનાઇઝ, *vi.* (Gr. *agon* contest) writhe with pain. રિબાવું,ઘણું કષ્ટ પામવું. [પ્રાણાંત વેદના.

Ag-o'ny, ઍગોનિ, *n.* extreme pain. અતિકષ્ટ–દુ:ખ,

A-gra're-an, ઍગ્રેરિઅન, *a.* (L. *ager* a field) relating to fields or grounds. ખેતર–જમીન સંબંધી.

A-gree', ઍગ્રી, *vi.* (L. *gratus* pleasing) be of one

mind; live in concord: yield assent; stipulate; harmonize; suit. એકવિચાર-મત થવું; સંપી-હળીમળી રહેવું, બનવું; કબૂલ રાખવું, માન્ય કરવું; કરાર-બોલી-પટ્ટણુ કરવી;-ને મળતું આવવું; માફક આવવું, સદવું.

A-gree'a-ble, ઍગ્રીઅબલ, *a.* pleasing; suitable to. મનગમતું, પસંદ પડતું, માફક, મળતું આવે એવું; પ્રમાણે, મુજબ.

A-gree'ment, ઍગ્રીમેંટ, *n.* bargain; concord. કરાર, સાટું, બોલી; મેળ, બનાવ, માફકપણું; સમ્મતિ.

Ag'ri-cul-ture, ઍગ્રિકલચર, *n.* (L. *ager* a field & *colo* I till) tilling ground. ખેતી, ખેતીવાડી.

Ag-ri-cul'tu-rist, ઍગ્રિકલચરિસ્ટ, *n.* a farmer. ખેડુત.

A'gue, એગ્યુ, *n.* (L. *acutus* sharp) intermitting fever. આંતરિયો-ટહાડિયો તાવ; ધુજારી, ટાઢ.

Ah, Aha, આ, આહા, *int.* expression of complaint, surprise, joy, pity &c. છિ, હું, ધન્ય, શાબાસ, અરેરે, હાયહાય, ઓહ. [આગળ; સામે, મોખરે.

A-head', ઍહેડ, *ad.* (*a.* & *head*) in advance. અગાડી,

Aid, એડ, *n.* (L. *ad* & *juvo* I help) succour. મદદ, કુમક; *vt.* help. મદદ-સહાય કરવી-આપવી.

Aid'de-camp, ઍડિકૅંપ, *n.* (Fr.) an officer who conveys the general's order. સેનાપતીના હુકમો અમલદારોપર સંદેશો લઈજનાર, નકીબ, મુસાહીબ.

Ail, એલ, *vt.* or *i.* (S. *eglian* to pain) be in pain, be sick.–થી-ને દુ:ખ થવું, દુ:ખવું, પીડવું.

Ail'ing, એલિંગ, *a.* sick, indisposed. માંદું, દુ:ખી, દરદી.

Ail'ment, એલમેંટ, *n.* illness. દુ:ખ, દરદ, રોગ.

Aim, એમ, *vt.* or *i.* (L. *æstimo* I estimate) throw at; endeavour. તાકવું, તકાવવું, મારવું. *n.* intention; object to be struck. ઈરાદો, હેતુ, ચોટ, નેમ નિશાન.

Air, એર, *n.* (L. *aer* to blow) atmosphere; tune, mien. હવા, પવન, વાયુ; રાગ; ડોળ, ચહેરો. *vt.* to dry; expose to air. સુકવવા–હવામાં મૂકવું. [ફરવું તે, સેહલ.

Air'ing, એરિંગ, *n.* ride or walk in air. હવા ખાવા બહાર

Air'pump, એરપમ્પ, *n.* machine for taking air out of a vessel. વાતાકર્ષક-વાત શોષકયંત્ર.

Aisle, આઈલ, *n.* (L. *ala* a wing) side of church. સભાસ્થાન-દેવળની બાજુ.

A-jar', અજાર, *ad.* partly opened. થોડુંક-અડધું ઉઘાડું.

A-kin', અકિન, *a.* (*a* & *kin*) related by blood; resembling. સગું, સંબંધી; સમાન, સરખું.

Al'a-bas-ter, એલબેસ્ટર, *n.* (Gr. *alabastron*) white semitransparent gypsum. સંગેમરમરના જેવો એક નરમ પથ્થર.

A-lac'ri-ty, અલેક્રિટિ, *n.* (L. *alacris* lively) cheerful willingness, liveliness. હોંસ, ઉલટ, ઉત્સાહ.

A-larm′, ઍલાર્મ, *n.* (Fr. *alarme* to arm) fright; outcry in warning. ધાસ્તી, ધાસ્કો, ભો; ભયની બૂમ. ચેતવણી. *vt.* to warn of danger; to call to arms; disturb with terror. ભયની ખબર આપવી; હથિયારબંધ–સજ થવા કહેવું; બિહવડાવવું.

A-las′, અલાસ, *int.* (L. *lassus* wearied) exclamation of sorrow &c. અફસોસ, હાયહાય.

Al-be′it, અલબીઇટ, *ad.* although; be it so. જો કે, અગર જો.

Al′bum, ઍલબમ, *n.* (L. *albus* white) a white table; a blank book. કોરા કાગળનું પુસ્તક.

Al-bu′men, ઍલબ્યુમેન, *n.* white of an egg. ઈંડાની સફેતી સમાન ચિકણો પદાર્થ.

Al′che-my, ઍલકિમિ, *n.* (Ar. *kamai* to hide) the art of changing base metals into gold. કિમિયો.

Al′co-hol, ઍલ્કોહોલ, *n.* (Ar. *al kohol* antimony) pure spirit. દારૂનો અર્ક.

Al′cove, ઍલકોવ, *n.* (Ar. *al gobbah* a vault) recess in room. ઓરડાની બાજુએ કે બાગમાં એકાંત બેઠક.

Al′der-man, ઍલડરમૅન, *n.* (S. *eald* old) city dignitary. ગામનો કારભાર કરનારી મંડળીનો સભાસદ.

Ale, એલ, *n.* (S. *eale* to drink) drink from malt and hops. ફણગેલા જવ વગેરેને સુકવીને બનાવેલો દારૂ.

A-lert′, ઍલર્ટ, *a.* (It. *erto* straight) watchful, on guard. સાવધ, જાગ્રત, ચપળ.

Al′ge-bra, ઍલ્જિબ્રા, *n.* (Ar. *al-geber*) the science of computing by symbols. અક્ષરગણિત, બીજગણિત.

A′li-as, ઍલિઍસ, *ad.* (L. *alius* another) otherwise. ઉર્ફે, બીજે નામે.

A′li-bi, ઍલિબી, *n.* (L. *alius* other & *ibi* there) being elsewhere. બીજે ઠેકાણે–અન્યસ્થળે હોવું તે.

A′li-en, એલિયન, *n.* (L. *alius* other) a foreigner. પરદેશી–પારકા દેશનું માણસ. *a.* foreign; adverse to. પારકું, પરાયું, પરદેશનું; ઊલટું, વિરૂદ્ધ.

A′li-e-nate, એલિયનેટ, *vt.* to transfer to another; to estrange. બીજાને સોંપવું–હવાલે કરવું;–નું મન–ઉતારવું–ઉતારી નાખવું, સ્નેહ તોડવો.

A-light′, ઍલાઇટ, *vi.* (S. *liht* not heavy) get down or off, descend; settle on. ગાડી ઘોડાપરથી નીચે ઉતરવું; ઉતરી બેસવું–પડવું.

A-like′, અલાઇક, *a.* (S. *gelic*) similar in appearance. સરખું, સમાન, બરોબર, તુલ્ય. *ad.* in the same manner. એકસરખીરીતે.

A′li-ment, ઍલિમેંટ, *n.* (L. *alo* I nourish) food, nutriment. ખોરાક, આહાર, અન્ન.

A′li-mon-y, ઍલિમનિ, *n.* a separate maintenance. છાંડેલી સ્ત્રીને આપેલી ખોરાકી પોશાકી.

Al'i-quot, ઍલિક્વૉટ, *a.* (L. *alius* other & *quot* how many) measuring exactly. નિશ્શેષ ભાજક, જેમ ૫ એ ૧૫ નો નહિ વધે એવો ભાજક ભાગ છે.

A-live', ઍલાઇવ, *a.* (S. *gelifian*) having life; active. જીવતું, સજીવ; ચાલાક, હોશિયાર; ચાલુ, જારી.

Al'ka-li, ઍલ્કલિ, *n.* (Ar.) a substance neutralising acid. ક્ષાર, ખાર.

All, ઑલ, *a.* (S. *eal*) everyone, whole. સર્વે, સઘળું, બધું, આખું, તમામ, કુલ. *ad.* wholly, entirely. છેક, તદ્દન.

Al-lay', ઍલે, *vt.* (L. *ad* & *levis* light) pacify, repress; soothe. શાંત કરવું, ઠંડું-નરમ પાડવું, દાબવું, મટાડવું.

Al-lege', ઍલેજ, *vt.* (L. *ad* & *lego* I send) affirm, plead in excuse. ખાતરીથી-ખચીત કહેવું; તકરાર દાખલ-પ્રમાણ આપી કહેવું.

Al-le-ga'tion, ઍલિગેશન, *n.* affirmation, plea, excuse. નિશ્ચયપૂર્વક કહેલું તે, તકરાર.

Al-le'-gi-ance, ઍલિજિઅન્સ, *n.* (L. *ad* & *ligo* to bind) loyalty. પ્રજાધર્મ, વફાદારી.

Al-le-gor'ic, ઍલિગૉરિક, *a.* figurative. દૃષ્ટાંતરૂપી.

Al'le-gor-y, ઍલિગૉરિ, *n.* (Gr. *allos* other & *agora* an oration) figurative speech, a parable. દાખલા-દૃષ્ટાંતરૂપી કથા, રૂપકવચન.

Al-le'vi-ate, ઍલિવિએટ, *vt.* (L. *ad* & *levis* light) to ease; to lessen. હલકું-ઓછું કરવું, નરમ પાડવું, સમાવવું.

Al'ley, ઍલિ, *n.* (Fr. *aller* to go) narrow walk; passage. વાડીમાં પડેલો પગથી–રસ્તો; ગલીકુંચી.

Al-li'ance, ઍલાયન્સ. *n.* (L. *ad* & *ligo* to bind) union by treaty or marriage. મિત્રાચારી, સંપ; સગાઇ; વિવાહસંબંધ.

Al-li-ga'tion, ઍલિગેશન, *n.* rule of arithmetic. સાંકળરીતિ.

Al-li-ga'tor, ઍલિગેટર, *n.* (L. *lacerta* a lizard) the crocodile. મગર, સોસવાટ.

Al-lit-er-a'tion, ઍલિટરેશન, *n.* (L. *ad* & *litera* a letter) the beginning of two or more successive words with the same letter. એકના એક અક્ષર-નું ફરી ફરી આવ્યા કરવું તે, અક્ષર સગાઈ.

Al'lo-cate, ઍલોકેટ, *vt.* (L. *ad* & *locus* a place) distribute; assign to. વેંચી આપવું;–વાસ્તે જુદું રાખવું.

Al-lop'a-thy, ઍલોપેથિ, *n.* (Gr. *allos* other & *pathos* disease) a mode of curing diseases. રોગ સારા કરવાની એક રીત.

Al-lot', ઍલૉટ, *vt.* (Fr. *allotir*) assign to, parcel out. ચિઠ્ઠી નાખી વેંચવું; વિભાગ પાડવા; ઠરાવવું. [વેંચણ.

Al-lot'ment, ઍલૉટમેંટ, *n.* share. વાંટો, હિસ્સો, ભાગ.

Al-low', ઍલાઉ, *vt.* (L. *ad* & *loco* I place) permit; own; make abatement; approve. રજા–પરવાનગી

આપવી; માન્ય–કબૂલ કરવું; છુટ મૂકવી, મજરે આપવું, બાદ કરવું; પસંદ કરવું, મંજુર કરવું.

Al-low'ance, ઍલાઉઅન્સ, *n.* settled rate; permisson; abatement. દરમાચો, પગાર, રોજ; પરવાનગી; ઘટાડો, છૂટ, માફી.

Al-loy', ઍલૉયી *n.* (L. *ad* & *ligo* to bind) the mixture of metals. ઉંચી ધાતુસાથે હલકીનો ભેળ. *vt.* to lower quality by mixing. ધાતુને ભેગવાળું કરવું,–માં ભેળવું; ભેળ કરી હલકું–ઉતરતું કરવું, બગાડવું.

All'-spice, ઑલસ્પાઇસ, *n.* the berry of the pimenta. કબાબચાની, ચીનીકબાલા.

Al-lude', ઍલ્યૂડ, *vi.* (L. *ad* & *ludo* I play) refer to; hint at. ઉપર બોલવું, વિષે કહેવું, લાગુ પડવું.

Al-lu'sion, ઍલ્યુઝન, *n.* hint, reference. ઉપર-વિષે બોલવું તે, સૂચના, ઈશારો.

Al-lure', ઍલ્યૂર, *vt.* (Fr. *leurre* a decoy) to tempt; to entice. લલચાવવું, લોભ–મોહમાં નાખવું, ફસાવવું.

Al-lu'vi-on, Al-lu'vi-um, ઍલ્યૂવિઅન, ઍલ્યૂવિઅમ, *n.* (L. *ad* & *luo* to wash) earth deposited by water. નદીના પ્રવાહથી ઘસડાઈ આવેલાં મટોડાથી બનેલી જમીન, ચગું, કાંપ. [કાંપની જમીનનું.

Al-lu'vi-al, ઍલ્યૂવિઅલ, *a.* deposited by water. ચગાં–

Al-ly', ઍલાઈ, *n.* (L. *ad* & *ligo* to bind) friend,

confiderate. સંપીલામાંનો એક, મદદગાર, કુમકી. *vt.* to unite by compact. વિવાહસંબંધ–સગાઈ–સંપ–દોસ્તી કરવી; સમાન–સરખું હોવું.

Al-li'ance, અલાયન્સ, *n.* connection, union. વિવાહ-સંબંધ, સગાઈ; સંબંધ; મિત્રાચારી, સંપ.

Al'ma-nac, ઍલ્મૅનૅક, (Ar. *al* & *manach* a calendar) a calandar of days &c. પંચાંગ, ટીપણું.

Al-migh'ty, ઑલમાઈટિ, *a.* (S. *mayan* I am able) allpowerful. સર્વશક્તિમાન–સમર્થ. *n.* the omnipotent God. સર્વશક્તિમાન ઈશ્વર.

Al'mond, આમંડ, *n.* (L. *amygdalus*) the fruit of the almond-tree. બદામ.

Al'most, ઑલ્મોસ્ટ, *ad.* (all & most) nearly; well-nigh. ઘણું કરીને, લગભગ.

Alms, આમ્ઝ, *n.* (*eleemosyne* from *eleeo* to pity) gift in charity. ભીખ, ભિક્ષા, દાન, ખેરાત, ધર્મ.

Al'o, ઍલો, *n.* (L. *aloe*) a bitter plant. કુંવારનું ઝાડ.

Al'oes, ઍલોઝ, *n. pl.* the juice of the aloe. એળિયો.

A-loft', ઍલૉફ્ટ, *ad.* (S. *a* & *lyft* the air, sky) above, on high. ઉંચે, ઉપર, હવામાં.

A-lone', અલોન, *a.* (*all* & *one*) solitary. એકલું, છડું. *ad.* by himself &c.; singly, only. રહેવા–કરવા દેવું, છેડવું નહિ; માત્ર, ફક્ત.

A-long′, અલૉંગ, *ad. pre.* (S. *lengian* to lengthen) onward, in company with; by the side of. ઉભું, સીધું, પર, આગળ, સાથે, સંગાતે, એક છેડાથી બીજાસુધી, બાજુએ.

A-loof″, અલૂફ, *ad.* (*all-off*) keeping away from. દૂર, આઘે, વેગળે, અલગ.

A-loud′, અલાઉડ, *ad.* (S. *hlud*) in high tone of voice. મહોટેથી, તાણીને.

Al′pha-bet, ઍલ્ફાબેટ્, *n.* (Gr. *alpha* a & *beta* b) letters of a language in order. મૂળાક્ષર, અક્ષરમાળા.

Al-read′y, ઑલરેડિ, *ad.* (all & ready) now, in time past. હમણા, આ વખતે; કયારનું, અગાઉ–પહેલાથી. [વળી.

Al′so, ઑલ્સો, *ad.* (*all* & *so*) in like manner. બી, પણ,

Al′tar, ઑલ્ટર, *n.* (L. *altus* high) a place for offerings communion table. યજ્ઞકુંડ; ભોગ આપવાની ઉંચી જગા; દેવલ.

Al-ter, ઑલ્ટર, *vt.* (L. *alter* other) to change; to vary. ફેરવી–બદલી નાખવું,–નું રૂપાંતર–બીજી રીતનું કરવું. બદલાવું, ફરવું.

Al-ter-a′tion, ઑલ્ટરેશન, *n.* change. ફેરફાર, ફેર.

Al-ter-ca′tion, ઑલ્ટરકેશન, *n.* (L. *altercor* I debate) contention; dispute. બોલાચાલી, રકઝક, ભાંજગડ; તકરાર.

Al-ter′nate, ઑલ્ટરનેટ, *a.* (L. *alterno* I do by turns)

by turns. એક પછી એક, વારા ફરતું, આવારનવાર થતું–આવતું. *vt.* or *i.* to do by turns. વારાફરતી થવું કરવું.

Al-tern'a-tive, ઑલ્ટરનેટિવ, *n.* choice of two. બેમાંથી ગમે તે રાખવું તે, ઉપાય, ઈલાજ.

Al-though', ઑલ્ધો, *c.* (*all & though*) be it so: notwithstanding. જોકે, જોપણ, અગરજો, યદ્યપિ.

Al'ti-tude, ઍલ્ટિટ્યૂડ, *n.* (L. *altus* high) height, elevation. ઉંચાઈ.

Al-to-geth'er, ઑલટુગેધર, *ad.* (S. *gador* together) wholly; entirely. બધું, સઘળું મળીને, જુમલે, તદ્દન, તમામ.

Al'um, ઍલમ, *n.* (L. *alumen* salt) white saline mineral. ફટકડી, ફટકી.

Al'ways, ઑલ્વેઝ, *ad.* (*all* & ways) forever; continually. નિત્ય, સર્વદા, સદા, હમેશાં.

Am, ઍમ્, *v.* (S. *com*) first per. sing. pres. of *to be.* છું, છઉં, છૌં.

A-main', અમેન, *ad.* (S. *a* & *mægn* power) with all force; suddenly. મહોટા વેગ–બળ–ઝડપ–જોરથી; એકાએક, એકદમ.

A-mal'gam, અમૅલગૅમ, *n.* (*Gr.* *malasso* I soften) mercury mixed with another metal. પારો ને બીજી ધાતુના ભેળથી થયેલી ધાતુ; ભેળ, ભેગ, મિશ્રણ; મેળવણી.

A-mal'ga-mate, અમૅલ્ગેમેટ, *vt.* to mix; to blend.

પારા સાથે બીજી ધાતુની મેળવણી કરવી; જુદી જુદી ચીજો ભેગી–એકઠી કરવી; ભેગુ–એકઠું થવું, જોડાવું.

A-man-u-en'sis, અમૅન્યૂએન્સિસ, *n.* (L. *manus* hand) a writer of what another dictates. કોઇ લખાવે તે લખનાર, ઉતારો–નકલ કરનાર, લેખક, લૈયો.

A-mass', અૅમૅસ, *vt.* (L. *massa* a mass) to collect together. એકઠું–નો સંગ્રહ–સંચય–ઢગલો કરવો.

Am-a-teur', અૅમૅટ્યૂર, *n.* (L. *amator* a lover) lover of art &c. વિદ્યાકળાનો શોખી, માત્ર શોખનેજ માટે હુન્નરનો અભ્યાસ કરનાર.

Am'a-to-ry, અૅમૅટોરિ, *a.* (L. *amo* I love) relating to, or induced by love. પ્રીતિ–પ્રેમ–શૃંગારનું, મોહક, પ્યાર ઉત્પન્ન કરે એવું.

A-maze', અૅમેઝ. *vt.* (S. *mase* a whirlpool) astonish; confound. આશ્ચર્ય પમાડવું; વિસ્મિત–છક કરી નાખવું.

Am'a-zon, અૅમૅઝૉન, *n.* (Gr. *a* & *mazos* breast) warlike woman. લડાયક–શૂર બૈરી; બહાદુર સ્ત્રી; એ નામની બ્રાઝિલમાં મ્હોટી નદી છે.

Am-bas'sa-dor, અૅમ્બૅસૅડૉર, *n.* (L. *ambasciator* a message) a representative of a sovereign. રાજા તરફનો વકીલ, એલચી, રાજદૂત.

Am'bi-ent, અૅમ્બિઅંટ, *a.* (L. *ambi* about & *eo* to go) surrounding. આસપાસનું; ઘેરાયલું, ફરતું.

Am-big'u-ous, એમ્બિગ્યુઅસ, *a.* (L. *ambi* about & *ago* I drive) doubtful. બેઅર્થવાળું, શક ભરેલું; અસ્પષ્ટ.

Am-bi-gu'i-ty, એમ્બિગ્યુઇટિ, *n.* doubtfulness of meaning. દ્વીઅર્થ, શક ભરેલો અર્થ.

Am-bi'tion, એમ્બિશન, *n.* (L. *ambi* abut & *eo* I go) desire of power, &c. મ્હોટાઈ—માન મેળવવાની ઈચ્છા—તૃષ્ણા—લોભ, રાજ્યલોભ.

Am-bi-ti'ous, એમ્બિશસ, *a.* desirous to excel; showy. કીર્તિ—રાજ્ય લોભી.

Am'ble, એમ્બલ, *a.* (L. *ambulo* I walk) pace of horse between walk and trot. રવાલ ચાલ. *vi.* to move at easy pace. રવાલ ચાલ ચાલવી.

Am-bro'si-a, એમ્બ્રોશિઆ, (Gr. *a.* & *brotos* mortal) imaginary food of the gods; a plant. દેવનું અન્ન, અમૃત; એક ઝાડ.

Am'bu-lance, એમ્બ્યુલન્સ, *n.* (L. *ambulo* I walk) field hospital. લશ્કરસાથે ફરતું દવાખાનું.

Am'bus-cade, Am'bush, એમ્બુસકેડ, એમ્બુશ, *n.* (Fr. *en* in & *bushe* bush) lying in wait. શત્રુપર એકાએક હુમલો કરવાને સારૂં ભરાઈ રહેવાની જગા; સંતાઈ રહેલું સૈન્ય.

A-mel'i-or-ate, એમેલિયોરેટ, *vt.* (L. *melior* better) to make better, to improve. સુધારવું, સારૂં કરવું, ચઢતી દશામાં લાવવું.

A-mel-i-o-ra'tion, અમિલિયોરેશન, *n.* the act of making better. સુધરવું–સુધારવું તે, સુધારો.

A-men', એમેન્, *ad.* (Heb. *aman* to prop, stay) so be it, verily. તથાસ્તુ, આમીન, થાઓ.

A-men'a-ble, અમિનઅબલ, (L. *ad.* & *manus* hand) responsible. જવાબ–જોખમ–જુમ્મેદાર.

A-mend', અમેંડ, *vt.* (L. *a* & *menda* a fault) make better. શુદ્ધ–દુરસ્ત કરવું, સુધારવું ; રસ્તાપર લાવવું.

A-mends', અમેંડ્ઝ, *n.* compensation. બદલો, અવેજ, સાટું, પ્રતિફળ.

A-men'i-ty, અમેનિટિ, *n.* (L. *amoenus* pleasant) pleasantness. રમણીયતા, મનોરંજકપણું, શોભા, સૌંદર્ય.

A-merce', અમર્સ, *vt.* (L. *a.* & *merces* price) punish with fine. દંડવું, દંડ કરવો.

A'-mi-a-ble, એમિઅબલ, *a.* (L. *amo* I love) deserving of love. પ્રીતિજોગ–પાત્ર, ભલું; મળતાવડું.

Am'ic-a-ble, ઍમિકેબલ, *a.* (L. *amicus* a friend) friendly. મિત્રાચારીનું–ભરેલું, સલાહ–સમાધાનનું–ભરેલું, મિલનસાર.

A-mid', A-midst', અમિડ, અમિડ્સ્ટ, *pre.* (S. *a* & *middan* the middle) in the middle. વચમાં, મધ્યે, માં, અંદર, માંહે. [ખોટું, આડું, અનુચિત.

A-miss', અમિસ, *ad.* (*a* & miss) in a faulty manner.

Am'i-ty, ઍમિટિ, *n.* (L. *amicus* a friend) friendship. દોસ્તી, સ્નેહ, મિત્રાઈ.

Am-mo'ni-a, ઍમોનિઆ *n.* (*ammon* a title of Jupiter) a volatile alkali. નવસાગર, નવસાર.

Am-mu-ni'tion, અમ્યુનિશન, *n.* (L. *ad* & *munio* I fortify) military stores. દારૂગોળા, લડાઈનો સામાન

Am'nes-ty, ઍમનેસ્ટિ, *n.* (Gr. *a* & *mnaomai* I remember) general pardon. રાજક્ષમા, માફીનામું, ક્ષમા.

A-mong', A-mongst', ઍમંગ, ઍમંગસ્ટ, *pre.* (S. *onmang*) mingled with. મધ્યે, માં, અંદર ;–માંનું–થી.

Am'or-ous, ઍમૅારસ, *a.* (L. *amor* love) fond, loving. કામી, ઇશકબાજ, સ્ત્રીલંપટ ; ઈશકી, ઇશકનું–સંબંધી.

A-mount', ઍમાઉંટ, *n.* (Fr. *monter*) sum, total ; result. સર્વાળો, જુમલો, બેરીજ ; સાર ફળ, અર્થ ; રકમ. *vi.* to reach to. જુમલે–એકંદર–સામટું થવું ; સારાંશ–સાર હોવો.

A-mour', ઍમૂર, *n.* (L. *amor* love) love intrigue. [પરસ્ત્રીસંગ, રંડીબાજી.

Am-phib'i-ous, ઍમ્ફિબિઅસ, *a.* (Gr. *amphi* both & *bios* life) living in air and water. ઉભયચર, જળસ્થળચારી, જમીન ને પાણીમાં રહી શકે એવું.

Am-phi-the'a-ter, ઍમ્ફિથીએટર, *n.* (Gr. *amphi* about & *theasthai* to see) round or oval building for plays. ગોળાકાર નાટકશાળા, રંગભૂમિ.

Am'ple, ઍમ્પલ, *a.* (L. *amplus* wide) large; sufficient; liberal. મહોટું, વિશાળ; જોઈએ એટલું; ઉદાર; સવિસ્તર. [વિસ્તારીને કેહેવું.

Am'pli-fy, ઍમ્પ્લિફાઈ, *vt.* to enlarge. લંબાવવું, વધારવું;

Am'pu-tate, ઍમ્પ્યૂટેટ, *vt.* (L. *amb* about & *putare* to prune) to cut off. અંગ કાપવું; ઝાડને છાંટવું-સોરવું.

Am'u-let, ઍમ્યુલેટ, *n.* (L. *amuletum*) charm against evil. રક્ષા, તાવીજ, જંત્ર, મંત્રેલું માદળિયું.

A-muse', ઍમ્યૂઝ, *vt.* (Fr. *amuser* to be at leisure) entertain agreeably. મઝા-મનરંજન-ગમત કરવી.

An, ઍન, *a.* (S. *an* one) one, any. એક, એકાદ.

A-nach'ron-ism, ઍનૅક્રૉનિઝમ, *n.* (Gr. *ana* back & *chronos* time) any error in chronology. કાળમાં-કાળવિષે ચૂક.

An'a-gram, ઍનૅગ્રૅમ, *n.* (Gr. *ana* again & *gramma* a letter) transposition of letters. કોઈ શબ્દના અક્ષર ઉલટાવી લખ્યાથી થયેલો શબ્દ, જેમ more નો rome.

A-nal'o-gy ઍનૅલોજિ, *n.* (Gr. *ana* & *logos* a word) likeness in some points. સરખા-મળતાપણું, મુકાબલો.

A-nal'y-sis, ઍનૅલિસિસ, *n.* (Gr. *ana* & *luein* to loose) separation into parts. મૂલતત્વ વિવેચન-શોધન, પૃથક્કરણ કરવું તે. [મૂળતત્વ જૂદાં પાડવાં.

An'a-lyze, ઍનૅલાઈઝ *vt.* to trace to first principles.

An'ar-chy, ઍનાર્કિ, *n.* (Gr. *a* & *archos* chief) disorder. અંધેરરાજ, બેદાદી, ગેરબંદોબસ્ત.

A-nath'e-ma, ઍનૅથીમા, *n.* (Gr.) an ecclesiastical curse. શ્રાપ, શ્રાપ દઈ મંડળીમાંથી કાઢી મુકવું તે.

A-nat'o-my, ઍનૅટોમિ, *n.* (Gr. *ana* up & *tome* a cutting) art of dissection. શારીરશાસ્ત્ર, ઓજાર કાપ-ની વિદ્યા.

An'ces-tor, ઍન્સેસ્ટર, (L. *ante* before & *cedere* to go) forefather. બાપદાદા, વડાવા, પૂર્વજ.

An'chor, ઍંકર, *n.* (L. *anchora*) iron hook to hold ship. નાંગર; લંગર. *vt.* or *i.* to cast an anchor; to fix. લંગર નાખવું, નાંગરવું, મજબૂત બેસાડવું.

Anch'or-ite, ઍંકોરાઈટ, *n.* (Gr. *ana* & *choros* place) hermit, recluse. જોગી, બાવો, વનવાસી, તપસ્વી.

An'cient, ઍન્શેંટ, *a.* (L. *ante* before) of former times, old. અસલનું, જુનું, પ્રાચીન, પુરાતન.

And, ઍંડ, *c.* (S. *and*) word joining words, &c. અને, તથા, ને.

An'ec-dote, ઍનેક્ડોટ, *n.* (Gr. *a* & *ekdotos* given out) a short story. કથા, વાર્તા, કહાણી.

A-nent', ઍનેન્ટ, *pre.* (scot) regarding. વિષે, સંબંધી.

An'eu-rism, ઍન્યુરિઝમ, (Gr. *ana* through out & *eurus* wide) tumour of artery. ધોરીનસપર થતી ગાંઠ.

A-new′, અૅન્યૂ, *ad.* (*a* & *new*) again, newly. ફરીથી, પાછું, નવેસરથી.

An′gel, એન્જલ, *n.* (L. *angelus* a messenger) heavenly messenger. દેવદૂત, ફરેસ્તો; ખૂબસુરત માણસ.

An′gel-ic-al, એન્જેલિકલ, *a.* belonging to angels. દેવદૂત–ફરેસ્તા સંબંધી–જેવું–સરખું.

*An′ger, ઍંગર, *n.* (L. *angere* to choke) passion. રીસ, કોપ, ગુસ્સો. *vt.* to provoke, enrage. રીસાવું, ક્રોધ ચડવો.

An′gle, ઍંગલ, *n.* (L. *angulus* a corner) point where two lines meet, a corner. ખુણો, કોણ. *vi.* to fish. ગળ કે આંકડાથી માછલાં પકડવી, લાલચની ફાંફાં મારવાં. [માછલી પકડનાર.

An′gler, ઍંગ્લર, *n.* fisher with rod and line. ગળથી

An′gli-can, ઍંગ્લિકન, (from *angles*) English; relating to England, or her people. અંગ્રેજી; ઇંગ્લંડનું.

An′gry, ઍંગ્રિ, *a.* (L. *angere* to strangle) moved with anger. કોપાયમાન, ખફા; લાલચોલ, કાચું; નબરા, તોફાની.

An′guish, ઍંગ્વિશ, *n.* intense pain of body or mind. મન કે શરીરની અતિપીડા–વેદના, સંતાપ.

An′gu-lar, ઍંગ્યુલર, *a.* (L. *angulus* a corner) having corners. ખુણાવાળું–દાર.

An-he-la'tion, ઍન્હીલેશન, *n.* (L. *an* & *halare* to breathe) shortness of breath. કુશ્કેલથી લેવાતો શ્વાસ.

An-i-mad-vert', ઍનિમૅડવર્ટ, *vt.* (L. *animus* mind, *ad* & *verto* to turn) to consider or remark by way of censure. ગુણદોષ કાઢી ઠપકો દેવો.

An'ile, ઍનાઇલ, *a.* (L. *anus* an old woman) aged, imbecile. ઘરડું; કમજોર.

An'i-mal, ઍનિમલ, *n.* (L. *anima* breath) living being. જીવ, પ્રાણી; જાનવર, પશુ. *a.* relating to.—જીવનું —સંબંધી; માંસવાળું—નું. [નહાના જીવજંતુ.

An-i-mal'cule, ઍનિમૅલ્કયૂલ, *n.* minute animal. ઉક

An'i-mate, ઍનિમેટ, *vt.* give life to; enliven. સજીવન કરવું; ઉત્તેજિત કરવું, ચઢાવવું. *a.* alive. જીવતું. [આદાવત.

An-i-mos'i-ty, ઍનિમૉસિટિ, *n.* violent hatred. વેર,

An'i-mus, ઍનિમસ, *n.* (L.) intention, purpose. હેતુ, ઇરાદો, આંટી. [સુવાનો છોડ.—seed. સુવા.

An'ise, ઍનિસ, *n.* (L. *anisum*) an aromatic plant.

Ank'le, ઍંકલ, *n.* (Gr. *angkos* a bend) joint between foot and leg. પગની ઘૂંટી.

Ank'let, ઍંકલેટ, *n.* an ornament for ankle. ઘુંટીએ પહેરવાનું ઘરેણું, કડલું, સાંકળું, તોડો, લંગર.

An'nals, ઍનલ્ઝ, *n.* (L. *annus* a year) narrative of events by years. સાલવાર વૃત્તાંત, દર વર્ષનો ઇતિહાસ.

An-neal′, ઍનીલ, *vi.* (S. *an* & *ælan* to kindle) to temper by heat. કાચ કે ધાતુને તાપથી નરમ કરવું—પાણી ચઢાવવું, પકવવું.

An-nex′, ઍનેક્સ, *vt.* (L. *ad* & *nectere* to lie) to join, to unite. જોડવું, ખાલસા કરવું, મેળવી નાખવું, વધારવું.

An-nex-a′tion, ઍનેક્સેશન, *n.* union. છેડે જોડવું તે, સંયોગ; ખાલસા કરવું તે.

An-ni′hi-late, ઍનાહિલેટ, *vt.* (L. *ad* & *nihil* nothing) to reduce to nothing. નાશ—ફના કરવું, જડમૂળથી ઉખેડી નાંખવું.

An-ni-vers′ar-y, ઍનિવર્સરી, *n.* (L. *annus* a year & *verto* to turn) a day when any event is celebrated yearly. વરસનો દિવસ, વરસી. *a.* yearly. વાર્ષિક.

An′no Do′mi-ni, A. D. *ad.* (L.) in the year of the Lord. ઇસ્વી સન, ઇસુખ્રિસ્તને વર્ષે.

An′no-tate, ઍનોટેટ, *vt.* (L. *ad* & *nota* a mark) to make notes on. ટીકા—ભાષ્ય—વિવરણ કરવું.

An-nounce′, ઍનાઉન્સ, *vt.* (L. *ad* & *nuncio* to tell) to give notice of. જાહેર—પ્રગટ કરવું, ખબર આપવી.

An-noy′, ઍનૉય, *vt.* (L. *noceo* I hurt) to molest, vex.—ને ઇજા—ત્રાસ આપવો, હેરાન—હરકત કરવી, દુઃખ દેવું, સંતાપવું, ખીજવવું. [ત્રાસ, હેરાનગતી.

An-noy′ance, ઍનૉયન્સ, *n.* that which molests. ઇજા,

An'nu-al, ઍન્યુઅલ, *a.* (L. *annus* a year) yearly, વાર્ષિક, વર્ષ દહાડે આવતું; એકવર્ષ ટકે એવું. *n.* a plant that lives but one year. એક વર્ષ જીવે એવો રોપો. [સાલિયું.

An-nu'i-ty, ઍન્યુઇટિ, *n.* sum paid yearly. વર્ષાસન,

An-nul', ઍનલ, *vt.* (L. *ad* & *nullun* nothing) to make void, to abolish. રદ્દ–બાતલ કરવું.

An'nu-lar, ઍન્યુલર, *n.* (L. *annulus* a ring) in the form of a ring. વિટિના આકારનું, કંકણાકાર.

An-nun'ci-ate, ઍનનસિએટ, *vt.* (L. *ad* & *nuncio* I tell) proclaim. ખબર આપવી, પ્રગટ કરવું.

An'o-dyne, ઍનોડિન, *n.* (Gr. *a* without & *odune* pain) any medicine which allays pain. દુઃખ નરમ પાડનારૂં ઓસડ.

A-noint', ઍનૉઇંટ, *vt.* (L. *ungo* I anoint) to rub with oil. તેલ લગાડવું–ચોપડવું–રેડવું, મર્દન–અભિષેક કરવો.

A-nom'a-ly, ઍનૉમલિ, *n.* (Gr. *a* & *homos* same) irregularity. અનિયમ, અવિધિ, કાયદાથી ઉલટી રીત.

A-nom'a-lous, ઍનૉમેલસ, *a.* deviating from a rule. નિયમવિરૂદ્ધ, રીતિથી ઊલટું, વિલક્ષણ.

A-non', ઍનૉન, *ad.* (S. *on, an* in one) soon, quickly. જલદી, ઝટપટ, તરત.

A-non'y-mous, ઍનૉનિમસ, *a.* (Gr. *a* without & *onoma* a name) nameless. નનામું, નામવગરનું.

An-oth'er, ઍનઅધર, *a.* (*an* & *other*) not the same. બીજું, અન્ય, જુદું; વધારે–બીજું એક; બીજું કોઈપણ.

An'swer, ઍન્સર, *n.* (S. *and* against & *swarjan* to affirm) reply. જવાબ, ઉત્તર; હિસાબ; રદિયો; પડઘો. *vt.* to reply; succeed; suit. જવાબ દેવો; કામમાં આવવું, ગરજ સારવી; લાયક–માફક હોવું; મતલબ પૂરી પાડવી.

An'swer-a-ble, ઍન્સરએબલ, *a.* accountable. જવાબ આપાય એવું, જુમ્મે–જવાબદાર; બરોબર, સરખું, મળતું.

Ant, ઍંટ, *n.* (S. *æmmet*)emmet, pismire. કીડી.

An-tag'o-nist, ઍન્ટૅગોનિસ્ટ, *n.* (Gr. *anti* against & *agon* contest) opponent. શત્રુ, પ્રતિપક્ષી, પ્રતિસ્પર્ધી.

Ant-arc'tic, ઍંટાર્કટિક, *a.* (Gr. *anti* & *arktos* bear) opposite north-pole. દક્ષિણ ધ્રુવનું–સંબંધી.

An-te-ced'ent, ઍંટિસીડંટ, *n.* (L. *ante* before & *cedo* I go) that which goes before. આગલી બાબત–વાત; સંબંધ ધરાવતો આગળ ગયલો શબ્દ, તત્પદ; પ્રતિજ્ઞા વાક્ય; પહેલું પદ. *a.* prior. આગળનું, પૂર્વનું.

An'te-date, ઍંટિડેટ, *n.* (L. *ante* & date) prior date. આગલી તારીખ. *vt.* to date before true time, anticipate. ખરી તારીખની પેહેલાંની તારીખ લખવી; આગળથી લેવું.

An-te-di-lu'vi-an, ઍંટિડિલુવિઅન, *a.* (L. *ante* & *diluvium* flood) before the flood. જળપ્રલય પહેલાંનું.

An'te-lope, ઍંટિલોપ, *n.* (Gr. *anti* & *elaphos*) a deer. હરણ, મૃગ, કુરંગ.

An-te-me-rid'i-an, ઍંટિમિરિડિઅન, *a.* (L. *ante* & *meridies* midday) before noon. A. M. બપોર પહેલાંનું, પહેલા પહોરનું.

An-te-mun'dane, ઍંટિમન્ડેન, *a.* (L. *ante* & *mundus* world) being before the creation. પૃથ્વિ ઉત્પન્ન થયા પહેલાંનું.

An-ten'næ, ઍંટેની, *n. pl.* (L. *antena* the yard of a sail) insects' feelers. જીવજંતુની મૂછ.

An'te-past, ઍંટિપાસ્ટ, *n.* (L. *ante* & pastum) a foretaste. આગળથી ચાખેલું તે, પૂર્વભોગ.

An'te-pe-nul-ti-mate, ઍંટિપિનલ્ટિમેટ, *a.* (L. *ante*, *pene* almost & *ultimus* last) of the last syllable but two. ઉપાંત્યઅક્ષરની પૂર્વેનું.

An-te'ri-or, ઍંટિરિઅર, *n.* (L. *ante* before) previous. આગળનું, પૂર્વેનું.

An-te'room, ઍંટિરૂમ, *n.* (L. *ante* & room) room leading to another. દિવાનખાનાનો આગળનો ઓરડો.

An'them, ઍન્થેમ, *n.* (Gr. *anti* & *phone* voice) sacred song. કીર્તન, ભજન.

An'ther, ઍંથર, *n.* (Gr. *anthos* flower) the tip of the stamen. ફુલમાંના નરતંતુ.

An'tic, ઍન્ટિક. *a.* L. *antiquus* ancient, odd, fanciful. હસવું ઉત્પન્ન કરે એવું, કઢંગું. *n.* merry-andrew. મશ્કરો, ભાંડ.

An'ti-christ, ઍન્ટિક્રાઈસ્ટ, *n.* (*anti* opposed to & *christos* Christ) antagonist of Christ. ખ્રિસ્તવિરોધી.

An-tic'i-pate, ઍન્ટિસિપેટ, *vt.* (L. *ante* & *capio* I take) to take before. અગાઉથી લેવું–વિચારવું–સાધવું–બોલવું–જાણવું.

An'ti-dote, ઍન્ટિડોટ, *n.* (Gr. *anti* & *didomi* I give) remedy for poison or any evil. ઝેરનો ઉતાર, ઝેર વાળવાની દવા; દુઃખ દૂર થાય–અટકે એવો ઉપાય.

An'ti-mon-y, ઍન્ટિમનિ, *n.* (Fr. antimoine) a metallic ore. સુરમાની ધાતુ; સુરમો.

An-tip'a-thy, ઍન્ટિપથિ, *n.* (Gr. *anti* & *pathos* feeling) natural aversion. સ્વભાવિક–જન્મવેર–અભાવ–કંટાળો.

An-tip'o-des, ઍન્ટિપોડીઝ, *n. pl.* (Gr. *anti* & *podos* foot) those who live on opposite sides of the globe. પૃથ્વીના ગોળાની સામસામેની બાજુપર રહેનાર લોક જેમના પગ એક બીજાની તરફ છે તે.

An'ti-qua-ri-an, ઍન્ટિક્વેરિઅન, *n.* (L. *antiquus* old) antiquary, one versed in antiquities. પ્રાચીન કાળની બાબતોનું જ્ઞાન ધરાવનાર–ના પદાર્થોનો સંગ્રહ કરનાર.

An′ti-quat-ed, ઍંટિક્વેટેડ, *a.* old fashioned; grown old. રદ્દ, બાતલ, નકામું; જુનું, પ્રાચીનકાળનું.

An-tique′, ઍંટીક, *n.* remnant of old times. *a.* ancient, old. પુરાતન કાળની કારીગીરીની રહેલી વસ્તુઓ. જુનું, પુરાનું.

An-ti′qui-ty, ઍંટિક્વિટિ, *n.* old times; relic of old times. જુનો–પુરાનો–પુરાતન કાળ; અસલના લોક; પ્રાચીન કાળની રહેલી વસ્તુઓ.

An-ti-sep′tic, ઍંટિસેપ્ટિક, *a.* (Gr. *anti* & *sepo* to make putrid) resisting putrefaction. કોહી જવાથી અટકાવનાર પદાર્થ.

An-tith′e-sis, ઍંટિથીસીસ, *n.* (Gr. *anti* & *thesis* a placing) opposition of words; contrast. શબ્દ–વાક્ય વિરોધ, અર્થાંતર.

An′ti-type, ઍંટિટાઈપ, *n.* (Gr. *anti* & *tupos* type) that of which the type is the pattern. પ્રતિબિંબનું મૂળ, બિંબ, દર્શક વિષય.

Ant′ler, ઍંટલર, *n.* (L. *ante* before) branch of horn. શિંગડાંની શાખા, સાબરશિંગું.

A′nus, ઍનસ, *n.* (L.) the lower orifice of the bowels. ગાંડ, અપંદ્વાર, મળદ્વાર.

An′vil, ઍન્વિલ, *n.* (S. *anfilt*) iron block on which smiths hammer metals. એરણ.

Anx'i-e-ty, એંગ્ઝાએટિ, *n.* (L. *angere* to pain) distress of mind. ચિંતા, કાળજી, ચટપટી, ફિકર, આતુરતા.
Anx'i-ous, ઍંક્શસ, *n.* greatly solicitous or troubled. ચિંતાતુર, કાળજીનું-વાળું, આતુર, ઘણી ઇચ્છા હોય એવું.
An'y, એનિ, *a.* (S. *aniy*) one, some. કંઇ, કોઈ.
An'y-where, એનિહ્વેહેર, *ad.* in any place. ગમે ત્યાં, કેથેપણ, કોઇપણ ઠેકાણે.
A-ort'a, એઑર્ટા, *n.* (Gr. *aeiro* to raise up) great artery of the heart. મહોટી-ધોરી નસ. [ળથી.
A-pace', ઍપેસ, *ad.* (a & pace) quickly, fast. ઉતાવ-
A-part, ઍપાર્ટ, *ad.* (L. *a* & *pars* part) separately, aside. એકાંતે, એકકોરે-બાજુએ, જુદું જુદું, નોખું, નિરાળું.
A-part'ment, ઍપાર્ટમેંટ, *n.* room in a house. ઓરડો.
Ap'a-thy, ઍપથિ, *n.* (Gr. *a* & *pathos* feeling) want of feeling. લાગણીરહિતપણું, જડપણું, બેપરવાઈ.
Ape, એપ, *n.* (S. *apa*) monkey. વાંદરો, પૂછડી વિનાનું વાંદરૂં. *vt.* ચાળા પાડવા, નકલ કરવી.
A-pe'ri-ent, ઍપીરિઅંટ, *a.* (L. *ab* & *parere* to produce) gently purgative. જરા રેચક. *n.* purgative. રેચ, હલકો જુલાબ. [ભોક, કાણું.
Ap'er-ture, ઍપરચર, *n.* opening, cleft. બાકોરૂં, નાકું
A'pex, એપેક્સ, *n.* (L. *apiscor* to reach) summit, top. શીખર, ટોચ; દીર્ઘાક્ષરની નિશાણી.

A-phe'lion, ઍફિલિઅન, *n.* (Gr. *apo* & *helios* the sun) that point of a planet's orbit most distant from the sun. ગ્રહની કક્ષામાંનું સૂર્યથી આઘામાં આઘું બિંદુ.

Aph'or-ism, ઍફૉરિઝમ, *n.* (Gr. *aphorizein* to define) a maxim. સૂત્ર, વચન, શિખામણ.

A-piece, ઍપીસ, *ad.* (a & piece) to each. એકએકને, ભાગે પડતું, દરેકને, પ્રત્યેકને, માથાદીઠ.

A-poc'a-lypse, ઍપૉકૅલિપ્સ, *n.* (Gr. *apo* & *kalupto* I cover) revelation, discovery. પ્રસિદ્ધ-પ્રગટ કરવું તે.

A-poc'ope, ઍપૉકોપ, *n.* (Gr. *apo* & *kopto* I cut) the omission of the last letter or syllable. અંત્યાક્ષરનો લોપ.

Ap'o-gee, ઍપોજી, *n.* (Gr. *apo* & *ge* the earth) that point of the moon's orbit most distant from the earth. ચંદ્રની કક્ષામાંનું પૃથ્વીથી આઘામાં આઘું બિંદુ.

A-pol'o-gize, ઍપૉલોજાઇઝ, *vi.* (Gr. *apo* & *logos* a speech) to plead or excuse for. ભૂલ્યો એમ કહી ક્ષમા-માફ માગવી, આજીજી કરવી.

Ap'o-logue, ઍપૉલૉગ, *n.* a fable. નીતિની-કલ્પિત વાત.

A-pol'o-gy, ઍપૉલોજી, *n.* excuse; defence. ક્ષમા, માફી, આજીજી; દોષ ઉડાવનાર ભાષણ-લખાણ-તકરાર.

Ap'o-plex-y, ઍપોપ્લેક્સિ, *n.* (Gr. *apo* & *plesso* I strike) fit causing stupor of brain. મગજે લોહી ચઢી જવાનો રોગ.

A-pos'ta-sy, અપૉસ્ટસિ, *n.* (Gr. *apo* & *stenai* to stand) departure from faith or principles. ધર્મ-મત-પક્ષ ત્યાગ.

A-pos'tle, અપૉસલ, *n.* (Gr. *apo* & *stello* I send) one sent forth. ધર્મબોધ કરવા મોકલેલો જાસૂસ-દૂત.

Ap-os-tol'ic, અપૉસ્ટૉલિક, *a.* relating to, or like apostles. પ્રેરિત સંબંધી; પ્રેષિતોક્ત.

A-pos'tro-phe, અપૉસટ્રૉફી. *n.* (Gr. *apo* & *strephein* to turn) mark (') denoting omission of letter and possessive case. લોપ થયલા અક્ષરની નીશાની, લુપ્તાક્ષરચિન્હ; સંબોધવું તે.

A-poth'e-ca-ry, અપૉથેકરિ, *n.* (Gr. *apo* & *theka* a store house) one who prepares and sells drugs. ઓષધ તૈયાર કરી વેચનાર.

Ap'-pal, અપૉલ, *vt.* (L. *ad* & *palleo* I grow pale) to dismay, impress with fear. ભયભીત કરવું, ડરાવવું.

Ap-pa-ra'tus, અપૅરેટસ, *n.* (L. *ad* & *paro* I prepare) tools, furniture. ઓજાર, સાજ, સામન, સાહિત્ય.

Ap-par'el, અપૅરેલ, *n.* clothing. વસ્ત્ર, કપડાં, પોશાક. *vt.* to dress. વસ્ત્ર પહેરાવવાં, સણગારવું.

Ap-par'ent, અપેરંટ, *a.* (L. *ad* & *parere* to come forth) visible, seeming. ઉઘાડું, દેખીતું, ખુલ્લું.

Ap-pa-ri'tion, ઍપૅરિશન, *n.* ghost, spectre. ભૂત, પ્રેત, પિશાચ, દેખાવ.

Ap-peal', ઍપીલ, *vi.* (L. *ad* & *pello* I drive, send) to remove from a lower to a higher court. નીચલી અદાલતના ફેસલાથી નારાજી થઈ ઉપલી કોર્ટને અરજી—અપીલ કરવી. refer to another. ઈન્સાફ કરાવવાસારૂ ત્રાહિત ધ-ણીને અરજ કરવી, મદદ માંગવી. *n.* removal of cause to higher court. ઉપલી કોર્ટમાં દાદ માંગવાની અરજ.

Ap-pear', ઍપીઅર, *vi.* (L. *ad* & *pareo* I appear) come in sight, seem. દેખાવું, નજરે પડવું; હાજર-રજુ થવું, સામા—આગળ ઉભા રહેવું, ખુલ્લું થવું; લાગવું, જણાવું.

Ap-pear'ance, ઍપીઅરન્સ, *n.* come in sight; look of thing. દર્શન, નજરે પડવું તે, હાજરી, દેખાવું, આવવું તે; રજુ થવું; દેખાવ, કુદરતી ચમત્કાર; દેખીતું સરખાપણું, આભાસ; ડોળ, આકાર.

Ap-pease', ઍપીઝ, *vt.* (L. *ad* & *pax* peace) to make quiet; pacify. શાંત કરવું, નરમ—ઘંડું પાડવું.

Ap-pel'ant, ઍપેલંટ, *n.* (L. *ad* & *pello* I drive) one who appeals. અપીલ કરનાર.

Ap-pel'late, ઍપેલેટ, *a.* relating to appeals. અપીલનું.

Ap-pel-la'tion, ઍપેલેશન, *n.* name. નામ, સંજ્ઞા.

Ap-pel-la'tive, ઍપેલેટિવ, *a.* common to many, general. સામાન્ય, *n.* a common noun. સામાન્ય નામ.

Ap-pend', ઍપૅંડ, *vt.* (L. *ad* & *pendo* I hang) hang or add to. ટાંગવું, લટકાવવું, સામેલ રાખવું, જોડવું, લગાડવું, ઉમેરવું, સાંધણમાં મુકવું. [ભાગ, સાંધણ.

Ap-pend'age, ઍપૅંડેજ, *n.* an addition. જોડેલો-વધારેલો

Ap-pend'ix, ઍપૅંડિક્સ, *n.* something annexed, જોડેલો ભાગ, સાંધણ, ગ્રંથને છેડે કીધેલો વધારો, પૂરવણી.

Ap-per-tain', ઍપરટેન, *vi.* (L. *ad*, *per* & *teneo* I hold) belong to.—નું હોવું.

Ap'pe-ten-cy, ઍપીટેન્સી, (L. *ad* & *peto* I seek) strong natural desire. ઇચ્છા, કામના, વાસના.

Ap'pe-tite, ઍપીટાઇટ, *n.* desire for food. ભૂખ, ક્ષુધા, વાસના.

Ap-plaud', ઍપ્લૉડ, *vt.* (L. *ad* & *plaudo* I clap) express approbation, commend. તાળી પાડી શાબાશી આપવી-વખાણ કરવાં; વખાણવું, સ્તુતિ કરવી. [શાબાશી.

Ap-plause', ઍપ્લૉઝ, *n.* approbation. સ્તુતિ, વખાણ,

Ap-ple, ઍપલ, *n.* (S. *æpl*) a fruit. pupil of the eye. સેબફળ; આંખની કીકી-પૂતળી.

Ap-pli'ance, ઍપ્લાયન્સ, *n.* (L. *ad* & *plico* I fold) thing applied. સાજ, સરંજામ, સાહિત્ય.

Ap'pli-ca-ble, ઍપ્લિકબલ, *a.* that may be applied. લાગુ પડે એવું-પડવાજોગ. [વિનંતિ-અરજ કરનાર.

Ap'-pli-cant, ઍપ્લિકંટ, *n.* one who applies. અરજદાર,

Ap-pli-ca'tion, અપ્લિકેશન, *n.* request; close study; attention; act of applying. અરજ, વિનંતિ; ઉદ્યોગ, અભ્યાસ; મન ઘાલવું—લગાડવું તે; કામમાં લાવવું—વાપરવું તે; ઉપર મૂકવું—લગાડવું તે; લાગુ પડવું તે.

Ap-ply', અપ્લાઈ, *vt.* to ask; study; work hard; lay on. અરજ કરવી; અભ્યાસ—ઉદ્યોગ કરવો, મન ઘાલવું; લગાડવું, ચોપડવું; કામ—ઉપયોગમાં લાવવું, વાપરવું. *vi.* to agree. મળતું હોવું, લાગુ પડવું.

Ap-point', અપૉઈંટ, *vt.* (L. *ad* & *punctum* a point) ordain to office; establish. ઓહ્દાપર મુકરર કરવું; નીમવું, ઠેરવવું, નક્કી કરવું; વાયદો કરવો; સ્થાપવું.

Ap-point'ment, અપૉઈંટમેંટ, *n.* situation; office; equipment. જગા, નોકરી, હોદ્દો; નીમવું તે, નિમણુક, ઠરાવ, વાયદો; સામગ્રી; સરંજામ.

Ap-por'tion, અપોર્શન, *vt.* (L. *ad* & *portio* portion) divide out. ભાગે પડતું વ્હેંચી આપવું.

Ap'-po-site, અપોઝિટ, *a.* (L. *ad* & *pono* I place) proper, suitable. યોગ્ય, લાયક, લાગુ પડતું.

Ap-po-si'tion, અપોઝિશન. *n.* putting of two nouns in the same case. અભેદસંબંધ.

Ap-praise', અપ્રેઝ, *vt.* (L. *ad* & *pretium* price) set price on. મૂલ—ભાવ—કિમ્મત ઠેરવવી, આંકવું.

Ap-pre'ci-ate, ઍપ્રિશિએટ, *vt.* value, esteem. કિમ્મત—મૂલ્ય—કદર જાણવી; ગુણ જાણવો. [કદર, મૂલ્ય.

Ap-pre-ci-a'tion, ઍપ્રિશિએશન. *n.* just estimation.

Ap-pre-hend', ઍપ્રિહેંડ, *vt.* (L. *ad* & *prehendo* I take hold of) seize; understand. પકડવું; સમજવું, મનમાં ધરવું; ધારવું; અંદેશો—સંદેહ રહેવો, દેહેશત લાગવી.

Ap-pre-hen'sion, ઍપ્રિહેન્શન, *n.* conceiving of ideas; fear; arrest. ધારણા, વિચાર; સમજણ; સંદેહ, દેહેશત; પકડવું તે.

Ap-pre-hen'sive, ઍપ્રિહેંસિવ, *a.* fearing, expecting evil. ભયભીત, બ્હીકણ.

Ap-pren'tice, ઍપ્રેન્ટિસ, *n.* (L. *apprenti* a learner) one bound to trade. કરાર કરી હુન્નર ધંધો શિખવા રાખેલું માણસ, ચેલો, શિષ્ય, શિખાઉ. *vt.* bind to trade. કરાર કરી હુન્નર ધંધો શિખવા—દુકાને મુકવું.

Ap-prise', ઍપ્રાઇઝ, *vt.* (Fr. *apprise* to learn) inform, give notice of. ખબર આપવી, જણાવવું, ચેતવવું.

Ap-proach', ઍપ્રોચ, *vt.* (L. *ad* & *prope* near) to draw near. પાસે જવું—આવવું—આવી—જઈ પહોંચવું; થવા-પર—મળતું આવવું. *n.* access. ધોરી રસ્તેથી ઘર આગળ જવાનો રસ્તો, જવું—આવવું તે.

Ap-pro-ba'tion, ઍપ્રોબેશન, *n.* (L. *ad* & *probo* to prove) approval. મનસંતોષ, પસંદગી, માન્ય—કબૂલ કરવું તે.

Ap-prov'al, ઍપ્રૂવલ, *n.* (L. *ad* & *probo* to prove) approbation. પસંદગી, મંજુરી.

Ap-prove', ઍપ્રૂવ, *vt.* to like; to sanction. પસંદ-માન્ય કરવું; વખાણવું; મંજુર કરવું.

Ap-prox'i-mate, ઍપ્રૉક્સિમેટ, *vt.* or *i.* to cause to approach. લગભગ જાય એમ કરવું; પાસે આવવું-જવું. *a.* approaching. ઘણું ખરૂં, બરોબર-મળતું.

A'pril, એપ્રિલ, *n.* (L. *aperire* to open) fourth month of the year. અંગ્રેજી વર્ષનો ચોથો મહિનો, ચૈત્ર-વૈશાખ.

A'pron, એપ્રન, *n.* (Ir.) cover worn in front. પોશાક ન બગડે માટે ઉપર રાખેલું કપડું.

Ap'ro-pos, ઍપ્રોપોસ, *ad.* (Fr. *a* & *propos* purpose) opportunely. વખતસર, યોગ્ય વખતે.

Ap-pro'pri-ate, ઍપ્રોપ્રિએટ, *a.* (L. *ad* & *proprius* own) suitable, proper. લાયક, લાગુ પડતું; ખાસ, ખુદ, પોતીકું. *vt.* set apart; assign. -સારૂ કાઢી-રાખી મૂકવું; પોતાનું કરી લેવું, ખાઈ જવું, પચાવી પડવું. લાગુ પાડવું.

Apt, ઍપ્ટ, *a.* (L. *apto* I fit) liable to; fit. થાય એવું, યોગ્ય, લાગુ પડતું; સ્વભાવવાળું, શીળ; ચંચળ, હોશિયાર.

Ap'ti-tude, ઍપ્ટિટ્યૂડ, *n.* fitness, tendency. યોગ્યતા; ચંચળાઈ; સ્વભાવ, વલણ.

Apt'-ly, ઍપ્ટલિ, *ad.* properly. યોગ્ય-સારી રીતે.

A-quat'ic, ઍક્વૉટિક, *a.* (L. *acqua* water) living in water. પાણીમાં રહેતું, પાણી સંબંધી. *n.* જળ વનસ્પતી.

A'que-duct, ઍક્વિડક્ટ, *n.* (L. *duco* I lead) channel for conveying water. પાણીનો નળ, મોરી, નેહેર, પરનાળ. [જળરૂપ.

A'que-ous, એક્વીઅસ, *a.* watery. પાણીનું–થયલું–બનેલું,

A'qui-line, ઍક્વિલાઇન, *a.* (L. *aquila* an eagle) like an eagle or its beak. ગરૂડનું–ની ચાંચ જેવું, વાંકું.

Ar'able, ઍરેબલ, *a.* (L. *aro* I plough) fit for ploughing. ખેતી કરવા–ખેડવા લાયક.

Ar'bi-ter, આર્બિટર, *n.* (L. *arbitrari* to decide) an umpire. લવાદ, પંચ.

Ar'bi-tra-ry, આર્બિટ્રરિ, *a.* despotic. સ્વતંત્ર, આપ અખત્યાર, મરજીપ્રમાણે કરેલું, બેકાયદે, સ્વચ્છંદી.

Ar'-bi-tra'tion, આર્બિટ્રેશન, *n.* a hearing before arbitrators. લવાદી, પંચાયત.

Ar-bi-tra-tor, આર્બિટ્રેટર, *n.* a person chosen to decide dispute. લવાદ, પંચ. [માંડવો, કુંજ.

Ar'bour, આર્બર, *n.* (L. *arbor* a tree) a bower.

Arc, આર્ક, *n.* (L. *arcus* a bow) part of a circle. વર્તુલ કે ગોળના પરીઘનો કોઇપણ ભાગ.

Ar-cade', આર્કેડ, *n.* covered walk; series of arches. મંડપ, લાંબી કમાન–મહેરાબ, મહેરાબદાર છાપરાવાળો રસ્તો.

Arch, આર્ચ, *n.* concave structure pointed or round. કમાન, મેહેરાબ, ગુમજ; નભમંડળ. *a.* cunning; waggish; chief. ખંધું, પક્કું; ખુશમીજાજી. મુખ્ય, શ્રેષ્ઠ.

Arch-an'gel, આર્કેન્જલ, *n.* a chief angel. ઉત્તમ વર્ગનો દૂત.

Arch-bish'op, આર્ચબિશપ, *n.* a chief bishop. મુખ્ય ધર્માધ્યક્ષ, વડો પાદરી.

Arch'er, આર્ચર, *n.* (L. *arcus* a bow) a skilful bow-man. તીર મારનાર, તિરંદાજ.

Ar'chi-tect, આર્કિટેક્ટ, *n.* (Gr. *archi* chief & *tekton* workman) designer of buildings. ઘર વૈગેરે બાંધવાની કળા જાણનાર; યોજના કરનાર–ઘડનાર.

Ar'chi-tec-ture, આર્કિટેક્ચર, *n.* art of building. ઘર, વગેરે બાંધવાનો હુનર–કળા; બાંધણી, કારીગીરી.

Ar'chives, આર્કિવ્ઝ, *n. pl.* (Gr. *arche* government) records. દફતર; દફતરખાનું.

Arch'ness, આર્ચનેસ, *n.* humour. ઠઠ્ઠાબાજી; ઢોંગાઈ, ધુતારાપણું.

Arc'tic, આર્કટિક, *a.* (Gr. *arktos* a bear) northern. ઉત્તરતરફનું.

Ar'dent, આર્ડંટ, *a.* (L. *ardeo* I burn) zealous, eager; hot. આતુર, હોંસીલું, પ્રેમી. ગરમ, ઉનું, દેવતા જેવું.

Ar'den-cy, Ar'dour, આર્ડન્સિ, આર્ડર, *n.* warmth, zeal. આતુરતા, હોંસ.

Ar'du-ous, આરડ્યુઅસ, *a.* (L. *arduus* high) laborious; difficult; lofty. મેહેનતનું; અઘરૂં; ઉંચું.

A′-re-a, એરિયા, *n.* (L.) superficial content; enclosed space; open surface. ક્ષેત્રફળ; વાડો, આંગણું.

A-re′na, ઍરેના, *n.* (L. *arena* sand, *areo* I am dry) open place for public contest. મલ્લયુદ્ધશાળા, તાલીમખાનું, અખાડો.

Ar′gue, આર્ગ્યુ, *vt.* (L. *arguo* I show) to debate; to discuss; to prove. વાદવિવાદ કરવો, તકરાર લેવી; પ્રમાણ બતાવવાં, સાબીત કરવું; ખાતરી કરવી, મન વાળવું.

Ar′gu-ment, આર્ગ્યુમેંટ, *n.* reason; debate; heads of discourse. દલીલ, પ્રમાણ, કારણ; વાદવિવાદ, તકરાર; વાતનો મુખ્ય સાર-હકીકત, ઉપોદ્ઘાત.

Ar′id, ઍરિડ્, *a.* (L. *areo* I am dry) dry; without moisture. સૂકું, કોરૂં.

A-right′, ઍરાઈટ, *ad.* (*a* & right) in proper form [&c. બરાબર-ખરીરીતે.

A-rise′, ઍરાઈઝ, *vi.* (S. *arisan*) to get up; to ascend. ઉઠવું, ઉભું થવું; ઉપર ચઢવું, ઉંચે જવું; ઉગવું, ઉદય થવો; ઉત્પન્ન થવું; દેખાવું.

A-ris-toc′ra-cy, ઍરિસ્ટૉક્રસિ, *n.* (L. *aristos* best & *kratos* power) government by nobles; nobility. અમીરોનું રાજ્ય; અમીર ઉમરાવ. [અમીરના રાજ્યને ચહાનાર.

A-ris′to-crat, ઍરિસ્ટૉક્રૅટ, *n.* one of nobles. અમીર,

A-rith′met-ic, ઍરિથમેટિક, *n.* (Gr. *arithmos* number) the science of numbers. અંકગણિત.

Ark, આર્ક, *n.* (L. *arca* a chest) a vessel; a chest. જળપ્રલય સમયેનું નોહાનું વહાણ; પેટી, કોશ.

Arm, આર્મ, *n.* (L. *armus* shoulder) a limb of body or tree; inlet of sea. હાથ, ભૂજ, બાહુ; ડાળી, શાખા; સમુદ્રનો ફાંટો, ખાડી; બળ. *vt.* to supply or take arms. હથિયારબંધ કરવું–થવું, શસ્ત્ર સજાવવાં. [આરમાર.

Ar-ma'da, આરમેડા, *n.* fleet. લડાઈના વહાણનો કાફલો,

Arm'a-ment, આર્મેમેંટ, *n.* force for war. લડાઈસારૂ તૈયાર કરેલી ફોજ–વહાણનો કાફલો.

Ar'mis-tice, આર્મિસટિસ, *n.* (L. *armus* & *sisto* I stop) short truce. લડાઈ થોડીવાર બંધ રહેવી તે, તહ, યુદ્ધવિશ્રાંતિ. [વાંક, કડું.

Arm'let, આર્મલેટ્, *n.* bracelet. બાજુબંધ, પોંહોંચી.

Arm'our, આર્મર, *n.* defensive dress for war. બખ્તર, કવચ, ચિલખત. [શસ્ત્ર બનાવનાર–ઘડનાર.

Ar'mour-er, આર્મરર, *n.* a maker of arms. હથિયાર–

Ar'mour-y, આર્મરિ, *n.* a place where weapons are kept. હથિયાર રાખવાની જગા, શસ્ત્રાગાર.

Arms, આર્મ્ઝ, *n.* (L. *arma*) weapons. શસ્ત્ર, હથિયાર;

Ar'my, આર્મિ, *n.* body of armed men. સૈન્ય, લશ્કર, ફોજ; જથો. [ખુશબો, સુગંધ, સુવાસ.

A-ro'ma, અરોમા, *n.* (Gr.) fragrance, sweet odour.

A-ro-mat'ic, ઍરોમૅટિક, *a.* spicy; fragrant. મસાલાનું-દાર-વાળું; ખુશબોદાર, સુગંધીદાર. *n.* ખુશબોદાર પદાર્થ.

A-round', ઍરાઉંડ, *ad. pre.* (*a* & round) on every side. આસપાસ, ચારેતરફ, ફરતું.

A-rouse', ઍરાઉઝ, *vt.* (*a* & rouse) to stir up, to excite. જાગૃત કરવું, ઉઠાડવું, ઉશ્કેરવું, ઉત્તેજન આપવું.

Ar-raign', ઍરેન, *vt.* (L. *ad* & *ratio* account) to indict. તોહોમતનો જવાબ આપવાસારૂ કોરતમાં ઉભો કરવો-બોલાવવો; તોહોમત મૂકવું. [મત, દોષારોપ.

Ar-raign'ment, ઍરેનમેંટ, *n.* act of arraigning. તોહો-

Ar-range', ઍરેંજ, *vt.* (Fr. *ad* & *rang* a row) to set in order; to settle. ગોઠવવું, રચવું; બંદોબસ્ત-નક્કી-વ્યવસ્થા કરવી. [પક્કું, પૂરૂં, નામાંકિત, નામીચું.

Ar-rant, ઍરંટ, *a.* (L. *errans* wandering) notorious.

Ar-ray', ઍરે, *vt.* (Fr. *arreer* to set in order) to put in order; deck; dress. ગોઠવવું, હારેદોર ઉભું કરવું; સુશોભિત કરવું; પોશાક પહેરાવવો. *n.* order of battle; dress. સૈન્ય રચના, ગોઠવણ; કપડાં.

Ar'rears, ઍરિઅર્ઝ, *n.* (L. *ad* & *retro* back) money left unpaid. બાકી, ચઢેલું.

Ar-rest', ઍરેસ્ટ, *vt.* (L. *ad* & *resto* I stop) to seize; to detain. *n.* seizure by warrant. પકડવું, અટકાવવું, બંધ પાડવું. સરકારી હુકમથી પકડવું તે; અટકાવ.

Ar-rive', ઍરાઇવ, *vi.* (L. *ad* & *ripa* a bank) to come; reach. આવવું, પહોંચવું, આવી-જઇ પહોંચવું, દાખલ થવું; મહેનતથી આવી પહોંચવું-મેળવવું-માલ કરવું.

Ar'ro-gance, ઍરોગન્સ, *n.* (L. *ad* & *rogo* I ask) undue importance, haughtiness. અભિમાન.

Ar'ro-gate, ઍરોગેટ, *vt.* claim unjustly, assume. ગેરવાજબી દાવા કરવા, ગર્વ કરવો, જુઠું ડોળ ઘાલવું. [તીર, બાણ.

Ar'row, ઍરો, *n.* (S. *arewe*) a weapon for a bow.

Ar'se-nal, આર્સિનલ, *n.* (L. *arx navalis* a naval citadel) military magazine. લડાઇનો સામાન રાખવાની જગા, તોપ-દારૂખાનું. [poison. સોમલ.

Ar'sen-ic, આર્સેનિક, *n.* (Gr. *arsen* strong) a mineral

Ar'son, આર્સન, *n.* (L. *ardeo* I burn) malicious burning. દ્વેષભાવથી ઘર બાળી નાખવું તે.

Art, આર્ટ, *n.* (L. *ars* art) knowledge, skill; craft; cunning. હસ્તકૃતિ-ક્રિયા; શાસ્ત્ર; હુનર, કળા; કપટ, કાવતરૂં.

Ar'te-ry, આર્ટરિ *n.* (Gr. *arteria*) vessel conveying blood from heart. ધોરીનસ-રગ, ધમની. [કરેલું.

Art-ful, આર્ટફુલ, *a.* (L. *ars* art) crafty. કપટી; કળાથી

Ar'ti-cle, આર્ટિકલ, *n.* (L. *artus* a joint) condition; item. શરત, બોલી; કલમ, રકમ, ભાગ; ચીજ; A, An, ને The ને વ્યાકરણમાં આર્ટિકલ કહેછે. *vt.* to bind by conditions. કરાર કરી રાખવું; કલમ-ભાગ પાડી લખવું.

Ar-tic'u-late, આર્ટિક્યુલેટ, *a.* having joints; clear. સંધિયુક્ત, સાંધાવાળું; સાફ સ્પષ્ટ. *vt.* to pronounce distinctly. સ્પષ્ટ બોલવું-ઉચ્ચાર કરવો.

Ar'ti-fice, આર્ટિફિસ, *n.* (L. *ars* art) contrivance, device. યુક્તિ, હિકમત; દગો, કાવતરું, પેચ.

Art-i-fi'ci-al, આર્ટિફિશિઅલ, *a.* made by art, not natural. હુન્નરથી કીધેલું, બનાવટનું, હસ્તકૃત, કૃત્રિમ.

Ar-til'ler-y, આર્ટિલરિ, *n.* (Fr. *artiller* to make by art) great guns, ordnance; troops to manage great guns. મહોટી તોપ; મારક શસ્ત્ર; તોપ મારવાનો સામાન, ગોલંદાજ વગેરે તોપખાતાના માણસ. [man. કારીગર.

Ar'ti-san, આર્ટિઝન *n.* (L. *ars* art) mechanic; work-

Art'ist, આર્ટિસ્ટ, *n.* painter, sculptor, &c. કિસબી; ચિતારો, કોતરનાર, મૂર્તિકાર, ઈ.

Art'less, આર્ટલેસ, *a.* simple. ભોળું, સાચું, નિષ્કપટ.

As, ઍઝ, *ad.* (old E. *als* also) even; in like manner; while. *con.* because. *pro.* who, which. જેમ, સરખું, બરાબર, જેવું-તેવું, તેજ પ્રમાણે. જ્યારે-ત્યારે. કેમકે, કારણકે. તેથી. જે-તે.

As-cend', ઍસેંડ, *vi.* (L. *ad* & *scando* I climb) to rise; to go up. ઉગવું, ઉદય થવો; ચઢવું. [ચઢવું તે.

As-cen'sion, ઍસેન્શન, *n.* act of rising. ઉદય, ઉંચે-ઉપર

As-cent', ઍસેંટ, *n.* rise; slope of hill. ચઢવું તે, ચઢવાનો ઉપાય—રસ્તો; ઉંચાણ, ચઢાવ, ચઢાણ.

As-cer-tain', ઍસરટેન, *vt.* (L. *ad* & *certus* certain) to learn by examination. તપાસથી નિશ્ચય—ખાતરી કરી લેવું.

As-cet'ic, ઍસેટિક, *n.* (Gr. *askein* to exercise) a devout recluse, hermit. જોગી, તપસ્વી, સંન્યાસી.

As-cribe', ઍસ્ક્રાઇબ, *vt.* (L. *ad* & *scribo* I write) impute. તોહોમત મૂકવું,—નું છે એવું માનવું, લગાડવું, ઠરાવવું.

A-shamed', ઍશેમ્ડ, *a.* (S. *ascamian*) abashed. લજ્જિત, શરમિંદુ, શરમાઈ ગયેલું.

Ash'es, ઍશિઝ, *n. pl.* (S. *asca*) residue of any thing burnt. રાખ, ખાખ, ભસ્મ; ચિતાભસ્મ, છાર; મુડદું.

A-shore', ઍશોર, *ad.* (*a* & shore) at or on shore. કિનારે, કિનારાઉપર.

A-side', ઍસાઇડ, *ad.* (*a* & side) on one side; apart. એકકોરે—બાજુએ—તરફ; આડે રસ્તે, કુમાર્ગે.

Ask, આસ્ક, *vt.* (S. *asican* to seek) to request; question; invite, demand. માંગવું, વિનંતિ—અરજ કરવી; પ્રશ્ન કરવો, પૂછવું; કિમ્મત માંગવી, કહેવું. [ઉંઘતું.

A-sleep', ઍસ્લીપ, *ad.* (*a* & sleep) sleeping. સુતેલું,

Asp, ઍસ્પ, *n.* (L. *aspis* a serpent) a venomous snake. એક જાતનો ઝેરી સર્પ.

As'pect, ઍસ્પેક્ટ, *n.* (L. *ad* & *specio* I see) look;

countenance; position. દેખાવ; રૂપ, આકાર, ડોળ; ચહેરો, સુરત; મ્હોડું, મુખ; દષ્ટિ, દશા.

As-per'i-ty, ઍસ્પેરિટિ, *n.* (L. *asper* rough) roughness, harshness. ખરબચડાપણું; ખટાશ; કરડા—આકરાપણું, કરડો સ્વભાવ; ખોખરાપણું; તીક્ષ્ણતા.

As-perse', ઍસ્પર્સ, *vt.* (L. *ad* & *spargere* to scatter) to slander. નિંદા કરવી, આળ ચઢાવવું, બટ્ટો લગાડવો.

As-per'sion, ઍસ્પરશન, *n.* sprinkling; slånder, calumny. સિંચણ; બટ્ટો, એબ, નિંદા.

As-phalt', ઍસફૅલ્ટ, *n.* (Gr. *a* & *sphallo* to slip) mineral pitch. એક જાતનો ડામર.

As'pi-rate, ઍસ્પિરેટ, *n.* (L. *ad* & *spiro* I breathe) letter aspirated. મહા પ્રાણીવર્ણ. *vt.* to pronounce forcibly. મહા પ્રાણી ઉચ્ચાર કરવો. [ઇચ્છા રાખનાર.

As'pi-rant, ઍસ્પિરંટ, *n.* one who aspires. ઉમેદવાર,

As-pi-ra'tion, ઍસ્પિરેશન, *n.* ardent desire. ઇચ્છા, ઉમેદ. [ઉમેદ રાખવી.

As-pire', ઍસ્પાયર, *vi.* to desire eagerly. ઘણી ઇચ્છા-

Ass, ઍસ, *n.* (L. *asinus*) an animal of burden; a stupid fellow. ગધેડું, ખર; બેવકુફ, મૂર્ખ.

As-sail', ઍસેલ, *vt.* (L. *ad* & *salio* I leap) to attack, to fall upon. હલ્લો કરવો, ઉપર કુદી પડવું; લડવા મંડવું, સામા થવું.

As-sas'sin, ઍસૅસિન, *n.* (*Ar.*) a secret murderer. કાપી નાખનાર, ખુની, ગુપ્તઘાતી, મારો.

As-sault', ઍસોલ્ટ, *n.* (L. *ad* & *salio* I leap) an attack. હલ્લો, હુમલો, ચઢાઈ. *vt* to attack. હલ્લો કરવો, મારામારી કરવી.

As-say', ઍસે, *vi.* (L. *exagium* a balance) to try, to prove. ધાતુની પરીક્ષા કરવી, તપાસી—કસી જોવું. *n.* a trial, proof. ધાતુની પરીક્ષા.

As-sem'ble, ઍસેમ્બલ, *vt.* or *i.* (L. *ad* & *simul* together) to bring together, to meet, convene. એકઠું—ભેગું કરવું, સભા મેળવવી; એક ઠેકાણે મળવું, એકઠું—ભેગું થવું.

As-sem'bly, ઍસેમ્બ્લિ, *n.* legislature; persons met together. કાયદા બાંધનારી સભા; મંડળી, મિજલસ.

As-sent', ઍસંટ, *n.* (L. *ad* & *sentire* to think) to consent. હા કહેવી તે, સમ્મતિ, કબૂલાત. *vt.* to admit as true. માન્ય—કબૂલ કરવું.

As-sert', ઍસર્ટ, *vt.* (L. *ad* & *sero* I join) to affirm, to maintain. પ્રતિજ્ઞાથી—નિશ્ચયપૂર્વક કહેવું—બોલવું; સ્થાપન—સિદ્ધ કરવું.

As-ser'tion, ઍસરશન, *n.* act of asserting; declaration. નિશ્ચયપૂર્વક કહેવું તે; પ્રતિજ્ઞા, ઇકરાર, ખચીત કહેલું તે.

As-sess', ઍસેસ, *vt.* (L. *ad* & *sedeo* I sit) fix a tax on; value. ઉપર કર બેસાડવો—ઘાલવો; કર બેસાડવા કિંમત ઠરાવવી.

As-sets', ઍસેટસ, *n. pl.* (L. *ad* & *satis* enough) property available to pay debts. માલમતા, મિલકત, પુંજી, તારણ.

As-sev'er-ate, ઍસિવરેટ, *vt.* (L. *ad* & *severus* serious) to affirm positively. નિશ્ચે બોલવું–કહેવું, પ્રતિજ્ઞા કરવી.

As-sid'u-ous, ઍસિડયુઅસ, *a.* (L. *ad* & *sedere* to sit) constant in application. લાગુ–મંડયું રહેનાર, ઉદ્યોગી, ખંતીલું.

As-sign', ઍસાઇન, *vt.*(L. *ad* & *signo* I mark) to allot to; to make over; to appoint. વહેંચી–ભાગ પાડીને આપવું; સોંપવું, હવાલે કરવું; ઠરાવવું, નીમવું; કારણ બતાવવું.

As-sig-na'tion, ઍસિગનેશન, *n.* appointment to meet. સંકેત, મેળાપ કરવાની સંધી.

As-sig-nee', ઍસાઇની, *n.* one whom something is assigned. જેને મિલકત સોંપીછે તે ધણી, મુખત્યાર.

As-sign'ment, ઍસાઇનમેંટ, *n.* transfer. મિલકતનો હક સોંપવાનો લેખ, લખત; ઠરાવવું તે.

As-sim'il-late, ઍસિમિલેટ, *vt.* (L. *ad* & *similis* like) to make or become like. સરખું–જેવું–સમધર્મક–એક કરવું, પચવું.

As-sist', ઍસિસ્ટ, *vt.* (L. *ad* & *sisto* I stand) to help, succour. મદદ આપવી, સહાય કરવી. [કરનાર.

As-sist'ant, ઍસિસ્ટંટ, *n.* helper. મદદગાર–નીશ, સહાય

As-size', ઍસાઇઝ, *n.* (L. *ad* & *sedeo* I sit) court of justice; a statute concerning weights, &c. ઇનસાફની કોરટ–કચેરી; તોલ, માપ કે ભાવ ઠરાવવાનો કાયદો; બજારભાવ, નિરખ.

As-so'ci-ate, ઍસોશિએટ, *n.* (L. *ad* & *socio* I join) companion; partner. સોબતી; ભાગિયો. *v.* to join in company. સંગત કરવી; સામેલ કરવું, સાથે લેવું–ભેળવું.

As-sort', ઍસૉર્ટ, *vt.* (L. *ad* & *sors* lot) to arrange in sorts. વર્ગ કરવા–પાડવા.

As-sort'ment, ઍસૉર્ટમેંટ, *n.* selection. વર્ગ કરવા તે.

As-suage', ઍસ્વેજ, *vt.* (L. *ad* & *suavis* sweet) to allay, lessen. નરમ–ધીમું પાડવું, શાંત–હલકું–ઓછું કરવું.

As-sume', ઍસ્યૂમ, *vt.* (L. *ad* & *sumo* I take) to take on one's self; to take for granted. કોઇના આપ્યા વગર–પોતે લેવું, ધારણ કરવું; ધારવું, પ્રમાણ વગર કબૂલ કરવું; ડોળ ઘાલવું, ઢોંગથી ધારણ કરવું.

As-sur'ance, ઍશ્યુરન્સ, *n.* (L. *ad* & *securus* secure) confidence; security; impudence. ભરોસો, ખાતરી અભયવચન; અમર્યાદા, ઉદ્ધતાઇ; વીમો.

As-sure', ઍશ્યૂર, *vt.* to make secure; confirm; insure. ખાતરજમા કરવી, નક્કી–ખચિત કહેવું, ભરોસો આપવો, વીમો ઉતારવો.

As'ter-isk, ઍસ્ટરિસ્ક, *n.* (Gr. *aster* star) the mark * in printing & writing. ફુલી; ચોફુલી, ફુલડી, ચોકડી.

A-stern', ઍસ્ટર્ન, *ad.* (S. *a* & *styran* to steer) in the hinder part of a ship. વહાણના પાછલા ભાગ તરફ.

As'ter-oid, ઍસ્ટરૉઇડ, *n.* (Gr. *aster* star & *eidos* form) a small planet. એક નહાનો ગ્રહ; મંગળ ને બૃહસ્પતિની કક્ષા વચ્ચેનો ઉપગ્રહ.

Asth'ma, ઍસ્થમા, *n.* (Gr. *aein* to blow) shortness of breath. દમનો રોગ, હાંફ, અમુઝણ.

As-ton'ish, ઍસ્ટૉનિશ, *vt.* (L. *ad* & *tono* I thunder) to surprise, amaze, confound. વિસ્મત–અચરત–દંગ–ચકિત કરવું.

As-tound', ઍસ્ટાઉંડ, *vt.* see astonish.

A-stray', ઍસ્ટ્રે, *ad.* (*a* & stray) out of right way. આડેરસ્તે, કુમાર્ગે, ગેરવલે, ભૂલાં.

As-tride', ઍસ્ટ્રાઇડ, *ad.* (*a* & stride) across, with legs open. પહોળા પગ કરીને, (ઘોડો) પલંગીને.

As-tring'ent, ઍસ્ટ્રિન્જંટ, *a.* (L. *ad* & *stringo* I bind) binding. બંધક, કોઠાને મજબૂતી આપે એવું (ઓસડ), તૂરૂં.

As-trol'o-gy, ઍસ્ટ્રૉલૉજિ, *n.* (Gr. *aster* star & *logos* discourse) art of foretelling events by stars. ગ્રહ–દશા જોવાની વિદ્યા, ફળજ્યોતિષ, નજુમ.

As-tron'o-my, ઍસ્ટ્રૉનૉમિ, *n.* (Gr. *aster* star &

nomos a law) the science of the heavenly bodies. જ્યોતિષશાસ્ત્ર, ખગોળવિદ્યા.

As-tute′, ઍસ્ટ્યૂટ, *a.* (L. *astutus* cunning) shrewd, sagacious. ચતુર, અક્કલમંદ, ઉંડી બુદ્ધિ—નજરનું; ધૂર્ત.

A-sun′der, ઍસંડર, *ad.* (a & *sunder*) apart, separately. વેગળું, જુદું, અળગું, છુટું.

A-sy′lum, ઍસાઇલમ, *n.* (Gr. *a* & *sule* spoil) refuge, sanctuary. આશ્રય, શરણસ્થળ, ઓથ, પનાહ.

At, ઍટ્, *pre.* (S. *æt*, L. *ad* to) in; by; near by; towards. માં, માંહે, એ; થી, ઉપરથી; પાસે, નજદીક, આગળ; તરફ.

A′the-ist, એથીઇસ્ટ, *n.* (Gr. *a* & *theos* god) disbeliever in God. નાસ્તિક, ઈશ્વર નથી એવું માનનાર.

Ath-let′ic, ઍથ્લેટિક, *a.* (Gr. *athlos* a contest) strong. જોરાવર, જબરું, તાલીમબાજ.

A-thwart′, ઍથ્વૉર્ટ, *ad. pre.* (*a* & thwart) across. આડી રીતે, ગેરશિરસ્તે; આડું, વાંકું.

At′las, અટ્લૅસ, *n.* (Gr. *atlas* the bearer) a collection of maps. નકશાનું પુસ્તક.

At′mo-sphere, ઍટ્મૉસ્ફીઅર, *n.* (Gr. *atmos* air & *sphaira* sphere) the air surrounding the earth. વાતાવરણ, વાયુચક્ર; આવરણ, કોઈપણ ચારે પાસ પસરેલી અસર.

At′om, ઍટમ, *n.* (Gr. *atomos* uncut) a minute particle. અણુ, પરમાણુ, રજ, કણ, અતિસૂક્ષ્મ પદાર્થ.

A-tone′, ઍટોન, *vi.* (*at* & one) make amends for; expiate. નુકસાન ભરી આપવું, બદલો વાળવો; પ્રાયશ્ચિત્ત–પાપ નિવારણ કરવું.

A-troc′i-ty, ઍટ્રૉસિટિ, *n.* (L. *atrox* cruel) revolting crime. મહાપાપ, અતિદુષ્ટ કર્મ, ઘોરકર્મ.

At′ro-phy, ઍટ્રૉફિ, *n.*(Gr. *a.*& *trephein* to nourish) a wasting away. ખોરાક વગર નિર્બળ થવું, ક્ષય, ઘસારો.

At-tach′, ઍટૅચ, *vt.* (Fr. *attacher* to bind) to connect; win over; arrest. બાંધવું,જોડવું,વળગાડવું; મન હરી લેવું, વશ કરવું, પ્રીતિ–સ્નેહ બાંધવો; જપ્ત કરવું, ટાંચ મારવી.

At-tach′ment, ઍટૅચ્મેંટ, *n.* warm affection; arrest. પ્યાર, ભાવ, વળગણ; જપ્તિ, કલમબંધી, ટાંચ.

At-tack′, ઍટૅક્, *n.* (L. *ad* & *tango* to touch) onset. હુમલો, ચઢાઈ; ધાડ, દરોડો; *vt.* to assault. હલ્લો–ચઢાઈ કરવી, તુટી પડવું; વાદવિવાદ શરૂ કરવો.

At-tain′, ઍટેન, *vi.* (L. *ad* & *teneo* I hold) to reach; to arrive at. પહોંચવું; પામવું, મેળવવું.

At-tain′ment, ઍટેનમેંટ, *n.* proficiency. મેળવવું તે, સંપાદન, પ્રાપ્તિ. *pl.* સંપાદિત ગુણ, સિદ્ધિ.

At-tain′der, ઍટેન્ડર, *n.* (L. *ad* & *tingere* to stain) the act of attainting in law. લાંછન, કલંક.

At-taint′, ઍટેન્ટ, *vt.* to find guilty of treason. એબ લગાડવી,બેઆબરૂ કરવું. *n.* a stain, spot. દાઘ, કલંક,દૂષણ.

At-tem'por, ઍટેમ્પર, *vt.* (L. *ad* & *temperare* to soften) to qualify by mixture. નરમ–અનુસરતું–માફક આવે તેમ કરવું.

At-tempt', ઍટેમ્પ્ટ, *vt.* (L. *ad* & *tentare* to try) to try, to endeavour; attack. યત્ન–તજવીજ–વાનું કરવું; હુમલો કરવો. *n.* effort, trial. પ્રયત્ન, કોશિસ; હુમલો.

At-tend', ઍટેંડ, *vt.* or *i.*(L. *ad* & *tendo* I stretch) to go or stay with, to wait on; be present at;turn mind to. સાથે જવું–આવવું–રહેવું; ખોજમત કરવી; હાજર રહેવું, ઓસડ કરવું–આપવું; ધ્યાન–લક્ષ આપવું.

At-ten'dant, ઍટેંડંટ, *n.* follower, servant. ચાકર, ખીજમતદાર. *a.*accompanying સાથે જનાર–આવનાર, લગતું.

At-ten'tion, ઍટેન્શન, *n.* civility; heed. આદરમાન, સત્કાર; ધ્યાન, ચિત્ત, મન. [દેનાર–વંત; સત્કારયુક્ત.

At-tent'ive, ઍટેંટિવ, *a.* mindful, regardful. ધ્યાન

At-ten'u-ate, ઍટેન્યૂએટ, *vt.* (L. *ad* & *tenuo* I make thin) to thin. બારીક-ઝીણું-પાતળું-વાટી ભૂકો કરવો.

At-test', ઍટેસ્ટ, *vt.* (L. *ad* & *testis* a witness) to bear witness;to call to witness.સાક્ષી પૂરવી–આપવી; સાક્ષી રાખવું.–ઉપરથી જણાઈ આવવું,–થી સિદ્ધ કરવું–થવું.

At-test'a-tion, ઍટેસ્ટેશન, *n.* official testimony. સાક્ષી, સાખ, પ્રમાણ. [roof. ઘરનું કાતરિયું.

At'tic, ઍટિક, *n.* (L. atticus) topmost story in

At-tire′, ઍટાયર, *n.* (Fr. *attirer*) clothes. વસ્ત્ર, પોશાક. *vt.* to dress. વસ્ત્ર–પોશાક પહેરવો, પહેરવું.

At′ti-tude, ઍટિટયૂડ, *n.* (L. *aptus* fitted) posture; position. અંગ–શરીરસ્થિતિ, આકાર; દેખાવ.

At-tor′ney, ઍટર્નિ, *n.* (Fr. *a* & *tour* turn) agent; lawyer. મુખત્યાર, મુનીમ; વકીલ.

At-tract′, ઍટ્રૅક્ટ, *vt.* (L. *ad* & *traho* I draw) to draw to; to allure. ખેંચવું, તાણવું, આકર્ષણ કરવું; લલચાવવું, મન હરવું, મોહ પમાડવું.

At-trac′tion, ઍટ્રૅક્શન, *n.* power of attracting; allurement. આકર્ષણ શક્તિ; મોહ, લાલચ.

At-tract′ive, ઍટ્રૅક્ટિવ, *a.* alluring, inviting. આકર્ષણ કરે એવું, મોહક, મનોહર. [quality. ગુણ, ધર્મ.

At′tri-bute, ઍટ્રિબ્યૂટ, *n.* (L. *ad* & *tribuo* I give)

At-trib′ute, ઍટ્રિબ્યૂટ, *vt.* ascribe, impute. લગાડવું, ઠરાવવું, કારણ જાણવું,–ને લીધેજ એમ માનવું;આરોપ લગાડવો.

At-tri′tion, ઍટ્રિશન, *n.* (L. *ad* & *tero* I rub) the act of wearing or rubbing. ઘર્ષણ, ઘસારો. [ભુરું.

Au′burn, ઑબર્ન, *a.* (Fr. *brun*) reddish brown. રાતું-

Auc′tion, ઑક્શન, *n.* (L. *augere* to increase) a public sale to the highest bidder. લીલામ, હરરાજી.

Au-da′ci-ous, ઑડેશિઅસ, *a.* (L. *audere* to dare)

bold, impudent. હિમ્મતવાન; બેધો; નિર્લજ્જ, કાયદાને ન ગણકારીને કરેલું. [હિમ્મત; ઉદ્ધતાઈ, બેઅદબી.
Au-dac'i-ty, ઑડૅસિટિ, n. boldness; impudence.
Aud'i-ble, ઑડિબલ, a. (L. *audio* I hear) that may be heard. સંભળાય–સાંભળી શકાય એવું.
Aud'i-ence, ઑડિઅન્સ, n. a hearing; an assembly of hearers. શ્રવણ, સાંભળવું તે; સાંભળવાસારૂ મુલાકાત–ભેટ; સાંભળનારા, શ્રોતાજન.
Aud'it, ઑડિટ, n. an examination of accounts. હિસાબની તપાસ. *vt.* to examine accounts. હિસાબ તપાસી નક્કી કરવો.
Aud'i-to-ry, ઑડિટરિ, n. an assembly of hearers; a lecture room. સાંભળનારી મંડળી, શ્રોતાજન; ભાષણશાળા. *a.* that has the power of hearing. શ્રવણશક્તિવાળું.
Au'ger, ઑગર, *n.* (S. *nafu* nave & *gar* borer) a tool for boring holes. સારડી. [કંઈપણ.
Aught, ઑટ, *n.* (S. *wiht* a thing) anything. કંઈ,
Aug-ment', ઑગમેંટ, *vt.*or *i.*(L. *augeo* I increase)to increase;to become larger.વધારવું; વૃદ્ધિ થવી. Aug'-ment, *n.* increase; prefix. વધારો, વૃદ્ધિ; આગમ.
Au'gur, ઑગર, *n.* (L. *avis* bird & *garrio* I cry) soothsayer. શકુન જોઈ ભવિષ્ય કહેનાર, દૈવજ્ઞ. *vt.* to judge by augury. અનુમાન કરવું, અટકળ બાંધવી.

Au′gu-ry, ઑાગરિ, *n.* a prediction; an omen. ભવિ-ષ્ય કહેવાની વિધા, શકુન.

Au′gust, ઑાગસ્ટ, *n.* (L. *augustus*) અંગ્રેજી વર્ષનો ૮ મો મહિનો, શ્રાવણ ભાદરવો. Au-gust′, *a.* solemn, grand, majestic. પ્રતાપી, પ્રૌઢ, મ્હોટું, ભપકાદાર.

Aunt, આન્ટ, *n.*(L. *amita*) a sister of father or mother. ફોઈ કે માસી; કાકી કે મામી.

Au′ri-cle, ઑારિકલ, *n.* (L. *auricula* a little ear) the external ear. કાન, કર્ણ. *pl.* sacs at the base of the heart. હૃદયની નીચેની બે કોથળી.

Au-ro′ra, ઑારોરા, *n.* (Gr. *aurios* the morrow) the northern lights. અરૂણ, પ્રાત:કાળ; વ્હાણું.

Aus′pices, ઑાસ્પિસીઝ, *n.* (L. *avis* a bird & *specio* I see) patronage; omens. આશ્રય, કૃપાદૃષ્ટિ; શકુન.

Aus-tere′, ઑાસ્ટીઅર, *a.* (Gr. *auo* I dry) severe; rigid. કરડું, આકરૂં, કઠોર, સખ્ત, કઠણ. [ern. દક્ષિણનું.

Aus′tral, ઑાસ્ટ્રલ, *a.* (L. *auster* the south) south-

Au-then′tic, ઑાથેંટિક, *a.* (Gr. *autothentes* an author) genuine; true. ખરૂં, પ્રમાણવાળું, ખાતરીનું. [માણ કરાવવું.

Au-then′ti-cate, ઑાથેંટિકેટ, *vt.* to establish. ખરૂં—પ્રમ-

Au′thor, ઑાથર, *n.* (L. *augere* to increase) creator; writer, maker. ઉત્પન્ન કર્તા; ગ્રંથકાર—કર્તા.

Au-thor′i-ty, ઑાથૉરિટિ, *n.* power; influence; testi-

mony, precedent. સત્તા, અધિકાર; વક્કર, ભારબોજ, વજન; સાક્ષી, સાબેતી, પ્રમાણ, આધાર, દાખલો, ઉદાહરણ.

Au'thor-ize, ઓથોરાઈઝ, *vt.* to empower; to make legal; to give support. અધિકાર–સત્તા આપવી; પ્રમાણ–રૂઢિ–વિધિથી સ્થાપિત કરવું; પુષ્ટિ–ટેકો આપવો.

Au'to-crat, ઓટોક્રૅટ, *n.* (Gr. *autos* self & *kratos* power) absolute ruler. સ્વતંત્ર–આપ અખત્યારી રાજા.

Au'to-graph, ઓટોગ્રૅફ, *n.* (Gr. *autos* & *graphe* a writing) a person's own hand-writing. પોતાના લખેલા અક્ષર.

Au-tom'a-ton, ઓટૉમૅટૉન, *n.* (Gr. *autos* & *mao* I move) a machine moved by invisible springs. પોતાની મેળે ચાલનારૂં યંત્ર.

Au'tumn, ઓટમ, *n.* (Gr. *auctus* to increase) the season between summer & winter. શરદ-પાનખરઋતુ.

Aux-il'i-a-ry, ઓગ્ઝિલિઅરિ, *a.* (L. *auxilium* aid) helping. સહાયકારક–કારી, મદદ કરતું. *n.* helper. મદદ કરનાર.

A-vail', ઍવેલ, *vt.* (L. *ad* & *valeo* I am strong) to profit; assist; promote, be of use. ઉપયોગ કરવો, કામમાં–લાભ–સાધી લેવું; કામ લાગવું,–ચીવળવું. *n.* લાભ, ઉપયોગ.

Av'a-lanche, ઍવૅલૅન્શ, *n.* (Fr. *aval* down & *lancer* to slide) a snow-slip. પહાડપરથી પડતો બરફનો ઢગલો.

Av'-a-rice, ઍવરિસ, *n.* (L. *avere* to covet) excessive love of money or gain. કંજુ-ધનલોભ.

A-vast, ઍવાસ્ત, *int.* (Ger. *basta* enough) cease; stop. બસ, થયું, ઉભો રહે. [ચાલ જા, નિકળ, કાળું કર, કઠા.

A-vaunt', ઍવૉન્ટ, *int.* (Fr. *avant* before) begone.

A-venge', ઍવેંજ, *vt.* (L. *vindicare* to claim) to take satisfaction for injury. બદલો-વેર વાળવું-લેવું.

Av'e-nue, ઍવેન્યુ, *n.* (L. *venio* I come) way under trees; passage. બન્ને તરફ ઝાડવાળો વાડીમાંહેનો રસ્તો; પ્રવેશમાર્ગ. [confidence. ખાતરીથી કહેવું-બોલવું.

A-ver', ઍવર, *vt.* (L. *ad* & *verus* true) affirm with

Av'er-age, ઍવરેજ, *n.* (Sp. *averia* damage) mean proportion. સરાસરી, મધ્ય પ્રમાણ. *a.* relating to mean. મધ્યમ, મધ્ય પ્રમાણનું.

A-verse', ઍવર્સ, *a.* (L. *ad* & *verto* I turn) unwilling. નારાજ, નાપસંદ, અણગમતું, પ્રતિકૂળ, [ગમતું તે.

A-ver'sion, ઍવર્શન, *n.* dislike. નાખુશી, અભાવ, નહિ

A-vert', ઍવર્ટ, *vt.* to turn aside, to prevent.-તરફ-પરથી ફેરવવું, ટાળવું, અટકાવવું.

A'vi-a-ry, એવિઅરિ, *n.* (L. *avis* a bird) a place for keeping birds. પક્ષી શાળા, ખડો.

A-vid'i-ty, ઍવિડિટિ, *n.* (L. *aveo* I desire) eagerness. આતુરતા, ઘણી ઇચ્છા-હોંસ, અતિલોભ.

Av-o-ca'tion, ઍવોકેશન, *n.* (L. *voco* to call) business that calls away, occupation. કામમાંથી બોલાવી લેવું તે; કામકાજ, ધંધો.

A-void', ઍવોઈડ, *vt.* (L. *ex* & *vitare* to shun) to keep from, to shun. વેગળું-દૂર રહેવું; ઉડાવવું.

A-voir-du-pois', અવરડુપૉઈઝ, *n.* (L. *habere* to have & *pondus* weight) a weight of 16 ounces to the pound. વિલાયતી તોલ જેમાં પૌંડના ૪૦ તોલા ગણાયછે.

A-vouch', અવાઉચ, *vt.* (L. *voco* I call) to affirm, to declare, to maintain. નિશ્ચયપૂર્વક કહેવું-બોલવું.

A-vow', અવાઉ, *vt.* (L. *voveo* I vow) declare or confess frankly. ઉઘાડી-ખુલ્લી રીતે બોલવું-કબૂલ કરવું-માનવું.

A-vow'al, ઍવાઉવલ, *n.* open confession. કબૂલાત, સ્વીકાર.

A-wait', અવેટ, *vt.* (*a* & wait) to wait for, to attend; to be ready for. રાહ-વાટ જોવી;-સારૂ તૈયાર હોવું.

A-wake', અવેક, *vt.* (*a* & wake) rouse from sleep. ઉઠાડવું, જગાડવું; જાગ્રત-સાવધ કરવું. *a.* not sleeping. [જાગતું, સાવધ.

A-wak'en, ઍવેકન, *vt.* see awake.

A-ward', ઍવોર્ડ, *vt.* (Fr. *a* & *garder* to observe) to adjudge. નિવેડો-ચુકાદો કરી આપવું. *n.* a sentence. ફેસલો, ચુકાદો.

A-ware', ઍવેર, *a.* (S. *gewarian* to take care)

watchful; informed of. સાવચિત, સાવધ; ચેતેલું, વાકેફ થયેલું. [tance; absent. દૂર, આઘે.

A-way, અ્‌વે, *ad.* (S. *a* & *weg* a way) at a dis-

Awe, ઓ, *n.* (S. *ege* fear) reverential fear. આદરયુક્ત ભય, હાક, ધાક. *vt.* to strike with fear. ધાક દેખાડવો-લગાડવો, કરબ રાખવો.

Aw ful, ઓફુલ, *a.* terrible; dreadful. પ્રોઢ, ભયંકર.

A-while′, અ્‌હ્વાઇલ, *ad.* (*a* & while) for some time. કેટલીક વાર-કંઇક વેળાસુધી.

Awk′ward, ઓકવર્ડ, *a.* (O. Eng. *awk* left & ward) clumsy; unhandy; inelegant. બેડોળ, બદસિકલ; અનાડી; મૂર્ખ; અણુકિરબી; અણગમતું; નાપસંદ.

Awl, ઓલ, *n.* (S. æl) a shoe-maker's tool. મોચીનું એક હથિયાર, ટોંચણું, આર, સોયો.

Awn, ઓન, *n.* (Gr. *achne* chaff) the beard of corn or grass. અનાજ-ઘાંસનું કણસલું.

Awn′ing, ઓનિંગ, *n.* (S. *helan* to a cover) a covering from the sun or weather. ચંદરવો, ચંદની, છત્ર.

A-wry′, અ્‌રાઇ, *a.* or *ad.* (S. *writhan* to writhe) uneven, twisted. અપૂંઠું, વાંકું, તીરકસ.

Axe, અ્‌કસ, *n.* (Gr. *axine*) a large hatchet. કુહાડો.

Ax′i-om, અ્‌ક્સિઅમ, *n.* (Gr. *axioun* to think wor-

thy) self-evident truth; maxim. પ્રત્યક્ષ પ્રમાણ; વચન, સૂત્ર. [turns. ધરી, આંસ, આંક.

Ax'is, ઍક્સિસ, *n.* (L.) a line on which things

Ax'le, ઍક્સલ, *n.* a bar on which wheels turn. પૈંડાની ધરી—આંસ.

Ay, આઇ, *ad* (S. gea, *gese* yes) yes. હા, વારૂ, સારૂં, ઠીક.

Aye, એ, *ad.*(S. *a* or *ava* always)always,ever. સદા.

A-zure, એઝર, *a.* (Fr. *azur*) blue, sky-coloured. આસ્માની, વાદળી. *n.* a light blue, the sky. વાદળી રંગ; આકાશ.

B

Bab'ble, બૅબ્લ, *vi.* (Gr. *babazo* I prattle) to speak imperfectly; talk idly or too much. તોતડું—બોબડું બોલવું; લવવું, બકવું, છાની વાત કહી દેવી, ફોડવું. *n.* લવારો.

Babe, બેબ, *n.* (Ger. *babe*) an infant, a child. બાળક.

Ba'bel, બેબલ, *n.* (*Heb.*) confusion, disorder. અવ્યવસ્થા, ગડબડ.

Ba-boon', બૅબૂન, (Fr. *babouin* a monkey) a large monkey. ટુંકી પૂંછડી ને મ્હોટા હોટવાળું એક જાતનું વાંદરૂં.

Ba'by, બેબી, *n.* (see Babe) an infant; a doll. બાળ; બચ્ચું; ઢીંગલી, પૂતળી.

Bac'-cha-nal, બૅકનૅલ, *n.* (Gr. *Bacchos* the wine-

god) one given to wine & revelry. દારૂડિયું મા-ણસ, છાકટું થઈ રંગ ભોગ કરનાર.

Bach'e-lor, બૅચેલર, *n.* (Fr. *bachelier* a young man) an unmarried man. કુંવારો પુરૂષ, વાંઢો; પાઠશાળામાં પહેલી પદવી મળી હોય તે.

Back, બૅક, *n.* (S. *baec*) the hinder part in man, and upper in beast; the rear. વાંસો, બરડો; પીઠ; પાછલો–પૃષ્ઠભાગ. *a.* placed behind. પાછળ મુકેલું–આ-વેલું. *ad.* behind; again. પૂઠે, પછવાડે, વાંસે; પાછું, ફરીથી. *vt.* to get upon the back; to support. ચઢવું, સ્વાર થવું; ટેકો–ઉત્તેજન–પુષ્ટિ આપવી.

Back'bite, બૅકબાઈટ, *vt.* to slander an absent person. પીઠ પછવાડે ચાડી–ચુગલી–નિંદા કરવી–ભુંડું બોલવું.

Back'bone, બૅકબોન, *n.* spine. બરડાનું હાડકું–કાંઠો–કરોડ.

Back'door, બૅકડોર, *n.* a door behind a house. પાછલો દરવાજો, ખાનગી માર્ગ *a.* secret. ગુપ્ત, છાનું.

Back-gam'mon, બૅકગૅમન, *n.* (W. *bach* little & *cammon* combat) a game played with box and dice. એક જાતની ચોપટ જેવી રમત.

Back'ground, બૅકગ્રાઉંડ, *n.* ground behind; obscurity. પાછલી–પછવાડેની–છેટેની જગ્યા; ગુપ્ત–અપ્રસિદ્ધપણું.

Back'ward, બૅકવર્ડ, *a.* unwilling; dull; coming after. નારાજ; મંદ, પાછળ રહેનાર–પડેલું, જાડી બુદ્ધિનું; મોડું

આવતું–આવેલું. *ad.* towards the back; on the back. પાછળ, પૂઠે, પછવાડે; ચત્તું.

Ba'con, બેકન *n.* (S. *bacan* to bake) pork salted and dried. ડુક્કરનું આથેલું માંસ.

Bad, બૅડ, *a.* (Goth. *badh*) ill; wicked, hurtful. ખરાબ, નરસું, ખોટું; દુષ્ટ; પાપી, નઠારૂં; વિકાર કરે એવું.

Badge, બૅજ, *n.* (S. *beag* garland) a mark. ચિન્હ.

Badg'er, બૅજર, *n.* (Fr.) યૂરોપ ને એશિયાની ઉત્તરમાં રહેનારૂં બેડોળ ચોપગું જાનવર. *vt.* to tease; worry; pursue. સંતાપવું, ત્રાસ આપવો, જીવ–કેડો લેવો; પુંઠે લાગવું.

Bad'in-age, બૅડિનેજ, *n.* (Fr.) playful discourse, raillery. મશ્કરી, મજાક, ઠઠ્ઠા.

Baf'fle, બૅફ્લ, *vt.* (Fr.) to foil, elude; defeat. વ્યર્થ–નિષ્ફળ કરી નાખવું; ચાલવા–વળવા ન દેવું; હરાવવું, ગુંચવવું.

Bag, બૅગ, *n.* (S. baeg) a sack; pouch; purse. કોથળો, થેલો; કોથળી, થેલી. *vt.* put in a bag. કોથળીમાં ભરવું,–નો શિકાર કરવો. *vi.* to swell. કોથળીમાફક ફુલવું.

Bag-a-telle', બૅગૅટેલ, *n.* a thing of no importance; a kind of game. દમ–જીવ વગરની વાત; ૯ કાણાંવાળાં પાટિયાપર રમવાની રમત.

Bag'gage, બૅગેજ, *n.* utensils of an army; luggage; a worthless woman. લુગડાં લત્તાં વગેરે સૈન્યનો સામાન; મુસાફરના ગાંસડા પોટલાં, ભારખાનું, ખટલો; નીચ–કુપાતર સ્ત્રી.

Bail, બેલ, *n.* (L. *bajulare* to deliver up) surety, જામીન, જામીનગીરી. *vt.* to give security; to set free on security; to free from water: જામીન લઈ છોડવું; જામીન થઈને છોડવવું; વાસણ. વતી હોડીમાંથી પાણી કાઢી નાખવું.

Bail'iff, બેલિફ, *n.* sheriff's officer; under-steward. નાજર–શેરીફના હાથ નીચેનો બજાવણી કરનાર કામદાર–સીપાઈ.

Bait, બેટ, *n.* (AS. *batan* to bait) a lure; refreshment. ફોળવાઈ વગેરેમાં મૂકેલું ભક્ષ, ગળ, લોભ, લાલચ. મુસાફરીમાં ભરવું ખાવું તે, ભાતું. *vt.* put on lure to give or to take refreshment. ફોળવાઈ ઈ૦ માં ભક્ષ મૂકવો, મુસાફરીમાં ચંદી ચારો ખવડાવો કે પોતે ભાતું ખાવું તથા પાણી પીવું. (AS. *betan* to kindle a fire) to provoke or harass by dogs. પાછળ કુતરાં ભસાવવાં–ભસાવી હેરાન કરવું. [ધાબળી, જાડું, ઉનનું કપડું.

Baize, બેઝ, *n.* (Sp. *bajeta*) coarse woollen stuff.

Bake, બેક, *v.* (AS. *bacan* to heat) to harden by heat; to dress food in an oven. સુકવી કઠણ કરવું, ભુંજવું, શેકવું, પકવવું.

Bal'ance, બૅલન્સ, *n.* L. *bis* twice & *lanx* a dish) a pair of scales; overplus. ત્રાજવું, કાંટો, સમતોલપણું; બાકી, શિલક.*vt.* make equal; weigh; settle. સમતોલ

કરવું; તોલવું, તોલ કરવું; બાકી કાઢવી. *vi.* hesitate. આના-કાની કરવી, મનમાં કચુ પચુ—દગદગો રાખવો.

Bal'co-ny, બૅલ્કોનિ, *n.* (Fr. *balcon* projection) plat-form before a window. ગોખ. કઠેરો, ઝરૂખો.

Bald, બોલ્ડ, *a.* (Sp. *baldo* bare) without hair, naked. માથે તાલ પડી હોય એવું,ઝાડ પાન ઈ૦ ના આચ્છાદન રહિત, પીછાં—શોભા—રસ વિનાનું.

Bale, બેલ, *n.* (Fr. *balle*) a package of goods; misery. ગાંસડી, પોટલી; દુઃખ, દલગીરી, ખેદ. *vt.* to put into or make up into bales; to throw water out. ગાંસડી બાંધવી; હોડીમાંથી પાણી કાઢી નાખવું.

Bale'ful, બેલફુલ, *a.* (AS. *bealo*) hurtful, woeful. દુઃખદાયક, ખેદ—નાશકારક, દલગીરી ભરેલું.

Balk, બોક, *n.* (AS. *balca*) a beam, rafter; failure; an unploughed ridge of land. બારટિયો; આશાભંગ, નિરાશા; ચાસની વચ્ચેની ખેડયા વગરની જમીન, સેડો. *vt.* to frustrate; to leave untouched. નિષ્ફળ—નિરાશ કરવું; અડકવું નહિ.

Ball, બોલ, (Ger. *bal*) a round body; a bullet; a party for dancing. ગોળી, દડો, પિંડું; નાચવાની મીજલસ.

Bal'lad, બૅલડ્, *n.* (Fr. *ballade* a song) simple popular song. ગરબા,ગરબી; લાવણી.

Bal'last, બૅલેસ્ટ, *n.* (AS. *bat* boat & *last* load)

weight to steady a ship. નીરમ, નેહાવ; સ્થિરતા. *vt.* to load with ballast.–માં નીરમ ભરવો.

Bal-loon', બલૂન, *n.* (F. *ballon* a football) a silk bag filled with gas so as to rise in air. આકાશમાં ઉડે એવું વહાન, વિમાન.

Bal'lot, બૅલૅટ, *n.* (F. *ballote* a small ball) a ball or ticket used in voting. મત આપવાની ગોળી–ચિઠ્ઠી. *vi.* to vote by ballot. ગોળી–ચિઠ્ઠીથી મત આપવું.

Balm, બામ, *n.* (Gr. *balsamon*) soothing ointment; the fragrant sap of trees; any fragrant ointment. દુઃખનિવારક ઔષધ; ઝાડનો સુગંધી રસ; ખુશબોદાર લેપ–મલમ, ઉટણું.

Balm'y, બામિ, *a.* sweet; fragrant; pleasant. મિઠ્ઠ. ગુલાબી; ખુશબોદાર; સુખકારક.

Bal'sam, બોલસૅમ, *n.* an aromatic substance flowing from trees. ઝાડમાંથી નિકળતો ખુશબોદાર રસ.

Bal'us-ter, બૅલસ્ટર, *n.* (Fr. *balustre*) a rail; a little pillar. કઠેરામાંનો ગજ–સળિયો.

Bal'us-trado, બૅલસ્ટ્રેડ, *n.* a row of rails. કઠેરો.

Bam'boo, બૅમ્બુ, *n.* (Malay *bambu*) a plant of India. વાંસ. [છેતરવું; ગુંચવવું.

Bam'boo-zle, બૅમ્બૂઝલ, *vt.* to deceive; confound. ઠગવું,

Ban, બૅન, *n.* (Fr. *ban* to proclaim) a public no-

tice; interdict; curse. જાહેરખબર; મના, આણ, દુવાઈ; શાપ, બદદુવા. *vt.* to curse. શાપ દેવો.

Ba-na'na, બેનાના, *n.* (Sp.) a plantain tree and its fruit. સોનેરી કેળું ને તેનું ઝાડ.

Band, બૅંડ, *n.* (AS. *bindan* to bind) a fillet; union; company. નાડું, બંધ, દોરી,પટી; સંપ, સંબંધ, લગવાડ; ટુકડી, પલટણ;મંડળી, સમાજ,ટોળી. *vi.* to unite together. એકઠું-ટોળે મળવું, સંપ કરવો.

Band'age, બૅંડેજ, *n.* a fillet. નાડું, બંધ, પાટો.

Ban'dit, બૅન્ડિટ, *n.* (It. *bandito* to banish) an outlaw, robber. બારવટીઓ, લૂટારો, વાટપાડુ.

Ban'dy, બૅન્ડિ, *n.* (Fr. *bande* to bind) a club for striking a ball; the play with such a club. ગેડી, દંડો; ગેડી દડા-ગિલ્લી દંડાની રમત. *vt.* to beat about. અહિંથી તહીં ને તહીંથી અહિં ફેંકવું.

Bane, બેન, *n.* (AS. *bana*) cause of mischief, ruin; poison, નાશનું મૂળ, નાશ; ઝેર.

Bane'ful, બેનફુલ, *a.* hurtful. નાશકારક,ઘાતક; ઝેરી.

Bang, બૅંગ, *n.* (Icel *banga* to beat) a blow, thump. સપાટો, ઝપાટો. *vt.* to beat, thump.—નો સપાટો-ઝપાટો મારવો.

Ban'gle, બૅંગલ, *n.* a woman's wrist ornament. બંગડી, કલ્લી વગરે સ્ત્રીને પોંચાઆગળ પહેરવાનું ઘરેણું.

Ban'yan, બૅનિયન, *n.* an inside vest; Bania, Indian fig-tree. બદન, બંડી; વાણિયો; વડનું ઝાડ.

Ban'ish, બૅનિશ, *vt.* (Fr. *bannir*) condemn to exile; drive away. દેશનિકાલ–હદપાર કરવું, દેશવટો આપવો; કાઢી નાખવું, દૂર કરવું.

Ban'i-ster, *n.* see Baluster.

Bank, બૅંક, *n.* (AS. *banc*) heap, mound; side of a river; place where money is placed; shoal. બાંધ, પુસ્તો; તીર, કિનારો, કાંઠો; સરાફી દુકાન–પેઢી; ભાઠું. *vt.* to heap up. બાંધ–પુસ્તો બાંધવો.

Bank'er, બૅંકર, *n.* a dealer in money. સરાફ, સાહુકાર.

Bank'rupt, બૅંકરપ્ટ, *n.* (bank & *ruptus* broken) one unable to pay just debt. નાદાર, દેવાળિયો.

Ban'ner, બૅનર, *n.* (L. *pannus* cloth) a standard, flag. વાવટો, ઝુંડો, ધજા, નિશાન.

Banns, બૅન્સ, *n.* notice of marriage. લગ્નના ઠરાવની જાહેરખબર.

Ban'quet, બૅંક્વેટ, *n.* (Fr. *banco* a bench) a grand entertainment, feast. ઉજાણી, જ્યાફત.

Ban'ter, બૅંટર, *n.* (Fr. *badiner* to joke with) raillery, joke. મશ્કરી. *vt.* to jest with. મજાક કરવી.

Bant'ling, બૅંટલિંગ, *n.* an infant. બાળક.

Bap'tism, બૅપ્ટિઝમ્, *n.* (Gr. *bapto* I dip in water) washing; first Christian sacrament. જળસંસ્કાર; ખ્રિસ્તિ ધર્મમાં દાખલ થવાનો સંસ્કાર.

Bap'tist, બૅપટિસ્ટ, *n.* one of sect opposing infant baptism. બાળકને બૅપ્ટિઝમ ન આપવું એવું મત ધરાવનાર.

Bap'tize, બૅપ્ટાઈજ઼, *vt.* to administer baptism. જળ-સંસ્કાર કરવો, બૅપ્ટિઝમ આપવું.

Bar, બાર, *n.* (Fr. *barre* a branch of a tree) bolt; stop; enclosure for accused in law-court; hindrance; body of lawyers; bank of sand in a river. આડી, અજ, ભોગળ; કોરટમાં બેઘીવાનોસારૂ કરેલું પાંજરૂં; હરકત, વિઘ્ન; વકીલ મંડળ; નદીમાં પડેલું બાડું. *vt.* to fasten; shut out. ભોગળ–આડી દેવી; બંધ–અટકાવ કરવો.

Barb, બાર્બ, *n.* (L. *barba* a beard) beard; crooked point. દાઢી; આંકડો, આંકડી.

Bar-ba'ri-an, બાર્બેરિઅન, *n.* (G. *barbaros*) a savage; a man uncivilized. નિર્દય માણસ; અભણ–જંગલી માણસ. *a.* foreign; rude. પરદેશથી આવેલું; જંગલી, રાની.

Bar'ba-rous, બાર્બરસ, *a.* rude; cruel; uncivilized. અજ્ઞાન, અસભ્ય; નિર્દય; અણસુધરેલું, અડાણી.

Barbed, બાર્બ્ડ, *a.* (L. *barba* a beard) bearded. દાઢી-વાળું.

Barb'er, બાર્બર, *n.* one who shaves. હજામ વાળંદ, નાઈ.

Bard, બાર્ડ, *n.* (Ir. bardd) minstrel; poet. ભાટ, બારોટ, ચારણ, કવિ.

Bare, બેર, *a.* (AS. *bær*) naked; plain; unadorned; unaccompanied; threadbare; destitute, empty.

નાગું, ઉઘાડું, બોડું; અલંકાર–શોભારહિત, સાદું; એકલું, છડું; જીર્ણ, ઘસાઈ ગયલું, છેક જુનું થયલું; ખાલી, વિનાનું, રહિત. *vt.* to make naked. નાગું–ઉઘાડું-ખુલ્લું કરવું.

Bare-faced, બેરફેસ્ડ, *a.* shameless, impudent. નહિં ઢાંકેલું; નિર્લજ્જ, શરમ વગરનું.

Bar′gain, બાર્ગિન, *n.* (Fr. *barguigner* to haggle) an agreement; the thing bought or sold. સાટું, કરાર, પટણું; જે ખરીદેલું–વેચેલું તે; ફાયદા પડતું વેચાણ, ખરીદી. *vt.* make contract. પડવું, વેચાણનો બંદોબસ્ત–સાટું કરવું.

Barge, બાર્જ, *n.* (Fr. *barge*) a large row-boat. સહેલ કરવાની–માલ વહાણમાં ચઢાવવા ઉતારવાની હોડી.

Bark, બાર્ક, *n.* (D. *bark*) the rind. ઝાડની છાલ–છોડું–છોલ.

Bark, Barque, બાર્ક, *n.* (Fr. *barque*) a small ship. [નહાનું વહાણ.

Bark, બાર્ક, *n.* (AS. *beorcan*) noise of dog. ભસવું તે; *vi.* ભસવું; નિરર્થક નિંદા-શોરબકોર કરવો.

Bar′ley, બાર્લિ, *n.* (AS. *bere*) a kind of grain. જવ.

Barm, બાર્મ, *n.* (AS. *beran* to bear, heave up) yeast. દારૂપરનું ફીણ, ખમીર.

Barn, બાર્ન, *n.* (AS. *berern*) a house for corn, hay, &c. દાણો ભરવાનું–ઝુડવાનું ઘર, ખળીમાંનું છાપરૂં.

Ba-rom′e-ter, બૅરૉમિટર, *n.* (Gr. *baros* weight & *metron* measure) an instrument for measuring the weight of the atmosphere. વાયુભારમાપક યંત્ર.

Bar′on, બૅરન, *n.* (L. *vir* man) rank next to viscount. વાઇસકૌંટથી ઉતરતી પદવી, એ પદવીનો અમીર.

Bar′on-et, બૅરોનેટ, *n.* next below baron. બારોનથી ઉતરતી પદવીનો પુરૂષ.

Bar′rack, બૅરૅક, *n.* (Fr. *baraque*) a house for soldiers. લશ્કરી સિપાઈઓને રહેવાનું ઘર.

Bar′rel, બૅરલ, *n.* (Fr. *barrique* cask) a cask, a tube. પીપ; નળી. *vt.* પીપમાં ભરવું.

Bar′ren, બૅરન, *a.* (Fr. *baraigue*) unfruitful; sterile. અફળવંત, રસાળ નહિ હોય એવું; વાંઝિયું.

Bar′ri-cade, બૅરિકેડ *n.* (Fr.) a fortification made to obstruct the progress of an enemy; obstruction. શત્રુને આવતા અટકાવવાને કરેલો કોટ; આડ.

Bar′ri-er, બૅરિઅર, *n.* (Fr. *barre* bar) limit; obstruction. હદ, સીમા મર્યાદા; અડચણ, અટકાવ. [વકીલ.

Bar′ris-ter, બૅરિસ્ટર, *n.* a lawyer. પહેલા વર્ગનો સનદી

Bar′row, બૅરો, *n.* (AS. *beoran* to bear) hand-carriage; a mound; a gelt swine. હાથગાડી; મરોડીનો ઢગલો, ટેકરો; ખસી કરેલું ભુંડ.

Bar′ter, બાર્ટર, *n.* (L. *vertere* to change) traffic by exchange. માલને બદલે માલ આપી કરેલો વ્યાપાર. *vt.* to exchange. બદલામાં આપવું, સાટું કરવું.

Base, બેસ, *a.* (Fr. *bas* low) mean; low; illiberal,

deep; illegitimate. હલકું, નજીવું; નીચા કુળનું, હીણ, અધમ, રાસી; કૃપણ, કંજુસ; ઉંડું, ગંભીર; રાંડના પેટનું, હરામજાદું.

Base, Basis, બેસ, બેસિસ, *n.* (L. *basis* a foundation) the bottom, lower part. નીચલો ભાગ; પાયો, તળિયું, આધાર.

Base'less, બેસલેસ, *a.* without foundation. વગર પાયા-[નું, નિર્મૂળ, નિરાધાર.

Base'ment, બેસમેંટ, *n.* the ground floor. ભોંય તળિયું.

Base'ness, બેસનેસ, *n.* meanness; vileness; deepness of sound. હલકાઈ; નીચ–હીણ–પાજી–હરામીપણું; અવાજની ગંભીરતા, ખરજસૂર.

Bash'ful, બૅશફુલ, *a.* (Fr. *baisser* to lower) shy; modest, diffident; sheepish. શરમાળ, લજ્જાળુ; નમ્ર; ગરીબડું; ગાવડીમુખું, ગોમુખું.

Ba'sin, બેસિન, *n.* (Fr. *bassin*) a vessel; pond; dock. છાછરૂં વાસણ; કુંડ; તળાવ; ગોદી, દેશના જે ભાગનું પાણી કોઈ નદીમાં જતું હોય તે ભાગ.

Bask, બાસ્ક, *vi.* (Ger. *bachern* to revive by warmth) to lie in warmth or sun. સુખી હોવું, સુખ ભોગવવું, આનંદ કરવો; તડકે બેસવું, તડકો ખાવો. [ટોપલી–લો, કંડિયો.

Bask'et, બૅસ્કેટ્, *n.* (W. *basged*) a vessel of twigs.

Bass, બેસ. *n.* (Fr. *bas* low) gravest part in music. ખરજ રાગ. *a.* low; deep. નીચું; ઉંડું, ગંભીર.

Bas'tard, બૅસ્ટર્ડ, *n.* (Fr. *batard*) illegitimate child. રાંડ–છિનાળના પેટનું છોકરૂં, દાસીપુત્ર.

Baste, બેસ્ટ, *vt.* (Fr. *baton* a stick) to beat; to sew slightly; to drip butter. લાકડી મારવી; લાંબા લાંબા ટાંકા મારી સીવવું; માંસ શેકતી વખતે ઉપર ઘી માખણ–ચરબી રેડવી–છાંટવી.

Bas-tile', બૅસ્ટીલ, *n.* (Fr. *bastir* to build) a tower, fortification; dungeon, prison. કિલ્લો; બંધીખાનું.

Bas-ti-na'do, બૅસ્ટીનેડો *n.* (Fr. *baton* a stick) લાકડીનો માર–સપાટા, ફુંદાપાક.

Bast'ion, બૅસશન, *n.* (Fr. *bastir* to build) a huge mass of earth in front of a fortification. કિલ્લાની આગળનો બુરજ.

Bat, બૅટ, *n.* (AS. *bat* to beat; O. E. *bak*) a heavy stick; an animal. દંડો, દંડુકો; ચામચીમડિયું, વડવાગોળ.

Batch, બૅચ, *n.* (D. *bakken* to bake) an assortment of things of the same kind. એક જાતની કેટલીક ચીજોનો જથો.

Bath, બૅથ, *n.* (Ger. *baden* to bathe) a place to wash in. નહાવાની જગા–કોટડી, હમામખાનું; નહાવાનું ઠામ–પીપ–વાસણ; સ્નાન, ન્હાવું તે; ઉમરાવની એક ઉંચી પદવી.

Bathe, બેથ, *vt.* to wash. નવાડવું, સ્નાન કરાવવાં; ધોવું, પલાળવું. [દંડુકો, ડંગોરો.

Ba-ton', બાટૉન, *n.* (Fr.) a club, staff. લાકડી, દંડ,

Bat-tal'i-on, બૅટૅલિઅન, *n.* (Fr. *bataille* combat) a division of an army. લશ્કરની ટુકડી.

Bat'ten, બૅટ્ન, *vt.* (Ice. *bat-na* to get better; Fr. *baton* a staff) to make fat; to fatten. ખવડાવી પીવડાવી પુષ્ટ-જાડું કરવું; ખાતર પૂરી ફળદ્રૂપ કરવું; પટી-ચીપવડે બંધ કરવું-જોડવું. *n.* a narrow board. પટી, ચીપ.

Bat'ter, બૅટર, *vt.* (Fr. *battre* to beat) to beat down. ઠોકવું, મારવું, ઠોકી ઠોકી ભાંગી નાખવું-તોડી પાડવું. *n.* આટો-ઇંડાં-પાણી-નીમક એસાથે કાલવી કીધેલી મેળવણી.

Bat'ter-ing-ram, બૅટરિંગરૅમ, *n.* an engine for beating down walls. કોટ તોડી પાડવાનું એક યંત્ર.

Bat'ter-y, બૅટરિ, *n.* act of beating; number of guns; raised work for guns. ઠોકી ઠોકીને તોડી પાડવું તે; મોરચાપર ગોઠવેલી તોપો-તોપની હાર; કાયદા* વિરૂદ્ધ કોઈને મારવું તે.

Bat'tle, બૅટલ, *n.* a combat, engagement, fight. લડાઈ, યુદ્ધ, રણ, સંગ્રામ, જંગ. *vi.* લડવું, લડાઈ કરવી.

Bat-tle-ar-ray, બૅટ્લઅરે, *n.* order of battle. યુદ્ધ-સૈન્યરચના, વ્યૂહ.

Bau'ble, બૉબલ, *n.* (Fr. *babiole* a toy) trifle, worthless finery. હલકી કિંમતની દેખાવડી વસ્તુ, રમકું.

Bawd'y, બૉડિ, *a.* (Fr. *baude* wanton) filthy, obscene. ગંદી, ભુંડી.

Bawl, બૉલ, *vi.* (L. *balare* to bleat) speak aloud. પોકારવું, બૂમ પાડવી, સાંટો કાઢવો; આરડવું.

Bay, બે, *a.* (Fr. *bai* brown) reddish. રતાસ પડતું, ધુપેલિયા રંગનું. *n.* અખાત, ઉપસાગર; લારલ નામનું ઝાડ; માનસૂચક–માનમાળા; *vi.* ભસવું; સામું થવું, આવવા ન દેવું.

Bay'o-net, બેઑનેટ, *n.* (Bayonne in France) a weapon on musket. સંગીન, ત્રિકોણાકાર બંદૂકપર ખોસવાનું હથિયાર, બાગનેટ. *vt.* to stab. સંગીન ભોકવી–મારવી.

Bay'salt, બેસૉલ્ટ, *n.* common salt. મીઠું, નિમક.

Bazar, Bazaar, બઝાર *n.* (Per. *bazar* market) a market-place for sales of goods. બજાર, મારકીટ, ગુજરી.

Bdel'li-um, ડેલિઅમ, *n.* (L.) an aromatic gum-resin. ગુગળ.

Be, બી, *vi.* (Sax. *beon* alive) to exist; become; remain; to be present. હોવું; થવું; રહેવું; હાજર હોવું, આવવું.

Beach, બીચ, *n.* (Ice. *bákki* a bank) shore, strand. સમુદ્રકાંઠો–કિનારો.

Bea'con, બીકન, *n.* (AS. *beacen* a sign, nod) a signal light. દીવાદાંડી, વહાણવટીઓને સારૂ કરેલી ભયસૂચક નિશાણી. શત્રુપાસે આવ્યાની સૂચના કરવામાટે સળગાવેલો દેવતા. *vt.* ભયસૂચના–ખબર આપવી.

Bead, બીડ, *n.* (S. *bead* a prayer) a small pierced ball. મણકો, કાચનો દાણો.

Bea'dle, બીડલ, *n.* (AS. *beodan* to bid) a parish officer; crier; messenger. ચપરાસી, પટાવાળો; છડીચોપદાર. [dog. નહાનો શિકારી કૂતરો.

Bea'gle, બીગલ, *n.* (Celt. *beag* little) a hunting

Beak, બીક, *n.* (Ir. *bec*) a bird's bill. પક્ષીની ચાંચ.

Beam, બીમ, *n.* (AS. *beam* post, tree, a ray of light) timber; part of a balance; ray of light; the pole of a carriage. મહોટું લાકડું, ભારવટીયો; ત્રાજવાની દાંડી; કીરણ; ઘોરીઓ; શાળવીનું તોર. *vt.* to emit rays. પ્રકાશ પાડવો-આપવો.

Bean, બીન, *n.* (Ice. *baun*) the name of many kinds of pulse. અનેક જાતના કઠોળનું સાધારણ નામ, સીંગ, ફળી.

Bear, બેર, *vt.* (L. *fero*) to support; carry, convey; to have or hold; to keep afloat; endure; to have in the mind; to admit or be capable of; to bring forth or produce; exercise. વહેવું, ઉંચકી રાખવું; ઉઠાવી-ઉપર મૂકી લઈ જવું-ફેરવવું; ધારણ કરવું, રાખવું; તરતું રાખવું,-થી તરતું રહેવું; સેહેવું, ખમવું, વેઠવું;-ને હોવું, રાખવું; લાગવું,-નું થઈ શકવું-કરી શકાવું; ફળ લાગવાં-આવવાં,-ને પેટે-થી થવું; ચલાવવું;-ને માથે હોવું-લેવું-રાખવું,-ના જવાબદાર હોવું. *vi.* to take effect, succeed; refer to. લાગુ-પાર પડવું, સફળ થવું; સંબંધ હોવો-રાખવો. *n.* રીંછ.

Bear'a-ble, બેરેબલ્, *a.* that can be borne. ખમાય એવું.

Beard, બીર્ડ, *n.* (L. *barba*) hair on the chin. દાઢી; *vt.* to pull by the beard; defy.—ની દાઢી તાણવી-ઝાલવી; સામું થવું, મ્હોપર બોલવું-અપમાન કરવું.

Bear'er, બેરર, *n.* (L. *fero*) a carrier of any thing. લઇ જનાર, લાવનાર; ખાંધિયો; ધારણ કરનાર; ફળ આપતું ઝાડ.

Bear'ing, બેરિંગ, *n.* deportment, mien, relation. ચાલ, વર્તણુક; સંબંધ. [દબ, કડવા બોલું; રીંછના જેવું-સ્વભાવનું.

Bear'ish, બેરિશ, *a.* rough, rude; like a bear. બે અ-

Bĕast, બીસ્ટ, *n.* (L. *bestia*) animal without reason. જનાવર, હેવાન, પશુ. [સંબંધી, નિર્દય; મેલું.

Beast'ly, બીસ્ટલિ, *a.* like a beast, coarse. પશુ જેવું-

Beat, બીટ, *vt.* (AS. *beatan*) to strike repeatedly; to play on; break, bruise, pulverize; hammer, extend by beating; vanquish, overcome. મારવું, કુટવું; વગાડવું; ખાંડવું, વાટવું, ભુકો કરવો; ટીપવું, ટીપીને વધારવું; હરાવવું, જીતવું. *vi.* throb, dash with force. ધડકવું, ધબકવું; અફળાવું. *n.* a stroke; pulsation; a round; a place of resort. સપાટો, ઝપાટો, ધક્કો; ધડક ધડક થવું તે; ફેરો, ચક્કર; વારેવાર જવું આવવું થાય તે જગા.

Be-at'i-fy, બીઍટિફાઇ, *vt.* (L. *beatus* happy & *facere* to make) to make happy. પરમાનંદ-સ્વર્ગ સુખ-મોક્ષ આપવો. [પરમ સુખ, મુક્તિ, મોક્ષ.

Be-at'i-tude, બીઍટિટ્યૂડ, *n.* heavenly bliss. સ્વર્ગ-

Beau, બો, *n.* (Fr. *beau* fine) a fine gay man, fop. ફાંકડો–ઈશકી પુરૂષ, છેલ, લાલ, વણીગિચો.

Beau'ti-ful, બ્યુટિફુલ, *a.* (Fr. *beau* good) fair, lovely. રૂપાળું, રૂપવંત, શોભિતું, સુંદર. [સુશોભિત કરવું.

Beau'ti-fy, બ્યુટિફાઈ, *vt.* to make beautiful. રૂપાળું–

Beau'ty, બ્યુટિ, *n.* whatever pleases the eye. સુંદરપણું, શોભા, ખુબસુરતી; લીલા, ઠાઠ, ખુબી, ગુણ; રૂપાળો પુરૂષ; રૂપવંતી સ્ત્રી. [beauty. ચાંહલો, છુંદણું.

Beau'ty-spot, બ્યુટિસ્પૉટ, *n.* a spot to heighten

Bea'ver, બીવર, *n.* (AS. *beofer*) an animal and his fur; a hat. જળસ્થળચર રૂઆંવાળું પ્રાણી; એ જનાવરનાં રૂઆં; એનાં રૂઆંની ટોપી.

Be-calm', બીકામ, *vt.* (L. *be* & calm) to quiet; appease. સ્થિર–શાંત કરવું, ચેન પાડવું, સમાવવું; ચાલતું અટકવું –અટકી રહેવું. [that. કેમકે, કારણ કે, સબબ, તે માટે–થી.

Be-cause', બિકૉઝ, *con.* (*be* & cause) by reason

Beck, બેક, *n.* (AS. *becnian* to beckon) a sign with hand or head. હાથ કે માથાથી કરેલો અણસારો–ઈશારો.

Beck'on, બેકન, *vi.* to make signs to. સંકેત–ઈશારો–સાન–અણસારો કરવો.

Be-cloud', બીક્લાઉડ, *vt.* (*be* & cloud) to obscure. ઝાંખું પાડવું,–થી ઢંકાઈ જવું, ઝંખવી નાખવું.

Be-come', બીકમ, *vi.* (AS. *be* & *cuman* to come) to

happen, to be made. થવું, બનવું, થઈ જવું. *vt.* to suit, fit, befit. સારૂં દેખાવું, દીપવું, શોભવું.

Be-com'ing, બીકમિંગ, *a.* appropriate; graceful. યોગ્ય, ઘટિત, ઉચિત; શોભે-દીપે-ઘટે-છાજે એવું.

Bed, બેડ્, *n.* (AS. *bed*) sleeping place; bottom of a river; a layer; a plot of ground in a garden. બિછાનું, તળાઈ, પથારી; નદીનું તળિયું; થર, પડ; ક્યારો-રી. *vt.* to plant and inclose; to place in bed. રોપવું, ઘાલવું, દાટવું, પૂરવું; સુવાડવું. [ગોદડાં.

Bed'ding, બેડિંગ, *n.* materials of bed. બિછાનું, તળાઈ-

Bed'rid-den, બેડરિડન, *a.* confined to bed. ઘડપણ કે નબળાઈના સબબથી ખાટલે પડેલું-પડી રહેવું, ખાટલાવશ થયલું. [સુવાનો ઓરડો, શય્યાગૃહ.

Bed'room-cham-ber, બેડરૂમ-ચેમ્બર, *n.* sleeping room.

Bed'stead, બેડ્સ્ટેડ્, *n.* frame for bed. ખાટલો, પલંગ.

Bee, બી, *n.* (AS. *beo*) an insect that makes honey. મધમાખી. [માંસ.

Beef, બીફ, *n.* (L. *bos* an ox) flesh of an ox. ગાય-બળદનું

Beer, બીર, *n.* (AS. *beor*) malt liquor. બીર, જવનો દારૂ. [કે સફેત ગળ્યા સ્વાદનો એક કંદ.

Beet, બીટ, *n.* (Fr. *bette*) a garden vegetable. લાલ

Bee'tle, બીટલ, *n.* (AS. *bytl* mallet, *bitan* to bite) a mallet; an insect. મહોટી મોગરી; વાંદો. *vi.* to hang over; jut out. ઝઝુમી રહેવું; બહાર-આગળ નીકળવું-પડવું.

Be-fall', બીફૉલ, *vt.* (S. *befeallan*) to happen to, to occur to.–ઉપર આવી પડવું–વીતવું–ગુજરવું.*vi.*થવું,બનવું.
Be-fit', બીફિટ્, *vt.* (*be* & fit) to suit. યોગ્ય–લાયક હોવું.
Be-fool', બીફૂલ, *vt.* (*be* & *fool*) to lead astray, delude. ગાંડો બનાવવો, ભૂલથાપ દેવી–કરવી.

Be-fore', બીફોર, *pre.* (*be* & *fore*) in front of; in presence or sight of; preceding in time. સામું, સન્મુખ, આગળ; સમક્ષ, દેખતાં, રૂબરૂ, પ્રત્યક્ષ, આગળ; પૂર્વે, પહેલાં, અગાઉ. *ad.* in time preceding. અગાઉ.

Be-fore'hand, બીફોરહૅન્ડ, *ad.* sooner in time. આગળથી, પેહેલેથી. [કરવું.
Be-foul', બીફાઉલ, *vt.* (*be* & *foul*) to soil. ખડવું, મેલું
Be-friend', બીફ્રૅન્ડ, *vt.* (*be* & *friend*) to act as a friend, to favour. મિત્રતા રાખવી, મેહેરબાની–કૃપા રાખવી, ઉપકાર કરવો, મદદ આપવી.

Beg, બેગ, *vt.* (AS. *biddan* to ask) to entreat, to beseech; to ask in charity, to take for granted. કાલાવાલા–વિનંતિ–આજીજી કરવી–કરી માગવું, ભીખ માગવી, માગી ખાવું;ખરૂં ધારવું, ખરૂં છે એવું માની લેવું.

Be-get', બીગેટ્, *vt.* (*be* & *get*) to generate, to produce. જન્મ આપવો, જન્માવવું; ઉપજાવવું, ઉત્પન્ન કરવું,–થી ઉત્પન્ન થવું.

Beg'gar, બેગર, *n.* (AS. *biddan* to ask) one who

begs or lives by begging. ભીખારી, માંગનાર. *vt.* to bring to want. ભીખ માગતું કરી નાખવું.

Beg'gar-ly, બેગર્લિ, *a.* very poor; mean. નીચ; અધમ, પામર, કંગાલ; તુચ્છ, નજીવું.

Beg'gar-y, બેગરિ, *n.* indigence. ગરીબી, દરિદ્રાવસ્થા.

Be-gin, બીગિન, *vt.* (AS. *beginnan* to be) to take rise; to enter upon something new; to do the first act. આરંભવું, શરૂ-મંડાણ-ચાલુ કરવું, કરવા માંડવું.

Be-gin'ning, બીગિનિંગ, *n.* origin, commencement; the rudiments. આદિ-મૂળ કારણ, ઉત્પત્તિ, પ્રારંભ, મંડાણ, શરૂઆત; મૂળતત્વ, મૂળ પીઠિકા.

Be-gird', બીગર્ડ, *vt.* (AS. *be* & *gyrdan*) to surround. ચારપાસ ફરતું આવી રહેવું.

Be-gone', બીગૉન, *vi. int.* go away, depart. નિકળ, જા અહિંથી.

Be-grime', બીગ્રાઇમ, *vt.* (*be* & *grime*) to soil with dirt. ઉપર કાદવ ચોપડવો, ખરડવું.

Be-grudge', બીગ્રજ, *vt.* See Grudge.

Be-guile', બીગાઇલ, *vt.* (*be* & *guile*) to deceive; delude; to amuse. છેતરવું, ઠગવું, ફસાવવું; ખુશીમાં કાઢવું-ગુજારવું.

Be-half', બીહાફ, *n.* (AS. *behefe* profit) favour; advantage; cause, part. હિત; લાભ, અર્થ, બચાવ; પક્ષ, તરફ.

Be-have', બીહેવ, *vi.* (AS. *habben* to have) to act; to conduct. ચાલવું, વર્તવું, આચરવું.

Be-hav'iour, બીહેવિયર, *n.* conduct, a course of life. ચાલ, આચરણ, વર્તણુક, ચાલચલગત, ચાલચલણ.

Be-head', બીહેડ્, *vt.* (*be* & *head*) to cut off the head. માથું કાપી–વાઢી નાખવું, ગરદન મારવું, ડોકું ઉડાવી દેવું.

Be-hest', બીહેસ્ટ, *n.* (AS. *behæs* a vow) a command, an order. આજ્ઞા, હુકમ.

Be-hind', બીહાઇંડ, *pre.* (AS. *behindan*) at the back of, in the rear of. પાછળ, પછવાડે, પૂંઠે. *ad.* not exhibited to view. બાકી, બાકી રહેલું, નહિ બતાવેલું.

Be-hind'hand, બીહાઇંડહૅંડ, *ad.* in arrears. પાછળ–બાકી રહી–ચઢી ગયેલું.

Be-hold', બીહોલ્ડ, *vt.* (AS. *be* & *healdan* to hold) to see with attention. ધારીધારીને જોવું, નિહાળવું, નિરખવું. *int.* see ! lo ! જો ! જુઓ ! [આશિયાળું.

Be-hold'en, બીહોલ્ડન, *a.* indebted. ઉપકારી, આભારી,

Be-hold'er, બીહોલ્ડર, *n.* a spectator. જોનારા, અવલોકન કરનાર, નિરીક્ષક. [advantage. લાભ, ફાયદો, અર્થ.

Be-hoof, બીહૂફ, *n.* (AS. *behofian* to befit) profit,

Be-hove', બીહૂવ, *vt.* to be necessary to. અગત્યનું–જરૂરનું–ઘટતું–જોઇતું હોવું. ઘટવું.

Be'ing, બીઇંગ, *n.* (AS. *beon* to be) existence; living creature. હૈયાતી, સ્થિતિ, હોવાપણું, અસ્તિત્વ; પ્રાણી, જીવ; પરમેશ્વર. *ppr.* હોતાં, છતાં.

Be-la'bour, બીલેબર, *vt.* (*be* & *labour*) to ply diligently; to thump, to beat soundly. ઉદ્યોગથી કામે વળગવું, ખૂબ કામ-મહેનત કરવી; બહુ ઠોકવું-મારવું.

Belch, બેલ્ચ, *n.* (AS. *bealcan*) the act of ejecting wind from the stomach. ઓડકાડ, ઓડકાર.

Bel'dam, બેલ્ડૅમ, *n.* (Fr. *belle* fine & *dame* a woman) a hag. બદસુરત બૈરી, કુબજા.

Be-lea'guer, બીલીગર, *n.* (*Ger. be* & *lagern* to lay) to besiege. ઘેરો ઘાલવો, ઘેરી લેવું, ચારેપાસ વીંટળાઈ વળવું.

Bel'fry, બેલફ્રિ, *n.* (Fr. *beffroi* a watch tower) a place for bells. ઘંટાલય, ઘંટસ્થાન.

Be-lie', બીલાઈ, *vt.* (AS. *lig* lie) to speak falsely of. જુઠું બોલવું, બદગોઈ કરવી.

Be-lief', બીલીફ, *n.* (*be* & AS. *lyfan* to permit) credence, trust; faith; religion; opinion. ખરૂં માનવું તે, ભરોસો, ઈતબાર, પતીજ; વિશ્વાસ, ભાવ, ભાવના, શ્રદ્ધા, આકીન; ધર્મમાર્ગ, પંથ; મત, વિચાર.

Be-lieve', બીલીવ, *vt.* to trust in; to have faith; think. માનવું,-પર ભરોસો- વિશ્વાસ રાખવો; આકીન-શ્રદ્ધા-ભાવ રાખવો; ધારવું,- ને લાગવું.

Be-like', બીલાઈક, *ad.* (*be* & *like*) probably, perhaps. ઘણુંકરીને, કદાચિત, દૈવયોગે.

Bell, બેલ, *n.*(AS. *bellan* to bellow)a hollow vessel which sounds when struck. ઘંટ, ઘંટા, ઘુઘરો, ઘુઘરી.

Belle, બેલ, *n.* (L. *bellus*) a handsome lady. રૂપાળી–ફાંકડી–છેલ છબીલી સ્ત્રી, સુંદરી.

Belles-let'tres, બેલ્લેટર, *n. pl.* (Fr.) polite literature. અલંકારશાસ્ત્ર–વિદ્યા.

Bel-lig'er-ent, બેલિજરંટ, *a.* (L. *bellum* war & *gero* I wage) carrying war. લડાઈ–યુદ્ધ કરનાર–મચાવનાર–ચલાવનાર. *n.* nation at war. લડાઈ ચલાવનાર પ્રજા.

Bel'low, બેલો, *vi.* (AS. *bellan*) to roar like a bull. ભરાડવું. *n.* a loud cry. બૂમ, ભરાડા, ગર્જના.

Bel'lows, બેલોઝ, *n.* (AS. *baelg* a bag) a blowing machine. અગ્નિનો જોરો વધારવાની ધમણ.

Bel'ly, બેલિ, *n.*(AS. *bael*)the part of the body containing bowels. પેટ, ઉદર, કોઠો, જઠર. *vi.* to bulge, to project. ફુલવું, ઉપસવું.

Be-long', બીલૉંગ, *vi.* (Ger. *belangen* to come to) to be the property of, to adhere to.–નું–તાબાનું–હાથમાં–નું કામ હોવું;–ની હદમાંનું–પાસેનું હોવું; સંબંધ ધરાવવો.

Be-loved', બીલવ્ડ, *a.* (*be* & *loved*) greatly or much loved, dear. વહાલું, પ્યારૂં, પ્રાણ પ્રિય, વલ્લભ.

Be-low', બીલો, *pre.* (*be* & *low*) under in place; inferior to, lower than; unworthy of. કરતાં ઉતરતું–

નીચું; અયોગ્ય, અઘટિત, નાલાયક. *ad.* on the earth; in hell; in an inferior court. અહિંયાં, પૃથ્વીપર, આલોકમાં; જહાનમમાં, નર્કમાં; નીચલી-ઉતરતી કારટમાં.

Belt, બેલ્ટ, *n.* (L. *balteus*) a sash, girdle, band; bandage. પટો, કમ્મરબંધ-પટો, કંદોરો, કટિબંધ-મેખલા, પાટો.

Bench, બેંચ, *n.* (AS. *benc*) a long seat; a judge's seat; body of judges. પાટ, પાટલી, બાંક-ડો; ન્યાયાસન, ધર્માસન, ન્યાયાધીશને બેસવાની જગ્યા; ન્યાયાધીશ.

Bench'er, બેંચર, *n.* a senior in the English inns of court; a judge. ઇંગ્લાંડમાં ન્યાયસભાના વડીલ સભાસદ; ન્યાયાધીશ.

Bend, બેંડ, *vt.* (AS. *bindan* to bend) to make crooked; to direct; apply closely; subdue; to lean or turn; jut over; to bow. વાંકું કરવું-વાળવું, મરડવું; વાળવું, ફેરવવું, તરફ જવું; લગાડવું, ચોંટાડવું, ઘણો શ્રમ કરવો; તાબે-આધીન-દબી-નમી જાય તેમ કરવું; વાંકું થવું-વળવું, મરડાવું; વળવું, ફંટાવું, ફરવું; બહાર પડવું-નિકળવું; નમવું. *n.* a curve. વાંક, વળણ, રાંટ, ખાંચો.

Be-neath', બીનીથ, *pre & ad.* (AS. *be & neothan*) under; in lower place. તળે, હેઠળ; નીચે.

Ben'e-dict, બેનીડિક્ટ, *n.* (L. *bene* well & *dico* I say) a newly married man. નવો પરણેલો પુરૂષ.

Ben-e-dic'tion, બેનિડિક્શન, *n.* blessing; invocation of happiness; thanks. આશીરવાદ-વચન; દુઆ; ઈશ્વર-સ્તુતિ.

Ben-e-fac'tion, બેનિફૅક્શન, *n.* (L. *bene* & *facio* I do) charitable gift. ઉપકાર, આભાર, ધર્મદાન, કલ્યાણ.

Ben-e-fac'tor, બેનિફૅક્ટર, *n.* doer of kindness. ઉપકાર-કલ્યાણ કરનાર, પરોપકારી-પરગુણુ પુરૂષ, દાન આપનાર.

Ben'e-fice, બેનિફિસ, *n.* a church living. કુળ-ગામગોરને જે કંઈ ધર્માદા આપ્યું હોય તે, ઉપાધ્યાયની વૃત્તિ.

Be-nef'i-cence, બીનેફિસેન્સ, *n.* active goodness; bounty. પરોપકાર, પાડ, દયા, કૃપા.

Ben-e-fic'i-al, બેનિફિશિયલ, *a.* useful; advantageous. ઉપયોગી; ગુણકારી, લાભકારક, નફાવાળું.

Ben-e-fic'i-ar-y, બેનિફિશિયરિ, *n.* one who holds a benefice; one benefited by another. ધર્માદાનપર જેનું પોષણ થતું હોય તે; કોઈની સખાવતપર આધાર રાખનાર, પરાધીન, પરાશ્રિત.

Ben'e-fit, બેનિફિટ, *n.* advantage, profit. હિત, લાભ, નફો, ફાયદો. *vt.* do good to. કલ્યાણ-સારૂ-હિત કરવું.

Be-nev'o-lence, બીનેવોલન્સ, *n.* (L. *bene* well & *volo* I wish) disposition to do good; good done. સર્વેનું ભલું કરવાની ઈચ્છા, પરોપકાર-પરમાર્થ બુદ્ધિ, દયા.

Be-nev'o-lent, બીનેવોલંટ, *a.* having good will; kind;

affectionate. ભલું કરવાની ઈચ્છાવાળું, પરોપકારબુદ્ધિનું, પરગજુ, ભલું, દયાળુ.

Be-night′ed, બિનાઈટેડ્, *a.* (*be* & *night*) overtaken by night; involved in moral darkness. ચાલતાં જેને રાત પડી ગઈ હોય એવું; અજ્ઞાનરૂપી અંધકારમાં ઘેરાયલું.

Be-nign′, બીનાઈન, *a.* (L. *benignus*) kind; gracious; liberal. માયાળુ, અનુકૂળ, મેહેરબાન; સખી, ઉદાર, ઘોતાળ.

Bent, બેંટ, *n.* (AS. *bindan* to bend) inclination; tendency; application; a curve. ઈચ્છા રૂખ, રૂચિ, વલણ; મન લગાડવું–ચોંટાડવું તે; વાંક, વાંકાપણું, વક્રતા. *a.* curved. વાંકું, વક્ર, મરડાયલું, વળેલું.

Be-numb′, બીનમ, *vt.* (AS. *niman* to take) to deprive of feeling, stupify.–થી બહેર મારી જવું–જુઠું પડવું, ઠરી જવું, જડ કરી નાખવું, જડ–મંદ કરવું, સ્તબ્ધ થવું.

Ben-zo′in, બેનઝોઈન, *n.* a resinous juice. લોબાન.

Be-queath′, બીક્વીથ, *vt.* (O. S. *quethan* to leave to) to leave by will; to hand down to posterity. વીલથી વારસામાં આપી–ને સારૂ મૂકી જવું–વારસ ઠેરવવું; વંશ–છોકરાને માથે મૂકી મરી જવું.

Be-quest′, બીક્વેસ્ટ, *n.* thing left by will. વીલથી વારસામાં આપેલું તે, વારસો, વસિયત.

Be-reave′, બીરીવ, *vt.* (AS. *bereafian* to rob) deprive of. પાસેથી લઈ–છીનવી લેવું, વિનાનું–રહિત કરવું.

Ber'ry, બેરિ, (AS. *beria*) a pulpy & juicy fruit. રસવાળું ને માવાદાર ફળ.

Berth, બર્થ, *n.* (Ice. *byrdi* burden) ship's station; sleeping place; employment. વહાણ લંગરવારની કે જ્યાં પડેલું હોય તે જગા; વહાણમાં ઉંઘવાનો ઓરડો; ચાકરી; વહાણના માણસોને રહેવાનો ને જમવાનો ઓરડો.

Ber'yl, બેરિલ, *n.* (L. *beryllus*) a greenish mineral or gem. નીલમ, નીલમણી, પીરોજો.

Be-seech', બીસીચ, *vt.* (AS. *be* & *secan* to seek) to ask earnestly, to pray. કાલાવાલા–હાથ જોડિ આજીજી કરી માગવું; વિનંતિ–અરજ કરવી.

Be-seem', બીસીમ, *vt.* (*be* & seem) to become, befit. યોગ્ય હોવું, સારૂં દેખાવું, શોભવું, ઘટવું.

Be-set', બીસેટ, *vt.* (AS. *be* near & *settan* to place) to besiege; to perplex; to waylay. ઘેરી લેવું, ઘેરો-ઘાલવો, વિટળાઈ વળવું; ગુંચવવું, ગભરાવવું; રસ્તામાં લૂટવા-સારૂ સંતાઈ બેસવું.

Be-set'ting, બીસેટિંગ, *a.* habitually attending or harassing. સાથે રહેલું–વળગેલું, ગુંચવણમાં નાખતું.

Be-side', બીસાઈડ, *pre.* (*be* & side) at the side, on one side, not according to; near, over and above. લગતું–સંબંધ રાખતું નહિ, કામ નહિ હોવું; પાસે, જોડે, કને, સોડે; સિવાય, ઉપરાંત.

Be-sides', બીસાઇડ્ઝ, *pre. ad. con.* over and above; more than that. ઉપરાંત, સિવાય; વળી, બીજું એઉપરાંત.

Be-siege', બીસીજ, *vt.* (Fr. *assieger*) to lay siege to; beset. ઘેરવું, ઘેરો ઘાલવો;-થી ઘેરાઈ-ગભરાઇ જવું, ગભરાવું, અકળાવું.

Be-smear', બીસ્મીર, *vt.* (*be* & smear) to daub, soil. ખરાબ ચીકણી ચીજ ચોપડવી, લપેડવું, ખરડવું.

Be'som, બીઝમ, *n.* (AS. *besm*) a brush of twigs, broom. બુતારો, સાવરણો, ઝાડુ. [સુસ્ત-છાકટું કરવું.

Be-sot', બીસૉટ્, *vt.* (*be* & *sot*) to make sottish. ગાંડું-

Be-spat'ter, બીસ્પૅટર, *vt.* (*be* & spatter) to spatter over with water & dirt; to asperse with calum-ny. પાણીને કાદવથી છાંટવો-થી ભરવું-ખરડવું; નિંદા કરવી, ભુંડું બોલવું.

Be-speak', બીસ્પીક, *vt.* (*be* & speak) to speak for or engage beforehand; forebode; to show, indicate. અગાઉથી નક્કી કરી-કહી મુકવું-રાખવું, રાખી-કરી આવવું; અગાઉથી સૂચવવું-સૂચના થવી; ઉપરથી જણાવું.

Best, બેસ્ટ, *a.* (AS. *betest*) most good; most advanced; most complete, the best, one's best. સહુથી સારૂં, ઉત્તમ; સહુથી આગળ પડેલું,-માં સહુથી પ્રવીણ; બિલકુલ-છેક ખરૂં, સંપૂર્ણ; બને-થાય તેટલું-તેમ-તેવું. *ad.* in the highest degree; with the most ease,

બહુજ, અત્યંત; ઘણી સહેલાઈથી;-થી-કરવાથી ઘણો લાભ-
ગુણ થશે. [પશુ સરખું-તુલ્ય-ના આકારનું; મેલું.
Best'i-al, બેસ્ટિઅલ, *a.* (L. *bestia*) brutish, filthy.
Be-stir', બીસ્ટર, *vt.* (*be* & stir) to move quickly.
ઝટલઈને ચાલવું, સાવધ-જાગૃત થઈ જવું-રેહેવું.
Be-stow', બીસ્ટો, *vt.* (AS. *be* & *stow* a place) confer; lay up; give in marriage; apply; lay out. આપવું, અર્પણ-નું દાન કરવું; સંઘરવું, એકઠું કરવું; પરણાવવું, દેવું; લગાડવું, કાઢવું, આપવું, કરવું. વાપરવું, ખરચવું.
Be-strew', બીસ્ટ્રૂ, *vt.* (*be* & *strew*) to scatter over.
-ઉપર વેરવું-નાખવું.
Be-stride', બીસ્ટ્રાઈડ, *vt.* (*be* & *stride*) place one leg on each side of a horse or other object; to step over. ઘોડો પલંગીને બેસવું; ઓળંગી-કુદીને જવું-આવવું.
Bet, બેટ્, *n.*(AS.*bad* pledge)wager; stake. શરત,હોડ, શરતમાં મૂકેલી વસ્તુ. *vt.*to lay wager. શરત કરવી-બકવી.
Be-take', બીટેક, *vt.* (*be* & take) to have recourse to. પાસે-આશરે જવું, આશ્રય લેવો. ઉપાય-ઉપયોગ કરવો, મન લગાડવું,
Be'tel, બીટલ, *n.* (Fr. *betel*) a plant which is chewed. નાગરવેલ, પાનનો વેલો. B. leaf. પાન. B. nut. સોપારી B. root, પાનની જડ.

Be-think', બીથીંક, *vt.* (*be* & think) to call to mind. સંભારવું, યાદ કરવું.

Be-tide', બીટાઈડ, *vt.* (*be* & tide) to befall, to happen. ઉપર આવી પડવું-ગુજરવું-વિતવું; થવું.

Be-times', બીટાઈમ્ઝ, *ad.* (*be* & time) in good time. વખત-ટાકણુંાંસર, સવેળા, ખરી વેળાએ.

Be-to'ken, બીટોકન, *vt.* (*be* & token) to signify.-ઉપરથી જણાવવું-દેખાડવું,-ની સૂચના આપવી.

Be-tray', બીટ્રે, *vt.* (AS. *be* & *trado* I give up) to disclose or act treacherously;to fail, to deceive. વિશ્વાસઘાત કરવો, ફોડવું, કહી દેવું; વિશ્વાસઘાતથી હવાલે-સ્વાધીન કરવું; વિશ્વાસઘાત-દગો કરવો; ઉઘાડું કરવું-પાડવું, દેખાડવું; ભરોસો ન હોવો.

Be-troth', બીટ્રાથ, *vt.* (*be* & *troth* truth) pledge for marriage, affiance; espouse. વેવીશાળ-સગાઈ-ચાંલ્લા-લગ્નના કોલકરાર કરવા;-સાથે પરણવાનું નક્કી-નો ઠરાવ-કરાર કરવો, વિવાહ. [વિવાહ-લગ્નનો ઠરાવ-કરાર.

Be-troth'ment, બીટ્રોથમેંટ, *n.* contract of marriage.

Bet'ter, બેટર, *a.* (AS. *betera*) more good or advantageous. કરતાં-વધારે સારૂં-ચઢિયાતું-લાભકારક-ગુણકારી; સારૂં-સાજું થયલું. *vt.* to raise higher. સારૂં-ચઢિયાતું કરવું, સુધારવું; ટેકો આપવો, ફાયદો-મદદ કરવી.

Bet'ters, બેટર્સ, *n.* superior. ઉપરી, વડીલ.

Be-tween', Be-twixt', બીટ્વીન, બીટ્વીક્સ્ટ, *pre.* (AS. *be* & *twig* two) in the middle of two. બેની વચ્ચે-વચમાં, માં,–ની વચ્ચે, માંહોમાંહે.

Bev'el, બેવેલ *n.* (Fr. *buveau* to bend) a rule for taking angles. ખૂણા–કોણ લેવાનું–માપવાનું રૂલ–આંકણી. *a.* slanting. ત્રાંસુ, તીરકસ, વાંકું.

Bev'er-age, બેવરેજ, *n.* (L. *bibere* I drink) drink of any kind. પીવાનો પદાર્થ, પાન, શરબત.

Bev'y, બેવિ, *n.* (Fr. *bevee*) a flock of birds; a collection of persons. પક્ષીનું ટોળું–ઝુંડ; મંડળી,ટોળું, જથો.

Be-wail', બીવેલ, *vt.* (Ice. *be* & *vala* to lament) lament, grieve for. વિષે શોક–ખેદ–દલગીરી કરવી, સારૂ રડવું,–થી ઉદાસ થવું.

Be-ware', બીવેર, *vi.* (AS. *beweran* to guard) to be careful. સાવધ–થી દૂર રહેવું.

Be-wil'der, બીવિલ્ડર, *vt.* (*be* & wild) to puzzle, perplex, confuse. ગભરાવવું,ગુંચવવું,બાવરૂં–વ્યાકુળ કરવું.

Be-witch', બીવુઈચ, *vt.*(*be* & witch)enchant, please much. જાદુ–વશ કરવું,મૂઠ મારવી;મોહ પમાડવું,થી મોહ પામવું.

Bey, બે, *n.* (Turk. *beg* a chief) a Turkish governor. તુર્કસ્થાનમાં પ્રગણાંનો હાકેમ, સુબો.

Be-yond', બીયોંડ, *pre.* (AS. *be* & *geond* yond) further; before; out of reach of, past; above. પેલીતરફ–ગમ–મેર, આગળ, અગાડી; ઉપરાંત, થાય–કરાય નહિ

ઓવું, વગરનું, અણ; કરતાં વધારે. *ad.* at a distance. આઘે, પણે.

Bez'el, બેઝલ *n.* (Sp. *besel*) the part of a ring in which the stone is set. વીટીએ નંગ જડવાસારૂ કરેલું ખાનું-ઘર.

Bi'as, બાયસ, *n.* (Fr. *biais* a slope) leaning on one side; inclination. વલણ; મનની ઈચ્છા. *vt.* to incline to some side.-નું મન વાળવું-ફેરવવું, પક્ષપાતી કરવી,-ને લીધે ફરવું-ફરી જવું.

Bib, બિબ્, *n.* (Fr. *baver* slaver) a cloth under the chin. બાળકના લુગડાં ન બગડે માટે તેની છાતીપર લુગડાંનો કટકો બાંધવામાં આવેછે તે.

Bi'ble, બાઈબલ, *n.* (Gr. *biblos* a book) holy scriptures. ખ્રિસ્તી ધર્મ શાસ્ત્ર-પુસ્તક. [સંબંધી-ને લગતું.

Bib'li-cal, બિબિકલ, *a.* relating to Bible. બાઈબલનું-

Bib-li-og'ra-phy, બિબ્લિઑગ્રફિ, *n.* (Gr. *biblos* & *graphe* a writing)a history or account of books. ગ્રંથો ક્યારે થયલા એવગરે હકીકત.

Bi-cip'it-al, બાઈસિપિટલ, *a.* (L. *bis* two & *caput* the head) having two heads. બે માથાં-ડોકાંવાળું.

Bick'er, બિકર, *vi.* (W. *bicra* to fight) to wrangle, scold; quiver, to be tremulous. કંકાસ-ટંટો-ઠપાટપી-બોલાચાલી થવી; ફુજવું, કાંપવું, હાલવું.

Bi′corn, બાઈકૉર્ને, *a.* (L. *bis* two & *cornu* a horn) having two horns. બે શિંગડાંવાળું.

Bi′cy-cle, બાઈસિકલ, *n.* (L. bis & Gr. *kyklos* a circle) two-wheeled vehicle impelled by a rider. એક માણસ બે પગના ઠેસાથી ચલાવી શકાય એવી બે પૈંડાની ગાડી.

Bid, બિડ્, *vt.* (AS. *biddan* to ask) ask; order; offer. પુછવું, બોલાવવું, નિમંત્રણ કહેવું; ફરમાવવું, હુકમ કરવો, કહેવું; માગણી કરવી. *n.* an offer of a price. લીલામમાં માંગણી.

Bid′ding, બિડિંગ, *n.* an invitation. નિમંત્રણ, નોતરૂં; [આજ્ઞા; માગણી.

Bide, બાઇડ, *v.* See Abide.

Bi-dent′al, બાઈડૅંટલ, *a.* (L. *bis* & *dens* a tooth) having two teeth. બે દાંતવાળું, દ્વિદંત.

Bi-en′ni-al, બાયેનિઅલ, *a.* (L. *bis* & *annus* a year) happening every two years. દ્વિવાર્ષિક, બે વર્ષે થતું, બે વર્ષે જીવનાર. [મડદાં લઈ જવાની ગાડી, ખાટલી, ઠઠડી, ઠાઠડી.

Bier, બીર, *n.*(AS. *baer*)a carriage to bear the dead.

Biest′ings, બીસ્ટિંગઝ, *n. pl.* (AS.) first milk of a cow after calving. ગાયનું ખરૂં.

Big, બિગ્, *a.* (W. *bog* a swelling) large; pregnant; swelled; full, fraught; inflated. મહોટું, જાડું, મહાન; ગર્ભવંતી, ગાભણી; ભરેલું, ભરપૂર. અભિમાનનું, ગર્વનું, ગર્વદર્શક.

Big′a-mist, બિગૅમિસ્ટ, *n.* (L. *bis* & *gameo* I marry) one who has two wives or husbands. બે જીવતી સ્ત્રીવાળો કે બે જીવતા ધણીવાળી.

Big'a-my, બિગૅમિ, *n.* crime of having two wives or husbands. એકજ વખતે બે સ્ત્રી કે બે વર કરવા તે.

Bight, બાઇટ, *n.* (AS. *bige* a bending) a small bay; the coil of a rope. નહાનું અખાત; દોરડાનો વિંટો.

Big'ot, બિગટ, *n.* (Fr. *bigot*) obstinate partisan. વગર વિચારે હઠથી પોતાનાજ મતથી ચાલનાર પુરૂષ, કુરાગ્રહી–સ્વમતાગ્રહી જન. [મતવાદી.

Big'ot-ed, બિગટેડ્, *a.* unduly devoted. ધર્માંધ, કુરાગ્રહી,

Big'ot-ry, બિગટરી, *n.* blind zeal. ધર્માંધપણું, મતવાદ, કુરાગ્રહ. [પિત્ત.

Bile, બાઇલ, *n.* (L. *bilis*) bitter liquor from liver.

Bilge, બિલ્જ, *n.* (Gr. *belgan* to swell) swelling part of a cask; ship's bottom. પીપનો વચલો ઉપસેલો ભાગ, પીપનું પેટ–પેડું; વહાણના તળિયાનો ઉપસેલો ભાગ. *vi.* break & leak. વહાણના ઉપસેલા ભાગમાં ગાબડું પડવું.

Bil'i-ous, બિલિઅસ, *a.* (L. *bilis*) having excess of bile. પિત્તનું–વાળું–સંબંધી, જેને પિત્તનું જોર છે એવું.

Bilk, બિલ્ક, *vt.* (Sax. *bale*) to deceive or defraud. ઠગવું, દગો કરવો, નાઉમેદ કરવું.

Bill, બિલ્, *n.* (AS. *bil* an axe; *bile*) an instrument for pruning trees; a beak. દાતરડું, ધારિયું; ચાંચ; *vi.* to fondle. ચાંચે ચાંચ મેળવવી, ચાંચમાં ચાંચ ઘાલી લાડવું.

Bill, બિલ, *n.* (L. *bulla* a seal) an account, a note;

draft of a law. વેચેલા માલ કે કહેલા કામની કિમ્મત સુધ્ધાં યાદી, બીલ; વિગતવાર લખેલો કાગળ, યાદી, ટીપ; નવા કાયદાને સારૂ તૈયાર કરેલો ખરડો–મુસદ્દો–બીલ.

Bil'let, બિલેટ, *n.* a note; a log of wood. ચિઠ્ઠિ, ટિકીટ. છોડું, બાળવાને કરેલો લાકડાનો કકડો. *vt.* to quarter soldiers. સિપાઈઓને ચિઠ્ઠિવતી મુકામ જણાવવો.

Bill'i-ards, બિલિઅર્ડ્ઝ, *n. pl.*(Fr.) a game played on a table with balls and sticks. દડા અને દંડાથી મેજપર રમવાની એક રમત.

Bill'ings-gate. બિલિંગ્ઝગેટ, *n.* (from a market of this name in London) foul language. ગાળાગાળી, અપશબ્દ.

Bill'ion, બિલિયન, *n.* (L. *bis* & million) a million of millians. મહાપદ્મ.

Bil'low, બિલો, *n.* (AS. *belgan* to swell) a great wave. દરિયાનો મોજો–છોલ–તરંગ–હોડો. *vi.* to swell or roll like a wave. મોજા આવવા–ઉછળવા.

Bin, બિન, *n.* (AS. *bin*) a box for wine, corn &c. કોઠાર, કોઠી. પેટારો, કોથળો.

Bind, બાઇંડ, *vt.* (AS. *bindan*) to tie; gird; restrain, to oblige by a promise, vow, duty &c; to make costive; to form a border; to oblige to serve by contract. બાંધવું, જકડી લેવું; ઉપર કંઈ વિંટાળવું–લપેટવું; બાંધવું, અટકાવવું, બંધ કરવું; બાંધી લેવું,–થી

બંધાવું; કબજ-બંધ કરવું; થી કબજ રહેવું; ફોર-મગજ મૂકવી; કંઈ શરતથી રાખવું. *vi.* to grow hard. કઠણ થવું.

Bind'er, બાઇંડર, *n.* one who binds books; any thing that binds. ચોપડી બાંધનાર; પાટો, પટી, બંધ, દોરી.

Bind'ing, બાઇંડિંગ, *n.* bandage; cover of a book. પાટો, બંધ; ચોપડીની બાંધણી. *a.* obligatory; that binds. આવશ્યક, અગત્યનું; બંધનમાં લાવે એવું-લાવનારૂં.

Bin'na-cle, બિનેકલ, *n.* (Fr. *habitacle* a little lodge) a box in which ship's compass is kept. વહાણમાં હોકાયંત્ર રાખવાની પેટી.

Bi-noc'u-lar, બાઇનોક્યુલર, *a.* (L. *bis* double & *oculus* an eye) having two eyes or tubes. બે આંખવાળું, દ્વિનેત્ર; બન્ને આંખે જેવાનું.

Bi-no'mi-al, બાઇનોમીઅલ, *a.* (L. *bis* & *nomen* a name) having two names. બે નામથી ઓળખાયલું, બેપદવાળું, દ્વિપદ.

Bi-og'ra-phy, બાયોગ્રફિ, *n.* (Gr. *bios* life & *grapho* I write) life history. જન્મ વૃત્તાંત, ચરીત્ર વર્ણન-નિરૂપણ.

Bi'ped, બાઇપેડ, *n.* (L. *bis* & *pedis* foot) two-footed animal. બે પગું જનાવર-પ્રાણી.

Birch, બર્ચ, *n.*(AS. *birce*)a tree; a rod of twigs. એક જાતનું ઝાડ; શિક્ષા કરવાની સોટી.

Bird, બર્ડ, *n.* (AS. *bredan* to nourish) feathered animal. પંખી,પક્ષી,પંખેરૂં.

Birth, બર્થ, *n.* (AS. *beran* to bear) being born; lineage, descent. જનમ; ઓલાદ, વંશ, જાતિ, કુળ.

Birth'day, બર્થડે, *n.* an anniversary of birth. જન્મ દિવસ, વર્ષગાંઠ, સાલગીરી.

Bis'cuit, બિસ્કિટ, *n.* (L. *bis* & *cuit* to bake) bread baked hard. ઘઉંનો લોટ માખણ ને ખાંડની બનાવેલી રોટલી, બીસ્કુટ.

Bi-sect', બાઇસેક્ટ, *vt.* (L. *bis* & *seco* to cut) to cut in two. બેસરખા ભાગ–કુભાગ કરવા.

Bish'op, બિશપ, *n.* (Gr. *epi* over & *skopein* to view) head of diocese. ઉપરી–વડીલ પાદરી, ધર્માધ્યક્ષ.

Bish'op-ric, બિશપરિક્, *n.* bishop's office; diocese. વડીલ પાદરીનો હોદ્દો; ધર્માધિપતિના તાબાની જગા–અધિકાર.

Bit, બિટ્, *n.* (AS. *bitan* to bite) iron of bridle; a small piece; boring tool; morsel; a little. લગામનું ચોકડું; કટકો, કાણું પાડવાનું હથિયાર; કોળિયો; જરાપણ ભાગ.

Bitch, બિચ્, *n.* (Sax. *bicca*) a she-dog. કુત્રી.

Bite, બાઈટ, *vt.* (AS. *bitan*) to break with teeth; corrode; pinch, pain; reproach; to make to smart; cheat. કરડવું, બચકું ભરવું; કીટાઈ જવું; (ટાઢ) વાવી; મેણું મારવું, ઠપકો દેવો; ઉપર ચચરવું,—થી ઝણઝણવું; ઠગવું. *n.* seizure by teeth; morsel; a sharper. બચકું, ડંખ, દંશ; કોળિયો, ગ્રાસ; લુચ્ચો, ઠગ.

Bit'ter, બિટર, *a.* biting to taste; sharp; piercing, painful; calamitous. કડવું, કડું; દુઃખ લાગે એવું; સખત.

Bit'ter-ness, બિટરનેસ, *n.* a bitter taste; extreme hatred; severity; great distress, કડવાસ; શત્રુવટ; આકરાપણું; અતિશોક–દુઃખ.

Bi-tu'men, બિટ્યુમેન, *n.* (L.) mineral pitch. શિલાજીત.

Biv'ouac, બિવ્ઉવૅક, *vi.* (Ger. *bei* near & *wache* watch) to be on watch all night. આખી રાત પહેરો–ચોકી ભરવી.

Blab, બ્લૅબ્, *vt.*(D.)to tell a secret;tattle.વગર વિચારે છાની વાતો ફોડવી; વગર વિચારે બોલવું; લવારી કરવી, બકવું.

Black, બ્લૅક, *a.* (Sax. *blac*) dark; sullen; very wicked; dismal. કાળું; ક્રોધાયમાન; અતિદુષ્ટ; ઉદાસી ભરેલું. *n.* negro; darkest colour; mourning dress. હબસી, સીધી; કાળો રંગ; શોકના લુગડાં. *vt.* make black. કાળું–મેલું કરવું. [ખરાબ માણસ. *a.* vile. ખરાબ, નીચું, ભાંડ.

Black'guard, બ્લૅક્ગાર્ડ, *n.* a vile person. નીચું–હલકું–

Black'ing, બ્લૅકિંગ, *n.* a substance for blacking shoes. જોડા કાળા કરવાની શાહી. [જુગારી, ઠગારો.

Black'leg, બ્લૅક્લેગ, *n.* a notorious gambler & cheat.

Black'mail, બ્લૅક્મેલ, *n.* sum paid to robbers to ward off robbing. ચોર ચોરી–લૂટારા લૂટ ન કરે તેને માટે તેમને આપવામાં આવતું તે, પાળ, વળાવું.

Black'smith, બ્લૅક્સ્મિથ્, *n.* a worker in iron. લુવાર.
Black'wood, બ્લૅક્વુડ, *n.* a kind of wood. સિસમ.
Blad'der, બ્લૅડર, *n.* (Ice. *bladdra* a bubble) sac in body; blister. કોથળી, આશય, ફુકો; ફોલ્લો, ઝઝેલો.
Blade, બ્લેડ, *n.* (Sax. *bled* a leaf) the leaf of grass; cutting part of an instrument; flat of oar; a brisk man. ઘાસનું પાંદડું; પાનું, ફણુ; હલેસાંનો પહોળો છેડો; ચંચળ માણસ.
Blain, બ્લેન, *n.* (Sax. *blegen*) a tumour, pustule; blister. ફોલ્લો, ગોડ; ફોડ્યો, ળિસ્ટર.
Blame, બ્લેમ, *n.* (Gr. *blapsis* to hurt & *phemi* to speak) censure; fault. ઠપકો, દોષ; વાંક, ગુન્હો. *vt.* to find fault with. ઠપકો દેવો, ખોડ કાઢવી.
Blanch, બ્લૅન્શ, *vt.* (Fr. *blanc* white) to whiten; to evade. ઉજળું–સફેત ધોળું કરવું; છાલ–છોડાં કાઢી નાખવાં, દૂર રહેવું, ઉડાવવું, તજવું. [કોમળ.
Bland, બ્લૅંડ, *a.* (L. *blandus*) mild; gentle. નરમ,
Bland'ish, બ્લૅંડિશ, *vt.* to smooth, wheedle, caress. ચઢાવવું. લાડ લડાવવાં, મીઠી મીઠી વાત કરવી. [મીઠી વાત.
Bland'ish-ment, બ્લૅંડિશમેંટ, *n.* soothing speech. લાડ,
Blank, બ્લૅંક, *a.* (Fr. *blanc* white) void of writing; white, pale; confused; without rhyme; empty. નહિ લખેલું, કોરૂં; ફિકું, ઝાંખું; ગભરાયલું, આકુળ; અનુપ્રાસ

વગરની; ખાલી, કોરું. *n.* void; ticket without prize. ખાલી–કોરી જમા–ચિઠ્ઠી. [બળો, કામળો.

Blank'et, બ્લેંકેટ્, *n.* (Fr.) wollen bed cover. ધા-

Blas-pheme', બ્લૅસ્ફીમ, *vt.* (Gr. *blasphemeo*) to speak impiously of God. ઈશ્વરની–વિષે નિંદા કરવી–ખરાબ બોલવું; કોઈનું ભુંડું બોલવું–ની બદગોઈ કરવી.

Blast, બ્લૅસ્ટ, *n.* (Sax. *blæst* a puff) rush of wind; blight; explosion. પવનનો ઝપાટો; ઝાડમાં સળો, મરકી; નાશકારક અસર; ધડાકો, ફુંક, ફુંફાડો. *vt.* to wither; to cause to fail; to confound; to split rocks by gun-powder. કરમાવી–ચીમળાવી નાખવું; ભાંગી–તોડી પાડવું; ગભરાવવું; સુરંગથી ઉરાડવું–ફોડવું.

Blaze, બ્લેઝ, *n.* (Sax. *blase* a torch) flame; stream of light and heat; diffusion of report. ભડકો, ભભુકો, બળતું; ફેલાઈ જવું તે, ફેલાવો, ગડબડ. *vt.* to spread abroad; flame. ગજવવું, જાહેર પાડવું; બળવું, ભડકો થવો.

Bla'zon, બ્લૅઝન, *n.* (AS. *blæse* flame) show; publication. ભભકો, બતાવવું તે; મગટ–ખુલ્લું કરવું તે. *vt.* to adorn; make public; display. સણગારવું; મગટ–જાહેર કરવું; બતાવવું; કુલીનતાના ચિન્હોની આકૃતિ સમજાવવી.

Bleach, બ્લીચ, *vt.* (AS. *blac* pale) to make white. ધોઈને સફેત–ધોળું કરવું; નિખારવું.

Bleak, બ્લીક, *a.* open; cold, cheerless, exposed. ખુલ્લું, ખુલ્લી હવા આવતી હોય એવું; સુખકારક, શીતળ, ઠંડું.

Blear, બ્લીર, *a.* (Dan. *blære* a blister) dim with watery rheum, sore; tender. ચીપડાવાળી–પાણીઝરતી –ઝાંખી પડેલી–સુઝી આવેલી (આંખ).

Bleat, બ્લીટ, *n.* (Sax. *blætan*) sheep's cry. બકરાં–ઘેટાંનું બોલવું, બેં બેં. *vi.* to cry as sheep. બેં બેં કરવું.

Bleed, બ્લીડ, *vi.* (AS. *bledan*) to let blood; to die a violent death; to lose sap or gum.–માંથી લોહી વહેવું–ધડધડ નિકળવું, લોહી લોહીયાણ થઈ જવું; કમોતે–કપાઈ મરવું, અકાળ મૃત્યુ થવું;-માંથી રસ–ચીક–ગુંદર ઝરવો. *vt.* to take blood from. ફસ–રગ ખોલી લોહી કાઢવું.

Blem'ish, બ્લેમિશ્, *n.* (Fr. *blesme* pale) defect; disgrace, taint. ખોડખાપણ, એબ, ખામી; બટ્ટો, કલંક, અપજશ. *vt.* to disfigure, to impair; to mar, to injure, to defame. ખોડ–ખામી આણવી, કુરૂપ–બેડોળ કરવું, બગાડી નાખવું; ગેરઆબરૂ–ફજેતી કરવી.

Blench, બ્લેન્શ, *vi.* (Fr. *blanc* white) to shrink, to flinch. પાછું હઠવું, હઠી જવું. [ઠેવું, ભેળસેળ–મિશ્ર કરવું.

Blend, બ્લેંડ, *vt.* (S. *blendan*)mingle together. મેળવી

Bless, બ્લેસ, *vt.* (S. *blithe* merry) to wish happy; to praise. આશીર્વાદ દેવો,–નું શુભ–કલ્યાણ ચહાવું;સ્તુતિ–વખાણ કરવાં; ગુણ ગાવા.

Bless'ed, બ્લેસેડ, *a.* happy; holy. સુખી, કુશળ; પવિત્ર.

Bless'ing, બ્લેસિંગ, *n.* benediction; divine favour. આશીર્વાદ, દુવા; સુખ, લાભ; પ્રસાદ, બક્ષીસ.

Blight, બ્લાઈટ, *n.* (S. *blæcan* to bleach) a disease, mildew. ઝાડને થતો રોગ-સડો-ળો. *vt.* to blight; frustrate. વધે નહિ-ફળ ન લાગે એવું કરવું, કરમાવી નાખવું; તોડી પાડવું, ભંગ-નિષ્ફળ કરવું.

Blind, બ્લાઈંડ, *a.* (AS.) without sight or knowledge. અંધ, આંધળું; નિર્બુદ્ધ, અજ્ઞાની, અણસમજુ, હૈયાફુટું, વિવેકવિનાનું. *n.* screen. પડદો, ચક, અંતરપટ, અંધારી. *vt.* to make blind; darken. આંધળું-દૃષ્ટિહીન કરવું; ઝાંખું-કાણું-બુદ્ધિહીન-હૈયાફુટું કરવું, બુદ્ધિ ગુમ કરવી.

Blind'ness, બ્લાઈંડનેસ, *n.* want of sight or knowledge. અંધાપો; અજ્ઞાન, અવિવેક.

Blink, બ્લિંક, *n.* (AS. *blican* to dazzle) a wink. કટાક્ષ, નેનની અદા. *vt.* to evade; to see obscurely, wink. ઉડાવવું, આંખ આડા કરવા; ચુંખળી-ચુંચળી આંખ કરી જોવું; આંખ મીચામણાં કરવાં.

Bliss, બ્લિસ, *n.* (AS. *blidhs* joy) intense happiness. સ્વર્ગ-પરમ-અત્યંત સુખ, અત્યાનંદ. [સુખનું.

Bliss'ful, બ્લિસફુલ, *a.* very happy, blessed. પરમ

Blis'ter, બ્લિસ્ટર. *n.* (AS. *blæsan* to blow) a thin bladder on the skin; a vesicatory. ફોડિયો, ઝઝેલો;

ઝઝેલા ઉઠાડવા મારેલી આગળી—ચોપડેલું ઓસડ. *vt.* to raise blisters; rise in blisters. ઝઝેલા ઉઠાડવા.

Blithe, Blithe'some, બ્લાઇધ, બ્લાઇધસમ, *a.* gay, airy, joyous, merry. આનંદી, મોજી, હસમુખું, રંગીલું.

Bloat, બ્લોટ, *vt.* (S. *bloed* to blow) to swell; puff up. સુજવું, ઉપસવું, ફુલી જવું; ફુલાવવું, ચઢાવવું, અભિમાની કરવું. [આવેલું, ફુલેલું.

Bloat'ed, બ્લોટેડ, *a.* puffed, swelled. સુજી—ઉપસી

Blob'ber, બ્લૉબર, *n.* a bubble. પરપોટો; જાડો હોઠ.

Block, બ્લૉક, *n.*(Fr. *bloc*)a log;a row of buildings; pulley; obstruction; stupid fellow. લાકડાનો જાડો ને પહોળો કકડો, ઠીમચું—સું; કાપો, કાપી, ઘરેડી; ઘરોની હાર—ઓળ; અડચણ, હરકત, નડતર; મૂર્ખ—ઠોઠ પુરૂષ; જેપર ટોપી બનાવામાં આવે તે, માથું; જેપર અપરાધીનું માથું કાપી નાખવામાં આવેછે. *vt.* stop up, obstruct. બંધ કરવું, અટકાવવું.

Block-ade', બ્લૉકેડ, *n.* close siege. ઘેરો, નાકેબંધી, ઘેરી લેવું તે. *vt.* shut up. ઘેરો ઘાલવો,—ના નાકાં બંધ કરવાં, ઘેરવું.

Block'head, બ્લૉકહેડ, *n.* a person of dull intellect. મૂર્ખ, અનાડી, પથરો, ઠોઠ. [ડાનો કિલ્લો.

Block'house, બ્લૉકહાઉસ *n.* a wooden fortress. લાક-

Blonde, બ્લૉંડ, *n.* (Fr. *blond* yellowish) a fair woman. ગોરી સ્ત્રી.

Blood, બ્લડ, *n.* (AS. *blod*) the red fluid in veins;

kindred; royal lineage; honourable birth; slaughter, murder. લોહી; સગપણ, સગાઈ, વંશ, તુકમ; રાજવંશ; ઉંચ કુળ, આબરૂદાર–સારૂં ઘર; ખૂન.

Blood'shed, *n.* slaughter. કતલ, ખૂનરેજી. [લાલચોળ.

Blood'shot, *a.* red and inflamed. લોહીથી ભરેલી,

Blood'suck-er, બ્લડસકર, a leech; a cruel man. લોહી ચુસનાર પ્રાણી, જળ; ખૂની માણસ. [લોહીનું તરસ્યું.

Blood'thirs-ty, બ્લડથર્સ્ટિ, *a.* eager for blood. ખૂની,

Blood'vess-el, બ્લડવેસલ, *n.* artery, vein. નસ,રગ,શિરા.

Blood'y, બ્લડિ, *a.* stained with blood; murderous; attended with bloodshed. લોહીથી ખરડાયલું, લોહીલોયાણ; ખૂની, ક્રૂર; ખૂનરેજીની.

Bloom, બ્લૂમ, *n.* (Ice. *blomi* a flower) blossom; the opening of flowers; the state of youth, prime of life. મોર, ફુલ; ખિલવું–પ્રફુલ્લીત થવું તે; ખુબસુરતીનું ખિલી નિકળવું તે, બહાર, ભર–નવું જોબન. *vi.* to blossom. મોર–ફુલ આવવાં–લાગવાં, ખિલવું, જોબનમાં આવવું.

Bloss'om, બ્લૉસમ, *n.* (AS. *blosm*) the flower of plants. મોર, ફુલ. *vi.* to bloom. ખિલવું, ફુલવું, ફુલ આવવાં–લાગવાં.

Blot, બ્લૉટ, *vt.* (Ice. *bletta* to stain) to spot; obliterate; efface, destroy; tarnish.–ઉપર ડાઘો–છાંટો–ડપકો પાડવો; છેકવું, ચેરવું; ભુસી–કાઢી નાખવું, મટાડવું, મનમાં ન રાખવું; બટ્ટો–ડાઘ લગાડવો. *n.* spot; obliteration;

a stain, disgrace. ડાઘો, ડપકો; છેકી-ચેરી નાખવું તે; બટ્ટો, બદનામી. [spot. ગોડ, ગુમડું, ફોલ્લો, ચાઠું.

Blotch, બ્લૉચ્, *n.* (AS. *blaco* a blow) eruption;

Blow, બ્લો, *n.* (G. *bliuwan* to strike) a stroke; calamity; hostility; fly's egg. ગુક્કો, ઠોંસો, ફટકો, ઝપાટો, ટપલો, ધપ્પો; આફત, ગજબ, અનર્થ, ધોકો, ધક્કો; લડાઇ, મારામારી; માખીના ઇંડાં. *vt.* to throw wind upon; to drive, impel; sound; spread. વા નાખવો, ફુંકવું, વિંજવું; ધસડી લઇ જવું; વાજું વગાડવું; ફેલાઇ જવું, ખુલ્લું કરવું. *vi.* to emit air; pant; sound. વાવું, ફુંકવું; હાંફવું; વાજું વગાડવું. [ખિલવું, ફુલ આવવાં.

Blow, બ્લો, *vt.* (AS. *blowian* to bloom) to bloom.

Blub'ber, બ્લબર, *n.* (D. *bobbel* bubble) fat of whales. મગરમચ્છની ચરબી. *vi.* to weep so as to swell the cheeks. ગાલ ફુલે એવી રીતે રડવું.

Blud'geon, બ્લડજન, *n.* (Goth. *bliggvan* to strike) heavy stick. સોટો, ડાંગ, ડંડુકો.

Blue, બ્લ્યૂ, *a.* (S. *bleo*) sky coloured. વાદળી-આસ્માની રંગનું. *n.* one of the primary colors. વાદળી-આસ્માની રંગ. *vt.* to die blue. વાદળી રંગનું કરવું.

Blue-stock'ing, બ્લ્યૂસ્ટૉકિંગ, *n.* a lady pedant. વિદ્યાનું ડોળ ઘાલનારી સ્ત્રી. [per. મોરથુથુ.

Blue-vit'ri-ol, બ્લ્યૂવિટરિઅલ, *n.* sulphate of cop-

Bluff, બ્લફ, *n.* (O. E. *bloughty* swelled) steep cliff. સમુદ્ર કે નદીના પાણી તરફ ઝોકા ખાતો ઉંચો કિનારો. *a.* swelled;blustering.ઉપસી-ફુલી આવેલું; બડાઈ હાંકનાર.

Blun'der, બ્લંડર, *n.* (Ger. *blenden* to blind) error. મ્હોટી ભૂલ-ચૂક-ગોથું. *vi.* to mistake grossly; to err through want of care or deliberation. ભૂલ-ચૂક કરવી, મહોટું ગોથું ખાવું; વગર વિચાર્યું બોલવું, બકવું.

Blun'der-bus, બ્લંડરબસ, *n.* (*blunder* & D. *bus* a tubě) a short gun with large bore. મહોટા મ્હો વાળી ટુંકી બંદુક.

Blunt, બ્લંટ, *a.* (*ambluno* to dull) not sharp; dull in understanding; abrupt, rude. બુઠું, ધાર કે અણી વગરનું; કોડ, ઠ, બૂબક; અસભ્ય, તોછડું. *vt.* to dull; depress.બુઠું-ધાર વગરનું કરવું;-નો જુસ્સો-અસર ઓછી કરવી.

Blur, બ્લર, *n.* (*blaar* blister) a blot, spot, stain. ડાઘ, ડાઘો, ડપકો. *vt.* ડાઘ લગાડવો-પાડવો.

Blurt, બ્લર્ટ, *vt.* (Ice. *blaer* a blast) to utter inadvertently. ઉતાવળ- લપલપ કરી બોલવું-બોલી ઉઠવું.

Blush, બ્લશ, *vi.* (AS. *ablisian*) to redden in the face. શરમથી મ્હો લાલ થઈ જવું, શરમાવું, ફીકું-ઝાંખું પડી જવું, શરમ-લાજ લાગવી; રાતારંગથી ખિલવું-દીપી રહેવું. *n.* rush of color in face; red color. મહોપર આવતી લાલાસ; રતાસ, લાલ રંગ.

Blus'ter, બ્લસ્ટર, *vi.* (AS. *blæst* a blowing) to roar; swagger; bully. પવનના સુસવાતા થવા; મ્હોટેથી બોલ્યાં કરવું, પતરાજી–ફુલાસ મારવી. *n.* roar; tumult; boast, swagger. જબરો–ઘણો પવન, સુસવાટો, ઝપાટો; બડાઈ.

Bo'a, બોઆ, *n.* (L. *bos* cow) a large serpent. અજગર.

Boar, બોર, *n.* (S. *bar*) a male swine. ડુક્કર, ભુંડ, સુવર.

Board, બોર્ડ, *n.* (S. *bord* broad) plank; table; food, council; a frame for a game. પાટિયું, લાકડાનો તખતો; મેજ; ભોજન, ખાનપાન, ખોરાકી; સભા, મંડળી; બાજી, પટ, ચોપટ. *vt.* to cover with planks; take ship by force; furnish food and lodging. ઉપર પાટિયાં જડવાં; લડતાં લડતાં વહાણપર–માં ચઢી જવું; પૈસા લઈને ખાનપાન પૂરૂં પાડવું ને સુવા બેસવાં દેવું.

Boast, બોસ્ટ, *n.* (W. *bostiaw* to brag) a vaunting speech; the cause of boasting. બડાઈ, પતરાજ, ગર્વ; અભિમાન કરવા જેવી–ફુલવાની વાત. *v.* to brag; glory in. શેખી–ફુલાસ કરવી–મારવી; અભિમાન રાખવું–કરવું, ફુલાવું.

Boat, બોટ, *n.* (S. *bat*) a small open vessel. મછવો; હોડી, નાવ, નૌકા. *vt.* to convey in a boat. હોડીમાં નાખી લઈ જવું.

Boat'swain, બોટસ્વેન, *n.* a petty officer over ship's boats &c. ટંડેલ, સરંગ.

Bob, બૉબ્, *n.* (Gael. *bab* a tuft) a pendant; a blow; a short wig; a jest. ઝુમખો, લોલક; આચકો;

ટુંકીબાલની ટોપી; મશ્કરી. *vi.* to dangle. આમ તેમ ડોલવું-હાલવું-લટકવું-લબડવું-ઝુલવું. [વિંટાળવાની ફિરકી.

Bob'bin, બૉબિન, *n.* a pin for winding thread. દોરો

Bock'ing, બૉકિંગ, *n.* a kind of baize. એક જાતની ધાબળી.

Bode, બોડ, *vt.* (S. *bod* a command) to presage, foreshow, portend. અગાઉથી જણાવવું-સૂચના કરવી.

Bod'ice, બૉડિસ, *n.* (AS. *bodig*) a sort of stays. ચોળી, કાંચળી, બાઈડીઓનો કબજો-બદન.

Bod'i-ly, બૉડિલિ, *a.* corporeal; real, actual. શરીર સંબંધી; ખરેખરૂં, વાસ્તવિક.

Bod'kin, બૉડકિન, *n.* (W. *bidog* short sword) a dagger; blunt needle; an instrument to bore holes. ખંજર; મ્હોટી સોય-સોયો; સ્હોર પાડવાનું હથિયાર.

Bod'y, બૉડિ, *n.* (S. *bodig*) the frame of animal; trunk; a person; reality; mass; main part; system; the main army; a substance; strength. શરીર, કાયા; ધડ, અંગ; માણસ; સત્વ, મૂળ-ખરી વસ્તુ; મંડળ, સમાજ, સમસ્ત, માત્ર; મુખ્ય ભાગ; સંગ્રહ; સેના, લશ્કર; ચીજ, વસ્તુ; કસ, જીવ.

Bod'y-guard, બૉડિગાર્ડ, *n.* a guard of the person. શરીર-પ્રાણનું રક્ષણ કરનાર, હજુરના રખવાળ.

Bog, બૉગ, *n.* (Ir. *bog* soft) a fen, morass. પગ કળી જાય એવી પોચી જમીન, ધાસવાળું કળાણ.

Bog′gle, બૉગલ, *vt.* or *i.* to hesitate from fear of difficulties. અડચણ ને ધાસ્તીથી મન ધચુપચું રાખવું, આનાકાની કરવી. [lin. ભડાઉ, ધોધર, હાઉ.

Bo′gle, Bo-g′gle, બોગલ, બૉગલ, *n.* a bugbear, a gob-

Boil, બૉઇલ, *vt.* (L. *bulla* a bubble) to be agitated by the action of heat or by any other cause; to be fervid, to be boiling in liquid. ઉકળવું, ખળખળવું; ઉભળવું, નીચું ઉંચું થવું; તપી જવું, તામસ કરવો, ઉકળવું; ચડવું, બફાવું, રંધાવું, સિજવું. *n.* (AS. *bile*) a sore, angry swelling. ગુમડું, ગોડ.

Boil′er, બૉઇલર, *n.* a vessel for boiling. ઉકાળવાનું વાસણ, ચરૂ, કડા, બાફનો ડબ્બો.

Claim, ક્લેમ, *n.* (L. *clamo* I cry out) demand as of right. હકની માગણી, હક, દરદાવો. *vt.* to demand as due. હકથી-કરીને માગવું,-નો ઉપર દાવો કરવો, હકદાર-લેણદાર-દાવેદાર તરીકે માગવું.

Claim'ant, ક્લેમંટ, *n.* one who claims or has a claim. હકથી માગનાર, હક ધરાવનાર, હકદાર, દાવેદાર.

Clair-voy'ance, ક્લેરવૉયન્સ, *n.* (Fr.) clear-seeing, a mesmeric imposture. અતિન્દ્રિયદર્શી-દ્રષ્ટાપણું.

Clam, ક્લૅમ્, *vt.* (S. *geliman* to glue) to smear with viscous matter, to glue, to lime. ચિકણા પદાર્થથી ઉરકત કરવી-ચોંટવું.

Clam'ber, ક્લૅમ્બર, *vi.* (Ger. *klammern* to clasp) to climb with difficulty. મહા મહેનતે—ઝાલી ઝાલીને—હાથ પગથી ટેકણ કરીને ચઢવું. [ચીકણું; ચોંટી રહે તેવું.

Clam'my, ક્લૅમિ, *a.* (see clam) sticky, viscous.

Clam'our, ક્લૅમર, *n.* (L. *clamo* I cry out) noise. ઘોંઘાટ, શોર, પોકાર, બૂમાટ. *vi.* to make noise. ઘોંઘાટ કરવો, બૂમ પાડવી, બૂમ પાડી ફરિયાદ કરવી. [નાર; ફિસાદી.

Clam'or-ous, ક્લમરસ, *a.* noisy; turbulont. ઘોંઘાટ કર-

Clamp, ક્લૅમ્પ, *n.* (S. *clam* a bondage) an iron fastening. ચાપડો, જોરપટી, લાકો. *vt.* to strengthen by a clamp. ચાપડાથી સજ્જડ—નક્કી કરવું, બંધનમાં લેવું.

Clan, ક્લૅન, *n.* (Ir. *clann* tribe) family, race, tribe, soct, a clique. કુળ, કોમ, ગોત્ર, એક સરદારના હાથનીચે એકઠાં થયલાં ઘર; ટોળી, પક્ષ, એકસંપ મંડળી.

Clan·des'tine, ક્લૅનડેસ્ટિન, *a.* (L. *clam* hidden) concealed. છાનું, છુપું, ગુપ્ત, ખાનગી, ચોરીનું.

Clang, Clank, ક્લૅંગ, ક્લૅંક, *n.* (L. *clangor* a sharp sound) a shrill sound. ખણખણાટ. *vi.* to make a shrill sound. ખણખણાવવું.

Clap, ક્લૅપ, *n.* (S. *clappan*) a striking of hands; a noise; a stroke; a burst of sound. શાબાશીની તાળીઓ— તાબોટા; ધબાકો; ઝપાટો; કડાકો, મહોટો અવાજ. *vt.* to strike together; applaud. ધબલઈને અથડાવવું —અફાળવું; શાબાશીની તાળીઓ પાડવી.

Clap'-trap, કલૅપટ્રૅપ, *n.* a trick or device to gain applause. શાબાશી મેળવવા કરેલું, ઠગાઇ–છળ–કપટ ભરેલું.

Clar'et, કલૅરેટ્, *n.* (Fr. *clairet*) a French wine. એક જાતનો દારૂ.

Clar'i-fy, કલૅરિફાઇ, *vt.* (L. *clarus* clear & *facio* I do) to make clear. શુદ્ધ–સાફ–નિર્મળ–શોધન કરવું, શોધવું, ધોવું. [pet, એક પ્રકારનું ભુંગળી જેવું વાજું.

Clar'i-on, કલેરિઅન, *n.* (L. *clarus*) a kind of trum-

Clash, કલૅશ, *n.* (Gr. *klazo*) noisy collision; opposition. સામસામું અફળાવું–અથડાવું–પછાડવું તે; સામસામો ભાવ, વિરૂદ્ધતા, ઉલટાપણું. *vi.* to strike or drive against with force; to come in collision. સામસામું અથડાવું; વિરૂદ્ધ આવવું–હોવું. [સામસામાભાવવાળું.

Clash'ing, કલૅશિંગ, *a.* contrary, opposite. ઉલટું, વિરૂદ્ધ,

Clasp, કલૅસ્પ, *n.* (S. *clyppan*) a hook; a close embrace. બે વસ્તુને એકઠી રાખવાનો ચાપડો–હુક; બાથ, આલિંગન. *vt.* to embrace; to hold fast. ભેટવું, બાથમાં ભીડવું, આલિંગન કરવું; ચાપડાથી જોડવું–બંધ કરવું.

Class, કલૅસ, *n.* (L. *classis* class) a rank; an order. વર્ગ, પ્રકાર; જાતિ.

Class, Class'i-fy, કલૅસ, કલૅસિફાઇ, *vt.* to arrange in groups. ગુણપ્રમાણે વર્ગ–પ્રકાર પાડવા, વર્ગણી કરવી.

Class'ic, ક્લૅસિક્, *n.* an author of rank. ઉત્તમ પ્રતિનો ગ્રંથકાર-ગ્રંથ, ઉત્તમ ગ્રંથમાં પ્રવીણ પુરૂષ. *a.* relating to authors of high rank. ઉત્તમ, સરસ, પ્રાચીન ગ્રીક કે રોમન લોક-ગ્રંથકારસંબંધી; શુદ્ધ, સંસ્કારવાળું, અવ્વલ પ્રતિનું.

Clat'ter, ક્લૅટર, *n.*(S.*clatrung* anything that makes a clatter) quick rattling noise. ખણખણાટ, ખડખડ.

Clause, ક્લૉઝ, *n.* (L. *claudo* I shut) part of a sentence, contract, will &c. અંગ-ઉપવાક્ય, વાક્ય, કલમ.

Claw, ક્લૉ, *n.* (S.) a hooked nail. પશુપક્ષીના નહોર-પંજા. *vt.* to tear with the nails. નહોરથી ચીરવું-ઉઝે-ડવું, નહોર મારવા-પાડવા.

Clay, ક્લે, *n.* (S. *clæg*) sticky earth. ચીકણી માટી. *vt.* to cover or manure with; to purify & whiten with. માટી ચોપડવી-નું ખાતર કરવું; માટીથી ખાંડને ધોવી-સ્વચ્છ કરવી. [large sword. મ્હોટી તલવાર.

Clay'more, ક્લેમોર, *n.* (Gael. *claid-heamh-mor*) a

Clean, ક્લીન, *a.* (L. *clæn*) not dirty; pure; complete. નિર્મળ, ચોખ્ખું, નિતરૂં; પવિત્ર, પાપરહિત, શુદ્ધ; ચતુર, ચતુરાઈ-સફાઈવાળું; બરાબર, પૂર્ણ, સંપૂર્ણ. *ad.* entirely; dexterously. છેક, તદ્દન, બધુંએ, બિલકુલ;ચતુરાઈ-સફાઈથી. *vt.* to free from dirt. સ્વચ્છ-સાફ કરવું, કચરો-મેલ કાઢી નાખવો. [સફાઈ, સ્વચ્છતા, પવિત્રતા, ચોખ્ખાઈ.

Clean'li-ness, ક્લેનલિનેસ, *n.* neatness, purity. સુઘડતા,

Cleanse, કલેન્ઝ, *vt.* to purify. સાફ કરવું, માંજવું, ધોવું; પાપ-ચેપ-દોષ-મળરહિત-શુધ્ધ કરવું.

Clear, ક્લીઅર, *a.* (L. *clarus*) open, unclouded; innocent; pure; plain; discriminating; without diminution; distinct. ઉઘાડું, વાદળાવનાનું; નિર્દોષ, નિરપરાધી; સ્વચ્છ, નિર્મળ; સાફ, ખુલ્લું, સ્પષ્ટ; તીવ્ર, ભેદ જાણે એવું, વિવેચનશક્તિવાળું; ચોખ્ખો (નફો); સાફ સંભળાય તેવું; અડચણ-નડતર શવાયનું, નિર્ભય. *vt.* to render bright, intelligible or audible; to cleanse; acquit; remove obstruction; to make as profit. ચોખ્ખું-સ્વચ્છ કરવું; સમજાય તેવું કરવું; સંભળાય એવું કરવું; સાફ કરવું, ભેગ-મળ-કચરો કાઢવો; નિરપરાધી ઠેરવવું; હરકત-નડતર વગેરેથી મુકત કરવું, ચોખ્ખો-ખર્ચ કાઢતાં નફો કાઢવો.

Clear'ance. ક્લીઅરન્સ, *n.* a permit to sail. વહાણ હંકારવાની પરવાનગી. [ખરૂં-વાજબી ઠરી આપવું તે.

Clear'ing, ક્લીઅરીંગ, *n.* a justification, vindication.

Cleave, ક્લીવ, *vi.* (S. *clifian*) to stick; to adhere with strong attachment. ચોટી-બાઝી-વળગી-જોડાઇ રહેવું; સ્વાર્થે કે હેતથી જોડાયા રહેવું-હોવું. *vt.* (S. *cleafan*) to split. ફાડવું, ચીરવું, ભેદવું, ચીરો-ફાટ પાડવી.

Cleav'er, ક્લીવર, *n.* a butcher's axe or chopper. કસાઇનો ચીરવાનો છરો; ચીરનાર, ફોડનાર.

Cleft, કલેફ્ટ, *pp.* or *a.* split, divided. ચીર-ફાટવાળું, ચીરાયલું. *n.* a crack, a split. તરડ, ફાટ, ચીર-રો.

Clem′en-cy, ક્લેમન્સી, *n.* (L. *clemens* mild) readiness to forgive, mercifulness; mildness of temper, leniency. રહેમદીલ–નજર, દયાભાવ, ક્ષમા; નરમ સ્વભાવ–પ્રકૃતિ, સુશીળતા.

Clem′ent, ક્લેમેંટ, *a.* mild; kind. નરમ સ્વભાવવાળું; દયાળુ.

Clench, ક્લેન્શ, see Clinch.

Clep′sy-dra, ક્લેપ્સિડ્રા, *n.* (Gr. *klepto* to steal & *hydor* water) water-clock. પાણીનું ઘડિયાળ.

Cler′gy, ક્લર્જિ, *n.* (Gr. *kleros* a lot) the ministers of the gospel. પાદરીલોક, ખ્રિસ્તિ ધર્મોપદેશક મંડળ–સમૂહ.

Cler′i-cal, ક્લેરિકલ, *a.* pertaining to clergy or writer. ખ્રિસ્તિ ધર્મોપદેશક–નકલ કરનાર–મહેતા–કારકુન સંબંધી.

Clerk, ક્લાર્ક, *n.* a clergyman; a writer, a penman; a scholar; a parish officer. પાદરી; મહેતો, કારકુન, લેખક, લહિયો, મુત્સદ્દી; પંડિત, વિદ્વાન.

Clev′er, ક્લેવર, *a.* (L. *gleau* skilful) dexterous, skilful, smart. હોંશિયાર, ચાલાક, ચતુરાઈવાળું.

Clew, ક્લ્યૂ, *n.* (See Clue).

Click, ક્લિક્, *n.* (Dut. *klikken*) a sharp noise. ટક-ટક ટકટક. *vi.* to make sharp noises. ટકટક કરવું.

Cli′ent, ક્લાઈઍંટ, *n.* (Gr. *kluo* to hear) attorney's employer; a dependent. વકીલનું ઘરાક, અસીલ; આશ્રિતજન. [a precipice. ઉંચો ઉભો ખડક–કરાડો.

Cliff, ક્લિફ્, *n.* (S. *clifian* to cleave) a steep rock,

Cli-mac'ter, Cli-mac-ter'ic, ક્લાઇમૅક્ટર, ક્લાઇમૅક્ટરિક્, *a.* (Gr. *klimax* a ladder) a critical period of human life. છંદગીમાં અણીના સમય.

Cli'mate, ક્લાઇમેટ, *n.* (Gr. *klima* slope) a region; temperature. દેશ, પ્રદેશ; હવા, હવાપાણી.

Cli'max, ક્લાઇમૅક્સ, *n.* (Gr.) grada'tion; the highest point. ઉત્તરોત્તર વૃદ્ધિ, સારાલંકાર; સીમા, ટોચ.

Climb, ક્લાઇમ, *vi* or *t.* (S. *climban*) to mount by the hands & feet. હાથપગવડે-માથાકૂટે-શ્રમથી-ધીમે ધીમે ચઢવું.

Clime, ક્લાઇમ, *n.* (Gr. *klima* a climate) a tract, a climate. દેશ, પ્રદેશ, પૃથ્વીનો ભાગ.

Clinch, ક્લિંચ, *vt.*(D. *klink* a rivet) to gripe; to hold fast; to render firm. સજ્જડ બેસાડવું-જડવું-પકડવું-ઝાલવું-ભીડવું-વાળવું-ભીડવું; દઢ-કાયમ-પાકું-મજબૂત કરવું.

Clinch'er, ક્લિંચર, *n.* a clamp or iron fastening; a decisive argument. ચાપડો; પકડનાર વસ્તુ-પુરૂષ; તકરારનો ફડચો આણે એવી દલીલ.

Cling, ક્લિંગ, *vi.* (S. *clingan* to adhere) to adhere; to hang upon. વળગી-ચોંટી-વિટાઇ ભાઝી રહેવું.

Clin'ic, Clin'ic-al, ક્લિનિક્, ક્લિનિકલ્, *a.* (Gr. *kline* a bed) pertaining to a sick-bed. માંદાની પથારી-ખાટલાસંબંધી, ખાટલે પડેલું.

Clink, ક્લિંક, *vt.* or *i.* (Dut. *klinken*) to make a slightly ringing sound. ખણખણવું, ખણખણાવવું.

Clink'er, ક્લિંકર, *n.* overburnt brick; slag. જોઈએ તે કરતાં બહુજ પકવેલી–ખરી થઈ ગયલી ઇંટ; ભઠ્ઠીમાંનો ધાતુનો ચકચકતો કચરો.

Clip, ક્લિપ્, *vt.* (Dan. *klippe* to cut) to cut short, curtail. કાપકુપ કરવી, કાતરવું, કાપવું; કાપી–ઘસી ટુંકું કરવું.

Clip'per, ક્લિપર, *n.* one who clips; a fast-sailing vessel. તરનાર, ટુંકું કરનાર; એક જાતનું ઉતાવળું ચાલનાર વહાણ.–s. *pl.* સુડી.

Clique, ક્લીક, *n.* (Fr.) a party, a coterie, a gang. [નહાની સેતાન ટોળી–ચોકડી.

Cloak, ક્લોક, *n.* (S. *lach* a loose robe) a loose outer garment, a mantle; that which conceals. બધાં લુગડાંપર પહેરવાનો ખુલતો ડગલો, કફણી; ઓઢું, બહાનું, પડદો. *vt.* to cover; to conceal. ઢાંકવું, ઓઢું–પડદો કરવો, છુપાવવું, સંતાડવું.

Clock, ક્લૉક *n.* (D. *klok*) a machine to show time. [ઘડિયાળ.

Clod, ક્લૉડ, *n.* (S. *clud*) a lump of earth; the ground; that which is earthly and of little value; a dolt. ઢેફું, ગચ્છું; લોંચ, જમીન; માટીની કાયા, સ્થૂલદેહ; મૂર્ખો, ઠોઠ, શેંચો, જડબુદ્ધિ.

Clog, કલૉગ, *n.* (Scot. *clag* to obstruct) anything put or laid on which hinder motion, hinderance; a wooden shoe. ડંબું, દહેરો; અડચણ, નડતર; લાકડાનો જોડો. *vt.* to hinder in motion; encumber;

to choke up; to embarass. જતાં આવતાં નડવું–હરકત કરવી; બોજો મૂકી ભારે મારવું, નડવું; બંધ કરવું–કરી નાખવું.

Clois'ter, કલૉઇસ્ટર, *n.* (L. *claudo* I shut) a peristyle, an arcade; a monastery. મઠમાં ઉપચોક–મંડપ; મઠ, અખાડો; ધર્મક્રિયાસમાટે એકાંત ઓરડી. *vt.* to immure in a cloister. મઠમાં પૂરવું, દુનીઆથી એકાંત–અલગ રાખવું.

Close, કલોસ, *n.* (L. *claudo*) an inclosed field; a narrow street. ઘેરેલી–આંતરેલી જગા; સાંકડી ગલી. *a.* shut fast; stingy; private; stagnant; dense; near; accurate; doubtful; evenly balanced. બંધ કરેલું–રહેલું; બખીલ; ખાનગી, ગુપ્ત, છાનું; કઠે–ઘામ થાય તેવું; ઘટ્ટ, ઘીંચુ, અચ્છિદ્ર; પાસેનું, નજીકનું, નિકટનું; ચોકસ, સાવધ, સૂક્ષ્મ; શકભરેલું; સમ, બરોબર.

Close, કલોઝ, *vt.* to shut; to consolidate; to end, conclude, complete; enclose. બંધ કરવું, વાસવું; ભેગું–એકઠું કરવું, જોડવું; છેડો–અંત–પાર આણવો, પૂરૂં કરવું; ઘેરવું. *vi.* to unite; terminate. સંધાવું, એકઠું મળી જવું; બંધ થવું, અંત આવવો. *n.* conclusion, an end. અંત, છેડો.

Close'fist-ed, કલોઝફિસ્ટેડ, *n.* niggardly. કંજુસ, સુમ.

Close'ly, કલોઝ્લિ, *ad.* in a close manner, very near. પાસેપાસે, ખીચોખીચ. [નહાની ઓરડી–કોટડી.

Clos'et, કલૉઝેટ્, *n.* a small room. એકાંત કામ અર્થે

Clot, ક્લૉટ્, *n.* (S. *clud*) coagulation. નરમ-ચીકણી વસ્તુની ગાંઠ-દડબ. *vi.* to form clots. ગંઠાઈ-બંધાઈ જવું.

Cloth, ક્લૉથ્, *n.* (S. *clath*) woven materials; the clerical profession. લુગડું, કાપડ; પાદરી લોક.

Clothe, ક્લોધ, *vt.* to dress; to furnish with garments; to invest with. લુગડાં પહેરાવવાં; વસ્ત્ર આપવાં-પૂરાં કરવાં; કોઈને અધિકાર આપવો.

Clothes, Cloth'ing, ક્લોઝ, ક્લોધિંગ, *n. pl.* garments, dress;the covering of a bed. લુગડાં, વસ્ત્ર;ચાદર, સુજની.

Cloud, ક્લાઉડ, *n.* (AS. *clud* a rock) collection of vapours; a mass of smoke or flying dust; a crowd; a dark or threatening aspect; a dark spot. વાદળું-ળી; ધૂળ કે ધૂમાડાના ગોટેગોટા; ટોળું, ઝુંડ; ભય કે અનિષ્ટ સૂચવે એવો દેખાવ-સ્થિતિ; ઓળ, કલંક, ડાઘ. *vt.* to overspread with clouds; to darken, obscure; to sully, tarnish; to variegate with colors. વાદળાંથી ઢાંકી નાખવું; ઝાંખું-અસ્પષ્ટ-શોકાતુર-ઉદાસ કરવું; વાદળાંજેવા ભાતભાતના રંગ પાડવા.

Clough, ક્લફ, *n.* (S. *cleofian* to cleave) a cleft in hill; a rugged ascent. ડુંગરમાંની ફાટ-ચીર; ખાડા ખબડાવાળું ચઢાણ.

Clout, ક્લાઉટ, *n.* (S. *clut* a little cloth) a patch. ચિથરૂં, થિંગડું. *vt.* to patch. થિંગડું મારવું-દેવું.

Clove, ક્લોવ, *n.* (L. *clavus* a nail) an Indian spice. લવિંગ; કળી. a c. of garlic. લશણના કળામાંનીકળી.

Clown, ક્લાઉન, *n.* (L. *colonus*) a rustic; coarse ill-bred man; buffoon. ખેડુત; ગામડિયો, ગમાર, શેંચો; મશ્કરો, રંગલો, વિદૂષક. [glut. ધરાઈ જવું, ઓચાવી નાખવું.

Cloy, ક્લૉય, *vt.* (L. *clavus* a nail) to satiate, surfeit.

Club, ક્લબ, *n.* (L. *clava*) a heavy stick; an association; a suit of cards. ડંગોરો, સોટો, ગદા. સામાન્ય અર્થમાટે થયલી મંડળી–ટોળી; ગંજીફામાં કાળી બદામ. *vt.* or *i.* to join in common expense. ફાળો–વરાડ નાખી રકમ ઉભી કરવી. [બૂધું ને કર સીધું એવી રીત, અંધેર.

Club'law, ક્લબલૉ, *n.* the law of brute force. માર

Cluck, કલક, *vi.* (S. *cloccan*) to call as a hen. મરઘીનું શેવતી વેળા બોલવું કે તેનાં બચ્ચાંને બોલાવવું.

Clue, ક્લ્યુ, *n.* (AS. *cleow*) a direction or guide; a ball of thread. પત્તો; દોરાનું પીલ્લું–દડી. [trees. ઝાડી.

Clump, ક્લમ્પ, *n.* (Ger. *klump* lump) a cluster of

Clum'sy, ક્લમ્ઝિ, *a.* (Ger. *klump*) awkward; બેડોળ, બેઢંગું, સફાઇ–ચતુરાઈ વગરનું.

Clus'ter, ક્લસ્ટર, *n.* (Ice. *klistr* glue) a bunch; a crowd. ઝુમખો, ગુચ્છો, લૂમ; સમુદાય, જથ્થો, જમાવ, ટોળું.

Clutch, ક્લચ, *n.* (S. *læccan* to seize) a gripe, grasp; *pl.* the claws, paws; the hands. પકડવું–

ઝાલવું તે; પંજો; કબજો; હાથ. *vt.* to hold fast, to gripe. જોરથી પકડવું-ઝાલવું-સહાવું.

Clys'ter, ક્લિસ્ટર, *n.* (Gr. *klyzo* to cleanse) an injection. ઝાડો લાવવાનેસારૂ દવાની પોચકારી.

Coach, કોચ, *n.* (Fr. *coche*) a large, close 4 wheeled carriage. ચાર પૈડાંની ઢાંકેલી ગાડી, રથ. [ચોપરી.

Coach'man, કોચમૅન, *n.* driver of a coach. ગાડીવાન,

Co-ad-ju'tor, કોઍડ્જુટર, *n.* (L. *con, ad* & *juvo* to help) an assistant. મદદગાર-નીશ, સહાયકારી.

Co-ag'u-late, કોઍગ્યુલેટ, *vt.* or *i.* (L. *co* & *ago* to drive, urge) to concrete, curdle, congeal. જમાવવું, જાડું-રગડ-બાઝી જાય તેવું કરવું, આખરવું.

Coal, કોલ, *n.* (S. *col*) wood charred, a fossil. કોલસો, કોયલો. *vt.* to burn to charcoal; to supply with coal. બાળીને કોયલો કરવો; કોલસો પૂરો પાડવો.

Co-a-lesce', કોઍલેસ, *vt.* (L. *con* & *alesco* I grow) to grow together; to unite in a mass or society. જોડાવું, સાથે વળગવું; એકઠું બાઝી રહેવું, મળી-ભળી જવું.

Co-a-li'-tion, કોઍલિશન, *n.* union of persons, parties or states, league. જુદા જુદા પુરૂષ-રાજ્ય-પક્ષનું ભેગું થવું તે, સંયોગ, સંપ.

Coarse, કોર્સ, *a.* (L. *crassus*) not fine; gross; rude; rough. જાડું, ખરબટ; સાદું, હલકું; જંગલી, સુઘડતા-સફાઈ-કેળવણી વગરનું; અસભ્ય, અવિવેકી.

Coast, કોસ્ટ, *n.* (L. *costa* rib, side) sea-shore, land next the sea. સમુદ્રકિનારો-કાંઠો. *vi.* to sail along the shore. કિનારા પાસે વહાણ હંકારવું, એકજ દેશના એક બંદરથી બીજે બંદર જવું.

Coast'er, કોસ્ટર, *n.* a person or vessel that sails near a coast. કિનારે કરતું જનારૂં વહાણ કે માણસ.

Coat, કોટ, *n.* (L. *cottus* a tunic) upper garment; the vesture of an order of men; external covering. ડગલો-લી, અંગરખો-ખું, મરદે સહુથી ઉપર પહેરવાનું લુગડું; અમુક ધંધાર્થીનો પોશાક, ધંધો. આવરણ, આચ્છાદન, પડ, થર, હાથ. *vt.* to cover with a coat. થર-હાથ દેવો.

Coat'ing, કોટિંગ, *n.* cloth for coats; covering. અંગરખા વગેરે કરવાનું લુગડું; સંરક્ષણમાટે ચઢાવેલી કોઈપણ વસ્તુ.

Coax, કાકસ, *vt.* (old E. *cokes* a fool) to persuade by flattery. સમજાવવું, ફોસલાવવું, પટાવવું.

Cob, કૉબ, *vt.* (S. *cop* top) the top or head; any thing round and bulky; a strong pony; a spider; clay mixed with straw. શિખર, ટોચ, માથું, મથાલું, શિરોમણી, કળશ, મ્હોટી ગોળ દોઆની વસ્તુ; ગચ્ચું, ગઠો; જબરૂં ટટ્ટુ; કરોળિયો; ભીત કરવાની માટીને પરાળની ગાર.

Co'balt, કોબોલ્ટ, *n.* (Gr. *kobalos* a knave) a mineral; a metal. એક ખાણીજ પદાર્થ ને તેમાંથી નિકળતી ધાતુ.

Cob'ble, કૉબલ, *vt.* (Dan. *kobler* to mend shoes) to

mend clumsily; to do badly. જેમ તેમ થિગડાં મારવાં-બંધ બેસતુ કરવું-આણવું, ગોઠવવું.

Cob'bler, કૉબ્લર, *n.* mender of shoes, &c. જોડાને થિગડાં મારનાર, અણુકિસબી કારીગર.

Co-bra-di-ca-pel'lo, કૉબ્રાડિ કપેલો, *n.* (*Port.*) hooded snake. નામ.

Cob'web, કૉબ્‌વેબ્, *n.* (see *cop*) a spider's web. કરોળિયાની જાળ-ળું. *a.* slight, flimsy. નજીવું, માલવિનાનું.

Coch'e-neal, કૉચિનીલ, *n.* (Gr. *kokkos* berry) an insect used to die red. કિરમજ.

Cock, કૉક, *n.* (S. *cocc*) a he bird; he of the hen; strutting chief; weather-cock; the needle of a balance; part of a gunlock; heap of hay; a spout. નર પક્ષી; મરઘો, કુકડો; સરદાર, આગેવાન, મુખ્ય માણસ; પવનની દિશા જાણવાનું યંત્ર; ત્રાજવાનો કાંટો; બંધુકનો ઘોડો; ઘાંસની શંકુ આકારની ગંજી; પીપમાંથી પ્રવાહી પદાર્થ બહાર કાઢવાની નળી. *vt.* to set upright; to heap pay together. ઉંચું કરવું, ચઢાવવું; ખડકી ગંજી કરવી.

Cock'ade, કૉકેડ, *n.* (Fr. *coc* a cock) a ribbon on the hat. અમલદાર વગેરેની ટોપીપરની ફીત-ગુચ્છો-છોગું.

Cock-a-too', કૉકેટૂ, *n.* (Fr.) a kind of tufted parrot. કાકાકૌઆ.

Cock'a-trice, કૉકેટ્રિસ, *n.* (S. *cocc*) a serpent. એક જાતનો વિકાળ કલ્પિત સર્પ.

Cock'er, કૉકર, *vt.* (W. *cocru*) to fondle, indulge. લાડ લડાવવાં, વહાલથી રમાડવું. [શંખ–છીપ.

Cock'le, કૉકલ, *n.* (S. *coccel*) a shell-fish. એક જાતનો

Cock'ney, કૉક્ની *n.* (L. *coquino* to cook) an effeminate person; a native of London. મોજી–બાયલો પુરૂષ; તિરસ્કારમાં લંડનનો રહેવાસી. [મરઘાં લડાવવાની જગા.

Cock'pit, કૉકપિટ્, *n.* an area, where cocks fight.

Cock'roach, કૉક્રોચ, *n.* a kind of beetle. વંદો, વાંદો.

Co'coa, કોકો *n.* (Gr. *kovki* cocoa-palm) a palm-tree; a beverage. નાળિએરી; ચકલેટ નામના ફળનું બનાવેલું એક પ્રકારનું પાન. [tree. નાળિએર.

Co'coa-nut, કોકોનટ, *n.* the nut of a kind of palm-

Co'coon, કોકૂન, *n.* (L. *concha* muscle-shell) a ball spun by the silkworm. રેશમના કીડાનો કોશેટો.

Cod, કૉડ, *n.* (Gr. *gados*) a see-fish, એક પ્રકારની માછલી, જેનું તેલ ક્ષયરોગની દવામાં આવેછે. [કાયદાનો સંગ્રહ–સંહિતા.

Code, કોડ, *n.* (L. *codex*) a digest of laws. યથાક્રમ

Cod'i-cil, કૉડિસિલ, *n.* supplement to a will. વસિયત નામાની પૂર્વણી, ઉપમૃત્યુપત્ર. [સંગ્રહ કરવો.

Cod'i-fy, કોડિફાઇ, *vt.* to reduce to a code. કાયદાઓનો

Co-ef-fi'ci-ent, કોઇફિશિઅંટ, *a.* (L. *con*, *ex* & *facio* I do) co-operating. સહાયકારી. *n.* that which co-operates. વર્ણી; મદદ કરનાર.

Co-e'qual, કોઈક્વલ, *a.* (L. *co* & equal) equal with one another. સમાન સત્તા-પદવી-મોહ્બાનું.

Co-erce', કોઅર્સ, *vt.* (L. *con* & *arceo* to shut up) to restrain by force, compel. જબરજસ્તી-જોરથી અટકાવવું, કબજામાં રાખવું, બળાત્કારથી કરાવવું.

Co-er'cion, કોઅરશન, *n.* restraint; force, compulsion. અટકાવ, પ્રતિબંધ; બળાત્કાર, જબરાઈ. [ળાત્કારનું.

Co-er'cive, કોઅરસિવ્, *a.* restraining by force. બ-

Co-e'val, કોઈવલ, *a.* (L. *con* & *ævum* age) of the same age. એકજ-સમાન ઉમ્મરનું, એકજ કાળે ઉત્પન્ન થયલું.

Cof'fee, કોફિ, *n.* (Ar. *qahuah*) the berry of the coffee-tree; the liquor made from it. બુંદ દાણા; એનો ઉકાળો-કાવો.

Cof'fer, કૉફર, *n.* (Fr. *coffre* a chest) a chest; a treasure. પેટી, પટારો; ખજાનો, પુંજ.

Cof'fin, કૉફિન *n.* (Fr.) a chest for a dead body. શબ મૂકવાની પેટી, કફન.

Cog, કૉગ, *n.* (W. *cog*) the tooth of a wheel. પૈડા કે ચક્કરના ઘેરપરના દાંતા. *vt.* to fix a cog. દાંતા પાડવા-કરવા.

Cog, કૉગ, *vt.* (W. *coeg* empty) to draw from adulation. ફોસલાવી પટાવી જુક્તિથી લેવું-મેળવવું, હરી લેવું. to obtrude by deception. ઠગાઈ-કપટ-છળથી ખોશી ઘાલવું -મંજુર કરાવવું. *vi.* to deceive. ઠગવું, છેતરવું, પટાવવું.

Co'gen-cy, કોજિન્સિ, *n.* (L. *co* & *ago* I drive) power, urgency, strength. મનને સમજાવવાની શક્તિ, સબળ-બળવાનપણું. [અસરકારક.

Co'gent, કોજંટ, *a.* powerful, urgent. સબળ, પગળ,

Cog'i-tate, કૉજિટેટ, *vi.* (L. *co* & *agito* I agitate) to think, meditate. વિચારવું, ચિંતન-મનન કરવું, મનમાં ઘોળવું. [વિચાર, ધ્યાન.

Cog'i-ta'tion, કૉજિટેશન, *n.* deep thoutght. મનન,

Cog'nate, કૉગ્નેટ, *a.* (L. *con* & *natus* born) born together; allied by blood. એકજ જાતનું-મૂળમાંથી બનેલું, સજાતીય, સરખું; સગું, સગોત્ર, લોહીની સગાઇવાળું.

Cog-ni'tion, કૉગ્નિશન, *n.* (L. *con* & *nosco* I know) knowledge. જ્ઞાન, જાણવું તે.

Cog'niz-a-ble, કૉગ્નિઝેબલ, *a.* liable to be tried or examined. કોરટ સાંભળી શકે એવું, ચોકશી કરવા જોગ.

Cog'niz-ance, કૉગ્નિઝન્સ, *n.* judicial notice; knowledge; jurisdiction. ઇન્સાફની રાહે ધ્યાનમાં લેવું-તપાસ કરવી તે; જ્ઞાન, સમજ; ચોકશી કરવા-સાંભળવાનો અધિકાર.

Cog'niz-ant, કૉગ્નિઝંટ, *a.* aware of. કાયદાની રૂએ માહિત.

Co-hab'it, કોહૅબિટ્, *vi.* (L. *con* & *habito* to dwell) to live as man & wife; to dwell with or live together. ધણીધણીઆણી પેઠે ભેગાં રહેવું, એકઠાં સુવું; એકઠું-ભેગું રહેવું. [heir. વારસામાં ભાગિયો, એકત્ર વારસ.

Co'heir, કોએર, *n.* (L. *con* & *hæres* an heir) a joint

Co-here′, કોહીઅર, *vi.* (L. *con* & *hæreo* to stick) to be united. એકઠું ચોંટી-વળગી-બાઝી રેહેવું.

Co-her′ent, કોહીરંટ, *a.* cosistent; connected. બંધ બસતું, બેસતું આવતું, યોગ્ય, મુનાસબ; સંલગ્ન, સંબદ્ધ, એકઠું વળગી રહેલું. [એકઠું વળગી રહેવું તે.

Co-he′sion, કોહીશન, *n.* state of union. સ્નેહાકર્ષણ,

Co′hort, કોહૉર્ટ, *n.* (L. *cohors*) a body of soldiers. લડવૈયા શિપાઇની કોઈપણ ટુકડી.

Coil, કૉઇલ, *vt.* (L. *con* & *lego* to gather) to wind into a ring. વિટવું, વિંટાળવું, વિંટી પિંડુ-પિલ્લું-વિંટો કરવો. *n.* a ring of rope or snake. વિંટો, વિંટાળો.

Coin, કૉઇન, *n.* (Fr.) money stamped; a corner; that which serves for recompense. નાણું, શિક્કો; ખૂણો; અવેજ, અવેજ વાળવાનું સાધન. *vt.* to stamp metal; to invest. શિક્કો છાપવો-પાડવો; બનાવવું, યોજવું.

Co-in-side′, કોઇનસાઇડ, *vi.* (L. *con*, *in* & *cado* I fall) to agree, concur. એકબીજાપર બરોબર બેસ્તું આવવું, મળતું આવવું, એક મત થવું. [કાથો, કાથાનાં દોરડાં.

Coir, કૉયર, *n.* cocoanut yarn or rope. નાળીએરનો

Co-i′tion, કોઇશન, *n.* (L. *con* & *eo* to go) copulation, sexual intercourse. મૈથુન, સ્ત્રીપુરૂષનો સંભોગ.

Coke, કોક, *n.* (L. *coquo* to cook) fossil coal charred. કોલસા બાળી કરેલો કોયલો.

Col'an-der, કૉલૅન્ડર, *n.* (L. *colo* to filter) a strainer, a sieve. ચાળણી, ચાણ્ણી.

Cold, કોલ્ડ, *n.* (S. *cald*) want of heat; chilliness; catarrh. ટહાડ, ઠંડી; ધ્રુજારો–રી; સળેખમ, રસપૂણી. *a.* not warm; indifferent; reserved. ટહાડું, શીતળ, ઠંડું, ટહાડ આવેલું–ચઢેલું; હોંશ–હેત–મમતા–દમવગરનું, ઉદાસીનું, ઉમળકો ન ઉપજાવે તેવું. [નિર્દય, કઠોર, ઠંડા લોહીનું.

Cold'-blood-ed, કોલ્ડબ્લડેડ, *a.* without feeling.

Cold'ness, કોલ્ડનેસ, *n.* want of heat; indifference. ટહાડક, શીતળતા; બેદરકારી, ઉમંગ–ઉમળકા વગરનો મનનો ભાવ. [પેટ–ઉદરમાં શૂળ.

Col'ic, કૉલિક, *n.* (L. *colicus*) a pain in the bowels.

Col-lapse', કૉલૅપ્સ, *n.* (L. *con* & *labor* to slide) a falling together; a wasting of the body. દબી–બેસી–ધબી જવું તે; ઘણી નિર્બળતા, પૂરું નિર્ગતપણું.

Col'lar, કૉલર, *n.* (L. *collum* the neck) something round the neck. ગળપટો, ગળેબંધ. *vt.* to put a collar on; to seize by the collar. પટો–ગળેબંધ પહેરવો–બાંધવો; પટાથી ગળચી પકડવી.

Col-late', કૉલેટ, *vt.* (L. *con* & *latum* carried) to compare; examine; to gather & place in order. સરખાવી –મેળવી જોવું; તપાસવું; એકઠું કરી અનુક્રમે ગોઠવું.

Col-la'tion, કૉલેશન, *n.* a repast; gift; act of comparing. હાજરી, હલકી ફરાળ; બક્ષીસ; સરખાવી જોવું તે.

Col-lat'er-al, કૉલૅટરલ, *a.*(L. *con* & *latus* side)being by or on the side of; not direct, connected. આસપાસનું, આજુબાજુનું, પાસેનું; સગોત્ર, આજુબાજુની સગાઇનું.

Col'league, કૉલીગ, *n.* (L. *con* & *lego* to choose) an associate in office, a partner. કર્તવ્ય કામ કે અધિકારમાં સાથી–સહકારી–બંધુ.

Col-lect', કલેક્ટ, *vt.* or *i.* (L. *con* & *lego* to gather) to gather into one body or place; to call in; accumulate. એકઠું–ભેગું કરવું, મેળવવું; ઉઘરાવવું, વસુલ કરવું; કાપવું; વેડવું, લણવું; એકઠું–ભેગું થવું.

Col'lect, કૉલેક્ટ, *n.* a short prayer, ટૂંકી પ્રાર્થના.

Col-lect'ed, કલેક્ટેડ, *a.* cool, not disturbed, gathered. સાવધાન, મન ઠેકાણે રાખેલું.

Col-lec'tion; કલેક્શન, *n.* act of collecting; that which is collected; assemblage; a contribution. એકઠું કરવું તે; સંચય, સંગ્રહ; ટોળું, સંઘ, જમાવ; ધર્મની ટીપમાં ભરેલું નાણું, ટીપ, ખરડો.

Col-lect'ive, કલેક્ટિવ્,*a.* tending to collect; expressing a number united; formed by gathering. એકઠું–ભેગું–સમગ્રહ–સમસ્ત થાય–કરે એવું; સંઘ–સમુદાય વાચક; એકઠું–ભેગું થયલું.

Col-lect'or, કલેક્ટર, *n.* a gatherer; a receiver of taxes. એકઠું–જમા કરનાર; જકાત વસુલ કરનાર–ઉઘરાવનાર.

Col-lect'or-ate, કલેક્ટરેટ, *n.* the office or district of a collector. મામલેદાર-કલેક્ટરનો હોદ્દો-હુકમત-જીલ્લો-તાલુકો.

Col'lege, કૉલેજ, *n.* (L. *con* & *lego* to choose) a learned society; a seminary of learning. પંડિત-વિદ્વજ્જન સમાજ-સમૂહ; પાઠશાળા, વિદ્યાલય, મદ્રેસા.

Col-lide', કૉલાઇડ, *vi.* (L. *con* & *lædo* to strike) to dash against each other. સામસામું અથડાવું.

Col'lier, કૉલિઅર, *n.* (from *coal*) a digger of, or dealer in coals; a coal ship. કોલસા ખોદનાર, કોલસાનો વેપારી; કોલસા લઈ જવાનું વહાણ.

Col'lier-y, કૉલિઅરિ, *n.* a coal mine. કોલસાની ખાણ.

Col-li'sion, કૉલિશન, *n.* (L. *con* & lædo to strike) a striking together; a state of opposition. સામસામું અથડાવું-પછડાવું તે; વિરોધ, વિરૂદ્ધતા, ઉલટા-સામસામાપણું.

Col'lo-cate. કૉલોકેટ, *vt.* (L. *con* & *loco* to place) to set in order. એકઠું મૂકવું-ગોઠવવું, રચવું.

Col-lo'qui-al, કૉલોકિવઅલ, *a.* (L. *con* & *loquor* to speak) pertaining to conversation. સાધારણ બોલી બોલચાલ-વાતચિતમાં વપરાતું.

Col'lo-quy કૉલોક્વી, *n.* mutual discourse of two or more. બે કે વધારે માણસનું સંભાષણ-વાતચીત-બોલચાલ.

Col-lu'sion, કૉલ્યુશન, *n.* (L. *con* & *ludo* to play) a

secret agreement to defraud. કપટ—દગામાં સંતલસ—સંકેટ, ઠગાઈ, છળ, ફૂડ. [સંતલસ—કરાવનું—ગાઝું, છળ ભરેલું.

Col-lu'sive, કોલ્યુઝિવ્, *a.* deceitful. દગા—કપટ ભરેલી

Col-lyr'ium, કૉલિરિઅમ, *n* (Gr. *kollurion* liquid eyesalve) eyemedicine. આંખનું અંજન.

Co'lon, કોલન, *n.* (Gr.) a stop (:); large intestine. અપૂર્ણ વિરામ ચિન્હ, બે મીંડાં (:); સહુથી મહોટું આંતરડું.

Colo'nel, કર્નલ, *n.* (L. *columna* a column) the commander of a regiment. ફોજની એક પલટણનો સરદાર.

Co-lo'ni-al, કોલોનિઅલ, *a.* (L. *colonus* farmer) pertaining to a colony. પરદેશમાં વસેલાં થાણાં સંબંધી.

Co'lon-ist, કૉલોનિસ્ટ, *n.* an inhabitant of a colony. પરદેશમાં વસેલા થાણાનો રહેવાસી.

Co'lon-ize, કૉલોનાઈઝ, *vt.* to plant or settle with inahbitants. —માં પરદેશીઓએ થાણાં રોપવાં, વસાવવું.

Co-lon-ade', કૉલોનેડ, *n.* (L. *columna*) arow of columns. સરખે અંતરે બાંધેલા થામલાની હાર, સ્તંભાવળી.

Col'o-ny, કૉલોનિ, *n.* (L. *colonus* farmer) the country colonized; a body of settlers. સંસ્થાન, પરદેશીઓએ વસાવેલું થાણું; નવી વસ્તી.

Co-loss'al, કોલૉસલ, *a.* (Gr. *kolossos*) huge in size, gigantic. કદમાં ઘણું મહોટું, રાક્ષસી, પહાડજેવું.

Co-loss'us, કોલૉસસ, *n.* a statue of gigantic size. *pl.* colossi. રાક્ષસી પુતળું.

Col'our, કલર, *n.* (L. color) hue, tint.–s. *pl.* flag; paint; red colour; pretence; kind, species. રંગ, વર્ણ; નિશાન, વાવટો; રંગવાનો પદાર્થ; લાલી, સુરખી; બહારનું ખોટું ડોળ, બહાનું, મિશ; જાત, વર્ણ. *vt.* to dye; palliate, excuse; exaggerate in representation. રંગવું, રંગ દેવો–ચઢાવવો; ભૂલ–દોષ છુપાવવો, છાવરવું, ઢાંકવું; મીઠું મરચું ભભરાવી કહેવું. *vi.* to blush. શરમિંદુ થવું, લજવાવું.

Col'our-a-ble, કલરઅબલ, *a.* designed to cover and deceive, plausible. ઉપરથી ઠીક–સારૂં–વાજબી–બરોબર દેખાય એવું, છુપાવવા–છાવરવાનું.

Col'por-teur, કૉલપોર્ટર, *n.* (L. *collum* the neck & *porto* to carry) a pedlar, hawker. ધર્મની ચોપડી વગેરે વહેંચનાર કે વેચનાર ફેરિયો.

Colt, કોલ્ટ, *n.* (S.) a young horse. વછેરો.

Col'ter, કોલ્ટર, *n.* (L. *colo* I till) the fore-iron of a plough. હળની કોશ–કોશલું, કોશનો અણીદાર ભાગ.

Col'umn, કૉલમ, *n.* (L. *columna*) a cylindrical post; a body of troops; perpendicular section of a page. ગોળ થાંભલો–સ્તંભ; સિપાઈઓની ટુકડી; ચોપડીના પાનામાં પાડેલો ઉભો કોઠો.

Co'ma, કોમા *n.* (Gr.) lethargy, disposition to sleep. ઘેન, સુસ્તિની ઊંઘ.

Co'ma-tose, કોમાટોસ, *a.* drowsy. ઘેનવાળું, સુસ્તિમાં આવેલું.

Comb, કોમ, *n.* (AS. *camb*) toothed instrument

for hair; crest of a cock; cells of bees. વાળ—ઉન—શણ સાફ કરવાનું દાંતાવાળું હથિયાર; માજર, કળગી; મધપૂડો. *vt.* to dress with a comb. હોળવું, ઉકેલવું, સાફ કરવું.

Com'bat, કોમબટ, *n.* (Fr. *combattre*) a fight, battle; duel. લડાઈ, યુદ્ધ, દ્વંદ્વ યુદ્ધ. *vt.* or *i.* to fight; to oppose. લડવું;—ની સામે થવું—ટક્કર લેવી.

Com-bi-na'tion, કૉમ્બિનેશન, *n.* (L *com* & *binus* two & two) union or association. એકઠું—ભેગું મળવું તે, સંયોગ; એકસંપ—ગાંઠ, એક્કો, એક્કા.

Com-bine', કૉમ્બાઈન, *vt.* or *i.* to join; to agree. ભેગું—એકઠું કરવું, જોડવું, મેળવવું, ભેળવવું; એકદીલ—સંપ થવું.

Com-bus'ti-ble, કૉમ્બસ્ટિબલ, *a.*(L.*com* & *uro* I burn) apt to burn; easily kindled. બળે—સળગે એવું; તરત સળગી ઉઠે એવું. *n.* substance that burns easily. તરત સળગી ઉઠે એવો પદાર્થ.

Com-bust'ion, કૉમ્બશ્ચન, a burning. બળવું—સળગવું તે, [દહનક્રિયા.

Come, કમ, *vi.*(AS. *cuman*) to arrive; to reach; to happen; to move hitherward; to become manifest. કોઈપણ સ્થિતિ કે દશામાં—ઉપર આવવું; પાસે આવવું; બનવું, દૈવજોગે થવું; આવવું; નિકળવું, ફુટી—ઉગી નિકળવું.

Com'e-dy, કૉમિડિ, *n.* (Gr. *kome* a village & *ode* a song) a humorous dramatic piece. હાસ્યરસ પ્રધાન—સુખપરિણામક નાટક, પ્રહસન.

Come'ly, કમ્લિ, *a.* (AS. *cymlic*) handsome, graceful; fitting, suitable. રૂપાળું, ઘાટદાર; યોગ્ય.
Com'et, કૉમિટ્, *n.* (Gr. *kome* hair) a heavenly body with a luminous appendage. પૂછડિયો તારો, ધૂમકેતુ.
Com'fit, કમફિટ્, *n.* (L. *con* & *facio* I do) a dry sweetmeat. ખાંડ પાઈ સુકવી રાખેલો મેવો વગેરે.
Com'fort, કમ્ફર્ટ, *n.* (L. *con* & *fortis* strong) relief; ease, rest; that affords enjoyment. સુખ, સબુરી, ધીરજ; આરામ, ચેન; સુખ-ચેનની ચીજો. *vt.* to console; cheer. ધીરજ-દિલાસો આપવો, મનને સુખ-સમાધાન કરવું.
Com'fort-a-ble, કમ્ફર્ટઅબલ, *a.* enjoying ease. સુખ-ચેન-આરામ આપે-માં હોય એવું, સ્વસ્થ.
Com'fort-er, કમ્ફર્ટર, *n.* who or what comforts; Holy Spirit; a neck scarf. સુખચેન-આરામ આપનાર; પવિત્રાત્મા; ઉનનો લાંબો ગળેબંધ.
Com'ic, Com'ic-al, કૉમિક, કૉમિકલ, *a.* (L. *comicus*) relating to comedy, droll. હાસ્યરસ નાટકસંબંધી; ટોળ ભરેલું, હસવું આણે એવું, હસવા સરખું.
Com'ing, કમિંગ, *a.* drawing nigh, future. પાસે કે હવેપછી આવતું. [વિવેક, સભ્યતા, સભ્ય વ્યવહાર.
Co'mi-ty, કૉમિટિ, *n.* (L. *con* & *mitis* mild) civility.
Com'ma, કૉમા, *n.* (Gr. *kopto* to cut off) the point (') noting a short pause. અલ્પવિરામ, મિસલો (').

Com-mand', કમૅંડ, *vt.* (L. *con* & *mando* I bid) to bid; to direct; to govern; to have within control or vision; to exact by moral influence. આજ્ઞા–હુકમ કરવો, ફરમાવવું, કહેવું; સરદારી કરવી, હકુમત–હુકમ ચલાવવો–બજાવવો;–ના તાબા–હકુમતમાં હોવું,–ઉપર સત્તા ચલાવવી–જોઈ શકાવું; ભાર–વકર–પ્રતિષ્ઠાથી મેળવવું, પામવું,–ને ગળવું. *n.* order; have power over. હુકમ, આજ્ઞા; સત્તા, અધિકાર, સરદારી.

Com-mand'ant, Com-mand'er, કમૅન્ડંટ, કમૅંડર, a commanding officer, a leader. સરદાર, સેનાપતિ, આગેવાન.

Com-mand'ing, કમૅંડિંગ્, *a.* having authority. હુકમ–આજ્ઞા કરતું–આપતું.

Com-mand'ment, કમૅંડમેંટ, *n.* order; precept. હુકમ, [આજ્ઞા; વિધિ.

Com-mem'o-rate, કૉમિમોરેટ, *vt.* (L. *con* & *memor* mindful) keep in or bring to memory, celebrate. મહોત્સવ–ધામધૂમથી સંભારણું રખાવવું–રાખવું, સ્મરણ રાખવા મહોત્સવ કરવો.

Com-mence', કમેન્સ, *vt.* to begin. શરૂ કરવું, આરંભવું, માંડવું, લાગવું. *vi.* to take rise. શરૂ–નો આરંભ થવો.

Com-mence'ment, કમેન્સમેંટ, *n.* beginning. આરંભ, શરૂઆત.

Com-mend', કૉમેંડ, *vt.* (L. *con* & *mando* I bid) to praise; entrust; recómmend; to make accept-

able. વખાણવું,સ્તુતિ કરવી; સોંપવું, ભાળવવું, હવાલે કરવું;–ની ભલામણ કરવી,–ને વિષે સારૂં–વિશ્વાસ–માન લાયકછે એમ કેહેવું;–થી માન્ય–માનિતું થવું.

Com-mend'a-ble, કૉમેંડ્અબલ, *a.* laudable. વખાણવાજોગ.

Com-men-da'tion, કૉમેંડેશન, *n.* praise. સ્તુતિ, તારીફ.

Com-mend'a-tor-y, કૉમેંડટરિ, *a.* tending to commend. પ્રશંસા–ભલામણવાળું.

Com-men'su-ra-ble, કૉમેનશ્યુરેબલ, *a.* (L. *con* & *metior* I measure) having a common measure. જેઓનું એકજ વસ્તુથી માપ થઈ શકે એવું, સમમાન.

Com-men'su-rate, કૉમેનશ્યુરેટ, *a.* of equal measure. માપ–વિસ્તરમાં બરોબર, પ્રમાણમાં, સમાન.

Com'ment, Com-ment', કૉમેંટ, *n.* (L. *con* & *mens* the mind) explanatory note. ટીકા, ભાષ્ય, વિવરણ, ટીપ, આહ્ફી. *vi.* to make notes; remark on. અર્થ સ્પષ્ટ કરવા ટીકા કરવી–લખવી;–ઉપર ટીકા–વિવેચન કરવું, ગુણદોષ બતાવવા. [traffic. વેપાર.

Com'merce, કૉમર્સ, *n.* (L. *con* & *merx* goods) trade,

Com-mer'cial, કૉમરશિઅલ, *a.* relating to trade. વેપારનું.

Com-mi-na'tion, કૉમિનેશન, *n.* (L. *con* & *minor* to threaten) a threat. ધમકી, બિવડામણી.

Com-mis'er-ate, કૉમિઝરેટ, *vt.* (L. *con* & *miser* wretched) to pity.–ઞારતે દલગીર થવું,–ની દયા–દાઝ લાવવી.

Com'-mis-sar-y, કૉમિસૅરિ, *n.* (L. *con* & *mitto* I send) a commissioner. જેને કોઈ કામ સોંપ્યું હોય તે, લશ્કરના મોદીખાનાનો ઉપરી.

Com-mis'sion, કૉમિશન, *n.* trust; doing; allowance to agent; authority; a warrant. હવાલે-સ્વાધીન કરવું તે, સપુરત, ભાળવણ; કરવું તે, હકશાઈ, આડત, દસ્તુરી; અખત્યાર, સત્તા; અખત્યારનામું, સનદ. *vt.* to empower; entrust. સત્તા-અધિકાર આપવો; કામ સોંપવું-ભાળવવું.

Com-mis'sion-er, કૉમિશનર, *n.* one empowered to act. અખત્યારી પુરૂષ, મુનિમ, અમીન, ઉપરી અધિકારી.

Com-mit', કમિટ, *vt.* to intrust; to imprison; to pledge; to do. સોંપવું, હવાલે-સ્વાધીન કરવું, ભાળવવું; કેદમાં નાખવું-મોકલવું; ફરે નહિ એવું કોઈપણ કામ કરી જોખમ-કબુલાત-બંધણમાં લાવવું; કરવું. [સભા-મંડળી.

Com-mit'tee, કૉમિટિ, *n.* managing body. કારભારી

Com-mo'di-ous, કૉમોડિઅસ, *a.* (L. *con* & *modus* a measure) convenient. સગવડ-વગ-સોઈવાળું.

Com-mod'i-ty, કૉમૉડિટિ, *n.* merchandise, goods. વેપારની જણસો-માલ.

Com'mo-dore, કૉમૉડોર, *n.* (L. *con* & *mando*) the commander of a squadron. વહાણના કાફલાનો સરદાર.

Com'mon, કૉમન, *a.* (L. *con* & *munus* a duty) general; usual; of no rank; lewd. સામાન્ય, બધાનું; સા-

ધારણ, નિત્ય-હમેશાનું; વચલાવર્ગનું; છિનાળ. *n.* an open public ground. સામાન્ય માલિકીની જમીન, પાધર.

Com'mon-al-ty, કૉમનલ્ટિ, *n.* the common people. સાધારણ-વચલા વર્ગના લોક.

Com'mon-er, કૉમનર, *n.* one not noble; a member of the House of Commons; a student. વચલા વર્ગનો પુરૂષ, સાધારણ માણસ; આમની સભાનો સભાસદ; ઑક્સફર્ડની વિદ્યાલયમાં ભણનાર વિદ્યાર્થી.

Com'mon-ly, કૉમનલિ, *ad.* usually. ઘણું કરીને, બહુધા.

Com'mon-place, કૉમનપ્લેસ, *n.* a memorandum. સ્મરણ પોથી.*a.* common; trite. સાધારણ,અનવીન; નજીવું.

Com'mons, કૉમનઝ, *n. pl.* common people; lower house of parliament; common land; food at a common table. સાધારણ લોક; આમની સભા; સામાન્ય માલિકોની જમીન; ઘણા માણસો નિત એકઠા મળીને ખાય તેને-માટે પૂરો પાડેલો ખોરાક.

Com'mon-weal, કૉમનવિલ, *n.* public good. લોક [કલ્યાણ.

Com'mon-wealth, કૉમનવેલ્થ, *n.* a free state, republic. પ્રજા-લોકસત્તાક રાજ્ય, સર્વજન, લોકસમસ્ત.

Com-mo'tion, કૉમોશન, *n.* (L. *con* & *moveo* to move) disturbance. બંડ, તોફાન, ફિતુર, ગડબડ, સંતાપ, ગભરાટ.

Com-mune', કૉમ્યુન, *vi.* (L. *communis* common) to converse. સ્નેહભાવથી-હળી મળીને વાતચીત-સંભાષણ કરવું.

Com-mu'ni-ca-ble, કૉમ્યુનીકેબલ, *a.* that may be communicated. બીજાને આપી-કહી-બતાવી શકાય તેવું.

Com-mu'ni-cate, કૉમ્યુનીકેટ, *vt.* or *i.* to impart; tell, reveal; to share. આપવું, બક્ષવું; જાણ-જાહેર-ખબર કરવી -આપવી; સુખદુઃખમાં ભાગ લેવો;-જોડે વ્યવહાર રાખવો.

Com-mu-ni-ca'tion, કૉમ્યુનિકેશન, *n.* intercourse; letter; information. આપવું તે; વ્હેવાર, સંબંધ; કાગળપત્ર; ખબર, ખબરપત્ર; માર્ગ, રસ્તો, પૂલ.

Com-mun'ion, કૉમ્યુનિઅન, *n.* intercourse; fellowship, celebration of Lord's supper. સમાગમ, વ્હેવાર; સમરાગ; સત્સંગ, સત્સમાગમ; ખ્રિસ્તિ ધર્મમાં પ્રભુ ભોજન વિધિ પાળવો તે.

Com-mu'ni-ty, કૉમ્યુનિટિ, *n.* society; common possession. લોકસમસ્ત, આશ્રમ, કોમ, જાત; સામાન્ય ભોગવટો.

Com-mut'a-ble, કૉમ્યૂટેબલ, *a.* (L. *con* & *muto* I change) that may be exchanged. બદલે-સાટામાં આપી શકાય એવું.

Com-mu-ta'tion, કૉમ્યૂટેશન, *n.* change; exchange; the substitution of a less for a greater punishment. ફેર, ફેરફાર; સાટું, અદલાબદલી; ભારે સજાને બદલે હલકી શિક્ષા; એક સામટી રકમ.

Com-mute', કૉમ્યૂટ, *vt.* to change; exchange. ફેરવવું, બદલવું, ભારેને બદલે હલકી શિક્ષા કરવી; અદલબદલ કરવું, એકને સાટે બીજું આપવું.

Com-pact', કૉમ્પૅક્ટ, *a.* (L. *con* & *pango* to fix) firm; dense; brief, pithy. ઘીચુ, ઘટ્ટ, ઘન; ટુંકું, સારવાળુ. *vt.* to join firmly; to league with. ઘીચુ-ઘટ્ટ કરવું; સંબંધ-સંગત કરવું.

Com'pact, કૉમ્પૅક્ટ, *n.* (L. *con* & *paciscor* I bargain) agreement; league. કરાર, ઠરાવ, બોલી; એકસંપ.

Com-pan'ion, કૉમ્પૅનિઅન, *n.* (L. *con* & *panis* bread) comrade, associate. સોબતી, સાથી.

Com'pa-ny, કમ્પનિ, *n.* assembly; fellowship; partners; corporation; a party. મંડળી, ટોળી-ળું; સોબત, સંગત; પેઢિમાંના બાકીના ભાગિઆ; સામાન્ય લંડોળની મંડળી; સ્નેહીનો મેળાવડો-મીજલસ.

Com'par-a-ble, કૉમ્પેરેબલ, *a.* (L. *con* & *par* equal) worthy of comparison; being of equal regard. સરખાવવા યોગ્ય; ઉપમા આપવાલાયક.

Com-par'a-tive, કૉમ્પેરેટિવ્, *a.* estimated by comparision. મુકાબલા-પડછાનું, સાપેક્ષ; અધિકતાદર્શક.

Com-pare', કૉમ્પૅર, *vt.* to examine together; to represent as similar. સરખાવવું, મેળવી જોવું; મુકાબલ કરવું;-ની ઉપમા આપવી; અધિકતા-શ્રેષ્ઠતાદર્શક વિશેષણને રૂપ આપવાં. *vi.* to be like or equal. પડછે-જોડે ઉભા રહેવું, સરખું-તુલ્ય થવું.

Com-par'i-son, કૉમ્પૅરિસન, *n.* act of comparing;

comparative estimate; simile. મુકાબલો, તુલના; ન્યૂનાધિકતા રૂપ આપવાં તે; ઉપમા, પડછો.

Com-part'ment, કૉમ્પાર્ટમેંટ, *n.* (L. *con* & *pars* a part) a division. ભાગ, ખંડ.

Com'pass, કમ્પૅસ, *vt.* (L. *con* & *passus* going) to surround; obtain; contrive; purpose. ફરતો આંટો–ચક્કર મારવું, ઘેરી–આંતરી લેવું, ચોતરફ ફરી વળવું; મેળવવું, સાધવું, પ્રાપ્ત કરવું; યુક્તિ કરવી, યોજવું;–નો વિચાર–મનસુબો કરવો. *n.* circuit; limit; range; needle to direct ship's course. *pl.* instrument for drawing circles. ફરતો ઘેર, ચક્કર, ફેરો; મર્યાદા, હદ; વિસ્તાર; દિશા સૂચકયંત્ર, હોકાયંત્ર; વર્તુલ કાઢવાનું હથિયાર, કમ્પાસ.

Com-pas'sion, કૉમ્પૅશન, *n.* (L. *con, patior* to suffer) pity, mercy. દયા, કરૂણા, દાઝ.

Com-pas'sion-ate, કૉમ્પૅશનેટ, *a.* merciful. દયાળુ, દયાવાળું. *vt.* to pity. કોઈપર દયા આણવી–લાવવી.

Com-pat'i-ble, કૉમ્પૅટિબલ, *a.* consistent. સંગત, અવિરૂદ્ધ.

Com-pa'tri-ot, કૉમ્પેટ્રિઅટ, *n.* (L. *con* & *patrius* own country) a fellow-patriot. એકદેશીય, સ્વદેશી.

Com-peer', કૉમ્પીર, *n.* (L. *con* & *par* equal) an equal. જોડીઓ, બરોબરીઓ, સાથી.

Com-pel', કૉમ્પેલ, *vt.* (L. *con* & *pello* I drive) to drive by force. જોરજુલમથી જરૂર–ફરજ પાડવી.

Com-pend'i-ous, કૉંપેંડિઅસ, *a.* (L. *con* & *pendo* I weigh) short, concise. ટુંક-કું, સંક્ષિપ્ત.

Com-pen'sate, કૉમ્પેન્સેટ, *vt.* (L. *con* & *penso* to weigh) to make amends. -નો બંગ-બદલો વાળવો, પૂરૂં કરી-ભરી-નુકસાન આપવું. [pense. બદલો, બંગ, અવેજ, સાટું.

Com-pen-sa'tion, કૉમ્પેન્સેશન, *n.* amends, recom-

Com-pete', કૉમ્પીટ, *vi.* (L. *con* & *peto* I seek) to strive for a like end, rival. એકજ પદાર્થ મેળવવા બીજાના સામો પ્રયત્ન-સ્પર્ધા કરવી.

Com'pe-tence, કૉમ્પીટન્સ, *n.* sufficiency; legal capacity or right. સાધારણ સામર્થ્ય-કમાઈ, નિભાવ જેટલી પ્રાપ્તિ; કાયદાપ્રમાણે યોગ્યતા--અધિકાર-સત્તા.

Com'pe-tent, કૉમ્પીટંટ, *a.* qualified; fitting; skilful. અધિકાર-સત્તાવાળુ; યોગ્ય, લાયક, પૂરતું; કાબેલ, હોંશિયાર.

Com-pe-ti'tion, કૉમ્પીટીશન, *n.* rivalry. સ્પર્ધા, પડાપડી, એકાર્થાભિલાષ. [યોગી, ઉપર પડનારો.

Com-pet'it-or, કૉમ્પીટીટર, *n.* a rival. પ્રતિસ્પર્ધી, પ્રતિ-

Com-pet'it-ive, કૉમ્પીટીટિવ, *a.* emulous. સ્પર્ધા સંબંધી-થી થયલું.

Com.pi-la'tion, કૉમ્પિલેશન, *n.* (L. *con* & *pilo* I plunder) a selections from authors. સંગ્રહ, સંગ્રહગ્રંથ.

Com-pile, કૉમ્પાઇલ, *vt.* to select from authors. સંગ્રહ ગ્રંથ રચવો-બનાવવો. [ગ્રંથકાર-કરનાર.

Com-pil'er, કૉમ્પાઇલર, *n.* one who compiles. સંગ્રહ

Com-pla'cence, Compla'cen-cy, કૉમ્પ્લેસન્સ, કૉમ્પ્લેસન્સિ, *n.* (L. *con* & *placeo* I please) pleasure; satisfaction; civility. આનંદ, ખુશીનો હેતુ-કારણ; મનનો સંતોષ, પ્રસન્નતા; સભ્યતા, વિવેક.

Com-pla'-cent, કૉમ્પ્લેસંટ, *a.* cheerful; civil. સંતોષ-આનંદયુક્ત-વાળું, પ્રસન્ન, ખુશ; સભ્ય, વિવેકી.

Com-plain', કૉમ્પ્લેન, *vi.* (L. *con* & *plango* I bewail) to murmur; to express pain, distress or censure; to find fault; to make a charge. વિશે બડબડવું; શોક સંતાપ-દુઃખના બોલ બોલવા, વિશે ખેદ-વિલાપ કરવો; વાંક કાઢવો; ફરિયાદ કરવી-માંડવી.

Com-plain'ant, કૉમ્પ્લેનંટ, *n.* plaintiff. ફરિયાદી.

Com-plaint', કૉમ્પ્લેંટ, *n.* expression of grief, regret, pain; cause of complaint; a malady; accusation. દુઃખ-બળતરાના બોલ, બડબડાટ, વિલાપ; શોક સંતાપ-નાખુશીનું કારણ; રોગ, દરદ; ફરિયાદ.

Com-plai'sance, કૉમ્પ્લેસન્સ, *n.* (L. *con* & *placeo* I please) civility. સભ્યતા, રૂડી રીતભાત, સુજનતા.

Com-plai'sant, કૉમ્પ્લેસંટ, *a.* polite, courteous, affable. આદરશીલ, સામાનું મન પ્રસંન કરે એવું, સત્કારી; બોલવેચાલવે મીઠું.

Com'ple-ment, કૉમ્પ્લિમેંટ, *n.* (L. *con* & *pleo* I fill) that which supplies a deficiency; the full num-

ber. ખુટતું જેથી પૂરૂં થાય તે, પૂરતી; ભરતી, ખુટતી સંખ્યા–ચીજ; જોઈએ એટલું.

Com-plete′, કૉમ્પ્લીટ, *a.* finished; perfect; whole. પૂરેપૂરૂં, સંપૂર્ણ; તમામ, બધું; પૂર્ણ, પૂરૂં–સમાપ્ત થયલું. *vt.* to perfect; accomplish. પૂર્ણ–પૂરૂં કરવું,–નો પાર આણવો; સિદ્ધ–પૂર્ણ કરવું, પાર કરવું–મૂકવું.

Com-ple′tion, કૉમ્પ્લીશન, *n.* act of finishing; fulfilment. પરિપૂર્ણ કરવું–થવું તે; સિદ્ધતા, સફળતા, પાર કરવું તે.

Com′plex, કામ્પ્લેક્સ, *a.* (L. *con* & *plecto* I twist) composed of parts; intricate. સંયુક્ત; ગુંચવણ ભરેલું.

Com-ple′xion, કૉમ્પ્લેક્શન, *n.* Frame, texture; the color of the skin; general aspect. બાંધો, ઘાટ, બંધારણ; ચામડીનો રંગ–કાંતિ, અંગવર્ણ; ઘાટ, ડોળ, સ્વરૂપ.

Com-plex′i-ty, કૉમ્પ્લૅક્સિટિ, *n.* a complex state; intricacy. સંયુક્તપણું; ગુંચવણ, ગોટાળો.

Com-pli′ant, કૉમ્પ્લાયંટ, *a.* (L. *con* & *plico* I fold) yielding; bending; obliging. વાળ્યું વળે–નમે–નમતું મુકે–કબૂલ–માન્ય કરે એવું; સભ્ય, વિવેકી, સારૂં લગાડે તેવું.

Com′pli-cate, કૉમ્પ્લિકેટ, *a.* involved. ગુંચવેલું, ગુંથાયલું, સંયુક્ત. *vt.* to make intricate, entangle. ગુંચવવું, ગુંથવી–ગુંથી નાખવું. [વણ, ઘોટાળો.

Com-pli-ca′tion, કૉમ્પ્લિકેશન, *n.* entanglement. ગુંચ-

Com′-pli-ment, કૉમ્પ્લિમેંટ, *n.* (L. *con* & *pleo* I fill)

expression of civility; praise. રામરામ, જેગોપાળ, સલામ, નમસ્કાર; વખાણ, સ્તુતિ, પ્રશંસા. *vt.* to congratulate; to praise. મુબારકબાદી આપવી; વખાણવું.

Com-ply′, કૉમ્પ્લાઈ, *vi.* (L. *con* & *plico* I fold) to yield to; conform. કબુલ કરવું-થવું, સંમતિ આપવી; મળતું-બેસ્તું આવવું, પ્રમાણે વર્તવું, બજાવવું.

Com-pon′ent, કૉમ્પોનંટ, *a.* (L. *con* & *pono* I put) constituent. અવયવ-અંશભૂત. *n.* an elementary part. અવયવ ભૂત અંશ.

Com-port′, કૉમ્પોર્ટ, *vt.* or *i.* (L. *con* & *porto* I carry) to agree, suit; to behave. મળતું-બેસતું આવવું, માફક-યોગ્ય થવું-દીસવું; વર્તવું, ચાલવું.

Com-pose′, કૉમ્પોઝ, *vt.* (L. *con* & *pono* to put) to put together; constitute; to write; place in proper form; settle; to soothe. ભેગા કરીને બનાવવું, -નું બનવું, મળીને પેદા થવું; મળીને થવું; હોવું; લખવું, રચવું, બનાવવું; ગોઠવીને-ઠીક કરીને-રીત પ્રમાણે મૂકવું, વ્યવસ્થિત કરવું; ઠંડું-શાંત-નરમ-સ્વસ્થ કરવું-પાડવું-હોવું. [નિવૃત.

Com-posed, કૉમ્પોઝ્ડ, *a.* calm, tranquil. સ્વસ્થ, શાંત,

Com′pos-ite, કૉમ્પૉઝિટ, *a.* made up of parts. સંયુક્ત, મિશ્રિત, સાવયવ.

Com-po-si′tion, કૉમ્પોઝિશન, *n.* the act of composing; literary work; setting types; the state of

being composed; compound; the adjustment of a debt. એકઠું-મિશ્ર કરી બનાવવું તે, બનાવવું-રચવું તે; નિબંધ-પ્રબંધની રચના; છાપવામાટે બીબાં ગોઠવવાં તે; સંયોગ, એકઠાં હોવું તે; ભેગ, મિશ્ર; પતાવવું તે, ફડચો, નિકાલ.

Com'post, કૉમ્પોસ્ટ, *n.* mixed manure. ખાતરના પદાર્થનો મિશ્ર-રગડો.

Com-po'sure, કૉમ્પોઝર, *n.* calmness. સ્વસ્થ-શાંતપણું, [ગંભીરતા, નિવૃત્તિ.

Com'pound, કૉમ્પોંડ, *n.* a mixture; a yard round a building. મેળવણી, મિશ્ર; ઘરની પાછળ વંડો. *a.* formed of two or more. મિશ્રિત, સંયુક્ત; સમાસિત, સાન્વય.

Com-pound', કૉમ્પોંડ, *vt.* to mix together; to adjust. મેળવવું, ભેળવું, મિશ્રિત કરવું; સમાધાન-સમજુતી-નિકાલ-ફડચો કરવો, પતાવવું.

Com-pre-hend', કૉમ્પ્રિહેંડ્, *vt.* (L. *con* & *prehendere* to grasp) to contain, comprise; to understand. સમાસ કરવો,-માં-નો સમાવેશ થવો; સમજવું,-ના ધ્યાનમાં ઉતરવું. [ગ્રહણ-સમજવાની શક્તિ, સમજ, બુદ્ધિ; સમાવેશ.

Com-pre-hen'sion, કૉમ્પ્રીહેન્શન, *n.* understanding.

Com-press', કૉમ્પ્રેસ્, *vt.* (L. *con* & *premere* to press) to press together. દાબવું, દબાવવું, દાબી-ઠાંસી થોડામાં લાવવું, ખીચોખીચ ભરવું.

Com-press'i-ble, કૉમ્પ્રેસિબલ, *a.* that may be compressed. દાબીને થોડામાં લાવી શકાય એવું.

Com-press'ion, કૉમ્પ્રેશન, *n.* act of pressing together. દબાણ, ચાંપણ, સંકોચન.

Com-prise', કૉમ્પ્રાઇઝ, *vt.* (L. *con* & *prehendere* to take) to contain. માં હોવું,–નો સમાવેશ થવો.

Com'pro-mise, કૉમ્પ્રોમાઇઝ, *n.* (L. *con*, *pro* & *mitto* I send) agreement by concession. સમાધાન, સમજુત, તોડજોડ, ફડચો, નિકાલ. *vt.* to settle by mutual agreement; to pledge. ભાંજગડ–સમજુત કરી પતવવું; બંધન–જોખમમાં નાખવું.

Com-pul'sion, કૉમ્પલ્શન, *n.* (L.*con* & *pello* I drive) constraint, force applied. જોર, બળાત્કાર, જબરદસ્તી.

Com-punc'tion, કૉમ્પંક્શન, *n.* (L. *con* & *pungo* I prick) remorse. ખેદ, બળાપો, સંતાપ, પશ્ચાત્તાપ, કચવાટ.

Com-pu-ta'tion, કૉમ્પ્યુટેશન, *n.* (L. *con* & *putare* to reckon) reckoning, calculation; estimate. ગણતરી, હિસાબ, ગણના; સુમાર, અડસટ્ટો, આશરો.

Com-pute', કૉમ્પ્યૂટ, *vt.* to calculate; to estimate. ગણિતથી નક્કી કરવું, ગણવું, વર્તવું; સુમાર કાઢવો.

Com'rade, કૉમરેડ, *n.* (L. *camera* chamber) an associate. સોબતી, સાથી, જોડિયો.

Con, કૉન, *a.* (L. *contra*) a perfix denoting with or against. સામું, ઉલટું, વિરૂદ્ધ. *vt.* (AS. *cunnan* to know) to study over. ગોખવું, ભણવું, જાણવું.

Con'cave, કૉન્કેવ્, *a.* (L. *con* & *cavus* hollow) hollow. અંતરગોળ, ગગનાકાર.

Con-ceal', કૉન્સીલ, *vt.* (L. *con* & *celo* I hide) to keep secret. છાનું રાખવું, છુપાવવું, સંતાડવું.

Con-ceal'ment, કૉન્સિલમેંટ, *n.* act of hiding; a hiding place. સંતાડવું તે, છુપા–છાના–ગુપ્તપણું; સંતાવાની જગા.

Con-cede', કૉન્સીડ, *vt.* (L. *con* & *cedo* I grant) to grant, admit. કબૂલ–માન્ય કરવું, હા પાડવી.

Con-ceit', કૉન્સીટ, *n.* (L. *con* & *capio* I take) fancy; self-esteem, વિચાર, ખ્યાલ, તુરંગ, લહેર, અભિપ્રાય; ગર્વ, અહંકાર.

Con-ceit'ed, કૉન્સીટિડ્, *a.* vain, proud. અહંકારી, પોતાની [હોશિયારી વિષે ઉંચું મત ધરાવનાર.

Con-ceive', કૉન્સીવ, *vt.* or *i.* to form in the mind; to become with child. મનમાં યોજવું–સમજવું–નો ખ્યાલ બાંધવો, ધારવું;–ને ગર્ભ–દહાડા રેહેવા.

Con-cen'trate, કૉન્સેંટ્રેટ, *vt.* (L. *con* & *centrum* centre) to bring to a common centre or to a closer union. સામાન્ય મધ્ય બિંદુમાં–પાસેપાસે લાવવું.

Con-cen'tric, કૉન્સેંટ્રિક, *a.* having a common centre. એક મધ્યબિંદુવાળું, સમકેંદ્ર.

Con-cep'tion, કૉન્સેપશન, *n.* (L. *con* & *capio* I take) conceiving; idea. ગર્ભ, હમેલ, દહાડા, કલ્પના; ભાવના, ખ્યાલ, સમજ.

Con-cern', કૉન્સર્ન, *n.* (L. *con* & *cerno* I separate) business; interest; anxiety. કામ, સ્વાર્થની વાત, વિષય, મામલો, પ્રકરણ; લાભ, અગત્યપણું; કાળજી, ફિકર, ચિંતા. *vt.* to relate to; to affect; to interest; intermeddle. લાગવું વળગવું,–નું લાગતું હોવું;–ને ઉપયોગનું–નો સ્વાર્થ–હીત હોવું,–માં ચિત્ત ઘાલવું–ફિકર–કાળજી રાખવી; વચ્ચે મ્હો–હાથ ઘાલવો. [વિષે,–ને લગતું.

Con-cern'ing, કૉન્સર્નિંગ, *ppr.* pertaining to. સંબંધી,

Con-cern'ment, કૉન્સર્નમેંટ, *n.* business. કામ, વિષય, વાત.

Con-cert', કૉન્સર્ટ, *vt.* (L. *con* & *certo* I strive) to contrive together, to plan. એકવિચાર–મત–રાગ થઈ મનસુબો–ઠરાવ કરવો–યોજવું.

Con'cert, કૉન્સર્ટ, *n.* union for any purpose; a musical entertainment. કોઈ કામમાં એકમતપણું–એક વિચાર; જાહેર ગાનતાનનો તમાશો.

Con-cess'ion કૉન્સેશન, *n.* (L. *con* & *cedo* I grant) yielding. કોઈ તકરાર કે માગેલી વાત નમતી મૂકવી તે, કબૂલ–માન્ય કરવું તે, સ્વીકાર; બક્ષીસ, કબૂલ રાખેલી વાત.

Conch, કૉંક, *n.* (L. *concha*) a marine shell. શંખ.

Con-chol'o-gy, કૉંકૉલૉજી, *n.* the science of shells. શંખશાસ્ત્ર–વિદ્યા.

Con-cil'i-ate, કૉન્સિલિએટ, *vt.* (L. *con* & *calare* to call) to win, gain over. –નું મન–પ્રીતિ મેળવવી, આપણી તરફ–અનુકૂળ કરી–મેળવી લેવું.

Con-cise', કૉન્સાઇસ, *a.* (L. *con* & *caedo* I cut) brief, short. ટૂંકું, સંક્ષિપ્ત.

Con'clave, કૉન્ક્લેવ, *n.* (L. *con* & *clavis* a key) an assembly of cardinals. કાર્ડિનલ પદવીના ધર્માધ્યક્ષોની સભા; ખાનગી–ગુપ્ત મંડળી.

Con-clude', કૉન્ક્લ્યૂડ, *vt.* or *i.* (L. *con* & *claudo* I shut) to finish; to infer; to settle finally. બંધ–પૂરૂં–સમાપ્ત કરવું, અંત–છેડો આણવો; અનુમાન કરવું–કાઢવું, સમજવું;–વિષે છેવટનો ઠરાવ–નિશ્ચય કરવો.

Con-clu'sion, કૉન્ક્લ્યૂશન, *n.* end; inference; determination. અંત, છેડો; અનુમાન, સિદ્ધાંત; છેવટનો ઠરાવ.

Con-clu'sive, કૉન્ક્લ્યૂઝિવ્, *a.* decisive. છેડો–નિવેડો આણે એવું, નિશ્ચાયક, નિર્ણાયક.

Con-coct', કૉન્કૉક્ટ, *vt.* (L. *con* & *coquo* to cook) to digest, ripen; plan. પચાવવું, હજમ કરવું; યોજવું, રચવું, ઉઠાવવું,–નો ઘાટ ઘડવો.

Con-com'it-ant, કૉન્કૉમિટંટ, *a.* (L. *con* & *comes* a companion) accompanying. જોડે આવનાર–જનાર–બનનાર. *n.* attendant. જોડે વળગેલી–થનાર વસ્તુ.

Con'cord, કૉંકૉર્ડ, *n.* (L. *con* & *cor* heart) harmony; agreement. એક રાગ–મત–વિચાર, એકમતપણું; મળતાપણું, અન્વય, મેળ, સુરમેળ.

Con-cord'ant, કૉન્કૉર્ડંટ, *a.* agreeing. મળતું, એક વિચારનું.

Con'course, કૉન્કોર્સ, *n.* (L. *con* & *curro* I run) an assembly; confluence. મેળાવડો, જમાવ, ઠઠ, સંગમ, સંયોગ.

Con'crete, કૉન્ક્રીટ, *a.* (L. *con* & *cresco* I grow) united in a solid form; not abstract. જમેલું, ઘટ્ટ થયલું; પદાર્થસૂચક. *n.* a compound. જમેલી ગાંઠ–ઢેકું–ગોળો. Con-crete', *vt.* *i.* to unite in a mass. બાઝવું, જામવું, ઘટ્ટ થવું.

Con-cu-bine', કૉન્કયુબાઇન, *n.* (L. *con* & *cubare* to lie down) a mistress. રાખેલી સ્ત્રી, ઉપપત્ની.

Con-cu'pisc-ence, કૉન્કયુપિસિન્સ, *n.* (L. *con* & *cupio* I desire) lust. વિષય–કામની અતિવાસના.

Con-cur', કૉન્કર, *vi.* & *t.* (L. *con* & *curro* I run) to agree; to join; to assent. મતમાં મળવું, મળતા આવવું; ભેગું–સામેલ થવું, એકઠા મળવું; સંમતિ આપવી, કબૂલ થવું, હા કહેવી. [એકગાંઠ–મત, સંમતિ.

Con-cur'rence, કૉન્કરન્સ, *n.* union of minds. સંપ,

Con-cur'rent, કૉન્કરંટ, *a.* acting together. જોડે–સામેલ રહી કામ કરનાર, સોબતમાં–જોડે રહેલું.

Con-cus'sion, કૉન્કશન, *n.* (L. *con* & *cato* I shake) a shaking; a shock. ધક્કા કે આંચકાથી હાલવું–હલાવવું તે; ધક્કો, આંચકો, હડસેલો.

Con-demn', કૉન્ડેમ, *vt.* (L. *con* & *damnare* to judge) to pronounce guilty; to sentence to punishment; to declare unfit or to be forfeited. દોષવાન

—ખોટું-નિંદ્ય ઠરાવવું—કહેવું; ગુનેગાર—અપરાધી કે શિક્ષા—દંડ પાત્ર ઠરાવવું; ઉપયોગ લાયક નથી એવું ઠરાવવું; જપ્ત કરવાનો ઠરાવ કરવો.

Con-dem-na'tion, કૉન્ડેમ્નેશન, *n.* act of condemning; sentence. દંડપાત્ર ઠરાવવાનું—શિક્ષાનું કારણ—હેતુ; સજા, દેપ. [nation. દૂષિત—અપરાધી—દંડલાયક ઠરાવે તેવું.

Con-dem'na-tor-y, કૉન્ડેમનેટરિ, *a.* implying condem-

Con-dense', કૉન્ડેન્સ, *vt. i.* (L. *con* & *densus* thick) compress; grow thick. દાબીને થોડામાં આણવું—સમાવવું; જાડું—ઘન—રગડ—ઘટ્ટ કરવું—થવું.

Con-de-scend', કૉનડિસેંડ, *vi.* (L. *con, de* & *scando* I climb) to stoop; deign. મહોટાઇ—માન મુકી આચરવું—બોલવું—કરવું; મેહેરબાની દાખલ કામ કરવું.

Con-de-scen'sion, કૉન્ડિસેન્શન, *n.* courtesy. ભારબોજ—માન—મહોટાઈ મૂકવી તે, મેહેરબાની.

Con-de-scend'ing, કૉન્ડિસેંડિંગ, *a.* yielding to inferiors, obliging. નિરભિમાની, વિવેકી, મહોટમ વગરનું.

Con-dign', કૉન્ડાઈન, *a.* (L. *con* & *dignus* worthy) deserved, suitable, merited. ઘટિત, યોગ્ય, વાજબી.

Con'di-ment, કૉન્ડિમેંટ, *n.* (L. *condo* I preserve) a seasoning. મશાલો, ગરમ મશાલો, મરીમરચું.

Con-di'tion, કૉન્ડિશન, *n.* (L. *con* & *do* I give) state; terms of agreement; quality; rank. અવસ્થા,

હાલત, સ્થિતિ, દશા; શરત, બોલી; ગુણ, ધર્મ; પદવી, દરજ્જો.

Con-di'tion-al, કૉન્ડિશનલ, *a.* implying terms, શરતનું-વાળું, સંકેતાર્થ-શકયાર્થ.

Con-dole', કૉન્ડોલ, *vt.* (L. *con* & *doleo* I grieve) to grieve with others. પારકાના દુ:ખથી દુ:ખી થવું.

Con-done', કૉન્ડોન, *vt.* (L. *con* & *dono* I give) to overlook; pardon. જોયું ન જોયું-માફ કરવું.

Con-duce', કૉન્ડયૂસ, *vi.* (L. *con* & *duco* I lead) to tend to. વધારવું, પુષ્ટિ આપવી-કરવી,-થી સારૂં થવું,-થી નિકળવું-નિપજવું. [વધે-થાય એવું.

Con-duc'ive, કૉન્ડયૂસિવ, *a.* tending to. સહકારી, જેથી

Con'duct, કૉન્ડકટ, *n.* behaviour; management. ચાલ ચલગત, આચરણ, વર્તણુક; વહિવટ, કારભાર, ચલાવવું-દોરવું તે. Con-duct', *vt.* or *i.* to lead, direct; manage. દોરી-ભોમિયો થઈ લઈ જવું; આગેવાન થઈ ચલાવવું, વહિવટ-કારભાર કરવો; ચાલવું, વર્તવું.

Con-duct'or, કૉન્ડકટર, *n.* a leader; director, manager; body transmitting heat. આગેવાન, દોરી-લઈ જનાર, ભોમિયો, માર્ગ દેખાડનાર, કારભાર-વહિવટ કરનાર; ઉષ્ણતાવાહક. [નહેર, નળ-ળી, રગ, નસ.

Con'duit, કૉન્ડિટ, *n.* a water-pipe, a canal. નીક,

Cone, કોન *n.* (L. *conus*) a figure like a sugar-loaf. શંકુ, પડાકાર.

Con-fec'tion, કૉન્ફેક્શન, *n.* (L. *con* & *facio* to do) a sweetmeat. મિઠાઈ.

Con-fec'toin-er, કૉન્ફેક્શનર, *n.* one who makes or sells sweetmeats. મિઠાઈવાળો, કન્દોઇ, સુખડિયો, હલવાઈ.

Con-fec'tion-er-y, કૉન્ફેક્શનરિ, *n.* sweetmeats; a place where sweatmeats are made or sold. મીઠાઈ.

Con-fed'er-a-cy, કૉન્ફેડરૅસિ, *n.* (L. *con* & *fœdus* a league) a league. સંપ, સંતલસ, એકસંપ.

Con-fed'er-ate, કૉન્ફેડરેટ, *a.* united in a common cause. એક સંપી. *n.* એક સંપીઓ. *vi.* to unite in alliance. એક સંપ–એકો કરવો. [ગાંઠ.

Con-fed-er-a'tion, કૉન્ફેડરેશન, *n.* alliance. એક સંપ–

Con-fer, કૉન્ફર, *vt.* or *i.* (L. *con* & *fero* to bear) to grant; discourse. to આપી દેવું, બક્ષવું; વિચાર–સલાહ–મસલહત કરવી.

Con'fer-ence, કૉન્ફરન્સ, *n.* formal discourse; a meeting for discussion. એકઠા વિચાર–મસલહત કરવી તે; સલાહ–મસલહત માટે સભા–મુલાકાત–બેઠક.

Con-fess', કૉન્ફેસ, *vt.* (L. *con* & *fateor* I confess) to own; to avow. કબૂલ કરવું, માનવું, અંગીકાર–સ્વીકાર કરવો.

Con-fess'ed-ly, કૉન્ફેસિડ્લિ, *ad.* avowedly, undeniably. બધાની કબૂલાત–માનવા પ્રમાણે.

Con-fess'ion, કૉન્ફેશન, *n.* admission; disclosure. કબૂલ કરવું તે, સ્વીકાર, અંગીકાર, પાપ સ્વીકાર.

Con-fess'or, કૉન્ફેસર, *n.* one who confesses or hears confessions. કબૂલ કરનાર, માનનાર; પાપશ્રવણ કરનાર પાદરી.

Con'fi-dant, Con-fi-dante', કૉન્ફિડૅંટ, *n.* (L. *con* & *fides* faith) a bosom friend; a female bosom friend. વિશ્વાસુ ભાઈબંધ, ઇષ્ટ–એકાંતનો–ખાસમિત્ર; ખાસ બહેનપણી–સખી.

Con-fide', કૉન્ફાઇડ, *vt.* to trust fully; to entrust. આધીન–શ્રદ્ધા–વિશ્વાસ–ભરોસો–ઇતબાર રાખવો–કરવો; સોંપવું,–ને ભરૂસે રાખવું.

Con'fi-dence, કૉન્ફિડન્સ, *n.* firm belief; trust; boldness. ભરોસો, વિશ્વાસ, ખાતરજમા, ખાતરી, નિર્ભય–દઢપણું.

Con'fi-dent, કૉન્ફિડંટ, *a.* having great confidence or boldness. પકકો ભરોસો રાખનાર, નિશ્ચિંત, હિમ્મતવાન.

Con-fi-den'ti-al, કૉન્ફિડેન્શિઅલ, *a.* trustworthy; private. વિશ્વાસુ, ભરોસાદાર; છાનું, છાનું રાખવા જેવું.

Con-fig-ur-a'tion કૉન્ફિગ્યુરેશન, *n.* (L. *con* & *figura* form) external form; aspect of planets. બહારનો આકાર; ગ્રહની દૃષ્ટિ–દશા.

Con'fine, કૉન્ફાઇન, *n.* (L. *con* & *finis* end) a limit, border. સીમા, હદ, સીમાડો.

Con-fine', કૉન્ફાઇન, *vt.* to restrain; limit; shut up. હદમાં રાખવું;–માં પૂરવું, ગોંધવું, કેદમાં–બંધિમાં રાખવું.

Con-fine'ment, કૉન્ફાઇનમેંટ, *n.* restraint; હદમાં રાખવું તે; બંધનમાં રહેવું તે, અટકાવ, પ્રતિબંધ, સુવાવડ; કેદ.

Con-firm', કૉન્ફર્મ, *vt.* (L. *con* & *firmus* firm) to strengthen; support; ratify. નક્કી—મજબૂત—દઢ—સ્થાપિત કરવું; ટેકો—પુષ્ટિ આપવી; મંજુર—મુકરર—બહાલ કરવું.

Con-fis'cate, કૉન્ફિસ્કેટ, *vt.* (L. *con* & *fiscus* a purse) to forfeit. દંડ દાખલ સરકારમાં લેવું, જપ્ત કરવું.

Con-fla-gra'tion કૉન્ફ્લગ્રેશન, *n.* (L. *con* & *flagro* I blaze) a great fire. મહોટી આગ.

Con'flict, કૉનફ્લિક્ટ, *n.* (L. *con* & *fligere* to strike) fight; struggle. વિરોધ, લડાઈ, યુદ્ધ; સામાસામી અથડાઅથડી—વિરોધ. Con-flict', *vt.* to strike together; fight. સામસામા અથડાવું, ધડાધડ કરવું; લડવું, વિરૂદ્ધ હોવું.

Con-flict'ing, કૉનફ્લિક્ટિંગ, *a.* contrary. વિરૂદ્ધ, ઉલટું.

Con'flu-ence, કૉન્ફ્લુઅન્સ, *n.* (L. *con* & *fluo* I flow) a flowing together. સંગમ.

Con-form', કૉન્ફૉર્મ, *vt.* or *i.* (L. *con* & *forma* form) to make like; to comply with. સરખું—અનુસરતું—બેસ્તું—પ્રમાણે કરવું; પાળવું, માનવું, આજ્ઞામાં રહેવું.

Con-form'a-ble, કૉન્ફૉર્મઅબલ, *a.* suitable, like; submissive. યોગ્ય, લાયક; મળતું; આધીન, વશ.

Con-form-a'-tion, કૉન્ફૉર્મેશન, *n.* agreement; form. મળતાં—સરખાપણું; આકાર ઘાટ.

Con-form'ist, કૉન્ફૉર્મિસ્ટ, *n.* one who complies. અનુસરીને—સરકારે સ્થાપેલા ખ્રિસ્તિપંથના મત પ્રમાણે ચાલનાર.

Con-form'i-ty, કૉન્ફૉર્મિટિ, *n.* resemblance. મળતાપણું.

Con-found', કૉન્ફાઉન્ડ, *vt.* (L. *con* & *fundo* I pour) to mix; perplex; to mistake; dismay; overthrow. ભેળસેળ કરવું; ગુંચવી નાખવું; ગભરાવવું; નિરાશ કરવું; –નો નાશ પરાજય કરવો.

Con-found'ed, કૉન્ફાઉન્ડેડ્, *pp.* blended, mixed. ભેળ-સેળ કરેલું, ગુંચવેલું. *a.* astonished. વિસ્મય પામેલું.

Con-fra-ter'ni-ty, કૉન્ફ્રૅટરનિટિ, *n.* (L. *con* & *frater* a brother) a religious brotherhood. બંધુવર્ગ–મંડળ.

Con-front', કૉન્ફ્રંટ, *vt.* (L. *con* & *frons* the front)to face; to oppose. સન્મુખ–સામે મહોડે–રૂબરૂ–સમક્ષ ઉભા રહેવું–રાખવું; સામા થવું. [perplex. ગુંચવી નાખવું; ગભરાવવું.

Con-fuse', કૉન્ફ્યૂઝ, *vt.* (L. *con* & *fundo* I pour) to

Con-fu'sion, કૉન્ફ્યુશન, *n.* disorder, tumult; loss of self-possession; overthrow. ગોંધળ, ઘોટાળો; ગભરાટ, ગભરામણ, ગુંચવણ; નાશ, પરાજય.

Con-fute, કૉન્ફ્યૂટ, *vt.* (L. *con* & *futare* to argue) to disprove; to overwhelm by argument. રદ–નું ખંડન કરવું, ખોટું પાડી–નો રદીઓ આપવો; તકરારથી હરાવવું –મ્હોંબંધ કરવું, દલીલથી ખોટું પાડવું.

Con'ge, કૉંજી, *n.* (L. *con* & *eo* to go) a bow; farewell.સલામ, નમસ્કાર, પ્રણામ; જતી વખતની સલામ, રામરામ.

Con-geal', કૉંજીલ, *vt.* or *i.* (L. *con* & *gelu* frost) to freeze. –થી ઠરવું–ઠરી જવું–ઠીઝવું–નક્કર થવું–કરવું.

Con′-gen-er, કૉંજીનર, *n.* (L. *con*, *genus* a race) a thing of the same nature or origin. એક—સમજાતીય વસ્તુ.

Con-ge′ni-al, કૉંજીનિઅલ, *a.* of the same nature or tastes. એક જાતનું, મળતું, સમધર્મક, સ્વભાવને ભાવતું—માફક—બેસતું.

Con-gen′it-al, કૉંજેનિટલ, *a.* (L. *con* & *gigno* to beget) of the same birth. સાથે જન્મેલું, એકસરખો સંબંધ ધરાવતું. [mass, heap. સમુદાય, સમૂહ, ઢગ, ઢગલો.

Con-ge′ries, કૉંજીરીઝ, *n.* (L. *con* & *gero* I bear) a

Con-ges′tion, કૉંજેશ્ચન, *n.* a collection of matter. લોહીની ગાંઠ—દડબ, બંધાઈ ગયેલું લોહી.

Con-glom′er-ate, કૉંગ્લૉમરેટ, *vt.* to gather into a round mass. એકઠું કરી દડો—ગોળો કરવો. *a.* gathered as a ball. દડીબંધ, એકઠું બાઝી ગયેલું. *n.* a sort of pudding stone. કાંકરીઓ પથ્થર.

Con-grat′u-late, કૉંગ્રૅટ્યુલેટ, *vt.* (L. *con* & *gratutor* I wish joy) to wish joy to. મુબારકબાદી આપવી.

Con-gra-tu-la′tion, કૉંગ્રૅટ્યુલેશન, *n.* an expression of joy. મુબારકબાદી.

Con-gre′gate, કૉંગ્રીગેટ, *vt.* or *i.* (L. *con* & *grex* a flock) to assemble, to meet. એકઠું—ભેગું—નો જમાવ કરવો, ભેગું—નો મેળાવો થવો. [જમાવ, સમૂહ, ધર્મસમાજ.

Con-gre-ga′tion, કૉંગ્રીગેશન, *n.* a religious assembly.

Con-gress, કૉંગ્રેસ, *n.* (L. *con* & *gradus* step) a meeting of envoys. એલચીઓ—વકીલો-પ્રતિનિધિની સભા.

Con'gru-ous, કૉંગ્રુઅસ, *a.* (L. *con* & *gruus*) fit, suitable, બેસતું, મળતું, એક રાગનું-ચાલું.

Con'ics, કૉનિક્સ, *n.* (L. *conus*) mathematics of curves. શંકુછેદ ભૂમિતિ.

Con-jec'ture, કૉન્જેક્ચર, *vt.* (L. *con* & *jacio* I throw) to guess. -નો ઉટાંગ-અટકળ બાંધવી,-વિશે ધારણા-કલ્પના-ક્યાસ કરવો. *n.* surmise, અટકળ.

Con-join', કૉન્જૉઇન, *vt.* (L. *con* & *jungo* I join) to connect, unite. સાંધવું, જોડવું, એકઠું-સંયુક્ત કરવું.

Con-joint', કૉન્જૉઇંટ, *a.* united, mutual. એકઠું, ભેગું, જોડેલું. [સાથે મળીને-લાગા.

Con-joint'ly, કૉન્જૉઇંટલિ, *ad.* with united efforts.

Con'ju-gal, કૉન્જુગલ, *a.* (L. *con* & *jugum* a yoke) relating to marriage. લગ્નવિષે, વરવહુનું.

Con'ju-gate, કૉન્જુગેટ, *vt.* to inflect as verbs. ક્રિયાપદનાં રૂપાખ્યાપન આપવાં.

Con-ju-ga'tion, કૉન્જુગેશન, *n.* the form of inflecting verbs. ક્રિયાપદનાં રૂપાખ્યાપન કે તેનું કોષ્ટક.

Con-junc'tion, કૉન્જંક્શન, *n.* (L. *con* & *jungo* I join) a connecting word; joining. ઉભયાન્વયી-વાક્યયોગીઅવ્યય; જોડવું-જોડાવું તે, સંજોગ, સંબંધ.

Con-junc'ture, કૉન્જંક્ચર, *n.* a critical time; union. અણી-એનનો વખત, તક, સંધિ, અવસર, તાકડો; સંયોગ.

Con-jure′, કૉન્જૂર, *vt.* (L. *con* & *juro* I swear) to enjoin solemnly. બહુ આજીજીથી વિનંતિ કરવી; ગંભીરતાથી-આણ દઇ બોલાવવું. Con′jure, કન્જર, *vt.* or *i.* to practise charms; to play tricks. મંતરવું, જાદુ કે છુમંતરથી કરવું-કરાવવું; છેતરવું, દગો કરવો.

Con′jur-er, કંજરર, *n.* an enchanter. જાદુગર.

Con′nate, કૉનેટ *a.* (L. *con* & *natus* born) born at the same time. જોડે-સાથે જન્મેલું-ઉત્પન્ન થયલું.

Con-nect′, કૉનેક્ટ, *vt.* (L. *con* & *necto* I tie) to join, to unite. સાંધવું, જોડવું, એકઠું-નો સંયોગ કરવો, ગાંઠવું, બાંધવું.

Con-nec′tion, કૉનેક્શન, *n.* joining; relation; relationship. જોડવું તે; સંબંધ, સંયોગ; સગાં, સંબંધી; સગાઈ.

Con-nect′ive, કૉનેક્ટિવ, *a.* that serves to connect. જોડનાર, સાંધનાર; ઉભયાન્વયી. *n.* a conjunction. વા-

Con-nex′ion, *see connection.* [કયયોગી અવ્યય.

Con-niv′ance, કૉનાઇવન્સ, *n.* (L. *con* & *nivere* I close) the act of winking at a fault, voluntary blindness to an act. આંખ આડા કાન, જોયું ન જોયું-સાંભળ્યું ન સાંભળ્યું કરવું તે, આંખમીચામણી. [કરવા.

Con-nive′, કૉનાઇવ, *vi.* to wink at. દેખ્યું ન દેખ્યું-અખાડા

Con-nois-seur′, કૉનેસેર, *n.* (L. *con* & *nosco* to know) a critical judge of the fine arts. ચિત્ર-ગાયન-શિલ્પ-વિદ્યાની પરીક્ષાવાળો-ગુણજ્ઞ-રસજ્ઞ મર્મજ્ઞ પુરૂષ, હીરાપારખું.

Con-nu'bi-al, કૉન્યુબિઅલ, *a.* (L. *con* & *nubo* I marry) relating to marriage. લગ્ન–પરિણયત સંબંધી.

Con'quer, કૉંકર, *vt.* (L. *con* & *quæro* to seek) to overcome, to vanquish; to gain by effort. જીતવું, હરાવવું, પરાજય–પરાભવ કરવો; શ્રમથી મેળવવું–પ્રાપ્ત કરવું.

Con'quer-or, કૉંકરર, *n.* victor. જીતનાર, જય મેળવનાર.

Con'quest, કૉંક્વેસ્ટ, *n.* act of conquering; thing conquered. જીત, જય, ફતેહ; જીતેલી વસ્તુ–પ્રદેશ.

Con-san-guin'i-ty, કૉન્સૅનગ્વિનિટિ, *n.* (L. *con* & *sanguis* blood) relation by blood. એક લોહીની સગાઈ.

Con'science, કૉન્શેન્સ, *n.* (L. *con* & *scio* I know) faculty by which we judge our actions. અંતઃકરણ, અંતર્જામી, સુબુદ્ધિ, ન્યાય, સત્ય, ખરો ભાવ.

Con-scien'ti-ous, કૉન્શિનશિઅસ, *a.* regulated by conscience. અંતર્જામીને પૂછી ચાલનાર, સાચી નિષ્ઠા–નેકીવાળો, દયાનત–ઇમાનદાર. [માહિતગાર; ભાન–શુદ્ધિ–ચેતનાવાળું.

Con'ci-ous, કૉનશિઅસ, *a.* aware; sensible. જાણીતું, વાકેફ,

Con-scrip'tion, કૉનસ્ક્રિપશન, *n.* (L. *con* & *scribo* I write) act of enrolling. નોંધવું–નોંધ કરવી તે; ઉંમર પ્રમાણે રૈયતને જબરીથી લડાઈમાં મોકલવાને કરેલી નોંધ.

Con'se-crate, કૉન્સેક્રેટ, *vt.* (L. *con* & *sacer* sacred) to make holy, dedicate. મંત્ર–ક્રિયાવડે પવિત્ર–ની પ્રતિષ્ઠા કરવી; ધર્માર્પણ–ઈશ્વરાર્પણ કરવું; દેવપદ આપવું; પૂજ્ય કરવું.

Con-sec'u-tive, કૉન્સેક્યુટિવ, *a.* (L. *con* & *sequor* I follow) following in order. એક પછી એક–અનુક્રમમાં આવતું, લાગોલગ.

Con-sent', કૉન્સેંટ, *n.* (L. *con* & *sentio* I feel) agreement, acquiescence; accord. સંમતિ, અનુમત; એક-મત–રાગ–તાલ; મળતાપણું. *vi.* to yield; agree. કબૂલત આપવી, હા પાડવી; એકમત થવું.

Con'se-quence, કૉન્સિક્વેન્સ, *n.* (L. *con* & *sequor* I follow) result; effect; importance. પરિણામ; ફળ, અનુમાન; અગત્ય વજન.

Con-se-quen'tial, કૉન્સિક્વેનશિઅલ, *a.* following as the effect; vain-glorious. પરિણામ તરીકે નિકળતું; ડોળ–મહોટમ–ગૌરવવાળું, ભારબોજનું. [કરીને, તેને લીધે.

Con-se'-quent-ly, કૉન્સીક્વેંટ્લિ, *ad.* therefore. તેથી

Con-serv'an-cy, કૉનઝરવૅન્સિ, *n.* (L. *con* & *servo* I keep) preservation. આરોગ્યતાનું સંરક્ષણ.

Con-ser-va'tion, કૉનઝરવેશન, *n.* the keeping of a thing in a safe state. ક્ષય–ઈજાથી રક્ષણ કરવું તે, બચાવ, સંરક્ષણ. [રક્ષક; ચાલતી રીતિને વળગી રહેનાર.

Con-serv'a-tive, કૉનઝરવેટિવ, *a.* desiring to preserve.

Con-serv'a-tor-y, કૉનઝરવેટોરી, *n.* a green house for exotic plants. રક્ષણગૃહ. [રાખેલી વસ્તુ–મીઠાઈ–મેવા.

Con'serve, કૉનઝર્વ, *n.* a sweetmeat. મુરબ્બો, ખાંડપાઈ

Con-serve', કૉનઝર્વ, *vt.* to preserve; to condy. સલામત—સારૂં—સંભાળી રાખવું, રક્ષણ કરવું; ખાંડ પાઈ રાખી મૂકવું.

Con-sid'er, કૉન્સિડર, *vt.* or *i.* (L. *con* & *sideo* I sit) to think on, ponder, weigh. વિચારવું, ધારવું, ગણવું.

Con-sid'er-a-ble, કૉન્સિડરેબલ, *a.* worthy of regard; moderately large; important. પ્રતિષ્ઠિત, ઇજતદાર; વ્યવહારીકું, ઠીક, સારૂં, વજનદાર—વાળું.

Con-sid'er-ate, કૉન્સિડરેટ, *a.* given to sober reflection. વિચારવંત—શીળ, ઠાવકો, સાવધ, વિવેકી.

Con-sid-er-a'tion, કૉન્સિડરેશન, *n.* mature thought; importance; respect; motive; compensation. પાકો વિચાર, ચિંતન, પ્રતિષ્ઠા, યોગ્યતા; વજન, ભાર; હેતુ, કારણ; બદલો.

Con-sid'er-ing, કૉન્સિડરિંગ, *ppr.* regarding, taking into account. ઉપર નજર રાખતાં, વિચારમાં લેતાં.

Con-sign', કૉન્સાઇન, *vt.* (L. *con* & *signo* I seal) send to, intrust, deliver. વેચવા સાટવા આડતીઆને મોકલવું—આપવું; હવાલે—હસ્તક કરવું, સોંપવું.

Con-sign-ee', કૉન્સાઇની, *n.* one who commits to another in trust. આડતીઓ.

Con-sign'ment, કૉન્સાઇનમેંટ, *n.* act of consigning; goods consigned; the writing by which any thing is consigned. હવાલે કરવું—સોંપવું તે; વેચવા માટે મોકલેલો માલ; સોંપતી વખતે કરેલો કરાર, હવાલાખત.

Con-sist′, કૉન્સિસ્ટ, *vi.* (L. *con* & *sisto* I stand) to be made up of; to agree; to stand firm. બનેલું હોવું, બનવું; જમતું–બેસતું આવવું, જોડે કે સાથે રહેવું–રહી શકવું;–માં રહેવું,–ઉભું રહેવું, નભવું.

Con-sist′ence, Con-sist′en-cy, કૉન્સિસ્ટન્સ, કૉન્સિસ્ટન્સિ, *n.* solidity; a degree of density; firmness of body; congruity. ઘન–ઘટ્ટપણું; પ્રવાહીનું રગડ–ઘટ્ટપણું, જાડાશ; દૃઢતા, સ્થૈર્ય, સ્થિતિ; મેળ, તાલ, બેસતું આવવું તે. [બેસતું, સંગત,; ઘન, ઘટ, નક્કર.

Con-sist′ent, કૉન્સિસ્ટંટ, *a.* agreeing; solid. મળતું,

Con-sis′tor-y, કૉન્સિસ્ટૉરિ, *n.* a spiritual court; an assembly. ધર્માધ્યક્ષોની કચેરી–સભા; મંડળી.

Con-so-la′tion, કૉન્સોલેશન, *n.* (L. *con* & *solor* to comfort) comfort, alleviation. દિલાસો, મનનું સમાધાન.

Con-sole′, કૉન્સોલ, *vt.* to comfort, to cheer. દિલાસો આપવો–દેવો, મનનું સમાધાન કરવું, મન વાળવું.

Con-sol′i-date, કૉન્સૉલિડેટ, *vt.* or *i.* (L. *con* & *solidus* solid) to make or grow solid, to unite into one. કઠણ–ઘટ–નક્કર કરવું–થવું; જુદી જુદી વાત–વસ્તુ એકઠી–ભેગી–એકત્ર કરવી. [કારી વ્યાજુ નોટ.

Con′sols, કૉન્સૉલ્ઝ, *n. pl.* government stock. સર-

Con′so-nant, કૉન્સોનંટ, *a.* (L. *con* & *sono* to sound) consistent. એક રાગ–તાલ, મળતું, બેસતું, જમતું. *n.* a letter which cannot be sounded by itself. વ્યંજન.

Con′-sort, કૉન્સૉર્ટ, *n.* (L. *con* & *sors* lot) a husband or wife; a companion. ધણી કે ધણીઆણી, સાથી, સોબતી. [સંગત કરવી, સાથે ભળવું–મળવું.

Con-sort′, કૉન્સૉર્ટ, *vi.* to associate with. –ની સોબત–

Con-spic′u-ous, કૉન્સ્પિક્યુઅસ, *a.* (L. *con* & *specio* to see) plain, obvious; eminent. ખુલ્લું, ઉઘાડું; મખ્યાત.

Con-spir′a-cy, કૉન્સ્પિરસિ, *n.* (L. *con* & *spiro* I breathe) a plot. ફિતુર–તર્કટ–કુકર્મ કરવાને કરેલો સંપ–એક્કો.

Con-spire′, કૉન્સ્પાયર, *vi.* to plot against; to tend to one end. ખોટું–કુકર્મ કરવાને એકઠા મળી વિચાર–મનસુબો–ઠરાવ કરવો; એકઠા–એકમત થઇ કંઈ કરવું.

Con′sta-ble, કાન્સ્ટેબલ, *n.* (L. *comes stabuli* master of the horse) an officer of the peace. સુલેહનો અમલદાર, પોલીસનો સિપાઈ.

Con′stant, કૉન્સ્ટંટ, *a.* (L. *con* & *sto* to stand) firm, unchanged. દૃઢ, આગ્રહી, દૃઢતાથી વળગી રહેનાર; સ્થિર, અચળ, નિત્ય, નિરંતર.

Con-stel-la′tion, કૉન્સ્ટેલેશન, *n.* (L. *con* & *stella* a star) a cluster of fixed stars; an assemblage of splendours. નક્ષત્ર; તેજપુંજ, તેજસ્વી વસ્તુ–પુરૂષોનો જમાવ.

Con-ster-na′tion, કૉન્સ્ટરનેશન, *n.* (L. *con* & *sterno* I spread) great terror. બાવરાપણું, ગભરાટ, વિસ્મય.

Con-sti-pa′tion, કૉન્સ્ટિપેશન, *n.* (L. *con* & *stipo* to compress) costiveness. ઝાડાની કબજીઅત, બંધકોષ.

Con-stit'u-en-cy, કૉન્સ્ટિટ્યુઍન્સિ, *n.* (L. *con* & *statuo* to set) body of electors. કોઈને પોતાનો વકીલ–મુખત્યાર પસંદ કરનારા માત્રનું મંડળ.

Con'sti-tute, કૉન્સ્ટિટ્યૂટ, *vt.* to appoint; to establish; compose. ઠરાવવું, નિમવું; સ્થાપવું, રચવું, કરવું; હોવું,–થી મળીને થવું.

Con-sti-tu'tion, કાન્સ્ટિટ્યૂશન, *n.* framo of body, mind or government. શરીરનું બંધારણ–બાંધો; કાઠું; પ્રકૃતિ, તબીઅત, જન્મસ્વભાવ; કોઈપણ રાજ્ય–મંડળીના બંધારણનું ધોરણ; નિયમ, કાયદો, કાનુન.

Con-strain', કૉન્સ્ટ્રેન, *vt.* (L. *con* & *stringo* to bind) to force, to compol; restrain. જરૂર–ફરજ પાડવી,–ઉપર જબરદસ્તી કરવી, પરાણે કરવું.

Can-straint', કૉન્સ્ટ્રેંટ, *n.* compulsion; restraint. જબરદસ્તી, બળ, જોર, બળાત્કાર; બંધન દબાણ, દાબ પ્રતિબંધ.

Con-strict', કૉન્સ્ટ્રિક્ટ, *vt.* (L. *con* & *stringo* to bind.) દાબવું, સંકોચન કરવું, ખેંચીને બાંધવું.

Con-struct', કૉન્સ્ટ્રક્ટ, *vt.* (L. *con* & *struo* I pile up) to build; form. બાંધવું, ચણવું, ઉભું કરવું, ઉઠાવવું; ચોજવું, રચવું.

Con-struc'tion, કૉન્સ્ટ્રક્શન, *n.* building; arrangement; meaning. ઈમારત, બાંધણી; ઘાટ, રચના, યોજના, વાકયરચના; અર્થ, માયનો. [તર્ક કરવું, અર્થ કાઢવો–સમજવો.

Con-strue', કૉન્સ્ટ્રૂ, *vt.* to explain. સમજવું, અર્થ–ભાષાં-

Con′-sul, કૉન્સલ, *n.* (L. *con* & *salio* to leap) an officer representing sovereign in foreign port. એલચી, મુખત્યાર, પ્રતિનિધિ, મુખ્ય અધિકારી, કાનસલ.

Con-sult′, કૉન્સલ્ટ, *vt.* or *i.* seek advice of; to take counsel together; to refer to; to regard.—ની સલાહ લેવી,—નો અભિપ્રાય પૂછવો; સાથે વિચાર-મનસુબો કરવો;—માં શોધ-તપાસ-તજવીજ કરવી, જોવું;—ઉપર નજર-લક્ષ રાખી કરવું.

Con-sul-ta′tion, કૉન્સલટેશન, *n.* mutual deliberation; a meeting to consult. એકઠા વિચાર-સલાહ-મસલત; પરસ્પર અભિપ્રાય પૂછવાને થયલી મંડળી.

Con-sume′, કૉન્સ્યૂમ, *vt.* or *i.* (L. *con* & *sumo* I take) to waste, eat; use. નાશ કરવો, બાળી નાખવું, ખવાઇ જવું; વાવરી નાખવું, ઉડાવી દેવું.

Con′sum-mate, કૉન્સમેટ, *a.* (L. *con* & *summa* sum) complete. સંપૂર્ણ, પરિપૂર્ણ. *vt.* to perfect. પરિપૂર્ણ-સિદ્ધ કરવું, પાર મૂકવું,—નો અંત-છેડો આણવો.

Con-sump′tion, કૉન્ઝમ્પશન, *n.* (L. *con* & *sumo* I take) waste; wasting disease. ઉડાવવા-બગાડ-વાપરવાથી નાશ પામવું તે, નાશ; ક્ષયરોગ, ખઈ, ખય.

Con′tact, કૉન્ટૅક્ટ, *n.* (L. *con* & *tango* to touch) touch, close union. પદાર્થોનો સ્પર્શ-સંસર્ગ, સંયોગ.

Con-ta′gion, કૉન્ટેજન, *n.* catching disease; pestilence. સ્પર્શ-ચેપથી રોગનું ઉડવું તે; ચેપી ઝેરી હવા-રોગ; ચેપ.

Con-ta'gi-ous, કૉંટેજીઅસ, *a.* catching, infectious; pestilential. ચેપી,ઉડતું,સ્પર્શથી મરકી–રોગચાળો થાય એવું.

Con-tain', કૉન્ટેન, *vt.*(L. *con* & *teneo* I hold)to hold. comprise; to restrain.–માં હોવું;–માં સમાવું–માવું–સમાવેશ થવો, સમાસ કરવો; મન કબજ રાખવું, જીવ વશ રાખવો. to live in chastity. શુદ્ધ–પાક–બગડયા વગર રહેવું.

Con-tam'i-nate, કૉન્ટૅમિનેટ, *vt. i.* (L. *con* & *tago* to touch) to spoil; pollute. બગાડવું, મલિન કરવું, ડાઘ–કલંક–એબ–દોષ લગાડવો; વટાળવું, અભડાવવું.

Con-temn', કૉંટેમ, *vt.* (L. *con* & *temno* I despise) to scorn. તુચ્છ–હલકું ગણવું–સમજવું; ધિક્કારવું, તુચ્છકારવું.

Con-tem'plate, કૉંટેમ્પ્લેટ, *vt.* or *i.* (L. *con* & *tempus* a space marked out) meditate; to survey; consider. ધ્યાન–ચિંતન–મનન કરવું, ઉંડા વિચારથી તપાસવું; ચોતરફથી–બધી તરફનો વિચાર કરી તપાશી જોવું; ધારવું,કરવાનો વિચાર રાખવો–હોવો. [મનન, ચિંતન, વિચાર, ઈરાદો.

Con-tem'pla'tion, કૉન્ટેમ્પ્લેશન, *n.* meditation. ધ્યાન,

Con-tem'pla-tive, કૉન્ટેમ્પ્લેટિવ્,*a.* given to thought. ચિંતન–મનનશીલ, ધ્યાનનિષ્ઠ, વિચારવાળું–વંત.

Con-tem-po-ra'ne-ous, Con-tem'po-ra-ry, કૉન્ટેમ્પોરેનિઅસ, કૉન્ટેમ્પોરૅરિ, *a.* (L. *con* & *tempus* time) living or being at the same time. એકજ, કાળ–સમયનું. [same time. એકકાળે હોનાર પુરૂષ.

Con-tem'po-ra-ry, કૉન્ટેમ્પોરૅરિ, *n.* one living at the

Con-tempt′, કૉંટેમ્ટ, *n.* (see comtemn) disdain; disgrace. ધિક્કાર, અનાદર; અપમાન.

Con-temp′ti-ble, કૉંટેમ્પ્ટિબલ, *a.* mean, despicable. તુચ્છ જેવું, હલકું; ધિક્કારવા જોગ. [અપમાન ભરેલું.

Con-tempt′u-ous, કૉંટેમ્પ્ટયુઅસ, *a.* scornful. તિરસ્કાર-

Con-tend′, કૉંટેંડ, *vi.* (L. *con* & *tendo* I stretch) to strive; dispute. પ્રયત્ન-કોશીશ કરવી; આથડવું, સામસામા લઢવું-હોંશાતોશી કરવી, વિવાદ-તકરાર કરવી.

Con-tent′, કૉંટેંટ, *n.* (L. *con* & *teneo* I hold) satisfaction. સંતોષ, ખુશી. *a.* satisfied, quiet. સંતોષી, રાજી. *vt.* to satisfy, to please. મનનો સંતોષ-સમાધાન કરવું, ખુશ રહેવું-થવું, નિરાંત વાળવી-રાખવી.

Con-tent′ed, કૉંટેંટેડ, *a.* see content.

Con-ten′tion, કૉંટેંશન, *n.* (L. *con* & *tendo* I stretch) strife, debate. કજીયો, ઝઘડો, હોંશાતોશી, પ્રયત્ન; વિવાદ, તકરાર. [ઢાઈખોર, આથડે એવું, તકરારી, માથાફોડિયું.

Con-ten′ti-ous, કૉંટેંશિઅસ, *a.* quarrelsome. ટંટા-લ-

Con-tent′ment, કૉંટેંટમેંટ, *n.* (see *content*) satisfaction, gratification. સંતોષ; ખુશી.

Con-tents′, કૉંટેંટસ, *n. pl.* things contained, heads of book, etc. અનુક્રમણિકા, સાંકળીયું. અંદર આવેલી બીના-લખાણ; ભરેલો સામાન.

Con′test, કૉંટેસ્ટ, *n.* (L. *con* & *testor* I call to wit-

ness)dispute;struggle. તકરાર, વિવાદ; સરસાઈવાસ્તે માથા-કૂટ–તાણાતાણ. con-test′, *vt.* or *i.* to dispute. વિશે તકરાર –વિવાદ–ટંટો ઉઠાવવો–કરવો; સામી તકરાર લેવી–સામો જવાબ આપવો, ટકાવી રાખવાને ટક્કર લેવી–ઝાલવી, સ્પર્ધા કરવી.

Con′text, કૉન્ટેક્સ્ટ, *n.* (L. *con* & *texo* I weave) order of discorse, the parts that precede & follow a sentence. લખાણનો આગળપાછળનો સંબંધ.

Con-text′ure, કૉંટેક્શ્ચર, *n.* composition of parts; texture. સંરચના, બંધારણ; પોત, કુમાસ.

Con-ti-gu′i-ty, કૉંટિગ્યુઈટિ, *n.* (L. *con* & *tango* I touch) contact. નિકટ–સમીપ–સંલગ્ન–સરસાપણું.

Con-tig′u-ous, કૉંટિગ્યુઅસ, *a.* joining at the surface or border. પાસે–જોડે–નજીકનું, સરસું, અડકતું.

Con′-ti-nence, કૉંટિનેન્સ, *n.* (L. *con* & *teneo* I hold) self-restraint; chastity. મનના વિકાર–કામને વશ રાખવો તે.

Con′ti-nent, કૉંટિનેંટ, *a.* not indulging in pleasure. જીવ–મનોવિકારને વશ–કબજામાં રાખનાર, કામજીત. *n.* mainland. ખંડ, મહાદ્વીપ.

Con-tin′gen-cy, કૉન્ટિન્જન્સિ, *n.* (L. *con* & *tango* I touch) casual event, chance. દૈવયોગ.

Con-tin′gent, કૉન્ટિન્જન્ટ, *n.* chance; quota. દૈવયોગ; ભાગે આવતો–પડતો હિસ્સો–ફાળો–ભાગ. *a.* depending on. દૈવયોગી, અનિશ્ચિત, ભવિષ્યના આધારે રહેતું.

Con-tin′u-al, કૉંટિન્યુઅલ, *a.* (L. *con* & *tenere* to hold) unceasing; often repeated. જાયુ, નિરંતર; આખો દહાડો થયલું–કરેલું, વારંવારનું.

Con-tin′u-ance, કૉંટિન્યુઅન્સ, *n.* the act of continuing; propagation; deferring. જારી–કાયમ રહેવું–રાખવું, ચાલવું–ટકવું તે; વિસ્તાર, વૃદ્ધિ, સંતાન; મુલતવી રાખવું તે.

Con-tin-u-a′tion, કૉંટિન્યુએશન, *n.* unbroken succession. જારી રહેવું તે, વધારો, પુરવણી, ઉત્તરભાગ.

Con-tin′ue, કૉંટિન્યુ, *vi.* to remain, stay; to endure; to be constant. જારી–કાયમ રહેવું; ટકવું, નભવું, ચાલવું; અડયા–વળગ્યા રહેવું. *vt.* to protract. લંબાવવું, ચલાવવું, ટકાવી–નભાવી–જારી–કાયમ રાખવું.

Con-ti-nu′i-ty, કૉંટિન્યુઇટિ, *n.* uninterrupted connection. સલંગ–નિરંતર–સ્તંતપણું. [સલંગ, અખંડ, નિરંતર.

Con-tin′u-ous, કૉંટિન્યુઅસ, *a.* connected, continued.

Con-tort′, કૉંટૉર્ટ, *vt.* (L. *con* & *tortum* to twist) to twist, to writhe. મચડવું, મરડવું, આમળવું. [આમળો, વળ.

Con-tor′tion, કૉંટૉર્શન, *n.* a twisting, a wry motion.

Con-tour′, કૉંટૂર, *n.* (Fr. *con* & *tour* turn) outline, shape, figure. રૂપરેખા, ઘાટ, આકાર, આકૃતિ.

Con′tra, કૉંટ્રા, *pre.* (L.) against. સામું–મે, વિરૂદ્ધ, ઉલટું.

Con′tra-band, કૉંટ્રબૅંડ, *a.* (L. *contra* & *bannum* proclamation) prohibited. બંધી–મનાઇનું–વાળું, મનાઈ કરેલું હોય એવું. *n.* illegal traffic. બંધી–મનાઇનો માલ–વેપાર.

Con'tract, કૉંટ્રૅક્ટ, *n.* (L. *con* & *traho* I draw) an agreement; covenant. કરાર, બોલી; કરારપત્ર–નામું.

Con-tract', કૉંટ્રૅક્ટ, *vt.* to draw together; incur; betroth; wrinkle. સંકોચવું, ટુંકું–સંક્ષિપ્ત કરવું;–થી થવું–આવવું, કરજ કરવું, ટેવ પાડવી,–ને પડવું–વળગવું; વિવાહ–સગાઇ કરવી; કરચલી વાળવી, ચઢાવવું. *vi.* to make an agreement. કરાર–બોલી કરવી, કંટ્રાક્ટ–માથે રાખવું.

Con-tract'ed, કૉંટ્રૅક્ટેડ્, *a.* narrow; selfish. ઉદાર નહિ એવું, કૃપણ, કંજુસ; મતલબી, આપસ્વાર્થી.

Con-trac'tion, કૉંટ્રૅક્શન, *n.* shortening; shrinking. ટુંકું થઇ–સંકોચાઇ જવું તે, સંકોચ, સંક્ષેપ.

Con-tra-dict', કૉંટ્રાડિક્ટ, *vt.* (L. *contra* & *dico* I say) to gain say; to deny. –થી–ની વિરૂદ્ધ–ઉલટું કહેવું–બોલવું–હોવું;–ની નાપાડવી. [નાકેહેવી તે, ઉલટાપણું.

Con-tra-dic'tion, કૉંટ્રાડિક્શન, *n.* denying. વિરૂદ્ધ બોલવું

Con-tra-dic'tor-y, કૉંટ્રાડિક્ટૉરિ, *a.* inclined to contradict. પરસ્પર વિરૂદ્ધ, ઉલટું, વિપરીત.

Con-tra-dis-tin'guish, કૉંટ્રાડિસ્ટિંગ્વિશ, *vt.*(L. *contra*) to distinguish by contrast.–માં ફેર દેખાડવો.

Con'tra-ri-wise, કૉંટ્રરિઉવાઇઝ, *ad.* on the other hand. ઉલટું, સામું.

Con'tra-ry, કૉંટ્રરિ, *a.* (L. *contra*) opposite. ઉલટું, સામું, વિરૂદ્ધ. *n.* a thing of opposite qualities. ઉલટા-ઉલટી ગુણની વસ્તુઓ–વાતો–વચન–સિદ્ધાંત.

Con'trast, કૉંટ્રૅસ્ટ, *n.* (L. *contra* & *stare* to stand) opposition; comparison. ઉલટાપણું, ભિન્નભાવ; ઉલટા ગુણનો મુકાબલો, સરખાવણી.

Con-trast', કૉંટ્રૅસ્ટ, *vt.* to put in comparison. પડછે મૂકવું, પરસ્પર સરખાવવું-મુકાબલો કરવો. *vi.* to stand in opposition. મુકાબલાથી જુદું પડી આવવું-ઉલટું દેખાવું.

Con-tra-vene',કૉંટ્રવીન, *vt.*(L. *contra* & *venio* I come) to oppose. સામે-વિરૂદ્ધ-આડું આવવું-થવું, હરકત કરવી.

Con-trib'ute, કૉંટ્રિબ્યૂટ, *vt.* (L. *con* & *tribuo* I grant) give towards; have share in. આપવું, કરવા -આપવા લાગવું; ભાગ-હિસ્સો-ફાળો આપવો; જોઈતી મહેનત કરવી-લેવી, મદદ-સહાય થવું.

Con-tri-bu'tion, કૉંટ્રિબ્યુશન, *n.* any thing given. ભાગ, હિસ્સો, ફાળો; ભંડોળમાં ભરેલી રકમ, સામાન્ય કામમાં કરેલી મદદ-લીધેલો ભાગ.

Con'trite, કૉંટ્રાઈટ, *a.* (L. *con* & *tero* I rub) broken-hearted for sin, penitent. પાપને લીધે અતિ શોકાતુર, પશ્ચાતાપી, અતિદીન. [પસતાવો.

Con-tri'tion, કૉંટ્રિશન *n.* deep sorrow. પાપનો ખરો

Con-triv'ance, કૉંટ્રાઈવન્સ, *n.* (Fr. *con* & *trouver* to find) scheme. યુક્તિ, તદબીર, યોજના, કળા, કરામત, હિકમતથી કરેલી વસ્તુ. [ગોઠવવું, હિકમતથી ઉઠાવવું-બનાવવું.

Con-trive', કૉંટ્રાઈવ્, *vt.* to invent; to plan. યોજવું, રચવું,

Con-trol′, કૉંટ્રોલ, *n.* (Fr. *controlé* a counter register) restraint; command. અંકુશ, દાબ, લગામ, મર્યાદા; સત્તા, અધિકાર, કાબુ, હુકમ, આજ્ઞા. *vt.* to restrain; to govern. દાબ–અખતીઆર–કાબુ–હુકમ–કબ્જામાં રાખવું.

Con′tro-ver-sy, કૉંટ્રોવર્સિ, *n.* (L. *contra* & *verto* to turn) dispute. વાદવિવાદ, તકરાર.

Con′tro-vert, કૉંટ્રોવર્ટ, *vt.* to dispute. વિષે વિવાદ કરવો ચલાવવો,–ના સામા રદીઆ આપવા.

Con tu-ma′ci-ous, કૉંટ્યુમેશિઅસ, *a.* (L. *con* & *tumere* to swell) stubborn, obstinate. હઠીલો, જીદ્દી, જક્કી, સામું બોલનાર,જાણીજોઈ કોર્ટનો હુકમ તોડનાર-નું અપમાન કરનાર.

Con′tu-ma-cy, કૉંટ્યુમેસિ, *n.* unyielding resistance to rightful authority, obstinacy. જાણી જોઈને કોરટનો હુકમ તોડનાર; જીદ, જક, હઠ. [અપમાન, તરછોડો.

Can′tume-ly કૉંટ્યુમ્લિ, *n.* reproach. ધિક્કાર, તિરસ્કાર,

Con-tuse′, કૉંટ્યુઝ, *vt.* (L. *con* & *tundo* to beat) to pound, to bruise. ઝુડવું, ખાંડવું, ભરડવું, કચરવું. [સોર.

Con-tu′sion, કૉંટ્યુશન, *n.* a bruise. ઝુડવું–કચડવું તે, સોળ,

Co-nun′drum, કોનનડ્રમ, *n.* (O. E. *conne* to know) a kind of riddle. ઉખાણું, અર્થ.

Con-va-les′cence, કૉન્વૅલેસેન્સ, *n.* (L. *con* & *valeo* I am strong) recovery from illness. મંદવાડ ખાધા. પછી સાજી થતી દશા.

Con-va-les'cent, કૉન્વૅલેસૅંટ, *a.* recovering health. મંદવાડ ખાધાપછી સાજું થવું—હરવું ફરવું, તનદુરસ્તીમાં આવવું.

Con-vene', કૉન્વીન, *vt.* or *i.* (L. *con* & *venio* I come) to call together; assemble. બોલાવવું, મેળવવું, ભરવું.

Con-ve'ni-ence, કૉન્વિનિઍન્સ, *n.* fitness, ease. સગવડ, વગ, સોઈ, લાગ, અનુકુળતા, ફાવતા—સુગમપણું.

Con-ve'ni-ent, કૉન્વિનિઍંટ, *a.* suitable, commodious. લાયક, ફાવતું, ઠીક—લાગ—વગ પડતું, સુગમ, સુતર. [અખાડો.

Con'vent, કૉન્વૅંટ, *n.* a religious house. મઠ, આશ્રમ,

Con-ven'ti-cle, કૉન્વૅંટિકલ, *n.* a meeting, an assembly for worship. સભા, સરકારે સ્થાપેલા ધર્મમાંથી જુદા પડેલા લોકની ધર્મસમાજ.

Con-ven'tion, કૉન્વૅન્શન, *n.* assembly of delegates; agreement. પ્રતિનિધિઓની સભા; કાચો ઠરાવ—બોલી—કરાર.

Con-ven'tion-al, કૉન્વૅન્શનલ, *a.* agreed on. કરાર—બોલી—કબાલા પ્રમાણેનું—કરેલું; રૂઢી—રીત—ચાલપ્રમાણે થતું.

Con-verge', કૉન્વર્જ, *vi.* (L. *con* & *vergo* I incline) to tend to one point. એકકેંદ્ર—બિંદુમાં—બિંદુ તરફ મળવું—વળવું—જમાવ થવો, પાસે પાસે આવતા જવું.

Con'-ver-sant, કૉન્વરસૅંટ, *a.* (L. *con* & *versor* to live) familiar with; versed in. હળીમળીને રહેલું, પરિચયવાળું; પ્રવીણ, કુશળ, નિપુણ; સંબંધવાળું—રાખતું, લગતું.

Con-ver-sa'tion, કૉન્વરસેશન, *n.* familiar discourse; conduct. વાતચીત, સંભાષણ, બોલચાલ; આચરણ, ચાલ.

Con'verse, કૉન્વર્સ, *n.* talk. વાતચીત; સમાગમ, પરિચય, સહવાસ; ઉલટું પદ. *a.* opposite. ઉલટું.

Con-verse', કૉન્વર્સ, *vi.* to speak with. વાત—વાતચીત વહિવટ કરવો, સોબત—સંગત કરવી.

Con'verse-ly, કૉન્વર્સ્લિ, *ad.* in contrary order. ઉલટી રીતે, ઉલટપક્ષથી.

Con-ver'sion, કૉન્વર્શન, *n.* (L. *con* & *verto* to turn) change of state. રૂપાંતર, ફેરફાર, ધર્મના નવા મતમાં જવું તે, વટળવું તે, પારકી મીલકતને પોતાના ઉપયોગમાં આણવી તે.

Con'vert, કૉન્વર્ટ, *n.* changer of opinions. પોતાનું આચરણ—મત—ધર્મ ફેરવનાર, પોતાનો ધર્મ છોડી બીજામાં જનાર.

Con-vert', કૉન્વર્ટ, *vt.* to change from one state to another. બદલવું, ફેરવવું, રૂપાંતર—નું કરવું, એક ધર્મ ફેરવીને બીજા કે નવા ધર્મમાં લાવવું; સુધારવું, સારે રસ્તે ચઢાવવું.

Con'vex, કૉન્વેક્સ, *a.* (L. *con* & *veho* I bring) roundish on the outside. બહારથી ગોળ, બાહ્યગોળ, ઊંબાકાર.

Con-vey', કૉન્વે, *vt.*(L. *con* & *veho* I carry)to carry, to transfer. લઈ જવું, પહોંચાડવું, બીજાને નામે ચઢાવવું—આપવું—આપી દેવું—હસ્તક કરવું.

Con-vey'ance, કૉન્વેઅન્સ, *n.* carriage; transfer; deed of transfer. વાહન, ગાડી, રથ; વેચાણ ખત; મિલકત બીજાને નામે ચઢાવવાનો દસ્તાવેજ—લેખ—ખત.

Con'vict, કૉન્વિક્ટ, *n.* (D. *con* & *vinco* I conquer) a person found guilty of crime. અપરાધી ઠરેલો માણસ.

Con-vict', કૉન્વિક્ટ, *vt.* to prove guilty; to convince of sin. ગુનેહગાર–તકશીરવાન ઠરાવવું; પાપવિષે ખાતરી કરી આપવી,–થી–આગળ દોષવાન ઠરવું.

Con-vic'tion, કૉન્વિક્શન, *n.* proving guilty; firm opinion. પોતાના અંતર્જામી આગળ પાપી–દોષવાન ઠરવું–જણાવું તે; પૂરી ખાતરી–પતીજ. [પૂરાવાથી ખાતરી કરી આપવી.

Con-vince', કૉન્વિન્સ, *vt.* to satisfy by evidence.

Con-vinc'ing, કૉન્વિન્સિંગ, *a.* producing conviction. ખાતરીલાયક–થાય એવું.

Con-viv'i-al, કૉન્વિવિઅલ, *a.* (L. *con* & *vivo* to live) festive, jovial. મોજમઝા-મિજબાની–ખુશાખુશિત–વાળું-નું.

Con-viv-i-al'i-ty, કૉન્વિવિઍલિટિ, *n.* jovial disposition. ખુશમિજાજ; ઉચ્યાફતની મઝા–મોજ.

Con-vo-ca'tion, કૉન્વોકેશન, *n.* (L. *con* & *voco* to call) an assembly of clergy or heads of a university. પાદરીઓના પ્રતિનિધિની–વિદ્યાલયના ઉપરીઓની સભા–સમાજ. [–ભેગા કરવું, બોલાવવું, ભરવું, મેળવવું.

Con-voke', કૉન્વોક, *vt.* to call together. તેડું કરી એકઠા

Con-volve', કૉન્વૉલ્વ, *vt.* (L. *con* & *volvo* I roll) to roll together. વિટવું, વિટાળવું.

Con'voy, કૉન્વૉયી, *n.* (L. *con* & *via* a way) escort for defence. વળાવું કરનાર, વહાણ વગેરે, વળાવો, રખવાળ.

Con-voy', કૉન્વોયી, *vt.* to accompany for defence. માલનું રખવાળું કરવા જોડે જવું, વળાવું–રખવાળું કરીને લઈ જવું.

Con-vulse′, કોન્વલ્સ, *vt.* (L. *con* & *vello* to pull) to affect by violent motion; to shake. જોરથી વાંકુંચૂંકું તાણવું–ખેંચવું–ખેંચાવું–તણાવું; તણાઈ જવું, ધ્રૂજવું, કાંપવું.

Con-vul′sion, કોન્વલ્શન, *n.* a violent spasm. હાથપગનું ખેંચાવું–કંપવું, તાણ, આંકડી. [આણે એવું, આચકાનું

Con-vuls′ive, કોન્વલ્સિવ્, *a.* spasmodic. તાણ–આંકડી

Co′ny, કોનિ, *n.* (L. *cuniculus*) a rabbit. સસલું.

Coo, કૂ, *n.* (*imit*) cry of a dove. કબૂતરનું બોલવું–ઘું ઘું.

Cook, કુક, *n.* (L. *coquo* I cook) one who dresses food. બબરચી, રસોઈઓ, રાંધનારો–રી. *vt.* to dress food. રસોઈ કરવી, રાંધવું, પકવવું. [કળા, પાકક્રિયા.

Cook′er-y, કુકરિ, *n.* art of dressing food. રાંધવાની

Cool, કૂલ, *a.* (Sax. *col.*) rather cold; self-possessed; indifferent. ઠંડું, શીળું, શીતળ; શાંત, સ્વસ્થ, ધીમું; ખરા ભાવ-ઉમળકા-હેત વગરનું, બેફિકરું, નિર્લજ, બેદરકાર. *n.* moderate degree of cold. શીતલતા, ઠંડક, ઠંડીનો વખત–જગા. *vt. i.* to make or grow cold; to lose zeal or affection. ઠંડું–ધીમું કરવું–થવું–પડવું; હોંસ–ઉલટ–પ્રેમ ઓછો થવો.

Coop, કૂપ, *n.* (L. *cuba* a tub) a cask; a box for fowls. દારૂનું પીપ; મરઘા વગેરે રાખવાની સળિયાવાળી પેટી–ખડો–પાંજરું. *vt.* to shut up. પાંજરા–સાંકડી જગામાં ગોંધવું.

Coop′er, કૂપર, *n.* a maker of casks. પીપ બનાવનાર.

Co-op′er-ate, કોઑપરેટ, *vi.* (L. *con* & *opus* work)

to work together. એક દીલ થઈ—એકજ મતલબસારૂ સાથે મળીને કામ કરવું, મદદ કરવી. [સામેલીઅત, મદદ.

Co-op-er-a'tion, કોઑપરેશન, *n.* joint labour. સહક્રિયા,

Co-or'di-nate, કોઑર્ડિનેટ, *a.*(L. *con* & *ordo* I order) being of the same rank. સરખું, બરાબરીનું, સમપદ.

Co-par'cen-er, કોપાર્સનર, *n.* (L. *con* & *pars* a part) a coheir. સહીયારો—સાથેનો વારસ. [પાંતીદાર.

Co-part'ner, કોપાર્ટનર, *n.* a joint-partner, ભાગિયો,

Cope, કોપ, *n.* (AS. *cappe*) priest's cloak; a cover for the head; the roof of a house. પાદરીનો ખૂલતો ડગલો—જામો; માથાનું ઢાંકણ—આચ્છાદાન—લુગડું; ઘુમ્મટ, છત.

Cope, કોપ, *vi.* (Dan. *kappen* to strive) to contend. બાથ ભીડવી, બરોબરી દાવે લઢવું—વઢવું—સામે થવું.

Cop'ing, કોપિંગ, *n.* the top of a wall. ભીતનું મથાળું.

Co'pi-ous, કોપીઅસ, *a.* (L. *copia* abundance) plentiful. બહુ, પુષ્કળ, વિશાળ, બહોળું.

Cop'per, કૉપર, *n.* (L. *cuprum*) a metal; a large boiler; a copper coin. ત્રાંબું; પાણી ઉકાળવાનો મહોટો દેગ; ત્રાંબા નાણું. [triol. હીરાકશી.

Cop'per-as, કૉપરૅસ, *n.* sulphate of iron, green vi-

Cop'pice, Copse, કૉપિસ, કૉપ્સ, *n.* (Fr. *couper* to cut) thicket. ઝાડી.

Cop'u-la, કૉપ્યુલા, *n.* (L.) a word uniting the subject & predicate. ઉદ્દેશ તથા વાક્યનો જોડનાર શબ્દ.

Cop'u-late, કૉપ્યુલેટ, *vi.* to unite into pairs. સંભોગ-મિથુન-અંગસંગ કરવો. [pairs. સંભોગ, મૈથુન, સ્રીપુરૂષ સંભોગ.
Cop-ul-a'tion, કૉપ્યુલેશન, *n.* act of embracing in
Cop'u-la-tive, કૉપ્યુલેટિવ, *a.* that unites. સંયોજક, જોડનાર, ઉભયાન્વયી.

Cop'y, કૉપિ, *n.* (L. *copia*) a transcript; example; imitation. ઉતારો; દાખલો, નમુનો, અસલ; નકલ, પ્રત. *vt.* to transcribe; imitate. નકલ-ઉતારો-પ્રત કરવી, ઉતારવું.

Cop'y-book, કૉપિબુક, *n.* a book for practising writing. કિતાની ચોપડી, ખરડો. [manorial roll. સનદ, પટ્ટો.
Cop'y-hold, કૉપિહોલ્ડ, *n.* tenure under copy of
Cop'y-ist, કૉપિઇસ્ટ, *n.* one who copies. નકલ-ઉતારો કરનાર, લેખક, લહીઓ, ઉતારનાર.

Cop'y-right, કૉપિરાઇટ, *n.* the sole right to publish a book. ગ્રંથકારનો ગ્રંથ છાપવા-પ્રસિદ્ધ કરવાનો આગવો હક.
Co-quet', કોકેટ્, *vi.* (Fr. *coq* a cock) to trifle in love. માશુકને ઉપરની પ્રીત દેખાડી ઉડાવવું, લટકા-નખરાં-અદા-હાવભાવ-ચાળા કરવા. [રાંભાજી.

Co-quet'ry, કોકેટ્રિ, *n.* trifling in love. હાવભાવ, નખ-
Co-quette', કોકેટ્, *n.* a jilt girl, a vain woman. નાચણ, ઉડાવવાની મતલબથી લટકા કરનાર-લટકાળી સ્રી.
Cor'al, કોરલ, *n.* (L. *corallum*) a kind of polyp animal; child's toy. પરવાળું, પ્રવાળ; પરવાળાનું રમકડું.

Cord, કૉર્ડ, *n.*(L. *chorda*) a line, a string;allurment. દોરી, રસી, દોરડું, નાડી, રાસડી; ફાંદો, જાળ, બંધ, બંધન, પ્રપંચ. *vt.* to tie, bind. દોરડેવતી બાંધવું; નિર્બળ–નાશ કરવું.

Cord'age, કૉર્ડેજ, *n.* ropes of a ship. વહાણનાં બધાં દોર –દોરડાં–સેડણ.

Cord'ate, કૉર્ડેટ, *a.* (L. *cor* the heart) heart-shaped. [કાળજાના આકાર જેવું.

Cor'di-al, કૉર્ડિઅલ, *a.* hearty, sincere. ખરા દીલ–ભાવ–મન–અંતઃકરણનું, અંતરનું. *n.* an exhilarating drink; any thing that cheers. મીઠો તેજનાદાર દારૂનો અરક; આનંદ–હોશ-હોશિયારી-ચાલાકી–કૈઅત આણે તેવી વસ્તુ–દવા.

Cor-du-roy', કૉર્ડ્યુરૉય, *n.* (Fr. *corde du roi* the king's cord) thick cotton stuff, મખમલ જેવું પદાદાર જાડું કાપડ.

Cord'wain-er, કૉર્ડ્‌વેનર, *n.* (Fr. *cordouanier*) a [shoe-maker. મોચી.

Core, કોર, *n.* (L. *cor* the heart) the heart or inner part. ગર,ધાળો,માવો,વચમાંનો ગર્ભ.

Co-ri-an'der, કૉરિઍંડર, *n.* (L. *coriandrum*) a plant; [seed. કોથમીર; ધાણા.

Cork, કૉર્ક, *n.* (L. *cortex* bark) a tree or its bark; a stopper. કાર્કનામનું ઝાડ કે તેપરની છાલ જેના બુચ બનેછે; બુચ, બુચનો દાટો–દદો. *vt.* to stop with a cork. બુચ મારી બંધ કરવું, દાટો દેવો, બુચ મારવું.

Corn, કૉર્ન, *n.* (AS.) grain; a hard tumour. કણ, દાણો; અનાજ, અન્ન, ધાન્ય; આંટણ. *vt.* to sprinkle with salt; to granulate. મીઠું લગાડી આથવું;–નો દાણો પાડવો.

Cor′ne-a, કૉર્નિઅં, *n.* (L. *cornu* horn) horny membrane of the eye. આંખપરનો પારદર્શક પડદો.

Cor′ner, કૉર્નર, *n.* an angle; a secret place. કોણ, ખુણો, ખુણાખોચરો. [ઇમારતમાં મુખ્ય પાયાનો પથ્થર.

Cor′ner-stone, કૉર્નરસ્ટોન, *n.* the principal stone.

Cor′net, કૉર્નેટ્, *n.* a musical instrument; a cavalry officer. મ્હોંએ વગાડવાનું વાજું; ઘોડાની પાયગામાં ઝુંડો ઉપાડનાર અમલદાર. [કાંગરી, છતની પટ્ટી, કારનીસ.

Cor′nice, કૉર્નિસ, *n.*(L.*corona* a crown)a moulding.

Cor′ol-la-ry, કૉરૉલરિ, *n.* an inference derived incidentally.સિદ્ધ કરેલા સિદ્ધાંત પરથી નિકળતું અનુમાન-સિદ્ધાંત.

Cor-o-na′tion, કૉરોનેશન, *n.*crowning. રાજ્યા-પદાભિષેક.

Cor′o-ner, કૉરોનર, *n.* an officer inquiring into the cause of causal death. કમોતે મરેલા માણસની તજવીજ -તપાસ કરનાર અમલદાર. [અમીરનું તાજ-મુગટ.

Cor′o-net, કૉરોનેટ્, *n.* crown worn by nobles etc.

Cor′po-ral, કૉરપોરલ, *n.* (L. *caput* the head) a petty officer in the army. લશ્કરમાં નીચા દરજ્જાનો અમલદાર, નાયક. *a.* (L. *corpus* the body) relating to body. બદન-શરીર-દેહ-અંગ વિષે-નું-સંબંધી, શારીરિક.

Cor′po-rate, કૉર્પોરેટ, *a.* (L. *corpus*) united in a body. જોડાયલું, સનદી, કાયદાથી સમગ્ર થયલું-સ્થાપેલું.

Cor-po-ra′tion, કૉર્પોરેશન, *n.* company; municipal

body. સનદી મંડળી-કુંપની, એક માણસની પેઠે કામ ચલાવવાનો જેને અખત્યાર હોય તેવી મંડળી.

Cor-po're-al, કૉર્પોરિઅલ, *a.* having a body; not spiritual. શરીર-દેહવાન-વાળું-મય, દ્રવ્યમય. [સૈન્યદળ.

Corps, કોર, *n.* a body of troops. લશ્કરની ટુકડી, પલટણ,

Corpse, કૉર્પ્સ, *n.* a dead body. માણસનું મડદું-શબ-લાશ-કલેવર. [ડા-ડોંગાપણું.

Cor'pu-lence, કૉર્પ્યુલેન્સ, *n.* great fatness. અતિશય જા-

Cor'pu-lent, કૉર્પ્યુલેન્ટ, *a.* very fleshy, bulky. અતિ-જાડું-ડોંગું-સ્થૂલ. [રજ, કણ, અણુ.

Cor'pus-cle, કૉર્પસલ, *n.* an atom, a particle. રજકણ,

Cor-rect', કૉરેક્ટ, *vt.* (L. *corrigo* I correct) to punish; to make right; to remove. સજા-નશીઅત-શિખામણ-ઠપકો દઈ નીતિને રસ્તે પાછું લાવવું; સુધારવું, શુદ્ધ-ખરૂં-દુરસ્ત-બરોબર કરવું; મટાડવું, દૂર કરવું. *a.* accurate, exact. ખરૂં, બરોબર, શુદ્ધ, દુરસ્ત, યોગ્ય, વાજબી.

Cor-rec-tion, કૉરેક્શન, *n.* act of correcting; chastisement. સુધારો, શુદ્ધીકરણ; શિક્ષા, શાસન; મટાડવું-દૂર કરવું તે.

Cor-rect'-ness, કૉરેક્ટનેસ, *n.* accuracy. વાજબી-રાસ્ત-દુરસ્ત-શુદ્ધ-દોષરહિતપણું, સાચાઈ, યથાયોગ્યતા, નીતિ.

Cor-re-la'tive, કૉરિલેટિવ, *a.* (L. *con*, *re* & *latus* carried) having mutual relation. પરસ્પર સંબંધ સૂચક.

Cor-res-pond', કૉરિસ્પૉંડ, *vi.* (L. *con* & *respondeo* I

answer) to suit; to agree; to write to. બેસતું-મળતું આવવું; કાગળપત્રનો વ્યવહાર રાખવો-ચલાવવો.

Cor-res-pond'ence, કોરિસ્પૉંડન્સ, *n.* agreement; intercourse by letters. મળતા-બેસતાપણું; પત્ર-ચોઠી પત્રી વ્યવહાર; કાગળપત્ર.

Cor'ri-dor, કૉરિડોર, *n.* (L. *curro* I run) a gallery or open passage round a house. છૂટ, પરસાળ, ચાલી.

Cor'ri-gi-ble, કૉરિજિબલ, *a.* (L. *corrigo*) that may be corrected. સુધરવા-સુધારવાજોગ, સજાને લાયક, દંડનીય.

Cor-ro-b'o-rate, કૉરૉબોરેટ, *vt.* (L. *con* & *robur* strength) to confirm, strengthen. પુષ્ટિ-મજબુતી-ટેકો આપવો.

Cor-rob-o-ra'tion, કૉરૉબોરેશન, *n.* act of confirming. પુષ્ટિ, ટેકો, આધાર, મજબુતી, પુષ્ટિ આપનાર વાત.

Cor-rode', કોરોડ, *vt.* (L. *con* & *rodo* to gnaw) to eat away or consume. ધીમે ધીમે ખવાઇ-ઘસાઈ જવું.

Cor-ro'-sion, કોરોશન, *n.* act of eating away. ખવાઈ જવું તે, સડો-જો.

Cor-ro'sive, કૉરોઝિવ, *a.* eating away gradually. સડો [કરે-જેથી ઘસાઈ-ખવાઈ જાય તેવું.

Cor'ru-gate, કૉરુગેટ, *vt.* (L. *con* & *rugo* I wrinkle) to contract.-થી કરચલી વળવી-પડવી, સંકોચાઈને વાટા પડવા.

Cor-rupt', કોરપ્ટ, *vt.* or *i.* (L. *con* & *rumpo* I break) to bribe; rot, spoil; deprave; introduce errors. લાંચ-રૂશવત વડે-ખવડાવી ફોડવું-ભ્રષ્ટ કરવું;-થી સડી-કોહી

જવું; બગાડવું, નાપાક-પતિત કરવું, ધર્મ-આજ્ઞા-નીતિ-ભ્રષ્ટ કરવું; અશુદ્ધ-દૂષિત કરવું. *a.* putrid; rendered impure; changed from correctness. બગડેલું, સડેલું, કોહેલું; દુષ્ટ, ભ્રષ્ટ, પતિત, લાંચિયું; અશુદ્ધ, દોષવાળું, દૂષિત.

Cor-rup'tion, કૉરપ્શન, *n.* putrefaction; depravity. શડો,કોહાણ;ભ્રષ્ટતા,પતિત-પાપીપણું,જાતિ-ધર્મ ભ્રષ્ટપણું;લાંચ.

Cor'sair, કૉરસેર, *n.* (L. *curro* I run) a pirate. ચાંચિયો, લૂટારો.

Corse, કૉર્સ, *n.* see *Corpse.*

Corse'let, કૉર્સલેટ્, *n.* (L. *corpus* the body) a light breastplate. શરીરના આગળના ભાગપર પહેરવાનું કવચ.

Cor'set, કૉર્સેટ્, *n.* a bodice for ladies. ચોળી, કાંચળી.

Cor'tege, કૉર્ટેઝ, *n.* (It. *corte* a court) a train of attendants. પરિવાર-સ્વારી મંડળ.

Cor'tic-al, કૉર્ટિકલ, *a.* (L. *cortex* rind) belonging to bark; external. છાલ-છોલને લગતું; બહારનું, ઉપરનું.

Co-rus-ca'tion, કૉરસ્કેશન, *n.* (L. *corusco* I flash) a flash. ઝબુકો, ચળકાટ; બુદ્ધિનું તેજ.

Cor-vette', કૉર્વેટ્, *n.* (L. *curvus* bent) a ship of war. લડાઇનું વહાણ.

Co-ry-phe'us, કૉરિફિઅસ, *n.* (Gr.) a head, chief, leader. આગેવાન, મુખી.

Cos-me'tic, કૉઝ્મેટિક્, *a.* (Gr. *kosmos* order) promoting beauty. રૂપવર્ધક. *n.* a wash for improving beauty. અંગરાગ, શરીરની સફાઇ ને રૂપ વધારે એવો લેપ.

Cos'mic, Cos'mic-al, કૉઝમિક્, કૉઝમિકલ, *a.* relating to the universe; rising or setting with the sun. બ્રહ્માંડ--જગત રચના સંબંધી; સૂર્યસાથે ઉગતું કે આથમતું

Cos-mog'on-y, કૉઝમૉગૉનિ, *n.* (Gr. *kosmos* & *gone* origin) science of the formation of the world. સૃષ્ટિ–જગદુત્પત્તિ વિદ્યા.

Cos-mop'o-lite, કૉઝ્મોપોલાઇટ, *n.* (Gr. *kosmos* & *polites* a citizen) a citizen of the world. જગત–સર્વદેશ-વાસી, આખી દુનિઆને ઘર માનનારો.

Cost, કૉસ્ટ, *n.* (L. *con* & *stare* to stand) price paid; charge; loss; *pl.* expense of lawsuit. બેઠેલું–પડતર મૂલ–કિમ્મત; ખર્ચ; નુકસાન, દુખ, શ્રમ; મુકદ્દમાનો ખર્ચ. *vt.* to require to be given.–નું બેસવું–પડવું–થવું–લાગવું,–ની કિમ્મત બેસવી–પડવી; ખમવું, સોસવું.

Cos'tive, કૉસ્ટિવ્, *a.* (L. *con* & *stipo* to cram) bound in bowels, constipated. બંધકોશ, કબજીઆતવાળું.

Cost'ly, કૉસ્ટલિ, *a.* (see *cost*) expensive; of high price, dear. મોંઘું,ભારે–ઘણી કિમ્મતનું, ઘણો ખર્ચ થાય એવું.

Cos'tume, કૉસ્ટ્યૂમ, *n.* (L. *consuetudo* custom) style or mode of dress. વેશ, પોશાક, પહેરવેશ, લેબાશ.

Cot, Cote, કૉટ્, કોટ, *n.* (Sax. *cota*) a hut; a small bed; a pen, a sheepfold. ઝુંપડું–ડી, છાપરૂં–રી; પલંગ; વાડો,

Cot'tage, કૉટેજ, *n.* a small house. નહાનું ઘર, ઝુંપડું. [ખાતું.

Co-tem-po-ra′ne-ous, Co-tem′porary, See contemporaneous etc.

Co′te-ric, કોટેરિ, *n.* (L. *quota* a share) a society of familiar friends. મિત્રોનું–વિધા સંવાદ મંડળ, મેલાવડો.

Cot′ton, કૉટ્ન, *n.* (Ar. *koton*) vegetable down; cloth. રૂ, સુતરાઉ કાપડ. *a.* made of cotton. સુતરાઉ.

Couch, કૉઉચ, *n.* (L. *con* & *loco* to lay) a seat; bed. સુખાસન, કોચ, ખાટલો; પથારી, બિછાનું. *vi.* to lie or squat down; to stoop. બેસવું, વાંકું વળી જવું, નમવું. *vt.* to hide; to express; to remove a cataract; to give rest. સંતાડવું, છુપાવું, ભરાઈ–દબાઈ–ગુપી રહેવું; કહેવું; કહી બતાવવું; આંખમાંથી મોતિયો કાઢવો; આરામ આપવો.

Cough, કૉફ, *n.* (Ger. *kuchen* to breathe) convulsive effort of the lungs. ખાંસી, ખોખલો, ઠાંસો, ઉધરસ. *vi.* to try to throw off phlegm. ખાંસવું, ઠાંસો–ઉધરસ આવવી. *vt.* to expectorate. ગળફો પડવો–કાઢવો.

Coun′cil, કાઉન્સિલ, *n.* (L. *con* & *cio* I call to) an assembly to give advice. મસલત–વિચાર માટે મળેલી મંડળી, મંત્રસભા, કચેરી. [ભાનો સભાસદ, મસલત આપનારો.

Coun′cil-lor, કાઉન્સિલર, *n.* a member of council. મંત્રસ-

Coun′sel, કાઉન્સિલ, *n.* (L. *consulo* to consult) an advice; an advocate; secrecy; deliberation. સલાહ, મસલત; કાયદા સંબંધ સલાહ આપનાર; વકીલ; છાની વાત; મનસુબો, ધારણા. *vt.* to advice. સલાહ–અભિપ્રાય આપવો.

Count, કાઉંટ, *vt.* (L. *con* & *puto* I think) to reckon; consider. ગણવું; માનવું, લેખવું. *vi.* to be counted; to depend, rely; to add to the strength. મજરે-હિસાબમાં આપવું; ભરોસો રાખવો, આધારે ગણતરી-યોજના કરવી; કોઈ પક્ષના લાભમાં પુષ્ટિ આપવી. *n.* reckoning; a charge in an indictment. ગણતરી; દાવાની દરેક રકમ-બાબત.

Count, કાઉંટ, *n.* (L. *comes*) a title next after marquis. અમીરની એક પદવી.

Coun'ten-ance, કાઉંટિનૅન્સ, (L. *con* & *teneo* I hold) the face, air; look; aid. મ્હોંનો ઘાટ-શિક્કો; મ્હોં, ચ્હેરો, સુરત, દેખાવ; મદદ, કૃપાદૃષ્ટિ. *vt.* to patronize, support. -ને આશ્રય-પુષ્ટિ-હિમ્મત આપવી.

Count'er, કાઉંટર, *n.* a shop-table. દુકાનમાં પૈસા ગણી લેવાનું કે માલ દેખાડવાનું ટેબલ-મેજ. *ad.* (L. *contra* against) in opposition. સામું, ઉલટું, વિરુદ્ધ.

Coun-ter-act', કાઉંટરઍક્ટ, *vt.* (L. *contra* & *ago* I do) to thwart, prevent.-ના સામું થવું,-થી ઉલટું ચાલવું, અટકાવવું, પ્રતિબંધ કરવો.

Coun-ter-bal'ance, કાઉંટરબૅલન્સ, *vt.* to weigh against. સામું સરખું વજન મૂકવું, સમતોલ કરવું; ભંગ વાળવો.

Coun'ter-charm, કાઉંતરચાર્મ, *n.* that which opposes a charm. મંત્ર કે જાદુનો ઉતાર, પ્રતિકાર.

Coun'ter-feit, કાઉંટરફિટ્, *a.* (L. *contra* & *facio* I

do) forged, deceitful. બનાવટનું, કૃત્રિમ, ખોટું, ફરેબ-છળ ભરેલું. *n.* a forgery. તર્કટી–ખોટી બનાવટ–નકલ; ઠગારો, ધુતારો. *vt.* to forge, imitate. કપટ ભાવે બનાવટ–બહાનું–ખોટું–નકલ–તર્કટ–કપટ કરવું.

Coun'ter-foil, કાઉંટરફૉઇલ, *n.* (L. *contra* & *folium* a leaf) corresponding part of a check or tally. પહોંચ, બીલ વગેરેનું સામું અડધિયું–પાખિયું.

Coun'ter-mand, કાઉંટરમૅંડ, *n.* (L. *contra* & *mando* I bid) a contrary order. ઉલટ–રદીનો–આગલો હુકમ પાછો ફેરવવાનો હુકમ. Coun-ter-mand', *vt.* to revoke a command. આપેલો હુકમ પાછો વાળવો-ફેરવવો, રદ કરવું.

Coun'ter-pane, કાઉંટરપેન, *n.* a bed coverlet. ચાદર.

Coun'ter-part, કાઉંટરપાર્ટ, *n.* corresondent part. સામું અડધિયું–પાંખિયું, મળતો ભાગ, જોડ–ડી.

Coun'ter-pois, કાઉંટરપૉઇઝ, *n.* (L. *contra* & *penso* I weigh) equal weight in opposition. સામું સરખું વજન ,સાટું, અવેજ; સમતોલપણું. *vt.* to balance. તોલમાં –ની બરોબર–સમાન થવું–હોવું;–ની સામે સરખા જોર–બળથી ક્રિયા કરવી,–નો ખં –સાટું–અવેજ વાળવો.

Coun'ter-sign, કાઉંટરસાઇન, *n.* (L. *contra* & *signo* I seal) a military watch word. લશ્કરી સિપાઈઓમાં એક બીજાને ઓળખવાની છાની ઈશારત–હોકાર. Coun-ter-sign', *vt.* to sign in addition. મુખ્ય પુરૂષે સહી કરી હોય તેનાસામી સહી–સાક્ષી કરવી.

Count'ess, કાઉંટેસ, *n.* (*see Count*) wife of earl. કાઉંટ કે અર્લનો ખિતાબ ધરાવનાર ઉમરાવની સ્ત્રી. [અગણિત,
Count'less, કાઉંટલેસ, *n.* (*see count*) innumerable.
Coun'try, કંટ્રિ, *n.* (L. *con* & *terra* land) land around a city; kingdom, state; native place, the inhabitants. સીમની જમીન, ખેતર, શહેર-ગામની આસપાસનો પ્રદેશ, મુલક, દેશ, રાષ્ટ્ર; સ્વદેશ, વતન; લોક સમસ્ત. *a.* rural, rustic; rude. ગામગનું, ગામડિયું; રીતભાત સમજે નહિ એવું, અસભ્ય, જાડું. [rustic. દેશબંધુ, દેશીભાઈ, સ્વદેશી; ગામડિયો.
Coun'try-man, કંટ્રિમૅન, *n.* one of the same country;
Coun'ty, કાઉંટિ, *n.* (L. *comitatus*) a shire, district. પગણું, તાલુકો, મહાલ.
Coup'le, કપલ, *n.* (L. *copulare*) two, a pair, a brace. બે, જોડ-ડું-ડી, યુગ્મ; વરવહુનું જોડું. *vt. i.* to join. સાંધવું, એકઠું કરવું, બાંધવું, જોડવું, પરણાવવું. [વાળી ચોપાઈ, દુપાઈ; જોડ.
Coup'let, કપ્લેટ્, *n.* two verses; a pair. બે સરખા પ્રાસ-
Cour'age, કરેજ, *n.* (L. *cor* heart) boldness. બહાદુરી, હિંમત, હામ, છાતી, ધૈર્ય. [શૌર્યવાન, હામ-છાતીવાળો.
Cour-a'ge-ous, કરેજિઅસ, *a.* brave, bold, daring. શૂરો,
Cou'ri-er, કુરિઅર, *n.* (L. *curro* I run) a messenger sent in haste. જાસુદ, હલકારો, કાસદ, ખેપિયો, દૂત.
Course, કોર્સ, *n.* a passing or moving; a track; line of progress; a turn; regular succession; me-

thod, conduct; a series; service of meat. *pl.* menses. જવું તે, ગમન, ગતિ; ચાલ, દોડ; પ્રવાહ, ઓઘ; માર્ગ, જવાનો રસ્તો; દિશા; ફેરો, વારો, એકવારની દોડ–ચાલ–સરત; ક્રમ, પદ્ધતિ, પરનાળિકા; રસ્તો, રીત; વર્તણુક, ચાલ; ક્રમાનુસાર પદ્ધતિ, માળા; એકવાર પીરસેલું ભાણું, આભડું, ઓપટી, અટકાવ, અડકાવું. *vt.* to hunt.–નો શિકાર કરવો,–ની પાછળ પડવું.

Cours'er, કોર્સર, *n.* a swift horse; a hunter. સપાટાબંધ દોડે એવો–પાણીદાર–શરતનો ઘોડો; શિકાર–મૃગયા કરનાર.

Court, કોર્ટ, *n.* (Fr.) a palace; seat of justice; yard; persons attached to a monarch; body of judges; any jurisdiction; flattery. રાજમહેલ; અદાલત, ન્યાય ચુકવવાની જગા; ચોક, વંડો, વાડો; રાજાના દરબારિયા સમસ્ત; ન્યાયાધીશ, ઇન્સાફદાર; અધિકાર, અખત્યાર; ખુશામત. *vt.* to woo; flatter; seek. પરણવાના વિચારથી સ્ત્રીની પ્રીતિ મેળવવાનો પ્રયત્ન કરવો;–ની મહેરબાની મેળવવા તજવીજ–ખુશામત કરવી; મેળવવાને કોશીશ કરવી.

Court'e-ous, કર્ટિઅસ, *a.* polite, civil, complaisant. સભ્ય, વિવેકી, લાયકાતવાળું.

Court'e-san, કર્ટિઝન, *n.* a lewd woman, a prostitute. [વેશ્યા, રાંડ, કસબણ.

Court'e-sy, કર્ટિસિ, *n.* politeness; female act of respect; indulgence. સભ્યતા; સ્ત્રીએ કરેલી સલામ–પ્રણામ, અદબ; મેહેરબાની, દયાદાન. *vi.* to make obeisance. સલામ કરવી.

Court'i-er, કોર્ટિઅર, *n.* attendant at court; a flatterer. રાજદ્વારી માણસ; ખુશામતિયો.

Court-mar'-tial, કોર્ટમાર્શલ, *n.* military or naval court. લશ્કરી ગુનાહની તપાસ કરનારી સભા–કોરટ.

Court-plas'ter, કોર્ટપ્લૅસ્ટર, *n.* plaster for wounds. ઘા મેળવી દે એવો મલમ. [પ્રીતિ મેળવવાનો ઉદ્યોગ.

Court'ship, કોર્ટશિપ્, *n.* wooing. પરણવાની ઇચ્છાથી સ્ત્રીની

Court'yard, કોર્ટયાર્ડ, *n.* enclosed ground near a house. ઘરને ફરતો વંડો–વાડો–ચોગાન.

Cous'in, કઝ્ન્, *n.* (L. *con* & *sanguis* blood) child of uncle or aunt; kinsman. કાકાફોઇના કે મામા માશી-નાં છોકરાં, આપ્ઘેનાં સગાં; ભાઇ, સગો.

Cove, કોવ, *n.* (AS. *cofa* a cave) a small creek or bay; a cave. નહાની ખાડી; એકાંત ખૂણો–ગુફા.

Cov'en-ant, કવેનૅંટ, *n.* (L. *con* & *venio* I come) an agreement. અરસપરસ લખત–કરાર–બોલી–કોલ, ધર્મ પાળ-વાનો ઠરાવ, કરારનામું–પત્ર–નો દસ્તાવેજ. *vi.* to stipulate. કરાર–બોલી કરવી, કોલથી બંધાવું.

Cov'er, કવર, *n.* (L. *con* & *operio* I cover) shelter; excuse; an envelope, a lid; a screen; under-wood. આશ્રય, રક્ષણ; બહાનું; ઢાંકણ, આચ્છાદન, આવરણ, પરબીડિયું; આડ, પડદો, ઓઠું; શિકારને ભરાઇ રહેવાની ઝાડી. *vt.* to spread; to brood or sit on; to conceal; to

infold; protect; equal; comprehend; to put on; copulate with. ઢાંકવું, બિછાવવું; સેવવું; સંતાડવું, છુપાવવું; વિંટવું, બિડવું,–ને ગલેફ ચઢાવવો;–નું રક્ષણ–બચાવ કરવો;–ની બરોબર–થી પૂરૂં થવું;–માં સમાવેશ થવો; માથે પહેરવું; નરસંભોગ કરવો. [lid. ઢાંકણ-ણું, આવરણ; આચ્છાદન.

Cov'er-ing, કવરિંગ, *n.* any thing spread over, a

Cov'er-let, કવરલેટ્, *n.* (L. *cover & lectus* bed) an upper bed-cover- ચાદર, પલંગપોશ.

Cov'ert, કવર્ટ, *n.* (Fr. *couvert*) thicket; a shelter; a hiding-place. ઝાડી; આશ્રય; ઓઠા–બચાવની જગા. *a.* hid; secret. ઓઠે–આશ્રયમાં આવેલું, રક્ષિત; છાનું, ગુપ્ત, છુપું, ઢાંકેલું. [ફસાવવાના હેતુથી.

Cov'ert-ly, કવર્ટલિ *ad.* secretly. છાનામાના, છુપી રીતે,

Cov'ert-ure, કવર્ચર, *n.* hiding place; the state of a married woman. બચાવની જગા; પરણેત સ્ત્રીનું ભરથારપર આશ્રિત–આધીનપણું.

Cov'et, કવેટ્, *vt.* (L. *con & voveo* to vow) to desire unlawfully. મેળવવાની ઇચ્છા–લાલચ–લોભ કરવો, આતુર થવું. [અતિ લોભી–લાલચુ.

Cov'et-ous, કવેટસ, *a.* avaricious, greedy for gain.

Cov'et-ous-ness, કવેટસનેસ, *n.* greed of gain. મેળવવાની અતિ ઇચ્છા, લાલચ, લોભ. [birds. પક્ષીઓનું ટોળું.

Cov'ey, કવિ, *n.* (Fr. *couver* to hatch) a brood of

Cow, કાઉ, *n.* (Sax. *cu*) female of the bull. ગાય, ગૌ, ધેનુ. *vt.* (Sw. *quafva* to choke) to depress with fear. દબાવવું, ધમકાવવું, બીહવડાવવું, નાહિંમત–બીકણ કરવું.
Cow'ard, કાઉઅર્ડ, *n.* (L. *cauda* the tail) one without courage; a poltroon. નામર્દ, હિંચકારો, કમજોર, બિકણ, કાયર પુરૂષ. [ty, ડરકણ–બિકણપણું.
Cow'ard-ice, કાઉઅર્ડિસ, *n.* want of courage, timidi-
Cow'er, કાઉઅર, *vi.* (G. *kauern*) to shrink through fear; to squat. દબાવું, બીકથી વાંકું વળવું–ટૂંટિયા વાળવાં; પગ–ઘુંટણ વાળીને–દબાઈને બેસવું.
Cowl, કાઉલ, *n.* (S. *cugle*) a monk's hood; chimney cover. જોગીનો પહેરવેશ–ટોપી; વાયી ફરતું ચીમનીપરનું ઢાંકણ.
Cow'pox, કાઉપૉક્સ, *n.* (see *cow*) the vaccine disease. ગૌશીતળા, કાકાખળિયા. [લાલ, અક્કડબાજ, છેલ.
Cox'comb, કૉક્સકોમ, *n.* (*cock's comb*) a fop. ફાંકડો,
Cox'swain, કૉક્સસ્વેન, *n.* a petty officer in charge of a boat's crew. વહાણ તથા વહાણના ખલાસીનો ઉપરી અમલદાર. [હળી ન જાય એવું, લજવાતું.
Coy, કૉયી, *a.* (Fr.) modest, bashful. શરમાળ, તરત
Coy'ness, કૉઈનેસ, *n.* shyness, reserve. શરમાળ–અતડાપણું.
Coz'en, કઝ્ન, *vt.* (Ger. *kosen* to wheedle) to cheat. ઠગવું, છેતરવું, પટાવવું. [સમજવડથી, ઠીક રીતે.
Coz'i-ly, કોઝિલિ, *ad.* snugly, comfortably. સુખથી,

Crab, ક્રૅબ, *n.* (Sax. *crabba*) shell-fish; cancer; a wild apple; a peevish person. કરચલો; કર્કરાશી; જંગલી શેબ; ચીઢિયું-રીસાળ માણસ. *a.* sour. ચીઢિયું.

Crab'bed, ક્રૅબ્ડ, *a.* peevish, austere; difficult. રીસાળ, ચીઢિયું, કઠોર, કટામણું; અઘરૂં, કઠણ, ગુંચાણભરેલું.

Crack, ક્રૅક, *n.* (Fr. *crac*) sudden noise; chink. ભડાકો, કડાકો; સાંધ, ફાટ, ચીર, તરડ, ફાટફૂટ. *vt.* or *i.* to break; snap; disorder, derange;-માં તરડ-ચીર પાડવી, તરડવું; કડાક લઈને ફોડવું-ભાંગવું, ચાબુક ફટકાવવો-વગાડવો- સડાકો કરવો; ફાટી-ચળી-ખશી જવું.

Crack'brained, ક્રૅક્બ્રેંડ, *a.* crazed. મગજનો ફાટેલો-ગયલો.

Crack'er, ક્રૅકર, *n.* a firework; a biscuit. ફટાકો, ટેટો; કઠણ રોટલી, બીસકોટ. *pl.* સુડી. [તણતણ થવું, તડતડવું.

Crack'le, ક્રૅકલ, *vi.* to make snapping noise. તડતડ-

Cra'dle, ક્રેડલ, *n.* (AS. *cradel*) a swinging or rocking bed for infants. ઘોડિયું, પારણું, ઝોળી. *vt.* to lay or rock in a cradle, to compose or quiet. ઘોડિયામાં ઉંઘાડવું-સુવાડવું-ઝુલાવવું.

Craft, ક્રૅફ્ટ, *n.* (Sax. *cræft*) art, skill; fraud; a small vessel. હુન્નર, રોજગાર, ધંધો, કસબ, કળા, ચતુરાઈ, કળ, યુક્તિ; કપટ, ફરેબ, છળ, કાવાદાવા, દાવપેચ; વહાણ, બારકસ, મછવો, હોડી. [દાવપેચ-યુક્તિ-કાવાદાવાવાળું.

Craf'ty, ક્રૅફ્ટિ, *a.* cunning, artful, લુચ્ચું, ખંધું, કપટી,

E-vap'o-rate, ઇવૅપોરેટ, *vt.* (L. *e* off & *vapor* steam) to pass off in vapour. વરાળ-બાફરૂપે ઉડી જવું, વ્યર્થ જવું.

E-va'sion, ઇવેશન, *n.* (L. *ex* & *vado* I go) artifice; shift. અખાડા, બહાનું, ચુકવવું-ઉડાવવું તે.

Eve, Even, ઈવ, ઇવન, *n.* (As. *æfen*) close of day. સાંજ, સંધ્યાકાળ, સમીસાંજ; આગલી સાંજ; તૈયારનો વખત.

E'ven, ઈવન, *a.* level; calm; on a level; not odd; adjusted. સરખું, સાફ, સપાટ; શાંત, સ્થિર; બરાબર; બેકી, સમ; માંડીવાળેલું, ચૂકવેલું. *vt.* to level. સરખું કરવું. *ad.* in like manner. તેમજ, બી, પણ, એ.

E'ven.ing, ઈવનિંગ, *n.* close of day. સાંજ.

E-vent', ઇવેંટ *n.* (L. *e* & *venio* I come) incident; issue. બનાવ, બિના, વાત; ફળ, છેવટ, પરિણામ.

E-vent'ful, ઇવેંટફુલ, *a.* full of incidents. જેમાં ઘણા બનાવ બન્યા-ફેરફાર થયા હોય તેવું. [ઉત્પન્ન થતું; આખરનું.

E-vent'u-al, ઇવેંચુઅલ, *a.* consequential; final.-થી

Ev'er, એવર, *ad.* (As. *æfer* always) at all times, at any time. નિત્ય, સદા; કદી, કોઈપણ વેળા.

Ev'er-green, એવરગ્રીન, *n.* a plant or shrub always green. સદા લીલું-તાજું રહેતું ઝાડ. [નિરંતર.

Ev-er-last'ing, એવરલાસ્ટિંગ, *a.* without end. હમેશાનું,

Ev'er-y, એવ્રિ, *a.* each one of a whole. દરેક, હરેક, પ્રત્યેક.
E-vict', ઇવિક્ટ, *vt.* (L. *e* & *vinco* I conquer) to dis- [possess by law.—નો કાયદાકૂએ કબજો છોડાવવો.
Ev'i-dence, એવિડન્સ, *n.* (L. *e* & *video* I see) testimony; witness. પુરાવો, સાબિતી; સાક્ષી, શાહેદ. *vt.* to show; to prove. સ્પષ્ટ દેખાડવું; સિદ્ધ—સાબીત કરવું.
Ev'i-dent, એવિડંટ, *a.* plain, clear. સ્પષ્ટ, ખુલ્લું.
E'vil, ઇવિલ, *n.* (As. *yfel*) calamity; sin. સંકટ, આફત; પાપ, દુષ્ટતા. *a.* wicked; bad. પાપી, દુષ્ટ; ખરાબ, નઠારૂં.
E-vince', ઇવિન્સ, *vt.* (L. *e* & *vinco* I conquer) to prove. સાબીત કરવું.
E-voke', ઇવોક, *vi.* (L. *e* & *voco* I call) to call forth. કઢાવવું. [emit. ઉકેલી—ખોલી—બાહાર કાઢવું, ઉઘાડું કરવું.
E-volve', ઇવૉલ્વ, *vt.* (L. *e* & *volvo* I roll) to unfold;
Ewe, યૂ, *n.* (As. *eowu*) a female sheep મેંઢી, ઘેટી.
Ew'er, યૂઅર, *n.* (As. *hwer* a kettle) a large jug. કુંજો.
Ex-act', એગ્ઝૅક્ટ, *a.* (L. *ex* & *ago* I drive) regular; precise; careful. વખતસર; ખરૂં, વાજબી, ધારા પ્રમાણેનું; ચોકસ, સંભાળથી કરેલું. *vt.* to force to pay or give. જોર જુલમથી લેવું—કઢાવવું.
Ex-ag'ger-ate, એગ્ઝૅજરેટ, *vt.* (*ex* & *agger* a heap) to enlarge beyond truth. અતિશયોક્તિ—રજનું ગજ કરવું.
Ex-alt', એગ્ઝૉલ્ટ, *vt.* (L. *ex* & *altus* high) to lift up; extol; dignify. ઉંચું કરવું; સ્તુતિ કરવી; ઉંચે પદે ચઢાવવું.

Ex-alt-ed, એગ્ઝૉલ્ટેડ, *a.* dignified. ઉંચી પદવીએ ચઢાવેલું.

Ex-am-i-na'tion, એગ્ઝૅમિનેશન, *n.* (L. *examen* the tongue of a balance) inquiry. તપાસ, પરીક્ષા.

Ex-am'ine, એગ્ઝૅમિન, *vt.* to try by law; to inspect carefully. તપાસવું, સવાલ કરવા;-ની પરીક્ષા લેવી-કરવી, જોવું, કસવું, પારખવું.

Ex-am'ple, એગ્ઝૅમ્પલ, *n.* (L. *ex* & *emo* I take) pattern, model; instance, precedent. તરેહ, નમુનો, આસલો; દાખલો, ઉદાહરણ.

Ex-as'per-ate, એગ્ઝૅસપરેટ, *vt.* (L. *ex* & *asper* rough) to irritate; to aggravate. ગુસ્સે કરવું; વધારવું.

Ex'ca-vate, એક્સ્કવેટ, *vt.* (L. *ex* & *cavus* hollow) to dig out. ખોદવું, પોલું કરવું.

Ex-ceed', એક્સીડ, *vt.* (L. *ex* & *cedo* I go) to surpass; to go too far. પાછળ પાડવું-નાખવું,-કર્તાં સરસ થવું-હોવું; હદ બહાર જવું.

Ex-ceed'ing, એક્સીડિંગ, *a.* very great. અતિશય, ઘણુંજ.

Ex-cel', એક્સેલ, *vt. i.* (Gr. *kello* I impel) to surpass. કર્તાં શ્રેષ્ઠ હોવું, પાછળ પાડવું.

Ex'cel-lence, એક્સેલન્સ, *n.* worth; goodness. ઉત્તમ ગુણ, સુલક્ષણ, ખૂબી; ઉત્કૃષ્ટપણું.

Ex'cel-lent, એક્સેલંટ, *a.* of great worth. ઉત્તમ, સરસ.

Ex-cept', એક્સેપ્ટ, *vt.* (L. *ex* & *capio* I take) to pass

over, exclude. ન ગણવું, બાદ–બાતલ કરવું. *prep.* without. શિવાય, વગર. [કરવું તે; વાંધો, બાધ, અપવાદ.

Ex-cep'tion, એક્સેપશન, *n.* exclusion; objection. બાતલ

Ex-cess', એક્સેસ, *n.* (L. *ex* & *cedo* I go) intemperance; any thing over & above. અતિશયપણું–ભોગ, બેસુમારપણું, અતિપાન.

Ex-ces'sive, એક્સેસિવ, *a.* extreme. અતિશય, બેહદ.

Ex-change', એક્સચેન્જ, *n.* (Fr. *echnger*) barter. સાટું, અદલોબદલો; વટાવ; નાણાવટ. *vt.* to give one for another. અદલબદલ–સાટું કરવું.

Ex-chequ'er, એક્સચેકર, *n.* (Fr. *eschakier* chessboard) the revenue court; the treasury. જમા બંદીની કચેરી; રાજકોષ; તિજોરી, ખજાનો, ભંડાર. [goods. જકાત, દાણ.

Ex-cise', એક્સાઈઝ, *n.* (L. *ex* & *cædo* I cut) a tax on

Ex-cite', એક્સાઈટ, *vt.* (L. *ex* & *cito* I call) to rouse; irritate. ઉશ્કેરવું, ઉલટ આપવી; ખીજવવું. [ગડબડ, તોફાન.

Ex-cite'ment, એક્સાઈટમેંટ, *n.* agitation. ઉશ્કેરણી, જોશ;

Ex-claim', એક્સક્લેમ, *vi.* (L. *ex* & *clamo* I cry out) to cry out. બૂમ પાડવી, તાણીને બોલવું.

Ex-cla-ma'tion, એક્સક્લેમેશન, *n.* outcry; interjection mark. બૂમ, પોકાર; આશ્ચર્ય ચિન્હ. (!).

Ex-clude', એક્સક્લ્યૂડ, *vt.* (L. *ex* & *claudo* I shut) to shut out; to prohibit. બહાર કાઢવું; આવવા–દાખલ પવા ન દેવું, અટકાવવું, દૂર કરવું. [કાઢવું–કાઢી નાખવું તે.

Ex-clu'sion, એક્સક્લ્યુશન, *n.* shutting out. બહાર

Ex-clu'sive, એક્સક્લ્યુઝિવ્, *a.* excluding; excepting. અટકાવનાર, પ્રતિબંધક; એકલાનુંજ, એકનુંજ, ખાસ; શિવાય.

Ex-com-mu'ni-cate, એક્સકમ્યુનિકેટ, *vt.* (L. *ex* & *communis* common) to expel or exclude from communion or caste. મંડળીમાંથીકાઢી-ન્યાતબહાર મૂકવું.

Ex'cre-ment, એક્સક્રિમેંટ, *n.* (L. *ex* & *cerno* I sift) matter discharged; dung. વિષ્ટા, નરક, ગૂ, મળ; છાણ.

Ex-cru'ci-a-ting, એક્સક્રૂશિએટિંગ, *a.* (L. *ex* & *crux* a cross) extremely painful. અતિવેદના-દુઃખકારક.

Ex-cul'pate, એક્સકલ્પેટ, *vt.* (L. *ex* & *culpa* a fault) to clear from a charge.-નો દોષ ઉડાવવો-કાઢીનાખવો.

Ex-cur'sion, એક્સકર્શન, *n.* (L. *ex* & *curro* I run) a short tour ; a trip ; a ramble. મુસાફરી; મોજને-સારૂ ફરવાજવું તે, સહેલ; રખડવું તે.

Ex-cur'sive, એક્સકર્સિવ, *a.* wandering. ભમતું, ભટકતું.

Ex-cuse', એક્સક્યૂઝ, *vt.* (L. *ex* & *causa* a cause) to pardon. ક્ષમા કરવું, માફી માગવી, ધ્યાનમાં નહિ લેવું. *n.* apology; pretext. માફી, ક્ષમા; કારણ, બહાનું.

Ex'e-cra-ble, એક્સિક્રબલ, *a.* (L. *ex* & *sacer* sacred) detestable. અનિષ્ટ, શાપ-ધિક્કારવા-કંટાળવા જોગ. [ક્કારવું.

Ex-e-crate, એક્સિક્રેટ, *vt.* to curse. શાપ-બદદુવા દેવી, ધિ-

Ex'e-cute, એક્સિક્યૂટ, *vt.* (L. *ex* & *sequor* I follow) to carry out ; to put to death ; to perform.

અમલમાં લાવવું, બજાવવું; પ્રાણ-જીવ લેવો, ફાંસી દેવું; કરવું, મતુને શાખસાથે લેખ-કબાલો કરી આપવો.

Ex-ec'u-tive, એગ્ઝેક્યૂટિવ, *a.* carrying into effect. અમલમાં લાવનારૂં. *n.* governing body. અમલમાં લાવનારો ઉપરી અમલદાર.

Ex-e-cu'-tor, એગ્ઝેક્યૂટર, *n.* one appointed to carry out will. મરનારે પોતાનું વસીઅતનામું અમલમાં લાવવાસારૂ ઠરાવેલો પુરૂષ. [નમુનો, દાખલો.

Ex-em'plar, એગ્ઝેમ્પ્લર, *n.* (see Example) pattern.

Ex-em'pla-ry, એગ્ઝેમ્પ્લરિ, *a.* serving for pattern. નમુનો-દાખલો લેવા-નકલ કરવાજોગ; ગુનો કરતાં અટકાવે એવું. [ample. દાખલો આપી બતાવવું-સિદ્ધ કરવું.

Ex-em'pli-fy, એગ્ઝેમ્પ્લિફાઇ, *vt.* to illustrate by ex-

Ex-empt', એગ્ઝેમ્પ્ટ, *vt.* (L. *ex* & *emo* I buy) to free from. છુટું-બાતલ કરવું, માફી આપવી. *a.* free. છુટું, મુક્ત.

Ex-emp'tion, એગ્ઝેમ્પશન, *n.* freedom. છુટકો, માફી.

Ex'e-quies, એક્સિક્વિઝ, *n. pl.* (see Execute) funeral rites. ઉત્તર ક્રિયા-સાધન.

Ex'-er-cise, એક્સરસાઇઝ, *n.* (L. *ex* & *arceo* I drive) use; practice; discipline. ઉપયોગ; આચરણ, વ્યાપાર; કસરત, મહેનત, સહેલ કરવી-ફરવું તે, શિક્ષા. *vt.* to use; to practise; to discipline. ચલાવવું, દોડાવવું, વાપરવું, કામમાં લેવું; મહાવરો-ટેવ પાડવી; કસરત કરવી.

Ex-ert', એગ્ઝર્ટ, *vt.* (L. *ex* & *sero* I join) to use

strength or effort. વાપરવું, ચલાવવું, શ્રમ-પ્રયત્ન કરવો.

Ex-er'tion, એગ્ઝર્શન, *n.* effort. મહેનત, શ્રમ.

Ex-ha-la'tion, એગ્ઝ્હેલેશન, *n.* (L. *ex* & *halo* I breathe) vapour. બાફરૂપે બહાર કાઢવું-નિકળવું તે, વરાળ.

Ex-hale', એગ્ઝહેલ *vt.* to send out as vapour. આપવું,-માંથી નિકળવું-આવવું, વરાળ રૂપે એંચી લેઈલેવું-ઉડાવવું.

Ex-haust', એગ્ઝાહૉસ્ટ, *vt.* (L. *ex* & *hauris* I draw up) to use the whole; tire. બધું સોસીલેવું, ખાલી કરવું, ખલાસ કરવું, ખુટાડી-ઉડાવી દેવું; થકવી નાખવું, થાકી જવું.

Ex-hib'it, એગ્ઝહિબિટ, *vt.* (L. *ex* & *habeo* I hold) to display. નજર આગળ ધરવું-રજુ કરવું, દેખાડવું. *n.* paper formally shown in court. પુરાવામાં રજુકરેલો કાગળ.

Ex-hi-bi'tion, એગ્ઝહિબિશન, *n.* public show; pension for a scholar. તમાશો, ખેલ, પ્રદર્શન; વિદ્યાર્થીની નીમનુક.

Ex-hil'a-rate, એગ્ઝહિલરેટ, *vt.* (L. *ex* & *hilaris* cheerful) to make cheerful. ખુશ કરવું, હર્ષ પમાડવો.

Ex-hort', એગ્ઝહૉર્ટ, *vt.* (L. *ex* & *hortor* to incite) to animate; to caution. સારૂં કરવાને બોધ-ઉપદેશ કરવો-સલાહ આપવી, શિખામણ આપવી, ચેતવવું. [ઉપદેશ, સલાહ.

Ex-hor-ta'tion, એગ્ઝહૉર્ટેશન, *n.* good advice. બોધ,

Ex-hume', એક્સહ્યૂમ, *vt.* (L. *ex* & *humus* earth) to disinter. દાટેલું ખોદી-બહાર કાઢવું.

Ex'i-gent, એક્સિજન્ટ, *a.* (L. *ex* & *ago* I drive) pressing. તાકીદનું, થાઈતું, જરૂરનું, ભીડાઈ-સપડાઈ જવાય એવું.

Ex'ile, એક્સાઇલ, *n.* (L. *ex* & *solum* soil) banishment; one banished. દેશનિકાલ–વટો, સ્વદેશત્યાગ; દેશનિકાલ કરેલું માણસ. *vt.* to banish. દેશનિકાલ–હદપાર કરવું.

Ex-ist', એગ્ઝિસ્ટ, *vi.* (L. *ex* & *sisto* I stand) to be; to live. હોવું; જીવવું, હયાત રહેવું.

Ex-ist'ence, એગ્ઝિસ્ટન્સ, *n.* being, life. હોવાપણું, સ્થિતિ, ટકાવ, હયાતી.

Ex-or'bi-tant, એગ્ઝૉર્બિટંટ, *a.* (L. *ex* & *orbita* a track) unreasonable. બેહદ, અતિશય, ભારે.

Ex-pand', એક્સપૅંડ, *vt.* (L. *ex* & *pando* I spread) to open; to spread out. ખિલાવવું, ઉઘાડવું, પ્રફુલ્લિત કરવું; પસારવું, ફેલાવવું, મહોટું કરવું, વધારવું.

Ex-panse', એક્સપૅન્સ, *n.* wide extent. મહોટો વિસ્તાર–ફેલાવો.

Ex-par'te, એક્સપાર્ટિ, *a.* on one side. એક તરફી–પક્ષી.

Ex-pa'ti-ate, એક્સપેશિએટ, *vi.* (L. *ex* & *spatium* space) to rove; to enlarge upon. ફરતા ફરવું, ભટક્યા કરવું; વિસ્તારીને બોલવું–લખવું.

Ex-pa'tri-ate, એક્સપેટ્રિએટ, *vt.* (L. *ex* & *pater* father) to banish. દેશ નિકાલ–હદપાર કરવું.

Ex-pect', એક્સપેક્ટ, *vt.* (L. *ex* & *specto* I look at) to wait for; to anticipate. થશે–આવશે–કરશે એમ ધારવું,–ની વકી હોવી, વાટ–રાહ જોવી.

Ex-pec-ta'tion, એક્સપેક્ટેશન, *n.* a waiting for. આશા, વકી, ધારણા, અપેક્ષા.

Ex-pec'to-rate, એક્સપેક્ટોરેટ, *vt.* (L. *ex* & *pectoris* the breast) to cough & spit. બળગમ–બળખો કાઢવો–નાખવો, ખંખારવું.

Ex-pe′di-ent, એક્સપિડિઅંટ, *n.* (L. *ex* & *pedis* foot) contrivance. યુક્તિ, ઉપાય. *a.* suitable, needful. પ્રસંગયોગ્ય, ઉપયોગી, કામ સરે એવું. [તાવળું—જલદીથી કરવું—મોકલવું.

Ex′pe-dite, એક્સપીડાઈટ, *vt.* to hasten; dispatch. ઉ-

Ex-pe-di′tion, એક્સપીડીશન, *n.* haste; enterprise; voyage; march. ઉતાવળ, ઝડપ; શોધ વગેરે માટે કરેલી મુસાફરી; સફર; સ્વારી, હુમલો, ચઢાઈ.

Ex-pel′, એક્સપેલ, *vt.* (L. *ex* & *pello* I drive) to drive out; to banish. કાઢી—હાંકી મૂકવું, દૂર કરવું, દેશવટો દેવો.

Ex-pend′, એક્સપેંડ, *vt.* (L. *ex* & *pendo* I weigh) to lay out; to use. ખરચવું, વાવરવું; વાપરી નાખવું, ખપાવવું.

Ex-pend′i-ture, એક્સપેન્ડિચર, *n.* laying out. ખર્ચ.

Ex-pense′, એક્સપેન્સ, *n.* cost; charge. મૂલ કિંમત, પડતર.

Ex-pens′ive, એક્સપેન્સિવ, *a.* costly, extravagant. મોંઘું, ભારે કિંમતનું; ખરચાળ, ઘોંતાળ, હાથનું છૂટું.

Ex-pe′ri-ence, એક્સપીરિઅન્સ, *n.* (L. *experior* I try) practice; knowledge got by trials. અભ્યાસ, અજમાવી જોઈને, અવલોકન; અનુભવ. *vt.* to try; to know by practice. અનુભવ લેવો, ભોગવવું.

Ex-per′i-ment, એક્સપેરિમેંટ, *n.* trial. પરીક્ષા, તપાસ, પ્રયોગ, અખતરો. *vi.* to make a trial. પરીક્ષા—અજમાએસ કરવી. [શિયાર; પાકી આવડતવાળું.

Ex-pert′, એક્સપર્ટ, *a.* skilful; dexterous. ચતુર, હો-

Ex'pi-ate, એક્સપિએટ, *vt.* (L. *ex* & *pio* I appease) to atone for. પ્રાયશ્ચિત કરી નિવારણ કરવું.

Ex-pi-a'tion, એક્સપિએશન, *n.* reparation. પ્રાયશ્ચિત.

Ex-pire', એક્સપાયર, *vt. i.*(L.*ex* & *spiro* I breathe) to breathe out; to die; to end; to cease. શ્વાસ કાઢવો–છોડવો; મરવું; સમાપ્ત થવું, જતું રહેવું;–ની મુદ્દત પૂરી થવી.

Ex-plain', એક્સપ્લેન, *vt.* (L. *ex* & *plano* plain) to make evident, to expound. –નો અર્થ–ટીકા કરવી, ખુલ્લું કરી કહેવું–સમજાવવું. [સમજુતી, અર્થ, ટીકા, ભાષ્ય.

Ex-pla-na'tion, એક્સપ્લેનેશન,*n.* making clear. સમજણ,

Ex-plet'ive, એક્સપ્લીટિવ્, *a.* (L. *ex* & *pleo* I fill) superfluous. વધારાનું, પાદપૂર્ણાર્થે.

Ex'-pli-cate, એક્સપ્લીકેટ, *vt.* (L. *ex* & *plico* I fold) to explain.–નો અર્થ બેસાડવો, ખુલ્લું કરવું. [સ્પષ્ટ, ઉઘાડું.

Ex-pli'cit, એક્સપ્લીસિટ, *a.* clear, plain. સાફ, ખુલ્લું,

Ex-plode', એક્સપ્લોડ, *vi.* (L. *ex* & *plaudo* I clap) to burst with noise; to cry down. અવાજ કરીને ફુટવો,–નો બાર થવો; વખોડી કાઢવું.

Ex-ploit', એક્સપ્લૉઇટ, *n.* (L. *ex* & *plico* I fold) a heroic act; a deed of renown. પરાક્રમ, શૂર કર્મ, ભારેકામ.

Ex-plo-ra'tion, એક્સપ્લોરેશન, *n.* (L. *ex* & *ploro* I cry) examination into. શોધ, તપાસ, તહકીકાત.

Ex-plore',એક્સપ્લોર,*vt.* to search; to pry into. શોધવું, તપાસવું; બારીકીથી જોવું. [with noise. બાર, ધડાકો, ભડાકો.

Ex-plo'sion, એક્સપ્લોશન, *n.* (see Explode) bursting

Ex-port', એક્સપોર્ટ, *vt.* (L. *ex* & *porto* I bear) to carry out of one country into another. દેશાવર ખાતે મોકલવું. [દેશાવર મોકલેલો માલ.

Ex'-port', એક્સપોર્ટ, *n.* production sent abroad.

Ex-port'a-tion, એક્સપોર્ટેશન, *n.* carrying of goods abroad. દેશાવર માલ મોકલવોતે, નિકાશ.

Ex-pose', એક્સપોઝ, *vt.* (L. *ex* & *pono* I put) to lay bare; put in danger. ખુલ્લું–જાહેર કરવું, ઉઘાડી જગામાં મૂકવું.

Ex-pos'tu-late, એક્સપોસ્ટ્યુલેટ, *vi.* (L. *ex* & *postulo* I demand) to reason earnestly with. ચાર વાતો કહેવી, શિખામણ દેવી, સમજાવવું.

Ex-pound', એક્સપૌંડ, *vt.* (L. *ex* & *pono* I put) to explain, to make clear. અર્થ કરવો–સમજાવવો, ટીકા કરવી.

Ex-press', એક્સપ્રેસ, *vt.* (L. *ex* & *premo* I press) to press out, to declare; to indicate. પીલીને કાઢવું, નિચોવવું; બોલવું, કહી દેખાડવું; દર્શાવવું,–ની નિશાની હોવી. *n.* a special messenger. કાસદ, ખેપિયો. *a.* plain; direct. સાફ, સ્પષ્ટ; વિશેષ કામસારૂ મોકલેલું.

Ex-press'ion, એક્સપ્રેશન, *n.* a mode of speech; a phrase; a pressing out. ઉચ્ચારણની ઢબ, બોલવું તે; વાક્ય, શબ્દ, [વાત.

Ex-press'ly, એક્સપ્રેસ્લિ, *ad.* plainly. સાફ રીતે.

Ex-pul'sion, એક્સપલ્શન, *n.* (L. *ex* & *pello* I drive) driving out with force. કાઢી મૂકવું તે.

Ex-punge', એક્સપંજ, *vt.* (L. *ex* & *pungo* I prick) to blot out; strike out. કાઢી-ભૂસી-છેકી નાખવું; રદ કરવું.

Ex'qui-site, એક્સક્વિઝિટ્, *a.* (L. *ex* & *quæro* I seek) extreme; very nice; excellent. ઘણુંજ; બારીક સમજનું; ઉત્તમ, સુંદર.

Ex'tant, એક્સટૅંટ, *a.* (L. *ex* & *sto* to stand) now in being. ચાલુ, મોજુદ.

Ex-tem'-po-re, એક્સટેમ્પોરિ, *a. ad.* (L. *ex* & *tempus* time) without preparation. આગળથી વિચાર કર્યા વગર.

Ex-tend', એક્સટેંડ, *vt.* (L. *ex* & *tendo* I stretch) to stretch out; spread; prolong; reach forth; bestow on. તાણવું, લાંબું કરવું; પસારવું, ફેલાવવું, લંબાવવું, વધારવું; આગળ લાવવું; હાથ લાંબા કરવા;-પર કરવું, આપવું.

Ex-ten'sion, એક્સટેંશન, *n.* enlargement. વિસ્તાર, ફેલાવો, લંબાઈ.

Ex-ten'sive, એક્સટેન્સિવ્, *a.* large. મહોટું, વિશાળ.

Ex-tent', એક્સટેંટ, *n.* size; compass. કદ, લંબાઈ, વિસ્તાર; હદ, સીમા, મર્યાદા.

Ex-ten'u-ate, એક્સટેન્યુએટ, *vt.* (L. *ex* & *tenuis* thin) to palliate. હલકું-ઓછું કરવું, છાવરવું, નબળું કરવું.

Ex-te'ri-or, એક્સટીરીઅર, *n.* (L. *exter*) outer surface. બહારનું અંગ. *a.* outward; foreign. બહારનું, ઉપરનું; પારકા મુલકનું.

Ex-ter'nal, એક્સટર્નલ, *a.* outward. બહારનું.

Ex-ter'mi-nate, એક્સટર્મિનેટ, *vt.* (L. *ex* & *terminus* a limit) to destroy utterly. છેક નાશ કરવો, જડ કાઢવી.

Ex-tinct', એક્સટિંક્ટ, *a.* (L. *ex* & *stinguo* I quench

or prick) destroyed; put out. નાશ પામેલું, નાબુદ-પૂરૂં થયલું; હોલવાઈ ગયલું.

Ex-tin'guish, એક્સટિંગ્વિશ, *vt.* to put out; to put an end to. હોલવવું, બુજાવવું, ઘેર-રાજ કરવું, નાશ-રદ કરવું.

Ex-tirp'ate, એક્સટર્પેટ, *vt.* (L. *ex* & *stirps*) to root out; to destroy. જડ મૂળથી ઉખેડી નાખવું; સમૂળો નાશ કરવો. [highly. વખાણવું, તારીફ કરવી.

Ex-tol', એક્સટોલ, *vt.*(L. *ex* & *tollo* I lift) to praise

Ex-tort', એક્સટૉર્ટ, *vt.* (L. *ex* & *torques* I twist) to draw from by force. જુલમથી-પરાણે લેવું-કઢાવવું.

Ex-tor'tion, એક્સટૉર્શન, *n.* oppression; exaction. બળાત્કારથી લેવું તે; જબર દસ્તીથી કઢાવેલું તે.

Ex'tra, એક્સટ્રૅ, *a.* (L.) additional. વધારાનું, વધુ, બીજું.

Ex'tract, એક્સટ્રૅક્ટ, *n.* (L. *ex* & *traho* draw) tincture; selection. અર્ક, તેજાબ; ઉતારો, ઉતારી લીધેલું વચન.

Ex-tract', એક્સટ્રૅક્ટ, *vt.* to take out or from. માંથી ખેંચી કાઢવું, અર્ક-તેજાબ કાઢવો, ચુંટી કાઢવું; વર્ગ, ઘન ઇત્યાદી મૂળ કાઢવું, [દાંત-હાડકું કાઢવું તે; કુળ, વંશ, ઓલાદ.

Ex-trac'tion, એક્સટ્રૅક્શન, *n.* a drawing out; lineage.

Ex-tra-or'din-ar-y, એક્સટ્રૅઑર્ડિનરિ, *a.* (L. *extra* & *ordo* I order) uncommon. અસાધારણ, વિલક્ષણ, અદ્ભૂત.

Ex-trav'a-gance, એક્સટ્રૅવેગન્સ, *n.* (L. *extra* & *vagor* I wander) excess; lavish expense. અતિશયપણું; ઉડાઉ-ધેતાળપણું-ખર્ચ.

Ex-trav'a-gant, એક્સટ્રેવેગંટ, *a.* wasteful; beyond due limit. ઉડાઉ, લખલુટ ખર્ચ કરનાર; હદ બહાર જનાર.

Ex-treme', એક્સટ્રીમ, *a.* (L. *exter* outword) utmost; most violent; final. અણીપર આવેલું, છેડાનું; અતિશય, ઘણું જબરૂં; છેલ્લું, આખરનું. *n.* utmost point. અતિશયપણું.

Ex-tremi-ty, એક્સટ્રેમિટિ, *n.* furthest point, need; utmost degree. છેડો, અણી; સીમા; અતિશય અડચણ-દુ:ખ, તંગી; પરમ મર્યાદા—અવધી. *pl.* the limbs &c. હાથ, પગ, અવયવ.

Ex-tri-cate, એક્સટ્રિકેટ, *vt.* (L. *ex* & *trecæ* hindrances) to disentangle. છોડવવું,—બાંધી કાઢવું, છુટું કરવું.

Ex-u'ber-ant, એક્સુબરંટ, *a.* (*ex* & *uber* rich) abundant. પુષ્કળ, ઘણુંજ.

Ex-ude', એક્સ્યુડ, *vi.* (L. *ex* & *sudo* I sweat) to discharge moisture. શરીર—ઝાડમાંથી ઝરવું—નિકળવું.

Exult, એગ્ઝલ્ટ, *v.i.* (L. *ex* & *salio* I leap) to rejoice exceedingly. અતિશય ખુશી—મગન થવું.

Ex-ul-ta'tion એગ્ઝલ્ટેશન, *n.* great joy. અતિશય હર્ષ, અત્યાનંદ, પરમાનંદ.

Eye, આઇ, *n.* (Sans *akshi*) the organ of sight; sight, view; opinion; watch; a small hole; a catch. આંખ, નેત્ર; દૃષ્ટિ, નજર; મત, વિચાર; તપાસ, નજર; કાણું, વેહ, છિદ્ર; બોરિયાં ભેરવવાનું નાકું, કડી. *vi.* to watch closely. નજર ઠેરવી—ધ્યાનદેઇને જોવું.

F.

Fa'ble, ફેબલ, *n.* (L. *fari* to speak) a short tale; a fiction; an idle story; falsehood. કથા, વાર્તા; જોડી કાઢેલી–કલ્પિત વાત; દંત–જનકથા, ગપ; અસત્ય. *vt.* to lie. વાર્તા જોડવી–રચવી–બનાવવી; જૂઠું કહેવું.

Fab'ric, ફૅબ્રિક, *n.* (Fr. *fabrique*) building; texture; a system; cloth. બાંધણી, ઈમારત; બનતર, કારીગીરી, પોત, કુમાસ, વણતર; મંડળ, ક્રમ; કાપડ, કપડું.

Fab'ri-cate, ફૅબ્રિકેટ, *vt.* to devise falsely, to forge. ખોટું બનાવવું, જોડી કાઢવું, બનાવટ કરવી, ઉભું કરવું.

Fab-ri-ca'tion, ફૅબ્રિકેશન, *n.* falsehood. જોડીકાઢવું તે, તર્કટ, બનાવટ, ફુભાંડ. [લ્પિત, જોડીકાઢેલું, ખોટું.

Fab'u-lous, ફૅબ્યુલસ, *a.* (see Fable) pretended. ક-

Face, ફેસ, *n.* (L. *facio* I do) surface; visage; look; front; appearance; boldness. સપાટી, ઉપલો ભાગ; મુખ, વદન; ડોળ, ચહેરો, શિકલ; મહોડું, સામીબાજુ; સ્વરૂપ; છાતી, હિંમત. *vt.* to oppose; meet; સામે થવું, અટકાવવું; સામું આવવું–હોવું–ઉભા રહેવું. [નોદિ, મશ્કરી ભરેલું.

Fa-ce'ti-ous, ફેસિશિઅસ, *a.* jocular. ટોળી, બટકબોલું, વિ-

Fa-cil'i-tate, ફૅસિલિટેટ, *vt.* (L. *facilis* easy) to make easy. સહેલું–સુગમ કરવું.

Fa-cil'i-ty, ફૅસિલિટિ, *n.* easiness; dexterity; affabi-

lity. સહેલાઈ,સુગમપણું; ચાલાકી; નરમાસ, નમ્રતા, મળતાવડું.
Fac'ing, ફેસિંગ, *n.* a covering in front. આગલા ભાગનું ઢાંકણ. [*lis* like) exact likeness. આબેહૂબ નકલ.
Fac-sim'i-le, ફેક્સિમિલિ, *n.* (L. *factum* made & *simi-*
Fact, ફેક્ટ, *n.* (L. *facio* I do) event; reality. બનેલી ખરી વાત–બિના; ખરેખરૂં હોયતે.
Fac'tion, ફેક્શન, *n.* opposing party. તડ, પક્ષ, ટોળી.
Fac'ti-ous, ફેક્શિઅસ, *a.* turbulent. તોફાની, ફિતુરી.
Fac-ti'ti-ous, ફેક્ટિશિઅસ, *a.* artificial. હસ્તકૃત, કૃત્રિમ.
Fac'tor, ફેક્ટર, *n.* an agent; multiplier. આડતિયો, ગુમાસ્તો; ગુણ્ય કે ગુણકપદ–અંક, અવયવ.
Fac'tor-y, ફેક્ટરિ, *n.* a manufactory; house of a factor; body of factors. કારખાનું, આડતિયાને રહેવાનું ઘર, કોઠી, વખાર, લાતી; આડતિયા લોક–નું મંડળ.
Fac'ul-ty, ફેકલ્ટિ, *n.* power; ability; privilege; officers of a college. મનશક્તિ;સામર્થ્ય, બળ, વિશેષ અધિકાર–હક; પાઠશાળામાં અમુક વિદ્યા શિખવવાના કામ સંબંધી અધ્યક્ષોનું મંડળ.
Fade, ફેડ, *vi.* (Fr.) to decay; lose color; wither; lose strength; grow dim. નાશ–ક્ષય થવો; રંગ ઉડી જવો; કરમાઈ–સુકાઈ જવું, ખરી પડવું; નબળું પડી જવું, જતું રહેવું;ઝાંખું–ફિક્કું થઈ જવું. [weary; drudge. થાકી જવું; વેઠ–વૈતરૂં કરવું.
Fag, ફૅગ, *n.* (AS. *fæge*) a drudge. વૈતરો. *vi.* to be
Fag'ot, ફૅગટ, *n.* (W. *ffagod*) a bundle of twigs. બળતણમાટે સુકી ડાંખળિયોનો ભારો.

Fail, ફેલ, *vi.* (L. *fallo* I deceive)to decay; decline; miss; become insolvent; become deficient; neglect; be disappointed. નાશ થવો; જોર ઘટી-ઓછું થઈ જવું, ક્ષીણ થવું; ફોકટ-પાણીમાં જવું; દેવાળું કાઢવું-ફુંકવું; ખૂટી-ઘટી-સુકાઈ જવું; ચૂકવું, ભૂલવું, કર્યાવગર રહેવું;-નું કંઈ ન વળવું, જય-લાભ ન મળવો. *vt.* to desert; not to perform. [તજવું;નહિ કરવું, ભૂલવું.

Fail'ing, ફેલિંગ, *n.* fault. ભૂલ, ચૂક.

Fail'ure, ફેલ્યૂર, *n.* lack of success; omission; decay; a becoming insolvent. તોટો, લાભ-જય ન થવો તે; તોડવું-ન પાળવું તે; નાશ, ક્ષય, બગડવું તે; દેવાળું.

Fain, ફેન, *n.* (AS. *fægen* joyful) glad. ખુશ, રાજી. *ad.* gladly. ખુશીથી, રાજી થઈને.

Faint, ફેન્ટ, *a.* (Gael. *fann* weak) weak; exhausted; not vivid; not loud; imperfect. અશક્ત, કમજોર, બેશુદ્ધ થવા જેવું; થાકેલું; થાકી ગયલું; ઝાંખું, ફીકું; ધીમું, ધીરું, મંદ; અપૂર્ણ, થોડું, જુજ. *vi.* to swoon; become weary; vanish; become feeble. બેશુદ્ધ-બેભાન થવું, મૂર્છા આવવી; કાયર-ખિન્ન-નાહિંમત થવું; જતું રહેવું, અદૃશ્ય થવું; નબળું થઈ જવું. [મેળો.

Fair, ફેર, *n.* (L. *fariae* holidays) stated market.

Fair, ફેર, *a.* (AS. *fæger* bright) beautiful; white; not cloudy; favourable; honest, just; civil; legible; untarnished; middling. રૂપાળું, રળિયામણું, દેખાવડું; ગોરું, ઉજળું; વાદળાં વગરનું, ઉઘાડ હોય તેવું; પૂઠતું, અનુકૂળ;

પ્રમાણિક, રાસ્ત; સભ્યતા-નરમાસ ભરેલું; સારૂં, વંચાય એવું; નિષ્કલંક, બદાવગરનું, મધ્યમ, સાધારણ.*n.* a handsome female. સુંદરી, પ્રમદા. *ad.* civilly; justly; on good terms. સભ્યતાથી-મીઠીવાત બોલીને, વાજબીરીતે;-ની સાથે સારૂં.

Fair'ly, ફેર્લિ, *ad.* honestly; conveniently; without blots; completely. પ્રમાણિકપણે; સુગમ પડે એમ; સારૂં, છેકછાકવગર; છેક, બિલકુલ. [રાક્ષસી, શાકણ.

Fair'y, ફેરિ, *n.* (Fr. *feire*) elf, sprite. વનદેવતા, યક્ષિની;

Faith, ફેથ, *n.* (L. *fido* 1 trust) belief; fidelity; system of doctrine; promise given. વિશ્વાસ, શ્રદ્ધા, આકીન; સાચવટ, વફા-ઈમાનદારી, પ્રમાણીકપણું; વચન, કોલ.

Faith'ful, ફેથફુલ, *a.* firm to the truth; loyal, constant; exact; true. આકીન-શ્રદ્ધાવાળું, વફા-ઈમાનદાર; નિમકહલાલ; વાજબી, બરોબર; સાચું, ખરૂં, વચની, વિશ્વાસુ, સતી.

Fal'chion, ફોલશન, *n.* (L. *falx* a reaping hook) a short crooked sword. વાંકી ને ટુંકી તલવાર.

Fal'con, ફોકન, *n.* a hawk. બાજ, સકરો.

Fall, ફોલ, *n.* (AS. *feallan*) tumble; ruin; descent; degradation; cataract. પડવું તે, પતન; નાશ, ખરાબી; પડી-બેસી-ઉતરી જવું તે; પદભ્રંશ, માનભંગ, પડતી; ધોધ-વો. *vi.* drop; sink; happen; die; arrive; rush to; pass. પડવું; ભ્રષ્ટ થવું; આવી પડવું, બનવું; કપાઈ મરવું; આવવું, થવું; મંડવું, લાગવું;-ના હાથમાં-ને ભાગે જવું,-ને મળવું.

Fal'li-ble, ફોલિબલ, *a.* liable to error. ભૂલે એવું.

Fal'low, ફૅલો, *a.* (AS. *fealo*) pale red or yellow; unsowed, not tilled. ઝાંખા રાતા-પીળા રંગનું; ખેડ્યા વિનાનું, પડી રહેલું, પડતર. *n.* land left untilled; a kind of deer. પડતર જમીન; એક જાતનું હરણ.

False, ફોલ્સ, *a.* (L. *fallo* I deceive) not true; not real; unfaithful; hypocritical. જૂઠું, પાયાવગરનું, અસત્ય; ખોટું, કૃત્રિમ; બેવચની, બેવફા, બેઇમાન, અપ્રમાણિક; ઢોંગ ભરેલું, છેતરવા કરેલું. [પણું, અનૃત.

False'hood, ફૉલ્સહુડ, *n.* a lie. અસત્ય, જૂઠાણું, જૂઠ, ખોટા-

Fal'ter, ફૉલ્ટર, *vi.* to hesitate in speech or purpose, ખંચાવું, થડકવું, અચકાતા તોતડું બોલવું; ડગમગતું-અચકાતું ચાલવું-હોવું, લથડવું. [જશ, વિખ્યાતિ, નામ, અફવા.

Fame, ફેમ, *n.* (L. *fama*) renown; rumour. કીર્તિ,

Famed, Fam'ous, *a.* noted, renowned. પ્રસિદ્ધ, નામાંકિત.

Fa-mil'iar, ફૅમિલિઅર, *a.* (L. *famulus* a servant) well known; free; intimate; common. સારીપેઠે સમજાયલું, માલમ, વાકેફ, પ્રવિણ; ભળભાંગેલું એવું, હળીગયલું; ઘણો ઘરોબો-પરિચય હોય એવું, ઘરવટવાળું; સાધારણ, મિલનસાર. *n.* an intimate acquaintance; a demon. જીવજાન મિત્ર; ભૂત. [ઘરવટ, પરિચય; માહિતી, નિપુણતા.

Fa-mil-i-ar'i-ty, ફૅમિલિઍરિટિ, *n.* intimacy. ઘરોબો,

Fam'i-ly, ફૅમિલિ, *n.* household; class; lineage; કુટુંબ, કબિલો; વર્ગ, જાત; વંશ, કુળ, ઘર, કુલીનતા.

Fam'ine, ફૅમિન, (L. *fames* hunger) scarcity of food; want. દુકાળ, કાળ; તંગી, અછત. [ભૂખે મારવું-મરવું.
Fam'ish, ફૅમિશ્, *vt. i.* to starve; to die of hunger.
Fan, ફૅન્, *n.* (AS. *fann*) a blowing instrument. પંખો, વિંજણો; સુપડું. *vt.* to blow on; winnow. પંખે વા ખાવો–નાખવો, પરવાવું; ઝાડકવું. [enthusiast. ધર્માંધ-જનૂની માણસ.
Fa-nat'ic, ફૅનૅટિક્, *n.* (L. *fanum* a temple) a bigot;
Fa-nat'ic-al, ફૅનૅટિકલ, *a.* bigoted. ધર્માંધ, ધર્માગ્રહી, જનૂની.
Fa-nat'i-cism, ફૅનૅટિસિઝ્મ, *n.* bigotry. ગાંડો જોસ્સો, જનૂન, ધર્માંધપણું.
Fan'ci-ful, ફૅન્સિફુલ. *a.* (Gr. *phaino* to show) whimsical; visionary. લહેરી, તરંગી, ખ્યાલી, કલ્પિત, સ્વપ્નવત.
Fan'cy, ફૅન્સિ, *n.* notion; liking; whim. ધારણા, કલ્પના શક્તિ; મરજી, ઇચ્છા, મન, શોખ; તુરંગ, બુટ્ટો, ખ્યાલ. *vt. i.* imagine; like. ધારવું, કલ્પવું, માનવું;–ને ગમવું, પસંદ પડવું.
Fane, ફેન, *n.* (L. *fanum*) a temple. દેરૂં, મંદિર.
Fang, ફૅંગ, *n.* (AS. *fon* to seize) a pointed tooth; a claw. મહોટો અણીદાર દાંત; પંજો.
Far, ફાર, *a.* (AS. *feor*) distant, remote. દૂરનું, આઘેનું; મનમાં–સ્વપ્ને ન આવે એવું. *ad.* at a great distance. બહુ, ઘણું, આઘે, છેટે. [હસવું ઉત્પન્ન કરે એવો ખેલ.
Farce, ફાર્સ, *n.* (L. *farcio* I stuff) a laughable play.
Fare, ફેર, *vi.* (AS. *faran* to go) to be in any state; feed; happen well or ill. હોવું, થવું; જમવું, ભોજન કરવું,

ખાવું; વિતવું,—ની વલે થવી, ગુજરવું. *n.* the price of passage; food. ભાડું, નૂર; ખોરાક, અન્ન, જમણ.

Fare-well′, ફેરવેલ, *int.* go well; good-by. જશો ? સલામ, આવજો, જઇશું. *n.* wish of welfare at parting. જતીવખતના નમસ્કાર, છેલ્લી સલામ.

Far-in-a′ci-ous, ફેરિનેશિઅસ, *a.* (L. *far* a sort of grain) consisting of meal. લોટનું—જેવું—નું બનાવેલું.

Farm, ફાર્મ, *n.* (AS. *feorm* food) land in culture. ખેતર, ગણોતે ખેડવા આપેલી જમીન. *vt.* to let out; cultivate; to lease. ગણોતે આપવું, સાંપવું; ખેડવું; ઈજારે આપવું.

Farm′er, ફાર્મર, *n.* one who tills soil. ખેડુત, ગણોતિયો.

Far′ri-er, ફેરિઅર, *n.*(L. *ferrum* iron)shoeing smith; one who cures the diseases of horses. ઘોડાને નાળ જડનારો, નાળબંધ;ઘોડાનો વૈદ. [વધારે લાંબું—દૂરનું; વળી,બીજું.

Far′ther, ફાધેર, *a.* (see Far) at a greater distance.

Fas′ci-nate, ફેસિનેટ, *vt.*(L. *fascinare* to enchant) to charm; allure. જાદુ—મોહિત—વશ કરવું,—થી મોહ પામવું.

Fa′shion, ફેશન, *n.*(L. *facio* I do)form; custom; mode. ઘાટ, આકાર, ડોળ; ધારો, ચાલ; રીત, તરેહ, પ્રકાર. *vt.* to form, mould; fit. કરવું, બનાવવું, ઘડવું;—ને લાયક કરવું.

Fast, ફાસ્ટ, *n.* (AS. *fæstan* to keep) abstinence from food. ઉપવાસ, લાંઘણ. *vt.* to abstain from food. ઉપવાસી રહેવું, લાંઘવું. *a.* (W. *fest* quick) swift; firm. ઝડપથી ચાલતું, વેગી; પાકો, જતો ન રહે એવો. *ad.* rapidly. ઝડપથી, જલદી.

Fast,, ફાસ્ટ, *a.* (AS. *faest* to seize) tight; immovable; fixed in ; sound, as sleep ; firm in adherence. સજ્જડ ; મજબૂત ; દઢ, સ્થિર, અચળ ; તદ્દન ; ભર, ઘાડી, પાકી; વચની, વિશ્વાસુ, વફાદાર.

Fast'en, ફાસન, *vt.* to hold together; lock, hold,bar. બાંધવું, જડવું, બેસાડવું;દેવું, બંધ કરવું,–ને આગળો દેવો. [ફાટ.

Fast'ness, ફાસ્ટનેસ, *n.* a quickness; a fortress. ઝડપ;

Fas-tid'i-ous, ફાસ્ટિડિઅસ; *a.* (L. *fastus* pride) difficult to please; squeamish. ખુશ થાય નહિ એવું, મિજાજી, કંટાળો આણે–ખોડ કાઢયા કરે એવું.

Fat, ફેટ્, *a.* (AS. *fedan* to feed) plump; gross; greasy; fertile; rich; dull. માતેલું, પુષ્ટ; મહોટું, જાડું; ચરબીદાર–વાળું, ફળવંત, ઘણી આવક–આમદાની વાળું;પૈસાદાર, મૂર્ખ, ઠોઠ, જડ. *n.* oily part of flesh. ચરબી.

Fa'tal, ફેટલ, *a.* (*fatum* a prediction) deadly; calamitous. જીવ લે એવું; નાશ–અનર્થ–ગજબનું, આફતભરેલું.

Fate, ફેટ, *n.*destiny, lot;death.નસીબ, કિસ્મત, દૈવ; મોત.

Fa'ther, ફાધર, *n.* (L.*pater*) a male parent. બાપ,પિતા. *vt.* to adopt as one's own. મારૂં કરેલું છે એમ માનવું.

Fa'ther-hood, ફાધરહુડ, *n.* state of being a father. બાપપણું. [husband or wife. સસરો.

Fa'ther-in-law, ફાધરઈનલૉ, *n.* the father of one's

Fa'ther-ly, ફાધર્લિ, *a.* like a father. બાપજેવું–નું.

Fath'om, ફેધમ, *n.* (Icel. *fadma* to embrace) 6 feet.

ઇ ફુટ, વામ. *vt.* to comprehend; sound; penetrate. સમજવું; ઉંડાણ માપવું, પાર કાઢવો–લેવો, થાગ લાગવો, અક્કલ પહોંચવી. [ble. અતળ, અગાધ; સમજાય નહિ એવું, ગૂઢ.

Fath'om-less, ફૅધમલેસ, *a.* bottomless; incomprehensi-

Fa-tigue', ફટીગ, *n.* (L. *fatigo* I weary) weariness; toil. થાક; મહેનત, શ્રમ, કષ્ટ. *vt.* to tire; harass. થકવી નાખવું; સતાવવું, દુઃખ દેવું. [જાડું–પુષ્ટ કરવું; ફળવંત કરવું.

Fat'ten, ફૅટ્ન, *vt.* (see Fat) to make fat or fertile.

Fat'u-ous, ફૅટ્યુઅસ, *a.* (L. *fatuus* foolish) weak; silly; illusory. કોઠ, મૂઢ, જડમતિ; ખોટું, મિથ્યા.

Fault, ફૉલ્ટ, *n.* (L. *fallo* I deceive) error; offence; defect. ભૂલ, ચૂક; વાંક, તકસીર, દોષ; ખોડખાંપણ, ખામી, એબ.

Fault'y, ફૉલ્ટિ, *a.* wrong; defective; blamable. ખોટું, અશુદ્ધ, ભૂલભરેલું; ખામીવાળું, અપૂર્ણ, દોષ–તકસીરવાન.

Fa'vour, ફેવર, *n.* (L. *faveo*) kindness; support; leave; a gift; a kind act. કૃપા, મહેરબાની; ટેકો, આપવાનું મન, આશ્રય; રજા, પરવાનગી; ભેટ, બક્ષીસ, નજર; ઉપકાર, પાડ. *vt.* to regard kindly; aid; facilitate; resemble. મહેરબાની રાખવી; આશ્રય આપવો; સહેલું કરવું; મળતું આવવું.

Fa'vour-a-ble, ફેવરઅબલ, *a.* kind; propitious; convenient. કૃપાળું, ઉપકારી; અનુકૂળ, લાભકારી; સગવડવાળું, સુગમ. [નીતો. *a.* preferred. પ્રિય, વહાલું, માનીતું, ઇષ્ટ.

Fa'vour-ite, ફેવરિટ્, *n.* particular friend. વહાલો, મા-

Fawn, ફૉન, *n.* (Fr. *faon*) a young deer. હરણનું બચ્ચું.

Fawn, ફૉન, *vi.* (AS. *fagnian* to rejoice) to court favour by frisking about one; to flatter meanly. સાથે ગેલ કરવું; ખુશામત-હાજીહા કરવી. [રાક્ષસ.
Fay, ફે, *n.* (Fr. *fee*) a fairy, an elf. વનદેવતા, શાકણ,
Fe'al-ty, ફીઅલ્ટિ, *n.* (L. *fidelis* faithful) fidelity. વફાદારી નિમકહલાલી, રાજભક્તિ, મજાધર્મ.
Fear, ફીઅર, *n.* (AS. *far*) slight dread; anxiety; awe. ભય, ડર, બ્હીક, ધાસ્તી; ફિકર, ચિંતા; આદરયુક્ત ભય, ફરભ, ધાક. [ડરકણ, પોચું;ભયંકર, બિચામણું;બ્હિકેલું,ભયભીત.
Fear'ful, ફીઅરફુલ, *a.* timid; terrible; afraid. બ્હીકણ,
Feas'ible, ફીઝિબ્લ, *a.* (L. *facio* I do) practicable. થાય-બને-કરાય તેવું, શક્ય, સાધ્ય, સંભવિત.
Feast, ફીસ્ટ, *n.* (L. *festum* a holy day) banquet; festival; a delicious meal. ઉજાણી, છઆાફત ઉત્સવ, તેહેવાર, રૂડું ટાણું; સ્વાદિષ્ટ ભોજન. *vi.* to eat heartily; entertain; to delight. પેટ ભરી યથેષ્ટ જમવું; મિજબાની કરવી; ઘણું ખુશ થવું.
Feat, ફીટ, *n.* (L. *facio* I do) deed, exploit. પરાક્રમ, ચાલાકીનું-મહાભારત કામ; કસરત, ચરિત્ર, પેચ.
Feath'er, ફેધર, *n.* (Gr. *feder*) a plume; kind. પીછું; જાત, સ્વભાવ. *vt.* to adorn. સુશોભિત કરવું; પીછાં બાંધવાં-ઘાલવાં.
Feat'ure, ફીચર, *n.* (L. *facio* I do) any part of the face; make, form; prominent part. મ્હોડા-ચહેરાનો કોઈ-પણ ભાગ, અંગ; ચહેરો સુરત, આકાર, દેખાવ; રૂપ, લક્ષણ, મુખ્ય ભાગ.

Feb′ri-fuge, ફેબ્રિફ્યૂજ, *n* (L. *febris* fever & *fugo* I put to flight) that which cures fever. તાવજાય એવું ઓસડ. [ફ્હા—કાઢવવાળું.

Fec′u-lent, ફેક્યુલંટ, *a.* (L. *fæx* dregs) foul. મેલું, ગંદુ,

Fe-cund′i-ty, ફીકંડિટિ, *n.* (L. *fecundus* fertile) fruitfulness. ફળદ્રુપ—ફળદાયકપણું, જણવા—ઉગવાની શક્તિ.

Fed′er-al, ફેડરલ, *a.* (L. *fœdus* league) relating to compact. કરાર—બંદોબસ્ત સંબંધી, કોલ કરારથી મળેલું, સંપ સંપીને સ્થાપેલું.

Fed-er-a′tion, ફેડરેશન, *n.* league, union. સંપ, ઐકય, એકસંપી રાજ્ય, સંપકરવો તે. [હકસાઈ, દસ્તુરી, લવાજમ.

Fee, ફી, *n.* (AS. *feoh* cattle) recompense. હકનાપૈસા,

Fee′ble, ફીબ્લ, *a.* (L. *flere* to weep) weak; infirm; faint. નબળું; અશક્ત, ખખળી ગયલું, ધીમું, ધીરૂં; ઝીણું, ઝાંખું.

Feed, ફીડ, *vt.* (AS. *feadan*) to give food; eat; supply. ખવડાવવું;ખાવું; પૂરૂં પાડવું;—ને ટેકો આપવો. *n.* food; pasture. ભોજન, ખોરાક; ચંદી, ચારો.

Feel, ફીલ, *n.* (AS. *felan*) touch. સ્પર્શ કરવો તે. *vt.* to perceive, touch; suffer. અડકવું,સ્પર્શકરવો, હાથ ફેરવી જોવો;લાગવું, જણાવું, અનુભવ થવો;નાડ—મન જોવું; ને દુ:ખ થવું.

Fee′ler, ફીલર, *n.* antenna; something put forward to try the way. જીવજંતુની મૂછ જેવડે તેઓ ફંફોળતા જાયછે; બીજાનું મન જોવા કહેલી વાત.

Feel′ing, ફીલિંગ, *n.* sense, touch; sensation; sensibi-

lity.સ્પર્શેન્દ્રિય; લાગણી, જણાવું તે; મન, બુદ્ધિ,ભાવ,મનોવૃત્તિ, વિવેક. *a.* easily affected. કરૂણાળું, દયાળું, અસરકારક.

Feign, ફેન, *vt.* (L. *fingo* I form) to pretend; imagine. ઢોંગ કરવો,—નું ડોળ ઘાલવું; કલ્પના—બનાવટ કરવી. [પેચ.

Feint, ફેંટ,*n.* pretence, false show. ઢોંગ, છળ, બહાનું,ફેલ,

Fe-lic'i-ty, ફેલિસિટિ, *n.* (L. *felix* happy) great happiness. પરમસુખ, યોગ્યતા, લાયકપણું. [ડીનું—સરખું.

Fe'line, ફીલાઈન, *a.* (L. *felis* a cat) like a cat. બિલા-

Fell, ફેલ, *a.* (AS.) cruel. ક્રૂર, ઘાતકી. *vt.*(AS. *feallan* to fall) to cut or knock down. કાપી નાખવું, મારી પાડવું.

Fel'low, ફેલો, *n.*,(AS. *feligean* to follow) a companion; one of a pair; dignitary of college; an equal. સાથી, સોબતિ, મિત્ર; જોડનું—માંનું એક; વિદ્યામંડળીનો સભાસદ; જોડિયો, બરોબરિયો.

Fel'low-ship, ફેલોશિપ્, *n.* companionship; partnership; station in a college. સંગત, દોસ્તી; ભાગ, પંતિયાળું; ફેલોની જગા. [પૈંડાનું પુઠિયું.

Fel'ly, ફેલિ, *n.* (AS. *felge*) the rim of a wheel.

Fel'on, ફેલૉન, *n.* (see Fell) criminal. દેહાંતદંડનેપાત્ર, ગુનેગાર.

Fe-lo'ni-ous, ફેલોનિઅસ, *a.* containing felony, villainous. દ્વેષ—ઇર્ષા—દગા ભરેલું, દુષ્ટ, ગુન્હો થાય એવું જાણી—વિચાર કરીને કરેલું. [ગુન્હો, મહાપરાધ.

Fel'on-y, ફેલૉનિ *n.* capital crime. દેહાંત દંડથાય એવો

Felt, ફેલ્ટ, *n.* (L. *pilus* hair) cloth made by pressure. ઉન દાબીને બનાવેલું લુગડું.

Fe'male, ફીમેલ, *n.* (L. *femina* a woman) the sex that bears young. નારી, સ્ત્રી, ઓરત, બૈરી; માદા. *a.* feminine; soft, delicate. સ્ત્રીનું; નરમ, કોમળ, નાજુક.

Fem'i-nine, ફેમિનિન, *a.* belonging to female sex; effeminate; tender. નારીનું; બાયલું, નામર્દ; નાજુક.

Fem'o-ral, ફેમૉરલ, *a.* (L. *femur* the thigh) belonging to the thigh. જાંગ સંબંધી. [વાળી જગો, કળણ.

Fen, ફેન, *n.* (AS. *fenn*) a marsh, a bog, ભીની ને ઘાસ-

Fence, ફેન્સ, *n.* (L. *fendo* I strike) an enclosure; fencing; defence. વાડ, તટ્ટી; પટા ખેલવા તે, પટેબાજપણું; બચાવ, રક્ષણ. *vt.* to close; guard; use sword. વાડ કરવી, તટ્ટી ભરવી; રક્ષણ-બચાવ કરવો; પટા ખેલવા.

Fend, ફેંડ, *vt.* *i.* to ward off. રોકવું, ખાળવું, અટકાવવું.

Fend'er, ફેંડર, *n.* iron article before fire. આગ ન લાગે તેને માટે ચુલાઆગળ બેસાડેલા લોખંડી પત્રાં. [વરિયાળી.

Fen'nel, ફેનલ, *n.* (AS. *finol*) an aromatic plant.

Fer'ment, ફર્મેંટ, *n.* (L. *fervo* I boil) a gentle boiling; agitation. અંતરની ગરમીથી થતો ઉભરો-જોશ; જુસ્સો, ગભરાટ, હુલ્લડ. Fer-ment', *vt.* to cause to swell. -થી ચડવું, ખટાયાથી ફીણસાથે ઉભરો આવવો-ઉભરાવું; ગભરાટમાં નાખવું-પડવું. [ravenous. વિકાળ, ઘાતકી; ફાડીખાનારું.

Fe-ro'ci-ous, ફીરોશિઅસ, *a.* (L. *ferox* wild) savage,

Fe-roc'i-ty, ફીરૉસિટિ, *n.* savage wildness. ક્રૂરતા.

Fer'ret, ફેરેટ્, *n.* (Fr. *furet*) animal like weasel. નોળિયો. *vt.* to search out. ખોળી-શોધી કાઢવું.

Fer-ru'gin-ous, ફેર્યુજીનસ, *a.* (L. *ferrum* iron) partaking of iron. લહોકાનું.

Fer'ry, ફેરિ, *n.* (Sax. *ferian* to carry) the place where boats pass over water; boat. જ્યાંથી હોડી મુકવામાં આવેછે તે જગા, ઓવારો; તર, મછવો. *vt.* to carry over water. પાર કરવું-લઈજવું-ઉતારવું.

Fer'tile, ફર્ટાઈલ, *a.* (L. *fero* I bear) fruitful; prolific. ફળવંત; શોધક, યોજક, ચતુર, નવું ઉપજાવી શકે તેવું.

Fer'vent, Fer'vid, ફર્વેંટ, ફર્વિડ, *a.* (L. *ferveo* I boil) hot; ardent. ગરમ, ઉષ્ણ, જલદ, તપી ગયલું, જુસ્સામાં આવેલું; આતુર, હોંસીલું, ઉત્સુક. [રતા, હોંસ, આસ્થા, ભાવ.

Fer'vour, ફર્વર, *n.* heat; ardour. ગરમી, જુસ્સો; આતુ-

Fest'al, Fest'ive, ફેસ્ટલ, ફેસ્ટિવ્, *a.* pertaining to a feast; joyous. ઓચ્છવ-તહેવારનું; આનંદ-ખુશી ભરેલું.

Fest'er, ફેસ્ટર, *vi.* (L. *pus*) to rankle; to gather matter. ઈઝરાઈ જવું, પેટમાં બળ્યા કરવું, બહુ દરદ થાય એવું થવું; પાકવું. [day. મિજબાની; સપરમો દિવસ, ટાણું.

Fes'ti-val, ફેસ્ટિવલ, *n.* (L. *festum*) feast; solemn

Fes-toon', ફેસ્ટૂન *n.* a wreath. ફુલનો હાર, તોરણ.

Fetch, ફેચ્, *vt.* (Sax. *feccan*) to go and bring;

heave as a sigh; obtain. લાવવું, લઈઆવવુ, આણવું; નાખવુ, મૂકવું;—નું ઉપજવું, આવવું. [વાસ મારવું.
Fet'id, ફેટિડ્, *a.* (L. *fœteo* to stink) stinking. ગંધાતું,
Fet'lock, ફેટ્લૉક્, *n.* (*feet* & *lock*) pastern joint of a horse. ઘોડાનું ઘુટણ, બુક્રો.
Fet'ter, ફેટર, *n.* (AS. *fet* feet) a chain; a restraint. બેડી, સાંકળ; અંકુશ, દાબ, કાબુ. *vt.* to bind. બેડી ઘાલવી, અટકાવવું. [in the womb. ગર્ભસ્થાનમાંનું બચ્ચું.
Fe'tus, ફીટસ, *n.* (L. *feo* I bring forth) an animal
Feud, ફ્યૂડ, *n.* (AS. *fœhdh*) a quarrel. કજીઓ, ટંટો, કદી
Feud, ફ્યૂડ, *n.* (L. *feudum*) fief. વતન, જાગીર. [લડાઈ.
Feud'al, ફ્યૂડલ, *a.* pertaining to fief. વતનનું, લશ્કરી ચાકરી કરવા વગેરે શરતે જાગીર આપવાના રીવાજ વિષે.
Fe'ver, ફીવર, *n.* (L. *febris*) disease with heat, thirst &c. તાવ, જ્વર, બોખાર. .. [નહિ, થોડાં.
Few, ફ્યૂ, *a.* (AS. *feawa*) a small number. ઘણાં
Fi'at, ફાઈઍટ, *n.* (L. *facio* I do) a decree, an order.
Fib, ફિબ્, *n.* (see Fable) a lie. જૂઠું, અસત્ય. [હુકમ, આજ્ઞા.
Fi'bre, ફાઈબર, *n.* (L. *fibra* a thread) fine thread-like substance. તંતુ, શિરા, નસ, રેશા, જડિયાં.
Fick'le, ફિક્લ, *a.* (AS. *ficol*) changeable, not firm. ચંચળવૃત્તિનું, ઘડી ઘડીમાં ફરીજાય તેવું, ઘડા વગરનું, અસ્થિર.
Fic'tile, ફિક્ટાઈલ, *a.* (see Feign) made of clay. માટીનું બનાવેલું. [story. અસત્ય, જૂઠું; જોડી કાઢેલી વાત, ગાથા, કિસ્સો.
Fic'tion, ફિક્શન, *n.* (see Feign) a lie; an invented

Fid'dle, ફિડ્લ, *n.* (L. *fides* a string) a violin. સારંગી; કિનરી. *vi.* to play on a fiddle; to trifle. સારંગી વગાડવી, નકામા વખત ગુમાવવો.

Fi-del'i-ty, ફિડેલિટિ, *n.* (L. *fido* I trust) faithfulness. વિશ્વાસુ—પ્રમાણીકપણું, નિમકહલાલી, સાચવટ, ઈમાનદારી, મનધર્મ, પતિવ્રત.

Fidg'et, ફિજેટ્, *vi.* (Swiss. *fitschen* to flutter) to be restless. ચળવળવું, ચહેન નહિ પડવું.

Fie, ફાઈ, *int.* denoting dislike. છટ, છીટ, છિ.

Fief, ફીફ, *n.* (see Fee) a fee; feud. વતન, જાગીર.

Field, ફીલ્ડ, *n.* (AS. *feld*) enclosed ground; open country; a battle ground; compass, extent. ખેતર; મેદાન, ચોગાન; રણક્ષેત્ર, યુદ્ધ; વગ, વિષય, પ્રસાર.

Field'sports, ફીલ્ડસ્પોર્ટસ, *n. pl.* shooting and hunting. શિકાર, મૃગયા.

Fiend, ફીન્ડ, *n.* (AS. *feond-fian* to hate) the devil. સેતાન, ભૂત, દૈત, અસુર, દાનવ.

Fi'erce, ફીઅર્સ, *a.* (L. *ferox*) savage; furious; vehement. ક્રૂર, ફાડી ખાનારૂં; વિકાળ, ભયંકર; જોશ—આવેશમાં આવેલું, જાલમ, કરડું, આતુર.

Fi'er-y, ફાયરિ, *a.* (Gr. *pyr*) like fire; easily provoked. દેવતાજેવું ચળકતું; તામસી, ક્રોધી, જલદ, ઘણું ગરમ.

Fife, ફાઈફ, *n.* (It. *pifara*) a small flute. પાવો, વાંસળી, મોરલી.

Fig, ફિગ, *n.* (AS. *ficus*) a tree and its fruit. અંજીરી; અંજીર.

Fight, ફાઈટ, *n.* (AS. *feohtan*) a battle, a combat. લ-

ડાઈ, યુદ્ધ, ઝઘડો, જંગ. *vi.* to contend against. લડવું, યુદ્ધ કરવું, સામાથવું, આથડવું, અટકાવવાનું કરવું.

Fig'ment, ફિગ્મેંટ, *n.* (see Feign) a fiction. કલ્પિતવાત, વારતા, કિસ્સો. [લાક્ષણિક, અલંકાર યુક્ત-વાળું.

Fig'u-ra-tive, ફિગ્યુરેટિવ, *a.* typical. દર્શક, સાંકેતિક,

Fig'ure, ફિગ્યૂર, *n.* (L. *figura*) form; shape; number; image; type; distinction. આકૃતિ, આકાર; ઘાટ, રૂપ, ડોળ; અંક, આંકડો; પુતળું, મૂર્તિ, પ્રતિમા; કિર્તિ, નામ. *vt.* form; draw; imagine.—નો ઘાટ બનાવવો; ચિત્ર કાઢવું; કલ્પવું, ધારવું.

Fil'a-ment, ફિલેમેંટ, *n.* a fibre. તંતુ, તાર, નસ, રગ.

Filch, ફિલ્ચ, *vt.* (AS. *filhan*) to steal, pilfer. ચોરવું, લેઈ લેવું, ચોરી લેવું.

File, ફાઈલ, *n.* (L. *filum* a thread) a wire; a series; a row of soldiers. કામના કાગળપત્ર પોરવી મૂકવાની દોરી—તાર; સાથે બાંધેલાં કાગળીયાંની ચોપડી, ફાઇલ; સિપાઈઓની હાર. *vi.* to string up; to march in a line. દોરીમાં પોરવવું, ફાઈલમાં બાંધવું; સિપાઈઓએ હારબંધ ચાલવું.

File, ફાઈલ, *n.* (AS. *feol*) a tool for rubbing away metal. કાનસ, રેતડી. *vt.* to smooth with. કાનસથી ઘસી સાફ કરવું—કાપવું. [યોગ્ય, પુત્રી યોગ્ય.

Fil'i-al, ફિલિઅલ, *a.* (L. *filius* a son) dutiful. પુત્ર

Fill, ફિલ, *n.* (AS. *fullan* full) fulness. ધરાય—પેટ ભરાય—સંતોષ થાય—જોઇએ તેટલું. *vt.* to make full. ભરવું, પૂરત કરવું.

Fil'let, ફિલેટ્, *n.* (L. *filum* a thread) a band; a joint of veal. ચોટલો બાંધવાનું નાડું-દોરો-પાટી; વાછરડાની જાંઘનો માંસવાળો ભાગ, થાપો. [ટકોરો.

Fil'lip, ફિલિપ, *n.* (from the sound) flip of finger.

Fil'ly, ફિલિ, *n.* (Icel *fyl* colt) a young mare. વછેરી, ટટવાણી. [જાળું, પાતળી ચામડી-પોપડી, પડદો.

Film, ફિલ્મ, *n.* (AS. *pilen*) a thin skin. છારી, પડળ,

Fil'ter, ફિલ્ટર, *n.* (Fr. *filtre*) a strainer. ગળણી, ગરણી. *vt.* to purify by straining. ગાળવું, નિતારવું.

Filth, ફિલ્થ, *n.* (AS. *fylth-ful* foul) dirt; foul matter; pollution. મેલ, કચરો, ગલીચી; અપવિત્રતા.

Fin, ફિન, *n.* (L. *pinna*) part of a fish. માછલીની પાંખ.

Fin'a-ble, ફાઇનેબલ, *a.* (L. *finis* an end) deserving a fine. દંડને લાયક. [અંત લાવે એવું, નિર્ણય-નિશ્ચય કરે એવું.

Fi'nal, ફાઇનલ, *a.* last; conclusive. છેલ્લું, છેવટનું, છેડો-

Fi-na'le, ફીનાલે, *n.* last piece in music, termination. ગાયનની કે નાટકની આખેરીએ વગાડેલો-ગાયલો રાગ.

Fi'nall-y, ફાઇનલિ, *ad.* in conclusion. આખરે, અંતે. [જમા.

Fi-nance', ફિનૅન્સ, *a.* income of a state. રાજની મહેસુલ-

Find, ફાઇંડ, *vt.* (AS. *findan*) to discover; meet with; gain, have. -ને જડવું, મળવું, હાથ લાગવું,-નો શોધ લાગવો, જાણવું, માલમ પડવું, ને જણાવું, પ્રાપ્ત થવું, આવવું, હોવું, ઠેરવવું.

Find'ing, ફાઇંડિંગ, *n.* discovering; a verdict. શોધી કાઢવું તે; કોર્ટ કે જુરીનો ઠરાવ-ફૈસલો-હુકમનામું.

Fine, ફાઇન, *n.*(L. *finis* an end) penalty. દંડ, ગુનેગારી. *vt.* to impose penalty on. દંડ કરવો. *a.* thin; keen; not coarse; pure; showy; excellent; noble. ઝીણું, બારીક, પાતળું; તીણું, ધારદાર; ઝીણા કુમાસનું; ભેળવિનાનું, ચોખ્ખું; દેખાવડું, સુંદર; ગુણી, ગુણવાન, ઉત્તમ, ઉમદા, ઉદાર.

Fin'er-y, ફાઇનરિ, *n.* showy dress. ભભકાદાર પોશાક.

Fi-nesse', ફિનેસ, *n.* (Fr.) an artifice. યુક્તિ, પ્રપંચ.

Fin'ger, ફિંગર, *n.*(AS. *fangan* to seize) part of hand. આંગળી-ળું. *vt.* to touch. આંગળીથી અડકવું, સ્પર્શ કરવો.

Fin'ish, ફિનિશ, *vt.* (L. *finis* an end) to bring to an end. પૂર્ણ-સમાપ્ત કરવું,-નો છેડો આણવો.

Fi'nite, ફાઇનાઇટ, *a.* bounded, limited. હદ-પાર-મર્યાદા વાળું, અંતવાન.

Fir, ફર, *n.* (AS. *furh*) a tree or its wood. દેવદારનું [ઝાડ-લાકડું.

Fire, ફાયર, *n.*(Gr. *pyre*) that which burns; a conflagration; light; passion. અગ્નિ, દેવતા, વસ્તેવ; આગ; તેજ, પ્રકાશ; જુસ્સો, હોંસ, ઉત્સાહ. *vt.* to set on fire; discharge; animate. સળગાવવું, પેટવવું; ફોડવું, છોડવું; ઉશ્કેરવું, જોશમાં લાવવું. [વગેરે દારૂથી ફોડવાના હથિયાર, અગ્ન્યાસ્ત્ર.

Fire'-arms, ફાયરઆર્મ્ઝ, *n.* guns, pistols, &c. બંદુક-તોપ

Fire'brand, ફાયરબ્રૅન્ડ, *n.* a piece of wood on fire; one who causes contention. બળતું લાકડું; કજિયા દલાલ, કજિયો સળગાવનાર.

Fire'lock, ફાયરલૉક, *n.* a musket. ચકમકવાળી બંદુક.

Fire'side, ફાયરસાઇડ, *n.* a place near the fire; domestic life. ચૂલાપાસેની જગા; બૈરાં છોકરાં સાથે રહેવું તે.
Fir'kin, ફર્કિન, *n.* (Sax. *feower* four) a vessel of 8 or 9 gallons. ૮ કે ૯ ગ્યાલનનું માપ.
Firm, ફર્મ, *a.* (L. *firmus*) strong, solid; constant. મજબૂત, કઠણ, જાડું, ઘટ; દૃઢ, ડગે નહિ એવું, કાયમ. *n.* a partnership. પેઢી, દુકાન.
Fir'ma-ment, ફર્મમેંટ, the heavens. આકાશ.
Firm'ness, ફર્મનેસ, *n.* solidity; constancy. કઠણ-મજબૂતપણું; દૃઢતા, એકનિશ્ચયપણું.
First, ફર્સ્ટ, *a.* (AS. *fyrst*) earliest, chief. પહેલું, સર્વેથી આગલું; મુખ્ય, ઉત્તમ. *ad.* before anything else. [પ્રથમ, પહેલાં.
Firth, ફર્થ, *n.* (see Frith).
Fis'cal, ફિસ્કલ, *a.* (L. *fiscus* a basket) pertaining to a treasury. સરકારી આમદાનીની સંબંધી. *n.* revenue; a treasurer. સરકારી મહેસુલ—વસુલ; કોલીદાર, ખજાનચી.
Fish, ફિશ, *n.* (AS. *fisc*) an animal living in water. માછલું. *vt.* to try for fish. શોધખવું, ખોળવું.
Fish'er-y, ફિશરિ, *n.* the place or business of fishing. માછીનો ધંધો, માછલાં પકડવાની જગા. [ફાડ,ફાટ, ચીર.
Fiss'ure, ફિશ્યૂર, *n.* (L. *findo* I cleave) a cleft.
Fist, ફિસ્ટ, *n.* (AS. *fyst*) the clenched hand. મુઠી, મુઠો, મુષ્ટિ, મુક્કો, મુક્કી.
Fit, ફિટ, *a.* (L. *facio* I do) meet, proper. લાયક, જોગ,

ધટારત, લાજમ. *vt.* to suit, adapt, qualify, equip. બેસતું કરવું, બેસાડવું; બરોબર આવી રહે એવું કરી આપવું;—થી યોગ્ય થવું;—ની તૈયારી કરવી.

Fit, ફિટ્, *n.* (L. *figo* I pierce) a sudden attack of a disease; convulsion; turn; passing humour. રોગથી સપડાવું તે, આવેશ, એકાએક ઉપાડ;આંકડી, ફેફરૂં;પાળી. વારો; તુરંગ. [ફરે ત્યારે કરે એવું, રહીરહીને થાય—આવે એવું.

Fit'ful, ફિટ્ફુલ, *a.* varied by fits. ચંચળ, મિજાજી, મિજાજ

Fix, ફિક્સ, *vt.* to make stable; establish; fasten. દૃઢ—અચળ કરવું; સ્થાપવું, ઠરાવવું, નક્કી કરવું; બાંધવું, જડવું.

Fix'ture, ફિક્સચર, *n.* something fixed in house &c. જડિત સામાન (ઘરમાંનાં લંડારિયાં, હાટડાં, તાંકાં વગેરે). [પોચું,

Flab'by, ફ્લૅબિ, *a.* (*flappe* soft) soft; yielding. નરમ,

Flag, ફ્લૅગ, *vi.* (W. *llag* slack) to hang loose; to grow dejected or weak. ઝુલી—લબડી જવું—પડવું, ફડફડવું; નાહિંમત થવું, હિમત હારવી, નબળું—કમજોર થવું, ઘટવું. *n.* an ensign. વાવટો,ધ્વજા, ઝુંડો. [ફરસબંધી કરવાનો ચપટો પથ્થર.

Flag, ફ્લૅગ, *n.* (AS. *flacen* snow-flakes) a flat stone.

Flag'el-late, ફ્લૅજેલેટ, *vt.* (L. *flagrum* a whip) to scourge. ચાબખાનો માર મારવો.

Fla-gi'-ti-ous, ફ્લૅજિશિઅસ, *a.* (L. *flagitium*) scandalous, wicked. અતિદુષ્ટ, મહાપાપવું, કમકમાટભરેલું.

Flag'on, ફ્લૅગન, *n.* (Fr. *flacon*) a jug with a narrow mouth. નહાના મ્હોંનું વાસણ, સિરોઈ.

Fla'grant, ફ્લેગ્રંટ, *a.* (L. *flagro* I flame) glaring, notorious. સહુને જાણીતું, મશહુર, હડહડતું, ઘોર, અતિદુષ્ટ.

Flail, ફ્લેલ, *n.* (Fr. *flael*) a threshing instrument. કણસલા ઝુડવાની લાકડી–ધુંધું.

Flake, ફ્લેક, *n.* (AS. *fleogan* to fly) a flock of snow, a particle of fire flying. હિમકણ; તણખો, ચિણગારી.

Flam'beau, ફ્લૅમ્બો, *n.* (L. *flamma* a flame) a lighted torch. સળગાવેલી મસાલ–કાકડો.

Flame, ફ્લેમ, *n.* a blaze; fire; heat of passion; ardour; one beloved. ભડકો, બળતું; આગ, અગ્નિ; આવેશ, ગભરાટ, સંતાપ; ગુસ્સો, હોંસ; પ્રિયા, વહાલો. [લશ્કરની બાજુ.

Flank, ફ્લૅંક, *n.* (Fr. *flanc*) side. કુખ, કેડ, કમર;

Flan'nel, ફ્લૅનલ, *n.* a soft woollen cloth. નરમ ઉનનું લુગડું.

Flap, ફ્લૅપ, *n.* anything hanging loose. ફડફડ થાય એવી વસ્તુ, ઝુલ. *vt.* to move; beat. પાંખ ફફડાવવી; ફટકો મારવો.

Flare, ફ્લેર, *vi.* (Ger. *flackern* to flutter) to waver, to flutter; to glitter; to open or spread. ભડભડ બળવું, તેજનો ભભકો ઉઠવો; ચળકવું; ખુલવું, ઉઘડવું.

Flash, ફ્લૅશ, *n.* (*Sans.* *ush* to burn) a sudden burst of light. ચમકારો, ઝબકારો, ચળકાટ. *vi.* to burst forth. એકાએક ચળકાટ–ઘણું તેજ મારવું; એકદમ મનમાં ઉતરવું–ડસવું.

Flask, ફ્લાસ્ક, *n.* (AS. *flasc*) a bottle. સીસો, બાટલી.

Flat, ફ્લૅટ, *a.* (Ger. *platt*) level; prostrate; insipid; without point or spirit; unpleasing; po-

sitive; not sharp; low. સપાટ, સરખું, ચપટું; પડેલું, સુતેલું; સ્વાદવગરનું, ઉતરીગયલું, ફિકું; રસ-દમ વિનાનું, નિરસ; આનંદ ન ઉપજાવે એવું, વિરસ, અરસિક; સાફ, ખુલ્લું કહેલું, બિલકુલ; જાડું, ખોખરૂં; મંદ, બેસી ગયલું. *n.* level land. સપાટ જમીન, મેદાન. [જમીન દોસ્ત-ફીકું કરવું.

Flat'ten, ફ્લૅટન, *vt.* to make flat. સપાટ-ચપટું-સરખું-

Flat'ter, ફ્લૅટર, *vt.* (Fr. *flatter* to pat) to please by praise. વખાણ-ખુશામત-હાજીહા કરવી-કરી રાજી ખુશી કરવું,-ને ગમતું-પસંદ પડતું બોલવું, વખાણી ઉતેજન આપવું-ઉશ્કેરવું, ખોટી આશા આપવી.

Flat'ter-y, ફ્લૅટરિ, *n.* undue praise. ખુશામત, હાજીહા.

Flaunt, ફ્લાંટ, *vi.* (AS. *fleogan* to fly) to display for show. ભભકો-રોપ મારવો, ફક્કડ થઈ ફરવું.

Fla'vour, ફ્લેવર, *n.* (L. *flagro* I smell) taste; smell. સ્વાદ; વાસ, બો, ગંધ, સોરમ.

Flaw, ફ્લૉ, *n.* (AS. *floh*) a defect; a break; sudden gust; uproar. ખોડખાંપણ, એબ, ખામી; તડ, ફાટ, ફાડ, ચીર; પવનનો ઝપાટો; શોર, ગોંધાટ. [શણનો છોડ, શણ.

Flax, ફ્લૅક્સ, *n.* (AS. *fleax*) a plant yielding linen.

Flay, ફ્લે, *vt.* (AS. *flean*) to strip off skin. ચામડી ઉતારવી-કાઢવી. [insect. ચાંચડ.

Flea, ફ્લી, *n.* (AS. *fleohan* to fly) small hopping

Fleam, ફ્લીમ, *n.* (D. *vlym* a lancet) a large lancet. મહોટું નસ્તર. [પડાંવાળું, ચિત્રવિચત્ર.

Fleck'ed, ફ્લેક્ડ, *a.* (Ger. *fleck* a spot) spotted, ટ-

Fledged, ફ્લેજ્ડ, *a.* (AS. *fleogan* to fly) furnished with feathers or wings. પીછાં કે પાંખ આવેલું એવું, ઉડી શકે તેવું. [void. નાસવું, નાસીજવું;-થી દૂર રહેવું.

Flee, ફ્લી *vi.* (AS. *flea* to fly) to run swiftly; a-

Fleece, ફ્લીસ, *n.* (AS. *flys*) sheep's wool. એકવાર કાતરેલું મેંઢાનું ઉન. *vt.* to plunder. લૂટી-નિચોવી લેવું, ખંખેરવું.

Fleet, ફ્લીટ, *n.* (AS. *fliet* to float) a number of ships in company. લડાઈના વહાણનનો કાફલો, આરમાર. *a.* quick. ઝડપથી ચાલનારૂં, વેગી. *vi.* to pass swiftly. ઝડપથી જતું રહેવું. [એવું, ક્ષણિક.

Fleet'ing, ફ્લીટીંગ, *a.* not lasting. પલવારમાં જતું રહે

Flesh, ફ્લેશ, *n.* (AS. *flæsc*) animal muscle; meat; the body; animal nature; mankind; human nature; carnal appetites; kindred; pulpy substance. માંસ, માસ; દેહ, શરીર, કાયા, પિંડ; સર્વજાતના માણી; મનુષ્ય-માણસ જાત; મનુષ્ય સ્વભાવ; વિષય વાસના; સગું, સંબંધી; ગર, માવો. [જાડું, પુષ્ટ.

Flesh'y, ફ્લેશિ, *a.* full in flesh, fat. માંસથી ભરેલું,

Flex'i-ble, Flex'ile, ફ્લેક્સિબલ, ફ્લેક્સાઈલ, *a.* (L. *flecto* I bend) easily bent; pliable; tractable. વળે-વાંકુ થાય-મરડાય એવું; નરમસ્વભાવનું; વાળ્યું વળે એવું; શિખવી શકાય એવું. [ver, twinkle. હાલવું, ધ્રુજવું, ઝડપાવું.

Flick'er, ફ્લિકર, *vi.* (AS. *flycge* able to fly) to wa-

Flight, ફ્લાઈટ, *n.* (AS. *fleogan* to fly) flying; soar-

ing; flock of birds; series of steps. ઉડી–નાસીજવું તે, નાસાનાસ, દોડાદોડ; દોડાવવું તે; ઉડતાં પક્ષીનું ટોળું; દાદર, સીડી. [લહેરી, તુરંગી, વાયલ.

Flight'y, ફ્લાઇટિ, *a.* fanciful; fleeting. ચંચળ, ચપળ,

Flim'sy, ફિલમ્ઝિ, *a.* (see Film) weak, vain; spiritless. અસાર, નક્રું, ખોટું, મિથ્યા; નિર્માલ, ગુણરહિત.

Flinch, ફ્લિંચ, *vi.* (see Flicker) to shrink. હઠી જવું, હારી ખાવું, પાછું હઠવું.

Fling, ફ્લિંગ, *vt.* (L. *fligo* I strike) to throw; to send forth. ફેંકવું, નાખવું, પછાડવું, પટકવું;–માંથી નિકળ્યાં કરવું. *n.* a throw; sarcasm. ફેંકવું–નાખવું તે; મહેણું, ઠપકો.

Flint, ફ્લિંટ, (AS.) a hard stone. ચકમક.

Flip'pant, ફ્લિપંટ, *n.* (E. *flip* to move quickly) fluent and rapid in speech. બહુબોલું, અટક્યા વગર ઝડપથી બોલનાર, બોલકણું.

Flirt, ફ્લર્ટ, *n.* (AS. *fleardian* to trifle) a pert, giddy girl. નખરાંબાજ–ચાળાખોર છોડી. *vi.* to coquet. ચાળાચરકા–નખરાં કરવાં, નેન મારવી.

Flit, ફ્લિટ્, *vi.* (Scot) to dart along; remove. આમ તેમ ઉડયાં–દોડયાં કરવું, ઝડપથી ઉડવું; એક મુકામ છોડી બીજે જવું. [મીઠું દઈ સુકવેલું ડુક્કરના પાસાનું માંસ.

Flitch, ફ્લિચ્, *n.* (AS. *fliece*) a side of pork cured.

Float, ફ્લોટ, *n.* (AS. *fleotan*) a raft. તરાપો. *vi.* to swim on the surface. તરવું.

Flock, ફ્લૉક્, *n.* (AS. *floc*) a number of animals; a lock of wool. ટોળું, ઝુંડ; ઉન કે વાળનું ગુછળું. *vi.* to gather together. ટોળેટોળાં એકઠાં થવાં–મળવાં.

Floe, ફ્લો, *n.* (Dan. *flag*) floating ice. સમુદ્રમાં તરતા બરફનો ઢગલો. [ચાબકે મારવું, ફટકા મારવા.

Flog, ફ્લૉગ, *vt.* (L. *fligo* I beat) to whip, to lash.

Flood, ફ્લડ, *n.* (AS. *flod*) inundation; the deluge; flow of tide; abundance; stream. રેલ, પૂર; જળપ્રલય; ભરતી, જુવાળ, વીળ; પુષ્કળપણું, રેલછેલ, છોળ; પ્રવાહ, રેલો. *vt.* –થી જળમય થવું–પલળી જવું.

Floor, ફ્લોર, *n.* (AS. *flor*) the bottom of a room; a story; platform. ભોંય, ભોંયતળિયું, પાટિયાંની ભોંય; માળ. *vt.* to lay with boards. પાટિયાં જડવાં.

Flor'id, ફ્લોરિડ્, *a.* (L. *flos* a flower) bright in color; splendid. લાલ સુરખીદાર, તેજ–ચળકાટ મારતું; અલંકારી.

Flo'ral, ફ્લોરલ, *a.* relating to flowers. ફુલસંબંધી.

Flor'in, ફ્લૉરિન, *n.* (Fr.) coin of 2*s.* બે શિલિંગ.

Flor'ist, ફ્લૉરિસ્ટ, *n.* (L. *floris*) a cultivator of flowers. ફુલવાડી વાળું–રાખનાર.

Flo-til'la, ફ્લોટિલા, *n.* (Sp. *flota* a fleet) a fleet of small vessels. નહાનાં વહાણનો કાફલો.

Flounce, Floun'der, ફ્લાઉન્સ, ફ્લાઉંડર, *vi.* (Sw. *flunsa* to immerge) to struggle. તરફડવું, હાથપગ પછાડવા.

Flounce, ફ્લાઉન્સ, *n.* (Fr. *froncis* a plait) trimming;

a jork. સ્રીના ડ્રેસના નીચલા ભાગપર ફરતી જોડેલી ચીણવાળી
Flour, ફ્લાઉર, *n.* (L. *flos*) meal. લોટ, આટો. [ફૂલ; આચકો.
Glut'in-ous, ગ્લૂટિનસ, *a.* (see Glue) viscous, viscid. ચીકણું, ચોંટી જાય એવું. [અકરાંતિયો, બહુ ખાનાર.
Glut'ton, ગ્લટન, *n.* (L. glutto) a voracious eater.
Glyc'er-ine, ગ્લિસરિન, *n.* (Gr. *glukus* sweet) a sweet viscid liquid. એક જાતનો ચીકણો ગળ્યો પદાર્થ.
Gnarled, નાર્લ્ડ, *a.* (Dan. *knort*) full of knots. ગાંઠાગાંઠાવાળું. [ther. દાંત પીસવા–કકડાવવા.
Gnash, નૅશ, *vt.* (Icel. *gnista*) to strike teeth toge-
Gnat, નૅટ, *n.* (Ger. *gnid*) a small stinging fly. મચ્છર, ડાંસ. [થોડેથોડે કરડી ખાવું; ખવાઈ જાય તેવું કરવું.
Gnaw, નૉ, *vt.* (AS. *gnagan*) to bite off; corrode.
Go, ગો, *vi.* (AS. *gangan*) to move, pass, depart; proceed; extend. જવું, ચાલવું; –માં ખપવું–ગણાવું; બનવું, ઉતરવું, થવું; સુધી જવું–પહોંચવું.
Goad, ગોડ, *n.* (AS. *gal*) a pointed stick. પરોણો–ણી. *vt.* to prick with; excite. પરોણી ભોંકવી; ઉશ્કેરવું, ચઢાવવું.
Goal, ગોલ, *n.* (AS. *gaule* a pole) winning post;

aim, end. નિકળવાનું કે પહોંચવાનું સ્થાન, મુકામ; ઉદ્દેશ, સાધ્ય વસ્તુ. [બકરી, બકરૂં.
Goat, ગોટ, *n.* (AS. *gat*) a domestic animal. બકરો,
Gob'let, ગૉબ્લેટ્, *n.* (Fr. *gobelet*) a drinking vessel. પ્યાલો, પંચપાત્ર. [પિશાચ.
Gob'lin, ગૉબ્લિન્, *n.* (Fr.) an evil spirit. ભૂત, પ્રેત,
God, ગૉડ, *n.* (AS.) The Supreme Being. પરમેશ્વર, પ્રભુ,
God'dess, ગૉડેસ્, *n.* a female deity. દેવી. [દેવ-વી-તા.
God-fa'ther, ગૉડફાધર, *n.* sponsor at baptism. ધર્મપિતા.
God'head, ગૉડ્હેડ્, *n.* divine nature. ઇશ્વરપણું, દેવત્વ.
God'less, ગૉડ્લેસ્, *a.* ungodly ; wicked. નાસ્તિક, અધર્મી; પાપી. [ભગવતીપણું, સન્માર્ગ.
God'li-ness, ગૉડ્લિનેસ્, *n.* true piety. પવિત્ર-ધાર્મિષ્ઠ-ભ-
God'ly, ગૉડ્લિ, *a.* pious, devout. ધાર્મિષ્ઠ, ભગવતી.
God'send, ગૉડસેંડ, *n.* unexpected good fortune. ઇશ્વરની વિશેષ અણધારીકૃપા-લાભ. [નિર્વિઘ્ન પ્રવાસ.
God'speed, ગૉડ્સ્પીડ, *n.* success, good speed. ફતેહ,
Goi'tre, ગૉઇટર, *n.* (Fr.) bronchocele, swelled neck. ગળાપર વરસોળી-પાડું. [કંચન, સુવર્ણ; પૈસો, જર, ધન.
Gold, ગોલ્ડ, *n.* (AS.) precious metal ; money. સોનું,
Gold'en, ગોલ્ડન, *a.* made of gold; like gold. સોનાનું, સુવર્ણમય; સોનાજેવું, સોનેરી; ઉમદા, કિંમતી.
Gold'leaf, ગોલ્ડલીફ, *n.* સોનાનો વરખ-પાનાં.
Gold'smith, ગોલ્ડસ્મિથ્, *a.* a worker in gold. સોની.

Good, ગુડ્, *a.* (AS. *god*) worthy of approbation; virtuous; useful; sufficient; true; fair. સારૂં, ખાસુ, મજેનું; ભલું, રૂડું, સદાચારી; ઉપયોગી, કામનું; જોઈએ તેવું, યોગ્ય, વજનદાર, પાકું; ખરૂં, ખરાદિલનું, અંતરનું રૂડું, સારૂં. *n.* benefit; that which affords happiness. લાભ, ફાયદો રૂડી-ભલીવાત. [મઝેનું; ખુબસુરત, દેખાવડું; મહોટું, ઘણું.

Good'ly, ગુડ્લિ, *a.* pleasant; comely; large. ખુશકારક,

Good'ness, ગુડ્નેસ, *n.* excellence, kindness. ખુબી, સારોગુણ, ભલાઈ, મહેરબાની.

Goods, ગુડ્ઝ, *n. pl.* movables. માલ, વેપારની જનસો.

Goose, ગુઝ, *n.* (AS. *gos*) a fowl; a silly person; tailor's iron. હંસણી, બતકની જાતનું પક્ષી; મૂર્ખો, ગધેડો; દરજીનું એક હથિયાર.

Gore, ગોર, *n.* (AS. *gor*) clotted blood; gusset. ઠરી ગયલું-જાડું-રગડ, લોહી. (AS. *gâr* a spear) gusset. અંગરખા વગેરેમાં કળી. *vt.* to pierce. ભોંકવું, ઘોંચવું.

Gorge, ગૉર્જ, *vt.* (L. *gurges* gulf) to swallow; cram, glut. ગળી-ઓહોઆંકરી-દબદબ ખાઈજવું;ગળાસુધી ખાવું, થી ધરાઈ જવું. *n.* the throat; a narrow pass. ગળું;સાંકડી ખીન-નેળ. [showy. સુંદર, ભભકાવાળું-દાર, દેખાવડું.

Gor'ge-ous, ગૉર્જિઅસ, *a.* (Fr. *gorgias* beautiful) fine,

Gos'ling, ગૉસ્લિંગ, *n.* (AS. *gos*) a young goose. હંસનું બચ્ચું.

Gos'pel, ગોસપેલ, *n.* (AS. *god* good & *spell* story) good tidings; Christian revelation. સુવાર્તા, શુભ-

વર્તમાન ; ખ્રિસ્તિમતે સ્વીકારેલી વાતો. [વાતો, ગપાટા, ગપ્પા.
Goss'ip, ગાસિપ્, *n.* (old E. *gosiib*) idle talk. નકામી
Gouge, ગુજ, *n.* (Fr.) a rounded chisel. ભૂંગળીના જેવી
સુથારની ફરશી-વિંધણું. [તુમડું-ડી, દુધી.
Gourd, ગુર્ડ, *n.* (Fr.) a plant & its fruit. તુમડાનો વેલો,
Gout, ગાઉટ, *n.* (L. *gutta* a drop) disease in joints.
Gout, ગુ, *n.* (L. *gustus*) taste, relish. સ્વાદ. [સંધિવા.
Gov'ern, ગવ્અર્ન, *vt.* (L. *guberno*) to rule ; control & direct. ઉપર સત્તા-રાજ ચલાવવું, કબજા-તાબામાં રાખવું, મરજી પ્રમાણે ચલાવવું.
Gov'ern-ment, ગવઅર્નમેંટ, *n.* the act or mode of governing ; authority ; executive power ; state. રાજ્ય-અધીકાર ચલાવવો તે, બંદોબસ્ત, વ્યવસ્થા; રાજ્યરીતિ-નીતિ-પદ્ધતિ; હુકમત, સત્તા; સરકાર, રાજ્ય ચલાવનાર પુરૂષો; રાજ્ય, સંસ્થાન. [કારી, સુબો; શિક્ષક, ભણાવનાર.
Gov'ern-or, ગવઅર્નર, *n.* a ruler ; a tutor. રાજ્યાધિ-
Gown, ગાઉન, *n.* (L. *gunna*) woman's garment ; a loose robe. સ્ત્રીઓમાં સહુથી ઉપર પહેરવાનું લૂગડું; ઉપર પહેરવાનો લાંબો ખુલતો જામો-ઝભ્ભો.
Grace, ગ્રેસ, *n.* (L. *gratia*) favour ; short prayer ; easy manner ; excellence ; beauty; the title of duke &c. કૃપા, મહેરબાની; ઈશ્વરપાડની ટુંકી બંદગી; લાવણ્યતા, સ્વાભાવીક ફુટડી લટક; ખુબી, મન પ્રસંન કરે એવો ગુણ; સૌંદર્ય, રૂપાળાપણું; ડયુક અમીર વગેરેનું ઉપનામ-ખિતાબ.

Grace'ful, ગ્રેસફુલ, *a.* elegant & easy. દેખાવડું, લાવણ્યતા-ખુબીવાળું. [દયાળુ, કૃપાળુ, મહેરબાન; મનોહર.
Gra'cious, ગ્રેશસ, *a.* kind, favourable ; winning.
Grade, ગ્રેડ, *n.* (L. *gradus* a step) degree, rank. પાયરી, પગથિયું, પગલું, પદ. [ધીમેધીમે, ક્રમાનુસાર.
Grad'u-al, ગ્રૅડ્યુઅલ, *a.* by degrees, step by step.
Grad'u-ate, ગ્રૅડ્યુએટ, *vi. t.* to receive an academical degree ; mark with degrees.-ને વિદ્યાલયમાં ખેતાબ મળવો;-માં પાયરી પાડવી, ક્રમપ્રમાણે ચઢતું ઉતરતું ગોઠવવું. *n.* one who has received a degree. કોઈ વિદ્યા કે કળામાં પદવી-ખેતાબ મેળવનાર, પદધારી.
Graft, ગ્રૅફ્ટ, *n.* (AS. *grafan* to cut) scion in stock. ઝાડમાં કરેલી કલમ. *vt.* to insert scion in stock. ઉપર કલમ કરવી, એક વસ્તુમાં નવી વસ્તુનો પ્રવેશ કરી તેની વૃદ્ધિ કરવી. [દાણો; અનાજ, ધાન્ય; કણ, રજ.
Grain, ગ્રેન, *n.* (L. *granum*) corn ; a small particle.
Gra-min-iv'or-ous, ગ્રૅમિનિવોરસ, *a.* (L. *gramen* grass & *voro* devour) feeding on grass. ઘાસ ખાનાર, ઘાસાહારી.
Gram'mar, ગ્રૅમર, *n.* (Gr. *gramma* a letter) science of speaking & writing. ભાષા-વાણી શાસ્ત્ર, વ્યાકરણ.
Gran'a-ry, ગ્રૅનરિ, *n.* (L. *granum* grain) a storehouse for grain. કોઠાર, અનાજ ભરવાની જગા.
Grand, ગ્રૅંડ, *a.* (L. *grandis* great) splendid ; very great. પ્રૌઢ, મહાન, મોટું, ઉચું, મરતબા-ગૌરવવાળું.

Grand'eur, ગ્રેંડર, *n.* magnificence. મોટતા, મહાનતા, વિશાળપણું. [ings. જે ખેતરમાં રહેવાનું ઘર હોયછે તેવું ખેતર.
Grange, ગ્રેંજ, *n.* (L. *granum* grain) farm & build-
Granite, ગ્રનિટ, *n.*(L. *granum*) a stone composed of quartz, feldspar, & mica. એક જાતનો-અડદિયો પથ્થર.
Gran-iv'o-rous, ગ્રનિવોરસ, *a.* eating grain. અન્ન ભક્ષક.
Grant, ગ્રૅંટ, *n.* (L. *gratus* pleasing) thing conferred. દાન, આપેલી વસ્તુ, બક્ષીસ, ઈનામ. *vt.* to bestow, yield; concede. આપવું, માલકી-કબજે-માગ્યું આપવું; બીન તકરારે માની લેવું-સ્વીકારવું,-ની હા પાડવી. [દ્રાક્ષ, દરાખ.
Grape, ગ્રેપ, *n.* (Fr. *grappe*) the fruit of the vine.
Graph'ic, ગ્રફિક, *a.* (Gr. *graphein* to write) well delineated. રસભર વર્ણવેલું-બતાવેલું, સચિત્ર. [લંગર-બિલાડી.
Grap'nel, ગ્રૅપનેલ, *n.*(Fr. *grappin*) a small anchor. નહાનું
Grap'ple, ગ્રૅપલ, *vt. i.* (Fr.) to seize, to lay fast hold of; to contend in close fight. જોસથી પકડવું-ઝાલવું-બાઝવું, લડતી વખતે સજ્જડ બાથ ભીડવી, હામ ધરી દૃઢતાથી સામા થવું. *n.* seizing; hook. પકડવું તે; વહાણ પકડવાની આંકડી.
Grasp, ગ્રૅસ્પ, *n.* (Ger. *gripsen* to seize) gripe; the power of seizing. જોરની મુઠી-કબજે-પકડ; બુદ્ધિની પહોંચ, સમજશક્તિ. *vt.* to seize and hold. જોરથી છીનવી-ઝુટાવી લઈ જોરથી પકડી રાખવું, પકડી-ઝડપી લેવું, પકડવું.
Grass, ગ્રૅસ, *n.* (AS. *gras*) herbage. ઘાસ, તૃણ, કડબ.
Grate, ગ્રેટ, *n.* (L. *crates* a hurdle) a fire-place; a

frame of cross-bars. જાળીદાર સગડી; ગજિયાની જાળી.

Grate, ગ્રેટ, *vt. i.* (Fr. *gratter* to rub) to rub hard; vex. કઠોર અવાજ થાય એવું ઘસવું; ખોટું–દુઃખ લાગવું–થવું, દુઃખવવું.

Grate'ful, ગ્રેટફુલ, *a.* (L. *gratus* agreeable) giving pleasure; thankful. ખુશકારક, મનોરંજક, મઝેનું, સ્વાદિષ્ટ; કૃતજ્ઞ, આભારી, પાડ–ગુણ માનનાર.

Grat'er, ગ્રેટર, *n.* a kitchen rasp. છીણી, ખમણી.

Gra-ti-fi-ca'tion, ગ્રૅટિફિકેશન, *n.* (L. *gratus* & *facio*) pleasure, satisfaction; delight; reward. મન–ભૂખ–સ્વાદેન્દ્રિયને તૃપ્ત–ખુશ કરવું તે; સંતોષ, આનંદ; બદલો, સુખડી, ઈનામ.

Grat'i-fy, ગ્રૅટિફાઈ, *vi.* to indulge; please; requite. તૃપ્ત–ખુશ કરવું; આનંદ પમાડવો; બદલો વાળવો.

Grat'ing, ગ્રેટિંગ, *n.* (see Grate) lattice-work; harsh sound. સળિયાની જાળી; કઠોર–કર્કશ અવાજ. *a.* harsh. ખુંચે એવું, કઠોર, કર્કશ.

Gra'tis, ગ્રૅટિસ, *ad.* (L. *gratia* favour) for nothing. [મફત, અમસ્તુ, વગર કિંમતે.

Grat'i-tude, ગ્રૅટિટ્યૂડ, *n.* (L. *gratus* agreeable) thankfulness. કૃતજ્ઞતા, ઉપકારસ્મરણ, ગુણ, પાડ.

Gra-tu'it-ous, ગ્રૅટ્યુઈટસ, *a.* (L. *gratia*) free, voluntary. મફત–મેહેરબાની દાખલ આપેલું–કરેલું, અમસ્તું, વગર કારણે કરેલું.

Gra-tu'i-ty, ગ્રૅટ્યુઈટિ, *n.* a free gift. મહેરબાનીની [બક્ષીસ, ઈનામ, ભેટ, દાન.

Grave, ગ્રેવ, *a.* (L. *gravis* heavy) solemn; important; not light or gay; not acute. ગંભીર, ભારેખમ;

અગત્યનું, બોજ-વજનદાર; ઘેરૂં, ઘાડું; નીચાસૂરનું. *n.* (AS. *grafan* to dig) a pit for the dead; death. મુડદું દાટવાનો ખાડો, ઘોર; મૃત્યુ, મોત. *vt.* to carve. કોતરવું,ખોદવું, કોરીને ડોળ કાઢવું-બનાવવું. [કાંકરા ને રેતી, કંકર,મરડિયા.

Grav'el, ગ્રૅવલ, *n.* (Ger. *grober* sand) pebbles & sand.

Grav'er, ગ્રેવર, *n.* a tool for engraving કોતરવાનું હથિયાર. [દાટવાની જગા.

Grave'yard, ગ્રેવયાર્ડ, *n.* a burial place. કબરસ્તાન, મુડદા

Grav'i-tate, ગ્રૅવિટેટ, *vi.* to tend toward the centre. ગુરૂત્વાકર્ષણથી ખેંચાવું. [ગુરૂત્વાકર્ષણ, ખેંચાણ.

Grav-i-ta'tion, ગ્રૅવિટેશન, *n.* tendency to the centre.

Grav'i-ty, ગ્રૅવિટિ, *n.* seriousness; weight. ગંભીરતા, ગાંભીર્ય, ભારેખમ-બોજદારપણું, અગત્યતા, મહત્વ,ગોરવ; ગુરૂત્વ.

Gra'vy, ગ્રેવિ, *n.* (Sax. *greve*) juice of meat. માંસને રાંધતી વખત મવાહી થઈને ટપકી જતો રસ.

Gray, ગ્રે,*a.* (AS. *grag*) hoary, black & white, mature. ધોળું, પળિયાં જેવા રંગનું; કાળા ધોળા-ઘેરાધોળા-કાળાસ પડતા રંગનું; વૃદ્ધ; પુખ્ત.

Graze ગ્રેઝ, *vt.* (AS. *gras* grass) to feed on grass; to rub slightly. ચરવું; જરાઅડી-ઘસડાઈને જવું. [ગોવાળ.

Gra'zier, ગ્રેઝર, *n.* feeder of cattle.ઢોર ચારનાર, ભરવાડ,

Grease, ગ્રીઝ, *n.* (It. *grasso*) fatty matter. ચરબી, તેલમય પદાર્થ. *vt.* to smear with fat; to bribe. ચરબી-તેલ લગાડવું-ચોપડવું, ઉંજવું; લાંચ આપવી.

Great, ગ્રેટ, *a.* (AS.) large; chief; illustrious; important. મહોટું, વિશાળ, ઘણું, બહુ; મુખ્ય, આગેવાન; મહાન, નામીચું; અગત્યનું, વજન-બોજદાર.

Great'ness, ગ્રેટનેસ, *n.* bigness; high rank, power. મહોટાપણું; દબદબો, ઉંચો દરજ્જો-પદવી-હોદ્દો; બળ, શક્તિ.

Greed'y, ગ્રીડિ, *a.* (Goth. *gredus* hungry) eager to have; gluttonous. અતિલાલચુ-લોભી; અકરાંતિયું, ખાવરૂં.

Green, ગ્રીન, *n.* (AS. *grene*) colour; a grassy plat. લીલોરંગ, લીલાસ; લીલોતરીવાળું મેદાન. *a.* verdant; blooming; fresh; unripe; awkward. લીલું, લીલોતરીવાળું; ખીલી રહેલું, જોબનવાળું; તાજું, નવું; કાચું, અપક્વ; ઉમરે કે સમજણમાં કાચું, નિરનુભવી.

Greet, ગ્રીટ, *vt. i.* (AS. *gretan*) to salute. સલામ કરવી-કહાવવી, મુબારકબાદીના શબ્દ કહેવા.

Gre-ga'ri-ous, ગ્રીગેરિઅસ, *a.* (L. *grex* a flock) keeping in flocks. સાથમાં રહેવાની ટેવવાળું, સંઘચર.

Gre-nade', ગ્રીનેડ, *n.* (Fr. *grenade* pomegranate) a bomb shell. દારૂ વગેરેથી ભરેલો તોપનો પોલો ગોળો.

Grid'dle, ગ્રિડલ, *n.* (Ir. *greadain* I burn) iron baking plate. રોટલી શેકવાની તાવડી.

Grief, ગ્રીફ, *n.* (L. *gravis* heavy) great sorrow. શોક, બળાપો, ખેદ, દિલગીરી, દુઃખ, પસ્તાવો. [દુઃખનું કારણ.

Griev'ance, ગ્રીવન્સ, *n.* hardship, wrong. દુઃખ, ઇજા, હરકત,

Grieve, ગ્રીવ, *vi. t.* to mourn. -નો જીવ બળવો, -નું મન દુખા-

વવું; ખેદ-શોક થવો. to cause sorrow.-નો જીવ બાળવો,-દુખવવો, દિલગીર-શોકાતુર કરવું.

Griev'ous, ગ્રીવસ, *a.* afflictive; heinous. શોક-ખેદકારક, દુ:ખદાયક, ઘણી પીડા કરે એવું; ભારે, ઘણું મ્હોટું, મહાભારત.

Grill, ગ્રિલ્, *vt.* (Fr. *gril* gridiron) to broil; torment. માંસને સગડીપર શેકવું-ભુંજવું;-થી પીડા થવી-દુ:ખ લાગવું.

Grim, ગ્રિમ્, *a.* (AS. *grimman* to rage) stern, severe, of forbidding aspect. બિહામણું, ભયંકર, ભયાનક, વિક્રાળ.

Gri'mace, ગ્રિમેસ, *n.* (AS. *grima* a ghost) distortion of face. વાંકાં ચુંકાં કરેલાં મહોં, મ્હોનો ચાળો, ચાળાચસકા.

Grime, ગ્રાઇમ, *n.* (AS. *gryme* soot) dirt. મેલ, મળ, કચરો, મેશ. *vt.* to sully deeply. દાઘ લગાડવો-પાડવો, મલીન કરવું, કાળું-ઝાંખું પાડવું; એબ દૂષણ-કલંક લગાડવું.

Grin, ગ્રિન, *vi.* (AS. *grinnian*) to show the teeth. દાંત દેખાડવા-કાઢવા, દાંતિયાં કરવાં. *n.* showing of the teeth. દાંત કાઢવા તે, દાંતિયાં.

Grind, ગ્રાઇંડ, *vt. i.* (AS. *grindan*) to crush to powder; oppress; sharpen. દળવું, વાટવું, ચાવવું; હેરાન કરવું, પીડવું, દુ:ખદેવું; ઘસી ધાર ચઢાવવી; દળવું, દળાવું; ધાર-ચઢવી; વૈતરૂં-ભારે મહેનત કરવી.

Grind'er, ગ્રાઇંડર, *n.* one who grinds; a tooth. દળનાર; દાઢ.

Grip, ગ્રિપ્, *n.* (Ger. *griff*) a grasp. બાથ, પકડ, ચુંગાળ.

Gripe, ગ્રાઇપ, *n.* (AS. *gripan*) pain in bowels; oppression; a handle; grasp. આમળાટ, શૂંક; જુલમ, ભારે વેરો,

પીડા, દુઃખ; હાથો, મૂઠ; બાથ, ચુંગાલ, પંજો. *vt.* to clutch; seize & hold fast; pinch. જોરથી મુઠીમાં પકડવું—ભીડવું; જોરથી પકડી લઈ ઝાલી રાખવું; ચૂમટા ભરીને દુઃખ દેવું.

Gris'ly, ગ્રિસ્લિ, *a.* (AS. *grisan* to dread) hideous, frightful. ભયાનક, ભયંકર, બિહામણું.

Grist, ગ્રિસ્ટ, *n.* (AS.) that which is ground at one time; supply. ઓરણું, એક વારનું દળણું, એક દળણામાં દળેલો લોટ; ખોરાકી, ભરી મૂકેલું અનાજ. [કોમળાસ્થિ.

Grist'le, ગ્રિસલ, *n.* (AS.) a cartilage. કૂમળું હાડકું,

Grit, ગ્રિટ, *n.* (AS. *grytt* dust) coarse part of meal; sand, gravel. લોટમાંનું ધુસું; રેતી, કાંકરી, કંકર.

Grizz'ly, ગ્રિઝ્લિ, *a.* (Fr. *gris* gray) some-what gray. કાબરચિતું, ધલર, સફેદકાળું.

Groan, ગ્રોન, *n.* (AS. *granian*) a deep mournful sound. દુઃખનો બેઠો સાદ, ઉંડો શોકનો અવાજ. *vi.* to make deep noise. દુઃખ—ખેદનો ધીમો અવાજ—અરે અરે કરવું, પીડાવું, દુઃખથી બૂમ પાડવી.

Groan'ing, ગ્રોનિંગ, *n.* lamentation. હાય, અફસોસ.

Groat, ગ્રોટ, *n.* (Ger. *grot* great) 4 pence. ૪ પેન્સની કિંમતનું રૂપા નાણું. [ભરડેલા—છડેલા ઓટસ નામના દાણા.

Groats, ગ્રોટ્સ, *n.* oats coarsely ground. જાડા દળેલા કે

Gro'cer, ગ્રોસર, *n.* (Fr. *grossier*) a dealer in tea, sugar, spices &c. ગાંધી, કરીઆણાંની દુકાન રાખનાર.

Gro'cer-y, ગ્રોસરિ, *n.* goods of grocers. કરીઆણું, સ-
ઘળી જાતનો મસાલો. [ભિળેલો મોળો દારૂનો અરક.
Grog, ગ્રૉગ, *n.* (from *grogram*) spirit & water. પાણી
Groin, ગ્રૉઈન, *n.* (Icel. *grein* part) the part between
belly & thigh. પેટ ને જાંગ વચ્ચેનો શરીરનો બેઠેલો ભાગ.
Groom, ગ્રુમ, *n.* (Dut. *grom* a boy) one who tends
horses; a newly married man. રાવત, ઘોડાવાળો; નવો
વર, વર; ચાકર.
Groove, ગ્રૂવ, *n.* (AS. *grof* ditch) furrows. ખાંચ, ખોભણ,
પોલ, ચીલો. *vt.* to cut a furrow. ખોભણ–ચાસ પાડવો.
Grope, ગ્રોપ, *vi.* (AS. *grapian*) to feel one's way.
હાથ લાંબા કરી રસ્તો શોધતાં જવું, ફાંફાં મારવાં; અંધારે અથડાવું.
Gross, ગ્રોસ, *a.* (L. *crassus* thick) large; coarse,
rough; not easily impressed; vulgar, low;
thick, dense; palpable; whole, entire. ઘણું મહોટું;
જાડું, નાજુકી કે બારીકી વિનાનું; ડહાડું, મંદ, મોળું; નીચું, હલકું,
પશુવત, અમર્યાદ, ભુંડાળું; જાડું, ઘટ, અપારદર્શક; ઉઘાડું, દેખીતું,
હડહડતું; કુલ, એકંદર, સામટું, જુમલે. *n.* the whole bulk;
12 dozen. મુખ્ય ભાગ; ૧૨ ડજન એટલે ૧૪૪ નંગ.
Gro'tesque, ગ્રોટેસ્ક, *a.* (Fr.) odd, irregular. તરેહવાર,
વિલક્ષણ, વિચિત્ર. [ભોંયમાં ગુફા, ભોંયરૂં.
Grot, Grot'to, ગ્રૉટ, ગ્રૉટો, *n.* (Fr. *grotte*) cool recess.
Ground, ગ્રાઉંડ, *n.* (AS. *grundus* dust) soil; estate,
possession; region; foundation. ભોંય, જમીન;

ભોંયભાડું, જાગીર; દેશ, પ્રદેશ; પાયો, આધાર, ધોરણ, સબબ, કારણ. *pl.* dregs, lees. તળે બેઠેલો કચરો. *vt.* to lay; found; instruct; to run aground. ભોંયપર મૂકવું; પાયા–આધારપર રાખવું–સ્થાપવું, ચોટ્સ બેસાડવું, પાકું કારણ આપવું; મૂળતત્વો પાકાં શિખવવાં, પાયો પાકો કરવો; ભોંયમાં ચોંટી જવું, ભોંયપર ચઢી જવું. [સબબ વગરનું, નિષ્કારણ.

Ground'less, ગ્રાઉંડલેસ્, *a.* without foundation. પાયા–

Group, ગ્રોપ, *n.* (Fr. *groupe* a cluster) a crowd જમાવ, સંઘ, સમુદાય. *vt.* to form a cluster. સારા દેખાય–ઠીક પડે એમ ગોઠવવાં–જોડવાં–મહેલવાં. [કુંજ, ઉપવન, અમરાઈ..

Grove, ગ્રૂવ, *n.* (AS. *graf*) a small wood. ઝાડની ઘટા,

Grov'el, ગ્રૉવેલ્, *vi.* (Dut. *grabbelen* to crawl) to creep; to low or mean. ભોંયસરસુ શરીર ઉંધું રાખી–પેટે ચાલવું; નીચું–હલકું હોવું–થવું.

Grov'ell-ing, ગ્રોવેલિંગ્, *a.* mean.. નીચું, હલકું, તિરસ્કૃત.

Grow, ગ્રો, *vi.* (AS. *growan*) increase in size; to be augmented; to be produced; to become. વધવું, વૃદ્ધિ પામવી; આગળ વધવું, વધતા જવું; ઉગવું, પાકવું, નિપજવું; થવું, થતાં જવું. *vt.* to raise. પકવવું, ઉત્પન્ન કરવું.

Growl, ગ્રાઉલ, *vi.* (Dut. *grollen* to grunt) to grumble; snarl. ચીઢાઈને બડબડવું; ઘુરકવું.

Grub, ગ્રબ, *n.* (AS. *grafan* to dig) to dig. ખોદવું, *n.* a small worm. એકજાતનો નહાનોકીડો–જીવડો.

Grudge, ગ્રજ, *vt.* (Ger. *grunzen*) to give unwilling-

ly; envy; desire to get back; look upon to desire to possess. નાખુશીથી આપવું;-ની અદેખાઈ કરવી; પાછું મેળવવા ઈચ્છા કરવી; તકાવવું,-ની લાલચ-લોભ કરવો, નજરમાં ઘાલવું. *n.* ill will; cause of quarrel. નાખુશી, અદેખાઈ, ખાર, દુશ્મની. [જીવ કચવાઈને.

Grudg'ing.ly, ગ્રજિંગલિ, *ad.* unwillingly. નાખુશીથી,

Gru'el, ગ્રૂએલ, *n.* (AS.) boiled meal. કાંજી, પેજ, રાબડી.

Gruff, ગ્રફ, *a.* (Dut. *grof*) stern; surly. કરડું, સખત, કઠોર, ચિડિયું. [બડબડવું, દુઃખરોવું-રડવું,રોદણાં રોઈને બોલવું.

Grum'ble, ગ્રમ્બલ, *vi.* (Ger. *grummeln*) to murmur.

Grunt, ગ્રંટ, *vi.* (AS. *grunan*) to utter a sound like a hog. ભુંડના જેવું બોલવું, ડરકવું.

Guar-an-tee', ગૅરંટિ, *vt.* (Fr. *garantir*) to warrant. -ના જામીન થવું, હામી ભરવી, જુમ્મો લેવો. *n.* a surety. જામીન, હામીદાર, જામીનગીરી, જુમ્મો લેનાર.

Guard, ગાર્ડ, *n.* (Fr. *guarder* warder) a watch, sentinel; defence. રખેવાળ, પહોરેગીર, રક્ષી; રક્ષણ, બચાવ. *vt. i.* to defend; to watch over. બચાવ-રક્ષણ કરવું, સંભાળવું; સાવધ-ચોકસ રહેવું, તપાસ-ચોકી-ખબર-હોશિયારી રાખવી. [ળનાર, વાલી. *a.* protecting. સંભાળ રાખતું-કરતું.

Guard'ian, ગાર્ડિઅન, *n.* protector. રક્ષક, રખવાળ, સંભા-

Guess, ગેસ, *n.* (AS. *gitan* to get) a conjecture. અટકળ, ઉદાંગ, કલ્પના. *vt.* to conjecture. અટકળથી ક. કહેવું-કરવું-જાણવું, ધારવું, કલ્પવું. [પરોણો, મેમાન.

Guest, ગેસ્ટ, *n.* (AS. *gest*) a person entertained.

Guide, ગાઈડ, *n.* (AS. *wisan*) a leader. રસ્તો-માર્ગ દેખાડનાર, ભોમિયો. *vt.* to lead; regulate. લઈ-દોરી જવું, રસ્તો દેખાડવો; ચલાવવું,-નો વહીવટ કરવો.

Guild, ગિલ્ડ, *n.* (AS. *gild* money) a corporation, society, fraternity. કોઈપણ ધંધાનું મહાજન.

Guile, ગાઈલ, *n.* (AS. *wile*) cunning, craft. કપટ, છળ, [કાવાદાવા.

Guile'less, ગાઈલલેસ, *a.* innocent, artless. સાફ, નિષ્કપટ, સારૂ, અકૃત્રિમ.

Guil-lo-tine', ગિલોટીન, *n.* (Fr.) a machine for beheading. ગર્દન મારવાનો એક સાંચો.

Guilt, ગિલ્ટ, *n.* (AS. *gylt* crime) sin; crime. દોષવાનપણું, પાપ; ગુનો, વાંક, તકશીર.

Guil'ty, ગિલ્ટિ, *a.* criminal; wicked. અપરાધી, તકશીરવાન, ગુનેગાર; દુષ્ટ, પાપી.

Guin'ea, ગિનિ, *n.* (from *guinea* in Africa) 21 shillings. ૨૧ શિલિંગ.

Guise, ગાઈસ, *n.* (AS. *wise*) dress; appearance, practice. પહેરવેશ, રૂપ; ડોળ, દેખાવ; રીતી, ચાલ, વહિવટ.

Gulf, ગલ્ફ, *n.* (Gr. *kolpos*) inlet of sea; abyss. અખાત; ભોંયમાં ઉંડો ખાડો.

Gull, ગલ, *vt.* (Sw. *gylla* to deceive) to cheat; to trick. છેતરવું, ઠગવું.

Gullet, ગલેટ્, *n.* (L. *gula*) a passage for food. ગળું, અન્નમાર્ગ, નળી.

Gul'ly, ગલિ, *n.* (L. *gula* the throat) a channel worn by water. નીક.

Gulp, ગલ્પ, *vt.* (Dut. *gulpen*) to swallow in large draughts. ગબલઈને ગળી જવું, ગટગટ પીજવું, ઢીંચવું.

Gum, ગમ, *n.* (AS. *goma*) a concrete mucilage; sockets for teeth. ગુંદ,ગુંદર; દાંતનું પાળું, અવાળું.

Gun, ગન, *n.* (L. *canna* a reed) cannon, fire-arms. બંધુક, તોપ. [ની આવડત–કળા.

Gun'ner-y, ગનરિ, *n.* science of firing. ગોળા નાખવા

Gun'wale, ગનઉએલ, *n.* upper part of a ship's side. વહાણની બારકુની છેક ઉપરની કોર. [ગળગળ નિકળવું-વહેવું-જવું.

Gir'gle, ગર્ગલ, *vi.* (Ger. *gurgeln*) to flow with noise.

Gush, ગશ, *vi.* (Dut. *gudsen*) to rush out. ખળખળ કરીને બહાર વહેવું–પડવું. [nered piece.કપડાં–કાપડની કળી.

Gus'set, ગસેટ્, *n.* (Fr. *gousset* armpit) three cor-

Gust, ગસ્ટ, *n.* (Icel. *gusta* to blow cold) sudden rush of wind. પવનનો ઝપાટો–સપાટો; અચાનક ઉભરો.

Gut, ગટ, *n.* (Ger. *kut*) intestinal canal. આંતરડાં.

Gut'ter, ગટર, *n.* (L. *gutta* a drop) channel for water. નીક, મોરી, નળ. [the throat. કંઠસ્થાની, કંઠ્ય, કવર્ગનું.

Gutt'ur-al, ગટરલ, *a.* (L. *gutter* throat) pertaining to

Gym-na'si-um, જિમનેશિઅમ, *n.* (Gr. *gymnos* naked) school for athletic exercises. કસરતશાળા,તાલીમખાનું.

Gyp'sum, જિપસમ, *n.* (L.)plaster stone. ચાપાન, ચીરોળી.

Gy'rate, જાઇરેટ, *vi.* (L. *gyrus* a circle) to whirl round. ગોળ ચક્કરમાં ફરવું. [પગની બેડી.

Gyve, જાઇવ, *n.* (Ir. *geibhion*) shackles for the legs.

H

Ha, હા, *int.* denoting surprise. આશ્ચર્ય-આનંદ-શોક બતાવવાનો શબ્દ.

Ha'be-as,Cor'pus,હેબિઍસ,કૉર્પસ,*n.*a writ to produce a prisoner in court. કેદીને અદાલતમાં હાજર કરવાનું હુકમનામું.

Hab'er-dash-er, હૅબરડૅશર, *n.* (Gr. *habe* goods & *vertauscher* a barterer) dealer in needles &c. સોયટાંકણીવાળો. [clothing. લૂગડાં, કપડાં, પોશાક, વસ્ત્ર.

Ha-bil'i-ment, હૅબિલિમેંટ, *n.* (Fr. *habiller* to clothe)

Hab'it, હૅબિટ્, *n.* (L. *habeo* to have) temperament of body or mind; practice; disposition; dress. તબિયત, પ્રકૃતિ; ટેવ, અભ્યાસ, આદત, મહાવરો; સ્વભાવ; ખાસિયત; કપડાં, લૂગડાં, પોશાક. *vt.* to dress. લૂગડાં પહેરાવવાં. [જગા, વસવાનું ઠેકાણું, ઘર, આવાસ.

Hab-i-ta'tion, હૅબિટેશન, *n.* a place of abode. રહેવાની

Ha-bit'u-al, હૅબિચુઅલ, *a.* according to custom. ટેવ કે ધારા પ્રમાણેનું, નિત્યનું. [ભ્યાસ પાડવો,-થી ટેવ પડવી.

Ha-bit'u-ate, હૅબિચુએટ, *vt.* to accustom. મહાવરો-અ-

Hack, હૅક, *vt.* (AS. *haccan*) to mangle. આડું અવળું-વાંકુંચુંકું કાપી મૂકવું,-ઉપર ઘા-કાપા પાડી મૂકવા. *n.* a cut; horse for hire. કાપ, ઘા; ભાડુતી ઘોડો કે ગાડી.

Hack'le, હૅકલ, *vt.* (Dut. *hekel* a comb) to comb. દાંતાવાળા ઓજારે હોળી સાફ કરવું, પીંજવું.

Hack'ney, હૅક્નૅ, *n.* (Fr. *haquence* an ambling horse) horse for hire. ભાડાનો-ભાડુતી ઘોડો. *a.* let out; devoted to common use.ભાડાનું, ભાડુતી; સાધારણ કામમાં આવતું, પદેડાવાનું, પદેડાતું. *vt.* to use much. પદેડવું, ઘસીનાખવું; ચાવી નાખવું, સાધારણ-જુનું કરવું.

Hack'neyed, હૅક્નિડ્, *a.* used much. પદેડી-ઘસી નાખેલું; સાધારણ થઈ ગયલું, ચાવી નાખેલું.

Haft, હૅફ્ટ, *n.* (AS.) a handle. હાથો, પકડ, મૂઠ, પકડવાનું.

Hag, હૅગ્, *n.* (AS. *hages*) an old ugly woman; a witch. ઘરડી બદશીકલ બિહામણી સ્ત્રી, ડાકણી, વંતરી; ડાકણ.

Hag'gard, હૅગર્ડ, *a.* (Ger. *hager* lean) lean, rugged. ઝરડાઇ-ચામડાં ચોંટી-આંખમાં ખાડાપડી-ગળી ગયલું, મડામુખું.

Hag'gle, હૅગલ્, *vt.* see Hack. *vi.* to be difficult in bargaining. ભાવતાલમાં રીકઝીક-ખેંચાખેંચ-કચાટ-તકરાર કરવી.

Hail, હેલ, *n.* (AS. *hagal*) frozen rain. કરાં. *vi.* to fall as hail. કરાં પડવાં-વરસવાં. *n.* (AS. *hal* safety) a wish of health. આરોગ્ય રહો એ અર્થનો જુહાર કરવાનો શબ્દ,નમસ્કાર. *vt.* (Ger. *halon* to call) to call loudly; salute. હાંક મારવી, બૂમ પાડવી; આવકાર આપવો-દેવો.

Hail'stone, હેલસ્ટોન, *n.* frozen rain. કરાંનો વરસાદ-ગોળો-ગાંગડો-કકડો. [નિમાળાં, વાળ, રૂંઆં, રૂંઆટી, રોમ.

Hair, હેર, *n.* (AS. *har*) a small animal filament. કેશ,

Hair'breadth, હેરબ્રિડ્થ, *n.* a very small distance. છેક થોડું-દોરાપૂર છેટું-અંતર. [weapon. ફરસીનો ભાલો.

Hal'berd, હૅલબર્ડ, *n.* (Fr. *hallebarde*) ancient military

Hal'cy-on, હૅલ્સિઅન, *a.* (Gr. *hals* the sea & *kyo* I conceive) calm, quiet; happy. સુખનું, શાંતિનું.

Hale, હેલ, *a.* (AS. *hal* sound) healthy, robust. નિરોગી, તનદુરસ્ત, શરીરે બળકટ.

Half, હાફ, *n.* (AS.) 1 of 2 equal parts. અડધો–નીમે–[અર્ધભાગ, અડધિયું.

Half'blood, હાફબ્લડ, *n.* a relation by one parent. મા કે બાપ એક પણ બેઉ એક નહિ એવું–સાવકું સગપણ.

Hall, હૉલ, *n.* (AS. *alh* a house) entrance of a house; a public room. આગલો ઓરડો, પરસાળ; દિવાનખાનું, દરબાર, કચેરી, સાર્વજનિક ગૃહ.

Hal-loo', હૅલૂ, *vi* (Fr. *haler* to set a dog) to cry out. બૂમ પાડવી, લલકારવું. *int.* to excite attention. કોઈને બોલાવવાનો શબ્દ, એ ! અલ્યા ! લગે.

Hal'low, હૅલો, *vt.* (AS. *halig* holy) to consecrate. પવિત્ર–પૂજ્ય ગણવું–માનવું–કરવું, પ્રતિષ્ઠા–સ્થાપના–દેવનું કરવું.

Hal-lu-sin-a'tion, હૅલ્યુસિનેશન, *n.* (Gr. *aluo* I wander in mind) error, mistake; illusion. ભૂલચૂક, ચિત્તભ્રમ.

Halo, હેલો, *n.* (L.) a circle round the sun or moon; glory. સૂર્ય કે ચંદ્રની આસપાસનું ચળકતું ચક્કર, જળકૂંડું, કિરણ–અંશુમાળા.

Hal'ser, હૅલસર, *n.* (Ger. *hatten* to hold) a large rope used in warping &c. વહાણને ખેંચવાનું દોરડું, પાગડ.

Halt, હૉલ્ટ, *vi.* (AS. *healtian* to limp) to stop; limp; hesitate. અટકવું, થોભવું, મુકામ કરવો; લંગડાવું, ખોડાવું; આચકો ખાવો, વિચાર–ઘોળ–શંકામાં રહેવું–પડવું.

Halt'er, હાલ્ટર, *n.* (Ger. *halten* to hold) a rope. બા-ગડોર, ઘોડાને બાંધવાનું દોરડું; ફાંસી દેવાનું દોરડું.

Halve, હાવ, *vt.* (See Half) to divide into two e-qual parts.—ના બે સરખા—અડધા અડધ ભાગ કરવા.

Ham, હૅમ, *n.* (AS.) hog's thigh cured; hip; the hind part of the knee. મીઠું દઈ સૂકવેલી ડુક્કરની જાંગ; જાંગ, જંઘા; ઘૂંટણનો પાછલો—તળેનો ભાગ. [lage. ગામડું.

Ham'let, હૅમ્લેટ્, *n.* (AS. *ham* home) a small vil-

Ham'mer, હૅમર, *n.* (AS. *hamer*) a tool for driving nails. હથોડો—ડી. *vt.* to beat. ટીપવું.

Hamm'ock, હૅમક, *n.* (Sp. *hamaca*) a hanging bed used in ships. ઝોળી.

Ham'per, હૅમ્પર, *n.* (*hanaper*) a large basket. ટોપલો; ડાલું, છાબડું.(Dan. *hamp* hemp) a fetter. બેડી. *vt.* to shackle; embarrass. —ના હાથપગ બાંધી લેવા, ગુંચવવું, સપાટામાં લેવું, રોકવું, અકળાવવું.

Hand, હૅન્ડ, *n.* (AS.) the palm & fingers; the point-er of a dial; style of writing; possession; control; a measure; skill; a workman; marriage contract. હાથ; કાંટો; અક્ષરનો મરોડ, વળણ, લઢણ; કબજો, હવાલો, સ્વાધીનપણું; મૂઠ; આવડત, કુશળતા, ખબરદારી; માણસ, નોકર; લગ્ન, વિવાહ. *vt.* to give, deliver; lead. આપવું; સ્વાધીન કરવું; હાથ પકડી ચલાવવું.

Hand'ful, હૅન્ડફુલ, *n.* as much as the hand can hold;

a small number or quantity. મુઠ્ઠી, મુષ્ટિ, પોસ; મુઠીભર, ગણ્યાંગાંઠયા, સાડાત્રણ, તોળ્યુંગાળ્યું.[કામ, હસ્તક્રિયા.
Hand'i-craft, હૅંડિક્રૅફ્ટ, *n.* manual occupation. હાથનું
Hand'ker-chief, હૅંડકરચીફ, *n.* a cloth used for the face or neck. રૂમાલ, મહોં લુછવાનો-ગળે બાંધવાનો કકડો.
Hand'le, હૅંડલ, *n.* the part by which a thing is held. પકડવાનું, હાથો, દાંડો, મૂઠ. *vt.* to touch; wield; treat; manage. અડકવું, છેડવું, અડકાડવું, લગાડવું, હાથમાં લેવું; વાપરવું, મારવું; જોવું, હાથ-વિચારમાં લેવું,-સાથે ચાલવું વરતવું; હાથમાં લેવું, ઠેકાણે-હારમાં લાવવું.
Hand'sel, હૅંડસેલ, *n.* (AS. *hand* & *syllan* to give) first sale; first using; first gift. બ્હોણી; મુહૂરત, પ્રથમારંભ; પહેલ મુહૂરતમાં આપવું-મળવું તે.
Hand'some, હૅંડસમ, *a.* (Sax. *hand* & *same*) good looking; marked with propriety and ease, becoming; liberal. રૂપાળું, દેખાવડું; લાવણ્યતાવાળું, સુંદર, યોગ્ય; સારૂં, ભરપટે, પેટપૂર.
Hand'y, હૅંડિ; *a.* (Dut. *handig*) dexterous; near; convenient. આવડતવાળું, ક્રિયાકુશળ; પાસે, મહો આગળ, હાથે લેવાય એવું; સતર, સુગમ, ચાહીએ તેમ વપરાય એવું.
Hang, હૅંગ, *vt.* (AS. *hangan*) to suspend; to kill by hanging; to cling to. લટકાવવું, ટાંગવું; ફાંસીએ ચઢાવવું, ફાંસી દેવી; વળગવું, ટંગાવું. [આંટી-ફોકડી.
Hank, હૅંક, *n.* (Dan.) a coil of thread. સૂતરની દડી-

Hank'er, હૅંકર, *vi.* (Dut. *hunkeren*) to long for earnestly. મેળવવાને મનમાં બળવું-મુઝાવું, જીવ તલપાપડ થઈ રહેવો, તરસવું, તૃષ્ણા રાખવી. [lot, નસીબ, ભાગ્ય, કિસમત.

Hap, હૅપ્, *n.* (Icel. *happ* luck) chance, fortune,

Hap'less, હૅપ્‌લિસ્, *a.* unlucky. કમનસીબ, અકર્મી, ભાગ્યહીન.

Hap'ly, હૅપ્‌લિ, *ad.* perhaps. કદાપિ, ભાગજોગે, દૈવયોગે, વખતપર.

Hap'pen, હૅપન, *vi.* (W. *hapiaw*) to take place; befall. થવું, બનવું; આવી પડવું, વીતવું, ગુજરવું.

Hap'pi-ness, હૅપિનેસ, *n.* pleasure, enjoyment. સુખ, કલ્યાણ, પરમસંતોષ, આનંદ.

Hap'py, હૅપિ, *a.* fortunate, successful; blissful; satisfied; contented; furnishing enjoyment; propitious, favourable; dexterous, ready. નસીબદાર, ફાવેલું, દૈવી કૃપાથી બનેલું-આવી મળેલું, સારૂં સુઝેલું; સુખી, પરમગતિને પામેલું; ખુશી, મગન, સંતોષી, સુખદાયક, કલ્યાણકારી; શુભ, માંગલિક, સદ્; સરસ, હોશિયાર, ચતુરાઈનું, સચોટ.

Ha-rangue', હૅરૅંગ્, *n.* (It. *aringa*) a noisy speech, an oration. અલંકારયુક્ત ભાષણ. *vt.* *i.* to make a noisy speech. ભાષણ કરવું.

Har'ass, હૅરૅસ, *vt.* (Gr. *arasso* to strike hard) to weary; annoy.-ની કુસ કાઢવી,-નો દમ આખર કરી નાખવો, લોથપોથ-પરમ શ્રમિત-કાયર-બેજાર કરવું, સતાવવું, દમવું.

Har'bin-ger, હાર્બિનજર, *n.* (AS. *here* army & *beorgan* to shelter) forerunner. આગળથી ખબર આપનાર.

Har'bour, હારબર, *n.* haven, port; shelter. વહાણને લંગર કરવાની જગા, બંદર; શરણ, આશ્રયનું ઠેકાણું. *vt.* to shelter; entertain, foster. ઘરમાં રાખવું, આશ્રય આપવો; મનમાં રાખવું–ધારણ કરવું. *vi.* to lodge. બંદરમાં રહેવું, મુકામ કરવો, આશ્રય લેવો.

Hard, હાર્ડ, *a.* (AS. *heard*) not soft; difficult; unfeeling; severe, rigorous. કઠણ, સખ્ત, દબાયનહિ એવું; અઘરૂં, મુશ્કેલ; કઠોર, નિર્દય, દુષ્ટ; આકરૂં, કરડું, જુલમગાર, જાલમ. *ad.* rapidly; violently; with difficulty; earnestly, diligently. ઝડપથી, વેગે, જલદી; જોરથી, જોસથી, જબરર; મુસીબતે, મુશ્કેલીથી; એક ચિત્તે, કાળજીથી, ઉલટથી.

Hard'en, હાર્ડન, *vt.* to make or grow hard; inure; confirm in wickedness &c. કઠણ–સખત–મજબૂત કરવું–થવું; કસવું, રીઢું–ધડાયલું–દૃઢકરવું;–નું મન કઠણ–બ્હેરૂં–નિર્લજ્જ કરવું. [covetous. બળકટ પંઝાવાળું; કૃપણ, લોભીઉં.

Hard'fisted, હાર્ડફિસ્ટેડ્, *a.* strong-handed; niggardly,

Hard'fought, હાર્ડફૉટ્, *a.* vigorously contested. કડાકડી, ચરસનું, કડાઝૂડ. [હૈયાનું, કઠણ મનનું.

Hard'heart-ed, હાર્ડહાર્ટેડ્, *a.* cruel, pitiless. કઠણ

Hard'i-hood, હાર્ડિહુડ, *n.* boldness, dauntless bravery. ડગેનહિ એવો ગુણ, હિંમત, છાતી; impudence. નફ્ફટપણું, નિર્લજ્જપણું, બેહયાઈ.

Hard'ly, હાર્ડલિ, *ad.* with difficulty; scarcely. મહામહેનતે–મુસીબતે; ભાગ્યેજ; severely જાલમ–નિર્દયપણાથી.

Hard'ship, હાર્ડશિપ્, *n.* severe labour or want; injustice, grievance. શ્રમ, કષ્ટ, દુઃખ, સંકટ; અન્યાય, ગેરઈનસાફ, જુલમ. [ઓજાર-વાસણ.

Hard'ware, હાર્ડવેઅર, *n.* iron goods. લોઢાનો સામાન–

Hard'y, હાર્ડિ, *a.* bold; impudent; strong; inured to fatigue. હિમત-છાતીવાળું; નઠોર, નફ્ફટ, નિર્લજ્જ, બેહયા; મજબૂત, જબર, દૃઢ; ઘડાયલું, રીઢા હાડનું, કસાયલું, સહનશીલ. [નું, બહાવરૂં, ચળેલ.

Hare'brained, હેરબ્રેન્ડ, *a.* wild. જેનું મગજ ભમતું છે એ-

Ha'rem, હેરેમ, *n.* (Ar. *haram* anything sacred) female apartment. જનાનખાનું, અંતઃપૂર, બૈરાંનો ઓરડો.

Hark, હાર્ક, *vi.* (from *hearken*) hear, listen. સાંભળો.

Har'le-quin, હાર્લિકવીન, *n.* (Fr.) a buffoon. તરકડિયો, વિદૂષક, રંગલો. [રામજની, વેશ્યા, કંચની.

Har'lot, હારલૉટ્, *n.* (*hyrian* to hire) a prostitute.

Harm, હાર્મ, *n.* (AS.) injury; moral wrong. નુકસાન, બગાડ, હાનિ; ખોટું, બાધ, દોષ, અન્યાય. *vt.* to hurt, injure. નુકસાન-હરકત પહોંચાડવી, બગાડવું.

Har'mon-y, હારમોનિ, *n.* (L. *harmonia*) concord; agreement. અવયવોની યોગ્ય રચના, રાગ, સૂરમેળાપ, એકતાર, સ્વરમેલન; મળતાપણું, ઐક્તા, સંપ.

Har'ness, હારનેસ્, *n.* (W. *harn* to fit) armour; trappings for horse, &c. કવચ, બખતર; જોડવાના ઘોડાનો સાજ, ચોકડું.

Harp, હાર્પ, *n.* (AS. *hearpe*) instrument of music. તંબુરાના જેવું વાજીંત્ર. *vi.* to play on a harp; to dwell monotonously. હાર્પ વગાડવો; તેનું તે ગાયાં-કુટ્યાં કરવું.

Har-poon', હારપૂન, *n.* (Fr. *harper* to seize) barbed-spear. મહોટાં માછલાં મારવાનો અણીદાર ભાલો.

Har'py, હાર્પિ, *n.* (Gr. *harpazein* to seize) a fabulous animal; extortioner. એક કલ્પિત જનાવર; ખાઉધર, પિંડારો. [hare. સસલાનો શિકાર કરનાર કૂતરો.

Har'ri-er, હેરિઅર; *n.* (from *hare*) a dog that hunts

Har'row, હૅરો, *n.* (AS. *hyrwe*) a large rake. કળવ-પ, કળપી, દંતાળો. *vt.* to rake ground; to tear; torment. કળવણી કહાડવી,-માં કળપ ફેરવો; ફાડી નાખવું; પીડવું.

Har'ry, હૅરિ, *vt.* (AS. *herian*) to harass. હેરાન કરવું, સતાવવું, લૂટવું.

Harsh, હાર્શ, *a.* (Ger. *harsch* hard) rough; severe; sour. ખુંચે એવું, કર્કશ, કઠોર, કાન ફાડી નાખે એવું; કરડું, કડવા બોલું, ઘુંઘવાતું, દાંધાબળયું; ખાટું, લુખું, ગળામાં ખુંચે એવું, રૂક્ષ. [બારનો નર.

Hart, હાર્ટ, *n.* (Sax. *heort*) a stag, male-deer. સા-

Har'vest, હારવેસ્ટ, *n.* (AS. *harfest* autumn) time for gathering; crop. કાપણીનો વખત; ખેતીનો માલ, પાક; મહેનતનું ફળ. *vt.* to gather crop. પાક એકઠો કરવો.

Hash, હૅશ, *vt.* (Fr. *hacher*) to mince, chop. કચુંબર-

ઝીણીઝીણી કકડી કરવી. *n.* minced meat. તરકારી સાથે રાં-ધેલી માંસની કચુંબર. [plc. ચપડાસ સાંકળ, આંકડી, ચાપડો.
Hasp, હૅસ્પ, *n.* (Ger. *haben* to hold) a clasp for sta-
Has'sock, હૅસક, *n.* (W. *hesg* rush) kneeling mat. પ્રાર્થના વખતે ઘુંટણીએ પડવાની જાડી સાદડી—ચટાઈ.
Haste, હેસ્ટ, *n.* (Ger. *hast*) hurry, speed. ઉતાવળ, ત્વરા, ઝડપ, વેગ. *vt. i.* to hurry, to make speed. ઉતાવળ કરવી; ઉતાવળાં થવું—ચાલવું—જવું—આવવું, ધાવું, દોડવું.
Hast'en, હેસન, *vt. i.* See Haste.
Hast'y, હેસ્ટિ, *a.* quick;precipitate. ઉતાવળું, ઉતાવળિયું, અવિચારી; ઉતાવળથી—ક્રોધના આવેશમાં થયલું—કીધેલું—કહેલું.
Hat, હૅટ્, *n.* (AS.) a cover for the head. ટોપી.
Hatch, હૅચ્, *vt.* (Ger. *hechen*) to produce young from eggs; contrive, plot. સેવવું, સેવણ બેસાડવી, બચ્ચાં કાઢવાં;—નો ઘાટ રચવો, ઉભું કરવું. *n.* (AS. *heca* railing) the cover of the hatch-way. તૂતક કે વહાણના ભંડારની જાળી—બારણું, ઢાળણું. [ભંડારનું મહો—દ્વાર.
Hatch'way, હૅચવેઅ,*n.* opening in deck.તૂતક—વહાણના
Hatch'et, હૅચેટ્, *n.* (Fr. *hacher* to hack) a small axe. કુહાડી, નહાની ફરસી—પરશુ.
Hate, હેટ, *vt.* (AS. *hatian* to be hot) to dislike greatly. દુશ્મન દેખવું,—ની ચીઢ હોવી—રાખવી, ઝાંજ ચઢવી, દ્વેષ—અંટસ—કિનો રાખવો. [ઝાંજ, અંટસ.
Hate, Ha'tred, હેટ, હેટ્રેડ્, *n.* bitter dislike. વેર, ચીઢ,

Haught'y, હૉટિ, *a.* (L. *altus* high) proud & disdainful. અભિમાની, મગરૂર, ગર્વિષ્ટ, દિમાગ-મગરૂરીવાળું-ભરેલું.

Haul, હૉલ, *vt.* (Fr. *haler*) to pull or draw with force. જોરથી ખેંચવું-ઘસડવું, ઘસડી લાવવું-લેવું-લઈજવું.

Haunch, હૅાચ, *n.* (Fr. *hanche* a bend) the hip. કેડ, કમ્મર, મધ્યાંગ.

Haunt, હૅાટ, *n.* (AS. *hentan* to pursue) resort. આવજાની જગો, રહેઠાણ, વાસ. *vt.* to frequent; to trouble.-માં આવજા-બેઠક-અખાડો-ઉપદ્રવ હોવો; આવી આવીને હેરાન કરવું.

Have, હૅવ, *vt.* (AS. *habban*) to possess; take or accept; be obliged; wear. રાખવું, ને-ની પાસે હોવું, -ને થયલું-આવેલું હોવું; લેવું, જોઈએ, મેળવવું; કંઈ કરવાનું હોવું -ની જરૂર પડવી; પહેરવું, ધારણ કરવું; છઉં, છે, છો.

Hav'en, હૅવન, *n.* (AS. *hafen*) a harbour. ખુલ્લું બંદર.

Hav'er-sack, હૅવરસૅક, *n.* (Fr. *havresac*) a knapsack. લશ્કરી સિપાઈને ભાથું રાખવાની તોબરી.

Hav'oc, હૅવક, *n.* (W. *hafog*) waste; slaughter. નાશ, ઘાણ, પાયમાલી, ખરાબી, સંહાર; કતલ, કાપાકાપી.

Hawk, હૉક, *n.* (AS. *hafoc*) a bird of prey. બાજ પક્ષી. *vt.* (W. *hwchw* a cry) to peddle. ફેરી ફરીને વેચવું.

Hawk'er, હૉકર, *n.* a pedlar. ફેરિયો.

Haws'er, હૉઝર, *n.* (Ger. *halten* to hold & *seil* rope) a small cable. નહાનું લંગરનું દોરડું-દોર.

Hay, હે, *n.* (AS. *heg*) dried grass. સૂકું ઘાસ.

Haz'ard, હૅઝર્ડ, *n.* (Fr. *hasard*) risk, danger. જોખમાનું કામ, નુકસાનનો સંભવ, જોખમ, ધોકો, ખત્રો. *vt.* to risk. સંકટ-જોખમમાં નાખવું, જોખમ વ્હોરવું-માં પડવું. [ભરેલું-લાગે એવું.

Haz'ard-ous, હૅઝર્ડસ, *a.* that exposes to danger. જોખમ

Haze, હેઝ, *n.* (AS. *hasu* dusky) thin mist or fog. ધૂંઅર, ધૂમર. [brown. ભૂરા રંગનું.

Ha'zel, હેઝલ, *n.* (AS. *hasl*) એ નામનું એક ઝાડ. *a.*

He, હી, *pro.* (AS.) the male person named before. તે, પેલો, એ.

Head, હેડ, *n.* (AS. *heafud*) the top of the body; chief; brain; topic, theme; individual. માથું, મસ્તક; ઉપરી, મુખી, સરદાર; મગજ, બુદ્ધિ, સમજ; બાબત, વિષય, પ્રકરણ; જણ, માથું. *vt.* to lead. સરદાર થઈ જવું-ચલાવવું.

Head'ache, હેડએક, *n.* pain in the head. માથા દુ:ખણું-નું

Head'ing, હેડિંગ, *n.* title of a lesson &c. મથાળું. [દરદ.

Head'land, હેડલૅંડ, *n.* a promontory. ભૂશીર.

Head'long, હેડલૉંગ, *a.* with the head fore-most. ઉંધે માથે. *ad.* rashly. વગર વિચારે, આઘું પાછું જોયા વગર.

Head'strong, હેડસ્ટ્રૉંગ, *a.* obstinate. માથાનું ફરેલ, હઠીલું.

Heal, હીલ, *vt.* (AS. *hal* sound) to cure, reconcile. સારૂં-સાજું કરવું, રૂઝવવું; સાંધવું, જોડવું, ઠેકાણે લાવવું.

Health, હેલ્થ, *n.* sound state of body, natural vigour. આરોગ્યતા, તનદુરસ્તી.

Health'y, હેલ્થિ, *a.* sound; well. નિરોગી, આરોગ્ય, તનદુરસ્ત; સારૂં, ફાયદાકારી, ગુણકારી.

Heap, હીપ, *n.* (AS.) pile, mass. ઢગ, ઢગલો-લી, ગંજ, સમુહ. *vt.* to pile up; amass.—નો ઢગ કરવો-વાળવો, ખડકવું, સીંચવું; ખૂબ એકઠું-સંચય-સંગ્રહ કરવો, જોડવું.

Hear, હીર, *vt.* (AS. *heran*) to perceive by the ear; listen; attend to. સાંભળવું, કાને પડવું; કાને ધરવું, માનવું, મન પર લેવું; રજુઆત પર લેવું, *vi.* to be told. કહેવાથી જાણવું-ખબર થવી.

Hear'ing, હીરિંગ, *n.* the sense of perceiving sound; audience, opportunity to be heard; a judicial listening. કાન, શ્રવણેંદ્રિય; સાંભળવું; શ્રવણ; કહેવા સાંભળવાનો વખત-રજા; રજુઆત.

Heark'en, હાર્કેન, *vi.* to listen. કાન-લક્ષ-મન રાખી સાંભળવું.

Hear'say, હીરસે, *n.* rumour. ઉડતી સાંભળેલી વાત.

Hearse, હર્સ, *n.* (Fr. *herse* a harrow) a carriage for the dead. મુડદાની ગાડી, શબવાહિની.

Heart, હાર્ટ, *n.* (AS. *heorte*) the organ of the blood's motion; seat of love; secret thoughts; courage; source of efficient action; the inner part; core. રક્તાશય; હૈયું, કાળજું, અંતઃકરણ; મનની વાત-વિચાર, ગુહ્યાર્થ, મન; હિંમત, ધૈર્ય, છાતી; ચલાવનાર, આધારભૂત, હાથપગ; અંદરનો-મધ્ય-મુખ્ય ભાગ; ગર, ગરભ.

Hearth, હાર્થ, *n.* (AS. *heordh*) place on which fire is made; home. તાપણીની જગા; ઘર.

Heart'y, હાર્ટિ, *a.* (AS. *heorte*) sincere; vigorous; abundant. ખરામન–આવથી કરનાર–ચાલનાર, ઉલટ–ઉત્સાહથી કીધેલું, છાતીતોડ; મજબૂત, દૃઢ, કૌવતવાળું; પેટપૂર, બહુ.

Heat, હીટ, *n.* (AS. *hate*) caloric; great warmth; vehemence; excitement; ardour. અગ્નિ; તાપ, ગરમી, ગરમાટ–વો, આંચ; કડાકડી, તડાતડી, ધડાધડી; તપીજવું–આકળા પડીજવું તે; આવેશ, જોશ.

Heath, હીથ, *n.* (AS. *hadh*) shrub; a place overgrown with shrubs. એક જાતનો છોડ; એવા છોડનું વનનું વન હોય એવી જગા. [બુતપરસ્ત, અસદ્ધર્મી. *a.* gentile મૂર્તિપૂજાનું

Hea'then, હીધન્, *n.* (AS. *hadhen*) a pagan. મૂર્તિપૂજક,

Heave, હીવ, *vt.* (AS. *hefan*) to lift, raise; cast, throw. ઉંચું કરવું, ઉંચકવું, ઉઠાવવું, ઉપાડવું; નાખવું, ફેંકવું. *vi.* to rise; breathe with labor. ઉછળવું, ઉંચું નીચું થવું; હમુજાવું, હાંફવું. *n.* a rising, swell. ઉછાળો, કુદકો; હમુજણ, હાંફ; નિશાંસો; ઉલાળો.

Heav'en, હેવન્, *n.* the sky; abode of the blessed; God. આકાશ, આભ, આસ્માન; સ્વર્ગ, પરલોક; પરમેશ્વર.

Heav'y, હેવિ, *a.* (AS. *hefig*) ponderous; large in quantity; strong; hard to bear; not easily digested; clayey; grievous; dull; wearisome; dark. ભારે; મુશળધાર, પુષ્કળ, ખૂબ; જબરું, લટ્ઠ, અડાબીડ, ભારે, ઉંચકાય નહિ એવું; સખત, દુઃસહ; પચવામાં નઠારું; ચીકણું; કાદવવાળું; ઉદાસ, દલગીર, નાઉમેદ; સુસ્ત, જડ, મંદ; કંટાળો ઉપજાવે એવું, મુડદાળ, નિર્માલ; ઘેઘટ, ઘનઘોર.

Hec'tic, હેક્ટિક્, *n.* (Gr. *hexis* habit)habitual fever. ક્ષઈના ઘરનો તાવ, જીર્ણતાવ.*a.* feverish. ક્ષય તાવથી થયલું.
Hedge, હેજ, *n.* (AS. *hege*) fence of thicket. વાડ. *vt.* to enclose; obstruct. વાડ કરવી; રોકવું, ખાળવું, અંદ–અટકાવ કરવો. *vi.* to hide. ભરાઈ–સંતાઈ રહેવું.
Heed, હીડ, *n.* (AS. *hedan*) care; attention. કાળજી સંભાળ, ફિકર, સાવચેતી, ભાન; લક્ષ, ધ્યાન. *vt.* to regard with care. ગણકારવું, લેખવવું, ધ્યાનમાં લેવું–રાખવું.
Heel, હીલ, *n.* (AS. *hel*) the hind part of the foot. જોડા કે પગની એડી.
Heif'er, હેફર, *n.* (AS. *hea fore*) a young cow. વાછ- [રડી, વાછડી.
Height, હાઈટ, *n.* (AS. *heah* high) altitude; eminence; utmost degree in extent or violence; degree,grade. ઉંચાણ,ઉંચાઈ; ઉંચી જગા,ડુંગર;ભર–પૂરજોર, ભરપૂર–ઘાડાપણું; દરજ્જો.
Height'en,હાઈટન, *vt.*to raise high; increase, inten- [sify. ઉંચું કરવું;વધારવું,વધારો કરવો.
Hein'ous, હેનસ, *a.* (Fr.*haine* hatred) atrocious, ઘોર,
Heir,એર,*n.* (L.*hares*) inheritor.વારસ,દાયાદ. [મહા,ઉગ્ર.
Hell, હેલ, *n.* (AS.) the place of punishment after death. નર્ક, દોજખ. [નારકીય; મહા દુષ્ટ.
Hell'ish, હેલિશ, *a.* infernal; wicked. નર્કનું–સંબંધી,
Helm, હેલ્મ, *n.* (AS. *helma*) rudder; steering wheel.
Helms'man, હેલ્મઝમૅન, *n.* steersman. સુકાની. [સુકાન.
Hel'met, હેલ્મટ્, *n.* (AS. *helan* to hide) armour for the head. ટોપ, શીરત્રાણ.

Help, હેલ્પ, *n.* (AS. *helpan*) aid; support; relief. મદદ,સાહ્ય,કુમક,વહાર; ઉપાય, ઈલાજ; ટેકો. *vt.* to aid; prevent; remedy; forbear. મદદ કરવી; અટકાવવું, ખાળવું;ઉપાય કરવો;કંઈ કર્યા–બોલ્યા–લખ્યા વગર ચાલવું–રહેવું.

Help'mate, હેલ્પમેટ, *n.* a companion, partner. મદદ કરનાર–ગાર, સાથી, સોબતી, બેલ. [કુહાડીનો હાથો.

Helve, હેલ્વ, *n.* (Sax. *healdan* to hold) axe handle.

Hem, હેમ્, *n.* (AS.) border; sort of half cough. ઓરણ, ઓટેલી કોર, છેડાનો–અંત ભાગ; ખંખારો. *vt.* to form a border; surround. ઓટવું, કોર–છેડા બનાવવા–મૂકવા; ઘેરવું, ઘેરી લેવું. *vi.* to cough. ખંખારવું.

Hem'i-sphere,હેમિસ્ફીર,*n.* (Gr. *hemi* half & *sphaira*) a half sphere or globe. અર્ધગોળ, ગોળાર્ધ. [ઇંદ્રવારણી.

Hem'lock,હેમ્લૉક્,*n.*(AS.*hemleac*)a poisonous plant.

Hem'orrh-age, હેમૉરેજ, *n.* (Gr. *haima* blood & *regnunai* to break) a flowing of blood from a rupture. રગ ફાટવાથી લોહીનું નિકળવું–વહેવું, રક્તસ્રાવ.

Hem'orrh-oids, હેમૉરૉઈડ્ઝ, *n.* (Gr. *haima* & *rheo* I flow) piles. હરસ, અર્શ.

Hemp, હેમ્પ, *n.* (AS. *hænep*) a plant; the prepared rind. સણનો છોડ; સણ, સેણ. [કૂકડી.

Hen, હેન્, *n.* (AS.) a female bird. પક્ષીની માદા; મરઘી,

Hence, હેન્સ, *ad.* (AS. *heonon*) from this place, time &c. અહીંથી, હાંથી; હવેથી, હવે પછી, આજથી, હમણાંથી, આવખતથી; આ કારણથી; આઉપરથી.

Hence'forth, Hence'for-ward, હેન્સફૉર્થ, હેન્સફૉરવર્ડ, *ad.* from this time forward. હવે–આજપછી, અતઃપર, આઇંદે. [બૈરીનો તાબેદાર–બાંધેલો–મારેલો, સ્ત્રીજીત–વશ.

Hen'pecked, હેનપેક્ડ, *a.* governed by one's wife.

Hep'ta-gon, હેપ્ટગૉન, *n.* (Gr. *hepta* seven & *gonia* an angle) a figure of 7 sides. સપ્તકોણ,

Hep'tar-chy, હેપ્ટાર્કિ, *n.* (Gr. *arche* rule) a government by 7 rulers. સપ્તરાજસત્તાક દેશ, સાતજણનું રાજ્ય.

Her, હર, *pro.* (AS. *hire*) objective and genitive case of she. તેણીને, તેને, એને, એણીને ; તેનું, એનું, તેણીનું.

Her'ald, હેરલ્ડ, *n.* (Ger. *haren* to shout) forerunner, proclaimer. ખબર આપનાર–કરનાર, આગમસૂચક, અગ્રદૂત; ભાટ, ચારણ, નકીબ. *vt.* to proclaim. લલકારપાડીને ખબર આપવી. [ઝાડવું, ઔષધિ, જડીબુટ્ટી.

Herb, અર્બ, *n.* (L. *herba*) a plant with soft stalk.

Herb'age, અર્બેજ, *n.* herbs, grass, pasture. ઝાડવાં, ઝાડપાલો, ભાજીપાલો, ચાર, ચારો.

Her-cu'le-an, હર્ક્યુલિઅન, *a.* (from *Hercules* a Grecian hero) very great, difficult or strong. ભારેમહેનત–હિંમતનું, મહા કઠિણ, ઘણુંમહોટું ને બળિષ્ઠ, અઠાબીડ.

Herd, હર્ડ, *n.* (As. *heord*) a drove, crowd; rabble. ટોળું, જૂથ; નીચ માણસોનું ટોળું. *vi.* to tend cattle; associate. ટોળાબંધ ફરવું–ચરવું–રહેવું; ભળી જવું, મળી જવું, શામિલ–દાખલ થવું. [ગોવાળિયો.

Herds'man, હર્ડ્ઝમૅન, *n.* one who tends cattle. ગોપ,

Here, હીર, *ad.* (AS. *her*) in this place or state. હાં, અહીં, આમ, આહેઉ, આલોકમાં, અહીંઆં. [પછી, પરલોકમાં.

Here-af'ter, હીરઆફ્ટર, *ad.* in time to come. હવે–મુઆ

Her-e-dit'a-ment, હેરિડિટમેંટ, *n.* (L. *heres* an heir) hereditary property. વારસાની સ્થાવરજંગમ મિલકત, વારસો.

He-red'i-ta-ry, હીરિડિટરિ, *a.* inherited. વારસામાં–વંશપરંપરાથી મળેલું; વારસને મળે એવું, પેઢી ઉતાર, વંશપરંપરા ચાલ્યું જાય એવું.

Her'e-sy, હેરેસિ, *n.* (Gr. *hairein* to choose) error in religion. ખરા અર્થથી ઉલટુ–પાખંડમત–વાત, કુમાર્ગ.

Her'e-tic, હેરેટિક, *n.* who holds wrong doctrine. પાખંડમત માનનાર.

Her'itage, હેરિટેજ, *n* (L. *heres* an heir) inheritance; God's saints. વારસો, દાય; ઈશ્વરના સંત, સાધુ–ભક્ત લોક.

Her-met'ic, હરમેટિક, *a.* (Gr. *hermes* Mercury) perfectly close. હવા પેસી કે નિકળી ન શકે એવું, સજ્જડ.

Her'mit, હરમિટ, *n.* (Gr. *eremos* lonely) a recluse. વનવાસી, આરણ્યવાસી.

Her'mit-age, હર્મિટેજ, *n.* વનવાસીની ઝુપડી, મહુડુલી, આશ્રમ.

Hero, હીરો, *n.* (L. *heros*) a brave man. વીર–શૂર–પરાક્રમી પુરૂષ, પહેલવાન, જવાંમર્દ; નાયક.

He-ro'ic, હીરોઈક, *a.* intrepid; noble. વીર પુરૂષોનું–ના જેવું–ના જેટલું, શૌર્યનું, પરાક્રમી, શુરૂં; મહોટા-ઉદાર મનથી કીધેલું.

Her'o-ine, હેરોઇન *n.* a female hero. પરાક્રમી સ્ત્રી, વીરા; નાયકા. [mity. વીરપણું, શૂરાતન; ઔદાર્ય, મહોટપન.

Her'o-ism, હેરોઇઝમ, *n.* great bravery; magnani-

Hes'i-tate, હેઝિટેટ, *vi.* (L. *haesitare* to hang) to pause; falter. આચકોખાવો–પાડવો, આનાકાની–હાના કરવી; બોલતાં અચકાવું. [western. પશ્ચિમ તરફનું–માં આવેલું.

Hes-pe'ri-an, હેસ્પીરિઅન, *a.* (L. *hesperus* Venus)

Het'er-o-dox, હેટરોડોક્સ, *a.* (Gr. *heteros* other & *doxa* opinion) heretical. પાખંડી, અશાસ્ત્ર.

Het-er-o-ge'ne-ous, હેટરોજિનિઅસ, *a.* (Gr. *heteros* & *genos* kind) unlike, different. જુદી જાતનું, વિગુણ, વિજાતીય, વિધર્મ. [વાઢવું; કકડી કકડી કરી નાખવી.

Hew, હ્યૂ, *vt.* (AS. *heawan*) to cut; chop. કાપવું,

Hex'a-gon, હેક્સેગૉન, *n.* (Gr. *hex* 6, & *gonia* angle) six-sided figure. છ બાજુની આકૃતિ, ષટ્કોણાકૃતિ.

Hi-a'tus, હાએટસ, *n.* (L. *hiare* to gape) a gap, chasm. બોક, ચીરો, ફાટ, રસ્તો, વાટ; ભૂલ, ચૂક.

Hicc'ough, Hick'up, હિકપ., *n.* (formed from the sound) sudden catch of breath. હેડકી. વાધણી.

Hid'den, હિડ્ન, *a.* (AS. *hydan*) secret, unseen. સંતાડેલું; માંહેલું, ભીતરનું, છાનું, ગુપ્ત, મનનું.

Hide, હાઇડ, *vt.* to conceal. સંતાડવું, ઢાંકવું, છુપાવવું, છાનું રાખવું. *n.* (AS. *hyd*) the skin of a beast. ચામડું, ચર્મ, ખાલ.

Hid'e-ous, હિડિઅસ, *a.* (Fr. *hide* fright) shocking,

frightful. જોઈ કે સાંભળીને બીખ લાગે-ચીતળી ચઢે એવું, વિકાળ, બિહામણું, કાળજેવું-રૂપ. [દોડતાં જવું-આવવું, દોડવું.
Hie, હાઈ, *vt.* (AS. *higan*) to hasten. ઉતાવળાં-જલદી
Hi'er-arch, હાયરઆર્ક, *n.* (Gr. *hieros* sacred & *arche* rule) the chief of a sacred order. ધર્માધિકારી.
Hier-arch-y, હાયરઆર્કિ, *n.* body of clergy; government of priests. ધર્માધિકારી; ધર્માધિકારી સત્તાક રાજ્ય.
Hig'gler, હિગ્લર, *n.* (Dan. *hyhter* to wheedle) a dealer in provisions; chafferer. ખાવાનું-ખોરાકીની ચીજ વેચનાર; ભાંજગડ કરનાર, ભાવ ઠરાવનાર.
High, હાઈ, *a.* (AS. *heah*) lofty, tall; great; of noble birth; violent, powerful; abstruse; dear; proud; chief. ઉંચું, ઉન્નત; ઉંચા પ્રકારનું; અમીરી, પ્રખ્યાત; જબરૂં, બળવાન; અઘરૂં, ગૂઢ, ગહન; મોંઘું, ભારે કિંમતનું; વડાઈનું, પતરાજીનું, શેખીનું; મુખ્ય. [દાન.
High'born, હાઈબૉર્ન, *a.* of noble family. કુલીન, ખાન-
High'hand-ed, હાઈહૅન્ડેડ્, *a.* oppressive. જુલમી.
High'land, હાઈલૅંડ, *n.* hilly country. પહાડી મુલક-દેશ.
High'ness, હાઈનેસ, *n.* height; title given to princes &c. ઉંચાઈ; રાજા, શાહજાદા વગેરેને માટે વપરાતો ઈલકાબ.
High'way, હાઈવે, *n.* a public road. મહોટો-ધોરી રસ્તો.
High'way-man, હાઈવેમૅન, *n.* a robber on the road. ધોરી રસ્તે લૂટનાર, વાટપાડું-માર-પાડનાર.

Hi-lar'i-ty, હિલૅરિટિ, *n.* (Gr. *hilaros* gay) good humour. ગમત, રંગ, મઝે, રમુજ, ખુશાલી. [ગરી, પહાડ, ગિરિ.

Hill, હિલ, *n.* (Sax. *heag* high) elevated ground. ડું-

Hill'ock, હિલક, *n.* a small eminence. ડુંગરી, ટેકરી.

Hill'y, હિલિ, *a.* abounding with hills. પહાડી, ડુંગરાવાળું.

Hilt, હિલ્ટ, *n.* (AS. *hildan* to hold) the handle of a sword &c. મૂઠ, હાથો. [(પુરૂષ) ને.

Him, હિમ, *pro.* (AS.) objective case of he. તે—એ

Hind, હાઇંડ, *n.* (AS.) female deer. સાબરી, મૃગલી. (AS. *hina*) a rustic. ગામડિયો, ગમાર, દેહકાની.

Hind, Hind'er, હાઇંડ, હાઇંડર, *a.* (AS. *hind* back) back, backward, on the rear. પાછલું, પાછળનું.

Hin'der, હિંડર, *vt. i.* (AS. *hindan* back) to interrupt; debar. અટકાવવું, ખાળવું, રોકવું, નડવું, પ્રતિબંધ કરવો.

Hin'der-ance, Hin'drance, હિંડરન્સ, હિંડ્રન્સ, *n.* that, which stops progress. ખાળવું તે, હરકત, ખલલ, બાધ.

Hin'der-most, Hind'most, હાઇંડરમોસ્ટ, હાઇંડમોસ્ટ, *a.* the last. છેલ્લું, છેક પાછલું, સહુથી પાછળનું.

Hinge, હિંજ, *n.* (Dan. *hoenge* to hang) joint of door &c. નરમાદા, બડવું, કડીઆંકડો; મૂળપાયો. *vt. i.* to furnish with hinges; to turn or depend. આધાર રાખવો.

Hint, હિંટ, *n.* (Dan. *vink* a sign) suggestion. સૂચના; અણસારો. *vt. i.* to suggest, allude to. સૂચના કરવી, ઈશારાથી જણાવવું. [fruit. કમ્મરનું ઠાડું; એક જાતનું ફળ.

Hip, હિપ, *n.* (AS. *hype*) joint above thigh; a

Hip-po-pot'a-mus, હિપોપૉટેમસ, *n.* (Gr. *hippos* horse & potamos river) the river horse. જળઘોડક, સુસવાટ.

Hire, હાઇર, *vt.* (AS. *hyr* wages) to engage for pay; bribe. ભાડે કરવું–લાવવું–આપવું, નોકરીએ–રોજે રાખવું, ભાડે–ગણોતે આપવું–રાખવું; લાંચ આપી હાથમાં લેવું. *n.* wages, pay; bribe. મેનતાણું, રોજ, પગાર; લાંચ, રૂશવત.

Hire'ling, હાઇરલિંગ, *n.* one who serves for wages; mercenary. મેનતાણું લઈ કામ કરનાર; જે પૈસા આપે તેનું કામ કરનાર, પૈસાનો ગુલામ–લોંડી.

His, હિઝ્, *pro.* (AS. *his, hys*) of him. તે–એ (પુરૂષ) નું.

Hiss, હિસ્, *vi. t.* (AS. *hysian*) to make a sibilant sound; condemn by hissing. સકાર–સણસણ જેવો ઉચ્ચાર કરવો; છિ–છિટ–છટ–ફિટકાર–છિટકાર–ફૂં–ફૂંકારો કરવો, સુસવાટો–છણણણ કરવું. *n.* expression of contempt. છિટકાર, ફિટકાર.

His-to'ri-an, હિસ્ટોરિઅન, *n.* (L. *historia*) a writer of history. ઇતિહાસ કર્તા–કાર, તવારિખ લખનાર.

His'to-ry, હિસ્ટરિ, *n.* narration of past events; an account. ઇતિહાસ, તવારીખ; હકિકત, વર્ણન, વૃત્તાંત, ખબર.

Hit, *n.* હિટ્, (Icel. *hitta* to light on, find) a blow, a chance; an apt expression. ટચકો, ટકોરો; જોગાનજોગ; લાગ; ચોકકાબંધ બોલેલો બોલ. *vt.* to touch or strike; to reach. મારવું,–ને લાગવું; ઉપર ચોટ લગાવવી. *vi.* to clash; succeed. અથડાવું, અફળાવું, ફાવવું; પાર પડવું.

Hitch, હિચ, *vi. t.* (SW. *haka* to seize with a hook) to be caught; move by jerks. ભેરવાઈ-ગુંચવાઈ-ફસાઈ પડવું; ઉછાળા મારતા ચાલવું. *n.* knot; noose; impediment, jerk. ગુંચ; ફાંસો; હરકત, અટકાવ; આચકો.

Hith'er, હિધર, *ad.* (AS. *hidhr*) અહીં, આજગાએ. *a.* nearest. આ તરફનું, નજીકનું.

Hith'er-to, હિધરટૂ, *ad.* to this time or place. હજુ-[આજ-અહીં સુધી-લગી.

Hive, હાઈવ, *n.* (AS. *hyfe*) a box for bees; a swarm. મધમાખીને રહેવામાટે કીધેલો માળો, પૂડો; ટોળું, ઝુંડ.

Hoard, હોર્ડ, *n.* (AS. *hord* to store) hidden store. ભરી-સંતાડી મૂકેલું કંઈ, સંચય, સંગ્રહ. *vt.* lay up; amass secretly. ભરી રાખવું; જોડીને દાટી-સંતાડી મૂકવું.

Hoarse, હોર્સ, *a.* (AS. *has*) rough in voice. બેઠેલા ઘાંટાવાળું, ખોખરૂં, ભારે. [ધોળું, સફેત, પળી ગયલું.

Hoar'y, હોરિ, *a.* (Icel *hæra* grey hair) grey, white.

Hoax, હોક્સ *n.* (AS. *hux* mockery) a trick. છળ, છેતરપદી, ટોળ, મજાક, રમુજ. *vt.* to trick. છળ-ટોળ-રમુજ કરવી.

Hob, હૉબ, *n.* (Ger. *hoba* abode) side of a grate; nave; clown; fairy. રાંધેલા પદાર્થો હુના રાખવા વિલાતી ચુલાની બાજુનો ચપટો ભાગ, અહોલો; નાભ, નાયડી; ગામડીયો, રંગલો, મશ્કરો; વનદેવી, શાકણ.

Hob'ble, હૉબલ, *vi.* (See *hop*) to limp. લંગાડવું, ખોડાવું. *n.* limping gait; difficulty. લંગડાતીચાલ; ફૂટ, ખેન.

Hob'by, હૉબિ, *n.* (Dan. *hoppe* a mare) a favourite

object; a child's horse. વહાલી વાત–વિષય, પરમદૈવત દેખવાની વસ્તુ ; લાકડીનો ઘોડો.

Hod, હૉડ્, *n.* (Fr. *hotte* a basket for a back) a tray for mortar. કોલ ઇંટ ભરવાનું પકડવાળું તગારૂં.

Hoe, હો, *n.* (Fr. *houe*) a tool for cutting up weeds. પાવડો, કોદાળી. [સૂઅર.

Hog, હૉગ્, *n.* (W. *hwch* swine) a swine. ડુક્કર, ભુંડ,

Hogs'head, હૉગ્ઝહેડ્, *n.* (Ger. *oxhoft* ox-head) a cask of 63 gal. ૬૩ ગેલન માંય એવડું પીપ–માપ. [ઠાવવું, ઉંચકી લેવું.

Hoist, હોઇસ્ટ, *vt.* (Fr. *hausser*) to raise by tackle. ચ-

Hold, હોલ્ડ, *vt.* (AS. *heabadan*) to grasp; retain; possess; occupy ; restain; carry on ; prosecute; maintain; assemble; contain; consider. સહાવું, પકડવું, ઝાલવું;–ની પાસે–હાથમાં–રાખી રહેવું; કબજામાં–મળેલું–પહોંચેલું–પાસે હોવું,–ઉપર–એ હોવું; સલકણું–કાબુ–અંકુશમાં રાખવું; ચાલવું, કરવું; અટકયાવગર ચાલ્યા કરવું, જાયુ રહેવું; વળગી–કાયમ–ચુસ્ત રહેવું; મેળવવું, ભરવું,–માં બેસવું, માં હોવું–રહેવું–માવું–સમાવું; ગણવું, જાણવું, માનવું, સમજવું. *vi.* to stop; last; not to give way; to be valid; refrain. થોભવું, ઉભા રહેવું; કાયમ–ટકીરહેવું, નીભવું; લાગુ પડવું; ન કરવું, બંધ રહેવું. *n.* grasp; claim; binding power or influence; prison; custody; inside of a ship. પકડ; કોઈ–કશાનો અખ્તિયાર–કંઈ ચાલવું તે, હક અખ્તિયાર; કાબુ, અંકુશ; બંધીખાનું; કેદ; તુતકનીચેનો વહાણનો પોલો ભાગ, ભંડાર.

Hole, હોલ, *n.* (AS. *hol* hollow) a pit; perforation; cell. ખાડો, ગભાર; કાણું, બાકું, છિદ્ર, વેહ; દર, રાફડો, બો, અંધારી કોટડી–કોટડું.

Hol'i-day, હોલિડે, *n.* (AS. *hal* safe) a festival. ઓચ્છવ, તેહેવાર, સપરમો–રજાનો દહાડો. [શુદ્ધિ; પોપનો ખિતાબ.

Ho'li-ness, હોલિનેસ, *n.* sanctity. પવિત્રાઈ, નેકી, અંતઃ·

Hol'low, હોલો, *a.* (AS. *hol*) empty; deep; low, false. પોલું, પોલાણવાળું; ઉંડાણમાં થતું હોય એવું; બેઠેલું, બોખરૂં; મહોનું મીઠું, ખોટું, મેલું, પાપિષ્ટ. *n.* a cavity; low place. પોલાણ, ખાડો, બખોલ; ખોભણ, ખાંચ. *vt.* to dig out.–માંખાડો પાડવો. [for pistols. પીસ્ટોલનું ઘર–કોથળી.

Hol'ster, હોલસ્ટર, *n.* (AS. *helan* to cover) a case

Ho'ly, હોલિ, *a.* (AS. *hal* safe) pure, pious, sacred. પવિત્ર, સાધુ, પરમાર્થનિષ્ટ, ઇશ્વરાર્પણ–ધર્માર્પણ કરેલું.

Hom'age, હૅામેજ, *n.* (L. *homo* a man) reverence; fealty. નમન, માન, ભક્તિ, ભાવ, ભજન; સ્વામીપણું માન્યાનું ચિન્હ.

Home, હોમ, *n.* (AS. *ham*) abode; one's own country. ઘર, સ્વગૃહ; સ્વદેશ, વતન. *a.* made at home; close, severe. દેશી, ગામઠી; સક્ત, કારી, રાજડ. [રણ, મધ્યમ રૂપનું.

Home'ly, હોમ્લિ, *a.* plain, simple. સાદું, જાડુંપાતળું સાધા·

Home'stead, હોમસ્ટેડ, *n.* the place of a house; place of origin. ઘરની જગા–વાડી; મુળસ્થાનક.

Ho-me-op'a-the, હોમિયોપથિ, *n.* (Gr. *homoios* like & *pathos*) the art of curing founded on resem·

blances. જે પ્રકારનો વ્યાધી તેજ પ્રકારનું ઘણુંજ થોડું ઓસડ આપી રોગ મટાડવાનું વૈદું. [slaughter. મનુષ્યવધ–હિંસા.
Hom'i-cide,હોમિસાઇડ,*n.*(L. *homo* man & *cædo*)man
Hom'i-ly, હોમિલિ, *n.* (Gr. *homos* the same & *ile* a company) a sermon. નીતિ–ધર્મ બોધક ભાષણ–નિબંધ.
Ho-mo-ge'-ne-ous, હોમોજીનિઅસ, *a.* (L. *homo* & *genos* kind) of the same kind. એકજ જાત–ગુણ–ખવાસનું, સધર્મી. [ચપ્પુ વગેરે ઘસવાની પથરી.
Hone, હોન, *n.* (AS. *hanan* to stone) a whet-stone.
Hon'est, ઑનેસ્ટ, *a.* (L. *honor* honour) upright, just. પ્રમાણિક, ઇમાનદાર, ભલું,સુધું, નેક, નિષ્કપટી.
Hon'ey, હનિ, *n.* (AS. *hunig*) sweet substance gathered by bee. મધ, મધુ; મિઠાસ, માધુર્ય.
Hon'our, ઑનર, *n.* (L. *honor*) esteem; dignity; integrity; chastity. માન, આબરૂ, ઇજ્જત; પ્રમાણિકપણું, નેકનેથત, ઇમાનદારી; સતી–પતિવ્રતાપણું; પ્રતિષ્ઠા, હુરમત.*vt.* to exalt; treat with respect; worship; accept. –ને મ્હોટાઇ–આબરૂ આપવી;–નું માન–અદબ–મર્યાદા રાખવી; આરાધવું, ઉપાસવું; સિકારવું.
Hon'our-a-ble, ઑનરઅબલ, *a.* worthy of esteem; good principled. આબરૂદાર, નામીચું; નેકનામદાર, પ્રમાણિક, ઇમાનદાર, [ઘુંગડાંટોપ; ગાડીની છતરી.
Hood, હુડ, *n.* (AS. *hod*) a covering for the head.

Hood'wink, હુડવિંક, *vt.* to deceive; blind. છેતરવું;—ની આંખે પાટા કે અંધાપો બાંધવો. [foot. ઢોરની ખરી, ક્ષુર.
Hoof, હૂફ, *n.* (AS. *hof*) the horny part of a beast's
Hook, હૂક, *n.* (AS. *hoc*) curved end; a sickle. આંકડો–ડી, હૂક; માછલીનો ગલ; દાંતરડું–ડી. *vt.* to catch; fix; entrap. ગળ નાખી પકડવું ; આંકડી જડવી–ભેરવવી ; ફાંદામાં લેવું–આવી પડવું. [વાટો, કડું, હાંસડી; કાંઠો, કાંઠડો; ચક્કર.
Hoop, હૂપ, *n.* (AS. *hop*) a circular band. પાટો, પટો,
Hoot, હૂટ, *vi.t.* (Fr. *huer*) to cry as an owl; to shout in contempt. બોલવું; હડેભૂત–ધુત્કાર કરવો. *n.* a shout of contempt. હડહડ, ધુત્કાર.
Hop, હૉપ્, *vi.* (AS. *hoppan*) to leap on one leg; skip. એક પગે ચાલવું, ખોડી ખાવી; કુદાકુદ–ઉડાઉડ કરીમૂકવી. *n.* (Dut. *hoppe*) a plant used in brewing. કડવા સ્વાદનો એક વિલાયતી છોડ.
Hope, હોપ, *n.* (AS. *hopa*) desire with expectation; confidence. આશા, ઉમેદ, મુરાદ, આશાનું મૂળ–ઠેકાણું; ભરોસો, આકીન. *vi. t.* to desire with expectation. આશા–ભરોસો રાખવો. [ઓરણી, ગરણી; ખોડીખાનાર.
Hop'per; હૉપર, *n.* (AS.) funnel in mill; one who hops.
Horde, હોર્ડ, *n.* (See Herd) a wandering tribe. ફરતા ફરનાર લોકનું ઝુંડ–ધાડું–ટોળું. [bounds the sight. દૃષ્ટિમર્યાદા.
Ho-ri'zon, હૉરાઇઝન, *n.* (Gr. *horos* a limit) the line that

Hor-i-zon'tal, હારિઝૉંટલ, *a.* parallel to the horizon; level. દૃષ્ટિમર્યાદાનું; આડું, ઉભું નહિ, દૃષ્ટિમર્યાદાસમસૂત્ર.

Horn, હૉર્ન, *n.* (AS.) hard substance on animal's head; a wind instrument. શિંઘડું, શૃંગ; રણશિંગું, તુરાઈ; મૂછ.

Hor'o-loge, હોરોલોજ, *n.* (Gr. *hora* time & *logos* speech) a time-piece, a clock. કાળમાન યંત્ર.

Hor'o-scope, હોરોસ્કોપ, *n.*(Gr. *horo* & *skopeo*) aspect of planets at birth. જન્માક્ષર, જન્મોત્રી, જન્મગ્રહ-કુંડળી.

Hor'ri-ble, Hor'rid, Hor-rif'ic, હારિબલ, હારિડ, હૉરિફિક, *a.* (L. *horreo* I shrink) shocking, dreadful. ચીતળી ચઢે-કમકમાટ આવે એવું, ઘોર, વિકરાળ, ભયાનક.

Hor'ror, હારર, *n.* great fear, terror. મહાભય, વિકરાળપણું, ચીતળી, થથરી.

Horse, હૉર્સ, *n.*(AS. *hors*) a quadruped; cavalry; a wooden frame. ઘોડો; ઘોડાનું લશ્કર, સવાર; લૂગડાં મૂકવાની લાકડાની ઘોડી.

Hort'a-tive, હૉર્ટેટિવ, *a.* (L. *hortor* I urge) giving admonition. શિખામણનું, બોધરૂપ.

Hor'ti-cul-ture, હૉર્ટિકલ્ચર, *n.* (L. *hortus* a garden & *cultura* tillage) culture of a garden. બાગ બનાવવાનો હુન્નર, માળીનું કામ.

Hose, હોઝ, *n.* (AS. *hydan* to cover) stockings; a leathern tube. પગનાં મોજાં; બંબા વગેરેની સૂંઢ-ઢ.

Ho'si-er, હોઝિઅર, *n.* a seller of stockings. મોજાંવાળો-વેચનાર.

Hos'pi-ta-ble, હૉસ્પિટેબલ, *a.* (L. *hospes* a guest)

kind to strangers or guest. પરોણાની બરદાશ લેનારૂં, આવકારનું ભરેલું–હેતું. [ખાનું, રોગીશાળા, ઇસ્પીટાળ.

Hos'pi-tal, ઑસ્પિટલ, *n.* a house for the sick. બિમાર-

Hos-pi-tal'i-ty, હૉસ્પિટૅલિટિ, *n.* entertainment of strangers. પરોણાચાકરી, આગતાસ્વાગતા.

Host, હોસ્ટ, *n.* one who entertains; inn-keeper. ગ્રહસ્વામી, યજમાન, વીસી–ઉતારાનોધણી. (L. *hostis* an enemy) an army; a multitude. ફોજ, લશ્કર, સૈન્ય ધાડું, ટોળું; ઝુંડ, વૃંદ. [સાનમાં મૂકેલો અવેજી–માણસ.

Host'age, હોસ્ટેજ, *n.* a person given as a pledge.

Host'ess, હોસ્ટેસ, *n.* ગ્રહસ્વામિની, યજમાના.

Hos'tile, હૉસ્ટાઇલ, *a.* (L. *hostis* an enemy) adverse; unfriendly. સામું, વિરૂદ્ધ, પ્રતિકૂળ; વેર–દુશ્મની રાખનાર.

Hos-til'i-ty, હૉસ્ટિલિટિ, *n.* enmity; opposition; acts of warfare. વેર, શત્રુવટ; સામા હોવું તે, પ્રતિકૂળપણું; લઢાઇનાંકામ, લડાઇ, હુદલો.

Host'ler, હૉસ્લર, *n*, one who has care of horses at an inn. મુસાફરખાનાના ઘોડાઓનો ચરવાદાર, ઘોડાવાળો.

Hot, હૉટ્, *a.* (AS. *hat*) very warm; easily exasperated; ardent; violent; biting. ઉનું, ગરમ, ઉષ્ણ; જાહેલ, ઉગ્રસ્વભાવનું, આકળું, જોશ–ગુસ્સાનું ભરેલું; દારૂણ, કડાકૂડ; તીખું, તમતમતું. [ખાનું, વીશી, ઉતારો.

Ho-tel', હોટેલ, *n.* (Fr.) an inn, a tavern. મુસાફર-

Hough, Hock, હૉક્, *n.* (AS. *hoh* the heel) lower

part of thigh. જાંગ, જંઘા, ઢૂંટણનું તળિયું. *vt.* to ham-string. લૂલું-લંગડું કરવું. [રી કૂતરો.

Hound, હાઉંડ, *n.* (AS. *hund*) a hunting dog. શિકા-

Hour, અાવર, *n.* (Gr. *hora*) 24th part of a day, 60 minutes; time. કલાક, કેટલા વાગાતે, વખત, વેળા.

Hour'-glass, અવરગ્લાસ, *n.* a glass to show time. રેતીનું ઘડિયાળ, ઘડી.

House, હાઉસ, *n.* (AS. *hus*) dwelling; familly; firm; tribe. ઘર, મકાન, ગૃહ, ભવન; ઘરકુટુંબ, કબીલો; પહેડી, પેઢી; કુળ, વંશ, ઓલાદ. *vt.* to harbour; shelter, cover. ઘરમાં રાખવું; ઉપર છાપરૂં-ઢાંકણ કરવું-નાખવું.

House'-hold, હાઉસહોલ્ડ, *n.* a family. ઘરકુટુંબ, કબીલો.

House' wife, હાઉસવાઈફ, *n.* mistress of a house. ઘરનુંપાકું બૈરૂં, ઘર ચલાવનારૂં બૈરૂં.

Hous'ing, હાઉસિંગ, *n.* a saddle-cloth. ચાસિયો. [છાપરૂં, ઝુંપડી.

Hov'el, હૉવેલ, *n.* (AS. *hof* a house) shed; cottage.

Hov'er હૉવર, *vi.* (W. *hofian*) to hang over. તોળાઈ-ટંગાઈ રહેવું, ભમ્યાં-પાંખ ફફડાવ્યાં-ફેરી ફર્યાં-માર્યાં કરવું.

How, હાઉ, *ad.* (AS. *hu*) in what manner; to what degree; for what reason. કેમ, શીરીતે, કેમ કરીને; કેવું, કેટલું, કેવડું; શાથી, શાવાસ્તે, શાકારણથી.

How-be'it, હાઉબીઈટ *ad.* nevertheless. ગમેતેમહોયપણ, તોપણ, એમછતાં. [છતાં; ગમેતેવું-તેટલું.

How-ev'er, હાઉએવર, *con.* nevertheless. તોપણ, એમ-

Howl, હાઉલ, *vi.* (Gr. *hulao*) to cry; wail; roar. કૂતરાની-
પેઠે રોવું–રડવું; પોક મૂકી–વિલપ કરી રડવું; બુમવાટો કરવો–કરી
Hub'bub, હબ-બબ, *n.* uproar. હોકાર, કોલાહલ. [વાનું.
Huck'ster, હકસ્ટર, *n.* (Ger. *hocker*) a seller of small
wares; a trickish fellow. ફેરિયો; દગાખોર, ક્સબચોર.
Hud'dle, હડલ, *vt.* (Ger. *hudeln* to hurry over) to
put on or up in haste. ગડબડગોટા વાળવા–કરી મૂકવા,
જેમતેમ પહેરી–ઘાલી લેવું. [hoot) a shouting. બૂમ, પોકાર.
Hue, હ્યૂ, *n.* (AS. *hiw*) colour. રંગ, વર્ણ. (Fr. *hur* to
Huff, હફ, *n.* (AS. *heafan* heaved) a swell of anger;
a boaster. રીસ; ગુસ્સો; ક્રોધનો ઉભરો; શેખી–પતરાજીખોર
માણસ. *vt.* to offend; swell up. ધમકાવવું, લબડ ધક્કે
લેવું; ઉપસવું, ફુલવું, રીસે ભરાવું, ચીઢવું, પતરાજી કરવી.
Hug, હગ, *n.* (Ger. *hegen* to embrace) a close
embrace. જોરથી ભેટવું, ગાઢાલિંગન *vt.* to embrace
closely. જોરથી ભેટવું, વહાલ કરવું.
Huge, હ્યુજ, *a.* (Dut. *hoog* high) bulky, vast. ઘણું
મહોટું, અડાબીડ. [old ship. જુનાં વહાણનું ખોખું.
Hulk, હલ્ક, *n.* (AS. *hulce* a ship) the body of an
Hull, હલ, *n.* (AS. *hule* the hard shell) the husk of
nuts; the frame of vessel. છોડું, છાલ; વહાણનું ખોખું.
Hum, હમ, *n.* (Ger. *hummen*) a buzzing sound.
ગણગણાટ, ગુણગુણાટ, ગુંજવું તે. *vi.* to buzz. ગુંજવું, ગણગણવું.
Hu'man, હ્યુમન, *a.* (L. *homo* man) of mankind. માણસ
જાતનું–જેવું, માનુષ.

Hu-mane', હ્યુમેન, *a.* kind. દયાળુ, કરૂણાવાન.
Hu-man'i-ty, હ્યુમૅનિટિ, *n.* nature of man; kindness; mankind. માણસપણું; દયા, કરૂણા; માણસજાત–માત્ર.
Hum'ble, અમ્બલ, *a.* (L. *humus* the earth) low; lowly. નીચું, હલકું, ગરીબ; ગરીબ સ્વભાવનું, નમ્ર, રંક, વિનયી, નિરભિમાની. *vt.* to bring low; mortify; abase the pride. હલકું પાડવું, તોડવું, આબરૂ–માન ઘટાડવું; ઝાંખુંપાડવું. શરમાવી નાખવું; નરમ ઘેંસ કરવું,–નો ગર્વ ઉતારવો.
Humbug, હમબગ, *n.* (*hum* to deceive & *bug* a frightful object) an imposition. ઉંધુંચતું સમજાવવું તે, આંધળા પાટા, ફેળ. [બગજેવું.
Hum'drum, હમડ્રમ, *n.* a stupid fellow. ઢોર–રોઝ–
Hu'mid, હ્યુમિડ, *a.* (L. *humere* to be moist) moist, damp. હવાએલું, હવાવાળું, સરદીવાળું.
Hu-mil'i-ate, હ્યુમિલિએટ, *vt*, (L. *humus* the earth) to humble. –નું માન–પાણી ઉતારવું, નીચું જોવડાવવું, નું નાક કાપવું,–ની ફજેતી કરવી. [નમ્રવૃત્તિ, દીનતા, નિરભિમાન.
Hu-mil'i-ty, હ્યુમિલિટિ, *n.* freedom from pride. નમ્રતા,
Hu'mor-ous, યુમરઅસ, *a.* (Gr. *chumos* a liquid) jocular, pleasant, playful. ટોળી, નકલી, રમુજી, આનંદી.
Hu'mour, યુમર, *n.* fluid of animal bodies; temper; wit; whims. શરીરના રસો–ધાતુઓ; મરજી, ચિત્તવૃત્તિ, મિઝાજ; ટોળ, ટકોર, રમુજ, નકલ; મનના તરંગ. *vt.* to gratify; indulge by compliance. –નિ મરજી પ્રમાણે

ચાલવું, સાચવવું, જે કહે તેની હાજીહા કરવી;–માં યુક્તિ વાપરવી, ને કેળવીને વાપરવું, કેળવવું. [ઢેકો, ખૂંધ, ખંધોડું.

Hump, હમ્પ, *n.* (L. *umbo* boss) a protuberance.

Hunch, હંચ. *n.* (Ger. *hucke* bunch) hump. ખુંધ, ઢેકો.

Hung'er, હંગર, *n.* (AS. *hungur*) craving appetite; any strong desire. ભૂખ, ક્ષુધા; લોભ, ઉગ્ર ઇચ્છા, ઉત્કંઠા. *vi* to crave food. ભૂખ–ક્ષુધા લાગવી, લોભ હોવો–રાખવો.

Hung'ry, હંગ્રિ, *a.* having keen appetite. ભૂખ્યું, ક્ષુધાથી પીડિત; લોભી, ઉત્કંઠિત.

Hunt, હંટ, *n.*(AS. *huntian*) chase. શિકાર, મૃગયા, આખેટક. *vt.* to chase; search after. –નો શિકાર કરવો; ખોળવું, શોધવું, ઢુંડવું; ની પાછળ લાગવું–મંડવું, પૂંઠ લેવી.

Hur'dle, હર્ડલ, *n.* (AS. *hyrdel*) framework of sticks, &c. a crate. ટાટું, ત્રાપો.

Hurl, હરલ, *vt.* (See ·Whirl) to throw with force. જોરથી ફેંકવું કે જોરથી ફેરવીને–ધમધમાવીને મારવું.

Hur-r'a, Hur-rah', હુર્રે, *int.* (Ger.) cry of joy, triumph, &c. હર્ષની વખતે બોલવાનો શબ્દ, વાહવા.

Hur'ri-cane, હરિકેન, *n.* (Fr. *orage* a storm) violent storm. તોફાન, વાવાઝોડું.

Hur'ry, હરિ, *n.* (AS. *hreran* to move hastily) great haste. ઉતાવળ, લેદોડ, દોડધૂમ. *vt.* to hasten. ઉતાવળ કરવી.

Hurt, હર્ટ, *n.* (AS. *hyrt* wounded) harm; wound. નુકસાન, હાની, હરકત; વાગેલું, ઘા. *vt.* to wound, bruise;

harm; grieve. વગાડવું,-થી વાગવું ; બગાડવું, નુકસાન પ- હોંચાડવું; દુઃખ-માઠું લગાડવું, દુઃખવવું, દુભવવું, નાખુશ કરવું.
Hurt'ful હર્ટ્‌ફુલ, *a.* injurious. નુકસાન-હાનીકારક.
Hus'band, હઝબંડ, *n.* (AS. *hus* a house & *banda* a tie) a married man. ધણી, વર, કંથ. *vt.* to use carefully. તપાસીને-કસરથી વાપરવું. [ખેતીકરનાર.
Hus'band-man, હઝબંડમૅન, *n.* tiller of soil. ખેડૂત,
Hus'band-ry, હઝબંડ્રિ, *n.* tillage. ખેતી, ખેતીવાડી-કામ.
Hush, હશ, *a.* (Ger. *husch*) silent. ચુપાચુપ, શાંત, મૂંગું. *vt.* to quiet; appease. ચુપ-છાનું રાખવું; ટાળવું, સમાવવું, મટાડવું, નરમ-ટાઢું પાડવું.
Hush'mon-ey, હશમનિ, *n.* a bribe to induce secrecy. કંઈવાત કરે નહિ કે બહાર ન પાડે તેને માટે આપેલી લાંચ.
Husk, હસ્ક, *n.* (Ger. *huske* a house) covering fruit &c. છોડું, છોતરૂં, છાલ. [હથિયારવાળો-રાખનાર સવાર.
Hus-sar', હૂઝાર, *n.* (Ger.) light horse-soldier. હલકો
Hus'tle, હસલ, *vt.* (Dut *hutsen* to shake) to push; crowd. હડસેલા મારી કાઢવું; ખૂબ હડસેલા-લી થાય એમ કરવું.
Hut, હટ, *n.* (AS. *hus*) a hovel. ઝુંપડી, છાપરી, પર્ણકુટી.
Hutch, હચ, *n.* (AS. *hwecca*) a box, chest, પેટી.
Huzza, હૂઝા, *n.* *vi.* (Ger. *hussa*) shout in joy. ખુશાલીનો શબ્દ, વાહવા, શાબાશ; વાહવા બોલવું.
Hy'brid, હાઇબ્રિડ્, *n.* (L. *hybrida* lawless) animal or plant produced from the mixture of two species. વર્ણસંકર પ્રાણી-છોડ.

Hy-drop'-a-thy, હાઈડ્રૉપેથિ, *n.* (Gr. *hydor* water & *pathos*) the water cure. પાણીથી સારા કરવાનું વૈદું.

Hy-dro-pho'bi-a, હાઈડ્રોફોબિયા, *n.* (Gr. *hydor* & *phobos* dread) canine madness. હડખાયું.

Hy-dro-stat'ics, હાઇડ્રૉસ્ટૅટિક્સ, *n.* (Gr. *hydor* & *stao* I make to stand) science of fluids at rest. સ્થિર મવાહી શાસ્ત્ર. [જન, કીર્તન.

Hymn, હિમ, *n.* (L. *hymnus*) a song of praise. ભ-

Hy-per'bo-le, હાઈપરબૉલિ, *n.* (Gr. *hyper* over & *ballo* I throw) exaggeration. અતિશયોક્તિ.

Hyp-o-chon'dri-a, હાઈપૉકૉંડ્રિઆ, *n.* (Gr.) gloomy depression of spirits. ઉદાસી, વિષાદ.

Hy-poc'ri-sy, હાઈપૉક્રિસિ, *n.* (Gr. *hypo* under & *krites* a decider) feigning to be what one is not. ઢોંગ, વેષધારીપણું. [રનાર, વેષધારી.

Hyp'o-crite, હિપોક્રિટ, *n.* a dissembler. ઢોંગી, ઢોંગ ક-

Hys-ter'ics, હિસ્ટેરિક્સ, *n.* (Gr. *histiro* the womb) a nervous affection. ચિત્તભ્રમ.

I.

I, આઈ, *pro.* (Sans. *aham*) one's self. હું.

Ice, આઈસ, *n.* (AS. *is*) congealed water. બરફ.

Ice'berg, આઇસબર્ગ, *n.* floating mass of ice. બરફનો તરતો ડુંગર–મ્હોટો ઢગલો. [પેઠે લટકતું બરફ.

Ic'i-cle, આઇસિકલ, *n.* hanging mass of ice. લોલકની

Ich-thy-ol'o-gy, ઇક્થિઑલૉજી, *n.*(Gr. *ichthys* a fish & *logos*)the science of fishes. માછલીની વિદ્યા, મત્સ્યવર્ણન.

I-con'o-clast, આઇકૉનૉક્લૅસ્ટ, *n.* (Gr. *eikon* image & *khao* I break)a breaker of images. મૂર્તિ ખંડન કરનાર.

I-de'a, આઇડિઅૅ, *n.* (Gr. *idein* to see) mental image, conception, fancy, thought; opinion. કલ્પના, આભાસ, વિચાર, તર્ક; મત.

I-de'al, આઇડિઅલ, *a.* existing in idea, mental; visionary. મનનું, માનસિક, મનોમય; કલ્પિત.

I-den'tic-al, આઇડેંટિકલ, *a.* (L. *idem* the same) the same. તેજ, અભિન્ન, અભેદ, એકરૂપ.

I-den'ti-fy, આઇડેંટિફાઇ, *vt.* to prove to be the same. તે એજ એમ દેખાડવું–ઓળખાણ આપી જણાવવું–સાબીત કરવું, એકરૂપ કરવું. [ness of mind. કમ અક્કલ–સમજ, જડબુદ્ધિ.

Id'i-o cy, ઇડિઓસિ, *n.* (Gr. *idios* peculiar) weak-

Id'i-om, ઇડિઅમ, *n.*(Gr. *idios* one's own) a peculiar mode of expression. ભાષારૂઢી–સંપ્રદાય. [મૂર્ખ માણસ.

Id'i-ot, ઇડિઅટ, *n.*(see Idiocy) a natural fool. જન્મનો

I'dle, આઇડલ, *a.* (AS. *idel*) not occupied, trifling, not employed; slothful. નવરાસનું, ફુરસદનું; નકામું, નજીવું, નિરર્થક; નવરૂં, કામવગરનું, નિરૂદ્યોગી, નવપરાતું, નકામું

પડેલું; આળસુ, સુસ્ત. *vt.* to lose time. નવરાસ–આળ-સમાં વખત ખોવો–ગુમાવવો.

I'dle-ness, આઈડ્લનેસ, *n.* indolence. આળસ, નિરૂદ્યોગ.

I'dol, આઈડલ, *n.* (Gr. *eido* I see) image; object of love. મૂર્તિ, પૂતળું, દેવ; અતિશય પ્રીતિ–ભક્તિપાત્ર, તનમનધન.

I-dol'a-try, આઈડૉલેટ્રિ, *n.* the worship of idols; excessive attachment. મૂર્તિપૂજા; અતિપ્રીતિ–ભક્તિ.

I'dol-ize, આઈડોલાઈઝ, *vt.* to love to excess. અતિશય પ્રીત રાખવી, દેવજેવું માનવું, તનમનધન દેખવું. [poem. ટુંકી કવિતા.

I'dyl, આઇડિલ, *n.* (Gr. *eidos* image) a short pastoral

If, ઇફ, *con.* (Icel. *efa* to doubt) supposing; whether. જો, અગર; અથવા, કે, અથવા નહિ.

Ig'ne-ous, ઇગ્નિઅસ, *a.* (L. *ignis* fire) consisting of fire. અગ્નિનું–મય–વાળું–સરખું–તુલ્ય, અગ્નિમાંથી નિકળેલું.

Ig-nite, ઇગ્નાઈટ, *vt. i.* to kindle. સળગાવવું, પેટવવું; સળગી ઉઠવું, બળવું, પેટવું, ચેતવું.

Ig-no'ble, ઇગ્નોબલ, *a.* (L. *in* not & *nobilis* noble) mean, of low birth; worthless. હલકું, નીચ; અકુલિન, કમજાત; નકામું, નજીવું.

Ig'nom-in-y, ઇગ્નોમિનિ, *n.* (*in* not & *nomen* a name) disgrace. અપમાન, અપકીર્તિ, અપજસ, ફજેતી, ગેરઆબરૂ.

Ig'no-rance, ઇગ્નોરન્સ, *n.* (L. *in* not & *gnarus* knowing) want of knowledge. અજ્ઞાન, અણજાણ-પણું, મૂર્ખાઈ. [અજાણ, નાવાકેફ.

Ig'no-rant, ઇગ્નોરંટ, *a.* illiterate. અજ્ઞાન, અણસમજુ,

Ig-nore′, ઇગ્નોર, *vt.* to reject, set aside. ખોટું કે પુરાવા વગરનું કહી કાઢી નાખવું—રદ કરવું, નગણવું, ધ્યાનમાં નલેવું.

Ill, ઇલ્, *a.* (AS. *yvel*) bad; sick; evil, cross. ખરાબ, નઠારૂં, માઠું, આજારી; માઠું, દુ:ખનું, અસભ્ય, તોછડું; ચીડિયું, તામસી. *n.* wickedness; evil, misfortune. દુષ્ટતા, પાપ; સંકટ, આફત. *ad.* not well; not easily. બરોબર—સારૂં નહિ, બેચહેન; મુશ્કેલાઈથી.

Ill′bred, ઇલબ્રેડ, *a.* rude, vulgar. અસભ્ય, બેઅદબ, [ઉદ્ધત, જંગલી.

Il-le′-gal, ઇલલીગલ, *a.* (L. *in* not & legal) contrary to law. કાયદા વિરૂદ્ધ, અશાસ્ત્ર.

Il-leg′i-ble, ઇલલેજીબલ, *a.* (L. *in* & *legibilis*) that cannot be read. વંચાય—ઉકલે નહિ એવું.

Il-le-git′i-mate, ઇલલેજીટિમેટ, *a.* (L. *in* & legitimate) born out of wedlock; unlawful. જારકર્મથી પેદા થયલું, રાંડના પેટનું, અનૌરસ; કાયદા વિરૂદ્ધ.

Il-lib′er-al, ઇલલિબરલ, *a.* (L. *in* & liberal) mean; rude; not generous. નીચ મનનું, અસભ્ય; અનુદાર, સાંકડા મનનું.

Il-lic′it, ઇલલિસિટ, *a.* (L. *in* & *licere* to be allowed) unlawful. કાયદાવિરૂદ્ધ, મના કીધેલું, અઘટિત, ગેરવાજબી.

Il-lit′er-ate, ઇલલિટરેટ, *a.* (L. *in* & *litera* a letter) unlettered. અવિદ્વાન, અભણ.

Ill′ness, ઇલનેસ, *n.* (see Ill) sickness. મંદવાડ, બિમારી.

Il-lude′, ઇલલ્યૂડ, *vt.* (L. *in* upon & *ludo* I play) to mock or deceive. ભૂલવવું, ફસાવવું, ઠગવું.

Il-lu′mine, Il-lu′mi-nate, ઇલ્યુમિન, ઇલ્યુમિનેટ, *vt.* (L. *in* in & *lumen* light) to enlighten; light up; adorn. અજવાળું પાડવું, પ્રકાશીત–રોશન કરવું; રોશની–દીવા કરવા; ચિત્રવિચિત્ર કરવું; જ્ઞાન આપવું. [માયા, પ્રપંચ, મોહ, ભૂલ.

Il-lu′sion, ઇલ્યુઝન, *a.* (see Illude) false show, error.

Il-lus′trate, ઇલસ્ટ્રેટ, *vt.* (L. *in up* & *luceo* I shine) to make luminous; explain, make plain; adorn. પ્રકાશિત–ચળકતું કરવું; દાખલો–ઉદાહરણ આપી કહેવું–સમજાવવું; સ્પષ્ટ–ખુલ્લું કરવું; સણગારવું, સુશોભિત કરવું.

Il-lus-tra′tion, ઇલસ્ટ્રેશન, *n.* explanation; picture. સમજુતી, દાખલો, ઉદાહરણ; ચિત્ર.

Il-lus′tri-ous, ઈલસ્ટ્રિઅસ, *n.* eminent. પ્રખ્યાત, નામાંકિત.

Im′age, ઇમેજ, *n.* (L. *imitor* I imitate) likeness; statue; picture; idol; mental conception. જેવુંજ તે, સરખુંજ તે; પુતળું, પ્રતિમા; છબી, તસબીર; મૂર્તિ; કલ્પના, ભાસ.

Im-ag′in-a-ry, ઇમેજીનેરિ, *a.* fancied. મનકલ્પિત, અવાસ્તવિક. [નાશક્તિ, ખ્યાલ, વિચાર, જુગતી.

Im-ag-in-a′tion, ઇમેજીનેશન, *n.* scheme in mind. કલ્પ-

Im-ag′ine, ઇમેજીન, *vt. i.* to think; scheme. ધારવું,–નીકલ્પના કરવી; યોજના–યુક્તિ કરવી, યોજવું.

Im′be-cile, ઇમ્બસીલ, *a.* (L. *in* & *bacillum* a small staff) weak. નબળું, અશક્ત, દુર્બળ, કમઅક્કલ, મંદબુદ્ધિનું.

Im-bed′, ઇમ્બેડ્, *vt.* (L. *in* in & bed) to sink or cover. દાટવું, ગાડવું.

Im-bibe', ઈમ્બાઈબ, *vt.* (L. *in* into & *bibo* I drink) to drink in. પીવું, ચુસીલેવું, શોષવું, મનમાંલેવું-ઉતારવું.

Im-bit'ter, ઈમ્બિટર, *vt.* (L. *im.* to make & bitter) to make bitter or unhappy; intensify. કડવું-દુ:ખી કરવું, થી દુ:ખભરેલું-માં દુ:ખ થવું; વધારે તીવ્ર-ઉગ્ર કરવું, વધારવું. [to steep, soak, wet. ભિંજવવું, પલાળવું.

Im-brue,' ઈમ્બ્રૂ, *vt.* (L. *in* into & *brul* to brew)

Im-bue', ઈમ્બ્યૂ, *vt.* (L. *in* & *be* I drink) to dye; to instil. રંગવું; ભરપૂર-ગુણમય કરવું, કેળવવું.

Im'i-tate, ઈમિટેટ, *vt.* (L. *imitor*, like) to follow, copy. અનુસરવું, પ્રમાણે ચાલવું,-ની લઢણ પકડવી, દેખાદેખી કરવી,-ના સરખું થવાનું-જેવું કરવાનું યત્ન કરવો.

Im-i-ta'tion, ઈમિટેશન, *n.* following; copy. લઢણ પકડવી તે, નકલ કરવી તે, દેખાદેખી; નકલ, ઉતારો.

Im-mac'u-late, ઈમૅક્યુલેટ, *a.* (L. *in* not & *macula* spot) spotless. કલંક-દાઘ વગરનું, પવિત્ર, શુદ્ધ, નિર્મળ.

Imm'a-nent. ઈમૅનંટ, *a.* (L. *in* in & *maneo* I remain) inherent. સ્વભાવિક, રહે એવું.

Im-ma-te'ri-al, ઈમમૅટિરિઅલ, *a.* (L. *in* & *materia* matter) unimportant; incorporeal. ચિંતા કરવા જેવું નહિ. અગત્ય જેવુંનહિ,નજીવું, હલકું; અદેહિક, આત્મિક.

Im-ma-ture', ઈમમૅટ્યૂર, *a.* (L. *in* & *maturus* ripe) unripe; imperfect. પાકેલું નહિ, કાચું,કુમળું,અધુરૂં;અપૂર્ણ.

Immeas'ur-able, ઈમમેઝરઅબલ, *a.* incapable of being measured. અમાપ, બેહદ, અનંત.

Im-me'di-ate, ઇમિડિએટ, *a.* (L. *in* & *medius* middle) proximate; instant. પાસેનું, નિકટનું, છેક, નજીકમાં હોય એવું; તરતનું, તત્કાળિક. [તાબડતોબ, તેજ વખતે.

Im-me'di-ate-ly, ઇમિડિએટલિ, *ad.* without delay.

Im-me-mo'ri-al, ઇમમિમોરિઅલ, *a.* (*in* & *memorial*) beyond memory, out of mind. અતિ પ્રાચીન, ઘણુંજ જુનું.

Im-mense', ઇમમેન્સ, *a.* (L. *in* & *metior* I measure) unbounded; very great. અપાર, બેહદ, પારજ નહિ એવું, અગાધ; ઘણું, પુષ્કળ, અત્યંત.

Im-merge', Im-merse', ઇમમર્જ, ઇમમર્સ, *vt.* (L. *in* into & *mergo* I dip) to plunge into; engage deeply. પાણીમાં બોળવું; ગરક–નિમગ્ન થવું.

Im'mi-grate, ઇમિગ્રેટ, *vi.* (L. *in* & *migro* I remove) to remove into a country. જઈ રહેવા પરદેશમાં આવી રહેવું.

Imm'i-nent, ઇમિનેંટ, *a.* (L. *in* & *mineo* I project) impending. માથે પડતું, હમણાંજ આવી પડે એવું, છેક પાસે આવેલું. [immovableness. અચળતા, સ્થિરતા.

Im-mo-bil'i-ty, ઇમમોબિલિટિ, *n.* (L. *in* & *moveo*)

Im-mod'er-ate, ઇમમૉડરેટ, *a.* (L. *in* *modus* measure) excessive. ઘણુંજ, અતિશય.

Im-mod'est, ઇમમૉડેસ્ટ, *a.* unchaste, indelicate; impudent. વ્યભિચારી; કામી; નિર્લજ, અમર્યાદ, લાજવગરનું.

Imm'o-late, ઇમોલેટ, *vt.* (L. *in* upon *mola* meal) to sacrifice; kill. યજ્ઞ કરવો, મારી નાખવું, નાશ કરવો.

Im-mor'al, ઈમ્મૉરલ, *a.* (L. *in* & *moris* manner) vicious, wicked. દુરાચરણી, અનીતિવાન, વ્યભિચારી, પાપી, અન્યાયી. [અનીતિ, દુરાચાર, દુષ્કર્મ, અધર્મ, વ્યભિચાર.

Im-mor-al'i-ty, ઈમ્મૉરૅલિટિ, *n.* depravity, lewdness.

Im-mor'tal, ઈમ્મૉર્ટલ, *a.* (L. *in* & *mors* death) imperishable. અમર, ચિરંજીવી, મરે નહિ એવું, અક્ષય, અવિનાશી. [પણું—હોવું તે.

Im-mor-tal'i-ty, ઈમ્મૉરટૅલિટિ, *n.* undying life. અમર-

Im-mov'a-ble, ઈમ્મૂવઅબલ, *a.* (L. *in* & *moveo*) not to be moved; steadfast; unfeeling. અચળ, સ્થિર; દૃઢ, નિશ્ચયનું; નિર્દય, કઠણ હૈયાનું.

Im-mu'ni-ty, ઈમ્મ્યુનિટિ, *n.* (L. *in* not & *munus* duty) freedom from obligation; peculiar privilege; freedom. માફી, છુટ; છુટ—માફિનો હક; છુટા—રહિત હોવું તે. [shut up. ગોંધવું, પૂરી મૂકવું, કેદ કરવું.

Im-mure', ઇમ્મ્યૂર, *vt.* (L. *in* & *murus* a wall) to

Im-mu'ta-ble, ઈમ્મ્યૂટબલ, *a.* (L. *in* & *mutare* to change) unchangeable. જેમાં ફેરફાર થતો નથી એવું, અવિકારી. [છોકરૂં; નહાનો શેતાન.

Imp, ઇમ્પ, *n.* (AS. *impan*) a child; a puny devil.

Im'pact, ઈમ્પૅક્ટ, *vt.* (L. *in* & *pactum* to strike) to drive close. અથડાવું, જોરથી લાગવું.

Im-pair', ઈમ્પેર, *vt.* (L. *en* & *pejor* worse) to make

worse; enfeeble. ઘટાડવું, કમી–ઓછું કરવું, ખરાબ કરવું, બગાડવું; નબળું–કમજોર કરવું.

Im-pale′, ઇમ્પેલ, *vt.* (L. *in* against & *palus* a stake) to fix on stake; shut in. સૂળીએ ચઢાવવું; પૂરવું, બંધ કરવું.

Im-pal′pa-ble, ઇમ્પૅલપૅબલ, *a.* (L. *in* & *palpo* I touch) not perceivable by touch. સ્પર્શથી માલમ ન પડે એવું.

Im-pann′el, ઇમ્પૅનેલ, *vt.* (L. *in* & pannel) to enrol a jury. પંચ કે જુરીના માણસોનાં નામ યાદીમાં લખવાં–ની યાદી તૈયાર કરવી.

Im-par′i-ty, ઇમ્પૅરિટિ, *n.* (L. *in* & *par* equal) inequality. અસમતા, ફેર, તફાવત.

Im-part′, ઇમ્પાર્ટ, *vt.* (L. *in* & *partio* I share) to give, communicate. આપવું, બક્ષીસ કરવું, જણાવવું, કહેવું.

Im-par′tial, ઇમ્પાર્શિયલ, *a.* unbiased, just. નિષ્પક્ષપાતી, સમદર્શી, અદલ.

Im-pass′a-ble, ઇમ્પૅસબલ, *a.* (L. *in* & *passus* a step) that cannot be passed. જેપર–માં થઇને જવાય આવાય નહિ એવું, અગમ્ય, દુર્ગમ.

Im-pass′i-ble, Im-pass′ive, ઇમ્પૅસિબલ, ઇમ્પૅસિવ, *a.* (L. *in* & *patior* I suffer) incapable of suffering, without sensation. સુખદુઃખ લાગે નહિ એવું, અચેતન, જડ.

Im-pass′ioned, ઇમ્પૅશન્ડ, *a.* strongly affected. જોસ્સામાં આવેલું–એ ભરેલું, આવેશી, અનુરાગી.

Im-pa′tience, ઇમ્પેશન્સ, *n.* uneasiness, restlessness. અધૈર્ય, અધીરાઇ, ઉતાવળ.

Im-pa'tient, ઇમ્પેશન્ટ, *a.* uneasy, not quiet, hasty. અધીરૂં, અક્ષમ, સાંખવાને રાજી નહિ એવું, ઉતાવળું, ઉત્કંઠિત.

Im-peach', ઇમ્પીચ, *vt.* (L. *impedico* I fetter) to accuse, charge; bring into question. તોહમત-દોષ-આરોપ મૂકવો; વાજબી-સારૂં નહિ એમ કહેવું-એવી તકરાર લેવી.

Im-peach'ment, ઇમ્પીચમેંટ, *n.* accusation and prosecution. તોહોમત, દોષારોપ; વાજબી નહિ એમ કહેવું તે.

Im-pecc'a-ble, ઇમ્પેકેબ્લ, *a.* (L. *in* & *pecco* I sin) not liable to sin. પાપ કરે નહિ એવું.

Im-pede', ઇમ્પીડ, *vt.* (L. *in* & *pedis* a foot) to hinder. અટકાવવું, અડચણ કરવી, આડે આવવું.

Im-ped'i-ment, ઇમ્પેડિમેંટ, *n.* obstruction. અટકાવ, હરકત, વિઘ્ન.

Im-pel', ઇમ્પેલ, *vt.* (L. *in* & *pello* I drive) to urge forward. આગળ ચલાવવું,-થી જરૂર પડવી.

Im-pend', ઇમ્પેંડ, *vi.* (L. *in* on & *pendeo* I hang) to menace, threaten. માથાપર આવી પડવું, પડવાની તૈયારીમાં હોવું, પાસે આવી પહોંચવું.

Im-pen'e-tra-ble, ઇમ્પેનેટ્રેબ્લ, *a.* (L. *in* & *penitus* inward) that cannot be penetrated; unimpressible. અપ્રવેશ્ય, નિર્લેપ, પેસી શકાય નહિ એવું; અસરણ થાય એવું, કઠણ, વજ્રજેવું, સમજી ન શકાય એવું, ગૂઢ.

Im-pen'i-tence, ઇમ્પેનિટન્સ, *n.* (L. *in* & *pœnitens*) hardness of heart. અપશ્ચાતાપ, કઠણ હૈયાનું રહેવું.

Im-pen'i-tent, ઇમ્પેનિટંટ, *a.* not sorry. પસ્તાવો નહિ ક-

Im-per'a-tive, ઇમ્પેરેટિવ્, *a.* (L. *impero* I command) expressive of command. આજ્ઞા-હુકમ કરનાર, જરૂરનું.

Im-per-cep'ti-ble, ઇમ્પરસેપ્ટિબલ્, *a.*(L. *in*, *per* & *capio* I take) not to be perceived; very small. ઇન્દ્રિયથી માલમ પડે નહિ એવું, અગોચર, અદૃશ્ય; સૂક્ષ્મ, બારીક.

Im-per'fect, ઇમ્પરફેક્ટ, *a.* (L. *in*, *per* & *facio* I do) not complete; defective. અપૂર્ણ, અધુરૂં; ખોડ-ખામીવાળું, કમી, ઉણું, સદોષ, દોષિત. [દોષ, અપૂર્ણતા, કસર.

Im-per-fec'tion, ઇમ્પરફેક્શન, *n.* defect, blemish. ખોડ,

Im-pe'ri-al, ઇમ્પીરિઅલ, *a.* (See Empire) pertaining to empire, royal. બાદશાહી, રાજકીય.

Im-pe'ri-ous, ઇમ્પીરિઅસ, *a.* arrogant. મગરૂર, મિજાસી.

Im-per'il, ઇમ્પેરિલ, *vt.* (L. *in* & *peritus* practised) to endanger. જોખમ-ભયમાં નાખવું.

Im-per'ish-a-ble, ઇમ્પેરિશેબલ્, *a.* (in & *perishable*) not liable to decay or ruin. નાશ ન પામે એવું, અક્ષય.

Im-per'son-al, ઇમ્પર્સનલ, *a.* (L. *in* & *persona*) not varied according to the persons. અકર્તૃક, કર્તાવિનાનું.

Im-per'ti-nence, ઇમ્પર્ટિનેન્સ, *n.* (L. *in*, *per*, & *teneo* I hold) rudeness. બેઅદબી, અસભ્યતા, ઉદ્ધતાઈ.

Im-per'ti-nent, ઇમ્પર્ટિનેંટ, *a.* meddling; rude. અસભ્ય, દાંડ; વિષય-પ્રસંગને લાગતું નહિ એવું, આડું.

Im-per-turb'a-ble, ઇમ્પરટર્બઅબલ, *a.* (L. *in* not & *perturbo* I disturb) that cannot be disturbed. અકળાય-ગભરાય નહિ એવું.

Im-per′vi-ous, ઇમ્પરવિઅસ, *a.* (L. *in per & via* a way) impenetrable. અપ્રવેશ્ય, નિર્ભેદ્ય.

Im-pet-u-os′i-ty, ઇમ્પેટ્યુઑસિટિ, *n.* (L. *in & peto* I fall upon) violence. ઝપાટો, જોર, જોસ્સો, ઉતાવળ.

Im-pet′-u-ous, ઇમ્પેટ્યુઅસ, *a.* forcible; passionate. જોર-વેગવાળું,જોરથી જતું-આવતું;આકરૂં, ઉગ્ર, અધિરૂં,ઉતાવળું.

Im′pe-tus, ઇમ્પિટસ, *n.* force of motion. ગતિ આપનારૂં જોર, વેગ. [ness.દેવ-ધર્મનિંદા, અધર્મ, અભક્તિ, પાપ, દુષ્ટકર્મ.

Im-pi′e-ty,ઇમ્પાયિટિ,*n.*(L. *in & pius* pious) ungodli-

Im′pi-ous,ઇમ્પિઅસ, *a.* ungodly. અધર્મી, પાપી, દેવનિંદક.

Im-pinge′, ઇમ્પિંજ, *vt.* (L. *in & pango* I strike) to dash against. અપડાવવું, અફળાવવું, જોરથી લાગવું.

Im-pla′ca-ble, ઇમ્પ્લેકેબલ, *a.* (L. *in & placo* I appease) unrelenting. શાંત થાય નહિ એવું, કટ્ટો, દીર્ઘદ્વેષી.

Im-plant′, ઇમ્પ્લૅંટ, *vt.* (L. *in & plantare* to sow) to insert, infix. સ્થાપવું, રોપવું, દૃઢ બેસાડવું.

Im′ple-ment, ઇમ્પ્લિમેંટ, *n.* (L. *in & pleo* fill) a tool. હથિયાર, ઓજાર.

Im′pli-cate, ઇમ્પ્લિકેટ, *vt.* (L. *in & plico* I fold) to involve; connect with. ગુંચવણમાં નાખવું; સામેલ છે એવું બતાવવું.

Im-plic′it, ઇમ્પ્લિસિટ્, *a.* implied; reliant. અનુમાન પરથી માલમ પડેલું, અનુમાન સિદ્ધ; પૂરૂં, પૂર્ણ, નિઃસંશય.

Im-ply,ઇમ્પ્લાઇ,*vt.*to contain by inference; signify. અનુમાનથી દેખાડવું-જણાવવું,-માંથી અર્થ નિકળવો, સિદ્ધ થવું.

Im-plore′, ઇમ્પ્લોર, *vt.* (L. *in* & *ploro* I cry) to ask earnestly. વિનંતિ–કાલાવાલા કરવા, આજીજી કરી માગવું.

Im-pol′i-tic, ઇમ્પૉલિટિક્, *a.* (Gr. *in* & *polis* a city) not wise. શહાણું નહિ એવું, અવિચારી, અવિવેકી.

Im-pon′de-a-ble, Im-pon′der-ous, ઇમ્પૉંડરેબલ, ઇમ્પૉંડરસ, *a.* (L. *in* & *pondus* weight) not having sensible weight. જોખાય નહિ એવું, વજનવગરનું, હલકું.

Im-port′, ઇમ્પોર્ટ, *vt.* (L. *in* & *porto* I carry) to bring from another country; signify; to be of weight to. માલ દેશાવર કે બહારથી આણવો; અર્થ દેખાડવો,–નો અર્થ થવો–હોવો; કામનું–અગત્યનું હોવું.

Im′port, ઇમ્પોર્ટ, *n.* thing imported; meaning; moment. દેશાવરથી આવેલો માલ; અર્થ, ભાવાર્થ, મતલબ, અભિપ્રાય; અગત્ય, વજન, મહત્વ.

Im-port′ance, ઇમ્પૉર્ટન્સ, *n.* consequence; weight. અગત્ય, ઉપયોગ, જરૂરીઆત; વજન; ભારબોજ.

Im-port′ant, ઇમ્પૉર્ટંટ, *a.* momentous; weighty. ઉપયોગી; જરૂરનું, અગત્યનું; ભારે, વજનદાર, ભારબોજવાળું.

Im-port-a′tion, ઇમ્પોર્ટેશન, *n.* act of importing; commodities imported. બહાર દેશથી લાવવું તે, આયાત; પરદેશથી આણેલો માલ.

Im-port′-u-nate, ઇમ્પૉર્ટ્યુનેટ, *a.* pressing. આગ્રહ–આજીજી ભરેલું, બજીત થઈને–લાંબણું થાલી બેઠેલું.

Im-por-tune′, ઇમ્પૉર્ટ્યૂન, *vt.* to ask unceasingly. કાલાવાલા—અત્યાગ્રહ કર્યા કરવો. [કાલાવાલા, આજીજી.
Im-por-tun′i-ty, ઇમ્પૉર્ટ્યૂનિટિ, *n.* urgency. અત્યાગ્રહ,
Im-pose′, ઇમ્પોઝ, *vt.* (L. *in* & *pono* I put) to lay on; deceive. મૂકવું, બેસાડવું, ઘાલવું; ધૂતવું, છેતરવું, ઠગવું.
Im-pos′ing, ઇમ્પોઝિંગ, *a.* dignified; effective. ડોળ–ભભકાદાર; અસરકારક.
Im-po-si′tion, ઇમ્પોઝિશન, *n.* deception; tax; laying on; an extra exerciso as a punishment. ઠગાઈ, દગો, પાખંડ; કર, જકાત; મૂકવું–બેસાડવું તે; સજા દાખલ વિદ્યાર્થીને લખી લાવવાનો કે મ્હોડે તૈયાર કરવાનો પાઠ.
Im-pos′si-ble, ઇમ્પૉસિબલ, *a.* (L. *in* & *possibilis*) that cannot be; impracticable. અશક્ય, બને નહિ એવું; કરી ન શકાય એવું, અસાધ્ય. [tax. જકાત, દાણ, કર.
Im′post, ઇમ્પોસ્ટ, *n.* (L. *in* & *pono*) duty on goods,
Im-pos′tor, ઇમ્પૉસ્ટર, *n.* a deceiver. ઠગ, ધુતારો, ઢોંગી માણસ.
Im-pos′ture, ઇમ્પૉસ્ચર, *n.* imposition. ઢોંગ, દગલબાજી, ઠગાઈ.
Im′po-tence, ઇમ્પોટન્સ, *n.* (L. *in* & *potens* powerful) weakness. નબળાઈ; નામર્દાઈ. [નામર્દ, ઉદ્વિગ્ન.
Im′po-tent, ઇમ્પોટંટ, *a.* weak, feeble. નબળું, નપુંસક,
Im-pov′er-ish, ઇમ્પૉવરિશ, *vt.* (Fr *in* & *povere* poor) to make poor or sterile. ગરિબ–નિર્ધન–ભિખારી કરવું; સત્વ–કસ કાઢી લેવો.
Im-prac′ti-ca-ble, ઇમ્પ્રૅક્ટિકેબલ, *a.* (L. *in* & *practica-*

ble)impossible;unreasonable;impassable. અશક્ય, અસાધ્ય; સમજે નહિ એવું, હઠીલું; જવાય નહિ એવું, અગમ્ય.

Im'pre-cate,ઇમ્પ્રીકેટ, *vt.*(L.*in* & *precare* to pray) to invoke evil on.શાપ દેવો,બદદુવા માગવી,અકલ્યાણ ઇચ્છવું.

Im-preg'na-ble, ઇમ્પ્રેગ્નેબલ, *a.* (L. *in* & *prehendo* I take) not to be taken by force; invincible. હુમલાથી લઈ શકાય નહિ એવું;–ની સામા કોઈનું ચાલે નહિ એવું.

Im-preg'nate, ઇમ્પ્રેગ્નેટ, *vt.* (L. *in*, *pre* & *gigno* I beget) to make pregnant, or fruitful. ગર્ભવંતી-ગાભણી કરવી, ફળવંત કરવું;–વાળું થવું.

Im-press', ઇમ્પ્રેસ, *vt.* (L. *in* & *premo* I press) to print, stamp; fix deep; take by force. છાપ–નિશાન પાડવી–મારવી; ઠસાવવું, ઉતારવું; વેઠે પકડવું. *n.* mark, stamp. છાપ, નિશાની, આકાર, મુદ્રા.

Im-press'ion, ઇમ્પ્રેશન, *n.* mark; influence; effect; remembrance; edition. છાપવું તે, છાપ;-ભાસ; અસર, મનમાં વાત ઉતરવી તે; કોઈ સાધનથી થયલો ફાયદો કે નુકસાન; યાદ, સ્મરણ; આવૃત્તિ. [એવું; અસરકારક, હૃદયભેદક.

Im-press'ive, ઇમ્પ્રેસિવ, *a.* effective. મનમાં ઠસી જાય

Im-print', ઇમ્પ્રિંટ, *vt.* (L. *in* & print) to impress; fix deep. છાપ મારવી–પાડવી; મનમાં ઠસાવવું–ઉતારવું.

Im-pris'on, ઇમ્પ્રિઝન, *vt.* (L. *in* & prison) to put in prison; restrain.કેદકરવું; બંધીખાને નાખવું, અટકાવવું,પૂરવું.

Im-pro'ba-ble,ઇમ્પ્રોબેબલ, *a.*(L. *in* & *probo* to prove) unlikely. ઘણું કરીને બને નહિ એવું, અસંભવિત.

Im-promp'tu, ઇમ્પ્રૉમ્પ્ટ્યૂ, *a. ad.* (L. *in* & *promtus* ready) off-hand, without previous study. અગાઉથી વિચાર કર્યા વગર.

Im-prop'er, ઇમ્પ્રૉપર, *a.* (L. *in* & proper) unbecoming; unadapted. અયોગ્ય, અઘટિત, ગેરવાજબી; લાગુ પડે નહિ એવું, કરવા જેવું નહિ, અકર્તવ્ય. [નાલાયકી, ગેરવાજબીપણું.

Im-pro-pri'e-ty, ઇમ્પ્રોપ્રાયટિ, *n.* unfitness. અયોગ્યતા,

Im-prove', ઇમ્પ્રૂવ, *vt. i.* (L. *in* & *probo* to prove) to make or become better; to turn to good account; rise. સુધારવું, સુધરવું; સારો ઉપયોગ કરવો, સારા કામમાં લેવું, સાર કે શિખામણ કાઢવી; ચઢવું, વધવું.

Im-prove'ment, ઇમ્પ્રૂવમેંટ, *n.* advancement; good use of. સુધારો, ગુણવૃદ્ધિ, ચઢતી; સારો ઉપયોગ.

Im-prov'i-dent, ઇમ્પ્રૉવિડંટ, *a.* (L. *in*, *pro* & *video* to see) not foreseeing. ટૂંકી નજરનું, અલ્પવિચારી, ગાફેલ.

Im-pru'dence, ઇમ્પ્રૂડન્સ, *n.* (L. *in* & *prudens*) indiscretion. અવિચાર, અવિવેક, ગફલત. [વિચારી, અવિવેકી, ગાફેલ.

Im-pru'dent, ઇમ્પ્રૂડંટ, *a.* indiscreet. ડહાપણ નહિ એવું, અ-

Im'pu-dence, ઇમ્પ્યૂડન્સ, *n.* (L. *in* & *pudeo* I am ashamed) effrontery. નિર્લજ્જપણું. [બેઅદબ, બેશરમું, ઉદ્ધત.

Im'pu-dent, ઇમ્પ્યૂડંટ, *a.* shameless, immodest. નિર્લજ,

Im-pugn', ઇમ્પ્યૂન, *vt.* (L. *in* & *pungo* I fight) to assail by words. સામું-વિરૂદ્ધ બોલવું,-ની નાકહેવી, નિષેધ કરવું.

Im'pulse, ઇમ્પલ્સ, *n.* (See impel) force given; in-

fluence; motive. ધક્કો, આચકો, વેગ; પ્રેરણા, ઉત્તેજન, ઉશ્કેરણી; જુસ્સો, આવેશ, પ્રયોજન, હેતુ.

Im-puls'ive,ઈમ્પલ્સિવ,*a.* communicative force; acting from impulse. આંચકો મારનાર, ચલાવનારૂં, પ્રેરક; લહેરી, મનસ્વી, મનમોજી.

Im-pu'ni-ty, ઈમ્પ્યૂનિટિ, *n.* (L. *in* & *pœna* punishment) exemption from punishment or injury. શિક્ષા કે દંડની માફી, નુકસાન ન લાગવું તે.

Im-pure',ઈમ્પ્યૂર,*a.*(L.*in* &*purus* pure)unclean,foul; unholy; unchaste. મેલું, ગંદું; નાપાક, અપવિત્ર; છીનાળવું.

Im-pur'i-ty,ઈમ્પ્યૂરિટિ,*n.* foulness.નાપાક–મલીનપણું, મેલ.

Im-pu-ta'tion, ઈમ્પ્યૂટેશન, *n.* (L. *in* & *puto* I think) charge of wrong. આરોપ, દોષ, ઠપકો.

Im-pute', ઈમ્પ્યૂટ, *vt.* to charge upon, attribute. –નો આરોપ મૂકવો, –નું છે એમ માનવું–ઠરાવવું.

In, ઇન, *pre.* (L. AS.) within. મા, અંદર, મધ્યે, એ.

In-a-bil'i-ty. ઈનઍબિલિટિ, *n.* want of power. અશક્તિ, અસામર્થ્ય, ન શકવું–ન આવડવું તે.

In-ac-ces'si-ble, ઈનઍક્સેસિબલ, *a.* (L. *in* & *accessibilis*) out of reach; unobtainable. પહોંચાય–જવાય કે અવાય નહિ એવું, અગમ્ય; મળે નહિ એવું, અલભ્ય.

In-ac'cu-rate, ઈનઍક્યુરેટ, *a.* not exact. અશુદ્ધ, ખોટું.

In-ac'tion, ઇનઍક્શન, *n.* want of action; rest; idleness. નિરૂદ્યોગ, નવરાસ, આરામ; આળસ, સુસ્તી.

In-ac'tive, ઈનઍક્ટિવ્, *a.* idle; at rest. નિરૂદ્યોગી, નવરૂં, આળસુ, સુસ્ત, બંધ, જડ.

In-ad'e-quate, ઈનઍડિક્વેટ, *a.* not equal to the purpose. જોઈએ તેથી ઓછું, અધુરૂં, અયોગ્ય.

In-ad-miss'i-ble, ઈનઍડમિસિબલ્, *a.* (*in* & *admissible*) unallowable. અમાન્ય, અસ્વીકાર્ય, કબૂલ ન રખાય એવું.

In-ad-vert'ent, ઈનઍડવરટંટ, *a.* (L. *in* & *adverto* to turn to) heedless. ધ્યાન ન રાખતું, અસાવધ, ગાફેલ.

In-al'ien-a-ble, ઈનએલયેનેબલ્, *a.* (Fr.) unalienable. બીજાને અપાય નહિ એવું, વશોપભોગ્ય. [ઠાલું, પોકળ, શૂન્ય.

In-ane', ઈનેન, *a.* (L. *inanis*) void, empty. ખાલી,

In-an'i-mate, ઈનઍનિમેટ, *a.* (L. *in* & *animatus*) lifeless. નિર્જીવ, જડ, અચેતન.

In-ap'pli-ca-ble, ઈનઍપ્લિકેબલ્, *a.* not suitable, unfit. લાગુ પડે નહિ એવું, અનુચિત. [અઘટિત.

In-ap-pro'pri-ate, ઈનઍપ્રોપ્રિએટ, *a.* unsuited. અયોગ્ય,

In-ar-tic'u-late, ઈનઆર્ટિક્યુલેટ, *a.* (L. *in* & *articulus* joint) indistinct. સમજાય-સાફ નહિ એવું, અસ્પષ્ટ.

In-as-much', ઈનઍઝમચ, *ad.* Seeing that. એ માટે, એમ છે તેથી. [બેદરકાર, અનાદર.

In-at-ten'tion, ઈનઍટેન્શન, *n.* neglect. અલક્ષ, ગફલત,

In-aud'i-ble, ઈનઑડિબલ્, *a.* that cannot be heard. સંભળાય નહિ એવું.

In-au'gu-rate, ઈનઑગ્યુરેટ, *vt.* (L. *in* & *augurari*) to

consecrate;invest with office. ક્રિયા-વિધિપૂર્વક અધિકાર આપવો–ઉપર સ્થાપવું, અભિષેક કરવો, આરંભવું, ચાલુ કરવું.

In-au-spic'i-ous, ઇનઑસ્પિસિઅસ, *a.* unfortunate, unfavourable. અશુભ, અમંગળ, અપશુકનિયું.

In'born, In'bred, ઇનબૉર્ન, ઇનબ્રેડ, *a.* natural, innate. જન્મનું, સ્વાભાવિક, કુદરતી. [અસંખ્ય, અનંત.

In-cal'cu-la-ble, ઇનકૅલક્યુલેબલ, *a.* countless. અગણિત,

In-can-des'cent, ઇનકૅનડેસંટ, *a.* (L. *in* & *candes* I glow) glowing with heat. અતિગરમ–ઉષ્ણ.

In-can-ta'tion, ઇનકૅનટેશન, *n.* (L. *in* & *canto* I sing) enchantment; charm. જાદુ, મંતરમંતર; મોહિની.

In-ca'pa-ble, ઇનકેપેબલ, *a.* (L. *in* & *capio* I take) wanting space to contain; wanting strength or mental power; unable to learn or understand. માય–રહે નહિ એવું, મવાડી ન શકે એવું;–થી ન થાય–આવડે નહિ–સમજી ન શકાય એવું.

In-ca-pa'city, ઇનકૅપૅસિટિ, *n.* inability. અશક્તિ, નાલાયકી. [son.) to imprison. કેદ કરવું, બંધીખાને નાખવું.

In-car'cer-ate, ઇનકાર્સેરેટ, *vt.* (L. *in* & *carcer* a pri-

In-car'nate, ઇનકાર્નેટ, *a.* (L. *in* & *caro* flesh) clothed with flesh. દેહધારી, અવતારી, સદેહ. [બેફિકર, ગાફેલ.

In-cau'ti-ous, ઇનકૉશિઅસ, *a.* not heedful. અસાવધ,

In-cen'di-a-ry, ઇનસેનડિઅરિ, *n.* (L. *in* & *candere* to glow) a malicious burner; he who foments strife. કજ

ભાવથી આમ લગાડનાર; લડાઈ કરાવનાર, કજીઆ સળગાવનાર.
In'cense, ઇન્સેન્સ, *n.* odour of spices. ધૂપ, સુગંધ. *vt.* to perfume with incense. ધૂપ દેવો-કરવો. [કરવું.
In-cense', ઇન્સેન્સ, *vt.* to provoke. કોપાયમાન-ક્રોધાયમાન
In-cen'tive, ઇન્સેંટિવ્, *a.* inciting. ઉશ્કેરનાર, ઉત્તેજન આપનાર. *n.* encouragement. ઉત્તેજન, ઉશ્કેરણી
In-cep'tive, ઇન્સેપ્ટિવ્, *a.* (L. *in* & *capio* I take) beginning. આરંભનું, શરૂઆતનું.
In-cer'ti-tude, ઇનસર્ટિટ્યૂડ, *n.* (L. *in* & *certus* certain) uncertainty. અનિશ્ચય, સશંકપણું.
In-cess'ant, ઇન્સેસંટ, *a.* (L. *in* & *cesso* I cease) unceasing, continual. નિરંતર, બંધ ન પડે એવું, ઉપરા ઉપરી.
In'cest, ઇન્સેસ્ટ, *n.* (L. *in* & *castus* chaste) gross unchastity. નિકટ સગાં સાથે સંભોગ, અગમ્યાગમન.
Inch, ઇંચ, *n.* (L. AS. *ince*) 12th part of a foot. એક ફુટનો ૧૨ મો ભાગ, તસુ, ઇંચ. [અધુરૂં, કાચું.
In-cho-ate, ઇન્કોએટ, *a.* (L. *inchoatum*) begun. આરંભેલું,
In'ci-dent, ઇન્સિડંટ, *n.* (L. *in* & *cado* I fall) occurrence; an episode. બનાવ, બિના; ઉપાખ્યાન, આડકથા. *a.* falling on. પડતું, થતું, લગતું.
In-ci-dent'al, ઇન્સિડેંટલ, *a.* accidental; casual. કોઈવખા-અકસ્માત-અચિંતુ બનેલું; મુખ્ય ન હોય તેવું, ગૌણ, પ્રાસંગિક.
In-cip'i-ent, ઇન્સિપિઅંટ, *a.* See Inceptive. [કાપ, કાપવું તે.
In-cis'ion, ઇન્સિશન, *n.* (L. *in* & *cædo* I cut) a cut.

In-ci'sor, ઇન્સાઇઝર, *n.* a foretooth. આગળનો દાંત.

In-cite', ઈન્સાઈટ, *vt.* (L. *in* & *citare* to rouse) to stir up. ઉશ્કેરવું, ચઢાવવું, શિખવવું. [શ્કેરણી, ઉઠાવણી.

In-cite'ment, ઈન્સાઈટ્મેંટ, *n.* motive for action. ઉ-

In-ci-vil'i-ty, ઈન્સિવિલિટિ, *n.* (L. *in* & *civis* a citizen) impoliteness. અવિનય, અમર્યાદા, બેઅદબીનું કામ.

In-clem'ent, ઈનક્લેમેંટ, *a.* (L. *in* & *clemens* mild) unmerciful; stormy. નિર્દય; તોફાની.

In-cli-na'tion, ઈનક્લિનેશન, *n.* (L. *in* & *clino* I bend) slope; tendency; desire. ઢાળ, ઢોળાવ; વળવું તે, વળણ; મનનું વળણ, ઈચ્છા.

In-cline', ઈનક્લાઈન, *vt. i.* to lean; bend; to be disposed. વળવું, મરડાવું; વાળવું, મરડવું; મન થવું, ચહાવું.

In-clude', ઈનક્લ્યૂડ, *vt.* (L. *in* & *claudo* I shut) to comprise. સમાવવું, સમાવેશ કરવો,–માં ગણાવું કે આવેલાં હોવું.

In-clu'sive, ઈનક્લ્યૂસિવ્, *a.* comprehending. –માં ગણીને, અંદર લીધેલું, સાથે, સહિત, સુદ્ધાં.

In-cog', In-cog'ni-to, ઈન્કોગ, ઈન્કોગ્નિટો, *ad.* (L. *in*, *con* & *nosco* I know) in disguise; in private. ઓળખાય નહિ એવે રૂપે, ગુપ્ત વેષે. [nized. ઓળખાય–જણાય નહિ એવું.

In-cogn'iz-a-ble, ઈન્કોગ્નિઝેબલ, *a.* that cannot be recog-

In-co-he'rent, ઈન્કોહીરેંટ, *a.* (see cohere) not connected. અળગું, છૂટું; અસંયુક્ત, વિરૂદ્ધ, સંબંધ વિનાનું–ન રાખનારૂં. [burned. બળે–સળગે નહિ એવું.

In-com-bus'ti-ble, ઈન્કોમ્બસ્ટિબલ, *a.* that cannot be

In'come, ઇન્કમ, *n.* (*in* & come) gain from work, business, &c. આવક, પેદાસ, કમાઈ, ઉપજ, આયપેત.
In-com-men'sur-ate, ઇન્કૉમેન્સ્યૂરેટ, *a.* not of equal extent. પ્રમાણમાં ઓછું, બરોબર-જેટલું-તેટલું નહિ.
In-com-mode', ઇન્કૉમોડ, *vt.* (L. *in* & *commodus* convenient) to give trouble to, annoy. -ને અડચણ પાડવી, અવગડમાં નાખવું, ઇજા-તસદી આપવી.
In-com'pa-ra-ble, ઇન્કૉમ્પેરેબ્લ, *a.* (L. *in*, *con* & *parare* to set) matchless. જેનાજેવું બીજું નહિ એવું, અનુપમ.
In-com'pe-tence, ઇન્કૉમ્પિટન્સ, *n.* (L. *in*, *con* & *peto* to seek) want of means, &c. અશક્તિ, અપૂર્ણતા, અયોગ્યતા. [નાલાયક, અધૂરું, અપૂર્ણ, ગેરવાજબી.
In-com'pe-tent, ઇન્કૉમ્પિટંટ, *a.* unfit. કાચું, અયોગ્ય,
In-com-plete', ઇન્કૉમ્પ્લીટ, *a.* (L. *in* & *complere* to fill up) not finished; defective. અપૂર્ણ, અધૂરું; ખોડવાળું.
In-com-pre-hen'si-ble, ઇન્કૉમ્પ્રીહેન્સિબલ, *a.* (L. *in*, *con* & *prehendere* to take) not to be understood. સમજાય નહિ એવું, ગૂઢ, દુર્બોધ. [ed. અતર્ક્ય, અચિંત્ય, ગૂઢ.
In-con-ceiv'a-ble, ઇન્કન્સીવેબ્લ, *a.* not to be imagin-
In-con'gru-ous, ઇનકૉંગ્રૂઅસ, *a.* (L. *in* & *congruere* to agree) unsuitable. અયોગ્ય, અયુક્ત, વિરૂદ્ધ.
In-con-sist'ent, ઇન્કન્સિસ્ટંટ, *a.* (L. *in*, *con* & *sisto* to stand) incompatible; fickle. અયુક્ત, અસંબંધ, ઉલટું, વિપરીત; ચંચળ-અસ્થિર મનનું.

In-con-so'la-ble, ઈન્કૉન્સોલેબલ, *a*. (L. *in* & *consolari* to comfort) not to be comforted. શાંત થાયનહિ એવું, શોકમાં ડુબેલું. [fickle. બદલાઇ જાય એવું, અસ્થિર, ચળિત.

In-con'stant, ઈન્કૉન્સ્ટંટ, *a*. (L. *in*, *con* & *stare* to stand)

In-con-test'a-ble ઈન્કૉન્ટેસ્ટેબલ, *a*. indisputable. નિર્વિવાદ, જે વિષે વાદ થાય નહિ એવું.

In-con-ve'ni-ence, ઈન્કન્વિનિઅન્સ, *n*. (L. *in*, *con* & *venio* to come) that which troubles. અડચણ, નડ, અગવડ-સોઈ-વગ ન હોવો તે. [અડચણવાળું, વગ-સોઈવિનાનું.

In-con-ve'ni-ent, ઈન્કન્વિનિઅંટ, *a*. unfit, unsuitable.

In-cor'po-rate, ઈન્કૉરપોરેટ, *vt. i*. (L. *in* & *corpus* body) to unite, mix; embody; amalgamate. ભેળી દેવું, એક-સરખું કરવું; શરીરમાં મૂકવું, સાકાર કરવું; જોડવું, મેળવવું.

In-cor-rect', ઈન્કરેક્ટ, *a*. (L. *in*, *con* & *regere* to lead) wrong, not exact. ખોટું, અશુદ્ધ, જુઠું, અસત્ય, ગેરવાજબી.

In-cor'ri-gi-ble, ઈન્કૉરિજિબલ, *a*. (L. *in* & *corrigo* I correct) beyond correction. સુધરે નહિ એવું, વંઠીગયલું.

In-cor-rupt', ઈન્કૉરપ્ટ, *a*. (L. *in*, *con* & *rumpo* I break) honest, pure. પ્રમાણિક, સુધ, નેક; શુદ્ધ, પવિત્ર.

In-cor-rupt'i-ble, ઈન્કૉરપ્ટિબલ, *a*. that connot decay; not to be bribed. અક્ષય, અવિકારી, બગડે નહિ-લાંચ ન લે એવું. [cay. અવિકાર, અનાશ, અવિકૃતિ.

In-cor-rup'tion, ઈન્કૉરપ્શન, *n*. exemption from de-

In-crease', ઈન્ક્રીઝ, *vi*. (L. *in* & *cresco* I grow) to grow;

augment. વધવું, વૃદ્ધિ થવી, ઉમેરવું. *vt.* to cause to grow; spread; lengthen. વધારવું, ચઢાવવું; ફેલાવવું; લાંબું કરવું.

In'crease, ઈન્ક્રીસ, *n.* growth; profit. વધારો, વૃદ્ધિ; નફો.

In'cre-ment, ઈન્ક્રિમેંટ્, *n.* increase. વધારો, વૃદ્ધિ, ઉપજ.

In-cre'di-ble, ઈન્ક્રેડિબ્લ્, *a.* (L. *credere* to believe) not to be believed. માનવાજોગ નહિ એવું, અવિશ્વાસ્ય.

In-cred'u-lous, ઈન્ક્રેડ્યુલસ, *a.* doubting. તરત ન માને એવું, અશ્રદ્ધાવાન. [crime) to accuse. તોહમત મૂકવું.

In-crim'i-nate, ઈનક્રિમિનેટ, *vt.* (L. *in* & *crimen* a

In'cu-bate, ઈન્ક્યુબેટ, *vi.* (L. *in* & *cumbo* I lie down) to brood, sit. ઇંડાને સેવવું. [થવાથી થયલું સ્વપ્ન.

In'cu-bus, ઈન્ક્યુબસ, *n.* nightmare. ઓથાર, અજીર્ણ

In-cul'cate, ઈન્કલકેટ, *vt.* (L. *in* & *calco* I tread upon) to impress by teaching. બોધ કરી કરી મનમાં ઠસાવવું.

In-cul'pa-ble, ઈન્કલ્પેબ્લ્, *a.* (L. *in* & *culpa* a fault) unblamable; faultless. નિર્દોષ, નિરઅપરાધી, બેગુનાહ.

In-cul'pate, ઈન્કલપેટ, *vt.* to censure. દોષ-ઠપકો મૂકવો.

In-cum'ben-cy, ઈન્કમ્બનસિ, *n.* (L. *in* & *cumbo* I lie down) holding of office. કર્તવ્ય કામ-વૃત્તિનો ભોગવટો.

In-cum'bent, ઈન્કમ્બંટ *n.* holder of benefice. ધર્મની વૃત્તિ ભોગવનાર, કોઈ જગા કે હોદ્દાપર હોનાર. *a.* resting upon; supported; resting on. ઉપર પડેલું-રહેલું;-નું આશ્રિત-અવલંબિત, સુતેલું; માથે ચોંટેલું-ફરજ દાખલ રહેલું.

In-cur', ઈન્કર, *vt.* (L. *in* & *curro* I run) to be-

come liable to, to bring on. યોગ્ય-લાયક કરવું-થવું;-પર આણવું, વ્હોરી લેવું. [હુમલો, ચઢાઈ.

In-cur'sion, ઈન્કર્શન, n. inroad, invasion. સ્વારી,

In-cur'a-ble, ઈન્ક્યુરેબલ, a. (L. *in* & *curo* to cure) that cannot be cured; irremediable. સારૂં ન થાય એવું, અસાધ્ય; નિરૂપાય, બેઈલાજ.

In-debt'ed, ઈન્ડેટેડ, a. (L. *in* & *debeo* I owe) being in debt; obliged. દેણદાર, કરજદાર; ઓશિયાળું, આભારી.

In-debt'ed-ness, ઈન્ડેટેડનેસ,n. being in debt. આભારી-ઓશિયાળાપણું. [modesty. અમર્યાદ-ઉઘાડ-બીભત્સપણું,

In-de'cen-cy, ઈન્ડિસન્સિ, n. (L. *in* & *decet*) im-

In-de'cent, ઈન્ડિસંટ, a. indelicate. નાગું, ઉઘાડું, ભુંડું.

In-de-ci'sion, ઈંડિસિશન, n.(L. *in* & *decidere* to determine) want of decision. અનિશ્ચય, અનિર્ણય, સંદેહ.

In-de.cis'ive, ઈંડિસાઈસિવ, a. unsettled; vacillating. નિકાલ-નિર્ણય ન થાય-છેડો ન આવે એવું; ઢચુપચુ, અસ્થિર.

In-de-clin'a-ble, ઈંડિક્લાઈનેબલ, a. not varied by terminations. જેને જાતિ, વચન ને વિભક્તિ લાગે નહિ એવું.

In-de-co'rous, ઈંડિકોરસ, a. (L. *in* & *decus* honour) violating good manners. અસભ્ય, અયુક્ત,વિનયવિરૂદ્ધ.

In-de-co'rum, ઈંડિકોરમ, n. impropriety. અયોગ્ય કામ, અવિનય. [in fact. ખરેખર, ખરેખાત, ખચીત.

In-deed', ઈંડીડ, *ad.* (in & deed) in reality, in truth,

In-de-fat'i-ga-ble, ઈંડિફૅટિગેબલ, a.(L. *in*, *de* & *fatigare*

to tire) unwearied. થાકી ન જાય એવું, થાકયાવગર કરેલું.

In-de-feas'i-ble, ઇંડિફીઝિબલ, *a.* (F. *in* and *defaire* to undo) incapable of being made void. રદ નહિ થાય એવું, ખંડન કરી ન શકાય એવું.

In-def'i-nite, ઈંડેફિનિટ, *a.* (L. *in*, *de* & *finis* end) not precise. અનિશ્ચિત, અનિયમિત, મોઘમ; બેહદ, બેસુમાર.

In-del'i-ble, ઈંડેલિબલ, *a.*(L. *in* & *delere* to blot out) not to be blotted out. જાય-ભૂસાય નહિ એવું.

In-del'i-cate, ઈંડેલિકેટ, *a.* (L. *in* & *deliciæ* delight) immodest. બેશરમ, નિર્લજ્જ, નિર્લાજરૂં.

In-dem'ni-fy, ઈંડેમ્નિફાઇ, *vt.* (L. *in*, *damnum* loss & *facio* I do) to secure against loss; to make good. નુકસાનથી બચાવવું; ભરી આપવું. [ન થવાની જામીનગીરી.

In-dem'ni-ty, ઈંડેમ્નિટિ, *n.* compensation. નુકસાન-શિક્ષા

In-den-ta'tion, ઈંડેંટેશન, *n.* (L. *in*, & *dens* a tooth) notch, jag. ખાંડ, ખાંચખૂચ, ખાંચ. [ખત, લખત.

In-dent'ure, ઈંડેન્ચર, *n.* a deed, covenant. કરારનામું,

In-de-pen'dence, ઈંડિપેંડન્સ, *n.* (L. *in*, *de* & *pendeo* to hang) freedom from control; competence. સ્વતં-ત્રતા, સ્વાધીનપણું; પોતાનો ખર્ચ ચલાવવાની શક્તિ, સંપન્નતા.

In-de-pen'dent, ઈંડિપેંડંટ, *a.* self-relying; not subject to bias; not connected with. સ્વતંત્ર, સ્વાધીન, આપઅખ્તિયાર; સ્વેચ્છાધીન; છુટું, સબંધ વગરનું.

In-de-scrib'-a-ble, ઈંડિસ્ક્રાઇબઅબલ, *a.* that cannot be described. અવર્ણનિય, વર્ણન કરાય નહિ એવું.

In-de-struct'i-ble, ઈંડિસ્ટ્રક્ટિબલ, *a.* that cannot be destroyed. નાશ થાય નહિ એવું, અક્ષય, અવિનાશી. [મોઘમ,
In-de-term'i-nate, ઈંડિટર્મિનેટ. *a.* indefinite. અનિશ્ચિત,
In'dex, ઈંડેક્સ, *n.* (L. *in* & *dico* I say) something that points ; table of contents. દેખાડનાર, દર્શક, સૂચક; હાથ; કાંટો; સાંકળિયું, અનુક્રમણિકા; ઘાતપ્રકાશક.
In'di-an-corn, *n.* ઈંડિઅનકૉર્ન, *n.* maize. મકાઈદોડો.
In'di-an-fig-tree, ઈંડિઅનફિગટ્રી, *n.* cactus. વડનું ઝાડ.
In'di-cate, ઈંડિકેટ, *vt.* (L. *in* & *dico* I say) to show, point out. દેખાડવું, બતાવવું, દેખાવું, જણાવું.
In-di-ca'tion, ઈંડિકેશન, *n.* symptom, token. ચિન્હ, નિશાની, લક્ષણ. [દર્શક, સૂચક, બોધક, નિશ્ચયાર્થ.
In-dic'a-tive, ઈંડિકેટિવ, *a.* pointing out. દેખાડનારૂં,
In-dict', ઈંડાઈટ, *vt.* to charge with crime. વડી જુરીના ઠરાવપરથી તોહોમત મૂકવું. [એ લખેલો દોષારોપ પત્ર.
In-dict'ment, ઈંડાઈટમેંટ, *n.* formal charge. વડી જુરી-
In-dif'fer-ent, ઈંડિફરંટ, *a.* (L. *in*, *dis* & *fero* I bear) careless ; passable; impartial. બેફિકરૂં, બેદરકાર, નિસ્પૃહિ; કામચલાઉ, ઠીક, સાધારણ; સમાન, સરખું, તફાવત વગરનું.
In-dig'en-ous, ઈંડિજિનસ, *a.* (L. *in* & *gigno* I beget) native to a country. દેશી, ગામથી. [needy. ગરીબ, કંગાળ.
In'di-gent, ઈંડિજંટ, *a.* (L. *in*, & *egeo* to need) poor,
In-di-gest'i-ble, ઈંડિજેસ્ટિબલ, *a.* (L. *in*, *dis*, & *gerere* to bear) not digestible ; not to be borne pa-

tiently. નપચે એવું, ભારે, અજીર્ણકારક; સાંખી ન શકાય એવું.
In-di-gest'ion, ઇંડિજેસ્ચન, *n.* dyspepsia.અજીર્ણ, અપચો.
In-dig'nant,ઇંડિગ્નંટ,*a.*(L.*in*&*dignus* worthy)angry. ગુસ્સે થયલું,ક્રોધાયમાન. [અનાદર–અપમાન–તિરસ્કાર, અવજ્ઞા.
In-dig'ni-ty,ઇંડિગ્નિટિ, *n.* injury with insult. અયોગ્ય
In'di-go, ઇંડિગો, *n.* (L. *indicum* from India) indian-blue. ગળી, ગુલી.
In-dis-creet', ઇંડિસ્ક્રીટ, *a.* (L. *in*, *dis* & *cerno* to separate) injudicious.અવિચારી, અવિવેકી. [ર, અવિવેક.
In-dis-cre'tion,ઇંડિસ્ક્રેશન,*n.*folly,imprudence.અવિચા-
In-dis-pens'a-ble, ઇંડિસ્પેન્સેબલ, *a.* (L. *in*, *dis* & *pendo* to weigh) necessary. ઘણું જરૂરનું, અગત્યનું.
In-dis-po-si'tion, ઇંડિસ્પોઝિશન, *n.* (L. *in*, *dis* & *pono* to put) want of will; disorder. અપ્રીતિ, નાખુશી, અરૂચી, કંટાળો; માંદગી, વિકાર, કસર.
In-dis'put-a-ble, ઇંડિસ્પ્યૂટેબલ, *a.* (L. *in*, *dis* & *puto* to think)unquestionable.તકરાર–વાંધાવગરનું, નિર્વિવાદ.
In-dis'sol-u-ble, ઇંડિસોલ્યુબલ, *a.* (L. *in*, *dis* & *solvere* to loose) not capable of being melted; binding, obligatory.પિગળે નહિં એવું;તોડાય-ભંગાય નહિ એવું,અભંગ.
In-dis-tinct',ઇંડિસ્ટિંક્ટ,*a.*(L. *in*,*dis* &*tinctus* marked off)confused; obscure; faint. અભિન્ન, અસ્પષ્ટ; ઝાંખું.
In-dite', ઇંડાઇટ, *vt.* (L. *in* & *dico* I say) to compose, write; dictate. બનાવવું, રચવું; બોલીને લખાવવું.

In-di-vid'u-al,ઈંડિવિડ્યુઅલ,*n.* (L. *in* & *divido*) a single person. જણ,માણસ,આસામી.*a.* one; single.અમુક, એક,એકલાનું,એકનું.[teachable. શિખે નહિ એવું,અશિક્ષ્ય.
In-doc'ile, ઈંડૉસિલ, *a.* (L. *in* & *docere* to teach) not
In'do-lence, ઈંડોલન્સ, *n.* (L. *in* & *dolere* to feel pain) slothfulness. આળસ, સુસ્તી. [મંદબુદ્ધિનું, જડ.
In'do-lent, ઈંડોલંટ, *a.* lazy, slothful. આળસુ, સુસ્ત,
In-dom'it-a-ble, ઈંડૉમિટેબ્લ, *a.* (L. *in* not & *domo* I tame) untamable.જીતાય-વશ થાય નહિ એવું,અજેય.
In-dorse', ઈંડૉર્સ, *vt.* (L. *in* & *dorsum* the back) to write on the back of.હુંડી વગેરે ની પાછળ સહી કરી સીકારવું, કબૂલ-માન્ય કરવું. [undoubted, plain.ખચીત, નક્કી.
In-dub'it-a-ble,ઈંડ્યુબિટેબ્લ,*a.*(L.*in* & *dubito* I doubt)
In-duce', ઈંડ્યૂસ, *vt.* (L. *in* & *duco* I lead) to persuade, incite; cause. મન થાય તેવું કરવું, સમજાવવું, મન ફેરવવું ઉશ્કેરવું; ઉત્પન્ન કરવું,-થી આવવું-થવું.

In-duce'ment,ઈંડ્યૂસમેંટ,*n.* motive. લાલચ, મતલબ, કારણ.
In-due', ઈંડ્યૂ, *vt.* (L. *en* & *ducin* to enter) to invest, to furnish. આપવું, દેવું.

In-dulge', ઈંડલ્જ,*vt.* (L. *in* & *dulcis* kind) to gratify, humour; permit; enjoy. મુઢે પાડવું, તૃપ્ત કરવું; લાડ લડાવવાં, ખુશ કરવું; કરવા દેવું, રજા-છુટ આપવી, મના ન કરવી; મરજી મુજબ-મનમાં આવે એમ ભોગ કરવો.

In-dul'gence, ઈંડલજન્સ, *n.* favour granted. મહેરબાની, લાડ, બક્ષીસ, પ્રસાદ, મરજી મુજબ ભોગ, રજા, છૂટ.
In-dul'gent, ઈંડલજંટ, *a.* compliant; mild. લાડ લડાવનાર, કોડ પૂરા પાડનાર; માયાળુ, દયાળુ, ક્ષમાશીલ.
In'du-rate, ઈંડ્યુરેટ, *vi. t.* (L. *in* & *durus* hard) to harden. કઠણ થવું; મન કઠણ-નિર્દય કરવું.
In-dus'tri-ous, ઈંડસટ્રિઅસ, *a.* (L. *in* & *struo* I pile up) diligent. ઉદ્યોગી, મહેનતુ. [મહેનત, પરિશ્રમ.
In'dus-try, ઈંડસટ્રિ, *n.* diligence, assiduity. ઉદ્યોગ,
In-e'bri-ate, ઈનઈબ્રિએટ, *vt.* (L. *in* & *ebrius* drunk) to intoxicate; stupify. કેફી-છાકટું કરવું;-થી બેશુદ્ધ થવું. *n.* a drunkard. છાકટું-દારૂબાજ માણસ.
In-ef'fa-ble, ઈનએફેબલ્, *a.* (L. *in* & *effari* to speak) unspeakable. કહેવાય-વર્ણાય નહિ એવું.
In-ef-fect'ive, In-ef-fec'tu-al, ઈનએફેક્ટિવ, ઈનએફેક્ચુઅલ, *a.* (L. *in*, *e* & *facio* to do) useless, in vain, weak. વ્યર્થ, નિરૂપયોગી; અશક્ત. [નિરૂપયોગ.
In-ef'fi-ca-cy, ઈનએફિકસિ, *n.* want of power. નિષ્ફળતા,
In-ef'fi-ci-ent, ઈનએફિશિઅંટ, *a.* not active or efficacious. નિરર્થક, ગુણકારી નહિ એવું, અશક્ત.
In-el'i-gi-ble, ઈનએલિજીબલ્, *a.* (L. *in*, *e* & *lego* I choose) unfit, unworthy. પસંદ પડવાને અયોગ્ય, નાલાયક. [less. અયોગ્ય; બેવકૂફ.
In-ept', ઈનએપ્ત, *a.* (L. *in* & *aptus* apt) unfit, use-

In-ert′, ઈનઅર્ટ, *a.* (L. *in* & *arts* art) sluggish, slow to act; motionless. સુસ્ત, મંદ બુદ્ધિનું; જડ, અચેતન.

In-er′ti-a, ઈનરશિઆ, *n.* inactivity. જે ગુણથી પદાર્થ સ્થિર કે ગતિવાળો જે દશામાં હોય તેજ દશામાં તે રહે તે ગુણ, જડત્વ, અચેતનતા. [I value) invaluable. અસંખ્ય; અમુલ્ય.

In-es′tim-a-ble, ઈનએસ્ટિમઅબલ્, *a.* (L. *in* & *æstimo*

In-ev′i-ta-ble, ઈનએવિટેબલ, *a.* (L. *in*, *e* & *vito* I avoid) unavoidable. દૂર કરાય નહિ એવું, અટળ, અનિવાર્ય.

In-ex-act′, ઈનએક્ઝૅક્ટ, *a.* (L. *in*, *ex* & *ago* I drive) incorrect. ભૂલ ભરેલું.

In-ex-cus′a-ble, ઈનએકસકયૂઝેબલ, *a.* (L. *in*, *ex* & *causa* a cause) unpardonable. માફ થાય નહિ એવું, અક્ષમ્ય.

In-ex-haust′i-ble, ઈનએગઝહૅાસ્ટિબલ, *a.* (L. *in*, *ex* & *haurio* I draw) that cannot be exhausted or wasted. અખૂટ, અપાર, ખૂટે-ઘટે નહિ એવું.

In-ex′o-ra-ble, ઈનએક્સોરેબલ, *a.* (L. *in* & *exoro* I entreat) unrelenting. કાલાવાલાથી જેનાપર અસર નથાય એવું, નિર્દય [foot)improper, unfit. અયોગ્ય, અનુપયોગી.

In-ex-pe′di-ent, ઈનએકસપીડિઅંટ, *a.* (L. *in*, *ex* & *pedis*

In-ex-pe′ri-ence, ઈનએકસપીરિઅન્સ, *n.* (L. *in* & *experior* I try) want of experience. અજાણપણું, ગેરમાહિતી, કચ્ચાઈ.

In-ex-pert′, ઈનએકસપર્ટ, *a.* unskilful. અચતુર, અનાડી.

In-ex′pi-a-ble, ઈનએકસપિએબલ, *a.* (L. *in*, *ex* & *pio* I appease) not expiable. જેનું પ્રાયશ્ચિત નથી એવું.

In-ex′pli-ca-ble, ઈનએક્સપ્લિકબલ, *a.* (L. *in, ex* & *plico* I fold) unexplainable. સમજાવાય નહિ એવું, ગૂઢ, ગહન.

In-ex-press′i-ble, ઈનએક્સપ્રેસિબલ, *a.* (L. *in, ex* & *premo* I press) unutterable. કહેવાય-વર્ણાય નહિ એવું.

In-fal′li-ble, ઈનફૉલિબલ, *a.* (L. *in* & *fallo* to deceive) that cannot err; certain. ભૂલ કરી ન શકે એવું, અચૂક, નિર્ભ્રાંત; ખચીત, નક્કી. [અપમાન ભરેલું, ફજેત-બદનામ થયલું.

In′fa-mous, ઈનફૅમસ, *a.* (L. *in* & *fama*) base, odious.

In′fa-my, ઈનફૅમિ, *n.* public disgrace. અપકીર્તિ, અપજશ, બેઆબરૂ, બદનામી.

In′fan-cy, ઈનફૅન્સિ, *n.* (L. *in* & *fari* to speak) the first part of life; beginning. બચપણ, આરંભ, પૂર્વાવસ્થા.

In′fant, ઈન્ફંટ, *n.* a child, a babe. બાળ-ક, બચ્ચું; ઈંગલંડમાં ૨૧ ને હિંદુસ્તાનમાં ૧૬ વર્ષની અંદરનું છોકરૂં. *a.* young; tender, immature. બાળપણનું, નહાનું, કોમળ, કાચું.

In-fant′i-cide, ઈન્ફૅંટિસાઈડ, *n.* (L. *infans* & *cædo* I kill) child murder; a slayer of infants. બાળહત્યા, બાળહત્યા કરનાર. [ing to infants. બાળકનું-સરખું, બચપણનું.

In′fan-tile, In′fan-tine, ઈન્ફૅંટાઈલ, ઈન્ફૅંટાઈન, *a.* pertain-

In′fan-try, ઈન્ફૅંટ્રિ, *n.* (Fr. *infante* young man) foot-soldiers. પગે ચાલનારૂં લશ્કર, પાયદળ.

In-fat-u-a′tion, ઈન્ફૅટ્યુએશન, *n.* (L. *in* & *fatuus* foolish) extreme folly. ઘેલા-ગાંડાપણું, મૂર્ખાઈ, બુદ્ધિહીનતા, મોહ.

In-fect′, ઇન્ફેક્ટ, *vt.* (L. *in* & *facio* I do) to taint with disease; corrupt. ચેપ લગાડવો, રોગી કરવું; બગાડવું.

In-fec′tion, ઇન્ફેક્શન, *n.* communication of disease &c. ઉડતો રોગ, ચેપ; સોબતની અસર, સંગતી દોષ.

In-fe′lic-i-ty, ઇન્ફેલિસિટિ, *n.* (L. *in* and *felix* happy) misery; ill-luck. દુ:ખ. અકલ્યાણ, કમનસીબ.

In-fer′, ઇન્ફર, *vt.* (L. *in* & *fero* to bear) to draw, derive, deduce. અનુમાન–તર્ક સિદ્ધ કરવું, અટકળ બાંધવી.

In-fer′a-ble, ઇન્ફરઅબલ, *a.* deducible. અનુમાન–તર્ક કરવાજોગ. [અનુમાન, તર્ક.

In′fer-ence, ઇન્ફરન્સ, *n.* deduction, conclusion.

In-fe′ri-or, ઇન્ફિરિઅર, *a.* (L. *infra* beneath) lower in age or place or value. ઉંમરે નહાનું, નીચેનું, ઉતરતી પદવી કે દરજાનું, હાથ નીચેનું, હલકું, નીચું, ઉતરતું, ગૌણ. *n.* one lower in age or place. નહાની ઉંમરનું કે ઉતરતી પદવી કે હાથ નીચેનું માણસ. [પદવી–દરજ્જો, ગૌણતા, નીચપણું.

In-fe-ri-or′i-ty, ઇન્ફિરિઑરિટિ, *n.* a lower state. ઉતરતી

In-fer′nal, ઇન્ફર્નલ, *a.* pertaining to hell; fiendish. નરક સંબંધી–વાસી; અતિદુષ્ટ, ઘાતકી.

In′fest, ઇન્ફેસ્ટ, *vt.* (L. *in* & *fero* to bear) to disturb, annoy. દુ:ખ દેવું, ઉપદ્રવ કરવો, ઇજા–તસ્દી આપવી.

In′fi-del, ઇન્ફિડેલ, *n.* (L. *in* & *fides* faith) unbeliever. અવિશ્વાસી માણસ, ધર્મનિંદક. [અવિશ્વાસ, બેઇમાન; જારકર્મ.

In-fi-del′i-ty, ઇન્ફિડેલિટિ, *n.* disbelief, unfaithfulness.

In-fil'trate, ઇન્ફિલ્ટ્રેટ, *vt.* (*in* & Fr. *filtrer*) to enter by the pores. છિદ્ર–કાણામાં થઈને પેસવું. [immense. બેહદ.

In'fi-nite, ઇન્ફિનિટ, *a.* (L. *in* & *finis* end) boundless,

In-fin-it-es'i-mal ઇન્ફિનિટએસિમલ, *a.* infinitely small. ઘણુંજ નહાનું, અતિસૂક્ષ્મ. [બેહદપણું, અનંતતા.

In-fin'i-ty, ઇન્ફિનિટિ, *n.* unlimited extent. અપાર–

In-firm', ઇન્ફર્મ, *a.* (L. *in* & *firmus* stable) weak, sickly; irresolute; not stabe. અશક્ત, દુર્બળ, કમજોર; માંદું, આજારી; મનનું અસ્થિર; ડગમગતું, હાલી ગયલું.

In-firm'a-ry, ઇન્ફરમૅરિ, *n.* a hospital for the sick. રોગીશાળા, બિમારખાનું. [અશક્તિ; ખામી, ખોડ, દોષ

In-firm'i-ty, ઇન્ફર્મિટિ, *n.* weakness, failing. નબળાઈ

In-flame', ઇન્ફ્લેમ, *vt.* (L. *in* & *flamma*) to set on, fire; excite; provoke; to heat. સળગાવવું, ચેતવવું; જાગૃત–જોસ્સાવાળું કરવું, જોર કે જોશમાં આણવું; તપાવવું, ગરમ કરવું, આગ કે ઝાળ ઉઠાડવી. [બળે–સળગે એવું, જ્વાળાગ્રાહી.

In-flamm'a-ble, ઇન્ફ્લૅમેબલ, *a.* easily set on fire. સહેજ

In-flam-ma-tion, ઇન્ફ્લેમેશન, *n.* redness & swelling. આગ ઉઠવી તે, બળવું તે, આગ, ગરમી ફુટી નિકળવી તે, સોજો.

In-flate', ઇન્ફલેટ, *vt.* (L. *in* & *flo* I blow) to swell; puff up. પવનથી–ફુંકીને ફુલાવવું; ગર્વથી ફુલાવવું, ચઢાવવું.

In-fla'ted, ઇન્ફ્લેટેડ, *a.* swelled; pompous. ફુલેલું, ચઢેલું; ખાલી ભભકાવાળું.

In-flect', ઇન્ફ્લેક્ટ, *vt.* (L. *in* & *flecto* I bend) to

bend ; modulate ; vary. વાળવું, વાંકું કરવું; સ્વ રઉંચો નીચો કરવો; વિભક્તિ લગાડવી.

In-flec'tion, ઇન્ફ્લેક્શન, *n.* the act of bending ; change in form of words ; rise & fall of voice. વાંકું વાળવું તે; રૂપ, વિભક્તિ; સ્વર ઉંચો નીચો કરવો તે.

In-flex'i-ble, ઇન્ફ્લેક્સિબલ, *a.* stiff ; unyielding. મરડાય-વળાય નહિ એવું; દૃઢ; આગ્રહી, ડગે નહિ એવું.

In-flict', ઇન્ફ્લિક્ટ, *vt.* (L. *in* & *fligo* I strike) to lay on; impose. દેવું, કરવું, આપવું, ભોગવાવવું. [દંડ કરવો તે.

In-flic'tion, ઇન્ફ્લિક્શન, *n.* punishment. દુઃખ, શિક્ષા,

In'flu-ence, ઇન્ફ્લ્યુએન્સ, *n.* (L. *in* & *fluo* I flow) moving or directing power. થતી અસર, પ્રેરણા; વેગ, વજન, ચલણ, ભારબોજ. *vt.* to affect ; move ; persuade. અસર કરવી-થવી ; મન વાળવું-થવું, ઉલ્ફેરવું, સમજાવવું.

In-flu-en'ti-al, ઇન્ફ્લ્યુએન્શિઅલ, *a.* exerting power. વજનદાર, ભારબોજ-મરતબાવાળું. [સલેખમ, રસ, રસપુણી.

In-flu-en'za, ઇન્ફ્લ્યુએન્ઝા, *n.* on epidemic catarrh.

In'flux, ઇન્ફ્લક્સ, *n.* flowing in ; importation. અંદર વહેવું તે, અંતઃપ્રવાહ; પુષ્કળ આવવું તે, ભરતી.

In-fold', ઇન્ફોલ્ડ, *vi.* (*in* & *fold*) to involve ; embrace. વિંટાળવું, લપેટવું; ભેટવું, કોટી-આલિંગન કરવું.

In-form', ઇન્ફૉર્મ, *vt.* (L. *in* & *forma* shape) to tell, acquaint with. ખબર આપવી-કરવી, કહેવું, જણાવવું.

In-form'al, ઇન્ફૉર્મલ, *a.* irregular. નિયમ-રીતિ વિરૂદ્ધ.

In-form'ant, ઇન્ફૉર્મેંટ, *n.* one who tells. ખબર આપનાર, જણાવનાર. [માચાર, સૂચના, જ્ઞાન; અપરાધની ખબર, બાતમી.
In-forma'tion, ઇન્ફૉર્મેશન, *n.* notice, news. વર્તમાન, સ-
In-form'er, ઇન્ફૉર્મેર, *n.* one who tells. ખબર આપનાર, ચાડિયો. [breach;violation.ભાંગવું કે તોડવું તે,ભંગ,ઉલ્લંઘન.
In-frac'tion, ઇનફ્રૅક્શન, *n.* (L.*in* & *frango* I break)
In-fran'gi-ble, ઇન્ફ્રૅંજીબલ, *a.* not to be broken. ભં-ગાય નહિ એવું, અભંગ.
In-fringe', ઇનફ્રિંજ, *vt.* to break, violate. ભાંગવું, તોડવું.
In-fre'-quent, ઇનફ્રિક્વંટ, *a.* (L. *infrequens*) unusual, rare. નવાઇજેવું, અપૂર્વ, વિરલું.
In-fu'ri-ate, ઇન્ફ્યૂરિએટ, *a.* (L. *in* & *furio* I madden) enraged, mad. ક્રોધાંધ, ગુસ્સે થયલું. *vt.* to enrage. ગાંડું–ઘેલું–ગુસ્સે કરવું, ક્રોધ ચઢાવવો.
In-fuse', ઇન્ફ્યૂઝ, *vt.* (L. *in* & *fundo* I pour) to pour in ; steep in water ; inspire. રેડવું, ઓતવું; પલાળવું, ભિંજવવું, બોળી મૂકવું; મનમાં ઉતારવું–ઠસાવવું.
In-fu'sion, ઇન્ફ્યુશન, *n.* act of pouring in ; liquor made by steeping.રેડવું તે, મનમાં ઠસાવવું તે; કાવો, કવાથ.
In-ge'ni-ous, ઇનજીનીઅસ, *a.* (L. *in* & gigno I beget) skilful,clever.કરામત–યુક્તિથી કરેલું,શોધક બુદ્ધિનું, ચતુર, અક્કલમંદ. [શોધક બુદ્ધિ, કલ્પનાશક્તિ, ચતુરાઇ, કરામત.
In-ge-nu'i-ty,ઇનજીન્યુઇટિ,*n.* ready invention, skill.
In-gen'u-ous, ઇંજેન્યુઅસ, *a.* noble ; frank. ઉદાર, મ-હોટા મનનું; નિષ્કપટ, ભોળું, નિખાલસ.

In-glo'ri-ous, ઇન્ગ્લોરિઅસ, *a.* (L. *in* & *gloria*) disgraceful. અપજસનું, અપકીર્તિવાન; શરમ–નામોસી ભરેલું.

In-got, ઇન્ગૉટ્, *n.* (Ger. *eingnos* a pouring in) a bar or wedge of metal. ધાતુની લગડી કે ઈંટ કે ગઠ્ઠો.

In-graft', ઇન્ગ્રૅફ્ટ, *vt.* (*in* & AS. *graffan* to cut) to insert a scion; to fix deep. ઝાડની ડાળી કાપી મેળવી દેવી, કલમ કરવી; દૃઢ કરવું–બેસાડવું.

In-grate, ઇન્ગ્રેટ, *n.* (L. *in* & *gratus* pleasant) an ungrateful person. નિમક–લુણ હરામ માણસ. [કૃતઘ્નતા,

In-grat'i-tude, ઇન્ગ્રૅટિટ્યૂડ, *n.* return of evil for good.

In gra'ti-ate, ઇન્ગ્રેશિએટ, *vt.* (L. *in* & *gratia* favour) to get one's self into favour. પેટમાં પેસી જવું, વહાલા થવું, પ્યાર–કૃપા મેળવવી.

In-gre'di-ent, ઇનગ્રીડિઅંટ, *n.* (L. *in* & *gradior* I enter) component part. અંશ, ભાગ, અવયવભૂત વસ્તુ.

In'gress, ઇન્ગ્રેસ્, *n.* entrance. પ્રવેશ, અંદર જવું તે કે જવાની છુટ. [ગરક કરવું, ઘુસાડી દેવું.

In-gulf', ઇન્ગલ્ફ, *vt.* (*in* & *gulf*) to swallow up.

In-hab'it, ઇન્હૅબિટ્, *vt. i.* (L. *in* & *habeo* I have) to occupy; live in.–માં રહેવું, વસવું, વાસ કરવો.

In-hab'i-tant, ઇન્હૅબિટંટ, *n.* a dweller. રહેનાર, રહેવાવાસી, ચર. [draw into lungs. શ્વાસ–દમ લેવો.

In-hale', ઇન્હેલ, *vt.* (L. *in* & *halo* I breathe) to

In-he'rent, ઇન્હીરેંટ, *a.* (L. *in* & *haereo* I stick)

innate ; existing in something. મૂળનું, સ્વાભાવિક; ચોંટી–વળગી રહે એવું.

In-her'it, ઈનહેરિટ્,*vt.* (L. *haeres* an heir) to possess as heir. વારસ થવું, વારસો પામવો–મળવો;–માં જન્મથી આવવું,–ને મળવું. [cruel. ક્રૂર, ઘાતકી, નિર્દય.

In-hu'man,ઈન્હ્યુમન, *a.* (L. *in* & *humanus* humane)

In-im'i-cal, ઈનિમિકલ, *a.* (L. *in* & *amicus* friendly) unfriendly,adverse.વેર–શત્રુવટ રાખે એવું,દ્વેષી; પ્રતિકૂળ, વિરોધી, નુકસાનકારક.

In-i'qui-tous, ઈનઈક્વિટસ, *a.* (L. *in* & *aequitas* equity) unjust, wicked. અન્યાયનું, અધર્મનું, હરામનું, દુષ્ટ.

In-i'qui-ty, ઈન્ઈક્વિટિ. *n.* injustice; crime. અન્યાય, અધર્મ, અપ્રમાણિકપણું, દુષ્ટતા; અપરાધ, પાપ.

In-i'tial, ઈનિશિઅલ, *a.* (L. *initium* a beginning) first. આરંભનું, પ્રથમ, પહેલું. *n.* the 1st letter of a name. નામનો પહેલો અક્ષર.

In-i-ti'ate, ઈનિશિએટ, *vt.* to instruct in rudiments; introduce. મૂળતત્વ–પીઠિકા શિખવવી; દીક્ષા–ઉપદેશ આપી કોઈ પંથ કે મંડળીમાં દાખલ કરવું, શિખવવું, જણાવવું.

In-ject', ઈનજેક્ટ, *vt.* (L. *in* & *jacio* I throw) to throw in. અંદર નાખવું–ઘાલવું, પીચકારી મારવી.

In-junc'tion, ઈનજંક્શન, *n.* (L. *in* & *jungo* I join) command, order. આજ્ઞા, હુકમ, તાકીદપત્ર–ચિઠ્ઠી.

In'jure,ઈન્જ્યુર,*vt.*(L.*in* & *juris* law)to hurt,damage.

વગાડવું, ઘાયલ કરવું; નુકસાન-અપકાર-ખરાબ કરવું, બગાડવું.

In'jur-y, ઈન્જુરિ,*n.* wrong or damage done. વાગવું તે, દુ:ખ, અપકાર, ઈજા; બગાડ, ખરાબી, નુકસાન, બટ્ટો.

In-jus'tice, ઈન્જસ્ટિસ,*n.*(L. *in* & *justus* just) wrong done. અન્યાય, ગેરઈન્સાફ, અધર્મ, યોગ્ય વખાણ ન કરવાં તે.

Ink, ઈંક, *n.*(Dut. *inkt*) a fluid used in writing.શાઈ, રૂશનાઈ. *vt.* to mark with ink. શાઈ લગાડવી-ચોપડવી.

Ink'horn, Ink'stand, ઈંકહૉર્ન, ઈંકસ્ટૅંડ, *n.* a vessel to hold ink. ખડિયો. [intimation. ઇશારત, સૂચના, ખબર.

Ink'ling, ઈંકિલંગ, *n.* (Sax. *ingan* to enter) a hint,

In'land, ઈનલૅંડ, *a.* (*in* & *land*) remote from sea; not foreign. સમુદ્રથી દૂરનું, અંદરના ભાગનું, ભૂમધ્ય;દેશનું, દેશી.

In'let, ઈનલેટ, *n.* entrance; a bay.રસ્તો, માર્ગ, દ્વાર;ખાડી.

In'mate, ઈનમેટ, *n.* (*inn* & mate) a dweller in the same house. એક ઘરમાં-સાથે રહેનાર, સહવાસી.

Inn, ઈન, *n.* (AS. *inn* a house) a house for travellers. વિસી, મુસાફરખાનું, મુસાફરોને ઉતરવાની જગા.

In'nate, ઈનેટ, *a.* (L. *in* & *natus* born) inborn, natural. જન્મનું, સ્વાભાવિક, કુદરતી.

In'no-cence,ઈનોસન્સ,*n.*(L.*in* & *noceo* I hurt)purity; freedom from crime. નિષ્કપટ, નિરપરાધી-નિષ્પાપીપણું.

In'no.cent, ઈનોસંટ, *a.* not noxious; free from guilt; lawful. દુ:ખ કરે નહિ એવું, નિરપકારી, નિરૂપદ્રવી; નિરપરાધી, નિર્દોષ, નિષ્પાપ; કાયદાસર, ઉચિત.

In-noc'u-ous, ઈનૉક્યુઅસ, *a.* harmless. નિરપકારી.
In'no-vate, ઈનોવેટ, *vt. i.* (L. *in* & *novo* I make new) to introduce novelties. નવી રીત–ચાલ દાખલ કરી ફેરવી નાખવું, નવી રીત ચાલુ કરવી, રૂઢીમાં ફેરફાર કરવો.
In-nox'i-ous, ઈનૉક્શિઅસ, *a.* (L. *in* & *noceo* to hurt) innocent. નિરપકારી.
In-nu-en'do, ઈન્યુએંડો, *n.* (L. *in* & *nuo* to nod) an oblique hint. આડીવાત કરી કરેલી ઈસારત, વક્રોક્તિ.
In-nu'mer-a-ble, ઈન્યુમરેબલ, *a.* (L. *in* & *numerus*) countless. અગણિત, બેસુમાર, બેહદ.
In-nu-tri-ti'ous, ઈન્યુટ્રિશિઅસ, *a.* (L. *in* & *nutrire*) not nourshing. પુષ્ટિ આપે નહિ એવું, અપોષક.
In-oc'u-late, ઈનૉક્યુલેટ, *vt.* (L. *in* & *oculus* an eye) to insert the eye of a bud in another stock; vaccinate. એક ઝાડની કળી બીજા ઝાડપર ઉગાવવી, કલમ કરવી; ચેપ'ધાલીને રોગી કરવું, સીતળા કાઢવા.
In-o'dor-ous, ઈનોડરસ, *a.* (L. *ino* & *dorus*) free from smell. વાસ–સુગંધ વિનાનું.
In-of-fens'ive, ઈનૉફેન્સિવ, *a,* (*in* & *offensive*) harmless. નિરૂપદ્રવી, નિરપકારી, ગરીબ, રાંક.
In-op'er-at-ive, ઈનૉપરેટિવ, *a.* (L. *in* & *opus* work) inactive. નિષ્ફળ, નિરૂપયોગી, લાગુપડે–કામ થાય નહિ એવું.
In-op'por-tune, ઈનૉપરટ્યૂન, *a.* (*in* & *opportune*) unseasonable. કવેળાનું, કવખતનું, કમોસમનું. [બેસુમાર, બેહદ.
In-or'di-nate, ઈનૉર્ડિનેટ, *a.* (L. *in* & *ordo*) excessive.

In-or-gan'ic, ઈનઑારગૅનિક, *a.* (L. *in* & *organicus*) without organs. નિર્જીવ, નિરવયવ, જડપદાર્થનું–વિષે.

In-quest', ઈન્કવેસ્ટ, *n.* (L. *in* & *quæro* to seek) judicial inquiry. સરકારી ચોકસી, એકાએક મરણ થયું હોય તેના કારણની તપાસ.

In-quire', ઈન્કવાયર, *vt.* to ask about. પુછવું, પ્રશ્ન કરવો, ખબરઅંતર–સમાચાર પુછવા. [શોધ, તપાસ, ચોકસી, તલાસ.

In-qui'ry, ઈન્કવાયરિ, *n.* search by asking. પુછપરછ,

Inquis'i-tive, ઈનક્વિઝિટિવ, *a.* apt to ask, curious. શોધક, ચોકસી કરે એવું, જિજ્ઞાસુ.

In'road, ઈનરોડ, *n.* (*in* & *road*) sudden invasion. ચઢાઈ, સ્વારી, હુમલો; હદ છોડી બીજાની મિલકત પર જવું.

In-sa-lu'bri-ous, ઈનસૅલ્યુબ્રિઅસ, *a.* (L. *in* & *salus* health) unhealthy. રોગકારક, રોગ ઉત્પન્ન કરે એવું, વ્યાધિકર.

In-sane', ઈનસેન, *a.* (L. *in*, & *sanus* sound) unsound in mind. મન ઠેકાણે નહિ હોય એવું, ગાંડું, દિવાનું.

In-san'i-ty, ઈનસૅનિટિ, *n.* madness. ઘેલા–ગાંડાપણું.

In-sa'ti-a-ble, ઈનસેશિઅબલ, *a.* (L. *in* & *satis* enough) not to be satisfied. ધરાય–સંતોષ પામે નહિ એવું, લોભી.

In-scribe', ઈનસ્ક્રાઈબ, *vt.* (L. *in* & *scribo* I write) to write on; engrave; impress on; mark with letters; address. ઉપર લખવું; કોતરવું, ખોદવું; ઠસાવવું, ઉતારવું; વર્ણાંકિત–શબ્દાંકિત કરવું; અર્પણ–નજર કરવું.

In-scrip'tion, ઈનસ્ક્રિપશન, *n.* words written; title; address. કોતરેલો–શિલાલેખ; ખિતાબ; અર્પણ કરવાનું વાકય.

In-scru'ta-ble, ઈનસ્ક્રૂટેબલ, *a.* (L. *in* & *scrutor* I search into) unsearchable. સૂમજી શકાય–શોધાય નહિ એવું, ગૂઢ, ગહન, અતર્ક્ય. [animal. જીવડું, જીવજંતુ, કીડો.

In'sect, ઈન્સેક્ટ, *n.* (L. *in* & *seco* I cut) a small

In-se-cure', ઈનસિક્યૂર, *a.* (L. *in se* & *cura* care) unsafe; not confident of safety. ધોકો લાગે એવું, જોખમ ભરેલું, સંશયયુક્ત, સભય. [સલામતી વિષે શક–ધાસ્તી, જોખમ.

In-se-cur'i-ty, ઈનસિક્યુરિટિ, *n.* want of safety, danger.

In-sens'ate, ઈન્સેનસેટ, *a.* (L. *in* & *sensus* feeling) senseless, stupid. અક્કલ વગરનું, મૂર્ખ, મૂઢ.

In-sens'i-ble, ઈન્સેન્સિબલ, *a.* incapable of feeling; imperceptible. બેભાન, બેશુદ્ધ, અચેતન, દયાહીન, કઠણ હૈયાનું; ઈંદ્રિયથી જણાય નહિ એવું, અદૃશ્ય, અગોચર.

In-sens'i-bly, ઈન્સેન્સિબ્લિ, *ad.* imperceptibly; gradually. માલમ પડે–જણાય નહિ એવી રીતે; હળવે હળવે.

In-sert', ઈનસર્ટ, *vt.* (L. *in* & *sero* I join) to set in or among. અંદર ખોસવું–ઘાલવું–મૂકવું–દાખલ કરવું.

In'side, ઈન્સાઈડ, *n.* (*in* & *side*) the part within; entrails. અંદરની બાજુ; આંતરડાં. *a.* internal. અંદરનું.

In-sid'i-ous, ઈન્સિડિઅસ, *a.* (L. *in* & *sedeo* I sit) deceitful; intended to entrap. કપટી, દગલબાજ, દગા–કાવતરાખોર; ફસાવવાને સારૂ કરેલું.

In'sight, ઈન્સાઈટ, *n.* (*in* & *sight*) thorough knowledge. પૂર્વજ્ઞાન, અંદરની ખરી માહિતી, પ્રવેશ.

In-sig'ni-a, ઇન્સિગ્નિઆ, *n.* (L. *in* & *signo* I seal) badges of office or honour; signs. અધિકારનું ચિન્હ; નિશાની.

In-sig-ni-fi'cant, ઇન્સિગ્નિફિકંટ *a.* unimportant; meaningless; mean. નજીવું, નકામું; અર્થહીન–વગરનું; તુચ્છ.

In-sin-cere', ઇન્સિન્સીઅર, *a.* (L. *in*, *sine* without & *cera* wax) false; hypocritical. ખોટું, કપટ ભરેલું; ઢોંગી, કૃત્રિમી, દગલબાજ, કપટી.

In-sin'u-ate, ઇન્સિન્યુએટ *vt.* (L. *in* & *sinus* the bosom) to introduce gently; to hint by remote allusion; gain on the affections. ધીરે ધીરે–યુક્તિથી અંદર પેસાડવું–ઘાલવું–ખોસવું; પ્યાર મેળવવો, પ્રીતિ સંપાદન કરવી, વળમાં બોલવું, વક્રોક્તિ કરવી.

In-sip'id, ઇન્સિપિડ્, *a.* (L. *in* & *sapio* I taste) tasteless; wanting spirit, dull. સ્વાદ વિનાનું, ફીકું, મોળું; અસર ન કરે એવું, નીરસ. [earnestly. આગ્રહ–હઠ–જીદ કરવી.

In-sist', ઇન્સિસ્ટ, *vi.* (L. *in* & *sisto* I stand) to press

In-snare', ઇન્સ્નેર, *vt.* (*in* & *snare*) to entrap; allure. ફસાવવું; લલચાવવું. [drunkenness. છાકટા–પીધેલપણું.

In-so-bri'e-ty, ઇન્સોબ્રાયિટિ, *n.* (L. *in* & *sobrietas*)

In'so-lence, ઇન્સોલેન્સ, *n.* (L. *in* & *soleo* I am accustomed) haughty contempt. ગર્વિષ્ઠ–ઉદ્ધતપણું.

In'so-lent, ઇન્સોલંટ, *a.* haughty & contemptuous. મગરૂર, ઉદ્ધત. [that cannot be dissolved. ઓગળે નહિ એવું.

In-sol'u-ble, ઇન્સોલ્યુબલ, *a.* (L. *in* & *solvo* to loose)

In-solv'a-ble, ઈન્સોલ્વેબલ, *a.* that cannot be solved or explained. જેનો ખુલાસો ન થાય કે સમજાવાય નહિ એવું કઠણ, અઘરૂં. [દેવાળિયો, દેવાળું કાઢનાર.
In-sol'vent, ઈન્સૉલવંટ, *a.* unable to pay debts. નાદાર,
In-so-much', ઈન્સોમચ, *ad.* so that, to that degree. તેથી, એટલે સુધીકે, અહિં લગી કે.
In-spect', ઈન્સ્પેક્ટ, *vt.* (L. *in* & *specio* to look) to examine, oversee. તપાસવું, શોધન-પરીક્ષા કરવી, જોવું, નિરખવું.
In-spec'tion, ઈન્સ્પેક્શન, *n.* examination, view. પરીક્ષા, તપાસ, ચોકસી. [તપાસનાર, પરીક્ષા લેનાર.
In-spec'tor, ઈન્સ્પેક્ટર, *n.* an examiner, overseer.
In-spi-ra'tion, ઈન્સ્પિરેશન, *n.* (L. *in* & *spiro* I breath) drawing in; divine influence. શ્વાસ-દમ લેવો તે, ઈશ્વર સૂચના-પ્રેરણા; હોંશ-હિંમત આપવી તે.
In-spire', ઈન્સ્પાયર, *vt.* to draw in; breathe into; animate. દમ-શ્વાસ લેવો; ફુંકવું; આશા-જોશ-ઉત્તેજન આપવું, પ્રેરણા કરવી. [to thicken. જાડું-ઘટ્ટ-બંધાઈજાય તેમ કરવું.
In-spiss'ate, ઈન્સ્પિસેટ, *vt.* (L. *in* & *spissus* thick)
In-sta-bil'i-ty, ઈન્સ્ટૅબિલિટિ, *n.* (L. *in* & *stabilis*) inconstancy. અસ્થિરતા, ચલિતપણું.
In-stall', ઈન્સ્ટૉલ, *vt.* (*in* & Ger. *stal* a place) to invest in office. પદવી-હોદ્દાપર બેસાડવું, ક્રિયા-સંસ્કારપૂર્વક સ્થાપવું. [an office. સ્થાપના, પ્રતિષ્ઠા, પદાભિષેક, પદસ્થાપના.
In-stall-a'tion, ઈન્સ્ટૉલેશન, *n.* the giving possession of

In-stal'ment, ઇન્સ્ટોલમેંટ, *n.* act of installing; part of payment. વિધિપૂર્વક સ્થાપના; હફતો, ખાંધું.

In-stance, ઇન્સ્ટન્સ, *n.* (L. *in* & *sto* I stand) example; solicitation; time. દાખલો, ઉદાહરણ; કાલાવાલા, આગ્રહ; પ્રસંગ, વખત, વેળા, કાળ. *vt.* to give as example. -નું ઉદાહરણ આપવું.

In'stant, ઇન્સ્ટંટ, *n.* moment; time. પળ, ક્ષણ, વખત. *a.* urgent; immediate, quick; current. આગ્રહી, તત્પર; તરતજ-લાગલું થનારૂં, તાત્કાળિક; ઉતાવળું, જલદીનું, તાકીદનું; ચાલતું.

In-stan-ta'ne-ous, ઇન્સ્ટનટેનિઅસ, *a.* done in a moment. વાર લાગ્યા વગરનું, લાગલુંજ થાય એવું, તરત.

In-stant'er, In'stantly, ઇન્સ્ટંટર, ઈન્સ્ટંટલી, *ad.* immediately. તરતજ, તેજઘડીએ; આગ્રહથી, તત્પર રહીને.

In-stead', ઇન્સ્ટેડ્, *ad.* (*in* & *stead*) in the place of, ઠેકાણે, જગાએ, બદલે, વતી. [પગની પાટલીનો ઉંચો ભાગ.

In'step, ઇન્સ્ટેપ્, *n.* (*in* & *step*) upper part of foot.

In'sti-gate, ઇન્સ્ટિગેટ, *vt.* (L. *in* & *stigo* I incite) to tempt to evil, urge. નઠારાં કામમાં ઉશ્કેરણી-શિખવણી આપવી, ઉશ્કેરવું, શળી કરવી. [ઉશ્કેરણી, શિખવણી.

In-sti-ga'tion, ઇન્સ્ટિગેશન, *n.* incitement to crime.

In-stil', ઇન્સ્ટિલ, *vt.* (L. *in* & *stillo* I drop) infuse slowly or by drops. ધીરે ધીરે મનમાં ઘાલવું-ભરવું, ટીપુંટીપું કરી રેડવું. [natural impulse. અંગજ્ઞાન, પ્રેરણા-પશુબુદ્ધિ.

In'stinct, ઇન્સ્ટિંક્ટ, *in*(L. *in*, *stinctus* inwardly moved)

In'sti-tute, ઈન્સ્ટિટ્યૂટ, *vt.* (L. *in* & *statuo* I set) to establish, enact; begin. સ્થાપવું, બાંધવું, ઠરાવવું, નિમવું, ઉભું કરવું; માંડવું, શરૂ કે ચાલુ કરવું. *n.* literary society; established law. વિદ્યાવર્ધક–શોધકમંડળી; ધારો, કાયદો, નિયમ.

In-sti-tu'tion, ઈન્સ્ટિટ્યુશન, *n.* system; society; establishment. કાયદો, ધારો, નિયમ; મંડળી; ખાતું; કારખાનું.

In-struct', ઈન્સ્ટ્રક્ટ, *vt.* (L. *in* & *struo* to pile up) to teach; direct; inform. શિખવવું, કેળવણી–બોધ આપવો; આજ્ઞા કરવી, હુકમ આપવો; કહેવું, ખબર કરવી.

In-struc'tion, ઈન્સ્ટ્રક્શન, *n.* teaching; order. કેળવણી, ઉપદેશ, બોધ, શિક્ષા; આજ્ઞા, હુકમ. [શિક્ષા આપે એવું, બોધકારક.

In-struct'ive, ઈન્સ્ટ્રક્ટિવ, *a.* affording instruction. જ્ઞાન–

In'stru-ment, ઈન્સ્ટ્રુમેંટ, *n.* a tool; agent; writing. હથિયાર, ઓજાર, શસ્ત્ર; સાધન; ખત, લેખ, દસ્તાવેજ.

In-sub-or-di-na'tion, ઈન્સબૉર્ડિનેશન, *n.* (L. *in*, *sub* & *ordo* rule) disobedience. સીરજોરી, હુકમ ન માનવો તે.

In-suf'fer-a-ble, ઈન્સફરેબલ, *a.* (L. *in*, *sub* & *fero* I bear) not to be borne. ખમાય નહિ એવું, અસહ્ય.

In-suf-fi'ci-ent, ઈન્સફિશિઅંટ, *a.* (L. *in*, *sub* & *facio* I do) inadequate; unfit. જોઈએ એટલું નહિ, ઓછું; અયોગ્ય.

In'su-lar, ઈન્સ્યુલર, *a.* (L. *insula* island) relating to isle; surrounded by water. બેટસંબંધી; પાણીથી ઘેરાયલું.

In'su-late, ઈન્સ્યુલેટ, *vt.* to place alone. અળગું–એકલું મૂકવું.

In'sult, ઈન્સલ્ટ, *n.* (L. *in* & *salio* I leap) contempt, abuse. અપમાન, અનાદર, બેઅદબી. [પમાન કરવું.

In-sult', ઈન્સલ્ટ, *vt.* to treat with indignity.–નું અ-

In-sult'ing, ઈન્સલ્ટિંગ, *a.* containing abuse. અપમાનભરેલું.

In-su'per-a-ble, ઈન્સુપરેબલ, *a.* (L. *in* & *supero* I pass over) not to be overcome. ઓળંગાય-દૂર કરાય નહિ એવું.

In-sup-port'a-ble, ઈન્સપોર્ટેબલ, *a.* (L. *in*, *sub* & *porto* I bear) unbearable. ઉચકાય-સોસાય નહિ એવું.

In-sur'ance, ઈન્શ્યુરન્સ, *n.* (L. *in* & *sure*) security against loss. વીમો. [વીમો ઉતારવો–કરવો; ખચીત-નક્કી કરવું.

In-sure', ઈન્શ્યૂર, *vt.* to secure or provide against loss.

In-sur'gent, ઈન્સર્જન્ટ, *a.* (L. *in* & *surgo* I rise) rising against authority. બળવાખોર, બંડ ઉઠાવનાર. *n.* a rebel. બંડખોર–ફિતુરી માણસ. [બળવો, ફિતુર, દંગો, હુલ્લડ.

In-sur-rec'tion, ઈન્સરેક્શન, *n.* rising, revolt. બંડ,

In-sur-mount'a-ble, ઈન્સરમાઉન્ટેબલ, *a.* See Insuperable.

In-sus-cep'ti-ble, ઈન્સસેપ્ટિબલ, *a.* (L. *in*, *sub* & *capio* I take) not capable of feeling. અસર થાય–ને લાગે નહિ એવું. [impalpable. જેનો સ્પર્શ થાય નહિ એવું.

In-tan'gi-ble, ઈન્ટૅન્જબલ, *a.* (L. *in* & *tango* I touch)

In'te-ger, ઈન્ટિજર, *n.* the whole number. પૂર્ણાંક, પૂર્ણસંખ્યા.

In-teg'ri-ty, ઈન્ટૅગ્રિટિ, *n.* honesty. પ્રમાણિકપણું, સાચવટ.

In-teg'u-ment, ઈન્ટૅગ્યુમેન્ટ, *n.* (L. *in* & tego I cover) a covering. ઢાંકણ, આચ્છાદન, ચામડી, ખાલ.

In'tel-lect, ઇંટેલેક્ટ, *n.* (L. *inter* & *lego* I choose) the mind, understanding. મન, બુદ્ધિ, વિચારશક્તિ, જ્ઞાનેંદ્રિય.

In-tel-lect'u-al, ઇંટેલેક્ટ્યુઅલ, *a.* mental; intelligent. મનનું, માનસિક; બુદ્ધિ-અક્કલવાન; મનમાં આવેલું, બુદ્ધિથી કલ્પેલું.

In-tel'li-gence, ઇંટેલિજન્સ, *n.* capacity of mind, skill; notice. જ્ઞાન, સમજ, બુદ્ધિ; ચતુરાઈ, હોશિયારી; ખબર, સમાચાર. [વાન, ચતુર, ચંચળ.

In-tel'li-gent, ઇંટેલિજંટ, *a.* well-informed. બુદ્ધિસંપન્ન-

In-tel'li-gi-ble, ઇંટેલિજીબ્લ, *a.* comprehensible. સમજાય એવું. [excess. અતિશય-બેસુમારપણું, અમર્યાદા.

In-tem'per-ance, ઇંટેમ્પરન્સ, *n.* (*in* & *temperance*)

In-tem'per-ate, ઇંટેમ્પરેટ, *a.* given to excess. અતિશય કરનાર, અતિભોગી. [ધારવું, ઇરાદો રાખવો, મનસુબો હોવો.

In-tend', ઇંટેંડ, *vt.* (L. *in* & *tendo* I stretch) to purpose.

In-tense', ઇંટેન્સ, *a.* extreme. ઘણું, અતિશય, ભારે.

In-tens'i-ty, ઇંટેન્સિટિ, *n.* extreme degree. અતિશય-ભારે-જબરાપણું, સખતાઈ; તંગ-તસતસતાપણું.

In-tent', ઇંટેંટ, *n.* design. અભિપ્રાય, મતલબ, ઇરાદો, મનસુબો. *a.* bent on. એકચિત્ત, એકનિષ્ઠ,-માં લીન-ગરક.

In-ten'tion, ઇંટેન્શન, *n.* design, purpose; aim. વિચાર, ઇરાદો, અભિપ્રાય; હેતુ, અર્થ. [ગાડવું, ભૂમિસંસ્કાર કરવો.

In-ter', ઇંટર, *vt.* (L. *in* & *terra* earth) to bury. દાટવું,

In-ter-cede', ઇંટરસીડ, *vi.* (L. *inter* & *cedo* I go) to

plead in favour; mediate. બીજાને સારૂ માફી માગવી–બે વાત કહેવી; વચ્ચે પડી સમજાવવું. [મધ્યસ્થ.

In-ter-ces'sor, ઈંટરસેસર, *n.* mediator. વચ્ચે પડનાર,

In-ter-cept', ઈંટરસેપ્ટ, *vt.* (L. *inter* & *capio* I take) to seize on way; obstruct; interrupt communication. રસ્તા–વાટમાં અટકાવી લેવું–પકડવું–રોકવું; જતું આવતું બંધ કરવું; જવા આવવાનો વહેવાર બંધ કરવો–તોડવો.

In-ter'course, ઈંટરકોર્સ, *n.* (L. *inter* & *curro* I run) mutual dealings. વહેવાર, વહિવટ, સંસર્ગ.

In-ter-dict', ઈંટરડિક્ટ, *vt.* (L. *inter* & *dico* I say) to forbid. મના–નિષેધ કરવો. In'ter-dict, *n.* prohibitive decree. મના, નિષેધનો ઠરાવ.

In'-ter-est, ઈંટરેસ્ટ, *n.* (L. *inter* & *esse* to be) concern; share; bonus for the use of money; advantage, good. કાળજી, તમા, દરકાર; હિસ્સો. ભાગ, પાંતી; વ્યાજ; હિત, અર્થ, ગુણ, લાભ, ફાયદો. [ઉત્પન્ન કરવી; પક્ષમાં આણવું.

In-ter-est', ઈંટરેસ્ટ, *vt.* to affect; engage. અસર–કાળજી

In'-ter-est-ed, ઈંટરેસ્ટેડ, *a.* having interest. લાભ કે નુકસાનમાં ભાગીદાર, સ્વાર્થી, મતલબી. [રક, દીલપસંદ,

In'ter-est-ing, ઈંટરેસ્ટિંગ, *a.* pleasing. મનોરંજક, ખુશકા-

In-ter-fere', ઈંટરફીર, *vt.* (L. *inter* & *ferire* to strike) to interpose; collide. વચ્ચે પડવું, હાથ ઘાલવો; આડે આવવું. નડવું. [ing. વચ્ચે પડવું તે, મધ્યસ્થપણું; એક બીજાને નડવું તે.

In-ter-fer'ence, ઈંટરફીરન્સ, *n.* intermeddling; clash-

In'ter-im, ઈંટરિમ, *n.* (L. *inter* between) the meantime. વચમાંનો કાળ, અરસો, દરમિયાન.

In-te'ri-or, ઈંટિરિઅર, *n.* (L. *internus* inward) inner part. અંદરની બાજુ, માહેલો ભાગ. *a.* internal. અંદરનું, માહેનું. [lying between. વચ્ચે આવેલું.

In-ter-ja'cent, ઈંટરજેસંટ, *a.* (L. *inter* & *jacio* I lie)

In-ter-jec'tion, ઈંટરજેકશન, *n.* a word of exclamation. કેવળપ્રયોગી અવ્યય, ઉદ્ગાર. [સેળભેળ કરવું.

In-ter-lace', ઈંટરલેસ, *vt.* (L. *inter* & lace) to intermix.

In-ter-leave', ઈંટરલીવ, *vt.* (*inter* & *leaf* leaves) to insert leaves. ચોપડીના બબ્બે પાનાની વચ્ચે એકકેક કોરૂં પાનું ઘાલવું.

In-ter-line', ઈંટરલાઇન, *vt.* (*inter* & *line*) to write between lines or in alternate lines. બે લીટીની વચ્ચે લખવું ; એક લીટીએ એક વાત ને બીજીએ બીજી એમ લખવી.

In-ter-lo-cu'tion, ઈંટરલોકયુશન, *n.* (L. *inter* & *loquor* I speak) a dialogue ; intermediate decree. સંવાદ, સંભાષણ; છેલ્લા નિકાલ–ચુકાદાની અગાઉનો હુકમ.

In-ter-lo'per, ઈંટરલોપર, *n.* (L. *inter* & Dut. *loopen*. to run) an intruder. વગર હકે બીજાના કામમાં માથું મારનાર–ઘુસનાર. [middle) lying between. વચ્ચેનું–પડેલું.

In-ter-me'di-ate, ઈંટરમીડિએટ, *a.* (L. *inter* & *medius*

In-ter'ment, ઈંટરમેંટ, *n.* (See *inter*) a burying. દાટવું તે, ભૂમિસંસ્કાર. [limit.) endless. અપાર, બેહદ, છેડાવગરનું.

In-ter'mi-na-ble, ઈંટરમિનેબલ, *a.* (L. *in* & *terminus* a

In-ter-mis'sion, ઇંટરમિશન, *n.* (L. *in* & *mitto* I send) cessation for a time. અટકાવ, ખોળંબો.

In-ter-mit', ઇંટમિટ્, *vt. i.* to cease a while; to go off at intervals. વચ્ચે અટકાવવું–બંધ પડવું; રહી રહીને–આંતરે આવવું. [હી રહીને–આંતરે આંતરે આવવું.

In-ter-mit'tent, ઇંટમિંટંટ, *a.* ceasing at intervals. ર-

In-ter'nal, ઇંટર્નલ, *a.* (L. *inter*) interior; domestic; real; inward. અંદરનું, માંહેનું, દેશાનું–માંહેનું; ખરૂં, મૂળનું, વાસ્તવિક; મનનું, અંતઃકરણનું.

In-ter-na'tion-al, ઇંટરનૅશનલ, *a.* (L. *inter* & *national*) between nations. દેશદેશના પરસ્પર વહેવાર સંબંધી.

In-ter'po-late, ઇંટરપોલેટ, *vt.* (L. *inter* & *polio* I polish) to insert as spurious matter in writing. અસલ ગ્રંથ–લેખમાં નવો શબ્દ કે વાક્ય ઉમેરવો–વધારવો–ઘાલવો.

In-ter-pose', ઇંટરપોઝ, *vt.* (L. *inter* & *pono* to put) to place between; intrude; use, offer.–ની વચ્ચે–મધ્યે પડવું; વગર કામે માથું મારવું, ઘુસવું; વાપરી–આપી વચ્ચે પડવું, વચ્ચે પડી કહેવું–બોલવું.

In-ter'pret, ઇંટરપ્રેટ્,*vt.*(L. *inter* & *præs* a surety) to explain.અર્થ સમજાવવો–કરવો,ભાષાંતર–તર્જુમો–નો ખુલાસો કરવો, કારણ બતાવવું, કહેવું, વ્યાખ્યા આપવી.

In-ter'pre-ter, ઇંટરપ્રેટર, *n.* expositor.અર્થ કરનાર–સમજાવનાર, દુભાષિયો, ટીકાકાર.

In-ter'rogate,ઇંટરરોગેટ,*vt.*(L. *inter* & *rogo* I ask) to question. પ્રશ્ન કરવા, પૂછવું, સવાલ પૂછી તપાસવું.

In-ter-ro-ga'tion, ઈંટરરોગેશન, *n.* question. સવાલ કરવો તે, પ્રશ્ન; પ્રશ્નચિન્હ.
In-ter-rupt', ઈંટરરપ્ટ, *vt.* (L. *inter* & *rumpo* I break) to stop by breaking in; divide. અટકાવવું, બંધ પાડવું; તોડવું, કકડા કરવા,-માં ભંગ થવો-પડવો.
In-ter-rup'tion, ઈંટરરપ્શન, *n.* hindrance, obstruction. અટકાવ, અડચણ, હરકત, ગતિભંગ.
In-ter-sect', ઈંટરસેક્ટ, *vt. i.* (L. *inter* & *seco* I cut) to divide, cross. પરસ્પર કાપવું-છેદવું, એક બીજાને કાપી જવું.
In-ter-sperse', ઈંટરસ્પર્સ, *vt.* (L. *inter* & *spargo* I scatter) to scatter among. વચ્ચે વચ્ચે નાખવું-વેરવું-ફેંકવું. [space between. ફાટ, ચીર, ચીરો, તડ.
In-ter-stice, ઈંટરસ્ટિસ, *n.* (L. *inter* & *sisto* I stand)
In'ter-val, ઇંટવેલ, *n.* (L. *inter* & *vallum* a wall) distance between. અંતર, ગાળો, છેટું, વચ્ચેનો વખત, કાળાંતર, અરસો.
In-ter-vene', ઈંટરવીન, *vi.* (L. *inter* & *venio* I come) to come between; happen.-ની વચ્ચે આવવું; બનવું, બની આવવું, વચ્ચે પડવું. [પડવું-હોવું તે, મધ્યસ્થપણું.
In-ter-ven'tion, ઇંટરવેન્શન, *n.* mediation. વચ્ચે આવવું-
In-ter-view, ઇંટરવ્યુ, *n.* (L. *inter* & *view*) formal meeting. મુલાકાત, ભેટ, મેળાપ, વાતચીત.
In-tes'tate, ઇંટેસ્ટેટ, *a. n.* (L. *in* not & *testo* I make a will) dying without a will. વારસનામું-મૃત્યુપત્રક કર્યા વિના મરનાર. [domestic. અંદરનું, શરીરમાંહેનું; સ્વદેશમાંનું.
In-tes'tine, ઇંટેસ્ટિન, *a.* (L. *intus* within) internal;

In-tes'tines. ઇંટેસ્ટિનઝ *n. pl.* the bowels. આંતરડાં.
In-thral', ઇંથ્રૉલ, *vt.* (L. *in* & *thral*) to enslave. ગુલામ કરવો.
In'ti-macy, ઈંટિમસિ, *n.* (L. *intimus* the inmost) close friendship or familiarity. જીવજાન મિત્રાઈ, દીલોજાન દોસ્તી, મિત્રાચારી, ઘરોબો, ઘરવટ.
In'ti-mate, ઇંટિમેટ, *n.* a confidential friend. પ્રાણપ્રિય-જીવજાન મિત્ર. *a.* inmost; near; familiar. અંદરનું, માહેનું; પાસેનું; નજીકનું, પ્રાણપ્રિય, જીવલગ. *vt.* to hint, announce. ખબર-સૂચના આપવી, જણાવવું. [બાતમી.
In-ti-ma'tion, ઇંટિમેશન, *n.* hint, notice. સૂચના, ખબર,
In-tim'i-date, ઈંટિમિડેટ, *vt.* (L. *in* & *timidus* fearful) to make to fear. બિહીવડાવવું, દેહેશત લગાડવી, ધમકાવવું.
In'to, ઈંટુ, *pre.* showing entrance inward. અંદર, માં.
In-tol'er-a-ble, ઈંટૉલરેબલ, *a.* (L. *in* & *tolerare* to bear) insupportable. સાંખી-ખમી ન શકાય એવું, અસહ્ય, ખામોશથી ન જોવાય એવું.
In-tol'er-ant, ઈંટૉલરંટ, *a.* unable to bear. સહન કરે નહિ એવું, સહન કરવા અશક્ત, બીજાઓને તેઓના મત ધરાવવા કે ધર્મ પાળવા દેવાને નારાજી.
In-tox-i-ca'tion, ઈંટૉક્સિકેશન, *n.* (L. *in* & *toxicum* poison) drunkenness. કેફ, અમલ, નિશો, પીધેળ-છાકટાપણું.
In-tract'a-ble, ઈંટ્રૅક્ટેબલ, *a.* (L. *in* & *traho* I draw) obstinate; indocile. હઠીલું, જીદી, અડિયેલ, અનિવાર, સમજે-શિખે નહિ એવું, અશિક્ષ્ય.

In-trans'i-tive, ઈંટ્રન્ઝિટિવ્, *a.* (L. *trans* beyond & *ire* to go) denoting action not passing on. અકર્મક.

In-trench', ઈંટ્રેંચ, *vt.* (L. *in* & Fr. *trancher* to cut) to fortify with ditch & mound. આસપાસ ખાઈખોદી મોરચો બાંધવો. [bold, undaunted. નિર્ભય, નિડર, હિંમતવાન.

In-trep'id, ઈંટ્રેપિડ્, *a.* (L. *in* & *trepidus* trembling)

In'tri-cate, ઈંટ્રિકેટ, *a.* (L. *intricare* to entangle) complicated. ગુંચવણવાળું–ભરેલું, અસરળ.

In-trigue', ઈંટ્રીગ, *n.* (Fr.) a plot; illicit love. કારસ્તાન, કાવતરૂં; કામ. *vi.* to plot; carry on illicit love. ચરિત્ર. કાવતરૂં કરવું–રચવું; કામચરિત્ર કરવાં.

In-trin'sic, ઈંટ્રિનઝિક્, *a.* (L. *intra* & *secus* side) true, genuine. ખરેખરૂં, મૂળનું, માંહેનું, અંતર્ગત.

In-tro-duce', ઈંટ્રોડ્યુસ, *vt.* (L. *intro* & *duco* I lead) to make known; bring in; begin; produce; bring into practice. ઓળખાણ–પિછાણ કરાવવી; અંદર લાવવું–લઈજવું–ઘાલવું; ચાલુ–શરૂ કરવું; પેદા–ઉત્પન્ન કરવું, પાડવું; ચાલુ–દાખલ કરવું, પ્રવર્તાવવું.

In-tro-duc'tion, ઈંટ્રોડક્શન, *n.* making known; preface. પીછાન કરાવી આપવી તે; પ્રસ્તાવના, દીબાચો; પ્રવેશ; આરંભ.

In-trude', ઈંટ્રુડ, *vt. i.* (L. *in* & *trudo* I thrust) to enter without right; come unwelcomely. રજા કે હક્ક વગર કંઈ જવું, મર્યાદા છોડી જવું, ઘુસવું, વગર બોલાવે કે તેડે અંદર જવું–આવવું, માથું મારવું.

In-tru'sion, ઈન્ટ્રૂશન, *n.* entrance without right, bidding &c. ઘુસાડવું-ઘુસવું તે, વગર બોલાવે જવું કે આવવું તે.

In-trust', ઈન્ટ્રસ્ટ, *vt.* (*in* & trust) to commit to the care of. સોંપવું, હવાલે-હસ્તક કરવું, સ્વાધીનમાં આપવું.

In-tu-i'tion, ઈન્ટ્યુઈશન, *n.* (L. *in* & *tueor* to look) immediate perception. સહજ-અયત્ન-અંતર્જ્ઞાન.

In-un'date, ઈનનડેટ, *vt.* (L. *in* & *unda* a wave) to deluge with water, to overflow. રેલ-પૂરથી બુરાડવું, જળમય કરવું; ભરપૂર-રેલછેલ કરવું. [રેલછેલ, પુષ્કળતા.

In-un-da'tion, ઈનનડેશન, *n.* flood. રેલ, પૂર, જળપ્રલય,

In-ure', ઈન્યૂર, *vt.* (L. *in* & *usus* to use) to habituate. મહાવરો પાડવો, મહાવરાથી કઠણ થવું-થડાવું.

In-vade', ઈન્વેડ, *vt.* (L. *in* & *vado* I go) to enter with armed force; to encroach on. સ્વારી-ચઢાઈ કરવી, ચઢવું; પગપેસારો-લેઈ મુકવાનું કરવું.

In-val'id, ઈન્વૅલિડ્, *a.* (L. in & *validus* strong) of no force; null, void. નબળું, નિર્જીવ, નકામું, ખોટું; રદ, બાતલ, નિરૂપયોગી. *n.* one disabled. રોગી-દર્દી-અશક્ત માણસ.

In-val'i-date, ઈન્વૅલિડેટ, *vt.* to make void, weaken; overthrow. રદ-નકામું-વ્યર્થ કે ખંડન-ભંગ કરવું.

In-val'u-a-ble, ઈન્વૅલ્યુઅબલ, *a.* (*in* & *valuable*) very precious. અમૂલ્ય, ઘણુંજ કિમતી.

In-va'ri-a-ble, ઈનવેરિઅબલ, *a.*(L. *in* & *varius* changeable) unchangeable. ન બદલાય એવું, એક સરખું, નિર્વિકારી.

In-va'sion, ઇન્વેશન, *n.* (See Invade) an attack. ચઢાઈ, હુમલો. [against. નિંદા-બદગોઈ કરવી, ભૂંડું બોલવું.
In-veigh', ઇન્વે, *vi.* (L. *in* & *veho* I carry) to rail
In-vect'ive, ઇન્વેક્ટિવ્, *n.* a railing speech or expression. નિંદા, બદગોઈ, નિંદા ભરેલું ભાષણ.
In-vei'gle, ઇન્વીગલ, *vt.* (L. *in* & *volo* I wish) to seduce, entice. ફોસલાવવું; ભૂલથાપ દેવી, છળથી કરાવવું.
In-vent', ઇન્વેંટ. *vt.* (L. *in* & *venio* I come) to devise; fabricate; frame. નવું શોધી કાઢવું, નવી યુક્તિ-હિકમત રચવી; ખોટું બનાવવું, બનાવટ કરવી; કલ્પનાશક્તિથી રચવું. [ના, યોજના, બનાવટ, તર્કટ.
In-ven'tion, ઇન્વેન્શન, *n.* device. નવી શોધ-યુક્તિ-કલ્પ-
In'-ven-tor-y, ઇન્વેંટરિ, *n.* a list of articles. સામાનની યાદી.
In-vert', ઇન્વર્ટ, *vt.* (L. *in* & *verto* I turn) to turn upside down, reverse. ઉલટાવવું, ઉંધું વાળવું, ફેરવી નાખવું.
In-verse', ઇન્વર્સ, *a.* inverted, contrary. ઉલટું, ઉંધું, અવળું.
In-vest', ઇન્વેસ્ટ, *vt.* (L. *in* & *vestire* to clothe) to clothe; endow; adorn; besiege; lay out money. પહેરાવવું; સત્તા-અધિકાર આપવો; સણગારવું, સુશોભિત કરવું; ઘેરો ઘાલવો, ઘેરવું;-માં રોકવું-મૂકવું.
In-ves'ti-gate, ઇન્વેસ્ટિગેટ, *vt.* (L. *in* & *vestigo* I track) to search into. શોધવું, તપાસવું, ચોકસી કરવી.
In-vet'er-ate, ઇન્વેટરેટ, *a.* (L. *in* & *vetus* old) deep-rooted; firmly fixed, old. કટ્ટું, હડહડતું; દૃઢ થયલું, જુનું.

In-vid'i-ous,ઇન્વિડિઅસ.*a.*(L.*in* & *video* I see) likely to excite envy. ઈર્ષા-અદેખાઈ ઉત્પન્ન કરે એવું, ધિક્કારનું.

In-vig'o-rate, ઇન્વિગોરેટ, *vt.* (L. *in* & *vigor* force) to strengthen. જોર-બળ આપવું, મજબૂત કરવું,-થી કૌવત આવવું. [quer) unconquerable. અજીત, દુર્જય.

In-vin'ci-ble, ઇન્વિન્સિબ્લ, *a.* (L. *in* & *vinco* I con-

In-vi'o-late,ઇન્વૉયોલેટ, *a.*(L.*in* & *violare* to violate) not broken, uninjured. અખંડ, અભંગ, નહિ બગડેલું.

In-vi'o-la-ble, ઇન્વૉયોલેબ્લ, *a.* not to be profaned or broken.બગાડાય-નાપાક ન કરાય એવું; તોડાય-ભંગાય નહિ એવું,અભંગ. [cannot be seen.દેખાય નહિ એવું, અદૃશ્ય.

In-vis'i-ble, ઇન્વિઝિબ્લ, *a.*(L. *in* & *videre* to see)that

In-vi-ta'tion, ઇન્વિટેશન, *n.* (Fr. *inviter*) a bidding or asking to come. તેડું, નોતરૂં, આમંત્રણ, ઇજન.

In-vite', ઇન્વાઇટ, *vt.* to request; allure. બોલાવવું, તેડું-નોતરૂં-નિમંત્રણ કરવું; લલચાવવું, લોભાવવું,-થી આવવું,લાવવું.

In-vo-ca'tion, ઇન્વોકેશન, *n.* (L. *in* & *voco* I call) call for aid. વિનંતિ, આવાહન.

In'voice, ઇન્વૉઇસ, *n.* (Fr. *envoi* a thing sent) a bill of goods. ભરતિયું, સતમી, માલની કિંમત સાથે યાદી.

In-voke,' In'vo-cate, ઇન્વોક, ઇન્વોકેટ, *vt.*(L. *in* & *voco* I call) to call for; address in prayer. આજીજીથી માગવું; નામ લેવું, આવાહન-પ્રાર્થના કરવી.

In-vol'un-tar-y, ઇન્વૉલન્ટરિ, *a.* (L. *in* & *voluntas* will)done unwillingly. નાખુશીનું, ઇચ્છા વગરનું.

In-volve′, ઇન્વૉલ્વ, *vt.* (L. *in* & *volvo* I roll) to envelope; imply; implicate; entangle; overwhelm. લપેટવું, વિટાળવું, ઢાંકવું; અનુમાનથી જણાવવું,—થી પરિણામ—માંથી અર્થ નિકળવો; સાથે લેવું—ભેળવું, જોડવું, સામેલ કરવું; ગુંચવણમાં નાખવું; બુરાડવું, ડુબાવવું, ગરક કરવું. [લપેટવું તે; ગુંચવણ; ઘાતકર્મ.

In-vo-lu′tion, ઇન્વોલ્યુશન, *n.* infolding; complication.

In-vul′ner-a-ble, ઇન્વલનરેબલ, *a.* (L. *in* & *vulnus* a wound) that cannot be wounded or injured. જેને કંઈ ઘા લાગે નહિ એવું, વજ્રદેહી—શરીરનું. [મનમાંનું.

In′ward, ઇનઉવર્ડ, *a.* (AS. *inweard*) internal. અંદરનું,

I-o′ta, આઇયોટા, *n.* a jot. લવ, અણુ પરમાણુ, તલમાત્ર.

I-rasc′i-ble, ઇરેસિબલ, *a.* (L. *ira* anger) easily provoked. જરા જરામાં તપી જાય એવું, તામસી, ચીઢિયું..

Ire, આઇર, *n.* wrath, anger. ક્રોધ, ગુસ્સો, તામસ.

I′ris, આઇરિસ, *n.* (L.) the rainbow; a circle round the pupil of the eye. વરસાદની કમાન, મેઘ—ઇંદ્રધનુષ્ય; આંખની કીકીની આસપાસનું કુંડાળું. [કંટાળા ભરેલું, ત્રાસદાયક.

Irk′some, અર્કસમ, *a.* (AS. *earg* dull) wearisome.

I′ron, આયર્ન, *n.* (AS. *iren*) a hard metal; an instrument or utensil made of iron; strength; fetters. લોઢું; લોખંડ, લોઢાનું હથિયાર કે વાસણ; ઇસ્ત્રી; જોર, બળ; બેડી, ઝાંઝરિયાં. *a.* made of iron; hard; inflexible; robust. લોહમય, લોઢાનું બનાવેલું; કઠણ, સખ્ત; આગ્રહી; જોરાવર, જબરૂં, વજ્ર. *vt.* to smooth with hot iron; fetter. કપડાંને ઇસ્ત્રી કરવી; બેડી ઘાલવી.

I'-ro-ny, આઇરનિ, *n.* (Gr. *eiron* a dissembler) hidden sarcasm. હોય તેથી ઉલટું-મરોડ-વળમાં બોલવું તે, વક્રોક્તિ. [to illuminate. પ્રકાશિત કરવું.

Ir-ra'di-ate, ઇરરેડિએટ, *vt.* *i.*(L. *in* & *radio* I shine)

Ir-ra'tion-al,ઇરૅશનલ, *a.* (L. *in* & *ratio* reason)void of reason; absurd. અજ્ઞાન, બુદ્ધિહીન; જ્ઞાનવિરૂદ્ધ.

Ir-reg'u-lar, ઇરેગ્યુલર, *a.* (L. *in* & *regula* rule) not by rule.બેડોળ; નિયમ-ચાલ વિરૂદ્ધ, વ્યવસ્થા વગરનું, કુઢંગી, કુચાલનું, વાંકું, સરખું નહિ, વિષમ.

Ir-rel'e-vant,ઇરેલિવંટ,*a.*(L. *in*, *re*, *levare* to lift) not to the purpose. લાગુ પડે-કામમાં આવે નહિ એવું.

Ir-re-lig'i-ous, ઇરિલિજિઅસ, *a.* (*in* & *religion*) ungodly; wicked. અધર્મી; દુષ્ટ, દુરાચારી, ધર્મવિરૂદ્ધ.

Ir-rep'a-ra-ble, ઇરરેપેરેબલ, *a.* (L. *in*, *re* & *parare* to set in order) that cannot be mended.સુધરે-સમરે-પાછું મળે નહિ એવું. [be kept back. દબાય નહિ એવું.

Ir-re-pres'si-ble, ઇરરેપ્રિસિબલ, *a.* (*in*, *re* & *press*) to

Ir-re-sist'i-ble, ઇરિઝિસ્ટિબલ, *a.* (L. *in*, *re* & *sisto* to stand)not to be withstood.અટકાવી શકાય-સામા ટકાય નહિ એવું, અનિવાર્ય.

Ir-res'o-lute, ઇરેઝોલ્યૂટ, *a.* (L. *in re* & *solvo* to loose) wavering. અદૃઢ, ઢચુપચુ કરતું, અસ્થિર મનનું.

Ir-re-spec'tive, ઇરિસ્પેક્ટિવ, *a.* (L. *in*,*re* & *specere* to see) not regarding. લક્ષ-ધ્યાન ન આપનાર-રાખનાર.

Ir-re-spons'i-ble, ઈરરિસ્પૉન્સિબલ, *a.* (L. *in* & *respondeo* I answer) not responsible. જવાબ-જોખમદાર ન હોય એવું.

Ir-re-triev'a-ble, ઈરરિટ્રીવેબલ, *a.* (L. *in* & *retrievable*) irrecoverable. ફરીથી મેળવાય-પાછું આવે નહિ એવું, નિરૂપાય. [of respect. અનાદર, અપમાન.

Ir-rev'er-ence, ઈરરેવરન્સ, *n.* (L. *in* & *reverens*) lack

Ir-re-vers'i-ble, ઈરરિવર્સિબલ, *a.* (L. *in, re* & *verto* to turn) unchangeable. ફેરવાય-રદ કરાય નહિ એવું.

Ir-rev'o-ca-ble, ઈરરેવોકેબલ, *a.* (L. *in, re* & *voco* I call) not to be recalled. ફેરવાય-રદ કરાય નહિ એવું.

Ir'ri-gate, ઈરિગેટ, *vt.* (L. *in* & *rigo* I wet) to moisten; water. ભિંજવવું, પલાળવું; નીક-નેહેર વતી ખેતર કે જમીનને પાણી પાવું. [voked. ખિજવાય તેવું, તામસી.

Ir'ri-ta-ble, ઈરિટેબલ, *a.* (L. *irrio* I snarl) easily pro-

Ir'ri-tate, ઈરિટેટ, *vt.* to provoke; excite heat & redness. ચિડવવું, ગુસ્સે કરવું; આગ-લાય ઉઠાડવી. [ચિઢ, ગુસ્સો.

Ir-ri-ta'tion, ઈરિટેશન, *n.* excitement. લાય, ઝાળ; ખિજ,

Ir-rup'tion, ઈરપ્શન, *n.* (L. *in* & *rumpo* I break) a breaking in; sudden invasion. એકાએક ફાટીને આવવું-અંદર આવવું તે; એકાએક કીધેલી ચઢાઈ, હલ્લો.

Is'land, આઈલૅંડ, *n.* (Sax. *ea* water & *land*) land surrounded by water. બેટ, ટાપુ, દ્વીપ.

Is'le, આઈલ, *n.* (Fr. *ile*) island. બેટ.

Is'let, આઈલેટ, *n.* a little island. નહાનો ટાપુ, ઉપદ્વીપ.

Is'o-late, આઈસોલેટ, *vt.* (L. *insula*) to place apart. અળગું-વેગળું મૂકવું.

Is'sue, ઈશ્યૂ, *n.* (L. *ex* & *ire* to go) offspring; final result, profits; a flux; delivery; point; passing or flowing out; a sending out. છોકરૂં, સંતતિ, પ્રજા; છેવટ, છેડો; ઉપજ, આવક, નિપજ; સ્રાવ; વહેંચવું તે, આપવું તે, વહેંચણ; મુદ્દો, તકરારી બાબત, વિષય; બહાર નિકળવું તે; બહાર મોકલવું તે, કાઢીને આપવું તે. *vt.* to send out; deliver for use or by authority. બહાર મોકલવું, કાઢીને આપવું, ચલાવવું, ચાલુ કરવું; વહેંચવું, આપવું; જાહેર-પ્રગટ-પ્રસિદ્ધ કરવું. [સંયોગીભૂમિ.

Isth'mus, ઈસ્થમસ, *n.* (Gr. *isthmos*) neck of land.

Itch, ઈચ્, *n.* (AS. *gictha*) disease of the skin. ખસ, ખુજલી, ખજવાળ, ચેળ; a constant teasing desire. વળખાં, વખવખ. [કલમ, બાબત.

I'tem, આઈટેમ, *n.* (L.) a separate particular. રકમ,

It'er-ate, ઈટરેટ, *vt.* (L. *iter* a going) to repeat. ફરીથી કે બીજીવાર કહેવું-બોલવું-કરવું. [પ્રદેશ કરવા ગામેગામ ફરવું.

I-tin'er-ate, આઈટિનરેટ, *vi.* (L. *eo* I go) to travel. ઉ-

I'vo-ry, આઈવોરિ, *n.* (Fr.) the tusk of an elephant. હાથીદાંત. *a.* made of ivory. હસ્તિદંતનું.

I'vy, આઈવિ, *n.* (AS. *ifig*) a creeping plant. ઘર કે ઝાડપર ચડતા વેલો, તરૂ રોહિણી.

J.

Jab'ber, જૅબર, *vt. i.* (Scot. *gibber*) to chatter. બક-બક કરવી, બકવું. *n.* rapid talk. બકબક, બડબડ.

Jack, જૅક્, *n.* (Fr. *jacques*) machine; flag; sailor; mail ; saucy fellow. ઓજાર, સંચો; વાવટો; ખારવો, ખલાસી; કવચ, બખતર; હલકું પતરાજીખોર માણસ. [મૂર્ખમાણસ.

Jack'ass, જૅકૅસ, *n.* mule ass; block-head. ગધેડો; ઠોઠ–

Jack'boot, જૅક્બૂટ્, *n.* large boot. લાંબું બૂટ. [શિયાળવું.

Jack'al, જૅકૉલ, *n.* (Per. *shagal*) an animal. કહોલું,

Jack'et, જૅકેટ્, *n.* (Fr.) a short coat. બદન, કેડિયું, કુડતું.

Jade, જેડ, *n.* (Sp. *ijadear* to pant) a tired horse; a low woman. દમવગરનું ઘોડું; રાંડ. *vt.* to tire. થકવી નાખવું.

Jag, જૅગ, *vt.* (Celt. *gag* a cleft) to notch, indent. ખાંડ પાડવી, ખાંડું કરવું. *n.* a notch. ખાંડ, કાંગરો.

Jail, જેલ, *n.* (Fr. *geole*) a prison. કેદ–બંધીખાનું. [દરોગો.

Jail'er, જેલર, *n.* a keeper of prison. બંધીખાનાનો અધિકારી,

Jal'ap, જૅલૅપ, *n.* (Fr.) a plant or drug used as a cathartic. એક જાતનું રેચક મૂળિયું. [જાજરૂ, વાડો, કાંઠિયો.

Jak'es, જેકસ, *n.* (L. *jacio* I throw) a privy. સંડાસ,

Jam, જૅમ, *n.* (Gr. *zomos* broth) preserved fruit. મુરબ્બો. (See Jamb) to press, squeeze. દાબવું, ચાંપવું, ભચડવું. [ણાંનાં ચોકઠાંની બાજુ.

Jamb, જૅમ, *n.* (Fr. *jambe*) the side of a door. બાર-

Jang'le, જૅંગલ, *vt. i.* (Fr.) to quarrel. બોલાચાલી-ટંટો કરવો-થવો. [er. પોળિયો, દરવાન, દ્વારપાળ.

Jan'i-tor, જૅનિટોર, *n.* (L. *janua* a door) a door-keep-

Ja-pan', જૅપૅન, *n.* (from Japan) varnish. રોગાન. *vt.* to varnish. રોગાન ચઢાવવું-દેવું. [બરણી, ઘડો.

Jar, જાર, *n.* (It. *giara* a water-pot) a stone vessel.

Jar, જાર, *vi.* (Icel. *jara* a bottle) to strike harshly; clash; dispute. બેસુર વાગવું, કઠોર હોવું-થવું; આડે આવવું, ખલેલ કરવું; વઢવું, લડવું. [બોલી-ભાષા.

Jar'gon, જારગન, *n.* (Fr.) confused talk. ન સમજાય તેવી

Jas'mine, જૅસમિન, *n.* (Ar. *yasamyn*) a flower. જાઈ, જુઈ, જાસવેણ. [કમળો.

Jaun'dice, જૉંડિસ, *n.* (Fr. *jaune* yellow) a disease.

Jaun'diced, જૉંડિસ્ડ, *a.* affected with jaundice; prejudiced. કમળો થયો હોય એવું; પક્ષ ખેંચનારૂં, પક્ષપાત ભરેલું.

Jaunt, જૉંટ, *vi.* (Fr. *jancer* to stir) to make an excursion. સહેલ કરવા-ફરવા જવું. *n.* an excursion. સહેલ, ફરવા જવું તે. [ભભકાદાર, રંગીલું, ચપળ.

Jaun'ty, Jan'ty, જૉંટિ, *a.* (Fr. *gentil*) airy; showy.

Jave'lin, જૅવલિન, *n.* (Fr.) a light spear. ભાલો, બરછી.

Jaw, જૉ, *n.* (Fr. *joue* the cheek) the bone in which the teeth are fixed; the mouth. જડબું, ડાચું; મુખ, મ્હોડું.

Jay, જે, *n.* (Fr. *geai*) a bird. એક પક્ષી, નીલકંઠ, ચાસ.

Jea'lous, જૅલસ, *a.* (L. *zelus* zeal) intolerant; solicit-

ous ; suspicious. અદેખું, મત્સરી ; માનના રક્ષણસારૂ કાળજી-ફિકરવાળું, અભિમાની ; વહેમી, સંશયી.
Jea'lous-y, જેલસિ; *n.* suspicion. સંશય, શક, ઈર્ષા.
Jeer, જીર, *vi.* (Icel. *dar* derision) to scoff, deride, taunt. મજાક કરવી, હસવું, બનાવવું, મેણું મારવું.
Je-ho'vah, જીહોવા, *n.* (Heb. *havah* to be) Supreme Being. અનાદિકાળથી તે અનંતકાળ લગી છે ને છે તે, સ્વયંભૂ.
Je-june', જીજૂન, *a.* (L. *jejunus* fasting) hungry; empty; uninteresting. ભુખ્યું; ખાલી, ઠાલું; રસ-મઝા વિનાનું.
Jel'ly, જેલિ, *n.* (L. *gelu* frost) the juice of fruits boiled with sugar; any glutinous substance. ફળ-મેવાનો પાક, મુરબ્બો; ચિકણો પદાર્થ.
Jeo'pard-y, જેપાર્ડિ, *n.* (Fr. *jeu partie* an even game) danger, peril. જીવનું જોખમ, ધોકો, નુકસાન.
Jerk, જર્ક, *n.* (Scot. *yerk*) a sudden thrust. ધક્કો, આંચકો; હડસેલો, ઠોસો. *vt. i.* to throw or pull with sudden motion. ધક્કો મારવો, ઝડપથી નાખવું-ફેંકવું.
Jest, જેસ્ટ, *n.* (L. *ger* to do) a joke. મજાક, મશ્કરી, ટોળ, ઠઠ્ઠો. *vi.* to divert by words. મશ્કરી કરવી, બનાવવું.
Jet, જેટ્, *n.* (Fr. *jaiet*) a black fossil. એક કાળો પથ્થર.
Jet, જેટ્, *n.* (L. *jacio* I throw) a spout of water; gas branch. ફુઆરો; જે નળીમાંથી ગ્યાસનો ભડકો નિકળ્યા કરે તે. [stone. રત્ન, મણી, ઝવેર.
Jew'el, જૂએલ, *n.* (L. *gaudium* joy) a precious

Jew'el-ry જ્યૂએલરિ, *n.* trinkets generally. ઝવાહીર, જરિયાન, ઝવેરાત. [નાળ આગળનો સઢ, છબી.

Jib, જિબ્, *n.* (L. *gibba*) front sail of a ship. વહાણનું

Jilt, જિલ્ટ, *n.* (Scot. *jillet*) a woman who trifles with her lover. આસક્તપર પ્રીત બતાવ્યા પછી તેને છોડી દે એવી સ્ત્રી. *vt.* to trifle in love. સ્નેહ બાંધ્યા પછી આસક્તને છોડી દેવો.

Jin'gle, જિંગલ, *vi.* (Fr. *jangler* to clang) to clink, tinkle. છમછમ-ઘમઘમ-ઝણ ઝણ રણકો થવો, ખણખણવું. *n.* clink. ઝણકાર, રણકો.

Job, જૉબ્, *n.* (Fr. *gobet*) a piece of work. પરચુરણ કામ. *vt. i.* to do small work; to deal in stocks. ઉધડ કામ કરવું; દલાલી કરવી.

Jock'ey, જૉકી *n.* (*dimn* of Jack) one who rides a horse at a race; a dealer in horses; a cheat. શરતના ઘોડાપર બેસનાર-હાંકનાર; ઘોડાનો વેપારી; લુચ્ચું માણસ, ઠગ. *vt.* to cheat. છેતરવું, ઠગવું.

Jo-cose', Joc'u-lar, જોકોઝ, જૉક્યુલર, *a.* (L. *jocus* a joke) given to jokes. મજાક-મશ્કરી ખોર, ટોળી. [ગમત ભરેલું.

Joc'und, જૉકંડ, *a.* lively, merry. ખુશ મિજાજી, રંગીલું, રમુજી

Jog, જૉગ, *vt. i.* (Eng. *shock*) to push with the elbow. ચેતવણીસારૂ જરા કહોણી-ધક્કો-ઠોસો મારવો. to walk slowly. ધીમેધીમે ચાલવું.

Join, જૉઇન, *vt.* (L. *jungo*) to connect; associate;

unite. જોડવું, જોડતાં જવું, એકઠું કરવું, મેળવવું;-ને સાથે થવું-થઈને ચાલવું,-માં દાખલ થવું;એકસંપ-એકઠાં-એકત્ર થવું.
Join'er, જૉઈનર, *n.* a carpenter. સુથાર.
Joint, જૉઈંટ, *n.* union, knot; internode. સાંધ, સાંધો, ગાંઠો; પેરિયું, પેશી. *a.* shared; combined. ભાગીદાર, સામેલ, એકત્ર, સહ, સમ, સંયુક્ત, બન્ને-બધાએ એકઠાં મળી કીધેલું.
Joint'ure, જૉઈનચર, *n.* an estate settled on a wife. સ્રીધન. [the walls or girders. ભાલ, ભારોત.
Joist, જૉઈસ્ટ, *n.* (L. *jecere* to lie) a beam resting on
Joke, જોક, *n.* (L. *jocus*) a jest. મશ્કરી, મજાક. *vt. i.* to jest. મશ્કરી કરવી,-ને હસવું-બનાવવું.
Jol'ly, જૉલિ, *a.* (Icel. *jol* a christmas feast) full of life & mirth; plump, robust. ખુશમિજાજી, ગમતી, રંગીલું, વિનોદી, આનંદ ભરેલું; શરીરે ભરાઉ.
Jolt, જોલ્ટ, *n.* (Eng. *jole* to beat) a sudden shake. આચકો, હીલો. *vt. i.* to shake with jerks. આચકો આવવો-લાગવો. [ક્કો મારવો.
Jost'le, જૉસલ, *vt.* (Fr.) to push. હડસેલવું, આચકો-ધ-
Jot, જૉટ, *n.* (Gr. *iota*) the least quantity. લવલેશ-તલમાત્ર, બદામભાર. *vt.* to note down. લખી લેવું, ટીપવું. [રણલેખ.
Jot'ting, જૉટિંગ, *n.* a memorandum. ટિપ્પણ, નોંધ, સ્મ-
Jour'nal, જર્નલ, *n.* (L. *diurnum*) a diary; a periodical. રોજનામું-મેલ, ખાતાવહી; વર્તમાનપત્ર, ચોપાનીયું.
Jour'ney, જર્નિ, *n.* (Fr. *jour* a day) travel. મુસાફરી, પ્રવાસ, દેશાટન; મજલ. *vi.* to travel. પ્રવાસ કરવો.

Jour'ney-man, જર્નિમૅન્, *n.* a workman. રોજીનદાર, રો-
જીયો, દહાડિયો. [આનંદી, ખુશી, રંગીલું.
Jo'vi-al, જોવિઅલ, *a.* (L. *jovis* Jupiter) gay, merry.
Joy, જૉયિ, *n.* (Fr. *joie*) gladness; gayety, mirth; happiness. આનંદ, હર્ષ, ખુશી; મજાકઠઠા, હાસ્યવિનોદ; સુખ. *vi.* to rejoice. ખુશી થવું, હર્ષ પામવો.
Joy'ful, Joy'ous, *a.* gay, merry. ખુશ, આનંદી.
Ju'bi-lant, જૂબિલંટ, *a.* (L. *jubilum*) uttering songs of triumph. મ્હોટેથી જયજય બોલનાર. [ઉત્સવ.
Ju'bi-lee, જૂબિલિ, *n.* a season of joy. આનંદનો દિવસ,
Judge, જજ, *n.* (L *judico*) one who tries causes. ન્યાયાધીશ, ઈન્સાફ કરનાર, ખુબી–બુજ જાણનાર, કદરદાન, રસજ્ઞ, ગુણજ્ઞ, પરીક્ષક. *vt. i.* to hear & determine; conclude; decide; discern; censure; reckon. તોલ–ન્યાય કરવો; નિશ્ચય–ઠરાવ–સિદ્ધાંત કરવો, તર્ક–વિચાર બાંધવો; ઈન્સાફ–ચુકાદો–ફેસલો કરવો; સમજવું, સમજી લેવું; અવિચારથી ખોટું ઠેરવવું–માનવું–કહેવું; જાણવું, ગણવું.
Judg'ment, જજ્મેંટ, *n.* discernment; the faculty of judging; determination; sentence. કદર–બુજ જાણવી તે; વિવેક, વિચાર, સમજ, બુદ્ધિ; નિર્ણય, ઠરાવ; ફેસલો, નિકાલ, નિવેડો, ચુકાદો. [સભા, અદાલત.
Ju'di-ca-tor-y, જૂડિકેટરિ, *n.* a court of justice. ન્યાય-
Ju'di-ca-ture, જૂડિકેચર, *n.* power or court of justice. ન્યાય–ઈન્સાફ કરવાનો અધિકાર–સત્તા, અદાલત.

Ju-di'cial, જ્યુડિશિઅલ, *a.* pertaining to courts. અદાલતનું; ઈન્સાફ કરવાનું; ન્યાય પ્રકરણ સંબંધી, અદાલતે ઠરાવેલું, સજાદાખલ-ઈન્સાફની રાહે કરેલું.

Ju-di'ci-ous, જ્યુડિશિઅસ, *a.* prudent, wise. ડહાપણથી-વિવેક વિચારથી કરેલું,યોગ્ય; વિવેકી,વિચારવંત, સમજુક.[લોટો.

Jug,જગ,*n.* (AS. *ceac* a cup) a vessel for liquid.કુજો,

Jug'gle, જગલ, *vi. t.*(L. *jocus* a jest) to play tricks. નજરબંધી-હાથચાલાકી-જાદુખેલ-દગો-કાવતરૂં કરવું, છેતરવું, ઠગવું. *n.* imposture. ઠગાઈ. [જાદુગર, મદારી.

Jug'gler', જગ્લર, *n.* one who juggles. ગારૂડી, બાજીગર,

Ju'gu-lar, જ્યુગ્યુલર, *a.* (L. *jungo* I join) belonging to the throat. ગર્દન-ટોક-ગળાનું, કંઠય.

Juice, જ્યૂસ, *n.* (L. *jus*) vegetable sap. રસ.

Juic'y, જ્યૂસિ, *a.* full of juice. રસવાળું-દાર.

Jum'ble, જમ્બલ, *vt.* (Fr. *combler* to heap up) to mix confusedly. ગડબડસડબડ-ઘાલમેલ કરી મૂકવી,-નો ગોટો-લોચો વાળવો. *n.* mixture. ગડબડગોટો, લોચો.

Jump, જમ્પ, *vt. i.* (Dan. *gumpe* to jolt) to leap, to spring. કુદવું, કુદી જવું-પડવું, ભુસ્કો-છલંગ મારવી. *n.* a leap. કુદકો, છલંગ.

Junc'tion, જંકશન, *n.* (L. *jungo* to join) joining; the place or point of union. એકઠા કરવા તે, સંયોગ; જયાં બે કે વધારે ચીજો એકઠી થાયછે તે જગા; સંગમ. [ટાંકણું.

Junc'ture, જંકચર, *n.* a critical time. સંધિ તક, જોગ,

Jung'le, જંગલ, *n.* (Hind.) close wooded country. રાન, વન. [ભોજાથી નહાનું, કનિષ્ઠ, નવો.
Ju'ni-or, જ્યુનિઅર, *a. n.* (L. *juvenis* young) younger.
Ju-ris-dic'tion, જ્યુરિસ્ડિક્શન, *n.* (L. *juris* law & *dico* I say) legal authority; limit of authority. કાયદાથી મળેલો અધિકાર–સત્તા, અમલદારી, અમલ; કયી કયી બાબતોપર ને પુરૂષપર અધિકાર ચાલે તેવિષે ઠરાવેલી અવધી, જે પ્રાંતોપર કોઈની સત્તા ચાલે તે. [ધર્મશાસ્ત્ર, સ્મૃતિ, કાયદાનો ઈલમ.
Ju-ris-pru'dence, જ્યુરિસપ્રૂડન્સ, *n.* the science of wal.
Ju'rist, જ્યુરિસ્ટ, *n.* one versed in the law. ધર્મશાસ્ત્ર જાણનાર. [jury. પંચમાંનો એક, પંચ
Ju'ror, જ્યુરર, *n.* (L. *juro* I swear) one serving on
Ju'ry, જ્યુરિ, *n.* men sworn to try a case. પંચ.
Just, જસ્ટ, *a.* (L. *jus* law) regular; upright; righteous; proper; innocent; impartial. નિયમપ્રમાણે હોય તેવું; નીતિમાન, વાજબી રીતે ચાલનાર, પ્રમાણિક; ઈશ્વરના બધા હુકમ માથે ચઢાવનાર–પાળનાર; ખરૂં, વાજબી, રાસ્ત, અદલ, વાસ્તવિક, નિરપરાધી, નિર્દોષ; નિષ્પક્ષપાતી. *ad.* exactly; close. બરાબર, તેવું ને તેવુંજ; પાસેજ, લગોલગ.
Jus'tice, જસ્ટિસ, *n.* giving every one his due; impartiality; judge. ન્યાય, ઈન્સાફ, ધર્મ, સાચજૂઠ, પ્રમાણિકપણું; અપક્ષપાત, સમાન ભાવ; ન્યાયાધીશ, ઈન્સાફ કરનાર.
Jus-ti-fi-ca'tion, જસ્ટિફિકેશન, *n.* defence, clearing from guilt. ખરૂં–વાજબી કરી આપવું તે, માફી આપી ન્યાયી ઠેરવવું તે.

Jus'ti-fy, જસ્ટિફાઇ, *vt.* to prove to be right; to pardon & clear from guilt; judge rightly. ખરૂં-વાજબી કરી આપવું, સ્થાપન કરવું; ક્ષમા કરીને ન્યાયી ઠેરવવું; વાજબી માનવું, જાણવું. [ણીકપણે.

Just'ly, જસ્ટલિ, *ad.* fairly, honestly. વાજબી રીતે, પ્રમા-

Just'ness, જસ્ટનેસ, *n.* uprightness. વાજબીપણું.

Jut, જટ, *vi.* (See *Jet*) to project. બહાર પડવું-નિકળવું.

Ju've-nile, જૂવેનાઇલ, *a.* (L. *juvenis* young) youthful. નહાનું, તરૂણ, જુવાનીનું.

Jux-ta-po-si'tion, જક્સ્ટાપોઝિશન, *n.* (L. *juxta* near & *pono*) nearness in place. પાસેપાસે મૂકવું-આવવું તે.

K.

Kail, Kale, કેલ, *n.* (L. *caulis*) cabbage. એક જાતની કોબી.

Ka-lei'dos-cope, કલાઇડૉસ્કોપ, *n.* (Gr. *kalos* beautiful, *eidos* form & *skopein* to look carefully) an optical instrument which exhibits a variety of beautiful colors. ફેરવ્યાથી જાત જાતના સુંદર રંગ જેમાંથી દેખાયછે એવું યંત્ર. [વહાણનું નહાનું લંગર-લોલી-બિલાડી.

Kedge, કેજ, *n.* (Icel. *kaggy* a cask) a small anchor.

Mor'phi-a, મોરફિયા, (Gr. *mopheus* god of dreams) an alkali from opium. અફિણનો સત્વાંશ.

Mor'row, મૉરો, *n.* (AS. *morgen*) next day. આવતો કાલ, બિજો દિવસ. [ટુકડો, કોળિયો, ગ્રાસ, બૂક, ડપ્પો.

Mor'sel, મૉર્સલ, *n.* (L. *mordeo* I bite) a piece. કકડો,

Mor'tal, મૉર્ટલ, *a.*(L.*mors* death) subject to death; deadly; tormenting; human. મરણાધીન,મર્ત્ય, નાશવંત; પ્રાણઘાતક, જીવલેણ, નાશકારક; કંટાળા ભરેલું; દુઃખ-પીડાનું; માણસજાતનું. *n.* a human being. માણસ, મનુષ્ય.

Mor-tal'i-ty,મૉર્ટૅલિટિ,*n.*subjection to death,frequent death. મરણાધીનતા, મર્ત્યતા; મોત, મરણની સંખ્યા.

Mor'tal-ly, મૉર્ટલિ, *ad.* fatally. મરણતોલ, અતિશય, બેહદ.

Mor'tar, મૉર્ટર, *n.* (L. *mordeo* I bite) a cement for building; a vessel for pounding with pestle ; a short cannon. ખરચી ચુનો, ગારો, કૈલ; ખાંડણી, ખાણણી, ખલ; છરાના ગોળા ભરવાની ટોપ, ગરનાળ.

Mort'gage, મૉર્ગેજ, *n. vt.* (Fr. *mort* dead & *gage* pledge) pledge as security. ગીરવી મૂકવું તે; ઘરેણે રાખવું. [is given. ગીરવી રાખનાર-લેનાર.

Mort-ga-gee', મૉર્ટગેજી, *n.* one to whom a mortgage

Mor-ti-fi-ca'tion, મૉર્ટિફિકેશન, *n.* (L. *mors* death & *facio*) gangrene; self-denial; humiliation. સડો, બગાડ; મન મારવું તે, ઈંદ્રિયદમન; માનભંગ, ફજેતી.

Mor'ti-fy,મૉર્ટિફાઈ,*vt. i.* to destroy vitality;subdue; humble. -થી બગડી-સડી જવું; મન મારવું-વશ કરવું; માનભંગ કરવું, પાણી ઉતારવું, ઉતારી પાડવું, હલગીર-ઉદાસ કરવું.

Mor'tise, મૉર્ટિસ, *n.* (Fr. *morttaise*) tenon socket. જેમાં સાલ બેસે તે-સૂલનો વેહ. *vt. vi.* to cut for tenon. સાલ બેસાડવા વહે પાડવો, સાલ બેસાડવું.

Mor'tu-a-ry, મૉર્ટ્યુઅરિ, *a.* (L. *mortuus* dead) belonging to the burial of the dead, મુડદાંને દાટવા સંબંધી.
Mosque, મૉસ્ક, *n.* (Ar. *masjid*) a Mohamedan house of worship. મસીદ. [fly, gnat. મચ્છર, ડાંસ.
Mos'qui-to, મૉસ્કીટો, *n.* (L. *musca* a fly) a stinging
Moss, મૉસ. *n.* (AS. *meos*) lichen. લીલ.શેવાળ.
Most, મોસ્ટ, *a.* (AS. *mæst*) greatest. સહુથી ઘણું-વધારે, ઘણુંખરૂં-કરીને સર્વે. *n.* greatest number. મહોટી સંખ્યા.
Most'ly, મોસ્ટલિ, *ad.* for greatest part. ઘણું કરીને.
Mote, મોટ, *n.* (AS. *mot* dust) a small particle. અણુ, કણ; રજ. [ઉધાઈ, કંસારી,
Moth, મૉથ, *n.* (Ger. *motte*) a winged insect. પતંગિયું.
Mother, મધર, *n.* (L. *mater*) a female parent. મા, માતા, માડી, ઇ. *a.* native. સ્વાભાવિક, જન્મનું.
Moth'er-wit, મધરવિટ, *n.* native wit. સ્વાભાવિક બુદ્ધિ.
Mo'tion, મોશન, *n.* (L. *motum* to move) a change of place; movement; gait; internal action; proposal made; a stool. હાલચાલ, ગતિ, ગમન; ગમનશક્તિ; ચાલવાની રીત-ઢબ, ચાલ, હિંડછા; મનોવિકાર-વૃત્તિ, છાતી પિગળવી-ભરાઈ આવવી-ફાટવી તે; સૂચના; દરખાસ્ત; ઝાડો, દસ્ત.
Mo'tion less, મોશનલેસ, *a.* quiescent. સ્થિર, અચળ, સ્તબ્ધ.
Mo'tive, મોટિવ, *n.* inducement; reason, cause. હેતુ; કારણ, સબબ, નિમિત્ત. *a.* causing to move. ચલાવનાર, પ્રવર્તક,
Mot'ley, મૉટલે, *a.* (W. *ysmot* a spot) variegated in co-

lour;mixed up of various parts.ચિત્રવિચિત્ર;પંચરંગી.
Mo'tor, મોટર, *n.* (See move) a mover. ચલાવનાર.
Mot'to, મૉટો, *n.* (It.) a sentence prefixed to an essay,&c.; inscription. વાક્ય, વચન; મુદ્રાલેખ, મથાળે લખેલું વચન. [મટોડી; ફૂગ, ઉબ.
Mould, મોલ્ડ, *n.* (AS. *molde*) soft earth. પોચી-નરમ
Mould, મોલ્ડ, *n.*(L.*modulus*) matrix; cast, form.બીબું, ઓઠું, સાંચો; ઢાળ, ઘાટ. *vt.* to shape. ઘડવું,પાડવું,બનાવવું.
Moult, મોલ્ટ, *vi.* (Fr. *muer*) to shed hair, feathers, horns, &c.-ના વાળ-પીછાં-શીંગડાં ઇ૦ ખરી-ઉતરી પડવાં.
Mound, માઉંડ, *n.* (AS. *mund* a defence) a bank to fortify; a hillock. બાંધ, બુરજો; ટેકરી, ડુંગરી.
Mount, માઉંટ, *n.* (L. *montis* a mountain) a hill; a mound. ડુંગર, ટેકરી; બાંધ, બુરજો..*vi.* to raise; get on horse ; amount. ઉપર ચઢવું, ઉંચે જવું ; ઘોડાપર ચઢવું, સ્વાર થવું; ઓકંદર-જુમલે થવું.*vt.*to ascend;raise aloft. ચઢવું, ઉપર બેસવું; ઉંચું કરવું-ચઢાવવું.
Mount'ain, માઉંટેન, *n.* very high hill. પહાડ, પર્વત.
Mount-ain-eer',માઉંટેનીર,*n.* dweller on a mountain. પહાડપર રહેનાર, પર્વતવાસી. [વાળું; પર્વત જેવું-ઘણું મ્હોટું.
Mount'ain-ous, માઉંટેનસ, *a.* hilly; huge. પહાડી, પહાડ-
Mount'e-bank, માઉંટબેંક, *n.* (It.) a quack; pretender. ઢોંગી-ઉંટવૈદ; ઢોંગી, ખોટો ભભકો દેખાડનાર.

Mourn,મોર્ન,*vt.i.*(Fr. *morne* sad) to grieve, lament, શોક-વિલાપ કરવો, દલગીર થવું, રડવું. [કારક-ભરેલું, દલગીર.
Mourn'ful, મોર્નફુલ, *a.* expressing grief. શોખ-દુઃખ-
Mourn'ing, મોર્નિંગ, *n.* sorrowing; dress of mourners. શોક, દલગીરી, દુઃખ; શોખનો પોશાક-લુગડાં. [ઉંદર.
Mouse,માઉસ, *n.* (AS.*mus*) a small rodent animal.
Mous'tache,મૂસ્ટૅશ,*n.* (Gr. *mustax*) the hair on the upper lip. મૂછ. [food;orifice.મહોડું,મુખ,વદન;દ્વાર,બાકું.
Mouth, માઉથ, *n.* (AS. *muth*) opening in head for
Mouth'ful, માઉથફુલ, *n.* as much as the mouth holds at once. કોળિયો, ગ્રાસ, ઘુટડો; લેશમાત્ર, થોડું.
Mouth'piece, માઉથપીસ, *n.* part of an instrument for the mouth; one who speaks for another. મહોડેથી વગાડવાનો વાજાનો ભાગ; બીજાની વતી બોલનાર.
Mov'a-ble, મૂવૅબલ, *a.* (L. *moveo*) that can be moved; changing.એક જગાથી બીજીએ લઈ જવાય એવું, જંગમ, ચળ, બદલાતું, ફરતું, અસ્થિર. [ગમ માલ-મિલકત.
Mov'a-bles, મૂવૅબલ્ઝ, *n.* furniture, goods, &c. જં-
Move, મૂવ, *vt. i.* to set in motion; excite; affect; change place; propose or recommend; persuade. હલાવવું,ચલાવવું,ગતિ આપવી,ચાલું કરવું; ઉશ્કેરવું, જાગૃત કરવું; અસર કરવી,-નું મન પિગાળવું;ખસેડવું,બીજી જગાએ લેઈ જવું; દરખાસ્ત કે ભલામણ કરવી; મન માનવું, સમજાવવું,લલચાવવું.
Move'ment, મૂવમેંટ, *n.* change of position; way of

moving; agitation. એક જગાથી બીજીએ જવું તે, સ્થલાંતર, હાલવું ચલાવવું તે, ચલનવલન; ચાલ, ગતિ; ગભરાટ.

Mow, મો, *n.* (AS. *mowan*) hay-rick. ઘાસની ગંજી—ઢગ. *vt.* to cut down with scythe. દાતરડાએ ઘાસ કાપવું—વાઢવું.

Much, મચ, *a.* (AS. *micel*) great in quantity. ઘણું, બહુ; *n.* a great deal. ઘણું, મહોટી વાત. *ad.* by far. પુષ્કળ.

Muck, મક, *n.* (AS. *meox*) moist dung; anything filthy. છાણ, ખાતર, કહોઈ ગયલો કચરો; નકામો ગંધાતો પદાર્થ.

Muc'id, મ્યૂસિડ, *a.* (L. *mungo*) musty, slimy. ચિકણું.

Mu'ci-lage, મ્યૂસિલેજ, *n.* a slimy mass or body. ચિકણી [ચીજ, ચિકાસ.

Mu'cous, મ્યૂકસ, *a.* slimy, viscous. ચિકણું.

Mu'cus, મ્યૂકસ, *n.* a slimy fluid from nose &c. મળ, ચિકણો પદાર્થ, કફ, ગળફો, બળગમ; ગાળો, આમ, લીંટ. [ચિખલ.

Mud, મડ, *n.* (Sw. *modd*) wet earth, mire. કાદવ, કીચડ,

Mud'dle, મડલ, *vt.* to make muddy or confused; intoxicate. ડહોળી નાખવું, મેલું કરવું; કેફી કરવું. [હાથનાં મોજાં.

Muff, મફ, *n.* (Ger. *muff* a sleeve) cover for hands. ગરમ

Muf'fin, મફિન, *n.* a light cake. એક જાતની પૂરી.

Muf'fle, મફલ, *vt.* to cover or wrap close; conceal. ગરમ લુગડું ઓઢવું—વિંટવું; સંતાડવું, છુપાડવું.

Mug, મગ, *n.* (Ir. *mugan*) a cup. પ્યાલું, પવાલું, જામ.

Mug'gy, મગિ, *a.* moist. ભીનું, હવાયલું. [the fruit. સેતુર.

Mul'berr-y, મલબેરિ, *n.* (L. *morus*) the tree. સેતુરનું ઝાડ;

Mulet, મલ્કટ, *n.* (L. *mulcto* I fine) a fine. પૈસાનો દંડ,
ગુન્હેગારી. *vt.* to fine. દંડ કરવો. [ass. ખચ્ચર.
Mule, મ્યૂલ, *n.* (AS. *mul*) offspring of horse and
Mul'ish, મ્યૂલિશ, *a.* like a mule; stubborn. ખચ્ચર
સરખું; અડિયેલ, હઠીલું. [મસાલો નાખી ઉકાળવું-હુનું કરવું.
Mull, મલ, *vt.* (L. *mollio* I soften) to heat & spice.
Mul-ti-fa'ri ous, મલ્ટિફેરિઅસ, *a.* (L. *multus* many
& *varius*) having a great variety. અનેક પ્રકારનું,
જાતજાતનું. [આકારનું, બહુરૂપી.
Mul'ti-form, મલ્ટિફોર્મ, *a.* having various forms. ઘણા
Mul'ti-ped, મલ્ટિપેડ્, *a.* (L. – & *pedis*) having many
feet. ઘણા પગવાળું, બહુપગી. [sible by another. ભાજ્ય.
Mul'ti-ple, મલ્ટિપ્લ, *n.* (L. – & *plico*) a number divi-
Mul-ti-pli-ca'tion, મલ્ટિપ્લિકેશન, *n.* act of multiplying.
વધારવું તે, વૃદ્ધિ, ગુણાકાર. [કરવી, વધારવું, ગુણવું, ગુણાકાર કરવો.
Mul'ti-ply, મલ્ટિપ્લાઈ, *vt.* to increase in numbers. વૃદ્ધિ
Mul'ti-tude, મલ્ટિટ્યૂડ, *n.* a great number; an as-
semblage. ઘણાં, પુષ્કળ, મ્હોટી સંખ્યા; જમાત, જથો,
મેળાવડો, લોક, દુનિયા. [બીડીને બોલવું, બબડવું, ગણગણવું.
Mum'ble, મમ્બલ, *vi.* (Ger.) to mutter. અસ્પષ્ટ—હોઠ
Mum'mer-y, મમરિ, *n.* (Dut. *mom* mask) farcial
show; sport in masks; foolery. ખાલી ઢોંગ–ઠાઠમાઠ;
મ્હોડાં પહેરીને કરેલો ખેલ; તરકડિયાનો ખેલ; નીચ રમત.

Mum'my, મમિ, *n.* (Ar. *mum* wax) embalmed body. ખુશબો ભરીને રાખેલું મુડદું. [neck. ગળસણું, ગળાનું દરદ.
Mumps, મમ્પ્સ, *n.* (Ger.) swelling of glands of the
Munch, મન્શ, *vt. i.* (Fr. *manger*) to chew greedily. મહોટા કોળિયા કરીને ખાવું. [world. આલોકનું, દુનિયાનું, ઐહિક.
Mun'dane, મન્ડેન, *a.* (L. *mundus* the world) of this
Mun'goose, મગૂસ, *n.* an animal. મંગુસ, નોળિયો.
Mu-nic'i-pal, મ્યૂનિસિપલ, *a.* (L. *munia* official duties & *capio*) pertaining to city or state. શહેર સુધરાઇનું; રાજ્યનું, મુલકી. [*facio*) liberality. ઉદારતા, સખાવત.
Mu-nif'i-cence, મ્યૂનિફિસન્સ, *n.* (L. *munus* gift &
Mu-nif'i-cent, મ્યૂનિફિસંટ, *a.* generous. ઉદાર, સખી, ઘોતાળ.
Mur'der, મર્ડર, *n.* (AS. *mors* death) killing with malice. ખુન, મનુષ્ય હત્યા. *vt.* to kill. ખુન કરવું.
Mur'der-er, મર્ડરર, *n.* assasin. ખુન કરનાર, ખુની, હત્યારો.
Murky, મર્કિ, *a.* (AS. *myrc*) dark, gloomy. કાળું, અંધારૂં.
Mur'mur, મર્મર, *n.* (L.) complaint; low sound. બડબડાટ, કકલાટ; ખળખળાટ, ઘુઘવાટો, કલકલ. *vi.* to mutter, complain; purl. બબડવું, કકલવું, કકલાટ કરવો; ઘુઘુ કરવું, કલકલવું. [among cattle. ઢોરને થતો જીવલેણ રોગ.
Mur'rain, મરેન, *n.* (L. *mori* to die) a disease
Mus'cle, મસલ, *n.* (L. *musculus*) fleshy fibre. માંસના તંતુ–દોરી, સ્નાયુ, માંસરજ્જુ. [બૂત; માંસતંતુનું.
Mus'cu-lar, મસ્કયુલર, *a.* strong; brawny. જબરૂં, મજ-

Muse, મ્યૂઝ, *vi.* (Fr. *muser* to trifle) to think deeply. ચિંતન-મનન-બારીકાઈથી વિચાર કરવો, ધ્યાન ધરવું. *n.* a deep thought. ઉંડો વિચાર. [સ્વતી, વાગ્દેવી.

Muse, મ્યૂઝ, *n.* (L. *musa*) the deity of poetry. સર-

Mu-se'um, મ્યુઝિઅમ, *n.* (L.) place for curiosities, &c. ચમત્કારિક પદાર્થ સંગ્રહ, સંગ્રહસ્થાન.

Mu'sic, મ્યૂઝિક, *n.* (L. *musica*) science of harmonical sounds; melody, harmony. ગાયન-વાદ્યવિદ્યા, સંગીતશાસ્ત્ર; સુસ્વર, સ્વરમાધુર્ય, ગાયન. [કસ્તુરી; કસ્તુરી મૃગ.

Musk, મસ્ક, *n.* (L. *muscus*) strong scent; an animal.

Mus'ket, મસ્કેટ્, *n.* (L. *muska* a fly) a fire arm. બંદુક.

Mus'lin, મઝલિન્, *n.* (Fr. *mousseline*) fine cotton cloth.

Must, મસ્ટ, *vi.* (AS. *most*, be obliged. જોઈએ, પડવું. [મલમલ.

Mus'tache, મુસ્ટૅશ, *n.* (Fr.) hair on upper lip. મુછ.

Mus'tard, મસ્ટર્ડ, *n.* (Fr. *moustarde*) a plant & its seeds. રાઈનો છોડ, રાઈ.

Mus'ter, મસ્ટર, *vt. i.* (L. *monstro* I show) to collect, એકઠું કરવું-મળવું-થવું. *n.* a register. લશ્કરની હાજરી.

Mus'ter-roll, મસ્ટરરોલ, *n.* a list of forces. લશ્કરનું હાજરીપત્રક. [વાણું, ઉતરી ગયલું, વાસી.

Must'y, મસ્ટિ, *a.* (L. *muceo*) mouldy, stale. ફૂગ-ઉબ-

Mu'ta-ble, મ્યૂટેબલ, *a* (L. *muto* I change) subject or given to change. બદલાઈ-ફરી જાય એવું, અસ્થિર, ચલિત.

Mu-ta'tion, મ્યૂટેશન, *n.* change. ફેરફાર, બદલવું તે.

Mute, મ્યૂટ, *a.* (L. *mutus*) silent; dumb; not pronounced. ચૂપ; મૂંગું, બોલતું નહિ હોય એવું; જેનો ઉચ્ચાર થતો નથી એવું *n.* a dumb person. મૂગો માણસ.

Mu'ti-late, મ્યૂટિલેટ, *vt.* (L. *mutilo* maimed) to mangle; maim. અગત્યનો ભાગ ભાંગી–કાઢી નાખી બગાડવું, બાંડું કરવું; હાથપગ કાપી નાખવા; પાંગળું–લૂલું–અંગછેદન કરવું.

Mu'ti-nous, મ્યૂટિનસ, *a.* (L. *motus* movement) seditious. ફિતુરી, ફિસાદી, બળવા–બંડખોર.

Mu'ti-ny, મ્યૂટિનિ, *n.* an insurrection. બંડ, બળવો. *vi.* to rise against authority. ઉપરીની સામા થવું, બંડ ઉઠાવવું.

Mut'ter, મટર, *vi.* (L. *mutus*) to speak low. કોઈ ન સાંભળે એમ રીસમાં બોલવું, બબડવું, લવારો કરવો. [માંસ–ગોસ.

Mut'ton, મટન, *n.* (Fr. *mouton*) sheep's flesh. મેંઢાનું

Mu'tu-al, મ્યૂટ્યૂઅલ, *a.* (L. *muto* I change) reciprocal. અરસપરસનું, અન્યોન્ય, પરસ્પર, માહોમાહેનું.

Muz'zle, મઝલ, *n.* (It. *muso*) a mouth; fastening for mouth. જાનવરનું મ્હોડું–નાક–ડાચું, તોપ વગેરેનું મ્હોડું; બળદ વગેરેને મ્હોડે બાંધવાની જાળી, મહોડી. *vt.* to fasten up mouth; restrain from hurting. જાળથી મ્હો બંધ કરવું, મહોડી ઘાલવી; ઈજા–નુકસાન નહિં કરવા દેવું.

My, માઈ, *pro.* (AS. *min*) belonging to me. મારૂં.

Myr'i-ad, મિરિઍડ, *n.* (Gr. *marias* numberless) ten thousand. દશહજાર, અયુત. [soldier. જુલમગાર સિપાઈ.

Myr'mi-don, મરમિડૅમ, *n.* (L. *myrmex* an ant) a rouge

Myrrh. મર, *n.* (L.) a gum-resin. બોળ, હીરાબોળ.
Mys-te'ri ous, મિસ્ટીરિઅસ, *n.* (L. *mysterium*) obscure, secret. ન સમજાય એવું, ગૂઢ, ગહન. [વાત, મર્મ, ભેદ, રહસ્ય.
Mys'te-ry, મિસ્ટરિ, *n.* something obscure. છાની રાખેલી
Mys'ti-fy, મિસ્ટિફાઈ, *vt.* to perflex designedly. ભમાવવા-સારૂ મર્મ ભરેલું-ગૂઢ કરવું-દેખાડવું. [કલ્પિત વાત-કથા.
Myth, મિથ, *n.* (Gr. *muthos* a fable) a fable. જોડીકાઢેલી-

N.

Nab, નેબ્, *vt.* (Sw. *nappa*) to catch, seize. પકડવું, ઝુંટવું.
Na'dir, નેડિર, *n.* (Ar.) heavens under feet. અધો બિંદુ.
Nag, નૅગ, *n.* AS. *hnægan* to neigh) a small horse. ઘોડું.
Na'iad, નૅયડ્, *n.* (L. *nao* I flow) a water nymph. જળદેવી.
Nail, નેલ, *n.* (AS. *nægel*) a claw; end of fingers; an iron pin; 2¼ inches. પંજો; નખ; ખીલો, ચૂંક, મેખ; સવા બે ઈંચ. [ભોળા-સુધા-નિખાલસપણું.
Na'ive-te, નાઈવટે, *n.* (L. *nativus*) native simplicity.
Na'ked, નેકેડ્, *a.* (AS. *naced*) not covered; defenceless; plain; mere. નાગું, નગ્ન; તદ્દન, બિલકુલ; માત્ર એવું.
Name, નેમ, *n.* (AS. *nama*) title; repute; remembrance. નામ, સંજ્ઞા; આબરૂ, કીર્તિ, માન; સ્મરણ, યાદ. *vt.* to denominate; mention; nominate. નામ પાડવું-આપવું; નામ દેવું-લેવું-કહેવું; નિમવું, ઠેરવવું.

Name'ly, નેમલિ, *ad.* that is to say. એટલે. [નામવાળી.
Name'sake, નેમસેક, *n.* a person of the same name.
Nap, નૅપ્, *n.* (AS. *hnæppian*) short sleep. ઉંઘનું ઝોકું, અલ્પનિદ્રા. short wool. રૂંઆંટી, રૂંઆં. [behind. બોચી.
Nape, નેપ, *n.* (AS. *cnæp* the top) joint of neck
Nap'kin, નૅપકિન્, *n.* (Fr. *nappe*) a towel, small cloth. હાથ મહોઢું લુછવાનો રૂમાલ. [sleep. ઉંઘ-નિદ્રા આણે એવું.
Nar-cot'ic, નાર્કોટિક્, *a.* (Gr. *narke* torpor) inducing
Nar-rate', નૅરેટ, *vt.* (L. *narra-gnarus* knowing) to relate, tell. વર્ણન-નિરૂપણ કરવું, કહેવું.
Nar-ra'tion, નૅરેશન, *n* relation, rehearsal; story. કથન, વર્ણન; નિરૂપણ; કથા, વાર્તા, ઈતિહાસ. [ન, વૃત્તાંત, વાત.
Nar'ra-tive, નૅરેટિવ્, *n.* account of particulars. વર્ણ-
Nar'row, નૅરો, *a.* (AS. *neah* near) not wide; of little extent; straightened; not liberal; close, accurate. સાંકડું; વિશાળ-વિસ્તીર્ણ નહિ એવું; સંકોચિત, ભીડ-તંગીમાં હોય એવું, થોડું, ઉદાર નહિ એવું, કંજુસ; બારીક, ઝીણું, ચાપચીપથી કરેલું. *vt.* to contract. ઘટાડવું, ટુંકું કરવું.
Nar'row-ly, નૅરોલિ, *ad.* closely, hardly, scarcely. બારીકીથી, ચીપીચીપીને, મહા મહેનતે-મુસીબતે, કથાવટે, ભાગ્યે.
Nas'al, નેઝલ, *a.* (L. *nasus* nose) of nose. નાકનું, અનુનાસિક.
Nasc'ent, નૅસંટ, *a.* (L. *nascor* to be born) beginning to exist or to grow. ઉગવા-વધવા માંડતું, ખીલી નિકળતું.
Nas'ty, નૅસ્ટિ, *a.* (Ger. *nass* wet) dirty, filthy. મેલું, ગંદું.

Na'tal, નેટ્લ, *a.* (L. *natus* born) pertaining to birth. જન્મનું–સંબંધી.

Na'tion, નેશન, *n.* people living under one government. પ્રજા, લોક, કોમ.

Na'tion-al, નૅશનલ, *a.* belonging or common to a nation. પ્રજાનું, લોકસંબંધી, સાધારણ, સામાન્ય, દેશાભિમાની.

Native, નેટિવ્, *a.* natural, not acquired; pertaining to birth-place. કુદરતી, સ્વાભાવિક, જન્મથી મળેલું; સ્વ, જન્મ. *n.* one born in a place. –ની જન્મભૂમિ હોય તે, રહેવાસી.

Na-tiv'ity, નેટિવિટિ, *n.* birth; time, place of birth. જન્મ, ઉત્પત્તિ, ઉદ્ભવ, ઉદય; જન્મકાળ–ભૂમિ; જન્માક્ષર.

Nat'u-ral, નૅટ્યૂરલ, *a.* produced by nature, not forced, unaffected; not revealed. સ્વાભાવિક, કુદરતી, જાતનું, અંગનું; સરળ, સાહજિક, પોતાની મેળે થયલું; ઢોંગ વગરનું. અકૃત્રિમ; ઇશ્વરોક્ત નહિ એવું, સૃષ્ટિ–પ્રકૃતિજન્ય.

Nat'u-ral-ize, નૅટ્લૌઈઝ, *vt.* invest with citizen's right; make suitable. સ્વદેશી જેવા અધિકાર ને હકો આપવા, દેશીઓમાં ભેળવું; યોગ્ય–લાયક કરવું, માફક–અનુકૂળ પડવું.

Na'ture, નેચર, *n.* the universe; essential qualities; regular course; natural affection; system; sort; birth. સૃષ્ટિ, જગત, જગકર્તા; ખાસગુણ, ધર્મ, જાતિસ્વભાવ, પ્રકૃતિ; કુદરતનો વહિવટ, સૃષ્ટિક્રમ, રીત, માર્ગ, રૂઢી; સ્વભાવ, પ્રકૃતિગુણ; બંદોબસ્ત, રચના, ગોઠવણ; પ્રકાર, જાત, ભેદ; જન્મ.

Naught, નૉટ્, *n.* (AS. *na* not & *wiht* anything) noth-

ing. કંઈજ નહિ તે. *a.* bad; worthless. ખરાબ; નઠારૂં; કોહોલું,નકામું. [લુચ્ચું, કોહોલું;તોફાની,ઉછાછળું,લુચ્ચું, મમતી.

Naught'y, નોટિ, *a.* bad, corrupt; ill-behaved. ખરાબ,

Nau'se-a, નોઝિઍ, *n.* (Gr. *naus.* a ship) sea sickness; qualm, loathing. વહાણમાં આવતા ફેર–ચક્કર–તમાર; ઉલાળો, ઓકારી, મોળ, કંટાળો.

Nau'se-ate, નોઝિએટ, *vt.* to affect with disgust, loathe. ને કંટાળો આવવો,–થી કંટાળવું. [ઉલટી કરવાનું થાય એવું.

Nau'se-ous, નોઝિઅસ, *a.* loathsome. કંટાળો આવે–સૂગ ચઢે–

Nau'ti-cal, નૉટિકલ, *a.* relating to ships or seamen. વહાણ ચલાવવા સંબંધી, ખલાસીને લગતું. [દરીઆઈ.

Na'val, નેવલ, *a.* belonging to ships. વહાણનું,આરમારી,

Nave, નેવ, *a.* (AS. *nafu*) centre of a wheel. નાભ, નાયડી. (Fr. *nef*) middle or centre of a church. દેવળનો વચલો ભાગ. [abdomen. ડૂંટી, નાભિ.

Na'vel, નેવલ, *n.* (Sans. *nabhi*) the middle of the

Nav'i-ga-ble, નૅવિગેબલ, *a.* (L. *navis* a ship) passable for ships. વહાણ જઈ–ચાલી શકે એવું.

Nav'i-gate, નૅવિગેટ, *vi. t.* to pass on water with ships; sail; steer. વહાણમાં બેસી જવું–આવવું, સફર કરવી; દરિયો ખેડવો,–ની પાર જવું ; હાંકવું, હંકારવું.

Na-vi-ga'tion, નૅવિગેશન, *n.* art of conducting ships. વહાણ ચલાવવાની–નાવિક વિદ્યા, નૌકાશાસ્ત્ર. [આરમાર.

Na'vy, નેવિ, *n.* a fleet of ships. વહાણનો કાફલો–સમૂહ,

Nav′i-ga.tor, નૅવિગેટર, *n.* one who directs the course of a ship. વહાણવટી–ખેડનાર, સફર કરનાર, નાવિક, ટંડેલ, નૌકાશાસ્ત્ર જાણનાર. [માત્ર એટલુંજ નહિ. *n.* refusal. ના, નકાર.

Nay, ને, *ad.* (AS. *ne* not & *aye*) no; not only so. નહિ,

Neap, નીપ, *a.* (AS. *nep*) low. ઓછું, થોડું.

Near, નીર, *a.* (AS.) not distant; close; stingy; not loose. સમીપનું, નજીકનું, પાસેનું–આવેલું; નિકટ સબંધનું; બખીલ, કંજુસ; ખસલ–નમુના પ્રમાણે. *ad.* almost within a little. ઘણુંકરીને, લગભગ; થોડી વારમાં. *vt.* to approach. પાસે આવવું.

Near′ly, નીર્લિ, *ad.* at hand; closely; almost. પાસે, નજીક; પાસેપાસેનું, લગોલગનું, અડોઅડનું; લગભગ, સોવસા, ઘણુંખરૂં–કરીને. [સાફ, ઠીક, શોભે એવું, સ્વચ્છ, શુદ્ધ.

Neat, નીટ, *a.* (L. *niteo* I shine) clean, nice, pure.

Ne′ces-sa-ry, નેસેસરિ, *a.* (L. *ne* not & *cedo* I yield) that must be; essential; not free; unavoidable. આવશ્યક, જરૂરનું; અગત્યનું, જે વગર નિભે નહિ એવું; નસીબ–દૈવવશ–આધીન–ને તાબે; અનિવાર, કર્યાવિના નહિ ચાલે એવું. *pl.* things needful; a privy. જરૂરની વસ્તુ, અન્નપાણી–વસ્ત્ર; સંડાસ, જાજરૂ. [પ્રયોજન; ઘણીજ ગરીબી, દલેદ્ર, તંગી.

Ne-ces′si-ty, નેસેસિટિ, *n.* need; indigence. જરૂર, અગત્ય,

Neck, નેક, *n.* (Dut. *nek*) part between head and body; narrow part. ગર્દન, ડોકી; બોચી, ગળચી; સંયોગીભૂમિ; ગળું, કાંઠો. [the neck. હાર, માળા.

Neck′lace, નેક્લેસ, *n.* a string of beads &c. for

Nec'ro-man-cy, નેક્રોમૅન્સિ,*n.*(Gr.*nekros* dead & *manteia* divination)conjuration.ભૂતવિદ્યા, પ્રેતસિદ્ધિ, જાદુ.

Nec'tar, નેક્ટર, *n.* (Gr. *ne* not & *kteino* I kill) the drink of the gods; a delicious beverage. અમૃત, સુધા, પીયૂષ; અમૃતજેવું પીવાનું.

Need,નીડ, *n.* (AS. *nead*) want; poverty. ગરજ,જરૂર, અગત્ય, જોઈતું હોવું તે; ગરીબી, નિર્ધનપણું. *vt.* to want. ગરજ—જરૂર પડવી.

Need'ful,નીડફુલ, *a.* necessary, requisite.જરૂરનું,જોઈતું.

Need'less, નીડલેસ, *a.* unnecessary. વગર જરૂરનું,નકામું.

Need'y, નીડિ, *a.* necessitous,poor.ગરીબ, કંગાળ, દરિદ્રી.

Nee'dle, નીડ્લ, *n.* (AS. *nædal*) instrument of sewing, &c. સોય; હોકાયંત્રનો કાંટો.

Ne-fa'ri-ous, નીફેરિઅસ,*a.*(L.*ne* not & *fari* to speak) wicked, iniquitous. અતિદુષ્ટ, ધિક્કારવાજોગ, અઘોર.

Ne-ga'tion, નિગેશન, *n.* (L. *nego* I deny) denial. નકાર, નામંજુર કરવું તે, નિષેધ, અસ્વિકાર; અભાવ, ગેરહાજરી.

Neg'a-tive, નેગેટિવ્, *a.* implying denial. નિષેધનું, નકારનું, અભાવસૂચક—દર્શક, ગેરહાજરી—નકાર બતાવનાર.

Neg-lect', નેગ્લેક્ટ, *vt.* to omit to do; slight. ન કરવું, ભૂલી જવું; અનાદર—અપમાન કરવું. *n.* omission; slight; negligence. ગફલત કરવી તે, ભૂલીજવું તે; અપમાન, અવજ્ઞા, ઉપેક્ષા; ગફલત, આસાવધપણું, આળસ.

Neg-lect'ful,Neg'li-gent, નિગ્લેક્ટફુલ, નેગ્લિજંટ,*a.*heed-

less; apt to forget or omit. બેદરકાર, બેપરવા, ગાફેલ; વિસરભોળું, ભૂળકણું. [કરવાની—ભૂલવાની ટેવ—આદત.

Neg'li-gence, નેગ્લિજન્સ, *n.* habitual omission. ન

Ne-go-ti'ate, નિગોશિએટ, *vt.* (L.*nec* not & *otium* leisure)to transact business;treat with;trade; sell. વાત—તકરાર ચલાવવી, સાટું—સોદો કરવો, ભાંજગડ કરવી;વેચવું.

Ne-go-ti-a'tion, નિગોશિએશન, *n.* treaty of business. સોદો, ભાંજગડ. [બસી, સીદી.

Ne'gro, નીગ્રો, *n.* (L. *niger* black) a black man. હ-

Ne'gress, નિગ્રેસ, *n.* a black woman. હબસણ, સીદણ.

Neigh,ને,*vi.*(AS.*hnægan*)to whinny.ખેંખારવું, હણહણવું. *n.* cry of a horse.ખેંખાર—રો.[પાડોસી, ઘરની પડખે રહેનાર.

Neigh'bour,નેબર,*n.* (AS.*neahbur*) one living near.

Neigh'bour-ing, નેબરિંગ, *a.* near. પાસેનું, પાડોશનું.

Nei'ther, નીધર, *a. pro.* (AS. *ne* & not either) not one or other. બેમાંનું એક્કે નહિ, કોઈપણ—એકબી નહિ.

Neph'ew,નેવ્યૂ,*n.*(L.*nepos*,brother's or sister's son. ભતરીજો; ભાણેજ. [નાહક સગાનું કામ પાર પાડવું—ઠેકાણું કરવું.

Nep'o-tism,નેપોટિઝ્મ,*n.*favouritism to relations. હક

Nerve,નર્વ,*n.*(L. *nervus*)organ of sensation;physical force; firmness. જ્ઞાન—મજ્જાતંતુ; શારીરબળ ; દૃઢતા, હિંમત, છાતી. *vt.* to give vigour to. જોર આપવું, બળ આવવું.

Nerve'less,નર્વલેસ,*a.*without strength. અશક્ત, નબળું.

Nerv'ous, નર્વસ, *a.* easily agitated; vigorous. તંતુવિકારી, સહેજમાં ગભરાય એવું; બળવાન, જબરૂં, જોમદાર.

Nest, નેસ્ટ, *n.* (AS.) bird's lair. માળો, દર, ઘર, રહેઠાણ.

Nes'tle, નેસલ્, *vi.t.* to lie snug; to cherish. સુખચેનથી સુઈ-સંતાઈ રહેવું-વાસ કરવો; પાળી પોષી મહોટું કરવું; જતનથી ઉછેરવું. [તરતનું નિકળેલું બચ્ચું.

Nest'ling, નેસ્ટલિંગ્, *n.* bird just hatched. ઈંડામાંથી

Net, નેટ્, *n.* (AS.) texture with meshes; snare. જાળ, પાશ, બંધન; ફાંસો-દો. *vt.* to make net work. જાળી ગુંથવી.

Net, નેટ્, *a.* (see neat) pure; clear of all charges. ભેગવગરનું, નર્યું, અસલ, શુદ્ધ; ખરચ વગેરે બાદ કરતાં રહેલું તે.

Neth'er, નેધર, *a.* (AS. *nithera*) ower, infernal. નીચેનું, હેઠેનું, તળેનું; નર્કવાસી.

Nettle, નેટ્લ, *n.* (AS. *nædel*) stinging plant. કૌચ. આગિયો, ખજવાળ આણે એવો છોડ. *vt.* to irritate. ખીજવવું.

Neu'ter, ન્યુટર, *a.* (L. *ne* not & *uter* either) of neither party or gender. જેને કોઈનો પક્ષ નથી એવું, અલગ, નાન્યતર જાતિનું, નપુંસકલિંગકું.

Neu'tral, ન્યુટ્રલ, *n.* of neither party. કોઈનો પક્ષ નહિ ધરનાર કે મદદ ન કરનાર, મધ્યસ્થ. [મધ્યસ્થપણું, નિષ્પક્ષપાતી.

Neu-tral'i-ty, ન્યુટ્રલિટિ, *n.* state of being neutral.

Neu'tral-ize, ન્યુટ્રલાઈઝ, *vt.* render neutral. પદાર્થના ગુણ કે ધર્મ નહિ જણાય-નહિ માલમ પડે એમ-નિરૂપયોગી કરવું.

Nev'er, નેવર, *ad.* (AS. *ne* not & *æfre* ever) at no

time, not; not in the least. કદી કે કોઈ વેળા નહિ; નહિ; બીલકુલ નહિ. [એમ છતાં પણ, તોપણ, તથાપિ.

Nev-er-the-less', નેવરધલેસ, *ad.* notwithstanding.

New, ન્યૂ, *a* (AS. *niwe*) fresh,not old; unaccustomed.તાજું,નવું,જુનું નહિ એવું,કોરૂં, નહિ વાપરેલું;ને અભ્યાસ કે મહાવરો ન હોય એવું. [જાણે તે હેતુથી કરેલું, નવાઈ ભરેલું.

New-fan'gled, ન્યૂફૅંગલ્ડ, *a.* newly formed. જેવું નવાઈ

News, ન્યૂઝ, *n.* fresh information. નવી કે તાજી ખબર, સમાચાર, વર્તમાન. [ફાસ, ગપ હાંકનાર.

News'mong-er, ન્યૂઝમંગર, *n.* a dealer in news. ગપ્પી-

News'pa-per, ન્યુઝપેપર,*n.*a paper to circulate news. વર્તમાન-સમાચારપત્ર.

Next, નેક્સ્ટ, *a.* (AS. *neah* near) nearest in time. place or rank.બીજું,પાસેનું, લગોલગનું,-થી ઉતરતું-પછીનું. *ad.* nearest in turn &c. પછી. [કલમની ટાંક-કત.

Nib, નિબ્, *n.*(Dut. *nebbe* a beak)a point.અગ્ર, અણી,

Nib'ble,નિબ્લ,*vt.*to eat slowly;bite.થોડેથોડે કરી-કોતરી ખાવું; કરડવું.*vi.* to carp at.નજીવી ભૂલ કાઢ્યા-ટોકા કરવી.

Nice, નાઈસ, *a.* (Fr *nice* foolish) dainty; accurate; fine ; squeamish. લહેજતદાર, સ્વાદિષ્ટ; બરોબર-ચોકસ એકએકને મળતું આવતું; ઝીણું, બારીક; ખંતખોર, કંટાળો એવું.

Niche, નીચ, *n.* (It. *nicchia* a shell) cavity in wall. ભીતમાં કરેલો ગોખલો, ગોખ, તાકું.

Nick, નિક્, *n.* (Ger. *knick* a crack) critical time;

a notch. અડીવેળા, ઍન-અણીપર વાત આવી હોય તે કાળ; કાતરો, ચીરો, ખાંચ. *vt.* to knotch. ચીરા પાડવા.

Nick'name, નિક્નેમ, *n.* a name in sport or contempt. ખોટું-મશ્કરીનું-ચાડીનું નામ. to name in contempt. નિંદાના નામથી બોલાવવું. [ter. ભતરીજી; ભાણજી, ભાણી.

Niece, નીસ, *n.* (L. *neptis*) brorther's or sister's daugh-

Nig'gard, નિગર્ડ, *n.* (Ger. *knicker*) a stingy person. કંજુસ માણસ. *a.* miserly; sparing. બખીલ, કૃપણ; કસરિયું, કરકસરવાળું. [ઘણું કરીને, લગભગ.

Nigh, નાઈ, *a.* (AS. *neah*) near. પાસે. *ad.* nearly.

Night, નાઈટ, *n.* (L. *nox*) time between sunset & sunrise; death; state of ignorance; obscurity. રાત્ર-ત્રિ; મરણ; અજ્ઞાન, અંધારૂં; અંધકાર, ગૂઢપણું.

Night'fall, નાઈટફૉલ, *n.* evening. સમીસાંજ, સંધ્યાકાળ.

Night'in-gale, નાઈટઈનગેલ, *n.* (AS.) a bird that sings at night. રાત્રે ગાનાર અતિસુંદર સ્વરનું પક્ષી, બુલબુલ. [વખતનું.

Night'ly, નાઈટલિ, *a. ad.* by night. દર રાત્રે થતું, રાતનું-

Night'mare, નાઈટમેર, *n.* incubus. ઓથાર ચાંપછે તે, નઠારૂં સ્વપ્નું. [quick. અંગે ચપળ, ચાલાક, ચંચળ.

Nim'ble, નિમ્બલ, *a.* (Dan. *nem* acute) brisk,

Nip, નિપ્, *vt.* (Ger. *kneipen*) to pinch; cut off the end of; destroy. ચોંટી-ચમટી ભરવી-અમળાવવી; છેડે-અણીએથી કાપી નાખવું, ખોડું કરવું;-થી નાશ થવો-બળી જવું.

n. a pinch; a cutting off; a sip. ચિમટી–ટો; ચોંટી; છેડેથી કાપવું–છાંટવું તે;ફડકો,આચમન,નાનો ઘુંટડો. [સાણસી.

Nip′pers, નિપર્સ, *n.* small pincers.નાના ચિમટા,ચિપિયા,

Nip′ple, નિપલ, *n.* (Dimn. of nib) a teat, a dug. ધાઈનું ડોચકું–અણી, સ્તનાગ્ર, કુચાગ્ર.

Nit,નિટ્, *n.* (AS. *hnitu*) egg of louse.લીખ,જૂના ઈંડાં.

Ni′tre, નાઈટર, *n* (Fr.)saltpetre.સુરોખાર. [ના, કંઈ નહિ.

No,નો,*a.*(AS.*na*)not any.કોઈ નહિ-નથી.*ad.*denial.નહિ,

No-bil′i-ty, નોબિલિટિ, *n.* (L. *nobilis*) dignity of mind; distinction of family or rank; body of nobles. મહોટાઇ, પ્રૌઢતા–પણું; કુલીનતા–પણું; અમીરાઈ, અમીરનો દરજ્જો–ઠાઠ–કારભાર; અમીરઉમરાવ, ઉમદા લોકો.

No′ble, નોબ્લ, *a.* dignified; splendid; liberal; excellent. મહાત્મા, ઉમદા, પ્રૌઢ, મહોટું, ઉંચું, કુલીન, રાજમાન્ય, શ્રીમંત; ભભકાદાર; ઉદાર, ધીંગા; ઉત્તમ, ઉત્કૃષ્ટ. *n.* a person of rank. અમીર, દરજ્જાવાળો પુરૂષ.

No′ble-ness, નોબલનેસ, *n.* greatness of soul or rank. પ્રૌઢતા, મહોટાઈ, કુલીનતા, ઔદાર્ય.

No′bod-y, નોબૉડિ, *n.* not any one. કોઈ–એક નહિ.

Noc-tur′nal,નૉકટર્નલ, *a.*(L.*nox* night) nightly.રાત્રનું,

Noc′u-ous, નૉકયુઅસ, *a.* hurtful. દુઃખદાયક. [રાતે કીધેલું.

Nod,નૉડ, *vi.* (Gr. *neuo* I incline) to bow the head; to be drowsy. સલામ–કબૂલ કરવું, ડોકી ધુણાવવી; ઝૂકવું, ઝોકલા ખાવા. a slight bow. સલામ, મણામ.

Nod'dle, નૉડલ, *n.* the head. માથું, ઢોચકું.

Noise, નૉઈઝ, *n.* (L. *noceo* I hurt) sound; clamour; frequent talk. અવાજ, નાદ; ઘોંઘાટ, કકલાણ, શોર; જાણીતી–પ્રસિદ્ધ વાત, ચરચા ચાલવી તે.

Nois'y, નૉઈઝિ, *a.* loud; clamorous; full of noise. અવાજ કરનાર; ઘોંઘાટવાળું, ગાઢ રહેલું; ખીચાખીચ–ગાડી વસ્તીવાળું.

Noi'some, નૉઈસમ, *a.* (It. *noiure* to annoy) offensive; hurtful. કંટાળો લાગે એવું; ઈજા કરે એવું, અપકારક, બાધક.

No'mad, નૉમેડ, *n.* (Gr. *nomas* pasture) one who leads a wandering & pastoral life. ચારાને માટે પશુ લઈને રખડનાર. [not real. કેવળ–માત્ર નામનું.

Nom'inal, *a.* (L. *nomen* a name) in name only,

Nom'i-nate, નૉમિનેટ, *vt.* to propose; appoint. દરખાસ્તનામ દાખલ કરવું; ઠેરવવું, મુકરર કરવું. [કર્તા, પહેલી વિભક્તિ.

Nom'i-na-tive, નૉમિનેટિવ, *n.* subject of a verb. પ્રથમા,

Non, નૉન, *ad.* (L.) prefix signifying not. ન, અ, અન, નિ. [સગીરપણું.

Non'age, નૉનેજ, *n.* minority in age. બાલ્યાવસ્થા,

Non-com'pos, નૉનકૉમ્પૉસ, *a.* (L.) not of sound mind. ઘેલું, દિવાનું. [સ્થાપિત પંથનો અનનુસારી.

Non-con-form'ist, નૉનકૉન્ફૉર્મિસ્ટ, *n.* dissenter. સરકાર

Non'de-script, નૉનડિસ્ક્રિપ્ટ, *a.* (*-destriptus* described) difficult to be described, strange. મુશ્કેલથી વર્ણન થાય એવું; નવાઈ જેવું. [એકપણ–કાંઈ–જરા–લગાર નહિ.

None, નન, *a.* (AS. *ne* not & *an* one) not any. કોઈ

Non-en'ti-ty, નૉનેનટિટિ, *n.* non-existence. નહિપણું, નાસ્તિત્વ, અભાવ, અવિદ્યમાન વસ્તુ, શૂન્ય.

Non'plus, નૉનપ્લસ, *vt.*(– *plus* more)to puzzle. ગભરાટ–ગુંચવણમાં નાખવું. *n.* puzzle. ઘોળ, ગુંચવણ.

Non'sense, નૉનસેન્સ, *n.* unmeaning words. અર્થ વગરની–બેવકુફી ભરેલી વાત. [at law. દાવો નહિ ચાલે એવો ઠરાવ.

Non'suit, નૉનસ્યૂટ, *n.*(*non* not & suit)stoppage of suit

Nook, નૂક, *n.* (Scot.) corner, recess. ખુણો, કોણ.

Noon, *n.* નૂન, (L. *nona hora* the 9th hour) mid day, બપોર, મધ્યાન્હ.

Noose, નૂસ, *n.* (Ir. *nas* a band) a running knot. સરકીઓ ગાંઠ, ગાળો, ફાંસો, આંટી. [અથવા–પણ નહિ–નથી.

Nor, નૉર, *con.*(AS. *ne* not & or)a word that denies.

Nor'mal, નૉર્મલ, *n.* (L. *norma* a rule)perpendicular; regular; teaching rudiments. લમ્બ; નિયમિત, ધારા,–મેળ–બંધારણ–પ્રકૃતિપ્રમાણેનું, બાળ શિક્ષકનો ધંધો શિખવવાનું.

North, નૉર્થ *n.* (AS.) point opposite south. ઉત્તરદિશા.

North'er-ly, નૉર્થર્લિ, *a.* towards or from north. ઉત્તર દિશા તરફનું–થી આવતું. [ભણી.

North'ern, નૉર્થર્ન, *a.* towards north. ઉત્તર દિશા તરફ–

Nose, નોઝ, *n.*(AS. *næse*)organ of smell; scent. નાસિકા, ઘ્રાણેન્દ્રિય; વાસ લેવાની શક્તિ. [ઝુમખો, ગોટો, તોરો.

Nose'gay, નોઝગે, *n.* a bunch of flowers. ફુલનો ગુચ્છો–

Nost'ril, નૉસ્ટ્રિલ, *n.* opening of nose. નસકોરું.

Nos'trum, નૉસ્ટ્રમ, *n.* (L. *noster* ours) a quack medicine. જડીબુટ્ટી, ગુહ્યૌષધ, વઘી. [denial. નથી, નહિ, ના, ન, મા.
Not, નૉટ્, *ad.* (Sax. *nate*) a word that expresses
Not'a-ble, નૉટઅબલ, *a.* (L. *nota* mark) industrious; remarkable. ઉદ્યોગી, ચંચળ; લક્ષ—ધ્યાનમાં રાખવા જોગ—સરખું, પ્રસિદ્ધ. *n.* a person of note. નામાંકિત પુરૂષ.
No'ta-ry, નોટરિ, *n.* an officer who attests contracts. કબાલા—ખત વગેરેપર સહી—સિક્કો કરનાર વકીલ, લેખક.
Not-a'tion, નોટેશન, *n.* noting by figures. આંકડો માંડવો તે, અંક, પરિમાણ સંખ્યા. [કાતરો, ખાંચ, ખાડ.
Notch, નૉચ, *n.* (see nick) a cut, a nick. ચીરો,
Note, નોટ, *n.* (L. *nota*) a mark; a short remark; memorandum; heed; reputation; a short letter; annotation. નિશાણી, ચિન્હ, ખૂણ; ટીપ, ખુલાસો; યાદ ચાદી, નોંધ; લક્ષ, ધ્યાન; આબરૂ, નામ; ચિઠી, નહાનો કાગળ, રૂક્કો; ટીકા, વ્યાખ્યા; સૂર; સ્વર. *vt.* to observe; write down. લક્ષ આપવું, ધ્યાનમાં લેવું—રાખવું; ટપકાવી—લખી લેવું.
Not'ed, નોટિડ, *a.* remarkble. પ્રખ્યાત, નામીચું.
Noth'ing, નથિંગ, *n.* not anything. બીજું કશું—કંઈ નહિ.
No'tice, નોટિસ, *n.* act of noting or observing; heed; intelligence; respectful treatment. જોવું, અવલોકન કરવું, જાણવું, ને લાગવું—માલમ પડવું; લક્ષ, ધ્યાન, ભાન, જાહેર ખબર, સૂચના, સમાચાર; આદરસત્કાર—માન. *vt.* to observe; heed; remark. જોવું, લક્ષમાં લેવું, ધ્યાન આપવું, નોંધ રાખવી; કોઈ વિષયપર બોલવું—લખવું.

Not'ify, નોટિફાઇ, *vt.* to make known; inform. કોઇને જાણીતું–જાહેરકરવું; જણાવવું, સુચવવું.

No'tion, નોશન, *n.* an idea; sentiment, opinion; intention, inclination. કલ્પના, તર્ક, ભાન, ભાસ, મત, વિચાર, અભિપ્રાય; મનનું વલણ, મનોદય, ઇરાદો.

No-to-ri'e-ty, નોટોરાયેટિ, *n.* public knowledge or exposure. પ્રસિદ્ધિ, વિખ્યાતિ; ભુમાટો, લૌકિક કુકીર્તિ.

No-to'ri-ous, નોટોરિઅસ, *a.* publicly known. વિખ્યાત, ઉઘાડું, નામજાદુ–કાઢેલું [એમ છતાંપણ, તોપણ, પરંતુ, તથાપિ.

Not-with-stand'sng, નૉટ્‌ઉઇથસ્ટૅંડિંગ, *con.* nevertheless.

Nought, નૉટ, *n.* (See naught). [નામ.

Noun, નાઉન, *n.* (L. *nomen*) a namo of any thing.

Nour'ish, નરિશ, *vt.* (L. *nutrio*) to feed; encourage. પાલનપોષણ–પરવરશી કરવી; ઉત્તેજન–પુષ્ટિ–ટેકો આપવો

Nourish-ment, નરિશ્‌મેંટ, *n.* food; nutrition, instruction. ખોરાકી, ખાવાપીવાનું, જીવન; પાલણપોષણ, પુષ્ટિ આપનારી કેળવણી.

Nov'el, નૉવેલ્, *a.* (L. *novus* new) new, unusual. નવીન, નવું, હાલનું, અપૂર્વ. *n.* a tale. કલ્પિત વાત–કથા, આખ્યાન.

Nov'el-ty, નૉવેલ્ટિ, *n.* newness; a new thing. અલૌકિક–નવાપણું, નવીનતા, અપૂર્વતા; નવાજી, અજબજેવી–નવલ વસ્તુ.

Nov'ice, નૉવિસ, *n.* a beginner. શિખાઉ, નવું દાખલ થયલું માણસ, ઉમેદવાર. [હાલમાં, આવખતે.

Now, નાઉ, *ad.* (AS. *nu*) at this time. હમણાં, હવે

No'wise, નોઉઆઇઝ, *ad.* by no means. કોઈપણ પ્રકારે-રીતે નહિ, ગમેતેમ હોય તોએ નહિ.

Nox'i-ous, નૉકિસઅસ, *a.* (L. *noceo* I hurt) hurtful. અપકારક, દુષ્ટ, દુઃખ દેનાર, રોગ-નુકસાનકારક.

Nu'cle-us, ન્યુક્લિઅસ, *n.* (L. *nux* a nut) a central mass or point. મધ્યભાગ, ગરભ. | ખુલ્લું, નાગું; નિરર્થક, પોકળ.

Nude, ન્યૂડ, *a.* (L. *nudus*) bare, naked; void. ઉઘાડું,

Nud'i-ty, ન્યુડિટિ, *n.* nakedness. નાગાપણું, નગ્નતા.

Nu'ga-tor-y, ન્યુગેટરિ, *a.* (L. *nugoe* trifles) trifling; futile. નજીવું, અમસ્તું, હલકું; નકામું, વ્યર્થ, ફોગટ.

Nui'sance, ન્યુસન્સ, *n.* (L. *noceo* I hurt) anything offensive. કંટાળો ઉપજાવનારી વસ્તુ, જેથી ઉપદ્રવ થાય તે.

Null, નલ, *a.* (L. *ne* not & ullus any) of no force or effect. રદ, વ્યર્થ, નિરર્થક, પોકળ.

Null'i-fy, નલિફાઇ, *vt.* to make void, to deprive of force. નકામું-રદ-બાતલ-ખંડન-ભંગ કરવું.

Null'i-ty, નલિટિ, *n.* want of force; nothingness. જેમાં કાયદાનું જોર-સત્તા નથી તે; અભાવ, નહિપણું, નાસ્તિત્વ.

Numb, નમ, *a.* (AS. *niman*) torpid, void of feeling. બેશુદ્ધ, જડ, સુનું, બહેર મારી ગયલું. *vt.* to deprive of feeling. અચેતન-બેશુદ્ધ-સુસ્ત કરવું. *vi.* deaden. બહેર-સુનકાર મારીજવું, રહી જવું, જાડાપડવું.

Num'ber, નમ્બર, *n.* (L. *numerus*) a series of units; many; measure; verse; અંક, આંક, સંખ્યા; ઘણું; માત્રા,

છંદ, વૃત્ત; કવિતા, પદબંધ. in gram. વચન. *vt.* to reckon. ગણવું, ગણત્રી કરવી.

Nu'mer-al, ન્યુમરલ, *a.* relating to number. સંખ્યાવાચક.

Nu-mer-a'tion, ન્યુમરેશન, *n.* act or art of numbering. આંકડા માંડવા-વાંચવા તે, સંખ્યા પરિમાણ.

Nu'mer-ator, ન્યુમરેટર, *n.* a number that shows how many parts are taken. અપૂર્ણાંકમાંનો ઉપરનો આંકડો, [અંશ.

Nu'mer-ous, ન્યુમરસ, *a.* many. પુષ્કળ, બહુ, ઘણુંજ.

Nun, નન, *n.* (AS. *nunne.*) female in convent. મઠમાં રહેનારી કુંવારી સ્ત્રી.

Nun'er-y, નનરિ, *n.* a convent. કુંઆરી સ્ત્રીઓનો મઠ-ઘર.

Nun'cio, નનશિઓ, *n.* (L. *nuncius*) an ambassador of the pope. પોપે રાજાને ત્યાં મોકલેલો એલચી-વકીલ, દૂત.

Nup'ti-al, નપ્શિઅલ, *n. pl.* (L. *nubo* I marry) marriage. લગ્ન, વિવાહ, શાદી. *a.* of marriage. લગ્ન સંબંધી.

Nurse, નર્સ, *n.* (L. *nutrio* I nourish) attendant on child or sick. બાળક કે રોગીને સંભાળનારી સ્ત્રી, આયા, ધાવ, પુષ્ટિ આપનાર. *vt.* to tend infants or sick; suckle; encourage. બાળક કે રોગીને બરદાસ્ત કરવી-રાખવી, સંભાળવું; ધવાડવું, દૂધ પાવું, ઉછેરવું; પુષ્ટિ આપવી, વૃદ્ધિ કરવી.

Nurs'er-y, નર્સરિ, *n.* children's room; ground for young trees. છોકરાંની સંભાળ રાખવાનો ઓરડો-જગા; ઝાડના રોપાની જગા, જ્યાં પુષ્ટિ મળેછે-વૃદ્ધિ થાયછે તે જગા.

Nur'ture, નર્ચર, *n.* that which nurtures; education

ભક્ષ, ખોરાક, અન્ન; શિક્ષા, કેળવણી, બોધ, ઉપદેશ. *vt.* to feed; educate. પાલનપોષણ–પરવરશી કરવી ; શિખવવું, કેળવવું.

Nut, નટ, *n.* (AS. *hnut*) fruit in hard shell; knot at end of bolt. કોટલાંથી ઢંકાયલું ગરવાળું ફળ; પેચની માદા જેથી સજ્જડ બેસેછે તે. [ing nuts. સૂડી–ડો.

Nut'crack-ers, નટક્રૅકર્સ, *n.* an instrument for break-

Nut'meg, નટમેગ, *n.* a kind of aromatic nut. જાયફળ.

Nu'tri-ment, ન્યુટ્રિમેંટ, *n.* (L. *nutris*) nourishment. ખોરાક, ખાવાપીવાનું, પૌષ્ટિક પદાર્થ. [આપે એવો ગુણ.

Nu-tri'tion, ન્યુટ્રિશન, *n.* food. ખોરાક, શરીરને માફક

Nu-tri-ti'ous, Nu'tri-tive, ન્યુટ્રિશિઅસ, ન્યુટ્રિટિવ્, *a.* nourishing. કૌવત આપનાર, પુષ્ટિકારક.

Nux-vom'i-ca, નક્સવૉમિકા, *n.* (L. *nux* nut & *vomicus* vomiting) a poisonous nut. ઝેરકચુરો. [દેવી; સુંદર સ્ત્રી.

Nymph, નિમ્ફ, *n.* (L. *nympha*) a goddess; a lady. વન-

O.

Oaf, ઓફ, *n.* (AS. *ælf* fairy) a changeling; a dolt. છોકરાને લઈ જઈ તેને બદલે વનદેવીએ મુકેલું છોકરૂં, મૂર્ખો, ઠ.

Oak, ઓક, *n.* (AS. *ac*) a valuable tree. ઓક નામનું કિમતી ઈમારતી ઝાડ.

Oak'um, ઑકમ, *n.* (AS. *acumba* tow) old rope untwisted. જૂનાં દોરડાંને ઉકેલી કરેલા કુચા–છુંછાં.

Oar, ઓર, *n.*(AS. *ar*) blade for rowing. હલેસું,ચાટવો.

O-a'sis, ઓએસિસ, *n.* (L.) a fertile spot in a desert. રણમાં કે ઉજ્જડ મેદાનમાં ફળવંત જગા.

Oat, ઓટ, *n.* (AS. *ata*) a useful grain. એક જાતનું ધાન્ય છે.

Oath, ઓથ, *n.* (AS. *adh.*) affirmation with appeal to God. સમ, કસમ, સોગન, પ્રતિજ્ઞા.

Ob'du-ra-cy, ઑબ્ડ્યુરેસિ, *n.* (L. *ob* & *durus* hard) hardness of heart. અતિ કઠોરતા-પણું, અતિ દુરાગ્રહ.

Ob'du-rate, ઑબ્ડ્યુરેટ, *a.* inflexibly hard; incapable of remorse. હૈયાનું અતિ કઠોર; પશ્ચાત્તાપ ન કરે એવું.

O-be'di-ence, ઓબિડિઅન્સ, *n.* (L. *ob* & *audio* I hear) submission to authority. આજ્ઞા પાળવી તે, કહ્યાગરા-આજ્ઞાધીનપણું.

O-be'di-ent, ઓબિડિઅંટ, *a.* dutiful, willing to obey. કહ્યામાં-હુકમમાં રહે એવું, આજ્ઞાધીન.

O-bei'sance, ઓબેસન્સ, *n.* act of reverence, a bow. આદરપૂર્વક પ્રણામ, નમસ્કાર, નમન.

Ob'e-lisk, ઑબિલિસ્ક, *n.* (Gr. *obelos* a pointed pillar) a quadrangular pyramid. ચાર પાસાંવાળો સ્તંભ, થાંભલો.

O-bes'i-ty, ઓબિસિટિ, *n.* (L. *ob* & *edo* to eat) fatness. જાડાભોલ-બહુ ભરેલપણું.

O-bey', ઓબે, *vt.* (L. *ob* & *audio* I hear) to comply with; perform. કહ્યું માનવું-કરવું, હુકમ-આજ્ઞા માનવી-ઉઠાવવી-બજાવવી; માનવું, ઉઠાવવું, કરવું, તાબે થવું-રહેવું.

O'bit, ઓબિટ્, *n.* (L. *ob* & *eo* I go) death. મોત, મરણ.

O-bit'u-ar-y, ઓબિટ્યુઅરિ, *n.* register of deaths. માણસના મોતના સમાચાર તથા તેવિષે કેટલોક હેવાલ. *a.* relating to deaths. મૃત્યુસંબંધી.

Ob'ject, ઑબ્જેક્ટ, *n.* (L. *ob* & *jacio* I throw) thing seen; end, aim. પદાર્થ, વસ્તુ, મનોવિષય; મતલબ, હેતુ; કર્મ.

Ob-ject', ઑબ્જેક્ટ, *vt.* to oppose in words. સામી તકરાર–અડચણ–વાંધો લેવો–ઉઠાવવો, સામું કહેવું, પર આરોપ મૂકવો.

Ob-jec'tion, ઑબ્જેક્શન, *a.* adverse reason, doubt, [scruple. હરકત, સામી તકરાર, બાધ.

Ob-jec'tion-a-ble, ઑબ્જેક્શનેબલ, *a.* liable to objections. વાંધો, લેવાજેવું, બાધ્ય.

Ob-ject'ive, ઑબ્જેક્ટિવ, *a.* of an object, external. પદાર્થસંબંધી, મનની બહારનું, કર્મસંબંધી.

Ob-late', ઑબ્લેટ, *a.* (L. *ob* & *fero* I bear) flattened at the poles. બે છેડે–ધ્રુવે બેઠેલું–ચપટું.

Ob-la'tion, ઑબ્લેશન, *n.* an offering. અર્પણ, બળીદાન.

Ob'l-igate, ઑબ્લિગેટ, *vt.* (L. *ob* & *ligo* I bind) to bind over. બંધન–એસાનમાં લાવવું–રાખવું, બાંધી લેવું.

Ob-li-ga'tion, ઑબ્લિગેશન, *n.* duty, bond. બંધન, ફરજ, કર્તવ્યકામ, આભાર, સપાડું.

Ob'li-ga-tor-y, ઑબ્લિગેટરી, *a.* imposing an obligation, binding. –નું બંધન હોય એવું, બંધક.

Oblige', ઓબ્લાઇજ, *vt.* to compel; to do a favour. જરૂર–ફરજ પાડવી–પડવી; પાડ–ઉપકાર કરવો–માનવો.

O-blig'ing, ઓબ્લાઇજિંગ્, *a.* courteous; kind. વિવેકી, સભ્ય; ઉપકારશીળ, સારૂં કરી જાણે એવું. [ing. આડું, વાંકુંચુંકું.
Ob-lique', ઑબ્લીક, *a.* (L. *obliquus*) indirect; slant-
Ob-liter-ate, ઑબ્લિટરેટ, *vt.* (L. *ob* & *litera* a letter) to blot or wear out. છેકી–ભુસી–ઉડાડી–ચહેરી–ઘસીને કાઢી નાખવું; ઘસાઇ જવું–જતુ રહેવું.
Ob-liv'ion, ઑબ્લિવિઅન, *n.* (L. *obliviscor* I forget) forgetfulness; amnesty. વિસ્મૃતિ, વિસારો, ભુલાવો; ગુનામાત્રની માફી.
Ob-liv'i-ous, ઑબ્લિવિઅસ, *a.* forgetful. ભુલાવે એવું, ભુલકણું. [er than broad. લંબ–દીર્ઘચોરસ, લાંબું.
Ob'long, ઑબ્લૉંગ, *a.* (L. *ob* & *longus* long) long-
Ob'-lo-quy, ઑબ્લોકુઇ, *n.* (L. *ob* & *loquor* I speak) calumnious language. નિંદા, બદગોઇ.
Ob-nox'i-ous, ઑબ્નૉક્સિઅસ, *a.* (L. *ob* & *noxius* hurtful) blameworthy; odious; liable; subject. ઠપકાલાયક, શિક્ષાયોગ્ય; અણગમતો, અલખામણો; યોગ્ય, પાત્ર; વશ, આધીન.
Ob-scene', ઑબ્સીન, *a.* (L. *obscenus*) indelicate; filthy; inauspicious. ભુંડાળું, નિર્લજ્જ; ગંદું, મલીન; અશુભ.
Ob-scure', ઑબ્સ્ક્યૂર, *a.* (L. *obscurus* dark) dark, gloomy; retired; not noted; not clear; not distinct. નિસ્તેજ, અંધારાવાળું; ખુણાનું, ખૂણે પડેલું; અપ્રસિદ્ધ, અસ્પષ્ટ; અપૂર્ણ, જેવું તેવું. *vt.* to conceal; make less

legible or beautiful. સંતાડવું; વંચાય-સમજાય નહિ એવું કરવું; ઝાંખું-અપ્રસિદ્ધ-અસ્પષ્ટ કરવું.

Ob-scur'i-ty ઑબ્સ્ક્યુરિટિ, *n.* darkness; privacy, unintelligibleness; humility. નિસ્તેજપણું, અંધકાર. એકાંતે-અપ્રસિદ્ધપણું; દુર્બોધપણું; ગરીબાઇ, અતિનમ્રતા.

Ob-se'qui-ous, ઑબ્સીક્વીઅસ, *a.* (L. *ob* & *sequor* I follow) submissive. ખુશામતિયું.

Obser'vant, ઑબ્ઝર્વંટ, *a.* (L. *ob* & *servo* I keep) regardful; attentively. viewing આજ્ઞાધીન, પાળનાર, કહ્યું કરનાર-માનનાર; લક્ષ દઈને જોનાર, નજરબાજ.

Ob-ser-va'tion, ઑબ્ઝર્વેશન, *n.* act of seeing; remark, notice. અવલોકન શક્તિ, નિરીક્ષા; ટીકા, ટીકાનું ભાષણ; કશાપર બોલવું લખવું તે, વિચાર, અનુમાન.

Ob-serve', ઑબ્ઝર્વ, *vt.* to notice; see; remark. લક્ષ દઈને જોવું, અવલોકન કરવું, પાળવું, માનવું; બોલવું, કહેવું, ટીકા કરવી.

Ob-so'lete, ઑબ્સોલીટ, *a.* (L. *obsolesco* I wear out) out of use or date. વાપર-ઉપયોગમાં નહિ આવતું, રૂઢિભ્રષ્ટ.

Ob-sta'cle, ઑબ્સ્ટેકલ, *n.* (L. *ob* & *sto* I stand) hinderance. અડચણ, નડતર, હરકત, નડ, આડ.

Ob-stet'ric, ઑબ્સ્ટેટ્રિક, *a.* (L. *obsterix* a midwife) of midwifery. સોઇયાણીનું, દાઇનું, પ્રસવવિદ્યાનું.

Ob'sti-nate, ઑબ્સ્ટિનેટ, *a.* (L. *obstino* I persist in) stubborn; not easily removed. હઠીલું, મમતી; દુઃસાધ્ય.

Ob-strep'er-ous, ઑબ્સ્ટ્રેપરસ, *a.* (L. *ob* & *strepo* I

make a noise)clamorous.બૂમરોળ-ઘોંઘાટ કરી મૂકનાર.

Ob-struct', ઑબ્સ્ટ્રક્ટ, *vt.* (L. *ob* & *struo* I pile up) to hinder; stop. અટકાવવું, રોકવું, બંધ કરવું; રૂંધવું, વચ્ચે આડચણ નાખવી. [અટકાવ, નડતર.

Ob-struc'tion, ઑબ્સ્ટ્રક્શન, *n.* hinderance. આડચણ,

Ob-tain', ઑબ્ટેન, *vt. i.* (L. *ob* & *teneo*) to acquire; continue in use. મેળવવું, સંપાદન કરવું; ચાલવું, રૂઢ હોવું.

Ob-trude', ઑબ્ટ્રૂડ, *vt. i.* (L. *ob* & *trudo* I thrust) to thrust in; to urge upon against the will. ઘુસવું, ઘુસીને આવવું-લાવવું; પરાણે આપવું.

Ob-tru'sive, ઑબ્ટ્રૂસિવ્, disposed to intrude. ઘુસે એવું, માથામારૂ, વગર તેડે-અણબોલાવે આગળ પડે એવું.

Ob-tund', ઑબ્ટંડ, *vt.* (L. *ob* & *tundo* I strike) to dull, blunt. મંદ-જડ-ઓછું-બહેરૂં-બુઠું કરવું, ધીમું-નરમ પાડવું. [જાડો, તીણો નહિ તેવો; પહોળો ખૂણો.

Ob tuse', ઑબ્ટ્યૂસ, *a.* dull; not acute. મંદ, જડબુદ્ધિ;

Ob'-verse, ઑબ્વર્સ, *n.* (L. *ob* & *verto* I turn) the face of a coin. સિક્કાની જે બાજુપર મુખ્ય છાપ હોય તેબાજુ.

Ob'vi-ate, ઑબ્વિએટ, *vt.* (L. *ob* & *via* way) to prevent, remove. ટાળવું, નિવારવું, દૂર-વેગળું કરવું-રાખવું. [સ્પષ્ટ.

Ob'vi-ous, ઑબ્વિઅસ, *a.* liable; plain. યોગ્ય, પાત્ર; ખુલ્લું,

Oc-ca'sion, ઑકેશન, *n.* (L. *ob* & *cado* I fall) an incident; opportunity; cause; need. પ્રાસંગિક બનાવ, બિના; ફાવતો પ્રસંગ-લાગ, તાકડો, સારો વખત; નિમિત્ત, કારણ;

ગરજ, પ્રયોજન,જરૂર.*vt.* to cause.કારણભૂત–થી થવું,કરાવવું.
Oc-ca'sion-al,ઑકેશનલ,*a.*at times.કોઈકોઈ વારનું. [ભાગ.
Oc'ci-dent,ઑક્સિડંટ, *n.* the west.આથમણી–પશ્ચિમદિશા–
Oc'ci-put, ઑક્સિપટ, *n.* (L. *ob* & *caput* the head) the hinder part of the head. માથાનો પાછલો ભાગ.
Oc-cult', ઑકલ્ટ, *a.* (L. *ob* & *colo* I cultivate) secret, hidden. ગૂઢ, છાનું, ગુપ્ત. અપ્રસિદ્ધ, ગુહ્ય.
Oc'cu-pant,ઑક્યુપંટ,*n.*(L.*ob* & *capio* I take)one who has possession. કબજો લેનાર, કબજેદાર, ભોગવટોકરનાર.
Oc-cu-pa'tion, ઑક્યુપેશન, *n.* employment; possession. રોજગાર, ધંધો, ઉદ્યમ; કબજો, ભોગવટો, વહીવટ.
Oc'cu-py, ઑક્યુપાઈ, *vt.* to hold; cover, fill; employ. કબજો લેવો, હાથ–કબજ કરવું, કબજા–ભોગવટામાં રાખવું; રોકવું,–થી રોકાવું; કામે વળગાડવું, કામમાં ગુંથાયા–લાગેલા રહેવું.
Oc-cur', ઑકર, *vi.* (L. *ob* & *curro* I run) to be found; come to the mind.જોવામાં આવવું, નજરે પડવું; સૂઝવું, સુઝી–ના મનમાં આવવું. [બિના.
Oc-cur'rence, ઑકરન્સ, *n.* any event. બનાવ, વાત,
O'cean,ઓશન,*n.*(L.*oceanus*)the vast body of water. મહાસાગર, મ્હોટો સમુદ્ર–દરિયો. [ગેરૂ, રાતી લોહમય માટી.
O'chre,ઓકર,*n.*(L. *ochra*) clay used as a pigment.
Oc'ta-gon, ઑક્ટેગૉન, *n.* (Gr. *octo* 8 & *gonia* corner) a figure of 8 sides & angles. અષ્ટકોણ.

Oc'troi, ઑક્ટ્રૉઈ.*n.* (Fr. *octroyer* to grant) a town duty. દરવાજે લેવાનો વેરો–લેવાનું હાંસલ.
Oc'u-lar, ઑક્યુલર, *a.* (L. *oculus* the eye) known by or relating to the eye. આંખે–નજરે જોયલું, પ્રત્યક્ષ.
Odd, ઑડ, *a.* (W. *od* singular) not paired; left over; uneven; strange, queer. વિખુટું, નોખું; ઉપરતું, બાકીનું, પરચુરણ; એકી; વિલક્ષણ, કઢંગુ, વિચિત્ર. odds, *pl.* difference, advantage. ફેર, તફાવત, અંતર; ચઢિયાતા–સરસપણું.
Ode, ઓડ, *n.* (L.) a short poem. ગીત, ગજલ, ટુંકું કાવ્ય.
O'di-ous, ઓડિઅસ, *a.* (L. *odium* hatred) detestable; offensive; exposed to hatred. ધિક્કાર–ફિટકાર કરવા જોગ; કંટાળો ઉપજાવે એવું; ભુંડું, અણગમતું, અળખામણું.
O'di-um, ઓડિઅમ, *n.* hatred; offensiveness. તિરસ્કાર, ફિટકાર, ભુંડાસ, અપ્રીતિ; નિંદા, ભુંડાપણું. [વાસ, ગંધ, બો.
O'dour, ઓડર, *n.* (L. *odor*) smell, scent, perfume.
Of, ઑવ્, *pre.* (AS.) from; out of; belonging to; concerning. થી, માંથી; નું, નો, ની, માંનું; વિષે.
Off, ઑફ, *ad.* (AS.) denoting distance or separation. આઘે, દૂર, વેગળે; નાખવું, રહેવું, જવું, દેવું, કાઢવું, આડું. *pre.* distant from. ઉપર નહિ રહેલું, ખસેલું, બહાર,–થી વેગળો. *int.* begone. ચાલ, જા, દીસતો રહે. [કચરો, પુંજો; એંઠવાડ.
Off'al, ઑફલ, *n.* (Ger. *abfall*) refuse. નાખી દેવાની વસ્તુ,
Of-fence', ઑફેન્સ, *n.* (L. *ob* & *fendo* I dash) displeasure; fault; crime; injury. નાખુશી, ઈતરાજી

માઠું લાગવું:ભૂલ, ભૂલથાપ, ઠોકર; અપરાધ, ગુનો, વાંક; નુકસાન.

Of-fend′, ઑફેંડ, *vt.* to displease; shock, wound; draw to evil. નાખુશ-ગુસ્સે કરવું,-થી ખોટું-માઠું લાગવું; દુઃખ-કંટાળો ઉપજાવવો; પાપ કરાવવું.

Of-fend′er, ઑફેંડર, *n.* he who offends. ગુનેગાર, અપરાધી.

Of-fens′ive, ઑફેન્સિવ્, *a.* displeasing; disgusting; used in attack; assailant. માઠું-ખોટું લાગે-ગુસ્સો આણે એવું; ખોટું, બદ, ભૂંડું; હુમલો કરવાનું, મારવાનું; પહેલો હુમલો કરનાર, લડાઇ જગવનાર, લડાઈનું મૂળ.

Of′fer, ઑફર, *vt. i.* (L. *ob* & *fero* I bear) to present; propose; bid; sacrifice. અંગીકાર કરાવવા, મ્હોં આગળ ધરવું-મૂકવું; બતાવવું, કરવા કહેવું; કિંમત આપવા માંડવી-કહેવી; યજ્ઞ-નિવેદન-અર્પણ કરવું. *n.* price, a bid; a proposal. માગણી, આપવા કહેલી કિંમત; કરવા કહેલી વાત, કહેણ.

Of′fer-ing, ઑફરિંગ, *n.* sacrifice; gift. બળિદાન, નૈવેદ, બળિ.

Of′fice, ઑફિસ, *n.* (L. *ob* & *facio* I do) duty; employment; function; place of business. કર્તવ્યકામ, ફરજ, ઉપકાર, મહેરબાની, અધિકાર, હોદ્દો, જગા; કામ; કચેરી, આફીસ; ક્રિયા, વિધિ.

Of′fi-cer, ઑફિસર, *n.* one who holds office. અધિકારી, કામ-હોદ્દે-અમલદાર.

Of-fic′i-al, ઑફિશિયલ, *a.* by authority. અધિકારીએ-અધિકારની રૂએ કરેલું. *n.* one in office. કામદાર, અધિકારી.

Of-fic′i-ate, ઑફિશિએટ, *vt.* perform any duty; act for another. બીજાને બદલે કામ કરવું-બજાવવું-ચલાવવું.

Of-fi'cious, ઑફિશસ, *a.* unduly forward, meddling; doing kind offices. વચમાં ટાહેલું કરનાર, કોઈના કામમાં અમથો પડનાર. [કિનારાથી દૂરનો-મર દરિયો.

Off'ing, ઑફિંગ, *n.* the sea at a distance from shore.

Off'scour-ing, ઑફ્સ્કૅાઉરિંગ, *n.* refuse, rejected matter. એઠવાડ, કચરો, ઉકરડો.

Off'set, ઑફ્સેટ્, *n.* shoot, sprout; an equivalent. ફણગો, ફાંટો; સામો દાવો-લેણું, સાટા-બદલામાં આપવાનું.

Off'spring, ઑફ્સ્પ્રિંગ, *n.* children. સંતાન, પ્રજા, સંતતિ.

Oft, Oft'en, ઑફ્ટ,ઑફ્ન,*ad.*(AS.) frequently.વારંવાર.

O'gle, ઓગલ, *vt.* (L. *oculus* the eye) to look with side glances. આડું-ત્રાંસું જોવું, આંખ મારવી. [હે, ઓ.

Oh, ઓ, *intj.* denoting surprise or pain. અરે અરે,

Oil,ઑઇલ, *n.*(AS.*ele*) fatty liquid. તેલ. *vt.*to smear with oil. તેલ ચોપડવું-ઘસવું-લગાડવું.

Oil'y, ઑઇલિ, *a.* like oil. તેલ જેવું.

Oint'ment, ઑઇંટ્મેંટ, *n.* (L. *ungo* I annoint) an unguent. લેપ, ચોપડવા-ઘસવાનો પદાર્થ, મલમ.

Old, ઓલ્ડ, *a.* (AS. *ald*) aged; not new; having existed a long time. ઘરડું, વૃદ્ધ; જૂનું; આગળનું, પ્રાચીન, પૂર્વેનું; ઉંમર-વર્ષનું. [અગાઉનું.

Old'en, ઓલ્ડન, *a.* old, ancient. જૂનું, પ્રાચીન, અસલનું,

O-le-ag'in-ous, ઓલિઍજિનસ, *a.* (L. *oliva* olive) oily. ચિકણું, તેલજેવું, સુંવાળું.

Ol-fac'tor-y, ઑલ્‌ફૅક્‌ટૉરિ, *a.* (L. *oleo* I smell & *faico*) having the sense of smelling. સુંઘવાની ઈંદ્રિવાળું.

Ol'i-garch-y, ઑલિગાર્કિ, *n.* (Gr. *oligos* few & *archein* to rule) government in the hands of a few men. અલ્પ જનસત્તાક રાજ્ય.

O'men, ઓમેન, *n.* (L.) sign of good or evil. શુભાશુભ સૂચક ચિન્હ–શુકન, ભવિષ્યનું લક્ષણ. [અશુભસૂચક, માઠું.

Om'in-ous, ઑમિનસ, *a.* forboding ill. અપશુકનનું,

O-mis'sion, ઓમિશન, *n.* (L. *ob* & *mitto* I send) neglect, failure. મૂકી–છોડી દેવું તે, કસૂર, ગફલત, ભૂલ, ચૂક, મૂકી દીધેલો અંશ–ભાગ.

O-mit', ઓમિટ્‌, *vt.* to pass over, leave out, neglect, forbear to do. મૂકી–છોડી દેવું, ચૂકવું, ભૂલથી ન કરવું.

Om-nip'o-tent, ઑમ્નિપોટંટ, *a.* (L. *omnis* all & *potens* powerful) all powerful. સર્વશક્તિમાન.

Om-ni-pres'ent, ઑમ્નિપ્રેઝંટ, *a.* (L. *omnis* & *presens* present) present in every place. સર્વવ્યાપક–ભાવી–ગત. [know) all-knowing. સર્વજ્ઞ–સાક્ષી, ત્રિકાલજ્ઞ.

Om-nisc'i-ent ઑમ્નિશિયંટ, *a.* (L. *omnis* & *scio* I

Om-niv'o-rous, ઑમ્નિવોરસ, *a.* (L. *omnis* & *voro* I eat) all-devouring. બધું ખાનારૂં.

On, ઑન, *prep.* (AS.) upon; at; near. ઉપર, પર; તરફ, એ, માં, નજીક, પાસે;–ને સદે–જોખમે; એટલે, ત્યારે, પછી; તરફથી–ની–થી તો. *ad.* forward; adhering, not

off. આગળ, કરવું, જવું, રહેવું; સ્થિર, પાછળ, વળગેલું, કાયમ, પહેરેલું. [એકવાર-વખત-ફેરી; આગળ, પૂર્વે, ઘણા દિવસપર.
Once, ઉઅન્સ, *ad.* (AS. *an*) one time; formerly,
One, ઉઅન, *a.* single; any closely bound together; the same. એક, નામનો એક-કોઈ; એકસંપી-રૂપ-ગાઢવાળું; એકજ, એકજ જાતનું, એકનું એક.
One'ness, ઉઅનનેસ્, *n.* unity. એકપણું, એકત્વ.
On'er-ous, ઑનરસ, *a.* (L. *onus* a burden) burdensome; oppressive. ભારે; જુલમ ભરેલું.
On'ion, અનિઅન, *n.* (L. *unio*) a plant with a bulbous root. કાંદો, ડુંગળી, પ્યાજ.
On'ly, ઑન્લિ, *a.* (AS. *anlic* one-like) one alone; this & no other. એકલો, એકજ; એકનું એક. *ad.* singly. માત્ર, ફક્ત-જ. [હુમલો, ધસારો, ચઢાઈ.
On'set, ઑનસેટ્, *n.* (on & set) an attack, assault.
On'-slaught, ઑનસ્લૉટ્, *n.* an attack, assault. હુમલો.
On-tol'o-gy, ઑનટૉલૉજિ, *n.* (Gr. *onta* being & *logos*) the science of being. ભૂત-પ્રાણીમાત્ર વિચાર.
O'nus, ઓનસ, *n.* (L.) the burden. જુમ્મો, બોજો.
On'ward, ઑન્વઉઅર્ડ, *a.* progressing. આગળ ચાલેલું-ચાલતું, વર્ધમાન. *ad.* forward. આગળ.
Ooze, ઉઝ, *n.* (AS. *wos* juice) soft mud. નરમ-ઢીલો કાદવ. *vi.* to flow gently. ઝરવું, ગળવું, નિતરવું.
O-paque', ઓપેક, *a.* (L. *opacus* dark) not transparent; dark. અપારદર્શક; નિસ્તેજ, તેજહીન.

Ope, ઓપ, *vt.* *i.* to open. ઉઘડવું, ખુલવું.

O'pen, ઓપ્ન, *a.* (AS.) unclosed, not shut; free; exposed; expanded; unreserved, easily understood; not settled or closed. ઉઘાડું, ખુલ્લું, મોકળું; આવવાની છૂટ હોય એવું; યોગ્ય, પાત્ર; વિકસિત, ખિલેલું; નિષ્કપટિ, ખરાદિલનું—આવનું, ચોખ્ખું, સાફ; ભાવ—અર્થ કળી શકાય તેવું; ચાલતું. [માગ, બાકું, છિદ્રું; બાકુ, કાણું; શિરૂઆત, આરંભ.

O'pen-ing, ઓપ્નિંગ, *n.* a breach; hole; beginning.

O'pen-ly, ઓપ્નલિ, *ad.* publicly, frankly, plainly. સ્પષ્ટ—ઝાહેર રીતે, સાના દેખતાં, ઉઘાડે છોક; ખુલ્લા દિલથી.

Op'er-a, ઑપરા, *n.* (L. *opera* works) a musical drama. સંગીત નાટક.

Op'er-ate, ઑપરેટ, *vi.* to act; work; perform. કામ-ક્રિયા કરવી, બળ વાપરવું;—થી ધારેલો ગુણ અસર જણાવી-થવી; કાપવું, ચીરવું, વાઢકાપ કરવું.

Op-er-a'tion, ઑપરેશન, *n.* action, movement; effect. કામ, વ્યાપાર, ક્રિયા, કૃતિ, કાર્ય, વાઢકાપ; ગુણ, અસર, ચલણ. [કારી—સાધક, ગુણકારી.॰*n.* a workman. કારીગર.

Op-er-a'tive, ઑપરેટિવ, *a.* acting, working. કાર્ય

Oph'thal-my, ઑફ્થૅલ્મિ, *n.* (Gr. *ophthalmos* the eye) a disease of the eyes. નેત્ર રોગ, આંખનો મરજ.

O'pi-ate, ઓપિએટ, *n.* (Gr. *opion* poppy-juice) any preparation of opium to allay pain. ઉંઘ—ચેન આણે એવું ઓસડ.

O-pin'ion, ઑપિનિઅન, *n.* (L. *opinari* to think) sentiment; judgment. મત, વિચાર; ન્યાયાધીશનો ઠરાવ.

O'pi-um, ઓપિઅમ, *n.* juice of the poppy. અફીણ-મ.

Op-po'nent, ઑપોનંટ, *n.* (L. *ob* & *pono* I put) an opposer; a foe. સામાવાળિયું, પ્રતિપક્ષી; શત્રુ, દુશ્મન.

Op-por-tune, ઑપરટ્યૂન, *a.* (L. *ob* & *portus* the port) timely, seasonable. ખરાતાકડા-સંધિનું-વિષે, વખતસર.

Op-por-tu'ni-ty, ઑપારટ્યૂનિટિ, *n.* fit time. પ્રસંગ, તક, લાગ.

Op-pose', ઑપોઝ, *vt.* (L. *ob* & *pono* I put) to resist, withstand. સામે થવું-પડવું, સામું મૂકવું-ધરવું, અટકાવવું, ચાલવા ન દેવું. [સનમુખ; ઉલટું, વિરૂદ્ધ, વિપરીત.

Op'po-site, ઑપોઝિટ, *a.* facing; contrary. સામું, સામેનું,

Op-po-si'tion, ઑપોઝિશન, *n.* resistance; an opposite party. સામા થવું તે, અટકાવ, પ્રતિપક્ષી મંડળ.

Op-press', ઑપ્રેસ, *vt.* (L. *ob* & *premo* I press) to treat with rigour; burden. પીડવું, દુઃખ દેવું, જુલમ કરવો;-માં-ઉપર ભારે શાળજેવું લાગવું.

Op-pres'sion, ઑપ્રેશન, *n.* tyranny; injustice; misery; heaviness. દુઃખ દેવું-પીડવું તે, જુલમ, અતિશય શખ્તી; અન્યાય, અધર્મ; પીડા, કષ્ટ; ભારેશાળપણું, સુસ્તી, આળસ. [લમી, જુલમ ભરેલું-ગાર; ભારે; જબરદસ્ત.

Op-pres'sive, ઑપ્રેસિવ્, *a.* unjust; burdensome. જુ-

Op-pres'sor, ઑપ્રેસર, *n.* a tyrant. જુલમ કરનાર, પીડનાર, દુઃખ દેનાર. [infamy. ધિક્કાર, ફિટકાર, ફિટફિટ.

Op-pro'bri-um, ઑપ્રોબ્રિઅમ, *n.* (L.) disgrace, reproach,

Op-pro'bri-ous, ઑપ્રોબ્રિઅસ, *a.* infamous, hateful. નિંદા—બદનામી ભરેલું; તિરસ્કૃત, તુચ્છ, ધિક્કારયોગ્ય.

Ring, રિંગ, *n.* (Gr.) circle; a circular thing; a metallic sound. ગોળ, કુંડાળું, ચકરડું, વર્તુલ; કડું, કડી, વીંટી, અંગુઠી, મુદ્રિકા; ઘંટનાદ, રણકો, ખણખણાટ. *vt. i.* to cause to sound; resound. વગાડવું; વાગવું, અવાજ થવો; ગાજવું, ગાજી રહેવું. [ચોકડીનો સરદાર.

Ring'lead-er, રિંગલીડર, *n.* leader of a band. ચંડાળ

Ring'let, રિંગલિટ્, *n.* a curl of hair. વાંકડી લટ, વાળનો ગુચ્છો, ઝુલ્ફાં. [વીછળવું, ખંગાળવું, વીછળી સાફ કરવું.

Rinse, રિન્સ, *vi.* (Fr. *rincer*) to cleanse in water.

Ri'ot, રાઈઑટ્, *vi.* (Fr. *rioter*) to revel; enjoy; make an uproar. મસ્તી-રંગરાગવાળી મિજબાની-ભોગવિલાસ કરવો, ભોગવવું, ભોગવટો કરવો; તોફાન-હુલ્લડ ઉઠાવવું, સુલેહનો ભંગ કરવો. [સુખભોગી, એશઆરામ કરનાર; તોફાની, ફીતુરી, ફીસાદી.

Ri'ot-ous, રાઈઑટસ, *a.* luxurious; disorderly. શોખીલું,

Rip, રિપ્, *vt.* (AS. *rypan*) to separate the parts by cutting. ઉકેલવું, ઉકેલી નાખવું, ચીરી-ફાડી કાઢવું; ખુલ્લું કરવું.

Ripe, રાઈપ, *a.* (AS. *rip* harvest) mature; ready, prepared. પાકેલું, પકવ, પાકું, પૂરૂં, નીપુણ, કાબેલ; તૈયાર થયલું, તૈયાર, તરત ચાલુ થાય એવું, ની તૈયારી હોય એવું.

Rip'en, રાઈપ્ન, *vi. t.* to grow ripe; mature; fit for. પાકવું; પાકપર આવવું, તૈયાર થવું; પકવવું; ને માટે લાયક કરવું.

Rip'ple, રિપલ, *vi.* to ruffle on surface. ઉપર લહેર ઉઠવી-થવી. *n.* agitation of the surface. ઝીણાં ઝીણાં મોજાં, લહેર.

Rise, રાઇઝ, *vi.* (AS. *risan*) to ascend; get up; increase. ઉપર કે ઉંચે જવું, ચઢવું; ઉઠવું, ઉભું થવું, ઉગવું, વધવું, ઉદય થવો. *n.* ascent; source; increase. ચઢાવ, ચઢણ; મૂળ, ઉગમ; ઉદય, તેજી, વધારો, વૃદ્ધિ, ચઢતી કળા.

Ris'ing, રાઇઝિંગ, *n.* revolt; getting up. બંડ, બળવો; ઉઠવું, ઉદય, વૃદ્ધિ.

Ris'i-ble, રિઝિબલ, *a.* (L. *rideo* I laugh) laughable. હસાવનાર, હસવું આવવા જેવું.

Risk, રિસ્ક, *n.* (Fr. *risque*) danger, peril. જોખમ, ભય, ધોકો, જુમ્મો, જવાબદારી. *vt.* to hazard. જોખમ માથે લેવું.

Rite, રાઇટ, *n.* (L. *ritus*) ceremony. ક્રિયા, આચાર.

Rit'ual, રિટ્યુઅલ, *a.* pertaining to rites. ધર્મક્રિયા-આચાર સંબંધી. *n.* a book of rites. કર્મપદ્ધતિ.

Ri'val, રાઇવલ, *n.* (L. *rivus* a brook) a competitor, પ્રતિસ્પર્ધિ, બરોબરીઓ, હરસાચરસી કરનાર. *vt.* to compete with; emulate.-ની સાથે સ્પર્ધા કરવી-ટક્કર લેવી-મારવી-ઝુઝવું,-ની બરાબરી કરવી.

Ri'val-ry, રાઇવલ્રિ, *n.* emulation. હરસાચરસી, બરાબરી.

Rive, રાઇવ, *vt.* (Dan.) to split. ચીરવું, ફાડવું,-થી ફાટવું.

Riv'er, રિવર, *n.* (L, *rivus* a stream) a large stream. નદી, નદ.

Riv'u-let, રિવ્યુલેટ્, *n.* a streamlet. નાળું, ઓહેળો, નાની નદી.

Riv'et, રિવેટ્, *n.* (Fr.) a pin. બંને તરફથી વાળેલી-સજ્જડ

બેસાડેલી ખીલી.*vt.*to fasten;clinch; make firm.ખીલાથી જડવું–જોડવું;વાળવું,સજ્જડ બેસાડવું;દૃઢ–તૂટેનહિ એમ કરવું.

Road, રોડ, *n.* (AS. *rad* a riding) a public way; anchorage. રસ્તો, માર્ગ, પંથ, વાટ; નાંગરેલાં વહાણો તરતાં રહી શકે તે જગ્યા, નાંગરણ, ઓારવો.

Roam, રોમ, *vi.* (Fr. *romier*) to rove, ramble. ભટકવું, ફરવું, રખડવું, ભમવું. [કાબરચિતરૂં.

Roan, રોન, *a.* (Sp. *roano*) red spotted with white.

Roar, રોર, *vi.* (AS *rarian*) to make loud noise. આારડવું, બૂમ મારવી, બરાડવું, ગર્જના કરવી, ગાજવું, તડુકવું.

Roast, રોસ્ટ, *vt.* (Ger. *rosten* to fry) to cook before a fire; banter. ભૂંજવું, સેકવું, સીજવવું; મજાક–મશ્કરી કરવી, હસી કાઢવું. [લૂટવું, પડાવી લેવું.

Rob, રૉબ્, *vt.* (Fr. *rober*) to steal; plunder. ચોરવું;

Rob′ber, રૉબર, *n.* one who robs. ચોર, લુટારો.

Rob′be-ry, રૉબરિ, *n.* theft. ચોરી, લુટફાટ, છિનવી લેવું તે.

Robe, રોબ, *n.* (It. *roba*) a long gown. જામો, જહ્ભો.*vt.* to array; invest with. ભભકાદાર પોશાક પેહેરાવવો;–થી સણગારવું–સુશોભિત કરવું. [healthy.જોરાવર, બળકટ; સાજું.

Ro-bust′, રૉબસ્ટ, *a.* (L. *robur* oak) strong, hardy;

Rock, રૉક, *n.* (Fr. *roc*) a mass of stone; defence. ખડક, મહોટો પથ્થર, શીલા, ખરાબો;આાશ્રયનું ઠેકાણું, ગઢ.

Rock, રૉક, *vt.* (Dan. *rokke*) to move to and fro. હીંડોળવું, હીંચવું, હીંચકા નાખવા.

Rock'y, રૉકિ, *a.* full of rocks. ખડકવાળું. [હવાઈ, બાણ.
Rock'et, રૉકિટ્, *n.* (Ger. *rackete*) a projectile firework.
Rod, રૉડ્, *n.* (AS. *roede*) a staff; $5\frac{1}{2}$ yards. સોટો, છડી, દંડ; કાઠી, પ૨ૂયાર્ડ–વાર. [રી–કરડી ખાનારૂં.
Ro'dent, રોડંટ, *a.* (L. *rodo* I gnaw) gnawing. કાત-
Roe, રો, *n.* (Ger. *rogen*) spawn. માછલાંનાં ઈંડાં–ગર્ભ.
Roe, રો, *n.* (AS. *rah*) female hart. સાબરી.
Roe'buck, રોબક, *n.* male roe. એકજાતનું સાબર.
Rogue, રોગ, *n.* (Fr.) a dishonest man, knave. લુચ્ચો, ઠગારો, દગલબાજ, હરામખોર, ધૂતારો.
Rog'uer.y, રોગરિ, *n.* knavery. લુચ્ચાઈ, ઠગવિદ્યા.
Rogu'ish, રોગિશ્, *a.* knavish; waggish. ધૂર્ત, કપટી, ઠગારૂં; ઠઠ્ઠાબાજ, નકલી, મશ્કરીભરેલું.
Roll, રોલ, *n.* (L. *rota* a wheel) a thing rolled; turn; list. વીંટો, વીંટાળો, દડો, પિંડ; પટ, હાજરીપત્રક, યાદી. *vt.* to turn, revolve; inwrap. ગબડાવવું, ગોળ ફેરવવું, નો વિંટો કરવો, લપેટવું, વીંટવું; ગબડવું. [ત–કલ્પિતવાત, કિસ્સો.
Ro-mance', રૉમૅન્સ, *n.* (Sp.) a tale; fiction. અતિઅદ્ભુ-
Ro-man'tic, રોમૅંટિક્, *a.* fanciful, fictitious, extravagant. અદ્ભૂત રસ–કિસ્સાનું–વાળું, વિલક્ષણ; મનઃકલ્પિત, બનાવટનું, તાજુબ કરે એવી વૃત્તિનું.
Romp, રૉમ્પ, *n.* (Fr. *ramper* to creep) a noisy girl. ઉછાંછળી–મસ્તીખોર છોકરી. rude play or frolic.

ઉછાંછળી રમત–ખેલ, ધિંગામસ્તી, ધિંગાણું, કુદાકુદ. *vi.* to play rudely. ઉછાંછળી રમત રમવી. [ચોરસ પોલ; ક્રૂસ.
Rood, રૂડ, *n.* (AS. *rod*) ¼ acre; cross. ¼એકર, ૪૦
Roof, રૂફ, *n.* (AS. *hrof*) cover of a building; vault of the mouth. છાપરૂં; તાળવું; ઘુમટ, ઘુમજ. [ડો; ઠગ.
Rook, રૂક, *n.* (Fr. *hroc*) a crow; a cheat. કાગ, કાગ-
Rook'er-y, રૂકરી, *n.* a collection of rooks' nests. કાગડાને એકઠા થવાની ને માળા બાંધવાની જગા.
Room, રૂમ, *n.* (AS. *rum*) space; apartment. જગા, ઠેકાણું, સ્થળ, કારણ, પ્રયોજન; ઓરડી–ડો, કોટડી, ખોલી.
Room'y, રૂમિ, *a.* spacious. વિશાળ, ઘણું લાંબું પહોળું.
Roost, રૂસ્ટ, *n.* (AS. *hrost*) bird's resting place. પક્ષીઓને રાત્રે આરામ લેવાની કાઠી–દાંડી–જગા.
Root, રૂટ, *n.* (L. *radix*) part of plant in earth; a cause. મૂળ, મૂળિયું, જડ, કંદ મૂળ; મુળકારણ, પાયો. *vt.* to take root; dig up. મૂળ બાઝવાં, જડઘાલવી, સ્થાપિત થવું; જડ મૂળથી ઉખેડી નાખવું.
Root'ed, રૂટેડ્, *a.* fixed. જડઘાલેલું, મૂળબાઝેલું, ઠસેલું, લાગેલું.
Rope, રોપ, *n.* (AS. *rap*) a large cord. દોરડું, રસી, દોરી.
Rop'y, રોપિ, *a.* adhesive. તાર નિકળે તેવું, ચીકણું.
Rose, રોઝ, *n.* (L. *rosa*) a flower. ગુલાબ. [માળા.
Ros'a-ry, રોઝઅરિ, *n.* a string of beads. ફેરવવાની જપ-
Ro-sette', રોઝેટ્, *n.* an ornament made of ribbons. ફીતનો ગુલાબના ફુલજેવો બનાવેલો આકાર–ઘાટ, ઝરી ગુલાબ.

Ros'y, રોઝિ, *a.* red as a rose. ગુલાબના રંગ જેવું, રતાસપડતું.
Ros'in, રૉઝિન, *n.* resin. રાળ. [સળી જવું.
Rot, રૉટ્, *vi.* (Dut.) to decay, putrefy. સડવું, કહોવું,
Ro-ta'tion, રોટેશન, *n.* (L. *rota* a wheel) turning succession. ચક્ર-પૈડાની જેવી ગોળ ગતિ; વારાફરતી-ક્રમ પ્રમાણે આવવું જવું તે.
Rote, રોટ, *n.* knowing by repetition. ગોખવું તે.
Rot'ten, રૉટ્ન, *a.* putrid; unsound. સડી ગયલું; ભરોસો ન કરાય એવું, ખોટું.
Ro-tund', રોટંડ, *a.* (See round) round. ગોળ.
Ro-tund'i-ty, રોટંડિટિ, *n.* roundness. ગોળપણું.
Rouge, રૂઝ, *n.* (Fr.) a red paint. કસુંબો રંગ.
Rough, રફ, *a.* (AS. *hruh*) uneven; rugged; boisterous; harsh; shaggy. સફાઇદાર નહિ કરેલું એવું, ખડબચડું, પથરા વાળો; તોફાની, ઉછળતું; ગળામાં ખુંચે એવું, કરડું, કડવા બોલું, ઉગ્ર, સખ્ત; વાળવાળું.
Rough'ness, રફનેસ, *n.* ruggedness. ખડબચડાપણું.
Round, રાઉંડ, *a.* (L. *rota* a wheel) circular; globular; cylindrical; large; fair, candid. ગોળ, ચક્રાકાર; ગોળાસરખું; ભૂંગળી-નળાના આકારનું; મહોટું, ભારે; વાજબી, અદલ, ચોખ્ખું; તૂટેલું નહિ એવું, સરળ. *n.* a circle; a series of actions; a walk by a guard. વર્તુલ, ચક્કર; ફેરો, આવર્તન; રૌન. *vt.* to make round; move about. ગોળ કરવું; આસપાસ ફરવું. *pre.* about. ની ચારેગમ, આસપાસ, બધે.

Round'a-bout, રાઉંડઍબાઉટ, *a.* indirect. આડું, ફેરાવાનું-વાળું.

Rouse, રાઉઝ, *vt.* (AS. *rasian*) to awaken; stir. જગાડવું, જાગૃત કરવું; ઉશ્કેરવું, ચેતાવવું, હલાવી મૂકવું.

Rout, રાઉટ, *n.* (Fr. *route*) a defeat; multitude. શિકસ્ત, હાર, ન્હાસાન્હાસ, ધૂળધાણી; તોફાની લોકની ભીડભાડ, ટોળું. *vt.* to put to flight. હરાવી વિખેરી નાખવું.

Route, રૂટ, *n.* (Fr.) road, way. રસ્તો, માર્ગ, વાટ, રાહ.

Rout-ine', રૂટિન, *n.* a round of business. course. નિત્ય કર્મ-પાઠનો નિયમિત ક્રમ, રોજ કરવાનું કામ તે.

Rove, રોવ, *vi.* (Dan. *rove* to rob) to ramble, wander. ભટકવું, ફરતા ફરવું, રખડવું. [માળા, સેર.

Row, રો, *n.* (AS. *rawa*) a line. ઓળ, હાર, પુંગત, પંક્તિ,

Row, રો, *vt.* (AS. *rowan*) to move with oars. હલેસાં મારી ચલાવવું. [લા-શોરબકોર.

Row, રાઉ, *n.* (Swiss) a roit, broil. તોફાન, હુલ્લડ, ક-

Row'dy, રાઉડિ, *n.* blackguard. તોફાની-ઉદ્ધત માણસ.

Roy'al, રૉયલ, *a.* (L. *rex* a king) kingly; becoming a king; magnificent. રાજાનું, રાજકીય; રાજાને છાજે-શોભે તેવું, રાજોચિત; ભવ્ય, ઉમદા.

Roy'al-ty, રૉયલ્ટિ, *n.* kingship; the king. રાજપદ; રાજ્યાધિકાર, બાદશાહી; રાજા. [ment. રાજાનો પક્ષ ધરનાર.

Roy'al-ist, રૉયલિસ્ટ, *n.* adherent to kingly govern-

Rub, રબ, *vt:* (Gael.) to wipe; apply friction;

spread over; polish. લૂછવું, લૂછી નાખવું, લહોવું, ઘસવું, ચોળવું, મસળવું; ચોપડવું, લગાડવું; સાફ કરવું, ઓપ ચઢાવવો. *n.* friction; difficulty. ઘર્ષણ, મર્દન, ઘસારો; અડચણ, આડ, નડ, હરકત, વાંધો.

Rub'bish, રબિશ્, *n.* (Fr. *rabascher* to rumble) waste stuff; ruins of buildings. છાડું, કચરો, પુંજો; ખંડિએર.

Ru'by, રૂબિ, *n.* (L. *ruber* red) a red gem; redness. માણેક, લાલ; રાતોરંગ, રાતાશ. *a.* red. લાલ, રાતું, રક્ત.

Rud'der, રડર, *n.* (Ger. *ruder* an oar) a helm. સુકાન; નિયંતાનું સાધન, લગામ, દોરી. [મારવું.

Rud'dy, રડિ, *a.* (see red) rosy in hue. લાલ, રાતું, રતાશ

Rude, રૂડ, *a.* (L. *rudis*) uncivil; barbarous; unskilful; inelegant. અસભ્ય, ઉદ્ધત, બેઅદબ, તોછડું; જંગલી, રાની, અભણ; અનાડી, અણઘડ, અણકસબી; ઢંગઢાળવિનાનું.

Ru'di-ment, રૂડિમેંટ, *n.* (L. *rudis* rough) first principle. મૂળતત્વ-પીઠિકા, બીજ, આરંભ. [એક છોડ, સીતાબ.

Rue, રૂ, *n.* (L. *ruta*) a bitter plant. ઓસડમાં આવતો

Rue, રૂ, *vt.* (AS. *hreowan* to be sorry for) to lament, regret, grieve for. ને માટે રડવું, અફસોસ કરવો, પસ્તાવું. [cutthroat. ઘોર-દુષ્ટ કર્મ કરનાર, ગળાં કાપુ, ખૂની.

Ruf'fi-an, રફિઅન, *n.* (Fr. *ruffien*) a brutal fellow,

Ruf'fle, રફલ, *n.* (Icel. *ruffin*) a frill; commotion. કરચલી-ચીણવાળી ચીપ-કોર, ઝુલ; ડહોળાઈ ગયલો દેખાવ; સંતાપ, અસ્વસ્થતા, ક્ષોભ. *vt.* to wrinkle; disturb,

vex. કરચલી વાળવી–પાડવી; હલાવી મૂકવું, ખળભળાવવું, અસ્વસ્થ–વ્યાકુલ કરવું. [ળની જાતનું કપડું, બંનુસ, નમદો.
Rug, રગ, *n.* (AS. *rug* rough) a coarse cloth. કામ-
Rug'ged, રગેડ્, *a.* uneven; rough, harsh; shaggy. ખડબચડું, ઉંચુંનીચું; ઉગ્ર, મિજાજી, ચિડિયું, ગુસ્સા ભરેલું; વાળવાળું, નિમાળાથી ભરેલું.
Ruin, રૂઈન, *n.* (L. *ruo* I rush) destruction; remains of buildings. પાયમાલી, નાશ; ભાંગી તુટી ગયલું તે, ખંડિયેર. *vt.* to destroy utterly. ભાંગી તોડી નાખવું, નાશ–જમીન દોસ્ત કરવું.
Ru'in-ous, રૂઇનસ, *a.* destructive, fatal. જમીન દોસ્ત –ભાંગી તૂટી ગયલું, પાયમાલીનું, નાશકારક, ખરાબ કરે એવું.
Rule, રૂલ, *n.* (L. *rego* I rule) sway; command; law; standard. અમલ, રાજ, સત્તા, હકુમત; કાયદો, ધારો, નિયમ, શિરસ્તો, કાનુન; પરિમાણ, પ્રમાણ. *vt.* to govern; manage; mark with lines; determine. રાજ કરવું, અમલ ચલાવવો; બંદોબસ્ત–ગોઠવણી કરવી, વહિવટ–કારભાર કરવો; આંકવું, રેખાટવું, ઉપર લીટી દોરવી–પાડવી; ઠરાવવું ઠેરવવું, મુકરર–નક્કી કરવું.
Ru'ler, રૂલર, *n.* governor; a rule. અમલ કરનાર, સરકાર, હોદ્દે–અમલ–કામદાર, હાકેમ; આંકણી, રેખાટણી, રૂલ, રૂલર.
Ru'mble, રમ્બલ, *vi.* (Ger. *rummeln*) to make continuous noise. ગગડવું, ગગડાટ થવો.
Ru'mi-nate, રૂમિનેટ, *vi.* (L. *rumen* the paunch) to

chew the cud; ponder. વાગોળવું; મનન-ચિંતન કરવો.
Ru'mi-nant, રૂમિનંટ,*a.* chewing the cud. વાગોળનારૂં.
Rum'mage,રૂમેજ, *n.*(Fr. *rum* room) a close search. બારીક તપાસ, ઉપરતળે કરી લીધેલો ઝાડો.*vt.i.* to tumble about in searching. ઉપરતળે કરીને શોધવું-ઝાડો લેવો.
Ru'mour, રૂમર, *n.* (L. *rumor*) a flying or popular report.અફવા,ગપ,ઉડતી ખબર,બાતમી,વાત.*vt.* to report. અફવા ઉડાવવી.[buttocks.બરડાના હાડકાનો છેડો,ઢગરૂ,કુલું.
Rump, રમ્પ,*n.* (Ger. *rumpf*) end of the backbone.
Rum'ple, રમ્પલ, *vt.* (AS. *hrympelle* a fold) to wrinkle. કરચલી વાળવી-પાડવી. *n.* a fold.કરચલી, ઘડી,
Run, રન, *vi.* (AS. *rennan*) to move with speed; flow; spread; flee. ચાલવું, ફરવું, દોડવું, ધાવું, જાઆવ કરવું; વહેવું, વહી જવું; પસરવું, ફરી વળવું; નહાસવું, પળવું.
Rup'ture, રપ્ચર, *n.* (L. *rumpo* I break) a breach, a burst; hernia.ભાંગવું તે, તૂટવું તે, ફાટ પડવી, ફાટ, ભંગ; સ્નેહભંગ, ફૂટ, બિગાડ, અણબનાવ; અંતરગળ. *vt. i.* to break; burst. ભાંગવું, ફોડવું, તોડવું; ફૂટવું, તૂટવું.
Ru'ral, રૂરલ, *a.* (L. *rus* country) pertaining to country. ગામડાનું, બહારગામીનું, ગ્રામ્ય; ખેતી-કૃષિકર્મનું.
Rush, રશ, *n.* (AS. *risce*) a plant. એકછોડ, નાગરમોથ.
Rush,રશ,*vi.* (AS. *hriscian* to shake) to move with force.ઝપાટા-સપાટાબંધ ચાલવું-જવું,ધસવું,ઝડપથીજવું-પેસવું-પડવું.*n.*violent motion. ધસારો. [રાતુંભુરૂં; જાડું, ગામડિયું.

Rus'set,રસેટ્,*a*.(L.*russus*red)reddish brown; rustic.

Rust, રસ્ટ, *n*. (*russus*) crust which forms on metals.કાટ, કિટ્ટ, ફુગ. *vi*. to gather rust.કાટ ચઢવો,કટાવું.

Rus'tic,રસ્ટિક્,*n*.(L.*rus* country)countryman.ગામડિયો,ગમાર.*a*. rural; rude;simple; artless.ગામડાનું, વનસંબંધી;જંગલી,અનાડી;સાદું,જાડું, ભપકા વગરનું; નિખાલસ,ભોળું.

Rus'ti-cate, રસ્ટિકેટ, *vt*. to reside in or banish to the country. કસબા કે મદ્રેસામાંથી અમુક વખત સુધી કાઢી મૂકવું, ગામડામાં રહેવું.

Rus'tle, રસ્ટલ, *vi*. (AS. *hristlan*) to make rattling noise. ખખડવું, ખણખણવું.

Rut, રટ, *n*. (L. *rumpo*) track of wheel. ચીલો, ઘરેડ.

Ruth'less, રૂથલેસ, *a*. (ruth pity) cruel. નિર્દય, કઠોર.

Rye,રાઈ,*n*.(AS.*ryge*)esculent grain.એક જાતનું અનાજ.

S.

Sab'bath, સૅબથ, *n*.(Heb. *shabath* to rest) the day of rest. થાકખાવાનો દિવસ, અણોજો, પાકી, વિશ્રામવાર.

Sa'ble, સેબલ, *n*. (Fr.) an animal. નોળિયાની જાતનું માંસહારી પ્રાણી. *a*. black, dark. કાળું, શામળું.

Sa'bre,સેબર,*n*.(L.*zabos* crooked)broad sword.પહોળા પાનાવાળી તલવાર, શમશેર.

Sacch'a.rine, સૅકરિન, *a*. having the qualities of sugar.ખાંડ કે સાકરવાળું–જેવું.

Sa-cer-dot'al, સૅસરડોટલ, *a*. (L. *sacerdos* a priest) priestly. ગોરનું–વિષે, ધર્મક્રિયા કરાવનાર સંબંધી.

Sack,સૅક્,*n*.(AS.*sacc*) a bag; pillage of town.કોથળી–ળી, ગુણ; શહેર કે કસબાની લૂટફાટ, ખરાબખસ્તા કરવું તે.

Sack'cloth,સૅક્ક્લૉથ્, *n*. coarse cloth.ગુણપાટ–ટાટ,તાટ.

Sa'-cra-ment, સૅક્રેમેંટ, *n*. (L. *sacramentum* on oath) religious rite ; the eucharist. ખ્રિસ્તીનો ધર્મ વિધિ–ક્રિયા; પ્રભુભોજન સંસ્કાર.

Sa'cred, સેક્રેડ્, *a*. (L. *sacer*) devoted to God; holy. દેવ–ધર્મનિર્માણ કરેલું, દેવાર્પિત; પવિત્ર, પૂજ્ય, સર્વમાન્ય, નહિ તોડાય એવું, અર્પણ કરેલું.

Sac'ri-fice, સૅક્રિફાઇઝ, *n*. (L. *sacer* sacred & *facio*) offering; loss. બળિદાન, હોમ, હવન, યજ્ઞ, યાગ; નુકસાન–ખોટ વેઠવી તે. *vt*. to offer to God;incur loss.અર્પણ–દેવનિર્માણ કરવું, ચઢાવવું, અર્પવું; ખોવું, મૂકી–જવા દેવું, આપવું.

Sac'ri-lege,સૅક્રિલેજ,*n*.(L.*sacer* & *lego* I gather)violation of sacred things. દેવસ્થાન કે પવિત્ર વસ્તુ વટલાવવા–ભ્રષ્ટ કરવા–ચોરવા–ખંડવાનો અપરાધ,દેવાર્પિ વસ્તુ વ્યવહારના ખપમાં લેવી તે.[ઉદાસ, ગમગીન,દુખીયારૂં,દલગીર,ખેદકારક.

Sad, સૅડ્,*a*.(AS.*sad* stated, sick) sorrowful. શોકાતુર,

Sad'dle, સૅડલ, *n*. (AS. *sadel*) seat for rider. જીન, ખોગીર. *vt*. to put on saddle; burden. ઉપર જીન માંડવું–મૂકવું;–નો ભાર–બોજો માથે નાખવો.

Safe,સેફ,*n*.(L.*salvus*)a strong box;place for safety. તીજોરી; નિર્ભય જગા–ઠેકાણું. *a*. free from harm or

danger. ક્ષેમકુશળ, સલામત, નજોખમું, નિર્ભય, સુરક્ષિત, સારા જાપતામાં રાખેલું. [ળાતું, રખવાળ; અભયપત્ર, પરવાનો.
Safe'con-duct, સેફ્કૉન્ડક્ટ, *n.* a convoy; passport. વ-
Safe'guard, સેફ્ગાર્ડ, *n.* defence; convoy; passport. રક્ષણનું સાધન, બચાવ; વળાતું, રખવાળું; અભયપત્ર, પરવાનો.
Safe'ly, સેફ્લી, *ad.* securely. ખરેખર જાપતામાં, નિર્ભયપણે.
Safe'ty, સેફ્ટિ, *n.* freedom from danger. નિર્ભયપણું.
Saff'ron, સૅફ્રન, *n.* (Ar. *zafaran*) a yellow flower. કેસર, કેસરવૃક્ષ. *a.* like saffron. કેસરી–આ.
Sa-ga'ci-ous, સૅગેશિઅસ, *a.* (L. *sagan* keen-sighted) discerning. ચતુર, વિચક્ષણ, તીક્ષ્ણ બુદ્ધિનું–અક્કલવાળું.
Sa-ga'ci-ty, સૅગૅસિટિ, *n.* quick discernment. તીક્ષ્ણ બુદ્ધિ, ચતુરાઈ.
Sage, સેજ, *a.* (L. *sapius* wise, discreet. ડાહ્યું, શાણું, ચતુર, બુદ્ધિશાળી, વિવેક વિચારવાળું, પુખ્ત. *n.* a wise man. જ્ઞાની–શાણો પુરૂષ. [stance. સાબુ કે વાંશિયા ચોખા.
Sa'go, સેગો, *n.* (Malay. *sagu*) a dry mealy sub-
Sail, સેલ, *n.* (AS. *segel*) a ship's canvas; a ship; excursion in a ship. સઢ, સ્હેડ; સ્હેડવાળું વહાણ; સફર, જળમવાસ. *vi.t.* to move or fly through; set sail; direct. આગળ વધવું–ચાલવું; નિકળવું, સફર શરૂ કરવી; માંથી ઉડવું–જવું; હંકા-
Sail'or, સેલર, *n.* seaman, mariner. ખારવો, ખલાસી. [રવું.
Saint, સૅંટ, *n.* (L. *sanctum* holy) a holy person. સાધુ–પવિત્રપુરૂષ, ભક્તજન.

Sake, સેક, *n.* (AS. *sac* strife).cause, purpose, end. હેતુ, કારણ, ખાતર.

Sal'ad, સૅલઍડ્,*n.*(L. *sal* salt)food of raw herbs. સૅરકો, રાઈ કે મીઠાનીસાથે મેળવેલી તીખીભાજી મૂળા વગેરેની કચુમર.

Sal'a-ry, સૅલરિ, *n.*(L. *salarium* salt money) money for services. પગાર; અવેજ, દરમાયો, વરસાંત, સાલિયું.

Sale, સેલ, *n.* (AS. *sellan* to give) act of selling. વેચવું, વેચાણ. [વેચવાપર રાખેલું માણસ, વેચનાર.

Sales'man, સેલ્ઝમૅન્, *n.* one employed to sell goods.

Sa'li-ent, સેલિઍંટ, *a.*(L. *salio* I leap) leaping; conspicuous. કૂદતું, છલંગ મારતું; બહાર પડતું, મુખ્ય. [ક્ષારમય.

Sa-line', સૅલાઈન, *a.* (L. *sal* salt) salt in taste. ખારૂં,

Sa-li'va, સૅલાઈવ, *n.* (L.) spittle. થૂંક, મુખરસ, લાળ.

Sal'low, સૅલો, *a.* (AS. *salowig*) yellowish; pale. પીળચટું, પીળાસ મારતું; પીળું, ફીકાશ પડતું.

Sal'ly, સૅલિ, *n.* (L. *salio* I leap) sudden rush; a flight of fancy; wild gaiety. એકદમ કરેલો ધસારો—છાપો; લેહેર, મનનો તુરંગ; સપાટો, રંગીપણાની લેહેરમાં ઉડવું તે, અતિવિલાસ. [રંગમહેલ, દિવાનખાનું.

Sa'loon, સૅલૂન, *n.* (It. *sala* a hall) a spacious hall.

Salt, સોલ્ટ, *n.* (L. *sal*) mineral seasoning for food. ખાર, ક્ષાર; મીઠું, લૂણ, નીમક. *vt.* to sprinkle with salt. ઉપર મીઠું ભભરાવવું.

Salt-pe'tre, સોલ્ટપીટર, *n.* nitre. સુરોખાર.

Sa-lu'bri-ous,સૅલ્યુબ્રિઅસ,*a.* (L.*salus* health) healthful. નિરોગી, શરીરને ગુણકારી. [સુખકારી, ફાયદાકારક.

Sal'u-ta-ry, સૅલ્યુટૅરિ, *a.* wholesome. શરીરને ગુણકારી,

Sa-lute', સૅલ્યૂટ, *vt.* (L. *salus* health) to kiss; greet; honour. બોકી દેવી–કરવી; મુબારકબાદી આપવી, ક્ષેમ કુશળ પુછવું, સલામ–નમસ્કાર–સત્કાર કરવો; તોપો છોડી માન આપવું. *n.* a kiss; discharge of cannon. બોકી, બચ્ચી; તોપના અવાજથી સત્કાર; રામરામ, જેગોપાળ.

Sal'vage, સૅલવેજ, *n.* (L. *salvus* safe) pay for saving goods. વહાણનો માલ ઉગારવામાં મદદ કરનારને આપવામાં આવતા પૈસા. [મોક્ષ, મુક્તિ, ઉદ્ધાર, છુટકો, સદ્ગતિ.

Sal-va'tion, સૅલવેશન, *n.* redemption, deliverance.

Salve, સાવ, *n.* healing ointment. મલમ, લેપ, મલમપટ્ટો.

Sal'vo, સૅલ્વો, *n.* (L.) exception; excuse; military salute. અપવાદ, શરત, નિયમ; બહાનું, માફીનો સબબ; સલામતિ આપવાની નહિ હોય તેછતાં તોપોના અવાજ કરવા તે.

Same, સેમ, *a.* (AS.) identical; similar; just mentioned. એજ, તેજ, એનુંએ; સરખુંજ, તેવુંજ, એવુંને એવું; સદરહુ, મજકુર, આગળ કહેલું. [ખા–એકનુંએકપણું.

Same'ness, સેમનેસ, *n.* precise likeness. એકજ–સર-

Sam'ple, સૅમ્પલ, *n.* (Fr. *esample*) a specimen; example. નમુનો, વાનગી; દાખલો.

Sanc'ti-fy, સૅંક્ટિફાઈ, *vt.* (L. *sanctus* holy & *facio*)

to make holy; secure from violation.પવિત્ર કરવું-ગણવું; કાયમ-મંજુર કરવું-રાખવું.

Sanc'tion, સંકશન, *n.* ratification. મંજુરી, બહાલી. *vt.* to ratify. મંજુર-કાયમ-બહાલ-પસંદ કરવું-રાખવું.[તઃશુદ્ધિ.

Sanc'ti-ty, સંકટિટિ, *n.* holiness. પવિત્રતા, શુદ્ધવૃત્તિ, અં-

Sanc'tu-a-ry, સંકટ્યુઅરિ, *n.* a sacred place; place of refuge. પવિત્ર-દેવાર્પિત જગ્યા, મંદીર, દેવળ, પૂજાગૃહ; પવિત્રશરણ-આશ્રયસ્થાન. [રેતી, રેત.

Sand, સંડ, *n.* (AS.) fine particles of stone, &c.

Sandal, સંડલ, *n.* (L. *sandalium*) a loose shoe. એક જાતનો જોડો,ચંપલ.[the wood.સુખડનું ઝાડ,ચંદનવૃક્ષ;સુખડ.

San'dal-wood,સંડલવુડ, *n.*(Sans. *chandana*) the tree;

Sane, સેન, *a.* (L. *sanus* sound) sound in mind. સાબુતમન-શુધબુધવાળું, અક્કલ હોંશિયારીવાળું, સાજું, નિરોગી.

San'guin-a-ry, સંગ્વિનેરિ, *a.* (L. *sanguis* blood) bloody, cruel. જેમાં માણસનો સંહાર થાય કે થયો હોય એવું; ઘાતકી, ખૂની.

San'guine, સંગ્વિન, *a.* ardent, hopeful; red; abounding in blood. હોંશીલું; ભારે ઉમેદવાળું, સારા ફળની આશા રાખનાર; રાતું, લોહીના રંગનું; ઉતાવળા-ઘણા લોહી વાળું.

San'i-ta-ry, સનિટરિ, *a.* (L. *sanus* sound) tending to health. લોકની આરોગ્યતાનું રક્ષણ કરવાનું.

San'i-ty, સનિટિ, *n.* soundness of mind or body.

અક્કલ–હોશિયારી, સાબુત બુદ્ધિ, શુદ્ધિ; નિરોગીપણું. [ડનો રસ.
Sap, સૅપ્, *n.* (AS.) vital fluid of plants. વનસ્પતિ–ઝા-
Sap, સૅપ્, *vt.* (Fr. *saper*) to undermine; mine; subvert by digging. નીચેથી ખોદવું–ખોદી પાડવું; સુરંગ પાડવી; ની ખોદણી કરવી, ને નુકસાન લગાડવું.
Sap'ling, સૅપલિંગ, *n.* a young tree. નહાનું ઝાડ, રોપો.
Sap'id, સૅપિડ્, *a.* (L. *sapo* I taste) savoury. સ્વાદિષ્ટ.
Sa'pi-ence, સેપિઅન્સ, *n.* (L. *sapiens*) wisdom. ડહાપણ.
Sa'pi-ent, સેપિઅંટ, *a.* wise. શાણો, વિવેકી, અક્કલમંદ, બુદ્ધિશાળી. [સાબુજેવું–વાળું.
Sap-o-na'ce-ous, સૅપોનેશિઅસ, *a.* (L. *sapo*) soapy.
Sa'por, સેપૉર, *n.* (L. *sapo*) taste, relish. સ્વાદ, લહેજત.
Sapph'ire, સૅફ્રિર, *n.* (L.) a precious stone. શની, નીલમ.
Sar'casm, સૅરકૅઝ્મ, *n.* (Gr. *sarkazein* to sneer) keen reproach, taunt. કઠોર–સખ્ત–આકરૂં–મરડનું વચન–ભાષણ.
Sar'cas-tic, સૅરકૅસ્ટિક્, *a.* satirical. કરડું, આકરૂં મરડાટનું.
Sash, સૅશ્, *n.* (Pers. *susa*) an ornamental band. સુશોભિતપટો. [devil. સૈતાન, પાપપુરૂષ, કળી.
Sa'tan, સેટૅન, *n.* (Heb. *satan* an adversary) the
Sa-tan'ic, સેટૅનિક્, *a.* devillish, very wicked. સૈતાનનું, પાપી, નિર્દય. [by school boys. જોસ્તાન, દફતર, કોથળી.
Satch'el, સૅચેલ, *n.* (*sachus* a bag) a small bag used
Sate, Sa'ti-ate, સેટ, સેશિએટ, *vt.* (Ger. *satian*) to

fill, satisfy; glut. તૃપ્ત-સંતુષ્ટ કરવું; ધરાઈ-ઓચાઈ જાય તેમ કરવું.

Sat'el-lite, સૅટેલલાઈટ, *n.* (L. *satelles*) a secondary planet; an obsequious dependant. ઉપગ્રહ; ખુશામતિયો, આશ્રિતજન, પુંછડું.

Sat-i'e-ty, સૅટાઈઍટિ, *n.* (see *sate*) fulness beyond desire, repletion. અતિતૃપ્તિ, ધરો, ધરાઈ જવું તે.

Sat'in, સૅટિન્, *n.* (L. *seta* silk) glossy silk. સાટીન, ચળકીવાળું રેશમી લુગડું.

Sat'ire, સૅટાઈર, *n.* (L. *satur* full of food) poem of censure; sarcasm. દુરાચરણ ઉપહાસક-નિંદાત્મક કવિતા; ઉપહાસ, નિંદા, સખત ટીકા, કરડું ભાષણ, ઠોક.

Sa-tir'i.cal, સૅટિરિકલ, *a.* censorious, severe in language. કરડું, સખત, છિદ્ર-દૂષણ દર્શક, નિંદાનું-ખોર; ઉપહાસક.

Sat-is-fac'tion. સૅટિસફૅક્શન, *n.* (L. *satis* enough & *facio*) contentment; settlement of claims. તૃપ્તિ, સંતોષ, મનનું સમાધાન; નિકાલ, ચુકાદો, પતાવવું તે.

Sat'is-fy, સૅટિસફાઈ, *vt.* to give content; convince; discharge. તૃપ્ત-સંતુષ્ટ-ખુશ-રાજી કરવું, મનમનાવવું; ખાતરી-ખાતરજમા-સમાધાન કરવું; પતાવવું; વાળવું, ચુકવવું, નિકાલ-ફડચો કાઢવો.

Sat'ur.ate, સૅટ્યુરેટ, *vt.* (L. *satur* full of food) to fill to the full. સારીપેઠે ભીંજવવું-પલાળવું-ભરવું, કાલવવું.

Sa'tyr, સેટર, *n.* (L. *satyrus*) a fabulous sylvan deity. કલ્પિત વનદેવતા.

Sauce, સૉસ, *n.* (L. *salsus* salted) something eaten with food to improve its relish. મુખ્ય ભોજન જોડે સ્વાદમાટે ખાવાનું શાક–ચટણી વગેરે. *vt.* to apply sauce to. તીખું તમતમું–સ્વાદિષ્ટ–લહેજતવાળું કરવું.

Sauc'er, સૉસર, *n.* a little dish for cup. રકાબી, તબકડી.

Sauc'y, સૉસિ, *a.* pert, impudent. ઉદ્ધત, ફાટેલ, બેઅદબ.

Saun'ter, સાંટર, *vi.* (Fr. *sainte terre* to the holy land) to stroll idly, loiter. રસળવું, રખડવું, રઝળવું, આળસ્યા કરવું. [skin. છુંદી મસાલો ભરી ચાંમડીમાં ભરેલું માંસ.

Saus'age, સૉસેજ, *n.* (see *sauce*) minced meat in

Sav'age, સૅવેજ, *a.* (L. *silva* a wood) uncivilized; cruel, merciless. જંગલી, અણઘડ; ક્રૂર, વિકરાળ. *n.* a barbarian. જંગલી–ક્રૂર માણસ.

Save, સેવ, *vt.* (L. *salvus* safe) to preserve; rescue, spare. બચાવવું, ઉગારવું, રક્ષણ કરવું, સલામત રાખવું,–ને માથે ન આવવા દેવું, અટકાવવું, ન થવા દેવું, જાળવવું, સાચવવું, સાધવું. તારવું,–નો ઉદ્ધાર કરવો. *pre.* except. શિવાય, વગર, વિના.

Sav'ing, સેવિંગ, *a.* frugal. કરકસરિયું, નીતિથી સંઘરો કરનાર.

Sav'iour, સેવિયર, *n.* the Redeemer, Christ. તારનાર.

Sa'vour, સેવર, *n.* (L. *sapor*) taste; smell; distinctive temper. સ્વાદ; વાસ, ગંધ; ગુણ, પાસ, અસર. *vi.* to

smack; have taste. જેવું લાગવું-હોવું, અસર હોય એમ લાગવું; માં સ્વાદ-વાસ હોવો. [લિજ્જતદાર.
Sa'vour-y, સેવરિ, *a.* pleasing to taste. સ્વાદિષ્ટ મઝા-
Saw, સૉ, *n.* (Ger. *sagon*) toothed instrument; a saying. કરવત, આરી; કહેવત, વચન, ઉક્તિ. *vt.* to divide with a saw. વહેરવું.
Saw'yer, સૉયર, *n.* one who saws wood. વહેરનાર, કરાઈ.
Say, સે, *vt.* (AS. *secgan*) to utter; recite; affirm. કહેવું, બોલવું; કહી-બોલી-ભણી જવું, ભણવું; નક્કી કહેવું, વિષે નિશ્ચય-ઠરાવ કરવો. *vi.* to answer. જવાબ દેવો.
Say'ing, સેઈંગ, *n.* a maxim. કહેવત. [પોપડી.
Scab, સ્કૅબ, *n.* (AS.) crust over sore. જખમપર વળેલી
Scab'bard, સ્કૅબર્ડ, *n.* (Icel. *skalpr*) a sheath of a sword. મ્યાન, ગ્રેન. [of timber. પાલક.
Scaff'old-ing, સ્કૅફોલ્ડિંગ, *n.* (L. *escafaldus*) staging
Scald, સ્કૉલ્ડ, *vt.* (L. *ex* & *calidus* warm) to burn by a hot liquid. ઉના મવાહથી દઝાડવું-બાળવું-બાફવું-ગરમ કરવું. [ચાપરનો ખોડો.
Scald, સ્કૉલ્ડ, *n.* (AS. *scall*) scurf on the head. મા-
Scale, સ્કેલ, *n.* (L. *scalu*) dish of a balance. કાંટાનું તરાજવું, કાંટો. [thin layer. ભીંગડું; પાતળુંપડ, છારી.
Scale, સ્કેલ, *n.* (AS. *scealu* a shell) coating of fish;
Scale, સ્કેલ, *n.* (L. *scala*) a ladder; gradation. સીડી; દાદર; પાયરી, ચઢતો ઉતરતો ક્રમ.

Scall'op, સ્કૅાલ્પ, *vt.* (Dut. *schelpe* shell) to cut into segments. કોર કાપીને–કાઢીને કાંગરા પાડવા.

Scalp, સ્કૅલ્પ, *n.* (L. *scalpere* to cut) skin of head. માથાપરની વાળવાળી ખાલ–ચામડી.

Scamp, સ્કૅમ્પ, *n.* (Fr. *escamper* to run away) a cheat, rascal. મ્હોટો ઠગ, ધૂતારો, લૂચ્ચો, ઢોંગી. [દોડી જવું.

Scamp'er, સ્કૅમ્પર, *vi.* to run with speed. સટકવું, નહાસવું,

Scan, સ્કૅન, *vt.* (L. *scando* I climb) to examine closely; to measure by counting the poetic feet. બારીકીથી રજેરજ તપાસવું; કવિતાની માત્રા માંડવી, માત્રા–તાલ–વિરામ જણાય એવી રીતે કવિતા વાંચવી.

Scan'dal, સ્કૅંડલ, *n.* (Gr. *skandalon* a snare for an enemy) disgrace; defamatory speech. બેઆબરૂ, ફિટકાર, બદનામી; જૂઠું આળ, આરોપ.

Scan'dal-ous, સ્કૅન્ડૅલસ, *a.* disgraceful; offensive. આબરૂ જાય–ફજેતી થાય એવું, નિર્લજ, ઈજત વગરનું; માઠું લાગે એવું, ખોટું, અયોગ્ય. [ઓછું, અધુરૂં, કમી, પૂરતું નહિ એવું.

Scant, સ્કૅંટ, *a.* (AS. *scœnan* to break) not full. થોડું,

Scant'ling, સ્કૅંટલિંગ, *n.* a piece of timber; a small quantity; a measure; a draught. લાકડાને કાપી કરેલો કકડો; થોડું; જુજ, નહાનો કકડો; માપ, પરિમાણ; ડોળિયું, ખોખું.

Scant'y, સ્કૅંટિ, *a.* scarcely enough; narrow, small; sparing. જોઈએ એટલું નહિ, અપૂર્ણ, ઓછું; થોડું નહાનું, અલ્પ; કસર કરે એવું, કસરિયું.

Scape'goat, સ્કેપગોટ, *n.*(escape & goat) sufferer for others. જેનેમાથે બીજાનાં પાપ પડેતે, બીજાને બદલે કસુરવાન કરે તે. [ish. ચાડું, ચામડું; કલંક, ડાઘ, એબ.

Scar, સ્કાર, *n.* (Dan. *skaar* a cut) a cicatrix; blem-

Scarce, સ્કેર્સ, *a.* (It. *scarso*) not plentiful; rare. ખપત કરતાં ઓછું, તાણ-ભીડવાળું, થોડી છતનું; અછતવાળું.

Scarce'ly, સ્કેર્સલિ, *ad.* hardly, with difficulty. ભાગ્યેજ, પરાણે, તરત. [તાણ, ભીડ, અછત, ખોટ, ખૂટકો.

Scarc'i-ty, સ્કેર્સિટિ, *n.* deficiency, want. થોડી છત,

Scare, સ્કેર, *vt.*(Scot.*skair* to take fright) to frighten. ભડકાવવું, બિહીવડાવવું, ચમકાવી નસાડવું, ચમકી નાસવું.

Scare'crow, સ્કેરક્રો, *n.* a thing to frighten birds. પક્ષીઓને બિહીવડાવવા કરેલું વાંદરૂં-માણસ-ચાડિયો, ખાલીબીક.

Scarf, સ્કાર્ફ, *n.* (AS. *scearf* a fragment) long narrow shawl. છેટી, ખેસ, અંગવસ્ત્ર, ઓઢણી. *vt.* to join. સાંધવું.

Scar'i-fy, સ્કૅરિફાઈ, *vt.* (Gr. *skariphos* a pointed instrument) to scratch and cut the skin. રૂમડી-નસ્તર મૂકવું. • [લાલચટક, લાલચોળ; લાલચોળરંગ-લૂગડું.

Scar'let, સ્કારલેટ્, *a. n.* (L. *scarlatum*) deep red.

Scarp, સ્કાર્પ, *n.* (Fr. *escarper* to cut short) slope. ઉભો ઢોળાવ-ઢાળ. [અણીશુદ્ધ, ઈજા કે નુકસાન ખમ્યા વગરનું.

Scath'less, સ્કેથલેસ, *a.*(AS. *scadhian*) without harm.

Scat'ter, સ્કૅટર, *vt.*(AS. *scateran* to shed) to sprinkle around; disperse. વેરવું; વિખેરવું, વિખેરી નાખવું.

Scav'en-ger, સ્કૅવેંજર, *n.* (AS. *scafen* to shave) street cleaner. ઝાડુ કાઢનાર, કચરો વાળનાર.

Scene, સીન, *n.* (Gr. *skene*) a stage; place of occurrence; spectacle; theatrical display; subdivision. ખેલ–નાટક કરી દેખાડવાની જગા, રંગભૂમિ; સ્થળ; દેખાવ; વેશ, ખેલ, તમાશો, નાટક; પ્રવેશ.

Scen'er-y, સીનરી, *n.* painted representation; appearance of places. સ્થળ–બનાવની જગાનું ચિત્ર–રચના–ગોઠવણ; સમગ્ર દેખાવ. [સુંઘવું, વાસ–ગંધથી જાણવું; વાસ, ગંધ.

Scent, સેંટ, *vt. n.* (L. *sentio* I feel) smell, perfume.

Scep'tic, સ્કેપ્ટિક, *a.* (Gr. *skeptikos* thoughtful) doubter; enquirer; infidel. સંશય–સંદેહમાં રહેલો પુરૂષ, વહેમી, શોધક, ખરી વાત ખોળનાર, દુનિયાના અસ્તિત્વવિષે શંકા આણનાર; નાસ્તિક. [દંડ, રાજ્યપદ, રાજ્યાધિકાર.

Scep'tre, સેપ્ટર, *n* (Gr. *skuptron*) king's staff. રાજ-

Sched'ule, સેડ્યૂલ, *n.* (L. *scheda* a leaf of paper) a document; inventory. લેખ, દસ્તાવેજ, વિગતવાર નોંધ–પત્રક.

Scheme, સ્કીમ, *n. vt.* (L. *schema* a form) plan; project. રચના, યુક્તિ; વિચાર, મનસુબો, ઘાટ, યોજના કરવી.

Schism, સિઝ્મ, *n.* (L. *skisma* a split) division or separation in a church. ફાટ, તુટ, જુદાઈ, ભેદ, તડ, ધર્મભેદદોષ.

Schis-mat'ic, સિઝ્મૅટિક, *n.* separatist from church. ચાલતા ધર્મથી જુદો પડનાર.

Schol'ar, સ્કૉલર, *n.*(Gr. *skolee* leisure) learner; learned man. શિખનાર, ભણનાર; પંડિત, વિદ્વાન.

School, સ્કૂલ, *n.* a place for instruction; sect. નિશાળ, વિદ્યાલય, પાઠશાળા; મત, પંથ, શાખા.

Schooling, સ્કૂલિંગ, *n.* instruction; reproof; compensation. ભણાવવું તે, શિક્ષા; ઠપકો, શાસન; ભણામણી.

Schoon'er, સ્કૂનર, *n.* (AS. *scunian* to shun) two masted vessel. બે ડોલી વહાણ.

Sci'ence, સાઇઅન્સ, *n.* (L. *scio* I know) knowledge skill. જ્ઞાન, વિદ્યા, શાસ્ત્ર, વિદ્યામાત્રનો અભ્યાસ; ચતુરાઈ, કુશળતા.

Sci-en-tif'ic, સાઇઅંટિફિક, *a.* according to or versed in science. શાસ્ત્રના નિયમાનુસાર, શાસ્ત્રમાં વપરાતું-ઉપયોગી; વિદ્વતા-પાંડિત્ય વાળું, વિદ્વાન, પંડિત.

Scin'til-late, સિંટિલેટ, *vi.* (L. *scentilia* a spark) to emit sparks; sparkle. માંથી તણખા નિકળવા; ચળકવું.

Scirr'hus, સ્કિરસ, *n.* (Gr. *skirros*) a hard tumour in flesh. માંસમાં બંધાએલી ગાંઠ-ઢડબ, વરસોળી. [shears. કાતર.

Scis'sors, સિઝર્ઝ, *n. pl.* (L. *scindo* I cut) small

Scoff, સ્કૉફ, *vi. t.*(Dan. *skuffe* to deceive) to deride; treat with scorn. હસી-મશ્કરી કરી કાઢવું, બનાવવું, હાંસી કરી તુચ્છ કરવું. *n.* mockery, derision. હાંસી, મશ્કરી.

Scold, સ્કોલ્ડ, *vi. t.*(Ger. *schelden*) to chide. ધમકાવવું, ઠપકો દેવો, બહુ ખીજવું. *n.* one who scolds; shrew; brawl. ધમકાવનાર, ખીજનાર; કર્કશા; વઢવાડ, ટપાટપી.

Scoop, સ્કૂપ, *n.* (Dut. *schop* a shovel) ladle; sweep. ડોઈ, પળી, કડછો; લસરકો, સપાટો, ફેરો, હાથ, ટચકો. *vt.* to hollow; lade out. માં પોલાણુ કરવું, ખોદી કાઢવું, કડછો ભરી બહાર કાઢવું–ઠાલવવું.

Scope, સ્કોપ, *n.* (Gr. *skopos* a mark) range; purpose; space; liberty; length. તકાવેલી વસ્તુ, નિશાન; મતલબ, હેતુ, ઈરાદો; અવકાશ, પૂરતો લાગ–પ્રસંગ; છૂટ, મોકળો માર્ગ; લંબાઈ, વિસ્તાર.

Scor-bu'tic, સ્કોરબ્યુટિક, *a.* (L. *scorbutus*) affected with scurvy. રક્તપિત્તવાળું.

Scorch, સ્કૉર્ચ, *vt. i.* (L. *ex* & *cortex* bark) to burn on surface. શેકવું, ઉપરથી બાળવું–દાઝવું, ઝલાઈ જવું.

Score, સ્કોર, *n.* (AS. *scor*) a notch; 20; reckoning; account. નિશાન રાખવા કરેલો કાપો; વીસ, કોડી, કૂંડી; હિસાબ, દેવુંલેણું, ખાતું; બાબત, કારણ, સબબ, હેતુ. *vt.* to notch, mark; keep account of; charge. લીટા–કાપા–આંકા કરવા–પાડવા; હિસાબ રાખવો–નોંધવો; ખાતે–નામે લખવું–ગણવું–માંડવું.

Sco'ri a, સ્કોરિયા, *n.* (L. *skyria*) dross. ધાતુમાંથી નિકળેલો કચરો–મેલ.

Scorn, સ્કૉર્ન, *n.* (L. *ex* & *cornu* a horn) extreme contempt. અતિશય તિરસ્કાર–ધિક્કારની વસ્તુ. *vt.* to despise. ધિક્કારવું, તુચ્છકારવું, બહુ અવગણના કરવી.

Scorn'ful, સ્કૉર્નફુલ, *a.* disdainful. ધિક્કાર ભરેલું, અવમાનવાળું.

Scor'pi-on, સ્કૉર્પિઅન, *n.* (L.) a reptile; a sign. વીંછી, વીંછું; વૃશ્ચિક રાશિ.

Scot, સ્કૉટ, *n.* (AS.) tax; a Scotchman. ભાગે પડતો ફાળો, વેરો, કર; ફંડ; સ્કાટલંડનો વતની–રહેવાસી.

Scot′free, સ્કૉટ્ફ્રી, *a.* excused from payment; unhurt. વેરામાંથી ઉગરો ગયલું; ખેમકુશળ, ઇજા–હરકત ખમ્યા વગરનું.

Scoun′drel, સ્કાઉંડ્રેલ, *n.* (Ger. *schande* disgrace & *herl* a fellow) a rascal, knave. હરામખોર, લુચ્ચો–દોંગો માણસ. *a.* mean. નિચ, અધમ, લુચ્ચું.

Scour, સ્કૉઉર, *vt.* (L. *ex* & *curo* I care) to clean by rubbing; purge; sweep off; pass swiftly over. ઘસીને માજવું–સાફ કરવું; સખત રેચ આપવો; ઉસેડી–ખેંચી લઇ જવું; ઉપરથી જલદી જવું, મ્હાં ફરી વળવું.

Scourge, સ્કર્જ, *n.* (L. *ex* & *corium* leather) a whip, a lash. ચાબુક, કોરડો, સાટકો, સજા, દુઃખ–વેરનું સાધન. *vt.* to chastise. સખત સજા કરવી, દુઃખ દેવું.

Scout, સ્કાઉટ, *n.* (L. *auscultare* to listen) a spy. બાતમીદાર, શત્રુ તરફની ખબર લાવવા રાખેલો માણસ.

Scout, સ્કાઉટ, *vt.* (Dut. *scuddan* to shake) to sneer at. હસી કાઢવું, તુચ્છ કરી કાઢવું.

Scowl, સ્કૉઉલ, *vi.* (Sw. *skela* to squint) to a look cross or tempestuous. ડોળા કાઢવા, ગુસ્સે–નાખુશ દેખાવું; ભયભીત–તોફાની–ઘનઘોર દેખાવું. *n.* a look of gloomy anger. ગુસ્સાનો–નાખુશ દેખાવ; ભયભિત દેખાવ.

Scram′ble, સ્ક્રૅમ્બલ, *vi.* (Sans. *kram* to go) to catch at, climb. પકડવા–ઝડપવા જવું; હાથ પગ ટેકવી ચાલવું–ચઢવું.

Scrap, સ્ક્રૅપ, *n.* (AS. *screpan*) a fragment; extract. ટુકડો; કકડો; ટુકો–સંબંધ વગરનો ઇનતેખાબ.

Scrape, સ્ક્રેપ, *vt.* to rub with a rough tool; save. ઉપરથી છોલી–ઘસી કાઢવું; મહા કરકસરથી ઉગારવું–બચાવવું. *n.* distress; perplexity; an awkward bow. મુશ્કેલી, ધર્મસંકટ, આપદા; બેઢંગી સલામ.

Scratch, સ્ક્રૅચ્, *n.* (old E. *cratch*) a slight wound. ઉઝેડો, લીસોટો, નખોરિયું, નહોરીયું. *vt.* to injure surface; *dig, excavate.* ઉઝેડવું, ખોતરવું, ખણવું, ખોદવું.

Scrawl, સ્ક્રોલ, *n.* (Dut. *schravelen* to scratch) bad writing. ચિત્રામણ જેવા અક્ષર–લખાણ. *vt.* to write badly. ખરાબ રીતે ચિતરી–લખી કાઢવું.

Scream, સ્ક્રીમ, *vi.* (AS. *hręman* to cry out) to cry out. ચીસ–બૂમ પાડવી. *n.* shrill cry. ચીસ, તીણી બૂમ.

Screech, સ્ક્રીચ, *vi.* (Scot. *screigh* screigh a shriek) to shriek. બૂમ–ચીસ પાડવી. *n.* harsh cry. ચીસ.

Screen, સ્ક્રીન, *n.* (Ger. *skierm*) shelter, partition; sieve. ઓઠું; આંતરો, પડદો, બચાવ, રક્ષણ; ડોળ ચાળણી, ચાળણો. *vi.* to shelter. રક્ષણ–બચાવ કરવો, છુપાવવું; ચાળવું.

Screw, સ્ક્રૂ, *n.* (Dan. *skrue*) a bar with spiral thread. પેચનો ખીલો, ફેર, ઇસકરૂ. *vt.* to fasten; force, press. પેચ–ફેરથી સજ્જડ કરવું–દાબવું; પરાણે–તાણીતુશીને ટકાવી રાખવું–ચઢાવવું.

Scrib'ble, સ્ક્રિબ્બલ, *vt.* (L. *scribo* I write) to write carelessly. ચિતરી–ઘસડી કાઢવું, નજીવા લખાણથી ભરવું.

Scribe, સ્ક્રાઇબ, *n.* a writer, clerk. લખનાર, લેખક, કારકુન.

Scrip, સ્ક્રિપ્, *n.* a bag; certificate of stock. કોથળી, જોસદાન; શેરનું સર્ટિફિકેટ. [ધર્મપુસ્તકમાંનું-પ્રમાણેનું.
Scrip'tu-ral, સ્ક્રિપ્ટ્યુરલ, *a.* according to Scripture.
Scrip'ture, સ્ક્રિપ્ટ્યુર, *n.* holy writing. ધર્મપુસ્તક.
Scroll, સ્ક્રોલ, *n.* (L. *ex* & *rotula* a wheel) roll of writing. વીંટો, ભુંગળું.
Scrub, સ્ક્રબ, *n.* (Dan. *skrubbe*) a niggard. કૃપણ માણસ. *vt.* to rub hard. બહુ ઘસવું-ધોવું-સાફ કરવું.
Scrub'by, સ્ક્રબિ, *a.* mean, worthless; stunted. નીચ, કંજુસ, જીવ-માલ વગરનું; ઠીંગણું, હીમાયલું.
Scru'ple, સ્ક્રુપલ, *n.* (L. *scrupulus* a doubt) hesitation; 20 grains. આંચકો, ખટકો, આનાકાની, ખંચાવું તે; ૨૦ ગ્રેન. *vi.* to hesitate. ખંચાવું, અટકવું.
Scru'pu-lous, સ્ક્રૂપ્યુલસ, *a.* nicely doubtful; careful; nice. ખંચાઈને ચાલનાર, બીહીને કરનાર-વર્તનાર; કાળજીવાળું.
Scru'ti-nize, સ્ક્રુટિનાઇઝ, *vt.* (L. *scrutari* to search) to examine closely; regard narrowly. બારીક રીતે તપાસવું; ચોકસાઈથી કશાપર નજર રાખવી.
Scru'ti-ny, સ્ક્રુટિનિ; *n.* close search or examination. બારીક તપાસ; સભાસદને મત અપાયાં હોય તેની તપાસ.
Scuff'le, સ્કફલ, *n.* (AS. *scufan* to shove) a close struggle; a contest. બાથંબાથ કુસ્તી; મારામાર, ટંટો, લઢાઈ. [oar. મછવો; હલેસું, ચાટવો.
Scull, સ્કલ, *n.* (Icel. *skol* to splash) a boat; an

Scul'le-ry, સ્કલરિ, *n.* (L. *scutella* a salver) back-kitchen. રસોઈનાં વાસણ રાખવાની ને ધોવા માજવાની ઓરડી. [માજનાર—ઘસનાર, એઠવાડ કાઢનાર.
Scull'ion, સ્કલિયન, *n.* a kitchen maid. રસોઈના વાસણ-
Sculp'tor, સ્કલ્પટૅર, *n.* (L. *sculpo* I engrave) carver in wood or stone. કોતરનાર, કોતરણીનું કામ કરનાર.
Sculp'ture, સ્કલ્પટચુર, *n.* carving in wood or stone. કોતરવાની કળા—કામ, કોતરણી,નકશી.*vt.* to carve. કોતરવું.
Scum, સ્કમ, *n.* (Dan. *skum*) froth on liquor; dross, refuse. મવાહીપર બાઝેલો કચરો—મેલ; નિતરામણ, ગળામણ.
Scurf, સ્કર્ફ, *n.* (AS.) dry scale; stain. ખોડો, પોપડો, થર, પડ; ડાઘ, કલંક.
Scur'ri-lous, સ્કરિલસ, *a.* (L. *scurra* a buffoon) opprobrious, low, mean. ભાંડજેવું, નાગું, નિર્લજ્જ, બેફાટ.
Scur'vy, સ્કર્વિ, *n.* (AS.) a disease. રક્તપિત્ત, *a.* mean, shabby. નીચ, તિરસ્કાર્ય.
Scut'tle, સ્કટલ, *n.* (L. *scutra* a dish) vessel for coals; broad shallow basket. કોલસા ભરવાનું પહોળા મોંહાનું વાસણ; પહોળી છાબડી. *vt.* to cut holes in ship's bottom. વહાણના તળિયે કે બાજુએ બાકાં પાડવાં. [grass. દાતરડું.
Scythe, સાઇધ, *n.* (AS. *sidhe*) steel blade for mowing
Sea, સી, *n.* (AS. *sæ*) a body of salt water. સમુદ્ર, સાગર.
Sea'fa-ring, સીફેરિંગ, *a.* employed as sailor. ખલાસી-ખારવાનું કામ—વહાણવટું કરનાર.

Seal, સીલ, *n.* (AS. *sigel*) a stamp. ચાંપવાની મહોર–સિક્કો. *vt.* to fix; seal; ratify. છાપ–મહોર–નિશાન મારવું; બીડવું, બંધ કરવું; મહોર મારી કાયમ–મંજુર કરવું, કબૂલ રાખવું.

Seal, સીલ, *n.* (AS. *seol*) a marine animal. દરિયાઈ માસહારી આંચળવાળું એક પ્રાણી.

Seam, સીમ, *n.* (AS.) what is sewn, suture; joint; line of junction; thin layer; a scar. સીવણ, સાંધ–ધો; પાતળું પડ–થર; ચાઠું, ચામઠું. *vt.* to make a seam; mark. સીવવું, જોડી–સાંધી લેવું; નિશાન–શળ પાડવો.

Sea′man, સીમૅન, *n.* (AS. *sæ*) a sailor. ખારવો, ખલાસી.

Seaman-ship, સીમૅનશિપ, *n.* skill in navigating. વહાણ ચલાવાની ચતુરાઈ–કુશળતા. [દરજણ.

Seam′stress, સીમસ્ટ્રેસ, *n.* (AS) female who sews.

Sear, સીર, *vt.* (AS. *searian*) to dry, wither; canterise. સુકવવું, કરમાવવું; ડામવું, ઉપરની ખાળ બાળવી. *a.* dry, withered. સૂકું, કઠણ, કરમાયલું.

Search, સર્ચ, *vt. i.* (L. *circo* I go about) to explore; probe; seek; try. શોધવું, ખોળવું, ઢુંઢવું, ઝાડો લેવો–જોવો; માં કંઈ ઘાલી તપાસી જોવું, જાણવું, ની તલાસ કરવી; કસી જોવું, બારીકીથી તપાસવું. *n.* quest. શોધ, ખોળ, તપાસ. [બારીક.

Search′ing, સર્ચિંગ, *a.* minute & careful. કઠણ, સખત,

Sea′son, સીઝન, *n.* (L. *satio* sowing) part of the year; a fit time; a while. રત, ઋતુ, મોસમ; સમય, અવસર, પ્રસંગ, સંધિ; કાળ, વખત, વેળા. *vt.* to fit; habitu-

ate, prepare by drying; flavour; render pleasant;tinge. યોગ્ય–તૈયાર કરવું; સદે એમ–સહેતું–માફક કરવું, આદત–ટેવ પાડવી; સૂકવી.લાયક–પાકું કરવું, સુકવવું ; સ્વાદિષ્ટ કરવું; મનોરંજક કરવું, માં રસ મૂકવો; નો પાસ–રંગ લગાડવો.
Sea'son-a-ble, સીઝનઅબલ, *a.* in good time. સવેળાનું, વખતસર, પ્રસંગસંગતું. [લો, મીઠુંમરચું, વધાર.
Sea'son-ing, સીઝનિંગ, *n.* that which seasons. મશા-
Sea'wor-thy, સીઉઅર્થિ, *a.* (AS. *sæ*) fit to go to sea. દરીએ જવા લાયક, સફર કરવાની યોગ્યતાવાળું.
Seat, સીટ, *n.* (AS. *sitel*) thing for sitting on; station, abode. બેઠક, આસન, ઠામ, બેસવાનું ; જગ્યા, સ્થળ, ઠેકાણું.*vt.*to place on or in seat.બેસાડવું, થાપવું; માંડવું.
Se-cede', સિસીડ, *vi.* (L. *se* aside & *cedo* I go) to withdraw. અલગ–નોખું–જુદું જવું–પડવું, નો સંસર્ગ છોડવો.
Se-clude',સિક્લ્યૂડ,*vt.* (L. *se* & *claudo* I shut) to retire, withdraw.એકાંતવાસમાં લઈજવું, નિરાળું–જુદું રાખવું.
Se-clu'sion, સિક્લ્યુશન, *n.* retirement. એકાંતવાસ.
Sec'ond, સેકંડ, *a.* (L. *secundus* the following) next to first; inferior. બીજું; ઉતરતું, બીજા નંબરનું. *n.* 60th part of a minute ; one next ; assistant. મીનીટ કે અંશનો ૬૦મો ભાગ, ઉતરતા કે બીજા નંબરનો માણી–વસ્તુ; દ્વંદ્વ યુદ્ધમાં બીજાની મદદ કરનાર. *vt.* to back, support.મદદ–ઉત્તેજન–પુષ્ટિ–ટેકો આપવો.
Se'cre-cy,સિક્રિસિ, *n.* (L. *se* aside & *cerno* I sift) solitude,privacy.ગુપ્ત જગા–સ્થિતિ; છાનાપણું,છાનું રાખવું તે·

Se'cret, સિક્રિટ્, *a.* hidden. છાનું, ગુપ્ત, ઢાંકયું. *n.* something unknown; a mystery. છાનીવાત; રહસ્ય, કળ, મર્મ, ગૂઢ-અજાણી વસ્તુ-વાત.

Sec're-ta-ry, સેક્રેટરિ, *n.* (L. *secretum* a secret) a clerk, a chief officer of a department. દફ્તરિ, મંત્રી, ચીટનીસ; કોઇપણ ખાતાનો મુખ્ય અધિકારી.

Se-crete', સિક્રીટ, *vt.* to separate; conceal. જુદું મૂકવું-કરવું; ઝરવું, નિકળવું; સંતાડવું, છુપાવવું. [પંથ, મત, ધર્મમાર્ગ.

Sect, સેક્ટ, *n.* (L. *seco* I cut) men united in tenets.

Sec-ta'ri-an, સેક્ટેરિઅન, *n.* one of a sect. અમુક મત-માર્ગ પાળનાર-માનનાર, પંથી. *a.* pertaining to sect. પંથસંબંધી; મતને ધર્માંધ થઈ વળગી રહેનાર. [ખંડ, કલમ, બાબ, પ્રકરણ.

Sec'tion, સેક્શન, *n.* (L. *seco* I cut) part, division. ભાગ,

Sec'u-lar, સેકયુલર, *a.* (L. *seculum* a generation) temporal, worldly. સંસારી, વ્યવહારિક, ધર્મસંબંધી નહિ એવું.

Se-cure', સિકયૂર, *a.* (L. *sine* without & *cura* care) safe; sure. નિર્ભય; ખાતરજમા-ખાતરીવાળું. *vt.* to make safe; guard; assure. નિર્ભય-બિનજોખમ કરવું, પાકા જાપતા કે બંદોબસ્તમાં રાખવું; રક્ષણ-બચાવ કરવો;-ને પેટે-બાંહેધારી-તારણ રાખવું. [બીનજોખમે, વગર હરકતે, પાકા જાપતામાં.

Se-cure'ly, સિકયૂર્લિ, *ad.* so as to be safe. નિર્ભયપણે,

Se-cu'ri-ty, સિક્યૂરિટિ, *n.* safety, negligence; guard from; pledge; surety; bond. નિર્ભયપણું, નિરાંત,

* બિનજોખમપણું, સલામતી; ગફલત, બેફિકરાઈ; રક્ષણ, બચાવ; બાંહેધારી, તારણ; જામીન, હામી; ખત, લેણાદેણાનો લેખ.

Se-date′, સિડેટ, *a.* (L. *sedo* I allay) calm, serious. શાંત, ગંભીર, વિચારશીળ.

Sed′a-tive, સેડેટિવ્, *a.* composing. શાંતિકારક, શમક.

Sed′en-tar-y, સેડંટરિ, *a.* (L. *sedeo* I sit) sitting much. ઘણું કે ઘણીવાર બેસી રહેનાર, બેઠાં કરવાનું, બેસી રહેવાના ધંધામાં કાઢેલું.

Sedge, સેજ, *n.* (AS. *secg*) a coarse grass. દાભની જાતનું ઘાસ.

Sed′i-ment, સેડિમેંટ, *n.* (L. *sedeo* I sit) settlement; lees. નીચે બેઠેલો કચરો, મેલ.

Se-di′-tion, સિડિશન, *n.* (L. *se* aside & *eo* I go) tumult, prompting to rebel. સરકારસામું હુલ્લડ–તોફાન, દંગો.

Se-duce′, સિડ્યૂસ, *vt.* (L. *se* & *duco* I lead) to lead astray; corrupt. કુમાર્ગે–ખોટે રસ્તે ચઢાવવું, ભોળવી–ફોસલાવી બગાડવું, ભ્રષ્ટ કરવું, કાઢી જવું.

Sed′u-lous, સેડ્યુલસ, *a.* (L. *sedeo* I sit) diligent. ઉદ્યોગી, ઘણી મહેનત કરનાર, ખંતી.

See, સી, *vt.* (AS. *seon*) to perceive; understand; take care of; visit. જોવું, દેખવું, સમજવું, જાણવું; સાચવવું, સંભાળવું, ફિકર રાખવી; મળવું, મુલાકાત કરવી, દર્શન કરવાં.

Seed, સીડ્, *n.* (AS. *sæd*) that which reproduces plants; semen; original; offspring. બી, બીજ, બીયું; વીર્ય, ધાત; મૂળ, તત્વ; વંશ, પ્રજા, સંતાન, ફરજંદ.

Seed′ling, સીડલિંગ, *n.* plant grown from seed. બીજમાંથી ઉછરેલો છોડ.

Seek,સીક,*vt.*(AS. *secan*)to search for; solicit.શોધવું, ખોળવું, ઢુંઢવું; માગવું, મેળવવા પ્રયત્ન કરવો. [લાગવું, ભાસવું.
Seem,સીમ, *vi.*(AS.*seman* to judge)to appear.દેખાવું,
Seem'ing, સીમિંગ, *a.* specious. ઉપરઉપરનું, દેખીતું, કહેવાતું. *n.* appearance. દેખાવ. [ઘટિત; સારૂં દેખાતું.
Seem'ly, સીમલિ, *a.* becoming; decent. યોગ્ય, લાયક,
Seer,સીર,*n.* (AS.*seon*) one who sees;·prophet. જોનાર, દેખનાર,દ્રષ્ટા;ભવિષ્યવાદી–જ્ઞાતા,પેગમબર. [માં ઉકાળવું–રાંધવું.
Seethe,સીથ,*vt.*(AS.*seodhan*)to boil,decoct.ઉના પાણી-
Seg're-grate, સેગ્રિગ્રેટ, *vt.* (L. *se* & *grex* a flock) to separate, set apart. બીજાથી જુદું રાખવું–કાઢવું–મૂકવું.
Seign'ior, સીનયર, *n.* (L. *senior*) a lord. સીનોર, શેઠ, જાગીરદાર.
Seize, સીઝ, *vt.* (Ger. *sazjan*) to take, lay hold on, snatch. ધસીને પકડી લેવું, ઝુટાવી–પડાવી લેવું, કબજે કરવો.
Sel'dom, સેલ્ડમ, *ad.*(AS.*seldan*) rarely, not often. ફોઈજવાર, કવચિતજ.
Se-lect', સિલેક્ટ, *vt.* (L. *se* aside & *lego* I gather) to choose, pick out.વીણી–ચૂંટી કાઢવું, પસંદ કરવું. *a.* well chosen. પસંદ, તોફા, પસંદ કરી કરેલું. [કાઢવું તે.
Se-lec'tion, સિલેક્શન, *n.* choice. પસંદ કરેલી વસ્તુ, વીણી
Self,સેલ્ફ,*n.* (AS.) one's own person. પંડ, જાત, આત્મ, સ્વ. *a.*same, very. તેજ.
Self-de-ni'al, સેલ્ફડિનાઅલ,*n.* the denial of personal gratification. મન મારવું તે, મન વશ રાખવું તે.

Self-ev'i-dent, સેલ્ફ્એવડંટ, *a.* clear, plain, needing no proof. પ્રત્યક્ષ, સ્પષ્ટ, એની મેળે સમજાય-જણાય એવું.

Self'ish, સેલ્ફિશ, *a.* having view to own interest. મતલબી, આપસ્વાર્થી, એકલપેટું, સ્વારથિયું.

Self'ish-ness, સેલ્ફિશનેસ, *n.* care for self, self interest. સ્વાર્થ, મતલબીપણું, એકલપેટાપણું.

Self'same, સેલ્ફસેમ, *a.* identical. તેજ, એજ, એનુએજ.

Self-will, સેલ્ફ્વિલ, *n.* one's own will, obstinacy. હઠીલાઈ, દુરાગ્રહપણું, જીદ.

Sell, સેલ, *vt.* (AS. *sellan*) to give for a price; betray. વેચવું, વેચવું સાટવું; પૈસા ખાઈ નિમકહરામીથી પારકાને આપવું.

Sel'vage, સેલ્વેજ, *n.* (*self-edge*) edge of cloth. લુગડાની કોર.

Sem'blance, સેમ્બ્લન્સ, *n.* (L. *similis* like) likeness; form. મળતા-સરખાપણું, આભાસ; રૂપ, ડોળ, આકાર, દેખાવ.

Se'men, સિમેન, *n.* (L. *satum* to sow) seed. વીર્ય, રેતસ.

Sem'i, સેમિ, (L.) a prefix meaning half. અર્ધ, અડધું.

Sem'i-cir-cle, સેમિસર્કલ, *n.* (L. *semi* & circle) half circle. અર્ધગોળ-વર્તુલ. [marked thus (;) અર્ધવિરામ.

Sem'i-co-lon, સૅમિકોલૅાન, *n.* (L. *semi* & colon) a point

Sem'in-ar-y, સેમિનઍરિ, *n.* (L. *semen* seed) a school. નિશાળ, વિદ્યાલય, પાઠશાળા.

Sen'-ate, સેનેટ, *n.* (L. *senex* old) a legislative body. કાયદા ઘડનાર-રાજ્ય મંડળી, કારભાર કરનારૂં મંડળ. [ળીનો સભાસદ.

Sen'a-tor, સેનેટોર, *n.* a member of a senate. રાજ્ય મંડ-

Send, સેંડ, *vt.* (AS. *sendan*) to despatch; cast; cause to happen; grant. મોકલવું, રવાને કરવું; ફેંકવું, છોડવું; નાખવું, પાડવું; કરવું. [પણ, ઘરડાપો; વૃદ્ધાવસ્થા.

Se-nil'i-ty, સિનિલિટિ, *n.* (L. *senis* old) old age. ઘડ-

Se'ni-or, સિનિઅર, *a.* older in age or office. ઉમ્મરે કે હોદ્દે—પાયરીએ મ્હોટું—ચઢતું, વડીલ. *n.* elder. વડીલ પુરૂષ.

Se-ni-or'i-ty, સિનિઑરિટિ, *n.* priority in age or office. વડીલ—મ્હોટાપણું; હોદ્દામાં અવલ—ચઢતાપણું. [સોનામુખી.

Sen'na, સેના, *n.* (Ar. *sena*) a leguminous plant,

Sen-sa'tion, સેન્સેશન, *n.* (L. *sentio* I feel) impression; feeling. ઈંદ્રિયબોધ—ભાન—જ્ઞાન; મનની વ્યાકુળતા.

Sense, સેન્સ, *n.* faculty of feeling; apprehension; understanding; opinion; meaning. ઈંદ્રિય, ઈંદ્રિયદ્વારે જ્ઞાન—બોધ; સમજ, જાણપણું, બુદ્ધિથી ભાન; અક્કલ, સમજણ; મત, વિચાર, અભિપ્રાય; અર્થ, માયનો, ભાવ.

Sense'less, સેન્સલેસ, *a.* void of feeling; ignorant, stupid. બેશુદ્ધ, બેભાન, નિશ્ચેતન; મૂર્ખ, અજ્ઞાન, બેવકૂફ, જડ.

Sen'si-bil-i-ty, સેન્સિબિલિટિ, *n.* acuteness of feeling. શુદ્ધિ, ભાન, ચેતન; હૃદય—મનનું કોમળ—તીખાપણું.

Sen'si-ble, સેન્સિબલ, *a.* perceiving by senses; delicate; cognisant; wise. લાગે એવું, જણાય એવું, ઈંદ્રિયગોચર, શુદ્ધિ—ભાનવાળું, સચેતન; બારીક, શીઘ્રસૂચક—ગ્રાહક; જાણ, માહિત; સમજુ, સુજ્ઞ, ડાહ્યું, વિવેકી, બુદ્ધિવાન.

Sens'i-bly, સેન્સિબ્લિ, *ad.* preceptibly; sensitively;

judiciously. જણાય–સમજાય–ખબરપડે એમ; તીખાસથી, કોમળપણાથી, નરમ થઈ જઈને; ડહાપણ–વિવેક–સમજથી.

Sens'it-ive, સેન્સિટિવ્, *a.* having sense or feeling. ભાન–શુદ્ધિ–ચેતનાવાળું, તરત ઘણું લાગે એવું, ખારૂં, તીખું.

Sens'u-al, સેન્સ્યુઅલ, *a.* affecting the senses; carnal. શારીરિક, ઈંદ્રિયોનું; વિષયી, લંપટ.

Sent'ence, સેંટેન્સ, *n.* (L. *sentio* I feel) judgment; opinion; saying; series of words. શિક્ષાનો ઠરાવ, ટેપ; અભિપ્રાય, મત, વિચાર; નીતિવચન, સૂત્ર; વાક્ય, *vt.* to doom. ને શિક્ષા કરવી. [વાક્યમય–વાળું–ના છેડાનું.

Sen-ten'ti-al, સેંટેનશિયલ, *a.* comprising sentences.

Sen-ten'ti-ous, સેંટેનશિયસ, *a.* short and pithy. ટુંકું ને માર્મિક. [કલ્પના, તર્ક, નરમ હૈયું; મત, વિચાર, અભિપ્રાય.

Sen'ti ment, સેંટિમેંટ, *n.* feeling; opinion. મનોભાવ,

Sen'ti-nel, સેંટિનેલ, *n.* (L. *sentire* to perceive) one on guard. પહેરેગીર, પહેરો કરનાર.

Sep'ar-ate, સેપરેટ, *vt.i.* (L. *se* aside & *paro* I make ready) to disunite, sever from rest. જુદું–વિખુટું–નિરાળું કરવું–પાડવું; જુદું થવું–પડવું. *a.* distinct, divided. જુદું, નોખું, ભિન્ન.

Sep-ar-a'tion, સેપરેશન, *n.* disjunction; putting apart; divorce. વિયોગ; જુદું રાખવું તે; છૂટાછેડા, તલાખ.

Sep'ul-chre, સેપલકર, *n.* (L. *sepelio* I burn) a grave, a tomb. કબર, ઘોર, રોજો, દેહરી. [પૃથ્વીદાહ.

Sep'ul-ture, સેપલટ્યૂર, *n.* act of burying. દાટવું તે,

Se'quel, સિક્વલ, *n.* (L. *sequor* I follow) result; part that follows. પરિણામ, છેવટ; ઉત્તર-પાછલનો ભાગ.

Se'quence, સિક્વેન્સ, *n.* succession, series; result. પૂર્વાપર સંબંધ, અનુક્રમ; પરિણામ, અનુમાન.

Se-ques'ter, Se-ques'trate, સિક્વેસ્ટર, સિક્વેસ્ટ્રેટ, *vt.* (L. *sequester* umpire) to put aside. જુદું-વેગળું મૂકવું, જપ્ત કરી ત્રીજાના હાથમાં રાખવું.

Se-ragl'io, સિરૅલિયો, *n.* (L. *sera* a bar) a place for Sultan's wives; harem. સુલતાનની સ્ત્રીઓમાટેનો મહેલ; જનાનખાનું, અંતઃપૂર.

Ser'aph, સેરૅફ, *n.* (Heb. *saraph* to be eminent) angel of highest order. સૌથી ચઢત દરજ્જાનો દેવદૂત-ફિરસ્તો.

Sere, સીર, *a.* (see sear) dry, withered. સૂકું, કરમાયલું.

Se-rene', સીરીન, *a.* (L. *serenus* calm) quiet; peaceful. સ્વચ્છ, નિર્મળ, શાંત, અવ્યગ્ર, સ્વસ્થ.

Se-ren'i-ty, સિરિનિટિ, *n.* clearness, calmness. સ્વચ્છપણું, શાંતિ, સ્વસ્થપણું.

Serf, સર્ફ, *n.* (L. *servus*) a slave. ખેતીકામમાં લગાડેલો ગુલામ, દાસ.

Serge, સર્જ, *n.* (L. *sericus* silken) thin woollen stuff. બારીક ઉનનું એક કપડું.

Ser'geant, સાર્જેંટ, *n.* (L. *servio* I serve) non-commissioned officer; a lawyer of the highest rank. હવાલદાર, નાયક, કવાયત શિખવનાર જમાદાર; ઉંચી પદવીનો વકીલ.

Se'ries, સીરીઝ, *n.* (L.) order, course. માળા, ક્રમ, હાર, પરંપરા.

Se'ri-ous, સીરિઅસ, *a.* (L. *serius*) sober, grave,

weighty; dangerous. ગંભીર, મશ્કરી કે હાસ્ય વગરનું; ભારે, મ્હોટું, નાનીસૂની નહિ એવી; હાનીકારક, જોખમભરેલું.
Ser'mon, સર્મન, *n.* (L. *sermo* speech) a discourse. ધર્મોપદેશ, શિખામણ. [અજગર, નાગ.
Ser'pent, સર્પેંટ, *n.* (L. *serpo* I creep) a snake. સાપ, હેરૂં,
Se'rum, સિરમ, *n.* (L.) watery part of blood or milk. લોહી કે દૂધનો મવાહી પાતળો અંશ.
Serv'ant, સર્વંટ, *n.* (L. *servio*) a person employed for labour. ચાકર, સેવક, દાસ.
Serve, સર્વ, *vt.* to work for; worship; suit; minister to; attend at meals. answer for; behave towards. ચાકરી–સેવા કરવી, નોકરી બજાવવી; ભક્તિ કરવી; સાધવું, સારવું, થી થવું–સરવું; તાબામાં–હાથનીચે કામ કરવું; ભાણું પીરસવું, પીરસવા રહેવું, ખાવાનું આપવું; કામમાં આવવું, ચાલવું; જોડે વર્તવું.
Ser'vice, સર્વિસ, *n.* labour; worship; duty; benefit; respect; set of vessels. ચાકરી, નોકરી; ઇશ્વરસેવા, ભક્તિ, ભજન; ફાયદો, ઉપયોગ, કામ; નમસ્કાર, બંદગી; જમવાનાં વાસણ. [પયોગી, કામનું; ગુણકારી, ફાયદા–નફાકારક.
Ser'vice-a-ble, સર્વિસએબલ, *a.* useful, beneficial. ઉ-
Ser'vile, સર્વાઇલ, *a.* slavish; dependent; meanly submissive. ગુલામજેવું, દાસવત, અધમ; પરવશ, પરાધીન, પરતંત્ર; ખુશામતિયું, હાજીહા કરનારૂં, બહુમરજીરખુ.
Ser-vil'i-ty, સર્વિલિટિ, *n.* mean submissiveness. ગુલામગીરિ, પરવશપણું, પરતંત્રતા. [ખીદમતગાર.
Serv'i-tor, સર્વિટર, *n.* a servant, attendant. ચાકર,

Serv'i-tude, સર્વિટ્યૂડ, *n.* dependence, slavery. પર વશતા, બંધન, ગુલામી, ચાકરી.

Ses'a-me, સેસમિ, *n.* (L. *sesamum*) a seed. તલ.

Ses'sion, સેશન, *n.* (L. *sedeo* I sit) sitting of court. કોર્ટ કે મંત્રી સભાની બેઠક, બેઠકની મુદત, બેઠેલા હોવું તે.

Set, સેટ્, *vt.* (AS. *settan* to sit) to put, fix, place; attach to; make fast; embarass; appoint. મૂકવું, રાખવું, બેસાડવું, ગોઠવવું, ચોઢવું, દાટવું; જડવું; કરવું, નાખવું; વળગાડવું; દઢ-નિશ્ચલ કરવું; ગુંચવવું, ગુંચવાવવું, ઠરાવવું, નિમવું. *vi.* to sink as sun; apply. આથમવું, અસ્ત પામવું; મચવું, મંડવું, લાગવું. *a.*, regular; established. નિયમ-રીત સર, ચાલતું, દૃઢ; સ્થાપિત, કાયદા પ્રમાણેનું. *n.* assortment; group; direction. જોડ, ગંજ, એકઠ્ઠતમાં આવે એવા બધા પદાર્થનો સમુહ; જૂથ, મંડળ, ટોળું; માર્ગ, રસ્તો, ઓઘ, પ્રવાહ.

Set'off, સેટ્ઑફ, *n.* counterbalance. સામો પડછો-દાવો.

Sett'er, સેટ્ટર, *n.* a dog for hunting. બેસી ટુંટીઆ વાળી શિકાર બતાવનાર કુતરો.

Set'tle, સિટ્લ, *vt.* (from *set*) to establish; determine; adjust; colonize; subside. ધંધેરોજગારે-રસ્તે પાડવું, રહેવાનું ઠામ પાડવું; નક્કી-નિર્ણય-ઠરાવ કરવો; પતવવું, નો નિકાળ-તોડ કાઢવો, સમજવું; વસાવવું, માં વસ્તી કરવી; ઠરવું, રગડો નીચે બેસવો.

Set'tle-ment, સિટ્લમેંટ, *n.* act of settling; colony; jointure; a place settled. રોજગારે પડવું તે, નિવાસ, વસાવવું તે,

પતવવું તે, નિકાલ; થાણું, વાસ, વસ્તી; નક્કી કરીઆપેલું વતન–
જવાઈ, આવક; કાયમ રહેઠાણ. [પાડવું, કાપી જુદું કરવું.
Sev'er, સેવર, *vt.* (L. *separo*) to part forcibly. જુદું–નોખું
Sev'er-al, સેવરલ, *a.* separate; diverse, more than two.
જુદું, નોખું, ઈલાહિદું, પ્રત્યેકનું, અમુક; જુદું જુદું, કેટલાએક.
Sev'er-al-ly, સેવરઍલિ, *ad.* separately. જુદું જુદું, એકએક.
Se-vere', સિવીર, *a.* (L. *severus*) harsh, strict, painful, extreme. સખત, ઉગ્ર, કડક, તીવ્ર, કઠણ, દુ:સહ, ઘણુંજ.
Se-ver'i-ty, સિવેરિટિ, *n.* harshness, rigour, strictness.
સખત–કઠોરપણું, ઉગ્રતા, તીવ્રતા, દુ:સહપણું, નિર્દયપણું, સખતાઈ.
Sew, સો, *vt.* (AS. *siwian*) to join with thread. સીવવું.
Sew'er, સ્યુઅર, *n.* (AS. *sihan* to filter) a drain. મોરી,
નીક, ગટર. [and female. સ્ત્રી પુરૂષનીજાતિ, લિંગ.
Sex, સેક્સ, *n.* (L. *sexus*) the distinction of male
Sex'ton, સેક્સસ્ટન, *n.* (from *sactristan*) grave digger. દેવળમાં ઘોર ખોદવા વગેરેનું કામ કરનાર નોકર.
Shab'by, શૅબિ, *a.* (Ger. *schabig*) worn, ragged; mean, paltry. ફાટેલુંતુટેલું, ચીથરિયું, ફાટેલાં લુગડાં પહેર્યાં હોય તેવું, નીચ, હલકું, તુચ્છ.
Shack'le, શૅકલ, *vt.* (AS. *scawl*) to fetter; bind or impede. હાથપગ બાંધવા, બેડી જડવી, હેડમાં નાખવું; રોકવું, અડચણ થવી–નડવી. [નડતર.
Shack'les, શૅક્લ્ઝ, *n.* fetters, handcuffs. બેડી, હેડ;
Shade, શેડ, *n.* (AS. *scadu*) interruption of light,

screen.છાયા, છાંયડો, ઓળો, ઝાંખારૂં, પડછાયો; પડદો, ઓડું. *vt.* to screen from light; protect; obscure. ઓડા કે ઓળામાં રાખવું; રક્ષણ કે બચાવ કરવો,છુપાવવું; ઝાંખું કરવું.

Shad'ow, શૅડો, *n.* figure formed by interception of light; type.પરછાયો, ઓળો; આભાસ, ખોટો ભ્રમ. *vt.* to shade; protect; represent. છાંયો–રક્ષણ કરવું; દર્શાવવું.

Shad'ow-y,શૅડોઈ,*a.*shady; dark, gloomy; faint; unreal.છાયાળું; અંધકારવાળું,અણજાણ્યું; ઝાંખું, આછું; આભાસમય,ભ્રમભરેલું,કલ્પિત. [ધરી,આંસ;દાંડો,ગાડાની ઉધ–ધોરિયો.

Shaft,શૅફ્ટ,*n.*(AS.*sceaft*)arrow;axis; pole. તીર, બાણ;

Shag'gy, શૅગિ, *a.* (AS. *sceacga* a bush of hair) hairy; rough. વાળવાળું; ખડબચડું, બરછટ.

Shake, શૅક, *vt.* (AS. *sceacan*) to agitate; cause to doubt. હલાવવું, હલાવી નાખવું; ડગમગાવવું, ડોલાવવું.*vi.* to quake, totter. ધ્રુજવું, કાંપવું; ડગવું, ડોલવું, ડગમગવું.

Shall, શૅલ, *vi.* (AS. *scal* I am obliged) an auxiliary verb denoting future tense. ભવિષ્યકાળ દર્શક સહાયકારક ક્રિયાપદ, ૧લા પુરૂષમાં ભવિષ્ય બતાવેછે, ને ૨ જા ને ૩ જામાં હુકમ–મરજી–આજ્ઞા બતાવે છે.

Shal'low, શૅલો, *a.* (from *shelf*) not deep; silly. છાછરૂં, ઉંડું નહિ; નાદાન, ઉપરચોટિયું જોનાર–વિચારનાર.

Sham,શૅમ,*a.*(Ger.*schem* delusive appearance)false, pretended. ખોટું, દેખાડવાનું, માણમાણનું. *n.* pretence. ઢોંગ, પ્રપંચ, ઠગાઈ.

Sham'ble, શૅમ્બલ, *vi.* (Dut. *schampelen* to slip) to walk unsteadily. લથડતાપગે બેઢંગું ચાલવું.

Sham'bles, શૅમ્બલ્ઝ, *n.* (AS. *scamol* a bench) a flesh-market. ખાટકી બજાર. [બેઢંગી ચાલ.

Sham'bling, શૅમ્બ્લિંગ, *n.* a shuffling gait. લથડતી

Shame, શેમ, *n.* (AS. *scamu*) sense or cause of disgrace; dishonour. લાજ, શરમ, લજ્જા; એબ કે શરમની વાત; અપકીર્તિ, બેઆબરૂ, ફિટકાર. *vt.* to cause to blush; reproach. લાજ–એબ લગાડવી, શરમાય તેમ કરવું.

Shame'ful, શેમફુલ, *a.* disgraceful, indecent. લાજવા જેવું, બેશરમ, અમર્યાદ.

Shank, શૅંક, *n.* (AS. *scanc*) the shin; long part of a tool. ઢીંચણથી પુંટી સુધીનું પગનું.હાડકું, પગ; કોઈ પદાર્થની વચલી દાંડી.

Shape, શેપ, *n.* (AS. *scapan*) form, figure. ઘાટ, આકાર, ડોળ, રૂપ, આકૃતિ. *vt.* to form, mould; adjust; conceive. બનાવવું, ઘડવું, ઉત્પન્ન કરવું, ઘાટ કરવો–આપવો; ચલાવવું, વર્ણાવવું, વ્યવસ્થા–રચના કરવી; મનમાં ઉઠાવવું, કલ્પવું.

Shape'less, શેપલેસ, *a.* wanting form. બેડોળ. [સુંદર.

Shape'ly, શેપલિ, *a.* well formed. ઘાટ–ડોળદાર, રૂપાળું,

Share, શેર, *n.* (AS. *scearu*) a part; plough-iron. ભાગ, હિસ્સો, અંશ, પાંતી; હોળનું ચવડું. *vt.* to divide; to have part in. ભાગ પાડવા, વહેંચવું;–માં–નો ભાગ હોવો.

Share'hold-er, શેરહોલ્ડર, *n.* one who holds a share. ભાગી-પાંતિદાર, ભાગિયો. [fellow. એકજાતનું માછલું; ધૂતારો, ઠગ.
Shark, શાર્ક, *n.* (L. *carcharus*) a voracious fish; artful
Sharp, શાર્પ, *a.* (AS. *scearan* to cut) keen, acute; terminating in a point; acid; high; distressing; biting; eager, hungry; fiery; shrewd. ઝીણું, બારીક, ધારવાળું; અણિયાળું; ખાટું, ઝાટકો લાગે એવું; ઉંચું; તીવ્ર, દુ:સહ; કરડું, સખત, મર્મભેદક, હાડલાગે એવું; તલપી રહેલું, ભૂખ્યું કડકડતું; જુસ્સાદાર, પહોંચેલું, પકું. [ચઢાવવી.
Sharp'en, શાર્પન, *vt.* to make sharp. તીક્ષ્ણ કરવું, ધાર
Sharp'er, શાર્પર, *n.* a cheat. સોદો કરવામાં હોશિયાર-ઠગ, ધૂતારો. [તલપી રહેલું.
Sharp'set, શાર્પસેટ, *a.* very hungry. ખાઉંખાઉં કરી
Shat'ter, શૅટર, *vt.* (AS. *scateran* to crack) to break in pieces; derange. ભાંગી ચૂરા કરવા; ગાંડું-દિવાનું કરવું.
Shat'ters, શૅટર્સ, *n.* broken pieces, fragments. ટુકડા, ચૂરા. [fraud. મૂંડવું, હજામત-વતુ કરવું, છોલવું; છેતરવું, ઠગવું.
Shave, શેવ, *vt.* (AS. *seafan*) to cut close, pare off; de-
Sha'ving, શેવિંગ, *n.* a thin slice. પાતળો કકડો, છોડિયું, છોલ.
Shawl, શૉલ, *n.* (Hind.) loose mantle, wrapper. શાલ.
Sheaf, શીફ, *n.* (AS. *sceaf*) a bundle of stalks. પૂળો, પૂળી, ભારો.
Shear, શીર, *vt.* (AS. *sceran* to divide) to clip. ઉન કે વાળ કાતરવા. *pl.* a large scissors. મ્હોટી કાતર.

Sheath, શીથ, *n.* (AS. *sceth*) a scabbard, case. મિયાન, તલવારનું ઘર, રક્ષણ-બચાવનું ઢાંકણ-આવરણ.

Sheathe, શીધ, *vt.* to put in a case; cover; line. મિયાન કરવું-માં ઘાલવું; ઉપર ઘર કરવું-જડવું, મઢવું, પતરાં કે પાટિયાં જડવાં; માંહેથી અસ્તર-ઢાંકણ કરવું-દેવું-લગાવવું.

Sheave, શીવ, *n.* (Ger. *scheibe* a wheel) a wheel in a block. ગરેડીમાંહેનું પૈડું. [છાપરી.

Shed, શેડ, *n.* (SW. *skydd* a defence) a hut. ઝુપડું,

Shed, શેડ, *vt.* (AS. *sceddan*) to spill; cast off skin &c. બહાર કાઢવું, પાડવું, ખરી-પડી જવું; ઉતારવું; માંથી સુગંધ નિકળવી-પસરવી. [કાટ, પ્રકાશ.

Sheen, શીન, *n.* (Sax. *scene* clear) brightness. ચળ-

Sheep, શીપ, *n.* (AS. *sceap*) an animal. ઘેટું, મેંઢું.

Sheep'ish, શીપિશ, *a.* very bashful. બકરી જેવું ગરીબ, નમ્ર, શરમાળ, બીહીકણ. [માત્ર, ફક્ત; પાતળું, ઝીણું.

Sheer, શીર, *a.* (AS. *scir*) mere; thin. તદન, બિલકુલ,

Sheer, શીર, *vi.* (AS. *sceran* to divide) to turn aside. આડું વળવું-ફરવું-ફંટાવું-જવું.

Sheet, શીટ, *n.* (AS. *sceat*) cloth for bed; piece of paper. ચાદર, ચોફાળ; કાગળનો તાવ; પાણીનો પટ; પતરૂં. *n.* largest anchor; last refuge. મહોટું લંગર-બિલાડી; છેલ્લો-મુખ્ય આધાર-આશ્રય.

Sheet'ing, શીટિંગ, *n.* cloth for sheets. ચાદરનું લુગડું.

Shelf, શેલ્ફ, *n.* (AS. *scelfe*) board; shoal. છાજલી, અ-વરાઈ; સમુદ્રમાં ખડક, ખરાબો.

Shell, શેલ, *n.* (AS. *scell*) hard covering. ઉપરનું કઠણ પડ; કાચલી, છીપ. *vt.* to remove the shell; separate. છોડીમાંથી કાઢવું, ફોડવું, ભાંગવું; કણસલામાંથી જુદું કરવું.

Shel'ter, શેલ્ટર, *n.* (Sax. *scyldan* to defend) protection; refuge. રક્ષણ, બચાવ; આશ્રય. *vt.* to protect; cover. બચાવ–રક્ષણ કરવું; સંતાડવું, છુપાવવું.

Shelve, શેલ્વ, *vi.* (AS. *scelfan* to waver) to incline; put aside. ઢળવું, ઢળતું–નમતું હોવું; કોરે–બાજુએ મૂકવું, કાઢી નાખવું. [sheep; swain; pastor. ભરવાડ; ગામડિયો; ધર્મગુરૂ.

Shep'herd, શેપ્હર્ડ, *n.* (sheep &herd) one that tends

Sher'iff, શેરિફ, *n.* (AS. *scir* a shire & *gerefa* ruler) officer in county who executes the law. નાજર, બજાવણી કામદાર. [બચાવ. *vt.* to protect. રક્ષણ કરવું.

Shield, શીલ્ડ, *n.* (AS. *scild*) armour; defence. ઢાલ;

Shift, શિફ્ટ, *n.* (AS. *sciftan* to divide) a change; expedient; fraud; evasion; chemise. ફેરફાર; ઉપાય, યુક્તિ, તોડ; છળ, કપટ; ઉડાવવું–ચુકવવું તે, અખાડા; બૈરાંને માંહે પહેરવાનું બદન. *vt.* to change; transfer; put off; dress in fresh clothes. ફેરવવું, બદલવું; ની જગા–સ્થિતીથી ફેરવવું, ખસેડવું; ઉડાવવું, સમજાવી કાઢવું; લુગડાં બદલવાં. *vi.* to contrive, manage. રસ્તો–યુક્તિ કાઢવી, ફૂટી–ફોડી લેવું, પૂરૂં કરવું.

Shil'ling' શિલિંગ, *n.* (AS. *scilling*) 12 pence. અધે-
લીના મૂલનું અંગ્રેજી રૂપા નાણું. . [ગની નળી.
Shin, શિન, *n.* (AS. *scinu*) forepart of the leg. પ-
Shine, શાઈન, *vi.* (AS. *scinan* to shine) to give
light; to be conspicuous. પ્રકાશવું, ચળકવું; દીપવું,
આગળ પડવું. [જરૂવી; દીપી આવતું, પ્રખ્યાત.
Shin'ing, શાઈનિંગ, *a.* bright; illustrious. ચળકતું, તે-
Shing'le, શિંગલ, *n.* (Ger. *scindel*) a thin board;
loose stones. પાતળું પાટિયું; કાંકરા, મરડિયા. [તા, ત્વ.
Ship, શિપ્, *n.* (AS. *scipe*) a termination. પણુ, પણું,
Ship, શિપ, *n.* (AS. *scip*) a large vessel. વહાણ,
ઝાઝ, બારકસ, નૌકા.*vt.* to put on board; fix. વહાણ-
માં મોકલવું–ચઢાવવું; જડવું, બેસાડવું.
Ship'board, શિપ્બોર્ડ, *ad.* on ship. વહાણમાં–ઉપર.
Ship'wreck, શિપ્રેક્, *n.* destruction of a ship; ruin.
વહાણનું ભાંગવું તે, નૌકાભંગ, ભાંગેલું વહાણ; પૂરેપૂરો નાશ.
Ship'wright, શિપ્રાઈટ, *n.* ship builder. વહાણ બાંધનાર–
બનાવનાર, નૌકાકાર. [પ્રગણું, તાલુકો, જીલ્લો, પ્રાંત, મહાલ.
Shire, શાઈર, *n.* (AS. *scearan* to divide) a county.
Shirk, શર્ક, *vt.i.* (Ger. *schirgen*) to avoid doing. માંથી
નિકળી–છટકી–ઉઠી જવું, કામ ચોરવવું. [ખમીસ," માંહેલી બંડી.
Shirt, શર્ટ, *n.* (Icel. *skirta*) a loose under-garment.
Shiv'er, શિવર, *n.* (L. *schieve*) a little piece. ચુરા,

કકડે–ડી. *vi.* to break to pieces; shake, quake. ભાગી ચૂરા થઈ જવા; ધ્રૂજવું, કાંપવું, થરથરવું, ધ્રૂણવું.

Shoal, શોલ, *n.* (AS. *scolu* a band) a crowd of fishes; sand-bank; shelf. ઝુંડ, ટોળું, સમુહ; રેતીનો ખડક, ખરાબો; સમુદ્રમાં છાછર પાણીની જગા.

Shock, શૉક, *n.* a blow, concussion; offence; 16 sheaves, આચકો; ધક્કો; ઘણો ત્રાસ, કંટાળો, નાખુશી; ૧૬ પૂળા. *vt.* to offend, alarm. કંટાળો ઉપજાવવો, ભડકાવવું. [ઉપજાવે એવું.

Shock'ing, શૉકિંગ, *a.* terrible, offensive. કંટાળો–ચિતળી

Shoe, શૂ, *n.* (AS. *scoh*) covering for foot. પગરખું, જોડો, નાળ. *vt.* to put on shoes. નાળ બેસાડવી–જડવી.

Shoot, શૂટ, *vt.* (AS. *sceotan*) to dart, sprout, discharge a gun. આગળ વધી–ફૂટી નિકળવું; નો પીલો ફૂટવો; છોડવું, તીર–ગોળીથી મારવું. *n.* a branch; sprout. નહાની ડાળી, શાણુગો, પીલો, ફણગો.

Shop, શૉપ, *n.* (AS. *sceoppa* a treasury) a place where things are made or sold. કારખાનું, દુકાન, હાટ. *vi.* to go to shops to buy. માલ હેરવા દુકાનોએ જવું.

Shore, શોર, *n.* (AS. *sceran* to shear) a coast; prop. કિનારો, કાંઠો, તટ, તીર; ટેકો, ટેકણ.

Short, શૉર્ટ, *a.* (AS. *scot*) not long; not protracted; insufficient; scanty; deficient; near; abrupt; brittle. ટુંકું, નહાનું; થોડીવારનું; થોડું, થોડા દિવસ ચાલે એ-

ટલું; ની પાસે ઓછું–ખુટતું હોવું; ઉણું, અધુરૂં; ટુંકડું, નજીક, પાસેનું; ટુંકું, સખત; બરડ, ભુકો થઈ જાય તેવું.

Short'coming, શૉર્ટકમિંગ, *n.* defective performance, deficiency as to duty. કસૂર, ખામી, ખોડ, વાંક.

Short'en, શૉર્ટન, to make shorter; lessen. ટુંકું–થોડું –નહાનું કરવું; ઓછું–કમી–સંક્ષિપ્ત કરવું.

Short'ly, શૉર્ટલિ, *ad.* soon; briefly. થોડા વખતમાં; ટુંકામાં.

Shot, શૉટ્, *n.* (AS.) scot; missile weapon; a marksman. ભાગ, ફાળવણીનો હિસ્સો; ગોળી–ળો; નિશાન તાકનાર –મારનાર.

Shoul'der, શોલ્ડર, *n.* (AS. *sculdor*) a joint connecting arm and body. ખભો, ખાંધ.

Shout, શાઉટ, *vi. t.* (*shoot out*) to cry loudly બૂમ પાડવી. *n.* a loud cry. બૂમ, પોકાર.

Shove, શવ, *vt. i.* to push, urge. આગળ ચલાવવું–ધકેલવું, બાજુએ ખસેડી નાખવું–કાઢવું, હાંકવું, ધકેલવું. *n.* a push. ધક્કો, હડસેલો.

Shov'el, શવેલ, *n.* (AS. *schofl*) a utensil for throwing earth. પાવડા જેવું ઓજાર.

Show, શો, *vt.* (AS. *sceawian* to look) exhibit; prove; direct. દેખાડવું; સાબિત કરવું; રસ્તો બતલાવી લઇ જવું. *n.* spectacle; appearance; parade; likeness; pretext. તમાશો, ખેલ; દેખાવ, જોવું, જણાવું; ડોળ, દંભ, ઢોંગ; રૂપ; બહાનું, આભાસ.

Show'y, શોઈ, *a.* gaudy, fine. ભપકા–દબદબાવાળું, ડોળદાર, શોફદાર, દેખાવડું, ઢોંગી.

Show'er. શાઉઅર, *n.* (AS. *scur*) short fall of rain.

માવઠું, ઝાપટું, વૃષ્ટિ, વરસાદ. *vt. i.* to rain. ઉપર વૃષ્ટિ ક-
રવી, વરસવું, વરસાવવું, વરસી જવું.

Shred, શ્રેડ, *vt.*(AS. *screadian*) to cut in pieces. કાપલી-
ચીંદરડી કરવી. *n.* a long narrow piece. કકડી–કો, ટુકડો.

Shrew, શ્રૂ, *n.* (L. Ger. *schranen* to cry harshly)
an ill-tempered woman. કર્કશા, વઢકારી–આકૂંધ બાયડી.

Shrewd, શ્રૂડ, *a.* sagacious, sly. તીક્ષ્ણ–તીવ્ર બુદ્ધિવાળું–નજરનું.

Shriek, શ્રીક, *n. v.* scream. ચીસ, તીણી–કારમી બૂમ; બૂમ-
–ચીસ પાડવી. [ટીણું, તીક્ષ્ણ, કર્કશ.

Shrill, શ્રિલ, *a.* (Ger. *schrill* sharp, piercing. તીનું,

Shrine, શ્રાઈન, *n.* (L. *scrinium* a case) a box for
sacred relics; sacred place. પવિત્ર વસ્તુ રાખવાનો
કંડિયો–પેટી–સંપુટ; દેવમંદીર, ગૃહ, ભૂમિ.

Shrink, શ્રિંક, *vi.* (AS. *scrincan*) to contract; retire,
withdraw. સંકોચાવું, વળી–ચઢી જવું, કરચલી વળવી; પાછું
હઠવું, અચકાવું, આંચકો ખાવો.

Shriv'el. શ્રિવલ, *vi. t.* (Icel. *skrifl* a thing torn) to
contract in wrinkles. ની કરચલી વળી જવી–વાળવી.

Shroud, શ્રાઉડ, *n.* (AS. *scrud* a garment) a gar-
ment; winding sheet; cover. વસ્ત્ર, લુગડું; કફન, શ-
બને ઓરાડેલી ચાદર; આચ્છાદન, ઢાંકણ, આશ્રય, ઓથો. *vt.*
to conceal; shelter. છુપાવવું, સંતાડવું; ઢાંકવું, ઓરાઢવું.

Shrub, શ્રબ, *n.* (AS. *scrob*) a bush. નહાનો–ગુચ્છાવાળો
છોડ–ઝાડવું. [up. ખભાં ઉંચકવાં–મરડવાં–મચકવાં.

Shrug, શ્રગ, *vt. i. n.* (AS. *rhyg* the back) to draw

Shud'der, શડર, *vi. n.* (Ger. *schaudern*) to shake or shiver with fear. બીહિકથી થરથરવું-કાંપવું, ધ્રૂજવું, ત્રાસવું.

Shuf'fle, શફલ, *vt.* to shove;mix up.આગળપાછળ ધકેલવું -ખોસવું-નાખવું-ફેંકવું; સેળભેળ કરી-ડોહળી નાખવું; ચીપવું. *vi.* to prevaricate, evade. ફરીજવું-બેસવું, ઉડાવવું, યુક્તિ-પ્રપંચ કરવો; રગસ રગસ ચાલવું. *n.* evasion, trick. ઉડાવવાની વાત, ફેંટો, પ્રપંચ.

Shun, શન, *vt.* (AS. *scunian.*) to avoid. વર્જવું, છોડવું, થી વેગળું રહેવું, આવું રાખવું. [કે બીજી બાજુએ વાળવું-લાવવું.

Shunt, શંટ, *vt.* to drive into a railway siding. એક

Shut, શટ, *vt.* (AS. *scyttan*) to close, bar. બીડવું, વાળવું, વાસવું, મીચવું, બંધ કરવું. [ઢાંકણું, ફરેડિયો, ફીરકાં.

Shut'ter, શટર, *n.* that which closes. બારણું, કમાડ,

Shut'tle, શટલ, *n.* (AS. *sceatel*) a weaver's instrument. વણકરનો કાંટલો.

Shy, શાઇ, *a.* (AS. *sceoh*) timid; reserved; cautious.બીહિકણું, ભડકણું; શરમાળ, શરમિંદુ; સાવચેત, ફિકરમંદ, વહેમી, હોંશિયાર. *vi.* to start or fly away. ભડકી-ચમકી પાછું કે બાજુએ હઠવું.

Sib'i-lant, સિબિલંટ, *a.* hissing. સકાર જેવો, ઉષ્મ.

Si'byl, સિબિલ,*n.* (Ger. *sibylla*) a prophetess; gypsy, fortuneteller. ભવિષ્ય કહેનાર સ્ત્રી; ભાગ્ય જોનારી સ્ત્રી.

Sick, સિક, *a.* (AS. *syc*) ill, not well; incline to

vomit; disgusted. આજારી, માંદુ, કાયલી; ઓકારી-ઉલટી-મોળ આવતી હોય તેવું; કંટાળી-કાયર થઈ ગયલું.[કંટાળવું.

Sick'en, સિક્ન, *vi.t.* to fall sick; disgust. આજારી પડવું;

Sick'ly, સિક્લિ, *a.* ailing; feeble. રોગી, માંદુ, રોગનું; નિર્ગત, નબળું. [મરજ, આજાર; ઓકારી, ઉલટી.

Sick'ness, સિક્નેસ, *n.* disease: nausea. મંદવાડ, રોગ,

Sick'le, સિક્લ, *n.* (AS. *sicol*) reaping-hook. દાતરડું.

Side, સાઇડ, *n.* (AS.) margin; broad part; boundary; party; cause; line of descent. કોર, ધાર; બાજુ પાસું; સીમા, ભણી, મેર, ગમ; તરફ, પક્ષ; પડખું, પક્ષ. *a.* lateral; indirect. એક બાજુ-પાસા-સોડનું; પેટાનું, અંતર્ગત, ફંટાતુ, આડું. *vi.* to take part with. પક્ષ પકડવો-લેવો.
ફંટાતુ, આડું. *vi.* to take part with. પક્ષ પકડવો-લેવો.

Side'long, સાઈડલૉંગ, *a.* lateral, oblique. ત્રાંસું, આડું, એક બાજુનું. [line. પક્ષપકડવો તે; લોઢાની સડકનો ફંટાતો ભાગ.

Sid'ing, સાઈડિંગ, *n.* taking part with; rails off main

Si-de're-al, સાઈડિરીઅલ, *a.* (L. *sidus* a star) belonging to stars, starry. તારા-ગ્રહવિષે-સંબંધી.

Si'dle, સાઈડ્લ, *vi.* (*side*) to go side foremost; lie on the side. ભીડમાં બાજુ આગળ કરી ખસવું-જવું; પાસું વાળી સુવું.

Siege, સીજ, *n.* (L. *sedes* a seat) besetting a place. ઘેરો ઘાલવો તે. [લણી-ણો, ચાયણી, ઝારો.

Sieve, સિવ, *n.* (AS. *sife*) a utensil for sifting. ચા-

Sift, સિફ્ટ, *vt.* to pass through sieve; separate; scrutinise. ચાળવું, નિવેડી-ચાળી જુદું કાઢવું; તપાસીને જોવું.
Sigh, સાઈ, *vi.* (AS. *sican*) to breathe deeply; to grieve. ઉંડો-મ્હોટો નિસાસો-સાસ મૂકવો; શોક-ખેદ કરવો, પસ્તાવું. *n.* a deep breath. લાંબો-ઉંડો નિસાસો-સાસ.
Sight, સાઈટ, *n.* (AS. *gesiht*) act, sense, or object of seeing; spectacle. દેખવું તે, જોવું તે, દૃષ્ટિ, નજર, આંખ; તમાશો, રચના, દેખાવ.
Sight'ly, સાઈટલિ, *a.* conspicuous; pleasing to the eye. મોખરાપરનું, બહાર પડતું; દેખાવડું, સારૂં દેખાય એવું, રૂપાળું.
Sign, સાઈન, *n.* (L. *signum* a mark) mark, token, proof; wonder; constellation; memorial. ચિન્હ, નીશાણી, લક્ષણ, સંજ્ઞા; સાબિતિ; ચમત્કાર, કૌતુક, અદ્ભૂત બનાવ; રાશિ; સંભારણું. *vt.* to mark; append name. ઈશારતથી ચેતવવું, સાન-ચિન્હ-ઈસારો કરવો; સહી કરવી.
Sig'nal, સિગ્નલ, *a.* remarkable. જાણવાજોગ, મ્હોટું, ચોગ્ય, નામીચું. *n.* sign giving notice. સાંકેતિક ચિન્હ, ઇશારત, નિશાન, સાન, સંકેત. [પ્રખ્યાત કરવું, °થી પ્રસિદ્ધ થવું.
Sig'nal-ize, સિગ્નૅલ્આઇઝ, *vt.* to make distinguished.
Sig'na-ture, સિગ્નેચર, *n.* a sign; name written. નિશાણ, ખૂણ; સહી, હસ્તાક્ષર, મતું.
Sig'net, સિગ્નેટ્, *n.* seal. મહોર, મુદ્રા.
Sig-nif'i-cance, સિગ્નિફિકન્સ, *n.* meaning; importance. અર્થ, મર્મ, ભાવાર્થ; ઉપયોગીપણું, વજન.

Sig-nif'i-cant, સિગ્નિફિકંટ, *a.* expressive; important. અર્થ-ભાવવાળું-ભરેલું, મર્મસૂચક-વાળું; અગત્યનું, મહોટું.

Sig-nif-i-ca'tion, સિગ્નિફિકેશન, *n.* import, meaning. અર્થ, માયનો, ભાવાર્થ.

Sig'ni-fy, સિગ્નિફાઈ, *vt.* to make known; mean; import. જણાવવું, કહેવું, કહી બતાવવું; નો અર્થ થવો; માંહે છવ-વજન હોવું, અગત્યનું હોવું.

Si'lence, સાઈલેન્સ, *n.* (L. *silere* to be silent) stillness; muteness; secrecy; oblivion. શાંતાકાર, સૂનકાર, શાંતપણું; મૌન, ચુપકી, બોલવું ચાલવું નહિ તે; છુપાપણું; અપ્રસિદ્ધિ. *vt.* to still; appease. ચુપ-છાનું-શાંત-બોલવું બંધ કરવું-રાખવું; નરમ પાડવું.

Si'lent, સાઈલંટ, *a.* still; taciturn; inactive; mute; dormant. મૂગું, નિ:શબ્દ; થોડા બોલું; શાંત, સ્તબ્ધ; અનુચ્ચારિત, ઉચ્ચાર ન થતો હોય એવું; અપ્રસિદ્ધ. [ચકમક જેવું

Si-lic'i-ous, સાઈલિશિઅસ, *a.* (L. *silex* flint) flinty.

Silk, સિલ્ક, *n.* (AS. *seolc*) silkworm's thread; material made of it. રેશમ, હીર; રેશમી કાપડ. *a.* silky. રેશમનું.

Silk'en, Silk'y, સિલ્કન, સિલ્કિ, *a.* made of silk; like silk; soft. રેશમી, રેશમનું, હીરાગળ; રેશમજેવું; નરમ, સુંવાળું.

Sill, સિલ, *n.* (AS. *syl*) basis; threshold. આધાર, પાયો, ઉમર-રો. [foolish. મૂર્ખ, નાદાન, કમઅક્કલ; બેવકૂફીનું.

Sill'y, સિલિ, *a.* (AS. *sælig* happy) weak in intellect;

Silt, સિલ્ટ, *n.* (prov. E.) salt mud or marsh. પાણીમાં બેઠેલો કાદવ-કચરો, ચગું. [જંગલ-વનનું, ઝાડની ઘટા સંબંધી.
Sil'van, Syl'van, સિલ્વૅન, *a.* (L *silva* a wood) of woods.
Sil'ver, સિલ્વર, *n.* (AS. *silfor*) a white metal. રૂપું.
Sim'i-lar, સિમિલર, *a.* (L. *similis*) like. સરખું, મળતું, જેવું.
Sim-i-lar'i-ty, સિમિલૅરિટિ, *n.* likeness. સરખા-મળતાપણું.
Sim'i-le, સિમિલિ, *n.* figure of speech. ઉપમા અલંકાર, દૃષ્ટાંત. [simile. મળતા-સરખાપણું; મુકાબલો; ઉપમા, તુલના.
Si-mil'i-tude, સિમિલિટ્યૂડ, *n.* likeness; comparison;
Sim'mer, સિમર, *vi.* (E. *simper*) to boil gently. ધીમેધીમે ઉકળવું, સણસણવું.
Sim'on-y, સિમૅાનિ, *n.* (from *Simon majus*) crime of buying or selling of church preferment. પાદરીની જગો રૂશવત ખાઈ વેચવા લેવાનો અપરાધ-ગુન્હો-કૃત.
Si-moon', સિમૂન, *n.* (Ar. *samma* to poison) a suffocating wind. ગુંગળાવતો એક પ્રકારનો પવન.
Sim'per, સિમ્પર, *vi.* (Ger. *zimpern* to be coy) to smile affectedly. ડોળ કે ખોટા દંભથી હસવું-મહો મલકાવવું.
Sim'ple, સિમ્પલ, *a.* (L. *sine* without & *plica* a fold) plain; not complicated; intelligible; sincere; artless; silly. સાદું; શુદ્ધ, અમિશ્રિત; સ્પષ્ટ, નિઃસંશય; નિષ્કપટિ, નિખાલસ; ડોળ-પ્રપંચવગરનું; ભોળું, મૂર્ખ, અજ્ઞાન.
Sim-plic'i-ty, સિમપ્લિસિટિ, *n.* singleness; plainness; artlessness. શુદ્ધતા, અમિશ્રિતપણું; સાદાઈ, સ્પષ્ટ-ખુલ્લાપણું; ભોળપણ, નિષ્કપટિપણું.

Sim'pli-fy સિમ્પ્લિફાઈ, *vt.* to make clear. સ્પષ્ટ-ચોખ્ખું કરવું. [ચોખ્ખું, સ્પષ્ટતાથી, સાદીરીતે.

Sim'ply, સિમ્પ્લિ, *ad.* merely; plainly. માત્ર,કેવળ, શુદ્ધ;

Sim'u-late, સિમ્યુલેટ, *vt.* (L. *similis* like) to feign, counterfeit. ઢોંગ ધરવો-કરવો, ઉપરથી દેખાડવું.

Sim-u-la'tion, સિમ્યુલેશન, *n.* hypocrisy. ઉપર કે બહારનો ખોટો ઢોંગ-ડોળ-દંભ.

Sim-ul-ta'ne-ous, સિમલટેનિઅસ, *a.* (L. *simul* at the same time) being or happening at the same time. એકજ વખતે-જોડે હોનાર-બનનાર, સમકાલિક.

Sin, સિન, *n.* (AS. *synn*) act contrary to God's law. પાપ,અધર્મ,પાતક. *vi.* to violate law of God. પાપ કરવું.

Since, સિન્સ, *pre.* after, from the time of. પછી, થી. *ad.* ago, past. ઉપર, થયાં, ને થયું, ત્યારથી આજલગી. *con.* because, in as much. તેથી, કારણકે.

Sin-cere', સિનસીર, *a.* (L. *sine* without & *cera* wax) pure, real, honest, genuine. શુદ્ધ, ચોખ્ખું, ખરા દીલનું, ખરા ભાવનું, નિષ્કપટ, પ્રમાણિક.

Sin-cer'i-ty, સિનસેરિટિ, *n.* honesty. ખરોભાવ-દિલ, શુદ્ધ મન-અંતઃકરણ, પ્રમાણિકપણું. [end of an arc. જ્યા.

Sine, સાઈન, *n.* (L. *sinus*) straight line from one

Sin'e-cure, સિનેક્યૂર, *n.* (L. *sine* & *cura* care) office with pay but without employment. બેઠી-કામ વગરની ચાકરી.

Sin'ew, સિન્યુ, *n.* (AS. *sinu*) tendon, muscle; strength. સ્નાયુ; વિર્ય, બળઆપનારૂં.

Sin'ew-y, સિન્યુઈ, *a.* muscular, strong, vigorous. સ્નાયુનું; જબરૂં, બળવાન. [holy, wicked. પાપી, અધર્મી.

Sin'ful, સિન્‌ફુલ, *a.* (AS. *synn*) guilty of sin, un-

Sing, સિંગ, *vt. i.* to utter musical sounds. ગાવું, ગાન કરવું, મધુર–સુસ્વર કાઢવો, કવિતામાં વર્ણવવું. [બાળવું.

Singe, સિંજ, *vt.* (Ger. *sengen*) to scorch. શેકવું, ઉપરથી

Sin'gle, સિંગલ, *a.* (L. *singulus*) only one; alone; unmarried; not twisted. એક, એકજ, એકપણું, એકે; એકલું, છડું; કુંવારૂં; એકવડું.

Sin'gu-lar, સિંગ્યુલર, *a.* only one; uncommon; rare; odd. એકજ, એક વચનનું; અસાધારણ, વિચિત્ર; અનુપમ, જોડાવગરનું; વિલક્ષણ, તુરંગી.

Sin'is-ter, સિનિસ્ટર, *a.* (L.) left; unlucky; bad. ડાબું; અશુભ, અમંગળ, અનિષ્ટસૂચક,દુષ્ટ, ખરાબ,ખોટું, કપટી, પાપનું.

Sink, સિંક, *vt. i.* (AS. *sincan*) to settle; fall, subside, decline. નીચે બેસવું–ઉતરવું–પડવું–દબવું, બુડવું, ડુબવું; ઘટવું, કમી થવું, સમવું; નીચું પાડવું, ખોદવું. *n.* a drain. ગટર, નીક, ખાળકુંડી. [કરનાર.

Sin'ner, સિનર, *n.* (L. *synn*) transgressor. પાપી, પાપ

Sin'u-ous, સિન્યુઅસ, *a.* (L. *sinus*) winding in & out. વાંકુંચુંકું, સર્પાકાર.

Sip,સિપ,*n.vt.i.*(AS.*sipan*)taste with lips.ઓઠથી જરા

જરા પીવું તે કે લીધેલો ઘુંટડો;ચૂસવું, જરાજરા લઈ–નો રસ પીવો.
Sir, સર, *n.* (L. *senior*) address of respect; title.
સાહેબ, જી, મહારાજ, ખુદાવંત; એક ખેતાબ છે. [રાજ, માબાપ.
Sire, સાયર, *n.* father, male parent. બાપ, પિતા, મહા-
Si'ren, સાઈરેન, *n*,(L.)a mermaid noted for singing.
મોહિની–મોહક સ્રી. *a.* enticing. લલચાવનારૂં.
Si-rocc'o, સિરૉકો, *n.* (Ar. *sharaka* to rise) oppressive and relaxing wind. કમકૌવત કરે એવો પવન.
Sirr'ah, સરૅ, *n.* (*sir ha*) a term of reproach. લુચ્ચો, લબાડ, હુરામખોર.
Sir'up, Syr'up, સરપ, *n.* (Ar. *sharab*) vegetable juice boiled with sugar. વનસ્પતિના રસજોડે ઉકાળેલી ખાંડ, ચાસણી. [the same parents. બહેન, ભગિની.
Sis'ter, સિસ્ટર, *n.* (AS. *sweoster*) a female born of
Sis'ter-hood, સિસ્ટરહૂડ, *n.* a socicty of females. એકજ ધર્મ–આશ્રમ–માર્ગની સ્રીઓનું મંડળ. [ખરા હેતવાળું.
Sis'ter-ly, સિસ્ટર્લિ, *a.* becoming a sister. બહેન જેવું,
Sit, સિટ્,*vi.*(AS. *sittan*) to be placed; lie;fit;brood; hold a session. બેસવું; પડવું, પડી રહેવું; બંધ બેસતું આવવું; બેસીને સેવવું; ઉઘડવું, બેસવું.
Site,સાઈટ,*n.*(L.*sistus*)situation.જગા,સ્થાન, સ્થળ,ઠેકાણું.
Sit'ting, સિટિંગ, *n.* a seat. આસન, બેઠક, બેસવાની જગા.
Sit'u-ate, Sit'u-at-ed, સિટ્યુએટ, સિટ્યુએટેડ, *a.* being in any condition.કોઈપણ સ્થિતિમાં આવેલું, ઉપર આવેલું.

Si-tu-a'tion, સિટ્યુએશન, *n.* position; circumstances; office. સ્થાન, જગા; સ્થિતિ, હાલત, અવસ્થા; નોકરી.

Size, સાઇઝ, *n.* (from *assize*) bulk; magnitude. કદ, મહત્વ, વડ, પરિમાણ. *vt.* to arrange by size. કદ પ્રમાણે ગોઠવવું.

Size, સાઇઝ, *n.* (W. *syth* glue) weak glue. પાતળો સરસ, આર, ખેળ. *vt.* to cover with size. આરદેવો–ચઢાવવો.

Skate, સ્કેટ, *n.* (Dan. *schaats*) a sliding shoe. બરફ-પર ચાલવાનો જોડો. [ટી, કોકડી, કોકડું.

Skein, સ્કીન, *n.* (Fr. *escaigne*) hank of thread. આં-

Skel'e-ton, સ્કેલિટન, *n.* (Gr.) bones of animals; frame. હાડપિંજર, શરીરનું ખોખું, હાડકાનો માળો; ખરડો, ડોળિયું, ખોખું.

Sketch, સ્કેચ, *n.* (L. *schedium* extemporaneous poem) an outline, rough draft. ખોખું, ડોળિયું, ખરડો. *vt.* to trace in outline. ખોખું–ખરડો કરવો, મુખ્ય મુખ્ય વાત કહેવી. [pin to fasten meat. સોયો, સળિયો.

Skew'er, સ્કયુઅર, *n.* (Ger. *skeev* a bit of straw) a

Skiff, સ્કિફ, *n.* (Ger. *schiff*) a small light boat, a yawl. નહાનો મછવો, હોડકું, નાવ.

Skil'ful, સ્કિલફુલ, *a.* (AS. *scilian* to separate) experienced, dexterous. ચતુર, કુશળ, કાબેલ, કસબી, આવડતવાળું. [ચતુરાઇ, હાથકસબ.

Skill, સ્કિલ, *n.* familiar knowledge. જ્ઞાન, બુદ્ધિ, સમજ,

Skilled, સ્કિલ્ડ, *a.* having ability. ચતુર, કુશળ, કાબેલ, પ્રવીણ. [કાળવાનું નહાનું વાસણ.

Skill'et, સ્કિલેટ, *n.* (Fr. *ecuelle*) a small boiler. ઉ-

Skim, સ્કિમ્, *vt.* (Fr. *ecume*) to removo scum; to touch. ઉપરથી મેલ–કચરો જૂદો કરવો–તારવી કાઢવો; જોડે ઘસડાઇને જવું, ઉપર ચોટિયું જોઈ જવું.

Skin, સ્કિન્, *n.* (AS. *scinn*) covering of flesh; bark. ચામડી–ડું, ખોળિયું, ખાલ; છાલ. *vt.* to flay, peel. ચામડી ઉતારવી; છાલ–છોતરાં ઉખેડવાં.

Skip, સ્કિપ્, *vi.*(Sw. *skimpa* to run)to leap lightly; omit. કૂદવું, છલંગ–ઠેકડો મારવો;મૂકી દેવું.*n.*a leap over. કુદકો, કુદકારો.

Skir'mish, સ્કર્મિશ્,*n.*(Fr.*eskermir* to fence) a slight battle;contest.થોડી મારામારી,લડાઈ,ટપાટપી;કજીયો,ઝગડો.

Skirt, સ્કર્ટ, *n.* (AS. *scyrtan* to shorten) border; lower part of gown. કોર, છેડો; ઘેર, ઝૂલ, ચાળ.

Skitt'ish,સ્કિટિશ્,*a.*(AS.*sceotan* to shoot) timorous, wanton; ficklo.,બીહીકણ઼ું, શરમાળ; ઉડાઉ, ઉડેલ, ઢંગધગરનું,વાએલ; ચંચળ વૃત્તિવાળું, જરામાં ફરી જાય એવું, અસ્થિર.

Skulk, સ્કલ્ક, *vi.* (Dan. *skulke* to save one's self) to lurk, hide. સંતાઈ–છુપાઈ–ભરાઈ રહેવું, નહાસતાં ફરવું.

Skull, સ્કલ, *n.* (Gor. *scuilla*) bone that incloses the brain. માથાની ખોપરી, તાલકું, કાચલી.

Skull'cap, સ્કલકૅપ્, *n.* a head-piece.તાલકા–ટપલા ટોપી.

Sky, સ્કાઇ, *n.* (Sax. *scio*) the aerial region; weather. વાદળ, આકાશ, આભ; હવા.

Sky'light, સ્કાઇલાઇટ, *n.*a window in a roof or deck.

છાપરા કે ધાબામાં ઉપરથી અજવાળું આવવા મૂકેલી—આકાશ બારી. [piece. છાટ, શીળા, નિસાર.

Slab, સ્લૅબ્, *n.* (W. *llab* a thin slip) a thin flat

Slack, સ્લૅક્, *a.* (AS. *sleac*) not tense;remiss; slow. ઢીલું, નરમ; ગાફેલ, સુસ્ત; ધીમું, મંદ. *n.* a small broken coal. કોલસાની ઝીણી ભૂકી—કકડી.

Slacken, સ્લૅક્ન, *vi.* to relax, loosen. નરમ—ઢીલું—પોચું થવું—પડવું, ગાફેલ—પછાત રહેવું, ધીમું—મંદ થવું. [કચરો—મેલ.

Slag, સ્લૅગ, *n.* (Sw. *slagg*) dross of metal. ધાતુનો

Slake, સ્લેક, *vt.* (AS. *leccan* to wet) to quench; wet and reduce to powder. બુઝવવું, હોલવવું, છાંટવું, છીપાવવું, ભાંગવું, મટાડવું; પાણી નાખી ચુનાને પલાળવો—ભૂકો કરવો. [force. ઠોકી—પછાડી—ધબોધબ બંધ કરવું.

Slam, સ્લૅમ્, *vt.* (E. *lam* to beat) to shut with

Slan'der, સ્લૅંડર, *n.* (Gr.*skandalon*) defamation. જૂઠી નિંદા—બદગોઈ—અપવાદ. *vt.* to defame. જૂઠી નિંદા કરવી, આબરૂ લેવી, ખોટું દૂષણ લગાડવું. [કરનાર, દૂષણ લગાડનાર.

Slan'der-er, સ્લૅંડરઅર, *n.* a defamer. નિંદા—ખોટી ચાડી

Slan'der-ous, સ્લૅંડરસ, *a.* defamatory. નિંદા—ચુગલીખોર, આબરૂ લેવાનું. [નીચવર્ણની સાધારણ વાતચીતની બોલી—શબ્દ.

Slang, સ્લૅંગ, *n.* (L. *lingua* tongue) vulgar cant. હલકી—

Slant, સ્લૅંટ, *vt. i.* (Sw. *slinta* to slide) to slope. ઢળતું—નમતું—ત્રાંસુ કરવું—હોવું.

Slap, સ્લૅપ્, *n.* (Ger. *slappe*) a blow with some-

thing flat. લપડાક, થોલ, તમાચો, થપ્પડ, ઝપાટો. *vt.* to strike with open hand. તમાચો મારવો.

Slash, સ્લૅશ, *n.* (Icel. *slasa* to injure) a long cut. લાંબો કાપો, ચીરો, વાઢ, ગમે તેમ કરેલો કાપ. *vt.* to cut. ગમે તેમ કાપી લાંબા કાપ–ચીરા કરવા.

Slate, સ્લેટ, *n.* (Fr. *eclat* to splinter) a plate of stone; a plate for writing or roofing. સ્લેટનો–જેવો પથ્થર; પથ્થરપાટી, સ્લેટ; છાપરાપર જડવા ઉતારેલી સ્લેટની છાટ.

Slatt'ern, સ્લૅટર્ન, *n.* (Ger. *schlotterig* slovenly) untidy woman. ગંદી–ફુઅડ સ્ત્રી.

Slaugh'ter, સ્લોટર, *n.* (Ger. *schlachter* a butcher) carnage. કતલ, સંહાર, કાપાકાપી, વધ, ઘાત, હત્યા. *vt.* to slay; butcher. સંહાર–કતલ કરવી; મારી નાખવાં, મારવું, ઘાત કરવો. [હુંડો, ગુલામ, દાસ; વૈતરો, વેઠિયો, મજુર.

Slave, સ્લેવ, *n.* (Ger. *sclave*) a bond-servant; drudge.

Slav'er, સ્લેવર, *n.* a slave-ship. ગુલામ લાવનારૂં–લઈ જનારૂં વહાણ. (Ger. *schlabbern* to lap) spittle, drivelling. મહોંમાંથી નિકળતી લાળ–થુંક–ઘાત. *vi. t.* to slabber, drivel. લાળ ગળવી, ઘાત ચૂવી, લાળથી ખરેડવું–બગાડવું. [ધીનતા, પરવશતા.

Sla'ver-y, સ્લેવરિ, *n.* bondage. ગુલામગીરિ, હુંડાપણું, પરા-

Slav'ish, સ્લેવિશ, *a.* servile; laborious. ગુલામજેવું, હુંડજેવું; અતિમહેનત–વૈતરા–મજુરીવાળું. [નાખવું.

Slay, સ્લે, *vt.* (AS. *slahan* to strike) to kill. મારી

Sledge, સ્લેજ, *n.* a large hammer. મ્હોટી ભારે હથોડી.
Sled, Sledge, સ્લેડ્, સ્લેજ્, *n.* (AS. *slidan* to slide) carriage on runners. બરફપર ચલાવવાની વગર પૈડાની ગાડી.
Sleek, સ્લીક, *a.* (Icel. *slikia* to smooth) smooth, glossy. લીસું, સુંવાળું, સાફ, ચળકીવાળું.
Sleep, સ્લીપ, *vi.* (AS. *slæpan*) to repose, to be unconcerned or at rest. ઉંઘવું, ગાફેલ—બેદરકાર રહેવું, સ્વસ્થ—ટહાડું પડવું—હોવું. *n.* slumber. ઉંઘ, નિદ્રા.
Sleep'er, સ્લીપર, *n.* one who sleeps; beam laid on ground. ઉંઘણસી, આળસુ—એદી માણસ; સલેપાટ.
Sleep'y, સ્લીપિ, *a.* drowsy; dull; soporiferous. ઉંઘરાળું, ઉંઘાકળું; એદી, આળસુ, સુસ્ત, ધીમું; નિદ્રાજનક—આવે તેવું.
Sleet, સ્લીટ, *n.* (AS. *slahan* to strike) rain mixed with snow. કરા કે હીમકણ ભેગો વરસાદ. [of arm. બાંય.
Sleeve, સ્લીવ, *n.* (AS. *slefan* to put on) covering
Sleigh, સ્લે, *n.* See Sled.
Sleight, સ્લિટ્, *n.* (Eng. *sly* cunning) trick, dexterity. હાથચાલાકી, ચતુરાઈનો—નજર ખેલ.
Slen'der, સ્લેંડર, *a.* (Dut. *slinder* thin) slim; slight; spare. પાતળું, નબળું; થોડું, જુજ, લગાર; પેટભરાય નહિ તેવું.
Slice, સ્લાઈસ, *n.* (Ger. *slizan* to slip) thin piece cut off. કાતળી, પહોળો પાતળો કાપી કરેલો કકડો—ટુકડો. *vt.* કાપી કકડા કરવા.
Slide, સ્લાઈડ, *vi.* (AS. *slidan*) to glide along, slip.

લપસવું, લપસી જવું, ઉપરથી સરકી-ધીમે રહી ચાલ્યા જવું. *n.* slippery track. લીસો-સરકણો રસ્તો.

Slight, સ્લાઇટ, *a.* (Ger. *slecht* plain) thin; feeble, weak; trifling. આછું, થોડું, જરા, સહેજ, નબળું, પાતળું; નહાનકડું, નજીવું. *n.* neglect; contempt. અવગણના, જરા તુચ્છકાર-અપમાન, ન ગણકારવું, માન ન આપવું તે. *vt.* to disregard. તુચ્છકારવું, ન ગણકારવું. [હેજ, જરા.

Slight'ly, સ્લાઇટલિ, *ad.* superficially. ઉપર ઉપરથી, સ-

Slim, સ્લિમ, *a.* (Icel. *slamr* bad) slender & long; weak, slight. પાતળુ ને ફુઅળું,નબળું; નજીવું, ખાલી, અમથું.

Slime, સ્લાઇમ, *n.* (AS. *slim*) sticky earth. પોચા ભીની ચીકણી માટી, કાંપ. [માટીવાળું.

Slim'y, સ્લાઇમિ, *a.* viscous, clammy. ચીકણું, ચીકણી

Sling, સ્લિંગ, *n.* (Ger. *slinga*) weapon for throwing stones; a throw; support. ગોફણ; જખમી હાથ રાખવાને ઝોળી, સીંકું; સપાટો, ઝપાટો. *vt.* to hurl; hang. ફેંકવું, નાખવું; લટકતું-ઝુલતું રાખવું-ભેરવવું.

Slink, સ્લિંક, *vi.* (AS. *slincan*) to sneak; miscarry. ચોરી છુપીથી-સંતાઈને જતા રહેવું;અધુરે જણવું-જવું, તરવેજવું.

Slip, સ્લિપ, *vi.* (AS. *slipan*) to slide, glide; sneak; err. ઉપર લપસી-સરી-ખશી જવું; ચોરીથી-સંતાઈને જતા રહેવું; ચૂકવું, ભૂલવું, નજર ચૂકથી થવું-આવવું. *n.* mistake; narrow piece. નજર ચૂક, ગોથું; ચીપ, છબરકી. [સરગાંઠ.

Slip'knot, સ્લિપ્નૉટ, *n.* a knot that slips. સરકિયું, સટકિયું,

Slip′per, સ્લિપર, *n.* a loose shoe. સપાટ, જોડા.
Slip′per-y, સ્લિપરિ, *a.* smooth; glib, uncertain. લસ-પણું, લસકણું; જેનો ભરોસો નથી-ફરી જાય એવું, અસ્થિર, ચળ.
Slip′shod, સ્લિપશૉડ્, *a.* wearing shoes down at heels; careless. ખડાવગરનું; ઢંગવગરનું. [ચી, ફાડ, કાપ.
Slit, સ્લિટ્, *n.* (AS. *slitan*) a long cut, rent. લાંબો
Sloop, સ્લૂપ, *n.* (Ger. *schlupe*) one masted ship. એ-કડોળી વહાણ.
Slop, સ્લૉપ્, *n.* (Ir. *slaib* mud) spilt-water; mean liquid food. ઢોળાયલું-મેલું-ગંદુ પાણી, ખરડાયલી જગા; નીચો ખાવાનો પ્રવાહી પદાર્થ.
Slope, સ્લોપ, *n.* (AS. *slupan* to slide) declivity. ઢાળ, ઢોળાવ, ઢળતી જગા. *vt. i.* to incline. ઢાળ પડતું કરવું, ઢળતું હોવું.
Slop′ing, સ્લોપિંગ, *a.* inclined. ઢળતું, ઉતરતું, ઢાળ પડતું.
Sloth, સ્લૉથ, *n.* (AS. *slaw* slow) laziness; slowness; an animal. આળસ, સુસ્તી; ધીમા-ધીમાપણું, ઢીલાશ; એક મંદ જનાવર.
Sloth′ful, સ્લોથફુલ, *a.* idle, lazy. સુસ્ત, મંદ, આળસુ, એદી.
Slough, સ્લાઉ, *n.* (AS. *slog* a hollow) muddy place. કાદવવાળી જગા.
Slough, સ્લફ, *n.* (Ger. *sluch* skin) cast skin of a serpent. સાપે ઉતારેલી કાંચળી, ગુમડાપરનું મરેલું ચામડું-માંસ. *vi.* to separate from. ઉખડી જવું-પડવું.
Slov′en, સ્લવન, *a.* (Ger. *sluj* slow) untidy person. ગંદો-મેલો-પહેરવા ઓઢવામાં ઢંગ વિનાનો માણસ.

Slow,સ્લો, *a.* (AS. *slaw*) not quick or prompt.ધીમું, મંદ, ધાંધું,જડ, ચકોર–ચંચળ નહિ એવું,ઠંડું,વિચારશીળ, તરત ન કરે એવું.

Slug,સ્લગ્,*n.* snail without shell.એક જાતની ગોકળગાય.

Slug'gard,સ્લગર્ડ,*n.*a lazy man.સુસ્ત–આળસુ માણસ,એદી.

Slug'gish, સ્લગિશ્, *a.* slow; lazy. ધીમું, મંદ, ધાંધું; આળસુ, સુસ્ત, એદી. [આવવાનો દરવાજો–બારણું, રસ્તો, બાકું.

Sluice, સ્લૂસ, *n.* (Dut. *sluis*) floodgate. પાણી જવા-

Slum'ber, સ્લમ્બર, *n.* (AS. *sluma*) light sleep. જરા આરામ, સુખ નિદ્રા, સહેજ ઉંઘ. *vi.* to dose. સહેજ ઝોકું ખાવું–ઉંઘવું, જરા પાસું મરડવું.

Slur, સ્લર, *vt.* (Icel. *slor*) to soil; conceal. ડાઘ–કલંક –એબ લગાડવો, જરા બે આબરૂ કરવું; છુપાવવું, મૂકી દેવું. *n.* disgrace. ડાઘ, કલંક, ગેરીઅત, ઓછાપણું. [ફુએડ સ્ત્રી.

Slut, સ્લટ, *n.* (E. *slout*) untidy dirty woman. ગંદી–

Slutt'ish, સ્લટિશ્, *a.* negligent, dirty. ગંદુ, ફુએડ.

Sly, સ્લાઈ, *a.* (Ger. *slou*) cunning, crafty પક્કું, ખંધું, લુચ્ચું, પ્રપંચી, પેચવાળું.

Smack,સ્મૅક્,*n.*(AS. *smeccan* to taste) a kiss; blow; taste.બચ્ચીનો બચકારો; સડાકો, લપડાક,ધોલ; સ્વાદ; નહાનું વહાણ. *vi.* to kiss; taste; crack as a whip. ઓઠથી બચકારી બચ્ચી કરવી, બચકારવું; સ્વાદ–પાસ હોવો; ચાબુકનો સડાકો બોલાવવો.

Small, સ્મોલ, *a.* (AS.) little; trifling, short; weak,

slender. નહાનું, થોડું; સહેજ, નજીવું, તુચ્છ; ટુંકું; ઝીણું, નબળું, ઠંડું. [સીયડ, બળિયા, માતા, દેવી.

Small'pox, સ્મોલપૉક્સ, *n.* an eruptive disease. શીતળા,

Smart, સ્માર્ટ, *a.* (Ger.) pungent; keen; quick; vigorous; shrewd; showily dressed; brisk. તીવ્ર, તીખું, તમતમાટ, તડતડાટ; આકરૂં, બારીક; સપાટાબંધ, ઉતાવળું, તડાતડીવાળું; ચકોર, ચાલાક; તરત જવાબી, ટોળી, મશ્કરો; ફક્કડ, છેલ, અક્કડબાજ; તાજો. *vi.* to feel sharp pain. લાહ્ય બળવી, ચચરવું, દુ:ખ–ખેદ થવો.

Smash, સ્મૅશ, *vt.* (It. *smassare* to crush) to dash to pieces. કચરઘાણ–ચુરેચુરા કરી–કચરો નાખવું.

Smatt'er, સ્મૅટર, *vi.* (Ger. *schmettern* to dash) to talk superficially. વગર સમજે બોલવું–બકવું–ભરડવું, ઉપરચોટિયુ જ્ઞાન હોવું.

Smear, સ્મીર, *vt.* (AS. *smerwian*) to daub, soil. ખરડવું, લપેડવું, ચોપડવું, લગાડવું, ડાઘ–કલંક લગાડવું.

Smell, સ્મેલ, *n.* (Ger. *smellen* to smoke) one of 5 senses; scent. સુંઘવાની ઈંદ્રી; વાસ, ગંધ, બો. *vt.* to perceive by nose. સુંઘવું, વાસ લેવી–આવવી, ગંધથી જાણવું.

Smelt, સ્મેલ્ટ, *vt.* (Dut. *smelten*) to melt ore. ધાતુનો કચરો ઓગાળવો–ગાળવો; સુંદવું.

Smile, સ્માઈલ, *vi.* (Dan.) to laugh slightly; sneer; look gay; to be propitious. જરા હસવું, મહો મલકાવવું, ખુશ થવું; હસી કાઢવું; તુચ્છકારવું; ખુશકારક–મનોહર–

રમણીય હોવું; ઉપર મેહેરબાન–તુષમાન થવું–હોવું. *n.* pleasant look; favour. રમણીય–મનોહર દેખાવ; મહેરબાની, કૃપા; મહોનો મલકાટ, હસવું તે.

Smite, સ્માઇટ, *vt.* (AS. *smitan*) to strike; kill; defeat; blast; afflict. મારવું; મારી નાખવું; હરાવવું, પરાજય કરવો; ઝુડીને પાડી નાખવું; દુ:ખદેવું, શિક્ષા–શાસન કરવું.

Smith, સ્મિથ્, *n.* (AS. *smidh*) worker in metals. ધાતુનું કામ કરનાર, હથોડાથી ઘડનાર. [ઘડવા બેસવાની દુકાન.

Smith'y, સ્મિથિ, *n.* smith's workshop. સોની વગેરેની

Smoke, સ્મોક, *n.* (AS. *smocca*) sooty fume from burning substances. ધુમાડો, ધૂણી. *vi. t.* to emit smoke; use a pipe. ધુમાડો નિકળવો–દેવો; બીડી કે હુક્કો પીવો.

Smooth, સ્મૂથ, *a.* (O. E. *smethe*) even, not rough; gently flowing; bland. સુંવાળું, લીસું; સરળ, તોફાનની હરકત વગરનું; ધીમું, બેઠા ઘાટનું; મીઠું, મધુર. *vt.* to make even; free from harshness; calm. લીસું–સુંવાળું–સહેલું–સરળ કરવું; મધુર–સુસ્વર કરવું, છાવરવું, ઢાંકવું; શાંત પડવું.

Smoth'er, સ્મધર, *vt.* (As. *smorian* to coddle) stifle, suffocate; suppress. ગુંગળાવી–શ્વાસ રૂંધી મારી નાખવું, ગુંગળાવવું; છુપાવવું, દાબી રાખવું.

Smould'er, સ્મોલ્ડર, *vi.* to burn without flame. ધુમાવું.

Smug'gle, સ્મગલ, *vt.* (Sw. *smyga* to introduce secretly) to bring goods secretly. દાણ આપ્યા વગર છાનુંમાનું લાવવું, દાણ ચોરી કરવી.

Smut,સ્મટ,*n.*(AS.*smitta*)soot, foul matter; obscene language.મેશ;કાજળ,મેશનોડાઘ;ફૂગ; ભુંડાળું ભાષણ,બદશકુન, નિર્લજબોલ. [past. ભાગ, હિસ્સો; ઉતાવળો જરા નાસ્તો.

Snack,સ્નેક,*n.* (O. E. *snuck* to snatch) a share; re-

Snail, સ્નેલ, *n.* (AS. *snagel*) a slimy reptile; a drone. ગોકળગાય; એદી-થાંધું-આળસુ માણસ

Snake, સ્નેક, *n.* (AS. *snaca*) a serpent. સાપ, સર્પ.

Snap,સ્નૅપ,*n.*(Ger.*schnappen*)sudden bite or breaking. એકદમ ભરેલું બચકું-ડાકું; એકદમ તૂટી-ભાંગી જવું તે. *vt.* to break short or at once; bite suddenly; crack.વચ્ચેથી-કડાક કે તડદઇને ભાંગવું-તૂટી જવું,સડાક દઇને મારવું; એકદમ બચકું ભરવું; સડાકા-ચપટી-ટચકારી બોલાવવી.

Snapp'ish, સ્નૅપિશ, *a.* eager to bite; sharp in reply, peevish.કરંડવા જાયએવું,કરડકણું; ઉતરી પડે એવું, વાંધાખોર; ચીઢિયું. [to ensnare.જાળથી પકડવું,ફસાવવું,ફાંદામાં નાખવું.

Snare,સ્નેર,*n.*(Dan.) a trap, noose. જાળ, ફાંદો,ફાંસો.*vt.*

Snarl,સ્નાર્લ,*vi.t.*(Dut. *snarren*) to growl; entangle; talk roughly.ઘુરકવું;ગુંચવણમાં નાખવું; બબડવું-અવિવેકરીસથી બોલવું, વાંકું-ચૂક કાઢવી. [ખૂંચવી-ઝૂટાવી-પડાવી લેવું.

Snatch, સ્નૅચ, *vt.* (O. E. *snack*) to catch at hastily.

Sneak, સ્નીક, *vi.* (AS. *snican*) to creep slily; act meanly; hide. છાનામાના નહાસી જવું; નીચપણાથી વર્તવું-કરવું; છુપી જવું, સંતાઈ જવું.

Sneer, સ્નીર, *vi.* (E. *sneer* to grin) to show scorn

by look. ડોળા કાઢી દેખાવથી તુચ્છકાર-અપમાન કરવું, મા-
ર્મિક વચનથી ધિક્કારવું-તરછોડવું. *n.* scornful look. તિર-
સ્કાર-હાંસી કરવા કરેલું મહો-ચહેરો.
Sneeze, સ્નીઝ, *vi.* (AS. fneosan) to eject air through
nose. છીંકવું, છીંક ખાવી. *n.* noisy rush of air through
nose. છીંક. [નસકોરાં બોલે-સંભળાય તેમ શ્વાસ લેવો; સુંઘવું.
Sniff, સ્નિફ, *vt. i.* (Dan. *snuiven*) to snuff; scent.
Snip, સ્નિપ, *vt.* (Dut. *snippen*) to cut off; clip,
nib. કાપવું, કાપી-વેતરી નાખવું, થોડે થોડે લેવું-કાઢવું.
Sniv'el, સ્નિવલ, *n.* (AS. *snofil*) the running of the
nose. નાકનું લીંટ. [in sleep. ઉંઘતાં નસ્કોરાં બોલાવવાં, ઘોરવું.
Snore, સ્નોર, *vi.* (AS. *snora*) to breathe with noise
Snort, સ્નૉર્ટ, *vi.* to force air through nose. નાકવાટે
શ્વાસ લેઈ સુસવાટો કરવો-ઘોરવું.
Snout, સ્નાઉટ, *n.* (L. *snute*) nose of beast; end of
a pipe. જાનવરનું મહો-ડાચું-લાંબુ નાક; ભુંગળી કે નળીનો છેડો.
Snow, સ્નો, *n.* (AS. *snaw*) frozen vapour. હીમ, બરફ.
Snub, સ્નબ, *vt.* (E. *snip* edge) to nip, rebuke; slight. છેડો
કે અણી કાપી નાખવી; ઠપકો દેવો, ધમકાવવું, ખંખેરવું; તરછોડવું.
Snub'nose, સ્નબનોઝ, *n.* a short or flat nose. ચીબું નાક.
Snuff, સ્નફ, *n.* (Ger. *schnuppe*) burnt wick of can-
dle; powdered tobacco. દીવા કે બતીનો મોગરો; તપખીર,
છીંકણી. *vt. i.* to crop a candle; scent; draw into
the nose. મોગરો કાપવો; સુંઘવું; શ્વાસમાં-નો સાસ જોરથી લેવો.

Snuff'ers, સ્નફ્અર્ઝ, *n.pl.* instrument to snuff candles. દીવાનો મોગરો કાપવાની કાતર. [nose. નાકમાં–ગુંગણું બોલવું.
Snuff'le, સ્નફલ, *vi.* (Ger. *snuffeln*) to speak through the
Snug, સ્નગ, *a.* (AS. *snican* to sleep) lying close; concealed; comfortable, neat. દબાઈ–ટુંટિયાંવાળી ર-હેલું; છુપું, સંતાયલું, ગુપ્ત; સુતરૂં, સગવડવાળું; ચોખ્ખું, રૂડું, બેશ.
So, સો, *ad.* (AS. *swa*) thus; in like manner. આમ, આવું, આવડું, આટલું; તેમ, તેવું; તેથી, તેટલા માટે.
Soak, સોક, *vt.i.* (AS. *socian*) to steep, drench. પાણીમાં બોળવું–પલાળી મૂકવું–નાખવું, પાણી વગેરેથી ગરકાવ–તર કરવું.
Soap, સોપ, *n.* (AS. *sape*) compound of oil and alkali. સાબુ. *vt.* to rub with soap; flatter. સાબુ ચોપડવો–લગાડવો; ની ખુશામત કરવી. [ઢવું–જવું–ઉડવું.
Soar, સોર, *vi.* (Fr. *essorer*) to fly aloft. ઉંચે–ઉપર ચ-
Sob, સૉબ્, *n.* (AS. *seofian* to complain) convulsive sigh. ડસકું, ડચકું, શોકનો અવાજ. *vi.* to sigh convulsively. ડસકાં ખાવાં, ડચકાં ખાઈ રડવું.
So'ber, સોબર, *a.* (L. *sobrius*) temperate; not drunk; self-possessed; regular; serious, grave. દારૂ પીવા-માં મધ્યમ, મિતપાની; પીધેલ નહિ એવું, સાવધ; ડાહ્યું, ડાવકું, વિચારવંત, ઠરેલ; ઠંડું, રીતસર, સ્વસ્થ, પુખ્ત; ગંભીર, ભારેખમ. *vt.* to bring to right frame of mind. દારૂના અમ-લથી મુક્ત–સ્વસ્થ કરવું,–થી સાવધ થવું. [વધપણે, વિચારથી.
So'ber-ly, સોબર્લિ, *ad.* seriously. મન ઠેકાણે રાખીને, સા-

So-bri'e-ty, સોબ્રાઇએટિ, *n.* temperance; gravity; calmness. દારૂ પીવામાં નીતિ, મિતપાન; ગંભીર-ભારેખમ-ઠરેલપણું.

So-ci-a-ble, સોશિઍબ્લ, *a.* (L. *socius* a companion) conversable, familiar, friendly. સુંમ ન હોય તેવું, બોલવે ચાલવે સારૂં, મિલનસાર, મળતાવડું, માણસનું ભૂખ્યું.

So'ci-al, સોશિયલ, *a.* fond of society. સંસાર સંબંધી, મિલનસાર, મળતાવડું, માયાળુ, વાત ચીતનું, મળવા બેસવાનું.

So-ci'e-ty, સોસાયેટિ, *n.* a social union; fellow-ship. મંડળી, સંઘ, સમાગમ, દુનિયા, સંસાર, વ્યવહાર, સારાં-ઉજળાં માણસ; સોબત, સંગતિ.

Sock, સૉક, *n.* (L. *soccus* a shoe) a shoe for actors; short stocking. નટલોકને પહેરવાનું પગરખું, પગનું નહાનું મોજું.

Sock'et, સૉકેટ્, a place for a candle, receptacle. મીણબતી બેસવાનું ખામણું કે ઘર, ખાનું.

Sod, સૉડ્, *n.* (Ger. *sode*) turf, clod of grass. ઘાસની જડ ચોંટેલી હોયછે તેટલું જમીનનું પડ. *vt.* to cover with turf. ના ઉપર ખોદીને મટોડી નાખવી.

So'da, સોડા, *n.* (It.) fixed mineral alkali. એક જાતનો ખાર.

So-dal'i-ty, સોડૅલિટિ, *n.* fellowship, brotherhood. સોબત, સંગત, દોસ્તી, ભાઈબંધીચારો.

So'fa, સોફા, *n.* (Fr.) long cushioned seat. લાંબો ગાદીવાળો કોચ.

Soft, સૉફ્ટ, *a.* (AS. *softe*) not hard; smooth; agreeable; not harsh; delicate; gentle; effeminate; quiet. નરમ, પોચું; સુંવાળું, લીસું; ખુશકારક, મનોહર-રં-

જક, રમણીય; મૃદુ, મધુર, સુસ્વર; નાજુક, કાવલું; ધીમું, સુશીલ, સભ્યતાવાળું; બાયલું, દમ–હોશ વગરનું; નિરાંતનું, મીઠું.

Soft'en, સૉફ્ન, *vt. i.* to make or become soft; palliate. નરમ–પોચું–ઢીલું કરવું–થવું; છાવરવું, ઓછું કરી દેખાડવું.

Soft'ly, સૉફ્ટલિ, *ad.* tenderly, silently. નરમાસથી, ધીમે.

Soil, સૉઇલ, *n.* (L. *solum*) earth; mould; dung, compost; land. પૃથ્વીનું ઉપલું પડ, જમીન, ભોંય, ધરતી; ખાતર; દેશ, મુલક. [stain. ઉપર ડાઘ પાડવા, બગાડવું, મેલું કરવું.

Soil, સૉઇલ, *vt.* (AS. *sylian*) to make dirty, daub,

Soi'ree, સ્વારે, *n.* (Fr.) an evening party. સંધ્યાકાળ-પછીનો મેળાવડો–મિજલસ.

So·journ', સોજર્ને, *vi.* (L. *sub&diarnus* daily) to dwell for a time. થોડોકાળ–મુસાફર તરીકે રહેવું, વાસો–ઉતારો–મુકામ કરવો. *n.* temporary abode. થોડા દિવસનો વાસ, મુકામ, ઉતારો.

Sol'ace, સૉલેસ, *vt.* (L. *solor* I comfort) to cheer, console. શોકમાં દિલાસો–હિંમત આપી મનનું સમાધાન–સાંત્વન કરવું, નરમ પાડવું, ઓછું કરવું. *n.* comfort. સુખ, દિલાસો, સમાધાન, મન વાળવાનું કારણ. [sun. સૂર્યનું–ત્રિષેનું.

So'lar, સોલર, *a.* (L. *sol* the sun) pertaining to the

Sol'der, સોલ્ડર, *vt.* (L. *solido* I make firm) to join metal. ઝાળવું, ઝાલણ કે રાથથી સાધવું. *n.* metallic cement. ઝાલણ.

Sol'dier, સોલ્જર, *n.* (L. *solidus* a piece of money)

one in military service, warrior. સીપાઈ, સૈનિક; શૂરવીર, જોદ્ધો. [–છાજે તેવું, બહાદૂર, શૂરું, શૂરવીર.

Sol'dier-ly, સોલજર્લિ, *a.* warlike, brave. સિપાઈને ઘટે-

Sol'dier-y, સોલજરિ, *n.* a body of soldiers. સિપાઈ સમસ્ત–મંડળ–લોક, લશ્કર.

Sole, સોલ, *n.* (AS.) bottom of foot or shoe; a fish. પગ કે જોડાનું તળિયું; એક ચપટી માછલી. *vt.* to sole, attach. તળિયું જડવું–બેસાડવું. [એકજ, માત્રએક, અનન્ય.

Sole, સોલ, *a.* (L. *solus* alone) single, alone. એકલું,

Sole'ly, સોલલિ, *ad.* singly, alone. એકલું, માત્ર, ફક્ત.

Sol'e-cism, સૉલિસિઝ્મ્ *n.* (Gr. *solokismos* to speak incorrectly) impropriety in language; absurdity. ખોટો–અશુદ્ધ–અસંગત શબ્દ–વચન–વાક્ય–પ્રયોગ; ભૂલ, ચૂક.

Sol'emn, સૉલેમ્, *a.* (L. *solemnis*) sacred; serious, grave; made in form. પવિત્ર, ધર્મનું–સંબંધી; ગંભીર, ભારે, ઉંડું; ઠંડી, ભારેખમનું ડોળ કરનાર; રીતિ–વિધિ પ્રમાણે કરેલું.

So-lem'ni-ty, સૉલેમ્નિટિ, *n.* religious ceremony; seriousness; formality. ધર્મ સંસ્કાર–વિધિ; ગંભીર–ભારેખમપણું; વિધિ, રીત, સંસ્કાર.

So-lem'nize, સૉલેમ્નાઈઝ, *vt.* to celebrate; make serious. યથાવિધિ–રીત પ્રમાણે–સંભારંભથી પરિપૂર્ણ કરવું, પ્રસિદ્ધ–પ્રખ્યાત કરવું; ગંભીર કરવું–થવું, માં ખરો ભાવ આણવો.

Sol'emn-ly, સૉલેમ્લિ, *ad.* reverendly, gravely. યથાવિધિ, ખરા ભાવથી, ગંભીરતાથી.

So-lic'it, સોલિસિટ્, *vt.* (L. *sollicitus* wholly moved) to ask earnestly, seek; try to obtain. અરજ–વિનંતિ–આજીજી કરવી, પાસે માગવું; મેળવવાનો પ્રયત્ન કરવો.

So-lic-it'a-tion, સોલિસિટેશન, *n.* entreaty. કાલાવાલા કરી માગવું તે, વિનંતિ, અરજ, યાચના. [ત્યાર, વકીલ, હિમાયતી, મુનીમ.

So-lic'i-tor, સોલિસિટર, *n.* an advocate, attorney. મુખ-

So-lic'it-ous, સોલિસિટસ, *a.* anxious, careful, desirous. આતુર, ઉત્સુક, ફિકરમંદ, કાળજીવાળું.

So-lic'i-tude, સોલિસિટ્યૂડ, *n.* anxiety. ચિંતા, ફિકર, કાળજી.

Sol'id, સૉલિડ્, *a.* (L. *solidus*) hard; not hollow; strong; cubic; substantial. કઠણ; નક્કર, સંગીન; મજબૂત; ઘન; પાકું, ખરૂં, વાજબી, પૂરતું, સંગીન. *n.* a solid substance. નક્કર કઠણ–પદાર્થ, ઘનાકૃતિ. [સંગીન કરવું.

So-lid'i-fy, સોલિડિફાઈ, *vt.* to make solid. કઠણ–નક્કર–

So-lid'i-ty, સોલિડિટિ, *n.* density; firmness; validity. નક્કર–ઘટ–કઠિણપણું; દૃઢતા-પણું; પાકા–ખરા–સંગીન–વાજબીપણું.

So-lil'o-quy, સોલિલક્વિ, *n.* (L. *solus* alone & *loquor* I speak) a talking alone. આત્મભાષણ, પોતાના મનસાથે બોલવું તે.

Sol'i-tar-y, સૉલિટરિ, *a.* (L. *solus*) being or living alone; not frequented; gloomy; single. એકલસરૂં, કોહ્યું, એકલું, એકાંતવાસી; એકાંત; સુનકાર જેવું, શાંત, ઉદાસ, શોકકારક; એકજ, માત્રએક. [એકલા–એકાંતપણું; અરણ્ય, જંગલ.

Sol'i-tude, સૉલિટ્યૂડ, *n.* loneliness, a lonely place.

So'lo, સોલો, *n.* (It.) a tune by one person. એક માણસે ગાયલો-એક વાજીત્રે વગાડેલો રાગ.

Sol'stice, સૉલસ્ટિસ, *n.* (L. *solstitium*) sunstead. અયન.

Sol'u-ble, સૉલ્યુબલ, *a.* (L. *solvo* I loosen) solvable. પ્રવાહીમાં પીગળે-ઓગળે એવું, દ્રાવ્ય.

Sol-u'tion, સોલ્યુશન, *n.* act of dissolving; mixture resulting from it; explanation. ઓગળવું તે, પીગળવું તે; પ્રવાહીજોડે ભળીને થયલો મિશ્ર; સમાધાન, નિરાકરણ, ફડચો, છોડવવું તે. [છોડવવું, ખુલાસો-સમાધાન-નિરાકરણ કરવું.

Solve, સૉલ્વ, *vt.* to explain, unfold, clear up. છોડવું,

Sol'ven-cy, સૉલ્વન્સિ, *n.* ability to pay debts. કરજ ફેડવાની શક્તિ, દારપણું.

Solv'ent, સૉલ્વંટ, *a.* dissolving; able to pay debts. ભિન્ન પદાર્થને પીગળાવે એવું; દાર, કરજ ફેડી શકે એટલા જીવવાળું.

Sombre, સૉમ્બર, *a.* (L. *sub* & *umbra* shade) gloomy, dark, dusky. ઝાંખું, ઘેરૂં, કાળું, ઉદાસ, શોકકારક, ગંભીર.

Some, સમ, *a.* (AS.) indefinite number or quantity; about. કેટલાંક, થોડાક, કોઇ, કોઇએક, કેટલુંક, કંઇ, થોડુંક; આસરે, સુમારે.

Some'bod-y, સમબૉડિ, *n.* a person of consideration; one not specified. ગણતરી-લેખામાં લેવાલાયક-ભાર-ઉપજ-વકરવાળો માણસ; કોઇ, કોઇ માણસ, એક જણ.

Some'thing, સમથિંગ, *n.* thing not specified; part. કંઇ વાત, કંઇ ચીજ, કંઇ; કંઇક, થોડું. [કોઇપણ રીતે.

Some'how, સમહાઉ, *ad.* one way or other. ગમેતેમ,

Some'time, સમટાઈમ, *n.* a time indefinite or uncertain. કોઈવખત, કોઈવેળા. [કોઈકોઈ વેળા.
Some'times, સમટાઈમ્ઝ, *ad.* now and then. વારેવારે,
Some'what, સમઉઍાટ, *n.* something, more or less. કંઈ-થોડું એક. *ad.* in some degree or quantity. કેટલુંક, કંઈક.
Som'er-set, સમરસેટ્, *n.* (L. *supra* & *saltus* leaping) a leap and overturning. ગુલાંટ, ગોઠીમડું.
Som-nam'bul-ism, સૉમનૅમ્બ્યુલિઝમ, *n.* (L. *somnus* sleep & *ambulo* I walk) a walking in sleep. ઉ-ઘમાં ચાલવું-ફરવું તે. [પુત્ર, વંશજ, છોકરા, બચ્ચા, વતની.
Son, સન, *n.* (AS.) a male offspring. દીકરો, છોકરો,
Song, સૉંગ, *n.* (AS.) a poem; hymn. કવિતા, કાવ્ય; ગીત, ગાન.
Song'ster, સૉંગસ્ટર, *n.* a singer. ગવૈયો; ગાનાર પક્ષી.
Sonn'et, સૉનેટ્, *n.* (AS. *sonus* a sound) a poem of 14 lines. ૧૪ લીટીનો એક અંગ્રેજી છંદ. [નિકળે એવું.
So-no'rous, સોનોરસ, *a* giving sound. રણકાદાર, અવાજ
Soon, સૂન, *ad.* (AS. *sona*) in a short time; early; readily, willingly. જલદી, થોડી વારમાં; વહેલું; રાજીખુશીથી.
Soot, સૂટ, *n.* (AS. *sot*) condensed smoke. મેશ, કાજળ.
Sooth, સૂથ, *n.* (AS. *sodh*) truth. સત્ય, ખરૂં, સાચું.
Soothe, સૂધ, *vt.* (AS. *ge-sodhian*) to calm, quiet, soften; flatter. નરમ-શાંત-ઠંડું પાડવું, ફેવરથ કરવું; ખુશા-મત-મીઠી વાતથી ખુશ કરવું. [ભવિષ્યવક્તા-જ્ઞાતા, જોષી.
Sooth'say-er, સૂથસેઅર, *n.* (AS. *sodh*) a predicter.

Sop, સૉપ, *n.* (AS. *supan* to sip) bread in liquid; thing given to pacify. પ્રવાહીમાં બોળી-પલાળી મૂકેલો ખાવાનો પદાર્થ; શાંત પાડવા નાખેલો ટુકડો-વસ્તુ.

So-phist'ic-al, સોફિસ્ટિકલ, *a.* (Gr. *sophos* wise) fallacious, not sound. ખોટું, ભૂલ-ભ્રમવાળું, આભાસયુક્ત.

Soph'ist-ry, સોફિસ્ટ્રિ, *n.* fallacious reasoning. ખોટા-ભ્રમયુક્ત તર્ક. [sleep. બહુ ઉંઘ-ઘેન આવે એવું, નિદ્રાજનક.

Sop-o-rif'er-ous, સૉપોરિફરસ, *a.* (L. *sopor* sleep) causing

Sor'cer-er, સૉર્સરર, *n.* (L. *sors* lot) a magician. જાદુગર.

Sor-cer-y, સૉર્સરિ, *n.* enchantment, witchcraft. જાદુ, ચેટક, નજરબંધી.

Sor'did, સાર્ડિડ, *a.* (L. *sordidus* dirty) mean, vile; covetous. દુષ્ટ, અધમ, નીચ, હલકું; અતિલોભી-કૃપણ.

Sore, સોર, *n.* (AS. *sar*) tender place; wound; grief, trouble. સ્પર્શથી તરત દુખે એવી આળી જગા; જખમ, ઘા, વાગેલું, ચાંદું; શોક, આપદા, દુ:ખ. *a.* tender, painful; severe. જરાથી દુખે એવું, આળું, તરત ચીઢાય-ખોટું લાગે તેવું, દુખવાં આવેલું; સખત, ભારે, દુ:ખકારક.

Sor'row, સૉરો, *n.* (AS. *sorg*) grief, regret. શોક, ખેદ, બળાપો, દુ:ખ; દિલગીરી. *vi.* to mourn. જીવ બાળવો, દલગીર થવું.

Sor'row-ful, સૉરોફુલ, *a.* mournful. શોકાતુર, દલગીર, દુખિયારું. [દુ:ખી, હલકું, નજીવું.

Sorry, સૉરિ, *a.* grieved, poor. દીલગીર, નાખુશ, ખેદયુક્ત,

Sort, સૉર્ટ, *n.* (L. *sors* lot) kind; manner; degree. જાત,

પ્રકાર; રીત, તરાહ; દરજ્જો, અંશ. *vt.* to arrange sets; conjoin; select. જાત પ્રમાણે જાદું કાઢવું, વડ કરવા, વર્ગ પાડવા; જોડવું, એકઠું મૂકવું; વીણી-નિવેડી કાઢવું, પસંદ કરવું.

Sor′tie, સૉર્ટિ, *n.* (Fr.) sally from a besieged place. ઘેરાયલી જગામાંથી ઘેરો ઘાલનારપર કરેલો ધસારો-છાપો.

Sot, સૉટ્, *n.* (AS.) habitual drunkard. છાકટો, પીધેલ.

Sou, સૂ, *n.* (Fr.) 20th of a franc. એક પૈસો.

Soul, સોલ, *n.* (AS. *sawel*) spiritual part in man; seat of life; energy, spirit; a being; a pure spirit. જીવાત્મા, ચૈતન્ય; જીવ, પ્રાણ, મર્મસ્થાન, ચેતન; ઉત્સાહ, હામ, હોંસ, ઉલટ, ઉમળકો; માણસ, આદમી; પ્રેતાત્મા, વિદેહીઆત્મા.

Sound, સાઉંડ, *n.* (AS. *sund*) a narrow sea. સાંકડી ખાડી, સામુદ્રધુનિ. *a.* entire, perfect; firm; healthy; founded in truth; heavy; profound; correct. આખું, અખંડ, સાબુત, ખોડ-ખામી-વિકાર વગરનું; મજબુત, દૃઢ; નિરોગી, અવિકૃત; પાકું, વજનદાર, સકારણ, ન્યાયાનુસાર, નિર્દોષ; ભારે, બહુ, ખૂબ; ભર, ગાઢ, ઘોર; શુદ્ધ, ખરૂં, યથાશાસ્ત્ર. *vt. i.* to try depth. ઉંડાણ માપવું-ભરવું-તપાસવું; ચાંપી-નું મન-પાણી જોવું.

Sound, સાઉંડ, *n.* (L. *sonus*) noise. અવાજ, ધ્વની, શબ્દ, નાદ, ઘોંઘાટ, બૂમ. *vi.* to make noise; exhibit by sound. અવાજ કરવો-નિકળવો, વાગવું; લાગવું, જણાઈ આવવું.

Soup, સૂપ, *n.* (Fr. *soupe*) decoction of flesh &c. માંસ વગેરેનો રસો-સેરવો, સૂપ.

Sour, સાઉર, *a.* (AS. *sur*) acid, tart, crabbed; mo-

rose, peevish. ખાટું,મળી–ફાટી–ખાટું થઈ ગયલું; ચીઢિયું, રીસાળ, ઝાંઝી, મીજાજી.

Source, સોર્સ, *n.* (L. *surgo* I rise) first cause, origin; a spring. મૂળ, ઉગમ, ઉદ્ભવ, ઉત્પત્તિસ્થાન; ઝરો.

Souse, સાઉસ, *n.* (L. *sal* salt) pickle. મીઠામાં કરેલું અથાણું, બોળ. *vt.* to plunge in water. પાણીમાં બોળવું.

South, સાઉથ, *n.* (AS. *sudh*) point opposite north. દક્ષિણ દિશા–દેશ, દક્ષિણ.

South'er-ly, સધર્લિ, *a.* southern. દક્ષિણ ભણીનું.

Souve'nir, સૂવનીર, *n.* (L. *sub* & *venio* I come) remembrancer. સંભારણું, સ્મારક વસ્તુ.

Sove'r-eign, સૉવરિન, *n.* (L. *superus* above) a monarch; 20s. રાજા, રાજકર્તા રાણી; ૨૦ શિલિંગ. *a.* supreme, predominant. શ્રેષ્ઠ, સર્વોપરી,મુખ્ય, સર્વોત્કૃષ્ટ, રામબાણ .જેવું. [સત્તા–અધિકાર–અમલ.

Sov'er-eign-ty, સૉવરંટિ, *n.* supreme power. સર્વોપરી-

Sow, સાઉ, *n.* (AS. *cugu*)a female swine. ડુક્કરી,ભુંડણી.

Sow, સો, *vt.* (AS. *sawan*) to spread seed. વાવવું, વેરવું, પેરવું, રોપવું, પાથરવું, છાંટવું.

Space,સ્પેસ,*n.* (L. *spatium*)room,distance,interval. જગા, અવકાશ, માગ, છેટું, છૂટ; કાળ, વખત. [વાળું, મહોટું.

Spa'ci-ous,સ્પેશિઅસ,*a.*large in extent. વિશાળ, વિસ્તાર-

Spade, સ્પેડ, *n.* (AS, *spadu*) a tool for digging; a suit of cards. કોદાળી, ખોદવાનું ઓજાર; રમવાના પાનામાં કાળી બદામ.

Span, સ્પૅન, *n.* (AS.) space between thumb and fingers, 9 inches; brief extent; spread of arch. વેંત, ૯ ઇંચ; ઘણું ટુંકું, કમાનનો બે બાજુના ટેકા વચ્ચેનો વિસ્તાર-પહોળાણ.

Spang'le, સ્પૅંગલ, *n.* (Ger. *spangel*) a small boss. તારાટપકી, કટોરી, ટીકડી. *vt.* to set with spangles. તારાટપકી ચોઢી ચળકતું શોભાયમાન કરવું.

Spar, સ્પાર, *n.* (Dut.) a long beam, mast; a mineral. ડોળ, લાંબો લાકડાનો સોટો; સફેદ સુરમો. Spars. વહાણનાં ડોળ કાઠી માત્ર. *vi.* to fight as a pugilist; dispute. પટા લાકડીથી ખેલવું, તકરાર-બોલાચાલ-રકઝક કરવી.

Want'ing, વૉંટિંગ, *a.* absent; slack. ગેરહાજર, કમી,

Wan'ton, વૉંટન *a.*(*Wchwant* desire,lust)sportive; licentious;unrestrained;luxuriant.રંગતિલાળ,રંગીલું, ખુશમિજાજ;વંઠેલ,કામી,લંપટ,કામાતુર; બંધારણ—બંદોબસ્તવગરનું,નિરંકુશ;ભરભાર, ઘેઘટ, પૂરજોરનું. *n.*trifler; abandoned person. છિછરું—છોકરવાદિયું માણસ; કામાતુર પુરૂષ કે સ્ત્રી.

Wan'ton-ness, વૉંટનનેસ, *n.* reckless sport; lust. અમર્યાદ—નિરંકુશ રમતગમત; કુવાસના, કુબુદ્ધિ, કામવાસના.

War, ઉઓર, *n.* (AS. *werre*) open hostility of states. લડાઈ, યુદ્ધ, સંગ્રામ, વિરોધ, દુશ્મની, લડાઈનું મન. *vi. t.* to carry on war. યુદ્ધ–લડાઈ કરવી–ચલાવવી.

War'ble, ઉઓરબલ, *vi.* (Ger. *wirbeln*) to sing, carol. લેહેકાવીને–સુસ્વરથી ગાવું–બોલવું-અવાજ કાઢવો.[કાઢનારૂં પક્ષી.

War'bler, ઉઓરબ્લર, *n.* songster. ગાનારૂં–મધુર અવાજ

Ward, ઉઓર્ડ, *vt.* (AS. *weardian*) to repel. નિવારણ કરવું, ઝીલી પાછું કાઢવું,ઝીલવું *n.* watch;division;custody; minor. ચોકી, સંભાળ, રક્ષણ, બચાવ; વાડો, મહોલ્લો, પીઠ, પરૂં; કેદ–પરેજ કરવું તે; વાલીના હસ્તક-સંભાળમાં સોંપેલું બાળક-છોકરૂં, સગીર. [રાખનાર, રખેવાળ.

Ward'er, ઉઓર્ડર, *n.* a keeper, a guard. સંભાળ–ચોકસી

Ward'robe, ઉઓર્ડરોબ, *n.* closet for clothes; clothes. લૂગડાંલત્તાં મૂકવાનો ઓરડો; લૂગડાંલત્તાં, પોશાક.

Wares, ઉએર્ઝ, *n.* (AS. *waru*) goods, merchandise. માલમત્તા, સોદો, જીનસ, સામાન.

Ware'house, ઉએરહાઉસ, *n.* a store house. વખાર, કોઠી.

War'fare, ઉઓરફેર, *n.* (Fr. *werre*) military service or life, struggle, contest. લડાઈ ચલાવવી તે, યુદ્ધકામ, લડાઈ, સંગ્રામ. [રણશૂર, લડાયક; લડાઈ–યુદ્ધવિષેનું.

War'like, ઉઓરલાઈક, *a.* fit for war, martial. લડવૈયું,

Warm, ઉઓર્મ, *a.* (AS. *wearm*) moderately hot; zealous; irritable; violent. હુંફાળું, ગરમ, ઉષ્ણ; હોંસીલું,

ઉત્સાહ-આસ્થાવાળું, આતુર; જલદી ગુસ્સા-રીસમાં આવે-તપી જાય એવું; જબરૂં, ભારે, સક્ત, જુસ્સાવાળું, તપી ગયલું, જોશમાં આવેલું. *vt.* to heat moderately; become earnest. હુંફું-ઉંફાએલું કરવું; ઉત્સાહવાળું-આતુર થવું-દેખાવું.

Warmth, ઉઓર્મ્થ, *n.* gentle heat; ardour. ગરમી, ઉંફ; આસ્થા, હોંસ, ઉત્કંઠા.

Warn, ઉઓર્ન, *vt.* (AS. *warnian*) to put on guard, caution. આગળથી ચેતવવું, જણાવવું, ખબર-સૂચના આપવી, ખબરદાર-સાવધ રહેવાનું કહેવું. [વરદી.

Warn'ing, ઉઓર્નિંગ, *n.* caution. ચેતવણી, સૂચના, તાકીદ,

Warp, ઉઓર્પ, *n.* (Icel. *varp*) thread lengthwise in fabric. ઉભો દોરો, તાણો. *vi.* to twist; pervert. મરડાવું, વળી-મચડાઈ જવું; થી મન ફરવું-બગડવું, ભ્રષ્ટ કરવું,-ંથી ગુંચવઈ પડવું.

War'rant, ઉઓરંટ, *vt.* (Fr. *warantir*) to authorise, justify; assure; secure to. સત્તા-અધિકાર આપવો, અખત્યાર થવો-હોવો-મળવો, આધાર આપવો, ટેકો-પુષ્ટિ મળવી; ખરૂં-વાજબી છે એમ મનાવું-જણાવું; ખરી ખાતરીથી-નક્કી-ખચીત કહેવું; બચાવી-સાચવી રાખવું. *n.* authority; right. સત્તા, અધિકાર; સનદ, પરવાનો, અખત્યારનામું. [માન્ય, ચોગ્ય.

War'ran-t-able, ઉઓરંટએબલ, *a.* justifiable. વાજબી,

War'ren, ઉઓરેન, *n.* (Fr. *varenne*) a place for rabbits. સસલાં રાખવાની જગા-વાડો.

War'ri-or, ઉઑરિઅર, *n.* (Fr. *guerrier*) a soldier. સિપાઈ, લડનાર, લડવૈયો, યોદ્ધો, શૂરવીર. [skin. મસો, ચર્મકીલ, માંસાંકુર.

Wart, ઉઑર્ટ, *n.* (Ger *warze*) hard growth on the

Wa'ry, ઉઑરિ, *a.* (Dan. *vare* guard) cautious; prudent. સાવધ, હોશિયાર, દૂરંદેશ, સાવચેત.

Wash, ઉઑશ, *vt.* (AS. *wasan*) to clean by water; wet; dash against; overlay. ધોવું, પાણીથી સાફ કરવું; ભીનું કરવું, ભીંજવવું; ઉપર પાણી ફરી વળવું, થી જળમય થઈ રહેવું-જવું; સામે અથડાવું-અફળાવું; ઉપર પાણી-ઢોળ ચઢાવવું, ગીલીટ કરવું. *vi.* to bathe. નહાવું, અંગ ધોવું, સ્નાન કરવું. *n.* alluvial matter; a marsh; cosmetic; lotion; bath; arm of sea; a coat of metal. ચગું; કાદવકીચડની જગો, કળાણ; અંગેંગ્રગ, શરીરનું રૂપ વધારનાર લેપ-પાણી; દરદ સાફ કરવાની પાણીજેવી દવા; સ્નાન; સમુદ્રનો ફાંટો; ધાતુનો ઢોળ.

Wasp, ઉઑસ્પ, *n.* (L. *vespa*) a stinging insect. ભમરો, ભ્રમરકીટ. [જાસી, જરામાં રીસ ચઢે એવું; કિનાખોર, ખારીલું.

Wasp'ish, ઉઑસ્પિશ, *a.* peevish; spiteful. ચિડિયું, મિ-

Waste, ઉએસ્ટ, *n.* (AS. *weste*) desolate ground; useless expense; loss. ઉજડ-વેરાન-ખેડયાવગર રહેલી-પડતર જમીન, રણ; નકામું ખરચ્યો નાખવું-ખોઈ દેવું તે; નુકસાન, બગાડ, ખરાબી, નાશ. *vt. i.* to diminish; squander; desolate; damage. નબળું-ક્ષીણ કરવું, ઘટાડવું, ઓછું થવું; ઉડાવી

–ખરચી દેવું, અમથું ગુમાવવું–વાપરી નાખવું;વેરાન–ઉજ્જડ–તારાજ કરવું; જાણીજોઈને બગાડવું. *a.* desolate; worthless; uncultivated. વેરાન, ઉજ્જડ; નકામું, નજીવું; વગર ખેડેલી, પડતર.

Waste'ful, વેસ્ટફુલ, *a.* lavish; destructive. ઉડાઉ, અનીતિથી ખરચનાર; નુકસાનકારક, નાશકારક, નકામું, ફોકટ.

Watch, વૉચ, *n.* (AS. *wacian*) guard; close observation; a pocket time-piece. ચોકીપહેરો, સાવધાની, ચોકીદાર; સંભાળ, તપાસ, ચોકસી; ગજવામાં રાખવાનું ઘડિયાળ. *vi.* to be awake or vigilant. જાગવું, ઉજાગરો કરવો; નજર રાખવી, લક્ષ આપવું, સાવધ–જાગ્રત રહેવું. *vt.* to guard; observe closely. ચોકસી–તપાસ રાખવી, ચોકી–બચાવ કરવો; પર નિઘેબાની રાખવી, ને જોતાં રહેવું. [શિયાર, જાગ્રત, ચોકસ.

Watch'ful, વૉચફુલ, *a.* careful, attentive. સાવધ, હોં-

Watch'man, વૉચમૅન, *n.* night-guard. ચોકીદાર, પહેરેગીર. [સંકેતનો શબ્દ.

Watch'word, વૉચવર્ડ, *n.* a pass-word. વરદી–નિશાની–

Wa'ter, વૉટર, *n.* (AS. *wæter*) a transparent fluid; ocean; urine; lustre. પાણી, જળ; મહાસાગર, સમુદ્ર; પિશાબ, મૂતર; હીરા મોતી વગેરેનું પાણી–આબ–તેજ–ઝલે. *vt.i.* to irrigate; supply with water. પાણી છાંટવું–પાવું–સીંચવું–નો છંટકાવ કરવો, થી–ઉપર પાણી છંટાવું–પડવું; પાણી પૂરું પાડવું, થી પાણી પૂરું પડવું.

Wa'ter-col-ours, ઉઑટરકલર્ઝ, *n.* colours diluted & mixed with gumwater. પાણી ને ગુંદ નાખી બનાવેલો રંગ.

Wa'ter-course, ઉઑટરકૉર્સ, *n.* a channel for water; stream. નળ, નીક, મોરી, ગટર; ઝરો, પનાળું, નાળું.

Wa'ter-fall, ઉઑટરફૉલ, *n.* cascade, cataract. પાણીનો ધોધ–ધોધવો. [પાણી ભરનાર, પખાલી.

Wa'ter-man, ઉઑટરમૅન, *n.* a boatman. ખલાસી, ખારવો;

Wa'ter-mel-on, ઉઑટરમેલન, *n.* a delicious fruit. તડબુચ, કલીંગડું. [માં પાણી નહિ પેસે–ભેદે–પ્રવેશ કરે એવું.

Wa'ter-proof, ઉઑટરપ્રૂફ, *n.* not admitting water.

Wa'ter-shed, ઉઑટરશેડ, *n.* high ridge which carries the water off in opposite directions. જેમાંથી નદીઓ ઉત્પન્ન થાયછે તે ઉંચી ભૂમી.

Wa'ter-spout, ઉઑટરસ્પાઉટ, *n.* a whirling column of water at sea. સમુદ્રમાં થતો પાણીનો સ્તંભ, જલસ્તંભ.

Wa'ter-tight, ઉઑટરટાઇટ, *a.* so tight as not to admit water. જેમાંથી પાણી પેસી કે નિકળી નહિ શકે એવું, જલાભેદ્ય.

Wa'ter-y, ઉઑટરિ, *a.* thin; tasteless. પાણી જેવું–સરખું; સ્વાદ વગરનું. [twigs. તાટું, તટ્ટી, ત્રાપો.

Wat'tle, ઉઑટલ, *n.* (AS. *watel*) a hurdle made of

Wave, ઉએવ, *n.* (AS. *wæg*) billow, moving swell of water. મોજા, છોળ, લહેર, હિલકારો. *vi. t.* to flutter, move; beckon; relinquish. ઝુલવું, ફડફડવું, ફરકવું, આ-

મતેમ હલાવવું–ફેરવવું, પટા ખેલવા–રમવા;ઇશારત કરવી; છોડવું, ત્યાગ–દૂર કરવું, તજવું, મૂકી દેવું.

Wa'ver, ઉએવર, *vi.* to be unsteady, fluctuate. આમતેમ હાલવું; દઢ નહિ રહેવું, ઘડીઘડીમાં ફરી જવું.

Wax, ઉઍક્સ, *n.* (AS. *weax*) bees-wax; sealing wax. મીણ; સીલ કરવાની લાખ; કાનમાંનો મેલ. *vt.* to rub with wax. મીણ ચોપડવું–લગાડવું–પાવું.

Wax, ઉઍક્સ, *vi.* (Icel. *vaxa*) to grow, increase, become.ચંદ્રની એક એક કળા વધવી–વધતી જવી;થવું,હોવું,થતું જવું.

Wax'en, ઉઍક્સન, *a.* made of wax. મીણનું બનાવેલું.

Way, ઉએ, *n.* (AS. *wey*) a road; direction; mode; sect. રસ્તો, માર્ગ, વાટ; દિશા, તરફ; રીત, પ્રકાર; મત, પંથ.

Way'bill, ઉએબિલ, *n.* a list of names of passengers. ગાડીમાં લઈ જવાના ઉતારૂના નામની યાદી.

Way'far-er, ઉએફેરર, *n.* a traveller. વટેમાર્ગુ.

Way'lay, ઉએલે, *vt.* to beset in ambush. લૂટવા કે મારી નાખવા રસ્તામાં સંતાઈ રહેવું.

Way'ward, ઉએઉઅર્ડ, *a.* froward, perverse. હઠીલું, જીદ્દી, મમતી.

Weak, ઉઈક, *a.* (Dut. *week*) feeble; faint; soft, not forcible. નબળું, દુર્બળ, અશક્ત; હલકું, ઝીણું, ધીમું; નરમ, નિર્જીવ; ફિક્કું, મોળું.

Weak'en, ઉઈક્ન, *vt.* to make weak; enfeeble. ફિક્કું–મોળું–દમવગરનું કરવું; નબળું–નરમ–કમજોર કરવું.

Weak'ly, ઉઈક્લિ, *ad.* in a feeble manner. નબળીરીતે, અવિચારથી. *a.* infirm. અશક્ત, નબળું.

Weak'ness, ઉઈક્નેસ, *n.* feebleness. નબળાઈ, નિર્બળપણું.

Weak'side, ઉઈક્સાઈડ, *n.* failings, defect. ઐબ, કસર, ખામી.

Weal, ઉઈલ, *n.* (AS. *wela* abundance) prosperity, welfare, happiness. આબાદાની, હીત, કલ્યાણ, સુખ.

Wealth, ઉએલ્થ, *n.* riches. દોલત.

Wealth'y, ઉએલ્થિ, *a.* rich, opulent. ધનવાન, શ્રીમંત, માતબાર.

Wean, ઉઈન, *vt.* (AS. *wenian*) to cease to suckle; withdraw from any desire. ધાવણ મૂકાવવું–છોડાવવું; ઉપરથી મન–દીલ ઉઠાવવું, પ્યાર ઉતારવો, ઉદાસ કરવું.

Weap'on, ઉએપન, *n.* (AS. *wæpen*) an instrument of offence. શસ્ત્ર, હથિયાર, આયુધ.

Wear, ઉએર, *vt.* (AS. *werian* to put on) to put on; diminish by use. પહેરવું, ઘાલવું, ઓઢવું, ઉપર હોવું–જણાવું –દેખાવું; વપરાસથી ખવાઈ–ઘસાઈ જવું–જરજર–જીર્ણ થવું.

Wear, ઉએર, *n.* (AS. *wær* an enclosure) a dam in a river; a fence of stake to catch fish. પાણીનો રસ્તો-પ્રવાહ રોકવાને બાંધેલી પાળ, બાંધ, પુશ્તો; જાળનાં ખુંટા.

Wea'ri-ness, ઉઈરીનેસ, *n.* (AS. *werig*) fatigue; uneasiness. થાક; કંટાળો, ત્રાસ, હલાકી.

Wea'ri-some, ઉઈરીસમ, *a.* tedious, tiresome. થાક લાગે-થકવી નાખે એવું, મહેનતનું, ત્રાસ-કંટાળા ભરેલું.

Wea'ry, ઉઈરી, *a.* tired, fatigued, exhausted, tiresome. થાકેલું, હાંફી ગયલું, કંટાળેલું, બેજાર થયલું, ત્રાસદાયક. *vt.* to tire. થકવી–હંફાવી નાખવું, કંટાળો આપવો.

Wea'sand, ઉઈઝંડ, *n.* the wind-pipe. દમ લેવાની નળી, શ્વાસમાર્ગ.

Wea-th'er, ઉઍધર, *n.* (AS. *weder*) state of the air. હવા દહાડા. *vt.* to pass with difficulty, endure. પવનનીસામે વહાણ હંકારીને વટાવી જવું, માંથી મહેનતથી પારપડવું, નીભ્યા-ટકયા રહેવું.

Weath'er-beat-en, ઉઍધરબીટન, *a.* harassed by the weather. પવનના સપાટા સહન કરેલું, ચોમાસું વેઠલું.

Weath'er-cock, ઉઍધરકૉક, *n.* a turning vane; a fickle person. પવનની ગતિ જણાવનારૂં યંત્ર; ઘડીઘડીમાં ફરી જાય એવું માણસ.

Weath'er-wise, ઉઍધરઉઆઇઝ, *a.* skilful in foretelling the weather. હવા કેવી નિકળવાની કે તેમાં કેવા ફેરફાર થવાનો છે તે જાણનાર.

Weave, ઉઈવ, *vt.* (AS. *wefan*) to form cloth in loom; unite. વણવું, સાથે જોડવું, થી મિશ્રિત થઈ-મળી જવું. [સાળવી.

Weav'er, ઉઈવર, *n.* one who weaves. વણનાર, વણકર,

Weav'ing, ઉઈવિંગ, *n.* the act or art of arranging thread in a loom. વણવાનું કામ, વણતર, વણાટ.

Web, ઉઍબ, *n.* (AS. *webb*) a thing woven; film; membrane. વણેલી વસ્તુ, તાકો, થાન; વણતર, વણાટ; પડ, જાળું, પક્ષીનાં આંગળાં વચ્ચેની ચામડી.

Webb'ed, ઉવેબ્ડ, *a.* united by membrane. પાતળી ચામડીથી જોડાયલાં આંગળાંવાળું. [પાદ.

Web-foot'ed, ઉઍબ્ફૂટેડ, *a.* having webbed feet. જલ-

Wed, ઉએડ, *vt.* (AS. *weddian* to engage) to marry; unite closely. ની સાથે વિવાહ–લગ્ન કરવું ને પરણવું–વરવું, અતિશય ચોંટી–વળગી રહેવું, પર બહુ વહાલ હોવું.

Wed'ding, ઉએડિંગ, *n.* marriage. લગ્ન, વિવાહ, શાદી.

Wed'lock, ઉએડલૉક,*n.*married state.લગ્ન–વિવાહસંબંધ.

Wedge, ઉએજ, *n.* (AS. *wecg*) tapering piece of metal or wood; the mechanical power. લગડી, ફાચર. *vt.* to fasten with wedges. માં ફાચર મારી સજ્જડ કરવું.

Wednes'day, ઉએન્ઝડે, *n.* (AS. *wodens-dag*) 4th day of the week. બુધવાર.

Weed, ઉઈડ, *n.* (AS. *weod* an herb) a useless plant. નકામા રોપા, ઘાસ, નિંદણ, ઝાડવાં, જડાં; જે નકામું તે. *vt.* to root out weeds; free from. નિંદવું; માંથી કાઢી નાખવું–દૂર કરવું, ને મોકળું–છુટું કરવું.

Week, ઉઈક, *n.* (Icel. *vika*) 7 days. અઠવાડિયું, ૭ દિવસ.

Week'day, ઉઈકડે, *n.* any day except the Sabbath. રવિવાર સિવાય અઠવાડિયાનો ગમે તે દિવસ.

Week'ly, ઉઈકલિ, *a.* done once a week. દર અઠવાડિયે આવતું-થતું-નિકળતું.*ad.*once a week. દર અઠવાડિયે.[ભાસવું.

Ween,ઉઈન,*vi.*(Ger.*wahnen*) to think, fancy. ધારવું, ને

Weep,ઉઈપ,*vi.*(AS.*wepan*to lament)to shed tears,bewail,bemoan.રડવું,આંસુ પાડવાં;શોક કરવો,દલગીરી બતાવવી.

Weft, ઉએફ્ટ, *n.* (Icel. *vefa* to weave) woof. વાણો, કપડમાંનું આડું સુતર.

Weigh, ઉએ, *vt.* (AS. *wegan* to lift) to try weight; ponder; have weight; lift. તોલવું, જોખવું, વજન કરવું-કાઢવું; મનમાં ધોળવું-વિચારવું, નું મનન કરવું; તોલમાં થવું-હોવું-ઉતરવું; લંગર ઉપાડવું-ઉંચકવું.

Weight, ઉએટ, *n.* heaviness, importance. જોખ, વજન, તોલ, કાટલું; ભારબોજ, કદર, વજન, દમ, ભાર, વિસાત, મામલત.

Weight'y, ઉએટિ, *a.* heavy; momentous. ભારે, વજનદાર, સંગીન, જડ; અગત્યનું, મનપર લેવા-વિચારવાયોગ્ય. [બાંધેલી પાળ.

Weir, ઉએર, *n.* dam across river. પાણીનો રસ્તો-પ્રવાહ રોકવા

Weird, ઉઈર્ડ, *n.* (AS. *wyrd* fate) a spell, charm. જાદુ, મંત્ર. *a.* skilled in witchcraft. ડાકણનું-ના જેવું, અમાનુશ્ય.

Wel'come, ઉએલકમ, *a.* (Sax. *wel* good & *cuma* a comer) received with gladness; grateful; free to have or enjoy gratituously. ખુશીનીસાથે સન્માન કરેલું-માં દાખલ કરેલું, ભલે આવ્યું-પધાર્યું, સત્કાર કરવાજોગ; આનંદકારક, ખુશ કરે એવું; લેવા કે ઉપભોગ કરવાને ખુશીથી છુટ આપેલી. *n.* kind reception. આવકાર, સત્કાર, સન્માન. *vt.* to receive kindly. આદરમાન આપવું, ભલે પધાર્યા એમ કહેવું.

Weld, ઉએલ્ડ, *vt.* (Ger. *wellen*) to hammer together. ખૂબ તપાવી લોઢા વગેરેના બે કકડા ટીપીને જોડવા-એક કરવા.

Wel'fare, ઉએલફેર, *n.* (AS. *wel* well & *faran* to go) health, happiness, prosperity. કુશળતા, સારૂં, ક્ષેમ, ભલું, કલ્યાણ, આબાદી. [of air. આકાશ, આસમાન, નભ, ગગન, ખ.

Wel'kin, ઉએલકિન, *n.* (AS. *welcn* cloud) sky, region

Well, ઉએલ, *a.* (AS. *wela*) in good health; fortunate. સારૂં, નિરોગી, ખુશાલ, ક્ષેમ; ભાગ્યવાન. *ad.* rightly; skilfully; abundantly; very much; conveniently. ખરી–વાજવીરીતે, હોશિયારીથી, સારીરીતે; પુષ્કળ; ઘણું, બહુ, ખૂબ; સગવડ–સોઈ પડતી–ફાવતી રીતે. *n.* a spring, a pit of water. કુવો, વાવ, વાવડી. [આબાદી.

Well'be-ing, ઉએલબિઇંગ, *n.* welfare. કલ્યાણ, સુખ,

Well'-born, ઉઍલબૉર્ન, *a.* of good descent. કુલીન; કુળવાન. [રી રીતે શિખવી ઉછેરેલું, સભ્ય, મર્યાદશીલ.

Well'bred, ઉએલબ્રેડ, *a.* having polite education. સા-

Well'done, ઉએલડન, *int.* rightly carried out. વહાવા! શાબાશ! ખાશી! બેશ! ભલે! [દેખાવડું.

Well-fa'voured, ઉએલફેવર્ડ, *a.* handsome. શોભિતું

Well-in-form'ed, ઉએલઇન્ફોર્મ્ડ, *a.* correctly informed. સુજાન; સુજ્ઞ, બહુજ્ઞ–શ્રુત, જ્ઞાતા.

Well-mean'ing, ઉએલમીનિંગ, *a.* of good intention. ભલું, સજ્જન, હેતુ સારો એવું. [સો વસા.

Well'nigh, ઉએલનાઇ, *ad.* almost, very nearly. લગભગ,

Well'off, Well to do, ઉએલ ઑફ, ઉએલ ટુ ડુ, *a.* in a good condition. ખાવેપિવે–પૈસે ટકે સુખી, સારી સ્થિતિવાળું.

Welt, ઉએલ્ટ, *n.* (AS. *weltan*) edging, border. કિનારી, કોર, મગજી. [રગદોળાવું.

Welter, ઉએલ્ટર, *vt.* to roll, wallow. લોટવું, આળોટવું,

Wen, ઉએન, *n.* (AS. *wenn*) a fleshy tumour. રસોળી, ગાંઠ.

Wench, ઉએંશ, *n.* (Ger. *wensch*) a low woman. રાંડ, વેશ્યા, છિનાળ. [પુરૂષ.

Wencher, ઉએન્શર, *n.* a low man. છિનાળવો, કાછડી છુટો

West, ઉએસ્ટ, *n.* (AS.) where the sun sets. પશ્ચિમ-આથમણી દિશા. [તરફ-ભણી.

West'ward, ઉએસ્ટઉઅર્ડ, *a.* towards the west. પશ્ચિમ-

Wet, ઉએટ, *a.* (AS. *wætan*) humid; rainy. ભીનું, લીલું, ભેજવાળું, પાણી પચેલું હોય એવું; વરસાદનું. *n.* moisture. ભીનાસ, ભેજ, પાણી. *vt.* to moisten. ભીનું કરવું, ભીંજવવું, પલાળવું.

Wet'nurse, ઉએટનર્સ, *n.* a nurse who suckles a child. ધાવ, ધવડાવનારી સ્ત્રી. [castrated. ખસી કરેલો ઘેટો.

Weth'er, ઉએધર, *n.* (AS. *weder*) a male sheep

Whale, ઉહેલ, *n.* (AS. *hwæl*) largest of sea animals. મગરમચ્છ. [બંદરપરનો ડક્કો, ઘાટ.

Wharf, ઉહોર્ફ, *n.* (*hwarf*) quay for landing goods.

Wharf'age, ઉહોર્ફેજ, *n.* dues for the use of wharf. ડક્કાની જગાત-કર-છાપો.

What, ઉઑટ, *pro.* (AS. *hwæt* which) that which; which of many. જે...તે; કોણ, કયો, શું.

What-ev'er, ઉઑટએવર, *pro.* being this or that; all that. જેજે, જે કોઇ, જે કંઇ, જેટલું; જે...તે સઘળું-બધું.

Wheat, ઉહીટ *n.* (AS. *hwæte*) a species of grain or bread corn. ઘઉં.

Whee'dle, ઉહીડલ, *vt.* (Sax. *adwelian* to seduce) per-

suade by flattery, coax. ફોસલાવવું, પટાવવું, લલચાવવું, ના પેટમાં ભરાવું.

Wheel, ઉઈલ, *n.* (AS. *hweol*) a circle turning on axis. પૈડું, ચાક, ચક્કર, ચક્ર, રહેંટિયો. *vt. i.* to move on wheels; turn. ફેરવવું, ફરતું કરવું, ફરવું, ચક્કર મારવું.

Wheel'bar-row, ઉઈલબૅરો, *n.* a carriage with one Wheel. એક પૈડાની હાથગાડી. [ડાં-ગાડી બનાવનાર.

Wheel-wright', ઉઇલરાઈટ, *n.* a maker of wheels. પૈ-

Wheeze, ઉઈઝ, *vi.* (AS. *hweosan*) to breathe hard. ગળામાં કફ બોલવો, શ્વાસ લેતાં શ્રમ પડવો.

Whelm, ઉએલ્મ, *vt.* (Sax. *hwealfian*) to immerse, bury. ને ડબોવવું-બુરાડવું, ઘેરીલઈચાંપી-દાબીનાખવું, ને ગરક કરવું.

Whelp, ઉએલ્પ, *n.* (Icel. *hvelpr*) a pupp, cub. કુતરા-સિંહ વગેરેનું બચ્ચું, પિલું.

When, ઉએન *ad. con.* (AS. *hwenne*) at what time. જ્યારે, જેવારે, કયારે, કેવારે, ત્યારે, તેવારે, પછી. [તેઉપરથી.

Whence, ઉએન્સ, *ad.* from what place. ક્યાંથી, શાથી,

When-ev'er, ઉએનએવર, *ad.* at whatever time. જ્યારે, ગમેત્યારે, જ્યારેપણ, કદીમદી. [જ્યાં, જે ઠેકાણે, કેણી તરફ.

Where, ઉએર, *ad.* (AS. *hwær*) at or in what place.

Where'a-bout-s, ઉએરઍબાઉટ-સ, *ad.* near which place. કયાં, કયાં કયાં, કયે ઠેકાણે; જેનેવિષે, જેમાં.

Where'as, ઉએરૅઝ, *ad. con.* when in fact or truth, but; the thing being so that. ખરૂં પૂછાવો તો, ખરૂં કે-હેતાં, કારણકે; એવું છે ત્યારે.

Where'at, ઉહ્મેરઍટ, *ad. con.* at which. જે–તે ઉપરથી, શાથી–માટે, શાણે, કેમ.

Where'by, ઉહ્મેરબાઇ, *ad.* by which. જેથી, જેણે કરીને.

Where'fore, ઉહ્મેરફોર, *ad.* for which reason. જે કારણ માટે, કાં, કેમ, શાસારૂ. [જ્યાં, જેજે ઠેકાણે, જ્યાં.

Where-ov'er, ઉહ્મેરએવર, *ad.* at whatever place. જ્યાં-

Wher'ry, ઉહ્મેરિ, *n.* a ferry, boat. મછવો, હોડી, ફેરિયું.

Whet, ઉહ્મેટ, *vt.* (Icel. *hvatr* sharp) to sharpen by rubbing; excite. ઘસવું, ધાર કાઢવી–ચઢાવવી, તીણું કરવું; લાગે તેમ–મદોન્મત–જાગૃત કરવું. [કે...અથવા નહિ, કે, અગર.

Wheth'er, ઉહ્મેધર, *con.* (AS. *hwæther*) which of two.

Whey, ઉહ્મે, *n.* (AS. *hwæg*) watery part of milk. દહીંમાંનું પાણી, છાસ. [જે...તે; કયું, કયો, કોણ.

Which, ઉહ્વિચ, *pro.* (AS. *hwylic*) relative, one or other.

Which-ev'er, ઉહ્વિચએવર, *pro.* whether; one or the other. જેજે, જે કોઈ–કંઈ, જે.

Whiff, ઉહ્વિફ, *n.* (W. *chwaff* a quick gust) a puff of air. ફૂંક, ફૂંકવું તે.

Whig, ઉહ્વિગ, *n.* (AS. *whaey* whey) a political party. લોકના હક્ક જાળવવાને પ્રયત્ન કરનારૂં રાજકારી મંડળ–ટોળી.

While, ઉહ્વાઇલ, *n.* (AS. *hwil*) space of time. વખત, વેળા, કાળ. *ad.* during the time that; as long as. જ્યારે, જેવેળા, એટલામાં; જ્યાંસુધી–લગી, જેટલીવાર.

Whilst, ઉહ્વાઇલસ્ટ *ad.* while. જ્યારે, જેવેળા.

Whim, ઉહિમ્, *n.* (Icel *hvim* a quick movement) capricious fancy. લેહેર, ફાંટો, તુરંગ.[ફાંટાદાર, સ્વચ્છંદી.
Whim'si-cal, ઉહિમઝિકલ, *a.* capricious. લહેરી, તુરંગી,
Whim'per, ઉહિમપર, *n.* (Scot. *whimmer*) low cry. ડચકાં. *vi.* to whine. ડચકાં ખાઈને રડવું.
Whine, ઉઆઇન, *n.* (Icel. *hvina* to weep) a plaintive cry. શોકભરેલો-રડતો અવાજ-સાદ. *vi.* to murmur in a plaintive tone. ધીમેધીમે રડવું, કકલવું, શોકભરેલો અવાજ કાઢવો.

Whin'ny, ઉહિનિ, *vi.* to neigh as horse. ખોંખારવું, હણહણવું.
Whip, ઉહિપ, *n.* (AS. *hweopan* to whip) lash tied to handle; coachman. ચાબુક, ચાબકો, ગાડી હાંકનાર, સારથી. *vt.* to lash. ને ચાબુક મારવો-ચમકાવવો.[ઝડપથી ગોળ ફરવું.
Whir, Whirl, ઉહર, ઉહર્લ, *vi.* to move round quickly.
Whirl'pool, ઉહર્લપૂલ, *n.* (Sw. *hwirfwel*) an eddy. વમળ, પાણીમાં ભમરા થાયછે તે. [circle. વાવંટોળ, વાવાઝોડું, વંટોળિયો.
Whirl'wind, ઉહર્લવિંડ, *n.* stormy-wind moving in
Whisk, ઉહિસ્ક, *vt.* (Sw. *viska* to whisk) to move or sweep rapidly. ઝટક મારવી, ઝાપટ મારતાં-ઝટકતાં ચાલવું. *n.* a small broom or besom. નહાનો બુતારો, પીંછી કુચડી-કો; ઝાપટ, ઝપાટો, ઝાટક, ઝટક.

Whisk'er, ઉહિસ્કર, *n.* hair on cheek. થોભા, થોભિયા.
Whisk'y, ઉહિસ્કિ, *n.* spirit from grain. અનાજમાંથી બનાવેલો દારૂ-મદ્ય.

Whis'per, ઉહિસ્પર, *vi. t.* (Bav. *wispern* to hiss) words spoken low. ગુપચુપ કાનમાં કહેવું–વાત કરવી. *n.* low soft voice. ગુપચુપ કહેલી વાત.

Whis'tle, ઉહિસલ, *vi.* (AS. *hwistle* to hiss) to make shrill noise by forcing air through lips or pipe. સિટિ–સાસોડી–વાંસળી વગાડવી, સણસણ વાગવું. *n.* shrill noise; a small pipe. સિટ્ટી, સીસોડી; પીપી, વાંસળી.

Whit, ઉહિટ, *n.* (AS. *wiht* a creature) small part. લવલેશ, તલમાત્ર, બદામ–રતીભાર, અણુ, જરા.

White, ઉહાઈટ, *a.* (Sans. *sveta*) of the colour of snow; pale; pure. ગોરૂં, સફેત, ધોળું, ઉજળું; ફિક્કું, નિસ્તેજ, ઉતરી ગયલું; પળી–પાકી ગયલું; ડાઘવગરનું, ખુલ્લું, સ્વચ્છ. *n.* a white colour; part of the eye & of an egg. આંખનો ધોળો ભાગ, શુક્લમંડળ; ઈંડાની સફેતી.

Whit'en, ઉહાઈટન, *vt. i.* to make or become white. ધોળું–સફેત કરવું–થવું–થઈ જવું.

Whit'ing, ઉહાઈટિંગ, *n.* powdered chalk. ચાકનો ભૂકો.

Whith'er ઉઈધર, *ad.* (old E. *whider*) to what place. ક્યાં, કયે ઠેકાણે, કેણીતરફ, કેથે, ત્યાં, જ્યાં, તે જગાએ.

Whit'low, હ્વીટલો, *n.* (AS. *hwit* white & *low* flame) tumour on nail. નેચું પાકવું તે, નખછર–મૂળ, નવેલો.

Whitt'le, ઉઈટલ, *n.* (AS. *hwitle* a knife) a pocket knife. ચપ્પુ, ચાકૂ, છરી, પાળી. *vt.* to pare, cut. ચાકૂથી છોલવું–કાપવું.

Whiz, વ્હીઝ, *vi.* to make a hissing sound. સણસણ-સુંસું અવાજ થવો. *n.* a hissing sound. સણસણાટ, સુંસું.

Who, હૂ, *pro.* (AS. *hwa*) which of many; which person. જે; કોણ. [હર-ગમેતે કોઈ, જેજે.

Who-ev'er, હૂએવર, *pro.* any person whatever. જે-

Whole, હોલ, *a.* (AS. *hal* healthy) all; unbroken; well, sound. આખું, સઘળું, બધું, સમસ્ત; પૂર્ણ, અખંડ, અભંગ, પૂરૂં; તનદુરસ્ત, સાજું, સારૂં. *n.* entire thing. બધું, પૂરે પૂરૂં, તમામ.

Whole'sale, હોલસેલ, *n.* sale by quantities. જથા-થોકબંધ-સામટું વેચાણ.

Whole'some, હોલસમ, *a.* promoting health or well-being. શરીરને સુખાકારી, ગુણકારી; કામનું, હિતકારી-તું, ફાયદાકારક.

Whol'ly, હોલલિ, *ad.* entirely. તદન, બિલકુલ, તમામ.

Whoop, હૂપ, *vi.* (AS. *hwopan* to cry out) to shout. ચીસ-ચિચિયારી પાડવી, પોકાર કરવો-મારવો. *n.* a shout. બૂમ, ચીસ, ચિચિયારી, [પાતર, રામજની, વેશ્યા.

Whore, હોર, *n.* (AS. *hore*) a harlot, prostitute.

Whore'dom, હોરડમ, *n.* lewdness; idolatry. વ્યભિચાર, છિનાળું, જારકર્મ; મૂર્તિપૂજા. [મ, શુંકામ, શામાટે.

Why, વ્હાઇ, *ad.* (AS. *hwy*) for what reason. કાં, કે-

Wick, વીક, *n.* (AS. *weoca*) cotton of lamp, &c. દીવેટ, વાટ, બત્તી, કાકડો. [godly. દુષ્ટ, પાપી, અધર્મી, દુર્જન.

Wick'ed, વીકેડ, *a.* (AS. *werig* vile) sinful, un-

Wicked'ness, ઉઇકેડ્નેસ, *n.* sin, crime. પાપ, દુષ્કર્મ, પાતક, કુકર્મ, દુષ્ટપણું, પાપબુદ્ધિ, દુષ્ટબુદ્ધિ.

Wick'or, ઉઇકર, *a.* (Icel. *vik* to move) made of osiers or twigs. નેતર–ઝાડની ડાળીઓનું બનાવેલું.

Wicket, ઉઇકેટ, *n.* (Fr. *wiket*) a small gate. નહાનું બારણું, બિડકી; ક્રિકેટ રમતી વખતે જે ત્રણ દાંડા ખોસવામાં આવેછે તે.

Wide, ઉઆઇડ, *a.* (AS. *wid*) broad; extensive. પહોળું, ચોડું, પનાદાર; વિશાળ, વિસ્તીર્ણ, બહોળું.

Wide'ly, ઉઆઇડલિ, *ad.* extensively; very much. ઘણે લાંબે સુધી, બહોળીરીતે, વિસ્તારીને; બહુજ, ઘણુંજ.

Wid'en, ઉઆઇડન, *vt.* to enlarge. પહોળું–ચોડું કરવું.

Wid'th, ઉઇડ્થ, *n*, breadth. પહોળાઈ–ણ, ચોડાઈ, બાજુ વચ્ચેનું અંતર, પનો.

Wid'ow, ઉઇડો, *n.* (San *vi.* without & *dhava* a husband) a woman whose husband is dead. વિધવા, રાંડીરાંડ, બાડકી, રંડા.

Wid'ow-er, ઉઇડોઅર, *n.* a man whose wife is dead. [રાંડેલો–રંડાયલો પુરૂષ.

Wield, ઉઇલ્ડ, *vt.* (Sax. *wealdan* to rule) to employ, use; manage, handle. ધરીને–ધારણ કરીને ચલાવવું–વાપરવું.

Wife, ઉઆઇફ, *n.* (AS. *wif*) lawful consort of man. પરિણિત બઈરી–સ્ત્રી, ધણિયાણી, વહુ.

Wig, ઉઇગ, *n.* (from Periwig) cover for head. વાળ કે [બાલની ટોપી.

Wight, ઉઆઇટ, *n.* (AS. *wiht*) a person, a being. માણસ.

Wild, ઉઆઇલ્ડ, *a.* (Sax.) savage; growing without

culture; desert; not tame; ungoverned; tumultuous; licentious; fanciful. જંગલી, રાની, વન્ય; વગર ખેડે ઉગેલું-પાકેલું, વન, અરણ્ય; ઉજ્જડ, વસ્તી વગરનું; નહિ સુધરેલું, અનાડી, બેફેદ, નિરંકુશ; તોફાની, જુસ્સાનું, લફંગું, સાંઢું, નાગું, દુરાચારી; અનિયમિત, તર્કહીન. *n.* a desert. રાન, રણ, જંગલ.

Wil'der-ness, ઉઈલ્ડરનેસ, *n.* uncultivated land. ઉજ્જડ મુલક, રેતીનું મેદાન.

Wile, ઉઆઈલ, *n.* (Icel. *viel* fraud) a trick, artifice. કપટ, કાવાદાવા, યુક્તિ, પેચ, ફરેબ, કાવત્રું, છળભેદ.

Wil'ful, ઉઈલફુલ, *a.* (*will & full*) stubborn. હઠીલું, છદ્દી, મમતી, અડિયલ; જાણીને કરેલું.

Wil'ful-ly, ઉઈલફુલિ, *ad.* obstinately; by design, with purpose. મમતથી, હઠથી; જાણીજોઈ-બુઝીને, બુદ્ધિપૂર્વક.

Will, ઉઈલ, *n.* (AS. *willa*) power of choice; choice; command; testament. ઈચ્છા, સંકલ્પશક્તિ; મરજી, ખુશી, પસંદ કરવું તે; હુકમ, આજ્ઞા; મૃત્યુપત્ર-લેખ, વારસ-વસિયતનામું. *vt.* to determine, wish; dispose of by will. ની મરજી હોવી, ચાહવું, ઈચ્છવું, નું મન કરવુ; મૃત્યુપત્રથી માલ મિલ્કત આપવાનો ઠરાવ કરવો.

Will'ing, ઉઈલિંગ, *a.* free to do, ready, voluntary. ખુશી, રાજી, તૈયાર, ખુશીથી કબૂલ કરેલું, ચાહેલું.

Will'o, ઉઈલો, *n.* (AS. *wilg*) a tree. એક ઝાડ છે. [ખોર.

Wil'y, ઉઈલિ, *ad.* (see wile) artful. કપટી, પ્રપંચી, કાવત્રાં-

Win, ઉઈન, *vt.* (Icel. *vinna* to get) to gain, earn;

allure, gain over. મેળવવું, જીતવું, જય પામવું; મેળવી લેવું, નું મન હરી લેવું.

Wince, વિન્સ, *vi.* (AS. *wincian* to nod) to shrink; kick, flounce. અાંગ સંકોચવું, અધિરૂ થઈ લાત-તરફડિયાં મારવાં.

Winch, વિન્શ, *n.* (AS. *wince*) handle of windlass. પૈડું-ચાક-ચક્કર ફેરવવાનો દાંડો-હાથો.

Wind, વિંડ, *n.* (AS.L. *ventus*) air in motion; breath; flatulence. વા, પવન, હવા, વાયુ, વાયરો; દમ, શ્વાસ, પેટમાં થતા વાયુના ગોળા, વાબળ, વાત, બાદી. *vt.* to blow. ફૂંક મારીને વગાડવું.

Wind, વાઇંડ, *vt.* (AS. *windan*) to coil, twine; turn, change; insinuate. વિંટાળવું, વિંટવું, લપેટવું, ગુંડાળવું; ફેરવવું, બદલવું; ધીરે રહીને પેસાડવું-ખોસવું.

Wind'bound, વિંડબાઉંડ, *a.* detained by contrary winds. મહોના પવનથી નહિ હંકરાય એવું, વાતરૂદ્ધ-પ્રતિબદ્ધ.

Wind'fall, વિંડફૉલ, *n.* fruit flown off; unexpected legacy, &c. પવનના ઝપાટાથી ઝાડપરથી પડેલું ફળ; અણધાર્યો-જેની આશા ન હતી એવો લાભ-પ્રાપ્તિ, ધાબ.

Wind'lass, વિંડલૅસ, *n.* a machine to raise weights. ફુમકલાસ, ડબુસી, ભાર ઉંચકવાનું યંત્ર. [ચક્રી.

Wind'mill, વિંડમિલ, *n.* a mill driven by wind. પવન-

Wind'ow, વિંડો, *n.* (AS. *wind* & *auga* the eye) an opening to admit light. બારી, ખડકી.

Wind'pipe, ઉઈંડપાઈપ, *n.* a passage for breath. શ્વાસ-દમ લેવાની નળી, શ્વાસમાર્ગ.

Wind'ward, ઉઇંડઉઅર્ડ, *a.* toward wind. પવન વાતો હોય તે દિશા તરફ-બાજુનું. *n.* the point from which the wind blows. જે દિશામાંથી પવન વાયછે તે દીશા, વાયુની દિશા.

Wind'y, ઉઈંડિ, *a.* stormy; flatulent; empty. તોફાની; વાયડું, વાવડું; ખાલી. [grapes. દ્રાક્ષરસ, દ્રાક્ષનો દારૂ, વૈન.

Wine, ઉઆઈન, *n.* (AS. *win*) fermented juice of

Wing, ઉઈંગ, *n.* (Sw. *winge*) the limb of a bird; care, protection; flank, extreme part of an army; a side-building. પાંખ, પક્ષ; સંભાળ, રક્ષણ, આશ્રય; ફોજની બાજુ, સેનાપક્ષ, પાર્શ્વસ્થ દળ; ઘરની બાજુ.

Wink, ઉઈંક, *vi.* (AS. *wincian*) to move eye-lid quickly; give a wink; connive; close. આંખ મલકાવવી, મટગાટવવી, પલકારો મારવો; આંખ મારવી-ની ઈસારત કરવી; અખાડા કરવા, જોયું ન જોયું કરવું; આંખ મીંચવી. *n.* closing of the eye-lids; hint. આંખ મીંચવી તે, પલકારો, પલક; આંખ મીંચામણ-ની ઈસારત, નેત્રસંકેત.

Wink'er, ઉઈંકર, *n.* (of a horse) અંધારી. [હર, આકર્ષક.

Win'ning, ઉનિંગ, *a.* (See win) pleasing, attractive. મનો-

Win'now, ઉઈનો, *vt.* (Ger. *vinta* a fan) to separate chaff by wind. ઝાટકવું, ઝાડકવું, ઉફણવું, સારાંથી નઠારાં જાદાં પાડવાં. [હિમ-શીત કાળ, ઘંડીના દિવસ.

Win'ter, ઉઈન્ટર, *n.* (AS.) the cold season. શિયાળો,

Wipe, ઉઆઈપ, *vt.* (AS. *wipian*) to clean by rubbing. લોહોવું, લુછવું, સાફ કરવું, ભુસવું.

Wire, ઉવાઈર, *n.* (AS. *wir* to twist) a thread of metal. તાર, સળી, શલાકા.

Wire'draw, ઉઆઈરડ્રો, *vt.* to draw metal into wire. નો તાર ખેંચવો-કરવો; લંબાવવું, લાંબું કરવું.

Wis'dom, ઉઈઝ્ડમ, *n.* (AS. *wis*) prudence, sound judgment. શહાણપણ, ડહાપણ, સુબુદ્ધિ, વિદ્યા, જ્ઞાન.

Wise, ઉઆઈઝ, *a.* discreet, judicious. ડાહ્યું, શહાણું, બુદ્ધિવાન, વિચારવંત, વિવેકી. *n.* way, manner. રીત, તરેહ, ઢબ.

Wise'a-cre, ઉઆઈઝએકર, *n.* pretender to great wisdom. દહોડ ડાહ્યો, અક્કલનો દુશ્મન.

Wish, ઉઈશ, *vi.* (AS. *wyscan*) to desire or long for. ઈચ્છવું, ચહાવું, ઈચ્છા-મરજી કરવી, વાસના હોવી. *n.* desire; thing desired. ખુશી, ઈચ્છા, મરજી, મનવાંચ્છિત-ઈચ્છેલી વસ્તુ-પદાર્થ.

Wisp, ઉઈસ્પ, *n.* (Ger. *wisch*) a small bundle of straw or hay. ઘાસ-પરાળની નહાની પૂળી-પૂળો, ઈંઢણું-ણી.

Wist'ful, ઉઈસ્ટફુલ, *a.* (from wit) pensive, earnest. ચિંતાગ્રસ્ત, આતુર, કાળજીવાળું

Wit, ઉઈટ, *n.* (AS. *witan* to know) intellect; humour; sense; a man of genius. સમજશક્તિ, બુદ્ધિ, અક્કલ; હાસ્યજનક વાત બોલવાની કે લખવાની આવડત; શુદ્ધિ, માન, સાવધપણું, હોશ; બુદ્ધિવાન-કુશળ, ઝટકબોલું કરનાર, હાજર જવાબી. *vt.* to know. જાણવું.

Witch, ઉઇચ, *n.* (AS. *wicce* to divine) sorceress. ડાકણ,ડાકણી, જાદુ કરનારી, ચુડેલ. *vt.* to charm. જાદુ-મંતર-મંતર કરવું, મોહ પમાડવું.

Witch'craft, ઉઇચક્રૅફ્ટ, *n.* sorcery. જાદુટોણા, ચેટક, ઇલમ, ટુચકા. [મોહિત કરવાની શક્તિ.

Witch'er-y, ઉઇચરી, *n.* fascination. વશીકરણ, મોહિની

With, ઉઇધ, *pre.* (AS. *wid*, with, at) by; on side of, in company of; in opposition to; in appendage; immediately after; among; upon. થી, થકી ને, લીધે, વડે, એ કરીને; સાથે, તરફ, પક્ષમાં, પાછે; સામાં, સંભાતે, જોડે, સંગે; સુધાં, સહવર્તમાન; તરતજ, એવું-એટલું કહિને-કરીને-કર્યાપછી,—નીસાથે-જોડે; ઉપર.

With'draw, ઉઇધડ્રૉ, *vt. i.* (*with* against & draw) to take back; retract, recall, retreat, retire. પાછું લેવું—લઇ લેવું, કહાડવું, કાઢીલેવું; માંડી વાળવું, રાજીનામું આપવું; પાછું બોલાવવું—બોલાવી લેવું; જવું, જતા રહેવું, જગા કે મંડળી છોડવી.

With'er, ઉઇધર, *vi. t.* (AS. *wydern* dryness) to fade; decay. કરમાઇ—ચિમળાઇ-સુકાઇ જવું, કરમાવું, ચીમળાવું; ગળાઇ-તવાઇ જવું, હાડકાં કાઢવાં; કરમાવી નાખવું, નાશ કરવો, ડુબાવવું.

With'ers, ઉઇધર્ઝ, *n. pl.* (Ger. *wider* against & *rist* a rising) joint that unites the neck & shoulder of a horse. ગર્દનને છેડે ખાંધના હાડકાનો સાંધો.

With-hold', ઉઇધહોલ્ડ, *vt.* (*with* against & hold) to restrain; keep back. ને દાબ—હાથ—લગામમાં રાખવું, અટકાવવું, રોકવું; રાખવું, ન આપવું, આપવાને ના કહેવી.

With-in', ઉઇથિન, *pre.* (AS. *wid*) in the inner part. માં, અંદર, મધ્યે, માંહે, ઘરમાં.

With-out', ઉઇથઆઉટ, *pre.* outside of; except; beyond; unless. બહાર, બહારની બાજુએ–તરફ; વગર, શિવાય, વિના, વતરોગે; પહોંચથી બહાર, અક્કલ પહોંચી શકે નહિ એવું.

With-stand', ઉઇથસ્ટૅડ, *vt.* (with & stand) to oppose. ની સામા થવું, આડું પડવું–આવવું.

Wit'ness, ઉઇટનેસ, *n.* (AS. *witan* to know) testimony. one who gives evidence, who testifies. સાખ, સાહેદી, સાક્ષી; સાક્ષી પૂરનાર; જાતે–પ્રત્યક્ષ–નજરે જોનાર. *vt. i.* to see; attest; give evidence. જાતે–નજરે જોવું; ઉપર-સાખ–સાહેદી કરવી; સાહેદી–સાક્ષી પૂરવી–આપવી.

Witt'i-cism, ઉઇટિસિઝમ, *n.* witty remark. હલકી જાતનું –હાસ્યજનક વાક્ય, બટકબોલું.

Witt'y, ઉઇટિ, *a.* smart, ingenious, sarcastic. હાસ્યજનક, બટકબોલું, વિનોદવૃત્તિ, રસિક, રસાળ, ખુબીનું, ચુટકાનું, મર્મનું, [ઇલમી, મંતરમંતર જાણનાર.

Wiz'ard, ઉઇઝર્ડ, *n.* (from wise) a conjuror. જાદુગર,

Woe, ઉઓ, *n.* (AS. *wa*) misery, sorrow, curse. પીડા, આફત, વિપત્તિ; શ્રાપ, શાપ, બદદુવા. [વિપત્તિનું, અફસોસ ભરેલું.

Woe'ful, ઉઑફુલ, *a.* full of distress, sorrowful. દુ:ખી, કષ્ટી

Wolf, ઉલ્ફ, *n.* (AS. *wulf*) a rapacious animal. વરૂ, વૃક.

Wom'an, ઉમન, *n.* (AS. *wifmann*) female grown up બઈરી, બાયડી, ઓરત, નારી, સ્ત્રી.

Wom'an-hood, ઉમૅનહૂડ, *n.* the state or qualities of a woman. અબળાપણું, સ્ત્રી ધર્મ–ગુણ.

Womb, ઉમ, *n.* (Icel. *vomb* the belly) uterus. ગર્ભ-સ્થાન, ગર્ભાશય, ઉત્પત્તિસ્થાન.

Won'der, ઉઅન્ડર, *n.* (AS. *wunder*) surprise; miracle. આશ્ચર્ય, અચંબો, વિસ્મય, અચરતી, તાજુબી; ચમત્કાર, અદ્ભૂત વાત--કર્મ. *vi.* to be surprised. અચરત–તાજુબ થવું.

Won'der-ful, ઉઅનડરફુલ, *a.* exciting surprise, astonishing. અજાયબ જેવું, નવાઈનું, ચમત્કારીક. [ટેવ પડેલું–વાળું.

Wont, ઉઅંટ, *a.* (AS. *wunian* to dwell) accustomed.

Wont'ed, ઉઅંટેડ, *a.* made familiar; usual. વપરાતું, કામમાં લેવાતું; શિરસ્તાનું, રીવાજનું, રોજનું, હમેશનું.

Woo, ઊ, *vi. t.* (AS. *wogan* a bending) to court, make love to; solicit. પરણવાના વિચારથી સ્ત્રીની પ્રીતિ મેળવવાની તજવીજ–પ્રયત્ન કરવો, પ્યાર કરવો, માયા લગાડવી–દેખાડવી; ની ખુશામત–આજીજી–કાલાવાલા કરવા.

Wood, ઊડ, *n.* (AS. *wadu*) a forest, a collection of trees; timber. રાન, જંગલ, વન, અરણ્ય, વૃક્ષબાગ; લાકડું, કાષ્ટ, ઈમારતી લાકડું; સરપણ, ઈંધણ. [કોઠી, કપિત્થ; કોઠ, કોઠું.

Wood'ap-ple, ઊડઍપલ, *n.* the tree and its fruit.

Wood'cut, ઊડકટ, *n.* an engraving on wood. લાકડાપર કરેલું ચિત્ર–કોતરકામ–નકશી. [ઝાડ હોય એવું, વૃક્ષમય.

Wood'ed, ઊડેડ, *a.* covered with wood. ઝાડોનું, પુષ્કળ

Wood'en, ઊડ્‌ન, *a.* made of wood, hard. લાકડાનું બનાવેલું, કઠણ. [-વન જમીન, વૃક્ષાવૃત ભૂમિ, વન.

Wood'land, ઊડલૅન્ડ, *n.* a land producing wood. રાન

Wood'peck-er, ઊડપેકર, *n.* a bird. લક્કડખોદ પક્ષી, કાષ્ઠકુદ.

Wood'y, ઉડિ, *a.* abounding with wood; ligneous; sylvan. ઝાડીવાળું, વૃક્ષમય; લાકડાનું, કાષ્ઠમય; જંગલનું, વનસંબંધી.

Woo'er, ઊઅર, *n.* one who solicits in marriage. પરણવાસારૂ સ્ત્રીની પ્રીતિ મેળવનાર-ના કાલાવાલા કરનાર.

Woof, ઊફ, *n.* (Icel. *vefa* to weave) weft, cross threads in weaving. વાણો, કપડામાંનું આડું સુતર.

Wool, ઊલ, *n.* (Goth. *wulla*) sheep's hair, ઉન.

Wool'len, Wool'ly, ઉલન, ઉલિ, *a.* consisting of wool. ઉનનું બનાવેલું, ઉર્ણમય, ઉનસરખું-જેવું-નું.

Wool'sack, ઉલસૅક, *n.* a seat made of wool; the Lord Chancellor's seat. ઉનની ગાદી-આસન; લૉર્ડ ચૅન્સેલર-સર્વોપરી ન્યાયાધીશની બેસવાની ગાદી.

Word, ઉઅર્ડ, *n.* (AS.) oral or written sign expressing thought; talk, discourse, language; verbal contention; promise; signal, order; account, tidings; the Scripture. શબ્દ, બોલ, બોલવું; ભાષણ, વાત, બોલી; બોલાચાલી, તકરાર, ટંટો; વચન, પ્રતિજ્ઞા; સૂચના, વર્દી; બાતમી, ખબર, વર્તમાન, સમાચાર, સંદેશો; ખ્રિસ્તીશાસ્ત્ર, ભગવદ્‌વાક્ય. *vt.* to express in words. ના શબ્દ બોલવા-લખવા.

Word'ing, ઉઅર્ડિંગ, *n.* mode of expressing. માટે લખેલા શબ્દો, શબ્દરચના, ઈબારત.

Word'y, ઉઅર્ડિ, *a.* using many words, verbose. બહુ શબ્દ વાપરતું-નાર, શબ્દ વિસ્તારતું, બહુશાબ્દક.

Work, ઉઅર્ક, *vi. t.* (Icel. *verka*) to move; labour; carry on business; produce effects; operate; to be tossed; make; embroider. ચાલવું, ફરવું; મહેનત મજુરી-કામ કરવું, શ્રમ લેવો; નો ધંધો કરવો;ની અસર થવી; લાગુ થવું, લાગવું, ડામાડોળ થવું, ઉછળવું, બનાવવું, તૈયાર કરવું, નું ઘડવું, કરવું, વણવું; ઉપર ભરતકામ કરવું, ભરવું. *n.* employment; labour; embroidery; a deed; a book; any thing made; moral duties. કામ, ઉદ્યોગ, રોજગાર; મહેનત, મજુરી; ભરતકું કામ; પરાક્રમ, મહત્કૃત્ય; ચોપડી, પુસ્તક, ગ્રંથ; પૂલ, કોટ વગેરે બાંધકામ, કારખાનું; કર્મ, કરણી.

Work'man-like, ઉઅર્કમૅનલાઈક, *a.* skilful. કારીગરીનું, કુશળતાથી કરેલું.

Work'man-ship, ઉઅર્કમૅનશિપ, *n.* style, skill. કારીગરી, [કિસબ, હુન્નર, બનાવટ, કામ, કૃતિ.

World, ઉઅર્લ્ડ, *n.* (AS. *werold*) the earth; the universe; secular or public life; course of life; a great quantity; customs, manners; mankind. પૃથ્વી, જગત, આ-મૃત્યુલોક, દુનિયા, સંસાર; સૃષ્ટિ, બ્રહ્માંડ, વિશ્વ; દુનિયાદારી, સંસાર વહેવાર; પ્રવૃત્તિમાર્ગ; કામકાજ, ધંધારોજગાર; ડુંગર, ગાડું, સાગર, દરિયો; લોક-જનરીત-સંપ્રદાય-શિરસ્તો, લોકાચાર; જગત, લોક, આલમ.

World'li-ness, ઉઅર્લ્ડલિનેસ, *n.* love of earthly things. સંસારના ઉપભોગનેમાટે સારી સારી વસ્તુઓ મેળવવાની-પ્રપંચ દૃષ્ટિ-નિષ્ઠા-બુદ્ધિ, સંસારાસક્તિ.

World'ling, ઉઅર્લ્ડલિંગ, *n.* one devoted to earthly things. વિષયી–પ્રપંચાસક્ત માણસ.

World'ly, ઉઅર્લ્ડલિ, *a.* temporal; devoted to this life. આ લોકનું, સંસારી; પ્રપંચી, જે આહિં છે તેજ ખરૂં એવું માનનાર; મનુષ્યનું, માનવ, સાધારણ, સામાન્ય. [world. જગપ્રસિદ્ધ.

World'wide, ઉઅર્લ્ડઉઆઈડ, *a.* known throughout the

Worm, ઉઅર્મ, *n.* (AS. *wurm*) reptile; tube of still; remorse. કીડો, જંતુ, કૃમી, કરમ; આમળ નળી; ખેદ, સંતાપ, ખરખરો, પસ્તાવો. [harassed. હેરાન કીધેલું, થકવેલું, ફાડી ખાધેલું.

Wor'ried, ઉઅરિડ, *a.* (Dut. *worgen* to strangle)

Wor'ry, ઉઅરિ, *vt.* to harass; fatigue; tear. પજવવું, હેરાન કરવું, થકવી નાખવું; દાંતે ફાડી નાખવું–ખાવું.

Worse, ઉઅર્સ, *a.* (AS. *wyrse* old) more bad; more sick. વધારે ખરાબ–નઠારૂં–દુષ્ટ; વધારે માંદું–રોગી. *ad.* in a worse manner. વધારે ખરાબ રીતે.

Wor'ship, ઉઅર્શિપ્, *n.* (worth & ship) adoration of God; religious homage. ભક્તિ, આરાધના, ભજન, પૂજા, સેવા, પૂજન, પૂજાઅર્ચા; your worship. હઝરત, ખુદાવંત, મહેરબાન, આપસાહેબ. *vt.* to adore. ભજવું, ભક્તિ કરવી, પૂજવું. [આપવા લાયક, પૂજ્ય.

Wor'ship-ful, ઉઅર્શિપફુલ, *a.* worthy of notice. માન

Worst, ઉઅર્સ્ટ, *a.* (AS. *wyrse*) most vile or wicked. સૌથી ખરાબ–મહોટું–દુઃખદાયક–નાશકારક. *n.* most evil

state. ખરાબમાં ખરાબ હાલત, મહોટો અનર્થ. *vt.* to defeat, overthrow. હરાવવું.

Worst'ed, ઊર્સ્ટેડ્, *n.* (from worsted an Eng. village) yarn from combed wool. ઉનનું સુતર–દોરો. *a.* consisting of worsted. ઉનનું બનાવેલું–દોરાવાળું.

Worth, ઉઅર્થ, *n.* (AS. *weordh*) value; excellence; importance. કિંમત, મૂલ; લાયકી, યોગ્યતા, માન્યતા, ગુણ; ઉપયોગ, અગત્ય, ખપ. *a.* equal in price to; deserving of; having estate to the value of. કિંમતનું, માં માલ હોય એવું; યોગ્ય, લાયક; આયપત–કમાણીવાળું, નો ધણી છે એવું.

Worth'less, ઉઅર્થલેસ, *a.* having no value. નકામું, માલવગરનું, નઠારૂં, નકારૂં.

Worth'y, ઉઅર્ધિ, *a.* deserving; estimable. યોગ્ય, લાયક, પાત્ર; ભલું, નેક, સારૂં, ઉત્તમ, ગુણવાન. *n.* a man of worth. સજ્જન, ગુણીજન, ભલું–ગુણવાન મનુષ્ય.

Wound, ઊંડ, *n.* (AS. *wund*) a bruise, hurt, cut, stab, injury. ઘા, જખમ; હાની, ખરાબી, ધોકો, બદો. *vt.* to hurt, bruise. ને ઘાયલ–ઘા–જખમી કરવો, માં ઘા મારવો.

Wrangle, રૅંગલ, *vi.* (AS. *wringan* to wring) to dispute angrily. બૂમ પાડી કજીયો–ઝગડો–હોંસાતોંસી કરવી. *n.* angry dispute. ઝઘડો, હુજ્જત.

Wrap, રૅપ, *vt.* (See robe) to roll round; enfold; involve. લપેટવું, ની ઘડી કરવી, વાળવું; વીંટવું, વીંટાળવું, ઢાંકી નાખવું; માં હોવું, માં–રૂપે કહેવું–લખવું.

Wrap'per, રૅપર, *n.* a covering. બાંધણ, વેષ્ટન. [રોષ, ગુસ્સો.
Wrath, રૅથ્, *n.* (AS. *wrædh*) violent anger. ક્રોધ, કોપ,
Wrath'ful, રૅથફુલ, *a.* angry, enraged. ક્રોધાયમાન, કોપાયમાન, ગુસ્સે થયલું, કોપી ગયલું, ખફા.
Wreak, રીક, *vt.* (AS. *wrecan* to revenge) to inflict, execute. કાઢવું, કરવું, લેવું, નાખવું. [ધુમાડાના ગોટેગોટ.
Wreath, રીથ, *n.* (AS. *wrædh*) a garland. માળા, હાર;
Wreathe, રીધ, *vt.* to interweave; encircle. ગુંથવું, વણવું, વળદેવો, બનાવવું, કરવું; વીંટી-ઘેરી લેવું.
Wreck, રેક, *n.* (Dut. *wrak* damaged) ruin; remains of ship. નાશ, પાયમાલી, ખરાબી; અથડાઈને ભાંગી ગયલું વહાણ, ભાંગેલા વહાણનો કિનારે ઘસડાઈ આવેલો માલ. *vt.* to suffer total loss. વહાણ ભાગવું-નો નાશ થવો.
Wrench, રેન્શ, *vt.* (Ger. *renken* to turn) to pull & twist; sprain. અમળાવવું, મચડવું; લચકાવવું, મોચાવવું, મોચવાઈ જવું, મોચ ખાવી. *n.* a twist; sprain; instrument. આમળો; મોચ, લચક; ઈસકરૂ બેસાડવા કે કાઢવાનું ઓજાર.
Wrest, રેસ્ટ, *vt.* (AS. *wræstan*) to take from by force; distort. અમળાવી-મચરડીને લઈ લેવું, ઝુંટી લેવું-કઢાવવું; તાણીતોડીને-મરડી મચડીને કાઢવું-આણવું, ફેરવી નાખવું-ખેંચી કાઢવું.
Wres'tle, રેસલ, *vi.* (AS. *wræstlian*) to contend by struggling. કુસ્તી કરવી-લઢવી-ખેલવી-રમવી, મલ્લયુદ્ધ કરવું, ભીડવું, લઢવું, આથડવું, ઝુઝવું.

Wres'tler, રેસલર, *n.* one skilled in wrestling. કુસ્તી કરનાર, પહેલવાન, મલ્લ.

Wretch, રેચ, *n.* (AS. *wræcca* an exile) worthless or unhappy creature; profligate or pitiable man. નીચું–હલકું–ખરાબ–કોડીનું માણસ; દુ:ખી–અભાગિયું માણસ; દુર્વ્યસની–લુચ્ચું–હરામી માણસ, ચંડાળ; બાપડું, બિચારૂં.

Wretch'ed, રેચેડ્, *a.* miserable; afflicting; paltry; vile. દુ:ખી, કંગાળ, દરિદ્રી; વેદના–દુ:ખકારક; હલકું, ખરાબ, ફુટી બદામનું; અવગણના કરવા–ધિક્કારવા જેવું. [ગરીબાઈ, ભિખારીપણું.

Wretch'ed-ness, રેચેડ્નેસ, *n.* misery. દુ:ખ, કષ્ટ, દુર્દશા,

Wrig'gle, રિગલ, *vi. t.* (Sax. *Wrigan* to endeavour) to twist about. આમતેમ આમળાવું–હાલવું–આમળાયા કરવું, આમતેમ ફેરવવું. [લ્પિ, કિસબી.

Wright, રાઇટ, *n.* a workman, artificer. કારીગર, શિ-

Wring, રિંગ, *vt.* (AS. *Wringan*) to squeeze out; extort; writhe; press with pain. નીચોવવું, નીચોવી કાઢવું–નાખવું; જોરજુલમથી કઢાવવું–લેવું–કઢાવવું; આમળાવવું, મરડવું, મચડવું; મોડી નાખવું, દુ:ખ દેવું, હેરાન કરવું, વેદના થવી.

Wrink'le, રિંકલ, *n.* crease, fold. કરચલી, વાટા, સળ. *vt. i.* to contract in creases. વાટા વાળવા–વળવા, થી કરચલી વળવી–પડવી, સંકોચાઈ વાટા વળવા. [કાંડું, પહોંચો.

Wrist, રિસ્ટ, *n.* (AS.) joint between hand and arm.

Writ, રિટ્, *n.* (AS. *Writan* to draw, trace) scripture;

legal instrument. લિખિત ધર્મશાસ્ત્ર; સનદ, પરવાનો, ખત; હુકમ, આજ્ઞાપત્ર.

Write, રાઇટ, *vt.* to form letters with a pen; engrave; compose; copy. લખવું, કાઢવું, લખી-કરી આપવું, લખાણ કરવું; કોતરવું, કોતરી કાઢવું; રચવું, બનાવવું, જોડવું; નકલ કરવી, ઉતારવું, ઉતારી લેવું. [ચો; ગ્રંથકર્તા, ગ્રંથકાર.

Wri'ter, રાઇટર, *n.* clerk; author. લખનાર, લેખક, લહિ-

Writhe, રાઇધ, *vt.* (AS. *Writhan*) to twist with pain. મચકડવું, મરડવું, કરમોડાઇ જવું.

Writ'ing, રાઇટિંગ, *n.* act of writing; deed; book; written characters. લખવાનું કામ, ખત, દસ્તાવેજ, લેખપત્ર, લખત; ગ્રંથ, પુસ્તક, ચોપડી; અક્ષર, હરફ, દસ્કત.

Wrong, રૉંગ, *a.* (AS. *Wrong* injury) not right; erroneous. ખોટું, નાલાયક, ગેરવાજબી, ઉંધું, અવળું, ઉલટું; અશુદ્ધ, ભૂલ ભરેલું. *n.* injury, injustice. નુકસાન, અપકાર, બુરૂં, માઠું, અહિત; અન્યાય, ગેરઇનસાફ, અધર્મ. *vt.* to injure. નઠારૂં-અહિત-નુકસાન-ઈજા કરવી, હરકત પહોંચાડવી.

Wrong'ful, રૉંગફુલ, *ad.* unjust. ખોટું, ગેરવાજબી.

Wrong'ly, રૉંગલિ, *ad.* unjustly, amiss. ગેરવાજબીપણે, ગેર રીતે, ખોટી રીતે, ચૂકથી. [ક્રોધાયમાન, ગુસ્સે થયલું, ખફા.

Wroth, રૉથ, *a.* (see wrath) very angry. કોપાયમાન,

Wrought, રૉટ્, *a.* effected, produced. કેળવેલું, શોધેલું, કીધેલું. [torted, crooked. વાંકું, વાંકડું, વળેલું, વક્ર.

Wry, રાઇ, *a.* (Dan. *vride* to twist) twisted, dis-

Y.

Yacht, યૉટ્, *n.* (Dut. *jagt* chase) light pleasure-boat. સહેલ કરવાની હોડી–નહાનું વહાણ, ક્રીડાનૌકા. [રતાળુ.

Yam, યૅમ, *n.* (West Indian *ihame*) an eatable root.

Yard, યાર્ડ, *n.* (AS. *geard* a rod) 3 feet; inclosure; timber crossing mast. ત્રણફૂટ, વાર; વાડ અંદરની જગા, વાડો, આંગણું, બારણું; પરભાણ–માન.

Yarn, યાર્ન, *n.* (AS. *gearn*) wool &c. spun into thread; a story. દોરો, તાર, તાંતણો, સુતર, ગોદિયું; કહાણી, વાર્તા, ડંફાણ. [boat. હોડી, નાવડું, હોડકું.

Yawl, યૉલ, *n.* (Dan. *jolle* to row) a small ship's

Yawn, યૉન, *vi.* (AS. *gynian*) to gape; open wide; express desire by yawning. બગાસું ખાવું, ને બગાસું આવવું; પહોળું થવું, મહો વકાસવું, મહો વકાસીને બેસવું, તલપવું, તલખવું, વલખાં મારવાં. *n.* act of gaping. બગાસું.

Yawn'ing, યૉનિંગ, *n.* gaping, opening wide; sleepy, dull, drowsy. બગાસું ખાવું, પહોળું થવું; ઉંઘે ઘેઘટ બનેલું –ઘેરાયલું. [ed, named. નામનું, નામે, કીરને.

Y-clept', ઈક્લેપ્ટ, *a.* (*pp.* of *geclypian*) called, term-

Ye, ઈ, *pro.* (AS. *ge*) you, pl. of thou. તમે. [હા, હોય.

Yea, યે, *ad.* (AS. *gea*) yes, indeed, verily, certainly.

Yean, યીન, *vi. t.* (AS. *eanian*) to bring forth. જણવું, વ્યાવું. [હુલવાન.

Yean'ling, યીનલિંગ, *n.* a young sheep. ઘેટાનું બચ્ચું,

Year, યીર, *n.* (AS. *gear*) 12 months. વરસ, વર્ષ, સાલ, ૧૨ મહિના.

Year'ling, યીરલિંગ, *n.* a beast a year old. વરસ દહા-[ડાનું જાનવરનું બચ્ચું, એક વર્ષનું.

Year'ly, યીરલિ, *a.* annual; lasting a year; comprehending a year. દરવરસનું, વાર્ષિક, વર્ષોવર્ષનું; એક વર્ષ જીવનાર–ટકનાર–રહેનાર, વર્ષજીવી–સ્થાયી; એક વર્ષમાં પૂરૂં થનારૂં. *ad.* annually. દરવર્ષે, વર્ષોવર્ષ.

Yearn, યર્ન, *vi.* (AS. *georn* eager) to long, feel earnest desire. ટાંપી રહેવું, તલપવું, તલખવું, ઘણાજ આતુર–ઉત્કંઠિત–જીવ તલપાપડ થઈ રહેવા.

Yearn'ing, યર્નિંગ, *n.* strong desire. તલપ્યાં કરવું તે, તલખ. *a.* longing. ઘણુંજ આતુર, ઉત્કંઠિત, તલપાપડ થઈ રહેલું, તલપ્યાં કરતું.

Yeast, યીસ્ટ, *n.* (AS. *gist*) ferment of new beer. [ખમીર, માણ, મોણ.

Yelk, યેલ્ક, *n.* (AS. *geolca*) yellow of egg. ઈંડાં અંદરનો પીળો માવો, દાળ, જરદી.

Yell, યેલ, *vi.* (AS. *gellan*) to cry out loudly. બૂમ–કિકિયારી પાડવી. *n.* a hideous cry. ચીસ, બહેબાકળી બૂમ.

Yel'low, યેલો, *a.* (AS. *gelu*) of a gold colour. પીળું. *n.* a gold colour. પીળો રંગ.

Yelp, યેલ્પ, *vi.* (AS. *gealp* a loud sound) to bark [as a dog. ભસવું.

Yeo'man, યોમૅન, *n.* (AS. *gemæne* common) a farmer, owner of small estate. ખેડુત, જમીનદાર.

Yes, યેસ, *ad.* (AS. *gese, gea*) yea, a word that affirms. હા, હોય.

Yes'ter-day, યેસ્ટરડે, *n.* (AS. *gyrstan*) the day last past. ગઈકાલ. *ad.* on the day last past. ગઈકાલે.

Yet, યેટ્,*ad.*(AS.) beside; even; hitherto. હજુ, હજુ-તો; પણ, બી; આજ-અત્યાર સુધી-પર્યંત, હજુ લગી, અદ્યાપિ.

Yield, યીલ્ડ, *vt.* (AS. *gildan* to pay) to produce; give; concede; resign. ઉપજવું, ઉત્પન્ન-પેદા થવું, માં થવું -મળવું-પાકવું, ઉતરવું, આપવું, નિકળવું; પ્રાપ્ત થવું; કબૂલ કરવું -રાખવું; આપી-છોડી-મૂકી દેવું. *vi.* to surrender; comply with; give away; give place. લડવું મૂકી દેવું, તાબે થવું; કબૂલ-પ્રમાણ-પૂરૂં કરવું; લટવું, લટી-દબી જવું, બોલનું ચાલવા દેવું; ઉતરતાં-દબાતાં હોવું, દબવું, ઉતરવું. [નરમ.

Yield'ing, યીલ્ડિંગ,*a.*inclined to comply.દબી જાય એવું,

Yoke, યોક, *n.* (AS. *geoc* to join) instrument for harnessing oxen; bondage; pair, couple; bond of connection; service. જુસરી; ગુલામગીરી, દાસપણું-ત્વ; જોડ, જોડી; બંધન, ગાંઠ, જોગ, મેળ; સેવા, ચાકરી. *vt.* to connect, unite, couple. જોડવું, જુપવું; જોડ કરી આપવી.

Yolk'fel-low, યોકફેલો, *n.* an associate, companion.

Yolk, યોક, *n.* see yelk. [જોડિયો, સોબતી, બરોબરિયો.

Yon, યૉન, *a.* (AS. *jeond* yonder) distant but within view. પેલું, પેલીમેરનું. [લીમેર-તરફ.

Yon'der યૉંડર, *ad.* at distance but visible. પણે, પે-

Yore, યોર, *ad.* (AS. *gear* a year) of old time, in time past. અસલનું, પ્રાચીન કાળનું.

You, યૂ, *pro.* nom. & obj. plural of thou. તમે; તમને.
Young, યંગ, *a.* (AS. *geong*) not long born; of tender age; unexperienced. નહાની ઉમ્મરનું, તરૂણ, જુવાન; કુમળું, નહાનું; કાચું, અજાણ, અણુવાકેફ. *n.* offspring. બચ્ચું.
Young'ster, યંગસ્ટર, *n.* a young person. જુવાન માણસ.
Youth, યૂથ, *n.* early part of life; a young person; the young. જુવાની, જોબન, યુવાવસ્થા, તારૂણ્ય, યૌવન; જુવાન પુરૂષ; જુવાન માણસો, તરૂણજનો.
Youth'ful, યૂથફુલ, *a.* young; fresh; vigorous. જુવાન, નહાનું, યુવા, તરૂણ, જુવાનીનું, યુવાવસ્થાનું; તાજું, નવું; જુસ્સાવાળું, બળવાન. [તારૂણ્ય, તરૂણપણું, યુવાવસ્થા.
Youth'ful-ness, યૂથફુલનેસ, *n.* youthful state. જુવાની,
Yule, યૂલ, *n.* christmas festival. નાતાલનું પુરાતન નામ.

Z.

Za'ny, ઝેનિ, *n.* (Fr. *zani* a buffoon) a merry andrew. મશ્કરો, વિદૂષક, ભાંડ, રંગલો, તરકડિયો.
Zeal, ઝીલ, *n.* (L. *zelus*) ardour, enthusiasm, earnestness. ઉત્સાહ, આતુરતા, ઉલટ, હોંસ. [ચઢી ગયલો પુરૂષ.
Zeal'ot, ઝેલૉટ, *n.* one full of zeal. બેહદ હોંસીલો–છેકજ
Zeal'ous, ઝેલસ, *a.* ardent, warmly engaged. ઉલટવાળું, આતુર, ઉત્સુક. [ઘોડાની જાતનું ચટાપટાવાળું માણી.
Ze'bra, ઝીબ્રા, *n.* (Sp.) animal marked with stripes.
Ze'nith, ઝીનિથ્, *n.* (Fr. *zenit*) point in heavens over our head. આકાશમાં જોનારના માથાપરનું બિંદુ, ખમધ્ય, શિરોબિંદુ, ઉર્ધ્વ દિશા, ટોચ, શિખર.

Zeph'yr, ઝેફર, *n.* (Gr. *zephyros* darkness, west) the west wind. પશ્ચિમનો પવન, શીતળ મંદ મંદ વાયુ.

Ze'ro, ઝીરો, *n.* (Fr.) the cipher; nothing. શૂન્ય, મીંડું, સહુથી ઉતરતી દશા–હાલત.

Zest, ઝેસ્ટ, *n.* (Ar. *istalaz* to have the taste) relish. લહેજત, સ્વાદ, રૂચિ.

Zig'zag, ઝિગ્ઝૅગ, *a. n.* (Fr. *zick-zack*) having short sharp turns. વાંકુંચુંકું, આડુંઅવળું (કંઈ).

Zinc, ઝિંક, *n.* (Fr. *zink*) a bluish white metal. જસત.

Zo'di-ac, ઝોડિઍક, *n.* (Gr. *zodion* a little animal) broad belt in the heavens containing 12 signs & sun's path. રાશીમંડલ–ચક્ર, રવિ–સૂર્ય સંક્રમણ–સંક્રાંતિ.

Zone, ઝોન, *n.* (Gr.) a division of the earth; girdle; circumference. કટીબંધ; કમરબંધ, કમરપટો; ઘેરાવો, પરિઘ, ઘેર, ફેરાવો.

Zo-o-log'i-cal, ઝોઑલૉજિકલ, *a.* (Gr. *zoon* an animal & *logos*) pertaining to zoology. પ્રાણી વિદ્યાસંબંધી.

Zo-ol'o-gist, ઝોઑલૉજીસ્ટ, *n.* one versed in zoology. પ્રાણી વિદ્યામાં પ્રવીણ-કુશળ-જાણનાર, પ્રાણીવર્ણન લખનાર-કરનાર.

Zo-ol'o-gy, ઝોઑલૉજી, *n.* the science of animals. જીવજંતુ–પ્રાણીવિદ્યા, પશ્વાદિવિદ્યા.

Zo′o-phyte, ઝોઓફાઇટ, *n.* (Gr. *zoon* an animal & *phyton* a plant) body between animal & vegetable. પ્રાણી તથા વનસ્પતિને મળતો આવતો કોઈ પણ પદાર્થ.

Zo-ot′omy, ઝોઓટોમિ, *n.* (G. *zoon* & *temus* I cut) the anatomy of all brute animals. પ્રાણીઓના શરીર કાપવા કરવાની વિધા.